श्रीआदर्श चारित्रसंग्रह

भाग बीजो

(ઉત્તમ ૭૦ ચરિત્રો)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशक: भिक्षु अखंडानंद

અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૬૨૪, પ્રત ૪૫૦૦, સંવત ૧૯૯૭

મૂલ્ય રૂપિયા ૧।।।, માર્ગવ્યય અલગ

श्रीआदर्श चरित्रसंग्रह

भाग बीजो

(ઉત્તમ ૭૦ ચરિત્રો)

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः–भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૬૨૪, પ્રત ૪૫૦૦, સંવત ૧૯૯૭
મૂલ્ય રૂપિયા ૧।।।, માર્ગવ્યય અલગ

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

प्रकाशकनुं निवेदन

આ "શ્રીઆદર્શ ચરિત્રસંગ્રહ ભાગ રજો"ની પહેલી આવૃત્તિની ૪૫૦૦ પ્રત પ્રસિદ્ધ થાય છે.

અત્ર તરફથી પ્રગટ થયેલા શુભસંગ્રહના ભાગ ૨,૩,૪,૫,૬ અને ૭માં મહાન પુરુષોનાં કેટલાંક ઉપયોગી ચરિત્રો પણ છૂટાં છૂટાં અપાયાં હતાં. એ શુભસંગ્રહના ભાગો ઘણા સમયથી ખલાસ થઇ ગયા હતા. હાલ તેની પુનરાવૃત્તિનો જોગ આવવાથી તેનું ફરી અવલોકન કરી જોયું અને ચરિત્ર તથા વૈદ્યક સંબંધી જે લેખો હતા, તે બધા ભાગોમાંથી એકત્ર કરીને જુદા જુદા ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું. તે પ્રમાણે ઉપરના ભાગોમાં આવેલાં મુખ્યત્વે હિંદી મહાપુરુષોનાં ચરિત્રો આ સંગ્રહમાં લેવાયાં છે અને વૈદ્યકના લેખોનો સંગ્રહ હવે પછી અનુકૂળતાએ પ્રસિદ્ધ થશે.

આ અગાઉ ટૂંકાં બાવન ચરિત્રોનું "શ્રીઆદર્શ ચરિત્રસંગ્રહ" નામનું પુસ્તક સંવત ૧૯૮૬ માં "વિવિધગ્રંથમાળા" દ્વારા પ્રકટ થયેલું છે; તેના બીજા ભાગરૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય છે.

આમાં એકંદરે ૭૦ ચરિત્રો અપાયાં છે. તેમાંનાં કેટલાંક હિંદી ભાષામાં છે તે જેમનાં તેમ લેવાયાં છે. તેમાં મુખ્ય હેતુ તો અગાઉ અનેકવાર જણાવ્યા મુજબ વાચકવર્ગને હિંદી ભાષાનો પરિચય કરાવવાનોજ છે. આજે હિંદી ભાષાને રાષ્ટ્રભાષા તરીકે પ્રચલિત કરવા માટે દેશભરમાં અનેક પ્રયત્નો ચાલી રહ્યા છે અને તે અત્યંત આવશ્યક પણ છે. આશા છે કે, આ ગ્રંથમાંથી પણ વાચકવર્ગને હિંદી ભાષાનો કંઇક પરિચય મળશે.

આમાં (૧) યોગેશ્વર દયાનંદ અને (૨) સદ્‌ગત સ્વામી શ્રદ્ધાનંદજીનાં ચરિત્રોના બબ્બે લેખ એટલા માટે આપેલા છે કે, તે જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી લખાયલા હોઇ વાચકવર્ગને વધુ ઉપકારક નીવડશે.

આ સંગ્રહમાં દરેક ચરિત્રના નામની નીચે તે તે ચરિત્રના લેખકનું નામ બનતા સુધી અપાયું છેજ. ઉપરાંત ચરિત્ર પૂરું થતાં તેને છેડે, તે જે સામયિકમાંથી લેવાયું છે તે પણ બનતા સુધી જણાવ્યું છે. તે તે લેખક–પ્રકાશક મહાશયોનો આ સ્થળે પુનઃ આભાર માનવામાં આવે છે.

આમાં વપરાયલા કાગળો જૂના ભાવે મળેલા હોવાથી વાચક-વર્ગના પુણ્યયોગે મોંઘવારીનો બોજો આના ઉપર પડ્યો નથી. આથી એનું મૂલ્ય પણ અગાઉ પ્રકટ થયેલાં પુસ્તકોના ધોરણે રૂપિયા પોણા બે રખાયું છે.

આ પછીના પૃષ્ઠમાં અપાયેલા શુદ્ધિપત્ર મુજબ ગ્રંથ સુધારીને વાંચવો ઘટે.

મહાન પુરુષોનાં ઉત્તમ ચરિત્રો સૌ કોઈને આગળ વધવામાં સહાયભૂત થાય એવી ભાવનાપૂર્વક **हरिः ॐ तत् सत्** ॥

માગશર સુદિ ૫,
સંવત ૧૯૯૭

અવગુણસાગર
—ભિક્ષુ અખંડાનંદ

अनुक्रमणिका

..

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૫	૧૧-૧૨	ત્રિમાસિકા	ત્રૈમાસિક
૧૯	૪	૫૨૦	૪૨૭
૨૦	૧૧	સિદ્ધાતનું	સિદ્ધાંતનું
૨૧	૨૭	રાષ્ટ્રા	રાષ્ટ્રો
૪૧	૨૩	ઢેંઢેરા	ઢંઢેરા
૫૯	૩૨	ઉહાપોહ	ઊહાપોહ
૬૨	૭	ऽघुन	ऽघुना
૬૩	૨૧	क्रद्ध	क्रुद्ध
૭૬	૭	स्तनंध्रया	स्तनंधया
૮૩	૨૫	ન્યાય	ન્યાસ
૯૮	૬	ઉપયુક્ત	ઉપર્યુક્ત
૧૦૦	૫	ફુલ	ફૂલ
૧૮૯	૩	નામનિર્દેષ	નામનિર્દેશ
૨૪૧	૮	અપર્ણ	અર્પણ
૨૪૭	૨૪	म पिता	मत्पिता
૨૫૪	૧૩	ડાક્ટર	ડૉક્ટર
૩૨૬	૧૨	શુ દ્ધ-	શુદ્ધિ-
૩૩૭	૨૩	લાલજીએ	લાલાજીએ
૩૪૫	૧૨	ટ્રકી	ટૂંકી
૩૬૦	૩૨	કોગ્રેસ	કૉંગ્રેસ
૩૬૧	૫	કાર્યંમાં	કાર્યમાં
૩૮૬	૧૪	શક્તિસદેશ	શક્તિસંદેશ
૩૯૯	૨૯	અભિવન	અભિનવ
૪૦૬	૨૬	સયમ	સમય
૪૦૮	૨૩	બબબસ	બરબસ
૪૫૪	૩૩	પાઠશઓળા ાડિંગ	પાઠશાળા બોડિંગ
૪૭૧	૧૧	દેવગઢબારિયાની	દેવગઢબારિયાના
૪૮૭	૧	આય	આર્ય
૫૦૩	૬	વિદ્યત	વિદ્યુત

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૧૯	૯	गच्छति	गच्छसि
૫૨૩	૨૮	ધમ	ધર્મ
૫૨૬	૨૯	સ્રેણુ	ઋેણુ
૫૪૦	૧૭	દિક	વૈદિક
૫૪૦	૧૮	સાહિ	સાહિત્ય
૫૪૫	૧૫	ક્યાં	ક્યોં
૫૫૪	૧૪	પવત્રિ	પવિત્ર
૫૫૭	૨૯	પ્રતિવ્રતા	પતિવ્રતા
૫૫૮	૫–૧૪	દંપતિ	દંપતી
૫૬૬	૧૩	પરાવાર	પારાવાર
૫૭૬	૧૭	મંડલ–મિલન	મંગલ–મિલન
૫૮૩	૨૨	સત્વાન	સત્યવાન

उत्तम जीवनचरित्रो

शिवाजी छत्रपति

આવૃત્તિ ૨ જી, પૃષ્ઠ ૬૧૧, કદ ૫×૯, મૂલ્ય રૂપિયા ૨ા, અન્યત્ર ૨ાા

હિંદુધર્મના બળવાન રક્ષક અને મરાઠી રાજ્યના મહાપરાક્રમી સંસ્થાપક પુરુષનું આ મોટું જીવનચરિત્ર દરેક ગૃહમાં અવશ્ય રહેવું જોઇએ. પુષ્કળ જાણવાજોગ બનાવો બીજી ઐતિહાસિક હકીકતોથી ભરપૂર હોઈ રસીક અને અસરકારક ભાષામાં લખાયલું છે.

भारतना वीरपुरुषो

કદ ૫×૭ાા, પૃષ્ઠ ૩૨૮, પાકું પૂંઠું, મૂલ્ય રૂપિયો ૧), અન્યત્ર ૧)≈

એમાં અનેક ધીરવીર પુરુષોની સ્વધર્મપરાયણતાનો અતિ હિતાવહ પરિચય આપે એવી ૪૦ વીરકથાઓની ત્રીજી આવૃત્તિ છપાઈ છે.

श्री बुद्धचरित्र अने अन्य संतपुरुषो

આવૃત્તિ ૨ જી, કદ ૫×૭ાા, પૃષ્ઠ ૪૯૬, પૂંઠું બોર્ડપટ્ટી,
મૂલ્ય રૂપિયો ૧ા અન્યત્ર ૧ા≈

ભગવાન બુદ્ધનું વિસ્તૃતચરિત્ર અપાયું છે; અને તે ઉપરાંત શ્રીદત્તાત્રય, સ્વામી શ્રીશંકરાચાર્ય, શ્રીવલ્લભાચાર્ય, મહાત્મા દાદુ દયાળ, શ્રીગૌડસ્વામી, તૈલંગસ્વામી, શ્રીવિશુદ્ધાનંદ સરસ્વતી અને મહાત્મા પઉહારીબાબાનાં ટૂંકાં ચરિત્રો અપાયાં છે.

आदर्श चरित्रसंग्रह—भाग १ लो

કદ ૫×૯, પૃષ્ઠ ૬૩૬, પાકું પૂંઠું, મૂલ્ય રૂપિયા ૧ાા, અન્યત્ર ૧ાા

આ ગ્રંથમાં બાવન ચરિત્રો અપાયાં છે. દેશપરદેશના આદર્શ પુરુષોનાં ચરિત્રોનો સંગ્રહ હોઇ તેમાંથી હિંદુ, મુસ્લિમ, ક્રિશ્ચિયન તથા ચીનજાપાનની સંસ્કૃતિનો પરિચય વાચકને મળે છે.

आदर्श चरित्रसंग्रह—भाग २ जो

કદ ૫×૯, પૃષ્ઠ ૬૨૪, પૂંઠું બોર્ડપટ્ટી, મૂલ્ય રૂપિયા ૧ાા અન્યત્ર ૧ાા≈

ટૂંકા ૭૦ આદર્શ ચરિત્રોનો સંગ્રહ: આ ગ્રંથ પોતેજ.

वीरदुर्गादास अथवा मारुसरदारो

કદ ૫×૬॥।, પૃષ્ઠ ૩૦૪, બોર્ડ પટ્ટીનું પૂઠું, મૂલ્ય ०॥, અન્યત્ર ०॥≈

મારવાડના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત છે. આમાંનું ચરિત્ર વાર્તારૂપે સ્વર્ગસ્થ સાક્ષરવર્ય વિઠ્ઠલદાસ ધનજીભાઈએ આલેખેલું હોઈ આ તેની ત્રીજી આવૃત્તિ છે.

श्री ज्ञानेश्वर महाराज अने महात्मा श्री एकनाथ

કદ ૫×૯, પૃષ્ઠ ૫૦૪, પાકું પૂંઠું, મૂલ્ય રૂપિયો ૧॥, અન્યત્ર ૧॥

મહારાષ્ટ્રના અગ્રગણ્ય પાંચ સંતોમાંના આ એનાં ચરિત્ર હોઈ ઉત્તમ બોધપ્રદ છે. ગુરુ દત્તના પૂજારી એવા મહાત્મા એકનાથની ગુરુ-ભક્તિ, સહિષ્ણુતા, ત્યાગ, પરોપકારબુદ્ધિ, પ્રભુપરાયણતા અને બીજા વિવિધ પ્રસંગો નવોજ પ્રકાશ આપે છે.

स्वामीश्रीभास्करानंदजी ने विजयकृष्ण गोस्वामी

કદ ૫×૯, પૃષ્ઠ ૪૩૨, પાકું પૂંઠું, મૂલ્ય રૂપિયો ૧॥, અન્યત્ર ૧॥।

આ બંને મહાત્માઓ ૨૫–૫૦ વર્ષ પર થઈ ગયેલા હોઈ આમાં તેમનાં અસાધારણ જીવનચરિત્રો અપાયાં છે. બીજી આવૃત્તિ છપાઈને હમણાંજ બહાર પડી છે. ભાસ્કરાનંદજી જીવન્મુક્ત અવધૂત હતા અને ગોસ્વામીજી ઘરબારી છતાં ત્યાગી હતા.

भारतनी देवीओ (भारतनां स्त्रीरत्नो)

ત્રીજી આવૃત્તિ, કદ ૫×૯, પૃષ્ઠ ૨૨૬૮, બોર્ડ પટ્ટીનાં પૂંઠાં, ત્રણે ગ્રંથનું સાથે મૂલ્ય રૂપિયા ૬), અન્યત્ર ૬॥. (છૂટક દરેક ગ્રંથના રૂપિયા ૨॥)

અગાઉ આ સંસ્થા તરફથી "ભારતનાં સ્ત્રીરત્નો" નામે પ્રસિદ્ધ થયેલ મોટા, સસ્તા અને ઉત્તમ સંગ્રહની આ ત્રીજી આવૃત્તિ હમણાં-જ પ્રગટ થઈ છે. એમાં સતજુગથી તે અત્યાર સુધીની ૫૨૮ સતી–સાધ્વીઓ અને વીરાંગનાઓનાં બોધપ્રદ અને અસરકારક ચરિત્રો છે.

श्रीभक्तचरित्र अथवा भक्तिरसामृत

આવૃત્તિ ૨ જી, કદ ૫×૭॥, પાકાં પૂઠાં, પૃષ્ઠ ૫૨૮,
મૂલ્ય રૂપિયો ૧॥, અન્યત્ર ૧॥।

આમાં સાચા સંતભક્તોનાં જ્ઞાનભક્તિથી ભરપૂર ૨૯ ચરિત્રો અપાયાં છે. આમાંનાં ચરિત્રો ભક્તમાળમાં આવેલાં નથી.

 ૨૨૯૯૯

श्री चैतन्य महाप्रभु–खंड १ थी ५ (त्रण ग्रंथो)

કદ ૫×૯, પાકાં પૂંઠાં, કુલ પૃષ્ઠ ૧૫૯૬, મૂલ્ય રૂપિયા ૫), અન્યત્ર ૫ા

આ ગ્રંથમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુનું સંપૂર્ણ ચરિત્ર અપાયું છે. તેઓ પ્રભુ મહાપુરુષોમાં સર્વશ્રેષ્ઠ મહાપુરુષ ગણાતા હતા. બંગાળમાં તેમને ઈશ્વરનો અવતાર માનવામાં આવે છે. તેમનો જન્મ, બાલ્યકાળ, અધ્યયન, અધ્યાપન અને અધ્યાપકપણાનો અંત એ ખંડ પહેલામાં વર્ણવેલાં છે. ત્રીજા ખંડમાં તેમણે ભક્તો સાથે બીજા નવદ્વીપમાં કરેલી સમસ્ત લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે અને ચોથા તથા પાંચમા ખંડમાં તેમણે અનેક પ્રકારના સુખવૈભવોનો તણખલાની પેઠે ત્યાગ કરીને બારણે બારણે ભીખ માગતા થયા તેનું વર્ણન કરવામાં આવેલું છે. જેમને શ્રીકૃષ્ણના પ્રેમમાં પાગલ થઈ નિરંતર અશ્રુ પાડવાની ઇચ્છા હોય તેમણે આ ચરિત્રનું અધ્યયન કરવું જોઇએ.

संत तुकाराम

કદ ૫×૯, પૃષ્ઠ ૬૩૬, પાકું પૂંઠું, મૂલ્ય રૂપિયા ૨), અન્યત્ર ૨)

મહારાષ્ટ્રમાં થઈ ગયેલા પ્રાતઃસ્મરણીય પ્રસિદ્ધ સંતનું વિસ્તૃત ચરિત્ર છે. આમાંનો ઉપદેશ વાચકને મોક્ષના મુખ્ય સાધનરૂપ ભક્તિમાર્ગે વળવાની પ્રેરણા આપે છે.

परमहंस श्रीरामकृष्ण (चरित्र)

બીજી આવૃત્તિ, કદ ૫×૭ાનાં પૃષ્ઠ ૬૦૮, મૂલ્ય રૂપિયા ૧ાા, અન્યત્ર ૧ાાા

મહાત્મા ગાંધીજી કહે છે કે:—પરમહંસદેવનું જીવનવૃત્તાંત એટલે વ્યવહારમાં ધર્મની સજીવન કહાણી હોઈ આપણને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા શક્તિવાન બનાવે છે. * * * શ્રીરામકૃષ્ણ સાક્ષાત્ પ્રભુતાની મૂર્તિ હતા. તેમનાં વચન કાંઇ શુષ્ક પંડિતનો પ્રલાપ નથી, પણ તેમના જીવનનું નૂર–હીર–ખમીર–જે કહીએ તે બધું છે. તેમના બધા અનુભવોનો નિચોડ એમાં છે, તેથી વાંચનારના મન પર જે છાપ પડે છે તે ભૂંસી ભુંસાય તેમ નથી. નાસ્તિકવાદના આ જમાનામાં શ્રીરામકૃષ્ણ જ્વલંત અને સજીવન શ્રદ્ધાના દૃષ્ટાંતરૂપ–મેરુદંડરૂપ છે અને જે હજારો સ્ત્રીપુરુષો અધ્યાત્મપ્રકાશથી વંચિત રહ્યાં હોત, તેમને માટે તેમની એ અમોઘ શ્રદ્ધા આશ્વાસનરૂપ થઇ રહી છે. આ ગ્રંથ વાંચનાર દરેકમાં તેમના દિવ્ય પ્રેમની પ્રેરણા થાઓ—ચિનગારી પ્રકટો.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, **અમદાવાદ :** કાલબાદેવી, **મુંબઈ–૨**

उत्तम चरित्रोना फायदा

(અનુભવીઓના ઉદ્ગાર)

" જીવનચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાંપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા પ્રયત્ન કરે છે, તેમ ચરિત્રરૂપી આરસી વડે પોતાના સ્વભાવમાં વળગેલાં ભૂષણદૂષણ–ગુણદોષ વગેરે તેના જોવામાં આવે છે અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગૃત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું, તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઈ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમ-શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તકદ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે, તેના કરતાં એવા ગુણોથી અંકિત થયેલાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવા–સમજવાથી ઘણીજ વધારે અસર થાય છે. અર્થાત્ અંતઃકરણમાં તેની આબાદ અને ઊંડી છાપ પડે છે અને પછી તે દિવ્ય માનવી બનવાને ઉત્તેજિત થઇ આગળ વધે છે."

× × × ×

" ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવ આવે છે; આપણામાં નવું કૌવત, હિંમત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે જોડાઇ ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં રહેવું, જીવવું અને તેમના દાખલાદષ્ટાંત જોઇને સ્ફૂર્તિમાન થવું, એ તે તે ઉત્તમ આત્માઓના સમાગમમાં આવવા બરાબર અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

× × × ×

" ઉત્તમ ચરિત્રો તેના વાચકને બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે તથા કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી બધી સારી અસરો ફેલાવી શકે. "

× × × ×

" મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન કરાય છે, ત્યારે આ વાત બરાબર સમજી શકાય છે કે, મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

श्रीआदर्श चरित्रसंग्रह

भाग बीजो

१—भगवान वेदव्यास

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरोहरिः।
अभाललोचनः शंभुर्भगवान् बादरायणः॥
नमस्ते भगवान् व्यास सर्वशास्त्रार्थकोविदः।
ब्रह्मविष्णुमहेशानां मूर्ते सत्यवतीसुतः॥
व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे।
नमो वै ब्रह्मविधये वासिष्ठाय नमोनमः॥

ભગવાન કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસજી કી મહિમા કૌન ગા સકતા હૈ? સારે સંસાર કા જ્ઞાન આજ ઉન્હીંકે જ્ઞાન સે પ્રકાશિત હૈ. વેદવ્યાસજી જ્ઞાન કે અસીમ ઔર અગાધ સમુદ્ર થે, વિદ્વત્તા કી પરાકાષ્ઠા થે, કવિત્વ કી સીમા થે. સંસાર કે સારે પદાર્થ માનોં વ્યાસ કી કલ્પના કે અંશ હૈં. જો કુછ ત્રૈલોકય મેં દેખને, સુનને ઔર સમઝને કો મિલતા હૈ, વહ સબ વ્યાસ કે હૃદયમેં થા. ઇસસે પરે જો કુછ હૈ, વહ ભી વ્યાસ કે અંતસ્તલ મેં થા. વ્યાસ કે હૃદય ઔર વાણી કા વિકાસ હી સમસ્ત જગત કા ઔર ઉસકે જ્ઞાન કા પ્રકાશ ઔર અવલંબન હૈ. વ્યાસસદૃશ અદ્ભુત મહાપુરુષ જગત કે ઉપલબ્ધ ઇતિહાસ મેં દૂસરા કોઇ નહીં મિલતા. જગત કી સંસ્કૃતિ ને અબતક ભગવાન વ્યાસ કી સમકક્ષતા કા વ્યક્તિ ઉત્પન્ન નહીં કિયા. વ્યાસ વ્યાસ હી થે. વ્યાસજી કા જન્મ દ્વીપ મેં હુઆ, ઇસસે આપકા નામ દ્વૈપાયન હૈ. શરીર કા વર્ણ

શ્યામ થા, ઇસસે કૃષ્ણદ્વૈપાયન હો ગયે. વેદોં કા વિભાગ કિયા, ઇસસે વેદવ્યાસ કહલાયે. બ્રહ્મસૂત્ર કી રચના ભગવાન્ વ્યાસને હી કી. મહાભારત સદશ અલૌકિક ગ્રંથ કા પ્રણયન ભગવાન્ વ્યાસ ને કિયા. અઠારહ પુરાણ ઔર અનેક ઉપપુરાણ ભગવાન્ વ્યાસ ને બનાયે. ભારત કા ઈતિહાસ ઈસ બાત કા સાક્ષી હૈ. સંભવ હૈ કિ પુરાણોં મેં પીછે સે કુછ પરિવર્તન હુઆ હો, પરંતુ ઉનકી મૂલરચના બહુત હી પુરાની હૈ. કૌટિલ્ય કે અર્થશાસ્ત્ર મેં પુરાણોં કા ઉલ્લેખ મિલતા હૈ જો ઈસામસીહ સે ચારસૌ વર્ષ પૂર્વ ચંદ્રગુપ્ત કે સમસામયિક થે. ઇસસે પુરાને ગ્રંથોં મેં ભી પુરાણોં કે પ્રમાણ મિલતે હૈં. આજ સારા સંસાર વ્યાસ કે જ્ઞાન-પ્રસાદ સે અપને કર્તવ્ય કા માર્ગ ખોજ રહા હૈ.

શ્રીકૃષ્ણ કે અવતાર પર અવિશ્વાસ કરનેવાલે એક અંગ્રેજ વિદ્વાન શ્રીયુત જે૦ એન૦ ફાકર્યુહર ભગવાન્ વ્યાસ પર મુગ્ધ હો કર લિખતે હૈં—

"ઇસકે રચયિતા નિઃસંદેહ હી એક ઉચ્ચ એવં વિસ્તૃત સંસ્કૃતિ કે પુરુષ થે. ઉન્હેં અપને દેશ કે ધર્મશાસ્ત્ર કા પૂર્ણ જ્ઞાન થા. ઉનકે વિશાલ હૃદય મેં ભેદ અથવા છિદ્રાન્વેષણ કે લિયે સ્થાન ન થા, વિકીર્ણ તંતુઓં કે ભેદ સે વ્યસ્ત ન હો કર ઉનકો વ્યવસ્થિત કરને મેં હી ઉનકી અધિક પ્રવૃત્તિ રહતી થી. પ્રત્યેક દાર્શનિક પદ્ધતિ ને ઉનકે સહાનુભૂતિપૂર્ણ હૃદય મેં સ્થાન પાયા થા તથા ઉનકે ભેદ એવં ભિન્નતા કી અપેક્ષા ઉનકે મહત્ત્વ ને ઉનકો અધિક આકર્ષિત કિયા. પર વે કોરે વિદ્વાન હી ન થે, અત્યંત શ્રદ્ધાલુ ભી થે. શ્રીકૃષ્ણોપાસના મેં ભી ઉનકી ઉતની હી અચલ શ્રદ્ધા થી, જિતની આત્મજ્ઞાન મેં. વાસ્તવ મેં ઇન સબ ગુણોં કે અદ્ભુત મિશ્રણ કે કારણ હી વે આધુનિક હિંદૂ ધર્મ કી ઈતની ઉજ્જવલ એવં ઉત્કૃષ્ટ વ્યાખ્યા કર સકે. ક્યોંકિ પ્રમુખ પ્રમુખ સંપ્રદાયોં કે સિદ્ધાંત તથા પ્રાચીન ઋષિયોં કે વિચારોં કા મેલ હી હિંદૂ ધર્મ હૈ; પર ઉનકે બુદ્ધિકૌશલ બિના યહ ચમત્કાર સર્વથા અસંભવ થા. કાવ્યશૈલી કી શક્તિ, સૌંદર્ય એવં સૂક્ષ્મતા તથા ઉસકે વિચારોં કા ગૌરવ જો કિસી કિસી સ્થાન પર તો અત્યંત હી ભવ્ય હૈ, ઉનકી અનુપમ વિદ્વત્તા કા કેવલ એકદર્શી ચિત્ર હૈ. અંત મેં ઉનકી કલ્પના કો વ્યક્ત કરને કી અદ્ભુત શક્તિ, જિસકે બિના કોઈ ભી પૂર્ણ કવિ નહીં હો સકતા, બાહ્ય

'ડ્રામાટિક' ન હો કર આંતરિક થી. જબ યુદ્ધસ્થલ મેં સેનાએં સંઘર્ષણ કે લિયે સન્નદ્ધ હોં, ઉસ સમય એક વીર સૈનિક આધ્યાત્મિક વાદાનુવાદ આરંભ કરે, ઐસે વિચિત્ર ચિત્રણ કા સાધારણ કવિ કો સ્વપ્ન મેં ભી ભાસ નહીં હો સકતા. ફિર શ્રીકૃષ્ણ કે ચિત્રણ મેં તો ઇન્હોંને અત્યંત વિલક્ષણ દક્ષતા દિખલાયી હૈ! એક અવતાર કો અપને વિચાર કિસ પ્રકાર પ્રકટ કરને ચાહિયે ઇસકી ઇતની સફલતાપૂર્ણ કલ્પના કરને કી અન્ય કિસમેં સામર્થ્ય થી?" ('કલ્યાણ'ના ગીતાંકમાંથી)

૨–દિવ્યદૃષ્ટિવાલા ભક્ત સંજય

શ્રીમદ્ભગવદ્ગીતા મેં સંજય પ્રધાન વ્યક્તિ હૈ. સંજય કે મુખ સે હી શ્રીમદ્ભગવદ્ગીતા ધૃતરાષ્ટ્ર ને સુની થી. સંજય વિદ્વાન ગાવલ્ગણ નામક સૂત કે પુત્ર થે. યે બડે શાંત, શિષ્ટ, જ્ઞાનવિજ્ઞાન-સંપન્ન, સદાચારી, નિર્ભય, સત્યવાદી, જિતેંદ્રિય, ધર્માત્મા, સ્પષ્ટ-ભાષી ઔર શ્રીકૃષ્ણ કે પરમ ભક્ત તથા ઉનકો તત્ત્વ સે જાનનેવાલે થે. અર્જુન કે સાથ સંજય કી લડકપન સે મિત્રતા થી. ઇસીસે અર્જુન કે અંતઃપુર મેં સંજય કો ચાહે જબ પ્રવેશ કરને કા અધિકાર પ્રાપ્ત થા. જિસ સમય સંજય કૌરવોં કી ઓર સે પાંડવોં કે યહાં ગયે, ઉસ સમય અર્જુન અંતઃપુર મેં થે. વહીં ભગવાન શ્રીકૃષ્ણ ઔર દેવી દ્રૌપદી તથા સત્યભામા થીં. સંજય ને વાપસ લૌટ કર વહાં કા બડા સુંદર સ્પષ્ટ વર્ણન કિયા હૈ. (મહા૦ ઉદ્યોગ પર્વ, અ૦ ૫૯)

મહાભારત–યુદ્ધ આરંભ હોને સે પૂર્વ ત્રિકાલદર્શી ભગવાન વ્યાસ ને ધૃતરાષ્ટ્ર કે પાસ જા કર યુદ્ધ કા અવશ્યંભાવી હોના બતલાતે હુએ યહ કહા કિ "યદિ તુમ યુદ્ધ દેખના ચાહો તો મૈં તુમ્હેં દિવ્ય–દૃષ્ટિ દેતા હૂં. પરંતુ ધૃતરાષ્ટ્ર ને અપને કુલ કા નાશ દેખને કી અનિચ્છા પ્રકટ કી. પર શ્રીવેદવ્યાસજી જાનતે થે કિ ઇસસે યુદ્ધ કી બાતેં જાને સુને બિના રહા નહીં જાયગા. અતએવ વે સંજય કો દિવ્ય–દૃષ્ટિ દે કર કહને લગે કિ યુદ્ધ કી સબ ઘટનાએં સંજય કો માલૂમ હોતી રહેંગી, વહ દિવ્ય–દૃષ્ટિ સે સર્વજ્ઞ હો જાયગા ઔર પ્રત્યક્ષ–પરોક્ષ યા દિનરાત મેં જહાં જો કોઇ

ઘટના હોગી, યહાં તક કિ મન મેં ચિંતન કી હુઇ ભી સારી બાતેં સંજય જાન સકેગા." (મહા૦ ભીષ્મ૦ અ૦ ૨) ઇસકે બાદ જબ કૌરવોં કે પ્રથમ સેનાપતિ ભીષ્મ પિતામહ દશ દિનોં તક ઘમસાન યુદ્ધ કર એક લાખ મહારથિયોં કા અપાર સેનાસહિત વધ કરને કે ઉપરાંત શિખંડી કે દ્વારા શરશય્યા પર પડ ગયે, તબ સંજય ને આ કર યહ સમાચાર ધૃતરાષ્ટ્ર કો સુનાયા. તબ ભીષ્મ કે લિયે શોક કરતે હુએ ધૃતરાષ્ટ્ર ને સંજય સે યુદ્ધ કા સારા હાલ પૂછા. (મહા૦ ભીષ્મ૦ અ૦ ૧૪) તદનુસાર સંજય ને પહલે દોનોં ઓર કી સેનાઓં કા વર્ણન કર કે ફિર ગીતા સુનાના આરંભ કિયા. ગીતા ભીષ્મપર્વ કે ૨૫ વેં સે ૪૨ વેં અધ્યાય તક હૈ.

મહર્ષિ વ્યાસ, સંજય, વિદુર ઔર ભીષ્મ આદિ કુછ હી ઐસે મહાનુભાવ થે, જો ભગવાન શ્રીકૃષ્ણ કે યથાર્થ સ્વરૂપ કો પહચાનતે થે. ધૃતરાષ્ટ્ર કે પૂછને પર સંજય ને કહા થા કિ "મૈં સ્ત્રી–પુત્રાદિ કે મોહ મેં પડ કર અવિદ્યા કા સેવન નહીં કરતા, મૈં ભગવાન્ કે અર્પણ કિયે બિના (વૃથા) ધર્મ કા આચરણ નહીં કરતા, મૈં શુદ્ધ ભાવ ઔર ભક્તિયોગ કે દ્વારા હી જનાર્દન શ્રીકૃષ્ણ કે સ્વરૂપ કો યથાર્થ જાનતા હૂં." ભગવાન કા સ્વરૂપ ઔર પરાક્રમ બતલાતે હુએ સંજય ને કહા–" ઉદારહૃદય શ્રીવાસુદેવ કે ચક્ર કા મધ્યભાગ પાંચ હાથ વિસ્તારવાલા હૈ. પરંતુ ભગવાન કી ઇચ્છાનુકૂલ વહ ચાહે જિતના બડા હો સકતા હૈ. વહ તેજઃ-પુંજ સે પ્રકાશિત ચક્ર સબકે સારસાર બલ કી થાહ લેને કે લિયે બના હૈ. વહ કૌરવોં કા સંહારક હૈ ઔર પાંડવોં કા પ્રિયતમ હૈ. મહાબલવાન શ્રીકૃષ્ણ ને લીલા સે હી ભયાનક રાક્ષસ નરકાસુર, સંબરાસુર ઔર અભિમાની કંસ તથા શિશુપાલ કા વધ કર દિયા થા. પરમ ઐશ્વર્યવાન સુંદર–શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ, મન કે સંકલ્પ સે હી પૃથ્વી, અંતરિક્ષ ઔર સ્વર્ગ કો અપને વશ મેં કર સકતે હૈં.... એક ઓર સારા જગત હો ઔર દૂસરી ઓર અકેલે–શ્રીકૃષ્ણ હો તો સારરૂપ મેં વહી ઉસ સબસે અધિક ઠહરેંગે. વે અપની ઇચ્છા-માત્ર સે હી જગત કો ભસ્મ કર સકતે હૈં, પરંતુ ઉનકો ભસ્મ કરને મેં સારા વિશ્વ ભી સમર્થ નહીં હૈઃ—

यतः सत्यं यतो धर्मो यतो ह्रीरार्जवं यतः ।
ततो भवति गोविन्दो यतः कृष्णस्ततो जयः ॥

"જહાં સત્ય, ધર્મ, ઈશ્વરવિરોધી કાર્ય મેં લજ્જા ઔર હૃદય

કી સરલતા હોતી હૈ, વહાં શ્રીકૃષ્ણ રહતે હૈ; ઔર જહાં શ્રીકૃષ્ણ રહતે હૈં, વહાં નિઃસંદેહ વિજય હૈ. સર્વ ભૂતાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ લીલા સે પૃથ્વી, અંતરિક્ષ ઔર સ્વર્ગ કા સંચાલન કિયા કરતે હૈં, વે શ્રીકૃષ્ણ સબ લોગોં કો મોહિત કરતે હુએ–સે પાંડવોં કા બહાના કર કે તુમ્હારે અધર્મી મૂર્ખ પુત્રોં કો ભસ્મ કરના ચાહતે હૈં. ભગવાન્ શ્રીકૃષ્ણ અપને પ્રભાવ સે કાલ–ચક્ર, જગત–ચક્ર ઔર યુગ–ચક્ર કો સદા ઘૂમાયા (બદલા) કરતે હૈં. મૈં યહ સત્ય કહતા હૂં કિ ભગવાન્ શ્રીકૃષ્ણ હી કાલ, મૃત્યુ ઔર સ્થાવર–જંગમરૂપ જગત કે એકમાત્ર અધીશ્વર હૈં, જૈસે કિસાન અપને હી બોયે હુએ ખેત કો (પક જાને પર) કાટ લેતા હૈ, ઈસી પ્રકાર મહાયોગેશ્વર શ્રીકૃષ્ણ સમસ્ત જગત કે પાલનકર્તા હોને પર ભી સ્વયં ઉસકે સંહાર કે લિયે કર્મ કરતે હૈં. વે અપની મહામાયા કે પ્રભાવ સે સબકો મોહિત કરતે હૈં, પરંતુ જો ઉનકી શરણ ગ્રહણ કર લેતે હૈં, વે માયા સે કભી મોહ કો પ્રાપ્ત નહીં હોતે. **'ये त्वमेव प्रपद्यन्ते न ते मुह्यन्ति मानवाः।'**

('કલ્યાણ'ના ગીતાંકમાંથી)

૩–महर्षि अगस्त्य

(લેખક—શ્રી. મણિલાલ છબારામ ભટ્ટ)

વેદકાળના મંત્રદ્રષ્ટા મહાન ઋષિઓમાંના અગસ્ત્યઋષિ આર્યાવર્તની બહાર આર્ય સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે જાણીતા છે. રામાયણ અને પુરાણોમાં એમને દક્ષિણાપથના ભયંકર રાક્ષસોમાં જઈને તેમને વશ કરવા અને સુજન બનાવવા માટે બ્રાહ્મણધર્મ-પ્રચારકોમાં અગ્રેસર ગણેલા છે. વેદમાં એમની ઉત્પત્તિને માટે એમ કહેલું છે કે, એક વાર યજ્ઞ ચાલતો હતો તેવામાં ઉર્વશી અપ્સરા ત્યાં આવી. તેને જોઈને મિત્રનું વીર્ય સ્ખલિત થઈ એક ઘટમાં પડયું. તેમાંથી આ ઋષિ ઉત્પન્ન થયા. આથી તેઓ ઘટોદ્ભવ, કળશયોનિ, મૈત્રાવરુણી અને ઔર્વશેય વગેરે નામોથી ઓળખાય છે. એ લોપામુદ્રા–કૌશિતકીને પરણ્યા હતા અને તેમને દ્રિધાસ્ય તથા દ્રિધાસ્યુ નામે બે પુત્રો થયા હતા. વળી એમ પણ કહેવાય છે કે, તે પુલસ્ત્યઋષિના કુળમાં જન્મ્યા હતા અને

કર્દમની હવિર્ભૂ કન્યાને પરણ્યા હતા. ગમે તેમ હો; પરંતુ દક્ષિણાપથને સંસ્કૃત કરી ત્યાં આર્ય સંસ્થાનો સ્થાપવા માટે અગસ્ત્ય પ્રાચીન તેમજ અર્વાચીનોમાં મુખ્ય અગ્રેસર, આર્યધર્મપ્રચારક અને પ્રસારક ગણાય છે.

બૌદ્ધોના પહેલાં બ્રાહ્મણો દક્ષિણ અને પૂર્વ તરફ પોતાનો ધર્મ અને સંસ્કૃતિ લઈ ગયા હતા. સપ્તસિંધુ પ્રદેશમાંના આર્યો પ્રથમ પૂર્વ તરફ ગંગાયમુનાના પ્રદેશમાં ગયા. ત્યાં પોતાની સંસ્કૃતિ ખીલવી અને કાશીને બ્રાહ્મણવિદ્યાનું તથા શૈવધર્મનું મુખ્ય મથક બનાવ્યું. અગસ્ત્યઋષિ કાશીમાં રહેતા, ત્યારે ત્યાં ઠેકઠેકાણે એટલાં બધાં શિવલિંગ સ્થપાયેલાં હતાં કે, ઋષિને ગંગાસ્નાન કરવા જતાં શિવલિંગને ઠેસ વાગે નહિ તેની સંભાળ રાખવી પડતી. કાશીમાં તેઓ ઝાઝો વખત રહ્યા નહિ, એટલામાં તો આર્યવિદ્યા, કળા, ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર માટે તેમને દક્ષિણ તરફ જવું પડ્યું. વિંધ્યાચળ ઓળંગીને હજી આર્યસંસ્કૃતિ દક્ષિણમાં ગઈ ન હતી; અને કંઈક ગઈ હતી તો તેને ત્યાં રહેતા રાક્ષસો અને જંગલી લોકો વારંવાર ઉચ્છિન્ન કરતા હતા. અગસ્ત્ય દક્ષિણમાં જતાં વિંધ્યપર્વત જે પૌરાણિક કથા પ્રમાણે ઊંચો ને ઊંચો વધતો હતો, તેને દંડવત્ નમસ્કાર કરી લાંબો થઈને પગે પાડ્યા પછી, ઋષિએ ઊભા થવાની આજ્ઞા આપી નહિ; પોતે પાછા ફરશે ત્યારે ઉઠાવશે, એમ તેને કહ્યું. તે ફરીને પાછા ફર્યા નહિ અને વિંધ્યાચળ ઊભોએ થવા પામ્યો નહિ. આ ઉપરથી ‘જનાર પાછું ન આવે’ એવા પ્રસંગને માટે ‘અગસ્ત્યયાત્રા’ અને ‘અગસ્ત્યના વાયદા’ એવી કહેવતો નીકળેલી છે.

બ્રાહ્મણસંસ્કૃતિ લઇ જનાર ઋષિમુનિઓને દક્ષિણમાં રહેતા જંગલીઓ–રાક્ષસો, વાનરો અને રીંછો વારંવાર પીડા કરતા હતા. દક્ષિણમાં સુશીલ ને સુધરેલી આર્યપ્રજાએ જવું અને રહેવું એ મોટી મુશ્કેલી અને જોખમદારીનું કામ હતું; તેથી ઉપલી પૌરાણિક કથાને એવી રીતે ઘટાવવામાં આવે છે કે, પહાડ જેવી મુશ્કેલીને અગસ્ત્યે દૂર કરી; એટલુંજ નહિ પરંતુ તેને આર્યોને નમતી બનાવી. રામાયણમાં તપોવનો અને આશ્રમોનો જંગલીઓને હાથે કેવો નાશ થતો હતો તે બતાવેલું છે. દક્ષિણમાં વિંધ્ય પછી તરતજ જે સંસ્થાન વસાવવામાં આવ્યું તે અગસ્ત્યનું વસાવેલું હોઇ, તેમાં આર્યઉપદેશકો વગેરે રહેતા. આને “જનસ્થાન”

કહેવામાં આવ્યું. તેની દક્ષિણે અર્ધસુધરેલા પણ પાશવમાં રહેલા વાનરોનું સંસ્થાન હતું; અને તેની પેલી તરફ વધારે દક્ષિણમાં રાક્ષસો રહેતા હતા. આ ક્રમ આપણે રામપ્રવાસ પરથી જાણીએ છીએ. વિશ્વામિત્ર પ્રથમ, પોતાના યજ્ઞને રાક્ષસો બાધ કરે નહિ તે માટે રામલક્ષ્મણને બાળપણમાંજ રક્ષક તરીકે લઇ ગયા હતા અને તેમણે રાવણની બહેન તાડકા અને તેના સહાયક રાક્ષસોને મારી યજ્ઞભંગ થતો અટકાવ્યો હતો; અરણ્યકાંડમાં દક્ષિણાપથ જે જંગલો અને જંગલીઓથી ભરેલો હતો, તેને અગસ્ત્યે કેવા શ્રમે ઋષિમુનિઓને વસવા યોગ્ય બનાવ્યો, તે વર્ણવેલું છે. બ્રાહ્મણો અને તેમનાં યજ્ઞયાગાદિ કાર્યના કટ્ટા શત્રુ—રાક્ષસોને અગસ્ત્યે ઉપદેશથી અને ચમત્કારી ઐશ્વર્યથી નમાવી દીધા હતા. રાવણને મારી સીતાને લઇ પાછા ફરતાં રામ સીતાને સંબોધીને કહે છે કેઃ—

निर्जितासि मया भद्रे शत्रुहस्तादमर्षिणा ।
अगस्त्येन दुराधर्षा मुनिना दक्षिणेवदिक् ॥

"હે ભદ્રે! અગસ્ત્યમુનિએ દુરાધર્ષ દક્ષિણ દિશા જીતી હતી (રાક્ષસોને વશ કરી સુજનને રહેવા યોગ્ય બનાવી હતી), તેમ અમર્ષવાળા શત્રુના હાથમાંથી હું તમને જીતી લાવ્યો છું." ઉત્તરાપથમાંથી આર્ય મિશને નીકળેલા અગસ્ત્યમુનિ જેમ જેમ દક્ષિણમાં આગળ વધતા જતા હતા, તેમ તેમ આર્ય આશ્રમો—થાણાં—નાખતા જતા હતા. આવાજ એ મુનિએ સ્થાપેલા કુંજ પર્વત આગળના એક આશ્રમમાં વનવાસ દરમિયાન સીતા ને લક્ષ્મણ સાથે રામ રહ્યા હતા.

મુનિ મૈત્રાવરુણીને આશ્રમો બાંધતાં જતાં પણ રાક્ષસો જંપીને બેસવા દેતા નહિ. અવલીનો ઇલ્વલ અને બદામી—વાતાપિપુરનો વાતાપિ, આ બે ક્રૂર રાક્ષસો દંડકારણ્યની ઉત્તરે રહેતા બ્રાહ્મણ મુનિઓને વારંવાર સતાવતા હતા; એટલુંજ નહિ પરંતુ તેમને ખાઇ જતા હતા. બદામીથી ત્રણેક માઇલ પર માલકૂટ પર્વત ઉપર અગસ્ત્યે તેમને વશ કર્યા હતા. વાતાપિપુર જેને હાલ બદામી કહેવામાં આવે છે તે, આ મુનિના રહેવાથી એક વિદ્યાપીઠ બની રહ્યું હતું અને અત્યારે પણ દક્ષિણાપથના કાશી તરીકે જૂના પંડિતો તેને માને છે. ઐહોલ અને બદામીનાં કેટલાંક પ્રાચીનતર ખંડેર અત્યારે પણ તેનું પુરાતનપણું દર્શાવે છે. સન ૧૫૦માં ટોલેમીએ બદામીને (બડિયામાઓઇ) એ નામે જણાવ્યું છે.

આર્યધર્મ અને આર્યસંસ્કૃતિ દક્ષિણાપથમાં પ્રસારવા માટે ત્યાંના નાનામોટા રાજાઓનો અગસ્ત્યમુનિએ આશ્રય લીધો હોય, એમ પણ જણાય છે. સ્કંદપુરાણની કેટલીક આખ્યાયિકાઓમાં અને લેખોમાં આ વાત જણાવેલી છે. વજ્રાંગદ નામના એક પાંડય રાજાએ એક વાર ઝનૂને ચડી દ્રવિડદેશમાં આવેલા સોન પહાડ ઉપરનાં દેવળોને અપમાન આપ્યું હતું. ઘોડા પર બેસી તેણે દેવાલયને ખૂંદી નાખ્યું હતું. મૈત્રાવરુણી કુંભોદ્‌ભવ મુનિ અગસ્ત્યે તેને તે પછી એવો તો નરમ બનાવી દીધો હતો કે, જે દેવાલયનો તેણે નાશ કર્યો હતો, તે દેવાલયના દેવતા સોનેશ્વર મહાદેવનો તે ભક્ત બન્યો; એટલુંજ નહિ પરંતુ પોતાનું સર્વસ્વ તેમને અર્પણ કરી ઋષિ અને ઋષિપત્નીના આશીર્વાદ મેળવ્યા. દક્ષિણાપથમાં વિદ્યાકળાના આદિપ્રવર્તક અગસ્ત્યમુનિ છે. તેમણે વૈદિક વ્યાકરણ, વેદ અને ધર્મ લોકોને શિખવાડીને કોમળ સુજન બનાવ્યા તથા આર્યધર્મને લગતા સિદ્ધાંતો અને બધી પરંપરા પણ તેમને આપી. એમણે પોતાનું ગોત્ર સ્થાપ્યું કે જે ગોત્રના બ્રાહ્મણો અદ્યાપિ હયાત છે. દક્ષિણના વયોવૃદ્ધ વિદ્વાનો અત્યારે પણ એમ કહે છે અને માને છે કે, તામિલભાષા, દ્રાવિડિયન લિપિ, વ્યાકરણ, પ્રતિમા બનાવવાનું (પ્રતિમાલેખન), શાસ્ત્રશકલાધિકાર વગેરે ગ્રંથો અને વિદ્યાઓ, એજ આદિ ધર્મપ્રવર્તકના જ્ઞાન અને શ્રમને આભારી છે.

અગસ્ત્યમુનિ દક્ષિણાપથને આર્ય બનાવતા બનાવતા છેક કન્યાકુમારી સુધી પહોંચી ગયા હતા. એ ભૂશિર નજીક આવેલા પયોધિ પહાડ ઉપર તેમને અર્પણ થયેલાં આલયો આવેલાં છે એમ કહેવાય છે અને શ્રદ્ધાળુઓ માને છે કે, પ્રાકૃત આંખને નહિ જણાય એવે રૂપે અદ્યાપિ તેઓ એ શિવાલયોમાં આવે છે અને પૂર્વકાળે જેમ દક્ષિણમાં આવતા અને વળી અલોપ થઇ જતા, તેમ હાલ પણ તેઓ કોઇવાર દેખાવ દે છે અને કોઇવારઅદૃશ્ય રહે છે; પણ દક્ષિણમાં પરિભ્રમણ તો રાખે છેજ.

મુનિથી સંસ્કૃત થયેલી દક્ષિણની પ્રજાએ તેમને દેવતારૂપ માની બદલો વાળી આપ્યો છે, એમ કહ્યાવગર ચાલતું નથી.*

* દ્રાવિડિયનો અગસ્ત્ય મુનિને એક ઇશ્વરતરીકે પૂજે છે. તેમનાં દેવાલયો બાંધેલાં છે અને તેમને પોતાના ઇષ્ટદેવ માને છે. દક્ષિણાપથમાં તેમના નામનો સંવત્સર પણ ચાલે છે. અગસ્ત્ય સંવત્સર

ઘણાં મંદિરો અને આલયોમાં તેમની મૂર્તિનું લોકોએ સ્થાપન કર્યું હતું. ઘણે ઠેકાણે તે દેવતુલ્ય પૂજાય છે. અગસ્ત્યપૂજન પૌરાણિક કાળનું છે. અગસ્ત્યદેવનું પૂજન કરવાનો વિધિ અગ્નિ અને સ્કંદ પુરાણમાં બતાવવામાં આવેલો છે. પૂજનવિધિ પછી ધ્યાન માટેના શ્લોકમાં કહે છે કેઃ—'હે કુંભયોનિ ! તમે અગ્નિમરુતથી ઉપજેલા, મિત્રાવરુણના પુત્ર, કાશમંજરી જેવા શ્વેત વર્ણાંગ અને જગતવ્યાપી છો. વળી આપ કે જેઓ મુનિભક્ષક વાતાપિને જમી ગયા હતા, જે સમુદ્રને પી ગયા હતા તે અગસ્ત્યમુનિ, તમોને નમસ્કાર છે." કન્યાકુમારી આગળના પયોધિ પહાડ ઉપર તેઓ અદ્‌ભુત ચરિતરૂપે રહેલા છે. કોરોમંડળ કિનારાના દક્ષિણપૂર્વ પ્રાંતપર આવેલા વેદારણ્યમાં તેઓ સુંદર મૂર્તિરૂપે રહેલા છે. મૂર્તિ સુંદર કારીગરીનો નમૂનો છે. તેમના હાથમાં કમંડલુ, અક્ષમાળા અને માથે જટા છે. આવી અલૌકિક મૂર્તિસ્વરુપે તેઓ દ્રાવિડોથી પરમેશ્વરરૂપે અદ્યાપિ પૂજાય છે.

આ પ્રમાણે દક્ષિણને આર્યસંસ્કૃતિ અને આર્ય—બ્રાહ્મણધર્મ આપ્યા પછી અગસ્ત્ય ઋષિએ સમુદ્રની પેલી પારના લોક તરફ નજર પહોંચાડી. વિન્ધ્યપર્વતની આડને લીધે જે મહર્ષિ દક્ષિણમાં જતાં અટક્યા ન હતા, તે સમુદ્રની આડથી આગળ વધતા અટકે, એ સંભવિત ન હતું. પુરાણોમાં તેમના આ સાહસને ચમત્કારરૂપે વર્ણવતાં જણાવ્યું છે કે, સાગરે તેમને માર્ગ આપ્યો નહિ; ત્યારે તેઓ એક અંજલિમાં તેને પી ગયા—અર્થાત્ અગસ્ત્ય મુનિ સમુદ્ર ઓળંગી સામી પાર ગયા અને ત્યાં પણ આર્યસંસ્કૃતિ અને બ્રાહ્મણધર્મનો ઉપદેશ કરી લોકોનો ઉદ્ધાર કર્યો. ઉપલબ્ધ ઇતિહાસો ઉપરથી જણાય છે કે, જે જે પ્રજાઓ સ્વદેશ છોડી બહાર નીકળી છે, તે સર્વે ધર્મોપદેશ કરનારા સાહસિકોથીજ સ્વદેશબહાર જઇ પોતાનાં સંસ્થાનો અને રાજ્યો સ્થાપી શકી છે. સમુદ્રનું પાન કરી કુંભયોનિ ભગવાન અગસ્ત્ય જે દેશમાં ગયા, તે દેશો તે બીજા કોઇજ નહિ, પણ દક્ષિણબર્મા, સુમાત્રા અને સુંદદ્વીપસમૂહમાંના જાવા, બોર્નિયો અને બાલી વગેરે દ્વીપો હતા. સમુદ્ર પરના આ પરાક્રમથી તેઓ 'પીતસમુદ્ર' વગેરે નામે

ઈ સ. પૂર્વે છઠ્ઠા કે સાતમા સૈકામાં ચાલુ થયેલો, એવો યુરોપિયન વિદ્વાનોનો મત છે. અગસ્ત્યમુનિએ જે પ્રયાસો કરેલા છે તે, આગલા ઋષિમુનિઓ કેવા ખંતીલા અને સાહસિક હતા તે દર્શાવી આપે છે.

ઓળખાય છે. ×

દક્ષિણમાં શિવાલયો બંધાવી તથા પોતાનાં ગોત્રની પરંપરા ચલાવી અગસ્ત્ય મુનિ પૂર્વ તરફ ગયા અને ત્યાં પણ તેમણે સુંદર શિવાલયો બંધાવી શૈવધર્મ પ્રવર્તાવ્યો. "શિવારાધનતત્પર" એવા નામે ત્યાં તે કહેવાયા અને બ્રાહ્મણધર્મ તથા આર્યસંસ્કૃતિના પ્રચાર ઉપરાંત કેમ્બોડિયામાં જઇ ત્યાં એક રાજવંશ પણ ઊભો કર્યો–કેમ્બોડિયાના મહીસિદ્ધ કુટુંબની એક સુંદર કન્યાને તેઓ પરણ્યા અને તેને નરેન્દ્રવર્મા નામે પુત્ર થયો. તે કેમ્બોડિયાની ગાદીએ બેઠો. કંબુકેમ્બોડિયાના અંકોરવતમાંથી મળેલા એક શિલાલેખમાં તેમને માટે આ પ્રમાણે લખાયેલું છેઃ–"આર્યભૂમિમાં જન્મેલ અગસ્ત્ય નામે બ્રાહ્મણ, જે શિવારાધનતત્પર છે, તે અધ્યાત્મવિદ્યાના અદ્ભુતબળે શ્રીભદ્રેશ્વર મહાદેવની આરાધના માટે કેમ્બોડિયા આવ્યા અને દીર્ઘકાળપર્યંત શિવનું આરાધન કરી નિઃશ્રેયસ–મુક્તિ પ્રાપ્ત કરી ગયા." બીજા એક લેખમાં–"અગસ્ત્ય નામે એક પ્રખ્યાત બ્રાહ્મણ જે વેદનિષ્ણાત હોઈ આર્યલોકોની ભૂમિમાં જન્મેલ છે તે, અહીં (કમ્બુદેશમાં) આવ્યા ને મહીસિદ્ધ કુટુંબની એક સુંદર કન્યાને પરણ્યા;તેનાથી જે પુત્ર થયો તે નરેન્દ્રવર્માને નામે લોકમાં વિખ્યાત છે." આ વંશાનુક્રમ બીજા શિલાલેખોમાં પણ લખાયેલો છે; એટલે એમ માનવામાં વાંધો નથી કે, લોકમાં સારી રીતે જાણીતી વાત–દંતકથા ઉપરથીજ તે લેખમાં કોતરાયેલ છે. આ લેખોને લગતું શિવાલય કેમ્બોડિયામાં બહુજ સુંદર બાંધણીએ બંધાયેલું છે અને તે અગસ્ત્યમુનિના પરિશ્રમનું ફળ છે, એમ કહેવાનું રહેતું નથી. જે રાજવંશને તેઓ જન્મ આપનાર હતા, તે રાજવંશ એ શિવાલયને મોટી મોટી દેણગીઓ દઇ નિભાવતો હતો.

કેમ્બોડિયામાંજ નહિ, પરંતુ શ્યામદેશ–સિયામમાં પણ દક્ષિ-

× સમુદ્રે માર્ગ નહિ આપવાથી તેમણે ક્રોધે ભરાઇ તેનું પાન કર્યું, એ વાર્તા ઉપરાંત બીજી વાર્તા એવી છે કે, કાલેય નામના રાક્ષસો સમુદ્રમાં સંતાઈ રહેતા અને વખત આવ્યે બહાર નીકળી ત્રણે જગતને સંતાપતા હતા. ઇન્દ્રે આ રાક્ષસો સામે લડાઇ કરી, ત્યારે તેને સહાય કરવા કાલેયોને સંતાઇ રહેવાના સ્થાનરૂપ સમુદ્રને મુનિ પી ગયા અને પછી સંતાવાનું સ્થાન નહિ રહેવાથી ઉઘાડા પડેલા રાક્ષસોને ઇન્દ્રે હરાવ્યા. આથી તેઓ પીતાબ્ધિ અને સમુદ્રચુલુક વગેરે નામોથી પુરાણોમાં વર્ણવાયા છે.

ણના જેવી પંચધાતુની પ્રતિમાઓ તામિલ ભાષાના લેખો સાથે મળી આવે છે. તામિલ સ્થપિત–સલાટોની કારીગરી સિયામ, ચંપા, કમ્બુ અને સુંદદ્વીપોમાં ગયેલી જણાય છે. શિવારાધના અને બ્રાહ્મણી આચારવિચાર વગેરેનો એ દેશો સાથેનો દક્ષિણનો સંવ્યવહાર ઘણા લાંબા કાળનો હોવાનું જણાય છે. આર્યસંસ્કૃતિને પૂર્વ તરફ ખરેખરી ખીલવનાર અગસ્ત્યમુનિ હતા, કે જેમણે મેકોંગ નદીના કિનારા ઉપર જઈ આર્ય–આશ્રમ–થાણું નાખી આર્યરાજવંશ સ્થાપ્યો હતો. સ્કંદપુરાણમાં સોન પહાડ ઉપરના મંદિરને ખૂંદનાર પેલો આર્યદ્વેષી રાજા ‘કામ્બુજ’ હય ઉપર સવાર થયેલો હતો એમ જણાવેલું છે. આ રાજાને શૈવ બનાવી કામ્બુજોને શૈવધર્મની દીક્ષા આપવાનું મહાન કાર્ય અગસ્ત્યમુનિએ બજાવ્યું હતું. એકલો ધર્મજ તેમણે પ્રસાર્યો નથી, પણ લોકોને લગભગ આર્ય સમાન બનાવી બધી રીતભાતે આર્ય જેવાજ બનાવી દીધા હતા. હાલના યુરોપિયનો અને અન્ય મુસાફરો મુક્તકંઠે પોકારીને કહે છે કે, ત્યાંના લોકનાં ખોળિયાં હાલ મુસલમાન બની જવા છતાં, તેમનાં ઘર (સમાજ) અને હૃદય તો બ્રાહ્મણ જેવાંજ રહેલાં છે.

આ મુનિ આર્યસંસ્કૃતિ અને બ્રાહ્મણધર્મના ઉપદેશ માટે કયાં કયાં ગયા હતા, તે વાયુપુરાણમાં જણાવેલું છે. બર્હિનદ્વીપ–બોર્નિયો, કુશદ્વીપ, વરાહ ને સૌખ્યદ્વીપ–આ દ્વીપો સુંદરદ્વીપસમૂહમાંનાજ છે. બીજા દેશો અને બેટોમાં તેઓ ફર્યા હતા. તે મહામલય પર્વત ઉપર રહેતા હતા. સુમાત્રામાં આ નામનો એક પર્વત છે. પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃત શિલાલેખો ઉપરથી જણાય છે કે, બૌદ્ધોના જતાં પહેલાં સૈકાઓ પૂર્વે બ્રાહ્મણ (મિશનરીઓ) ઉપદેશકો ચીન અને પૂર્વ તરફના દ્વીપસમૂહો ઉપર ફરી વળ્યા હતા.

ઈ. સ. ૭૩૨ નો એક સંસ્કૃત લેખ દક્ષિણ કોડાઇમાંથી મળી આવ્યો છે. તેમાં જણાવ્યું છે કે મધ્ય જાવામાં સંજય નામે એક રાજા હતો. સંસ્કૃત લેખ આ પ્રમાણે છેઃ “જાવા નામે એક ઉત્તમ દ્વીપ છે. ચોખા અને બીજાં અનાજોના અખૂટ ભંડારરૂપ અને સોનાની ખાણોવાળા તે દ્વીપમાં એક સુંદર અને ચમત્કારી શિવનું ધામ છે, જેનો હેતુ આ જગતમાં પરમ સુખ મેળવવાનો છે. એ ધામ કુંજર–કુંજદેશમાં રહેતી એક જાતિનાં મંદિરોની પ્રતિકૃતિરૂપે બંધાયેલું છે.” આ લેખ ઉપરથી એમ માનવાને પૂરતાં કારણો

છે કે, દક્ષિણમાં કુંજર-કુંજ નામે એક પવિત્ર ધામ હતું. તેરમી શતાબ્દિના વિજયનગરના લેખો ઉપરથી આપણે જાણીએ છીએ કે, તુંગભદ્રાના કિનારા સામે હાલના હેમ્પીની ઉત્તરે 'કુંજરકોણ' નામે એક ધામ હતું. આ રમણીય પહાડ ઉપર કોણ રહેતું હશે? આનો ઉત્તર આપણને હરિવંશમાંથી એવો મળે છે કે, કુંજર પહાડ ઉપર અગસ્ત્યમુનિનો પવિત્ર આશ્રમ હતો. ઉપલા લેખો અને આ એતદ્દેશીય પુરાવાઓ ઉપરથી એમ પુરવાર થાય છે કે, કુંજરકોણ દેશના લોક જાવા ગયા હશે અને ત્યાં તેમણે પોતાના દેશમાં તુંગભદ્રાના તીર ઉપર જેવાં શિવાલય હતાં તેવાં શિવાલયો જાવામાં બાંધ્યાં હશે, કે જેનો ઉપલા લેખોમાં ઇશારો છે. બીજો શિલાલેખ આનાથી આગળ વધી એમ બતાવે છે કે, અગસ્ત્યે પોતે જાવા જઇ શિવાલય બંધાવ્યું હતું. કળશજે (અગસ્ત્યે) પોતે શિવાલય બાંધી તેને 'ભદ્રાલોક' નામ આપ્યું હતું. તેમના બધા વંશજો ત્યાં તમામ સુખો અને શાંતિ મેળવો ! અગસ્ત્યગોત્રના શૈવ બ્રાહ્મણોએ જાવા જઇને એક સંસ્થાન વસાવ્યું હતું. આશ્વલાયન ગૃહ્યસૂત્ર પરથી જણાય છે કે, વૈદિકકાળે મૈત્રાવરુણીએ પોતાનું ગોત્ર પ્રસ્થાપિત કર્યું હતું. જાવામાં પોતાનાં ગોત્ર ઊભાં કરનાર અને શિવાલયો બંધાવનાર તરીકે અગસ્ત્ય જાણીતા હતા; એટલુંજ નહિ પરંતુ દક્ષિણની માફક તે મૂર્તિને રૂપે આલયોમાં સ્થપાઈ, લોકોથી પૂજાતા પણ હતા. શરૂઆતમાં સુખડના લાકડાની તેમની પ્રતિમા બનાવવામાં આવતી; પરંતુ તે પછી સુંદર પથ્થરની બનવા માંડી. સન ૭૬૦ ના એક શિલાલેખમાં જણાવ્યું છે કે, જાવાના એક રાજાએ જોયું કે, તેના બાપદાદાઓએ બનાવેલી અગસ્ત્યની સુખડની મૂર્તિ જમીન ઉપર પડી જીર્ણ થઈ ગઇ છે, ત્યારે તેણે સલાટને ચમત્કારી કાળા પથ્થરમાંથી અગસ્ત્યમુનિની એક પ્રતિમા બનાવવાનું ફરમાવ્યું. જાવા અને બાલીદ્વીપમાં અદ્યાપિ પણ ધર્મના સોગનનામામાં અગસ્ત્યનું નામ લેવરાવાય છે. "જ્યાંસુધી ચાંદોસૂરજ તપે છે અને જ્યાંસુધી પવન વાય છે, ત્યાંસુધી તેમના નામની મહત્તા-આમન્યા ચાલે છે." આ ઉપરથી એમ કહેવું ખોટું નથી કે, ઇસ્વીસનના સાતમા સૈકા પહેલાં અગસ્ત્યની પૂજા જાવામાં ચાલુ થયેલી હતી. તે દક્ષિણમાંથી ત્યાં ગયેલી હતી. એમના જેવી પ્રતિમા દક્ષિણ હિંદુસ્તાનમાંથી મળી આવે છે, તેવી ને તેવીજ ક્વચિત્ સહેજસાજ ફેરફારવાળી તેમની

પ્રતિમાઓ સુમાત્રા, કેમ્બોડિયા, એનામ–ચંપા, બોર્નિયો, જાવા અને બાલી વગેરે દેશો અને દ્વીપો કે જ્યાં તે મહાત્મા ધર્મોપદેશ કરતા અને આર્યસંસ્કૃતિનો વાવટો ફરકાવતા ફરેલા, તે તે સ્થાનોમાંથી મળી આવવા માંડી છે. જાવામાં તેમની મૂર્તિ લોકમાં ચાલતા શિવગુરુ અથવા ભટ્ટારકગુરુને નામે ઓળખાય છે. જાવાની પ્રોગો નદી આગળથી ભગવાન અગસ્ત્યની એવી સુંદર કારીગરીવાળી એક મૂર્તિ મળી આવી છે, કે જેની બરોબરીમાં બીજી કોઇ પણ મૂર્તિ મુકાય નહિ. સમુદ્ર પાર આવેલા દૂરના જાવાજેવા બેટમાંથી મળી આવેલી આ પ્રતિમા જાવા અને હિંદના તેવખતના સંમેલને તેમજ હિંદના શિલ્પશાસ્ત્રને જેબ આપે એવી રીતે બરોબર બ્રાહ્મણધર્મના યોગીના સ્વરૂપની આબાદ છાપ પાડે એવી રીતે બનાવેલી છે. બુદ્ધદેવની એ તરફ મળી આવતી પ્રતિમાઓ કરતાં આની કારીગરી અત્યુત્તમ હોઇ, બૌદ્ધકાળની શિલ્પવિદ્યાની અસરનો સાવ અભાવ દર્શાવી આપે છે.

મહાન શિવભક્ત મુનિ અગસ્ત્યનું ચરિત્ર તેમના શિષ્યો અને સહાયકોના નામનિર્દેશ વગર અપૂર્ણજ કહેવાય, માટે હવે તેમના શિષ્યો અને સહાયક ઉપદેશકો સંબંધી બે અક્ષર લખીશું. તેમને સહાય કરનાર અથવા તેમના જેટલીજ ખંતથી પરદેશમાં ફરી આર્યસંસ્કૃતિ અને બ્રાહ્મણધર્મ ફેલાવનાર, તૃણબિંદુ નામે એક ઋષિ હતા. તૃણબિંદુ અગસ્ત્યના જેવાજ નિષ્ણાત અને પ્રચારકાર્યમાં તેમની સ્પર્ધામાં ઊભા રહે એવા ખંતીલા હતા; જો કે પ્રથમ તે અગસ્ત્યના શિષ્ય હતા અને અગસ્ત્યેજ તેમને ધર્મપ્રચારમાં પ્રેર્યા હતા. ઉત્તરાપથમાંથી તેઓ બન્ને ગુરુશિષ્ય સાથેજ દક્ષિણાપથની યાત્રાએ નીકળ્યા હતા. દક્ષિણમાં તે તૃણધૂમાગ્નિને નામે ઓળખાતા અને તામિલભાષાનું વ્યાકરણ રચવામાં અગસ્ત્યને તેમણે સહાય આપી હતી. આ સહાયક શિષ્ય અને તેમના સંબંધને લગતી એક રમૂજી અને રસપ્રદ વાર્તા આ પ્રમાણે છેઃ–

એક વાર અગસ્ત્યમુનિએ પોતાના શિષ્ય તૃણબિંદુને પોતાનાં પત્ની લોપામુદ્રાને તેડવા ઉત્તરાપથ મોકલ્યા ને એવી આજ્ઞા કરી કે, તેણે (તૃણબિંદુએ) લોપામુદ્રાથી હમેશ એક વાંસજ દૂર રહ્યા કરવું, તેને અડકવું નહિ. ઋષિપત્નીને લઇ દક્ષિણમાં જતાં રસ્તામાં વગાઈ નદી ઊતરતાં લોપામુદ્રા માથોડું ઉપરાંત પાણીમાં સપડાઈ ગયાં. તૃણબિંદુએ તરત બુદ્ધિ વાપરી બાહોશીભેર તેમને

પકડી લીધાં ન હોત તો તે નદીના ઊંડાણુમાં ડૂબીને તણાઇ જાત. આશ્રમે પહોંચ્યા પછી મુનિને આ અકસ્માતની વાત જણાવવામાં આવી, એટલે તે પોતાની આજ્ઞાનો ભંગ થવાથી પોતાના શિષ્ય તૃણબિંદુ ઉપર ગુસ્સે થયા અને તેને શાપ દીધો કે, "સ્વર્ગનાં દ્વાર તારે માટે બંધ થશે-અર્થાત્ તને સ્વર્ગપ્રાપ્તિ થશે નહિ." તૃણબિંદુએ કહ્યું કે, "આ શાપ અન્યાયી છે તેથી હું પણ તમને એવોજ સામો શાપ દઉં છું કે, તમને પણ સ્વર્ગપ્રાપ્તિ થશે નહિ." આ ઝઘડામાંથી ગુરુશિષ્ય વચ્ચે અંટસ અને સ્પર્ધા ઉત્પન્ન થયાં. આ વાર્તા ખરી હોય તો આપણે એમ માનવુંજ પડે કે, તૃણબિંદુએ પણ અગસ્ત્ય સામે સ્પર્ધા કરવાને જાવા જઈ તેમના જેવાં કાર્ય આરંભેલાં. જાવામાંથી આના પુરાવા પણ મળી આવ્યા છે. એક મૂર્તિ ઉપર દેવનાગરી લિપિએ એવો લેખ લખેલો છે કે, ભગવાન તૃણબિંદુ મહર્ષિ. બીજી એક પ્રતિમા ઉપર મરીચિ ઋષિનું નામ છે, એટલે આપણે ખુશીથી એમ કહી શકીએ કે, સુંદદ્વીપોમાં આર્યસંસ્કૃતિ ફેલાવવા અને આર્યસંસ્થાનો સ્થાપવામાં અગસ્ત્ય સાથે બીજા ઋષિઓ,તેમના શિષ્ય અને સહાયક તરીકે ગયેલા હતા.

બહુ પ્રાચીનકાળમાં બ્રાહ્મણઋષિઓ હાલના ખ્રિસ્તી મિશનરીઓની માફક પ્રાણુ સટોસટનાં જોખમ વહોરી લઈ પરદેશ જતા, ત્યાંના જંગલી લોકોને કેળવતા અને ઉપદેશથી સુધારી ધર્મબોધ કરતા તથા તેમનાથી અલગ નહિ રહેતાં, તેમની સાથે લોહીનો સંબંધ બાંધી રાજસ્થાનો પણ ઊભાં કરતા; એ વાત ભગવાન અગસ્ત્ય મહર્ષિ અને તેમના શિષ્યો તથા સહાયકો ને મુનિ તૃણબિંદુ સરખા સાહસિક અને નીડર પ્રજાઉદ્ધારકોનાં ચરિત્ર પરથી સિદ્ધ થાય છે. હાથપગ જોડીને બેસી રહેવામાં, લંબાણુ ક્રિયમાણોની અનુદ્યોગતામાં, સ્વાર્થમાં, મમતામાં, પોતાનીજ મોટાઈમાં અને ખોટા મિથ્યાભિમાનમાં માણસથી કંઈજ બનતું નથી. પાછલા વખતમાં હિંદુસ્તાન આવી હાલતમાં જેમનું તેમ અમુક સરહદમાં બંધાઇ રહેવાથી, દુનિયાની સર્વે પ્રજાને દયા આણવા જેવી સ્થિતિએ આવી ગયું. વર્તમાન સ્થિતિમાંથી તેનો ઉદ્ધાર, તેનાજ પૂર્વજોનાં આવાં સાહસ અને પરાક્રમોનાં વૃત્તાંતમાંથી થશે, માટે આવાં વૃત્તાંતો લોકની જાણુ માટે જેમ બને તેમ વધારે બહાર લાવવાં જોઇએ. અલબત્ત, આમાં એટલું યાદ રાખવાનું કે, આગળ જેમ ટોલ્લાબાજી-ગપેગપ ચલાવવામાં આવતી,

તેમ થવું જોઇએ નહિ, એકટંગિયા લોક જોઈ આવનાર ભોળા ને વહેમી યાત્રીઓના ગપાટાથી પ્રવાસવાર્તાઓ ચિતરાવી જોઇએ નહિ. એમાં ચોકસાઇથી ખરી હકીકતો તેનાં મૂલાધારો સાથે પ્રજા આગળ રજૂ કરવી જોઇએ. જો આવાં ચરિત્રો લોકોના વાંચવામાં આવે તો 'અટકે અટકી પડ્યા' જેવું થાય નહિ. કેળવણી, માણુસાઇ, ધર્મ અને સ્વાર્થ સૌ આમાં સમાઇ જાય છે. હિંદના મહાકવીશ્વર ટાગોરના પૂર્વ તરફના પ્રવાસ પછી, પૂર્વતરફ એટલે જાપાન, ચીન અને મસાલાના ટાપુઓમાં આર્યોની સંસ્કૃતિ નષ્ટપ્રાય થતાં થતાં પણ કેવી પ્રબળ છાપ ત્યાંના લોક પર પાડી રહેલી છે, તેના હેવાલો 'ત્રિમાસિક વિશ્વભારતી' અને તેનાં 'બુલેટીન'-માં ઘણા આવ્યા છે. ગયા એપ્રિલના ઐતિહાસિક ત્રિમાસિકમાં પણ બરમા, સિયામ, કેમ્બોડિયા, એનામ, સુમાત્રા, જાવા, બોર્નિયો અને બાલી વગેરે માટે કંઇક જાણવા જેવા હેવાલો આવ્યા હતા અને આવે છે. એ બધા ભાગો, દ્વીપો વગેરે હાલ બેલ્જિયમ, હોલેંડ, ઇંગ્લેંડ અને ફ્રાન્સ વગેરેને તાબે વહેંચાઇ ગયેલા હોવાને લીધે, તેમજ તેમની રાજભાષા–દેશભાષામાં ત્યાંના હેવાલો લખાયા છે તથા પરદેશી મુસાફરોએ પોતપોતાના દેશની ભાષામાં પોતાના પ્રવાસો લખ્યા છે, એટલે આપણે એ જુદી જુદી ભાષાઓ જાણતા નથી તેથી તે જાણવા પામ્યા નથી; પરંતુ વિશ્વકોશ અને બીજાં સાધનો ખુદ હિંદીઓના ચાલુ થયેલા પ્રવાસોમાંથી હાલ આપણે આપણી સંસ્કૃતિ, બહારના દેશોમાં આગળ કેવા માનભર્યા આતિથ્યે પૂજાતી હતી તે જાણવા માંડ્યું છે. બહુ સારી ખાતરીભરેલી રીતે કહેવાય છે કે, જાવાની પૂર્વે આવેલો એક નાનો બેટ જે 'બાલી' ને નામે ઓળખાય છે, ત્યાં અદ્યાપિ બ્રાહ્મણો વસે છે અને શૈવધર્મ પાળે છે. તેઓ મનુસ્મૃતિના આચારવિચારે અને રીતરિવાજે ચાલે છે; જો કે તેમનો ઉપલો ઝભ્ભો તો મુસલમાની કાપે વેતરાઈ ગયો છેજ. બાલિયન બ્રાહ્મણો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને માને છે અને બ્રહ્મને લગતી તાત્ત્વિક ભાવના રાખે છે. આ બાલીના બ્રાહ્મણો જાવાથી ત્યાં ગયેલા છે. આખા સુંદદ્વીપજૂથમાં બ્રાહ્મણધર્મની ત્રિમૂર્તિનું પૂજનઅર્ચન ચાલે છે. જાવામાં દક્ષિણના બ્રાહ્મણો અને લોકોજ જઇ વસેલા ન હતા, પણ દક્ષિણના રાજાઓએ ત્યાં જઇ રાજ્યાધિકાર ભોગવી આજ લગી–૧૪ મા સૈકા લગી હિંદુત્વને જાળવી રાખ્યુ

હતું. ગુજરાતના પ્રાચીન સાહિત્યમાં જાવા અને મસાલાના બેટો તરફની સફરોના ઠેકઠેકાણે ઇશારા છે. ગુજરાતમાં તો જાવા સમૃદ્ધિનું ધામ ગણાઈ જાવે જઇ આવનાર મોટો ધનાઢ્ય થઇ જતો, એવી કહેતી પણ ચાલેલી છે.

આ હકીકત રૂપમૂમાં નિબંધરૂપે અને વિશ્વભારતીમાં તે ઉપરથી એક ટૂંકા પણ ચાનકદાર લેખ તરીકે આવેલી તેનો આ સારમાત્ર, ગુજરાતીઓ કે જેઓ અગાઉ એ તરફ જવાઆવવાને માટે જાણીતા છે, તેમને પ્રોત્સાહન મળે અને કોઇ વીર વિદ્વાન, કોઇ ધાર્મિક ઉપદેશક કે કોઇ વીર વેપારી સુંદ ટાપુઓ તરફ જવા તત્પર થાય અને હોલવાઇ જતી આર્યસંસ્કૃતિને પુનરપિ પ્રજ્વલિત કરે, એવા શુભાશયે લખાયો છે.

('બુદ્ધિપ્રકાશ'ના એક અંકમાંથી)

૪-શ્રીમહાવીરસ્વામી

(લેખકઃ-શ્રી. મણિલાલ કેશવલાલ પરીખ)

ચૈત્રનો પરમ પાવન મહિનો શ્રીમહાવીરનું સ્મારક છે. આ પુણ્ય માસમાં આજથી ૨૪ સૈકા પહેલાં તેમનો પ્રાદુર્ભાવ થયો. તેમણે પટણાની નજીકના એક સ્થાનને પોતાની જન્મભૂમિ બનાવી. સમ્રાટ અશોક અને ગુરુ ગોવિંદસિંહનાં પણ ત્યાં સ્મારક હોવાને કારણે પટના પવિત્ર છે.

પરંપરાથી આ મહાપુરુષની જન્મતિથિ ચૈત્ર શુકલ ત્રયોદશી માનવામાં આવે છે. આ દિવસ-શ્રીમહાવીરની વર્ષગાંઠનો દિવસ યુવકોની નોંધપોથીમાં સ્મરણીય છે. યુવાનોને યાદ રહે કે, એ તિથિ આપણા અનેક મહાવીરોની જનની છે.

જો કે ભારતવર્ષ દરિદ્ર છે, છતાં પણ તે શ્રીસંપન્ન છે. તેની આ શ્રી તેનાં મનુષ્યોમાં રહેલી છે. તેનાં કરોડો મનુષ્ય જો કાંઇ કરવાનો સંકલ્પ કરે તો શું ન કરી શકે? અને પ્રત્યેક શતાબ્દિમાં ભારતવર્ષમાં એવા કેટલા મહાપુરુષો ઉત્પન્ન નથી થયા કે જેઓ આત્મશક્તિમાં મહાન હતા? કારણ, જેમની કીર્તિનો પ્રસાર આ ચૈત્ર શુકલ ત્રયોદશી કરી રહી છે, તેવા આપણા ઇતિહાસમાં એકલા માત્ર મહાવીરજ નથી થયા, અન્ય મહાવીર પણ થયા છે. તે બધા

થયા છે બીજા યુગોમાં. તેઓ આત્મિક ક્ષેત્રના યોદ્ધા હતા. તેમણે ભારતભૂમિને પુણ્યભૂમિ બનાવી દીધી; તેને આધ્યાત્મિક આદર્શવાદરૂપી શ્રીથી સંપન્ન કરી દીધી.

આ મહાવીર—અર્થાત્ વિજયીજ ઇતિહાસના સાચા મહાપુરુષ છે. તે ઉદ્ધતાઇ અને હિંસાના નહિ પણ નિરભિમાનતા અને પ્રેમના મહાવીર હતા.

રશિયાના મહાન ઋષિ ટૉલ્સ્ટોયે એ વચનો વારંવાર આલાપ્યાં છે કે, " જે પ્રકારે અગ્નિ અગ્નિનું શમન નથી કરી શકતો, તેજ પ્રમાણે પાપ પાપનું શમન નથી કરી શકતું." કહેવાય છે કે, આ ઉપર ઇસુખ્રિસ્તે એક પ્રવચન કર્યું છે કે, " પાપનો પ્રતીકાર ના કરો." પરંતુ ખ્રિસ્તથી પણ પાંચ શતાબ્દિ પૂર્વે અહિંસાનો આ ઉપદેશ ભારતને—બુદ્ધ અને મહાવીર દ્વારા મળેલો અને આચારમાં મુકાઇ ગયેલો. જૈન લોકો ભગવાન, ઈશ્વર, મહાભાગ ઇત્યાદિ કહીને શ્રીમહાવીરને અનન્યભાવે પૂજે છે.

તેઓ તેમને તીર્થંકર પણ કહે છે, જેનો અર્થ હું 'સિદ્ધપુરુષ' કરું છું. મહાવીરનું સ્મરણ તેમને ચોવીસમા તીર્થંકર માનીને કરવામાં આવે છે. તેમના પ્રથમ તીર્થંકરનું નામ ઋષભનાથ અથવા આદિનાથ છે, જે અયોધ્યામાં જન્મ્યા અને કૈલાસ પર્વત પર મહત્તમ—આત્મજ્ઞાન—કૈવલ્યજ્ઞાનના અધિકારી થયા. તેઓ એ ધર્મના સૌથી પ્રથમ પ્રવર્તક હતા, જેને ઇતિહાસમાં જૈનધર્મ કહેવામાં આવે છે. શ્રીમહાવીર જૈનધર્મના પ્રવર્તકોની લાંબી સૂચિમાં ચોવીસમા આવે છે. તેમણેજ આ બૌદ્ધધર્મથી પણ પ્રાચીનતર ધર્મની પુનઃ ઘોષણા કરી એનું પુનઃ નિર્માણ કર્યું.

શ્રીમહાવીરના સંબંધમાં જે કંઇ મારા જાણવામાં આવ્યું છે, તેની મારા પર ઘણી ઊંડી છાપ પડી છે. તેમનું જીવન અદ્વિતીય ઉદારતા અને અદ્વિતીય સૌંદર્યથી પરિપૂર્ણ હતું. બુદ્ધના સમકાલીન હોવાના કારણે તે બુદ્ધના ત્યાગનું, બુદ્ધના તપનું અને બુદ્ધના માનવપ્રેમનું સ્મરણ કરાવે છે.

તે ઈસુખ્રિસ્તના ૪૯૯ વર્ષ પૂર્વે બિહાર પ્રાંતના એક શહેરમાં જન્મ્યા હતા. તેમના પિતા સિદ્ધાર્થ એક ક્ષત્રિય રાજા હતા. તેમની માતા વિશલા—વજ્જિઓના પ્રજાતંત્રના મુખી ચેટકની પુત્રી હતી. મહાવીરને અન્ય છોકરાઓની માફક શાળામાં મોકલવામાં આવતા; પરંતુ સમજાયું કે એમને શિક્ષણની આવશ્ય-

કતા નથી. તેમના હૃદયમાં એ જ્ઞાન વિદ્યમાન છે, કે જેનું કોઇ પણ વિદ્યાલય દાન નથી કરી શકતું. બુદ્ધની માફક તેઓ પણ આ જગતનો ત્યાગ કરી દેવા માટે વ્યાકુળ થઇ જતા હતા. અઠ્ઠાવીસ વર્ષની ઉંમર સુધી તેઓ કુટુંબમાંજ રહ્યા હતા.જ્યારે તેમનાં માતપિતા ગુજરી જાય છે અને તેમને સંન્યાસમાર્ગમાં પ્રવેશ કરવા માટે અંતરપ્રેરણા થાય છે, ત્યારે તેઓ પોતાના જ્યેષ્ઠ બંધુ પાસે અનુમતિ મેળવવા જાય છે. તેમના ભાઇ કહે છેઃ "ઘા હજી તાજા છે, થોભી જાઓ." તેઓ બે વર્ષ સુધી થોભી જાય છે. અત્યારે તે ૩૦ વર્ષના છે.ઇસુખ્રિસ્તની માફક હવે તેમને અંતઃપ્રેરણા થાય છે કે, "હવે સર્વ કાંઇ છોડી દઇને સેવાના સુમાર્ગમાં પ્રવેશ કરવો જોઇએ." બુદ્ધની માફક તેઓ પોતાની સઘળી સંપત્તિ દરિદ્રોને દાન કરી દે છે. કુટુંબને ત્યાગવાના દિવસે તેઓ પોતાનું આખું રાજ્ય પોતાના ભાઇઓને અને સઘળી સંપત્તિ ગરીબોને આપી દે છે. પછી તેઓ તપશ્ચર્યા અને ધ્યાનમાં જીવન વ્યતીત કરે છે. બુદ્ધને છ વર્ષની સાધના પછી પ્રકાશનાં દર્શન થયાં હતાં. શ્રીમહાવીરને એ જ્યોતિ બાર વર્ષનાં અંતર્ધ્યાન અને તપશ્ચર્યા બાદ દેખાય છે. ઋજુકુલા નદીને કાંઠે જુમ્ભક ગામમાં તેઓ પરમ આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે. ગ્રંથોની ભાષામાં હવેજ તેઓ તીર્થંકર, સિદ્ધ, સર્વજ્ઞ અથવા મહાવીર બની રહે છે. તેઓ હવે એ અવસ્થાને પ્રાપ્ત કરે છે, કે જેને ઉપનિષદોમાં કૈવલ્યદષ્ટાની અવસ્થા કહે છે. જૈનગ્રંથો પ્રમાણે હવે તેમનું નામ 'કેવલી' થઇ જાય છે.

ત્યારે તેઓ બુદ્ધની માફક ધર્મપ્રચારને માટે એક મહાન મિશન લઇને લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવાને નીકળી પડે છે. ત્રીસ વર્ષ સુધી તેઓ અહીંથી તહીં ઘૂમતા ફરે છે. બંગાળ અને બિહારમાં તે સાચા સુખની વાત(ગૉસ્પેલ)નો સદુપદેશ આપે છે. પોતાના સંદેશને તેઓ જંગલી જાતિઓ સુધી પહોંચાડી દે છે અને તેમ કરતાં તેઓ તેમના ક્રૂર વર્તનની પરવા નથી કરતા. તે પોતાના મિશન માટે હિમાલય સુધી જાય છે. અનેક પીડકો વચ્ચે પણ તેઓ કેવા ગંભીર અને શાંત બની રહે છે અને આ ગાંભીર્ય અને શાંતિમાં કેટલું બધું સૌંદર્ય છે!

તેઓ ગુરુ હોવા સાથે ઉત્તમ વ્યવસ્થાપક પણ છે. તેમના અગિયાર મુખ્ય શિષ્યો છે. ચારસોથી વધારે મુનિઓ અને અનેક શ્રાવકો તેમના ધર્મને ધારણ કરે છે. બ્રાહ્મણ અને અબ્રાહ્મણ બન્ને

તેમના સમાજમાં સામેલ થાય છે, તેમની શ્રદ્ધા વર્ણ: અને જાતિમાં નથી. તેઓ દિવાળીને દિવસે પાવાપૂરી (બિહાર)માં ૭૨ વર્ષની વયે, ખ્રિસ્તનાં ૫૨૦ વર્ષ પૂર્વે નિર્વાણ પ્રાપ્ત કરે છે.

આ મહાવીરનું–જૈનીઓના આ મહાપુરુષનું–ચરિત્ર કેટલું સુંદર છે! તેઓ ધનવાન ક્ષત્રિયકુળમાં જન્મ લે છે અને ગૃહનો ત્યાગ કરી દે છે. તેઓ પોતાનું ધન દરિદ્રોને દાન કરી દે છે અને વિરક્ત થઇ જઈને જંગલમાં અંતર્ધ્યાન અને તપસ્યાને માટે ચાલ્યા જાય છે. કેટલાક લોક તેમને ત્યાં પીડા દે છે, પરંતુ તેઓ તો શાંત અને મૌનજ રહે છે.

તપસ્યાની અવધિ પૂરી થયા પછી તેઓ બહાર આવે છે, તે પોતાના સિદ્ધાંતનો ઉપદેશ કરવા સ્થળે સ્થળે ફરે છે અને ઘણાંએ માણસો એમની મજાક ઉડાવે છે. સભાઓમાં તેઓ એમને તંગ કરે છે, એમનું અપમાન કરે છે; પરંતુ પોતે તો શાંત અને મૌનજ રહે છે. એક શિષ્ય તેમનો ત્યાગ કરી જાય છે અને તેમની વિરુદ્ધ લોકમાં મિથ્યા વાર્તા ફેલાવે છે.

તેઓ એક મહાવીર–એક વિજેતા–એક સાચા મહાપુરુષ બની જાય છે; કારણ તેઓ શાંતિની શક્તિનો વિકાસ કરતા રહે છે.

નિઃસંદેહ તેમના જીવનનો તેમના ભક્તો પર ઘણો સારો પ્રભાવ પડયો. તેમણે પોતાના સંદેશને સર્વ બાજુ ફેલાવ્યો. કહેવામાં આવે છે કે, પાયરો નામક યુનાની વિચારક જિમ્નોસોફિસ્ટોના ચરણોમાં બેસીને દર્શનશાસ્ત્ર શીખ્યો. જણાય છે કે, જિમ્નોસોફિસ્ટો જૈનયોગી હતા, જેમ એમનું આ નામ નિર્દેશ કરે છે.

બચપણમાં તેમનું નામ વીર રાખવામાં આવેલું. તે સમયે તેમને વર્ધમાન પણ કહેતા હતા; પરંતુ આગળ જતાં તેઓ મહાવીર કહેવાયા. મહાવીર શબ્દનો મૂળ અર્થ મહાન યોદ્ધો થાય છે. કહેવામાં આવે છે કે, એક દિવસ જ્યારે તે પોતાના મિત્રો સાથે ગંમત કરી રહ્યા હતા, તે વખતે એમણે એક મોટા કાળા નાગને એની ફણા પર પગ મૂકીને ઘણા ગૌરવથી વશ કર્યો હતો અને ત્યારથીજ તેમને એ વિશેષણ પ્રાપ્ત થયું. મને તો આ વાર્તા રૂપક લાગે છે. કારણ કે મહાવીરે ખરી રીતે તો કષાયરૂપી સર્પને વશ કર્યો હતો. તેઓ મૂળથીજ એમ મહાન વીર–મહાન વિજેતા હતા. એમણે રાગ અને દ્વેષને જીતી લીધા હતા. તેમના જીવનનો મુખ્ય ઉદ્દેશ ચૈતન્ય હતો. એ જીવન પરમ શક્તિનું હતું. 'પીતવ-

ણું' અને 'સિંહ' એ બે તેમનાં પ્રિય ચિહ્ન છે. આધુનિક ભારતવર્ષને પણ મહાન વીરોની આવશ્યકતા છે. માત્ર ધન અથવા જ્ઞાન ઘણુંજ ઓછું ઉપયોગી છે; આવશ્યકતા છે આવા પુરુષાર્થી પુરુષોની કે જેઓ પોતાના હૃદયમાંથી ડરને દેશવટો આપી સ્વાતંત્ર્યની સેવા કરે. મહાવીરની વીરતા એમના જીવન અને ઉપદેશોમાં પ્રતિબિંબિત છે. એ જીવન અદ્વિતીય આત્મવિજયનું છે. તેમનો ઉપદેશ પણ વીરતાપૂર્ણ છે. "સર્વ જીવોને પોતાના સમાન સમજો અને કોઇને પણ કષ્ટ ન આપો." આ શબ્દોમાં અહિંસાના બેવડા સિદ્ધાંતનું પ્રતિપાદન છે. એક સ્પષ્ટ છે અને બીજો ગૂઢ. અર્થમાં 'સ્પષ્ટ' તો ઐકયના સિદ્ધાતનું અનુસરણ કરે છે–અર્થાત્ "પોતાને સર્વમાં જુઓ" અને 'ગૂઢ' તેમાંથી વિકાસ પામે છે–અર્થાત્ કોઇની પણ હિંસા ના કરો. સૌમાં પોતાનાંજ દર્શન કરવાની મતલબ એ છે કે, કોઇને પણ કષ્ટ આપવાથી રોકવાનો ઉદ્દેશ છે. અહિંસા સર્વ જીવોમાં અદ્વૈતના આભાસથીજ વિકાસ પામે છે. આપણા ઇતિહાસના આ મહાન વીરનું જીવન અને તેમનો સંદેશ ત્રણ મુદ્દા પર ભાર મૂકે છેઃ–

(૧) **બ્રહ્મચર્યઃ**–ઘણાખરા સાધુઓ ગોશાળના નેતૃપદે નીતિભ્રષ્ટ જીવન ગાળતા હતા. તેઓ સ્ત્રીઓના ગુલામ હતા અને ગોશાળ તેમનો એક નાસી ગયેલો શિષ્ય હતો, જે પાછળથી દીવાનો થઇને મરી ગયો. જે લોક સાચું આત્મિક જીવન ગાળવા ચાહે તેમને માટે મહાવીરે બ્રહ્મચર્યવ્રત અનિવાર્ય ઠરાવી દીધું છે. એથી જે યુવકો ભારતવર્ષનું પુનર્નિર્માણ એક મહાન દેશના રૂપમાં કરવા ચાહતા હોય, તેમણે બ્રહ્મચર્યની શક્તિમાં પૂર્ણ બનવું જોઇએ.

(૨) **અનેકાંતવાદ અગર સ્યાદ્વાદઃ**–મહાવીરે શીખવ્યું કે, વિશ્વનું કોઇ પણ એક સ્વરૂપ સત્યનું પૂર્ણ પ્રતિપાદન નથી કરી શકતું. કારણ કે સત્ય અનંત છે. આ સ્થળે મને આઇન્સ્ટનના સાપેક્ષવાદ (ડૉકટ્રીન્સ ઑફ રિલેટિવિટી) ના આધુનિક પ્રયોગનું સ્મરણ આવે છે. મહાવીરની વાણી યુવકવર્ગ સાંભળે અને તેનો સહાનુભૂતિ અને સમાનતાનો સંદેશ ગામો અને શહેરોમાં લઇ જાય. ભિન્ન ભિન્ન ધર્મોએ ભેદો અને ઝઘડાનાંજ ઝાડ ઉછેર્યાં છે. તેઓ આધ્યાત્મિક જીવન સંબંધી નવા વિચાર, નૂતન દેશભક્તિ અને નવીન રાષ્ટ્રીય જીવનને સરજાવે; કારણ કે સત્ય અસીમ છે અને ધર્મનો ઉદ્દેશ ભિન્નતા અને ઝઘડાને ઉત્પન્ન કરવાનો નહિ પરંતુ ઉદારતા અને પ્રેમનો પાઠ શીખવવાનો છે.

(૩) **અહિંસાઃ**—આ વસ્તુ આળસ અને કાયરતાથી પર છે. અહિંસા સત્તાત્મક છે, ખાલી કલ્પના નથી. એ તો સામાન્ય ગુણોથી ઉચ્ચ શ્રેણીની વસ્તુ છે. એ એક શક્તિ છે, એ શક્તિ શાંતિની છે. આ ઝઘડાળુ દુનિયામાં શાંતિની અંતઃપ્રેરણા છે.

ઘણા વખતથી યુરોપમાં નિત્ય બળાત્કાર અને હિંસાના નવા નવા કાર્યક્રમનો સ્વીકાર થતો જાય છે. આજે ભારતમાં પણ ઘણા લોકો માટે તે આકર્ષક પુરવાર થાય છે. એક ફ્રેંચમેને હાલમાં પ્રગટ કરેલા એક પુસ્તકમાં જણાવ્યું છે કે, "અમારે જર્મનીના નાશની આવશ્યકતા છે." એક ભારતવાસીએ પણ રશિયાના ઉદ્ધારફંડમાં સહાયતા આપવા માટે આગ્રહ કરવામાં આવતાં કહ્યું હતું કે, "અમારે આવશ્યકતા છે યુરોપિયનોના નાશની." આવી આવી વાતોથી મારા હૃદયમાં તીવ્ર પીડા થાય છે. પછી હું ભારતના જ્ઞાની મહાત્માઓનું ચિંતન કરું છું અને મારું હૃદય તેમના મંગલમય મહાવીરની તરફ આકર્ષાય છે. જેણે આજથી ૨૫ શતાબ્દિ પહેલાં ભારતના લોકોને તે મહાન સંદેશઃ—"દ્વેષને સહાનુભૂતિ અને નિઃસ્વાર્થતાથી જીતો" આપ્યો હતો.

હું ઇતિહાસનાં પાનાંને નાશ અને ક્ષયથી આચ્છાદિત થયેલાં જોઉં છું. યુદ્ધ, નાશ, ધાર્મિક અત્યાચારરૂપે આપણી જીવનયાત્રામાં આપણે અહિંસાને આપણું લક્ષ્ય નથી રાખ્યું? આપણા સામાજિક જીવનમાં અને આપણા વ્યાપારમાં શું અહિંસાના કરતાં હિંસા વધારે નથી? અને વર્તમાન રાજનીતિમાં આપણે શું જોઇએ છીએ? કષાયોની મંત્રણા કે અહિંસાની શક્તિ?

એક વાતનો મને બીજો પણ અનુભવ થાય છે અને તે એ કે, રાષ્ટ્રીય આંદોલનને એક નવીન ઉદાર આધ્યાત્મિક સ્પન્દન (પ્રોત્સાહન) મળી જવું જોઇએ, એક ભ્રાતૃત્વમય સભ્યતાનું નિર્માણ થવું જોઇએ. દ્વેષ આપણને સહાય નહિ કરે. આજકાલ રાષ્ટ્રો પોતાની માનસિક શક્તિઓની સંપત્તિ લડાઇ—ઝઘડામાં ખર્ચી રહ્યાં છે. આપણે ઇચ્છીએ કે આપણે ઈશ્વરને આપણા રાષ્ટ્રીય જીવનમાં ખેંચી લાવીએ—માનવવિશ્વના પુનઃનિર્માણને માટે આપણે આધ્યાત્મિક શક્તિની આવશ્યકતા છે.

જો કોઇ મને એકજ શબ્દમાં પૂછે કે, ભારતનો આત્મા શું છે? તો હું કહીશઃ 'અહિંસા'. ભારતનાં અનંત અન્વેષણો અહિંસાનો વિચાર, કળા, ઉપાસના ને જીવનમાં સહાયતા કરતાં રહ્યાં છે.

અહિંસાના સિદ્ધાંતે ભારતવર્ષના સાંસારિક સંબંધો પર

પણ ઠીક પ્રભાવ પાડયો છે. તેણે સામ્રાજ્યો અને વિજયોનાં સ્વપ્ન ન જોયાં અને તે જાપાન અને ચીનનું પણ ગુરુ બની ગયું. આપણી આધ્યાત્મિક ઉન્નતિના કારણે આ અપરિચિત દેશ તે દેશોને ઇર્ષ્યા-પાત્ર બની ગયો. ભારતવર્ષ સૈનિકવાદીઓનો દેશ નહોતો. મનુષ્યત્વ પ્રત્યેની આદરબુદ્ધિએજ તેને સામ્રાજ્યવાદની આકાંક્ષાઓથી બચાવી લીધો. તે મહાન રાજનૈતિક સત્ય હતું. જેને બુદ્ધે પોતાનાં વચનોમાં વ્યક્ત કર્યું હતું કે, "વિજેતા અને વિજિત બન્ને અસુખી છે. વિજિત અત્યાચારના કારણે અને વિજેતા એવા ડરનો માર્યો કે વિજિત કંઈ ફરી ઊભો ન થાય અને તેના પર વિજય પ્રાપ્ત કરી લે." ભારતવર્ષે કદી કોઇ પણ દેશને ગુલામ બનાવવાનો પ્રયત્ન નથી કર્યો. ગુલામ બનાવવા એ હિંસાનુંજ એક આચરણ છે.

યુરોપ આ પ્રકારે પીડાય છે અને ક્ષોભમાં ભટકતું ફરે છે અને કેટલાક લોક તેની શક્તિને ભૂલથી સ્વતંત્રતા સમજી બેઠા છે. સાધનો વિના અને નૈતિક નિયમોના અભ્યાસ વિના સ્વાતંત્ર્ય પ્રાપ્ત નથી થઈ શકતું. યુરોપ હજી સુધી રાષ્ટ્રીય જાતિય નિયમથી વધારે મહત્ત્વના અન્ય કોઇ પણ નિયમને નથી માનતું, તેનુંજ એ પરિણામ છે. રાષ્ટ્રીય ઘર્ષણ અને પશ્ચિમનો રાષ્ટ્રવાદ, તેનાજ પરિણામે જગદ્વ્યાપી યુદ્ધ બન્યું અને તે યુદ્ધનો હજી સુધી અંત નથી આવ્યો.

મને માલૂમ છે કે, યુવકોને અહિંસાના મૂલ્યની બાબતમાં સંદેહ છે. તેઓ પ્રકૃતિથીજ શક્તિમદમસ્ત અનિયંત્રિત શાસન-દ્વારા પોતાના દેશને કરવામાં આવેલા અસત્ય અપમાનના કારણે સંક્ષુબ્ધ થઇ ગયેલા છે. પરંતુ સ્વાતંત્ર્યના યુદ્ધમાં શક્તિનું રહસ્ય, ધૈર્યયુક્ત ઉદ્યમ અને આત્મયજ્ઞનો અભ્યાસ છે. જે અહિંસાની ચર્ચા હું અહીં કરી રહ્યો છું, તે નિર્બળતા નથી. સાચી અહિંસા-માં મૃત્યુનો ડર નથી, પરંતુ મનુષ્યત્વ પ્રતિ આદરભાવ છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, ભારત, જો તે પોતાના પ્રત્યે સાચું હશે તો સ્વતંત્ર થઇ જશે. મને ઉપનિષદોના આ ઉપદેશ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે, અહિંસા યજ્ઞ છે અને યજ્ઞ મહાન બળ છે. જ્યારે હું મારા કામ પર જાઉં છું, ત્યારે ગીતાના એક વાક્યને હમેશાં ગોખ્યા કરું છું કે, "હે કૌંતેય ! મારું ભારત કદી નષ્ટ નહિ થાય."×

(ઓક્ટોબર–૧૯૩૦ ના 'ચિત્રમય જગત' માંથી)

× શ્રી. ટી. એલ. વસવાણીના એક લેખ પરથી

૫—મહાત્મા કણાદ

(લેખકઃ-શ્રી. અંબેલાલ એમ. સી.)

ભારતમાં જે સમયે પુણ્યાત્મા એવા માનનીય ઋષિમુનિઓ હતા, જેનું અસાધારણ તપોબળ, બુદ્ધિ, અદ્ભુત દૈવીશક્તિ જગવિખ્યાત હતી. અધુના તો તેનું સ્વપ્ન પણ નથી. હાલમાં આપણા ભારતવાસીઓની ખરાબ દશા થઇ ગઈ છે. આપણું સર્વસ્વ ખોવાઇ ગયું છે. માત્ર આપણે એટલાજ માટે શ્રેષ્ઠ ગણાઇએ છીએ કે ઋષિમુનિઓના વંશજો છીએ.

કિંતુ શોચનીય છે કે, તેમનું શરીર પણ આપણી પેઠે પંચભૂતનુંજ હતું; છતાં આપણામાં તેઓના જેવું સામર્થ્ય નથી, તેનું કારણ શું?

વર્તમાન સમયમાં જે વિજ્ઞાન, કળા વગેરેના અનેક અંકુરો ફૂટેલા છે, તે તે સમયમાં હતા નહિ. એટલે પછી માન્ચેસ્ટર, જાપાન આદિ વિદેશીય કપડાંનાં તો નામ પણ તેઓ ક્યાંથી જાણે! તેઓ તો માત્ર પર્ણકુટીમાં રહેતા અને સામો, સાઠીચોખા આદિનું ભોજન કરતા હતા.

હમણાંની પ્રચલિત ફેશનેબલ સભ્યતાની સામગ્રી તો તેમની પાસે ન હતી; પણ પરસ્પરની પ્રીતિ, સાચી સહાનુભૂતિ, ઉદારતા, વીરતા, સત્યતા, એકતા, ઉદ્યોગમાં દઢતા તથા દયા આદિ શ્રેષ્ઠ સિદ્ધાંતોના તેઓ એટલા બધા પાલક હતા, કે હાલના સભ્યોના કાન પકડાવે. પ્રસ્તુત સિદ્ધાંતની સત્યતા બતાવવાને એક ઉદાહરણ તરીકે આ ચરિત્ર છે.

મહાત્મા કણાદનું નામ તો સૌ કોઇએ સાંભળ્યુંજ હશે. એ મહાત્મા એક નિઃસ્પૃહ અને ત્યાગી મહાપુરુષ હતા. કહે છે કે, જ્યારે ખેડૂતો પોતાનો સઘળો માલ ઘેર લઇ જઇ ખેતર એવું તો સાફ કરતા, કે જેમાં પશુને પણ ચરવાનું ન મળે, ત્યારે મહાત્માજી તે ચોખ્ખા ખેતરમાંથી રોજ દાણા શોધી લાવીને નિર્વાહ કરતા હતા! એ મહાત્મા આવા નિર્લોભ અને દિગંબર સ્થિતિમાં રહેતા હતા; તોપણ આપણે માટે "વૈશેષિક શાસ્ત્ર" જેવો ઉત્તમ ગ્રંથ રચી ગયા.

જે વનમાં એ રહેતા હતા, તે વનની નજીકના મહારાજાને જ્યારે એ સમાચાર મળ્યા કે, "આપણા રાજ્યમાં આવી સ્થિતિ-

માં એ મહાત્મા દિવસો ગાળે છે,” ત્યારે તે મહારાજે પોતાના ધર્માનુસાર પોતાના કારભારીને થોડું દ્રવ્ય આપી મહાત્માજીની સેવામાં મોકલ્યા. તેઓ તે દ્રવ્ય લઇ મહાત્માજીની પાસે ગયા ત્યારે કણાદે પૂછ્યું કે, “તમે કોણ છો? ક્યાંથી આવો છો?”

કારભારી—અમે અહીંના રાજાના નોકર છીએ અને તેમણે મોકલાવેલ દ્રવ્ય આપની પાસે લાવ્યા છીએ.

મહાત્માજી—એ દ્રવ્ય શું કરવા લાવ્યા છો?

કારભારી—મહારાજે આપની ખર્ચીને માટે મોકલ્યું છે.

મહાત્માજી—જાઓ, એ કોઈ કંગાળને આપી દો.

એ સાંભળી કારભારી વિચારમાં પડી ગયા કે, એની પાસે લંગોટી પણ નથી, છતાં કહે છે કે, “કંગાળને આપી દો!” તો શું આ સંસારમાં એનાથી વધુ કંગાળ પણ કોઈ હશે? એવા સંકલ્પો કરતો, પોતાના સ્થાન તરફ તે પાછો ફર્યો. મહાત્માજીએ કહેલી વાત રાજા આગળ કહી. મહારાજ પણ વિચારવા લાગ્યા કે, એ તે વળી કેવાક મહાત્મા હશે? તેમણે દ્રવ્ય કેમ ન લીધું?

નરપતિએ રાજસભામાં એ વાત કાઢી. સભામાં નિશ્ચય થયો કે, મહાત્માજીની યોગ્યતાનુસાર એ સત્કાર ન હતો, તેથી પાછું મોકલાવ્યું હશે. આથી બમણું દ્રવ્ય પુનઃ મોકલાવ્યું; પરંતુ મહાત્માજીએ તે પણ ઉપરોક્ત ઉત્તર આપી પાછું મોકલ્યું. વળી એ સવાલ પાછો સભામાં ચર્ચાયો, તો એવો નિર્ણય થયો કે, રાજાએ પંડે આથી ચોગણું દ્રવ્ય લઇને તથા બીજો ઉપયોગી સામાન લઇને જવું.

× × × ×

મહારાજાએ, ત્યાં જઈ મહાત્માજી સમક્ષ સર્વ સામાન ધર્યો અને બે કર જોડી બોલ્યાઃ “મહાત્મન્! આ મારી નજીવી ભેટ સ્વીકારશો?”

મહાત્માજી—તમે એ શું કરવા લાવ્યા છો?

મહારાજા—આપની ખર્ચી–ઉપયોગને માટે.

મહાત્માજી—અમારે માટે પરમાત્માએ સઘળાં સાધન આ અરણ્યમાં તૈયાર રાખેલાં છે; એટલે દ્રવ્યની કે અન્ય સામાનની આવશ્યકતા નથી. આપ આ સઘળી ચીજો લૂલાં, લંગડાં, આંધળાં, બહેરાં, મૂગાં તથા કંગાળને આપી દેજો.

મહારાજા—(હાથ જોડી, નમ્રતાપૂર્વક) મહાત્મન્! અપ-

રાધ ક્ષમા કરે તો હું કાંઈ નિવેદન કરવાની અપેક્ષા રાખું છું.

મહાત્માજી—કહો.

મહારાજા—આપની પાસે એક લંગોટી સિવાય કાંઇ પણ દેખાતું નથી, તો પછી આપ કરતાં અધિક કંગાળ કયાં મળશે ?

મહાત્માજી—આપ જુઓ, એટલે કોઇ કંગાળ મળી રહેશે.

મહારાજા દિલગીર થઇ ઘર તરફ પાછા ફર્યા. આખો દિવસ એજ વિચારમાં પસાર કર્યો. રાતના અંતઃપુરમાં જઇ રાણીજીને સર્વ વૃત્તાંત કહ્યો. રાણીએ તે સાંભળ્યા પછી કહ્યું: "સ્વામિન્! આપે ઘણીજ ભૂલ કરી છે. આપ દ્રવ્યાદિ સામાન લઇ, એવા વિદ્વાન તત્ત્વજ્ઞાની મહાત્માને ભેટ કરવા ગયા, તેના કરતાં તેમની સેવાશુશ્રૂષાદ્વારા તેમને પ્રસન્ન કરીને તેમની પાસેથી કોઇ પણ બાબત (ધાર્મિક રાજા કેવાં આચરણથી મોક્ષ પામે અને રૈયતને વધુ સુખ આપી શકે વગેરે) શીખવાની ઇચ્છા બતાવી હોત, તો તેઓ જરૂર પ્રસન્ન થાત અને આપણું તથા પ્રજાનું ભલું થાય એવું કંઇક કહેત. હજી પાછા જાઓ અને તેમને પ્રસન્ન કરો." મહારાણીનું આ કથન સુણી મહારાજે ચાલવા માંડયું.

મહાત્માજીના આશ્રમે પહોંચ્યા ત્યારે મધ્યરાત્રિનો સમય થયો હતો. તેઓ નમ્રતાપૂર્વક બે કર જોડી, આશ્રમમાંના સમાધિસ્થ મહાત્માજીના ચરણે ઢળ્યા.

મહાત્માજી—આપ કોણ છો ?

મહારાજા—તે દિવસવાળો આપનો અભાગી સેવક-રાજા.

મહાત્મા—આટલી બધી મોડી રાત્રે આવવાનું પ્રયોજન ?

મહારાજા—(નમ્રતાપૂર્વક બે કર જોડી) દેવ! મારો અપરાધ ક્ષમા કરશો. મેં ભૂલથી આપ સમક્ષ દ્રવ્યાદિ સામગ્રી ધરી હતી. નાથ! કૃપા કરો અને મને કોઇ એવો ઉપદેશ આપો કે હું મારા રાજ્યના દીનોનાં પાલન તથા રક્ષણ ઉત્તમ રીતે કરી શકું.

મહાત્મા—રાજન્! પ્રથમ તો હુંજ તમોને પૂછું છું કે હું તમારી પાસે કોઇ વાર યાચવા આવ્યો નથી અને તમે આટલી ઘોર રાત્રિએ મારી પાસે યાચવા આવ્યા છો, તો તમે કંગાળ છો કે હું ?

મહારાજા—(દંડવત્ પ્રણામ કરીને) સ્વામિન્! ક્ષમા કરો, હુંજ ભિખારી છું.

મહારાજાનું નમ્ર વચન સાંભળી મહાત્માને દયાની લાગણી સ્ફુરી અને ઘણા સ્નેહથી લોઢાનું સોનું બને એવો ઉપદેશ-બ્રહ્મવિદ્યારૂપી રસાયનનો આપી દીધો-બતાવી દીધો.

પ્રિય પાઠક! જોયું? આપણા ઋષિમુનિઓનું જીવન કેવું હતું? તેઓ પોતાના પ્રાણથી પણ ધર્મને અધિક માનવાવાળા હતા, તેથીજ તેમનાં યશોગાન આપણે ગાયા કરીએ છીએ. ધન્ય છે આ ભારતમૈયાને કે જેની ગોદમાં આવાં આવાં નરરત્નો રમતાં હતાં! પરંતુ પ્રકૃતિના નિયમાનુસાર કોઈ પણ દેશ એકની એક દશામાં રહેતો નથી, જેથી આજે ભારતની સ્થિતિ બદલાઇ ગઇ છે. અસ્તુ. પરંતુ એવો દિવસ પણ જરૂર આવશે કે જેથી પૂર્વવત્ દેશની આબાદી થશે.

("વિશ્વજ્યોતિ"ના એક અંકમાંથી થોડા સંશોધન સાથે)

૬-શ્રીવામનઅવતાર

"સ્વકીય સ્વરાજ્યની ભૂખ પરકીય સુરાજ્યથી શાંત થઈ શકે નહિ"

નિંદકોનો મત

વામન અવતારના વિષયમાં ઘણાક વિદ્વાનો શંકા કરે છે કે, એને અવતારજ શા માટે માન્યો છે? આ વામને એવું કયું મોટું કાર્ય કર્યું છે કે, જેથી એને આટલો બધો પૂજ્ય માન્યો છે? બલિરાજા મોટો ધર્માત્મા હતો. તે યજ્ઞયાગ ને દાન-ધર્મ કરવામાં ભારે હતો. એવા ધર્માત્મા રાજાને દાન લેવાના બહાને જઇ વામને પોતાના પગ તળે દબાવ્યો, એમાં તેણે શી બડાઇ કરી? આ વામનના કામમાં તો બહુ કપટ ને છળ દેખાય છે. બલિની યજ્ઞશાળામાં વામન બટુકના વેષમાં જાય છે, રાજા પાસે દાન માગે છે, રાજા તેને દાન આપવા લાગે છે. એવી અવસ્થામાં બલિના માથા ઉપર પગ મૂકી, વામન એને ધોખો દઇ, એને પોતાના પગ નીચે દબાવે છે. શું આ ધર્મ છે? આમ ધોખો દેનાર કપટી વામનને અવતાર માનવો, એ તો બહુ આશ્ચર્યની વાત!

વામન અવતારના સંદેશને નહિ સમજનાર વિદ્વાન આવી

રીતે વામનના કામને વખોડે છે અને બલિનીજ પ્રશંસા કરે છે. એમનો પક્ષ જુઓ:—

૧. બલિરાજા અસુર હો, દેવ હો અથવા આર્ય હો; ભલે ગમે તે હો, પણ એટલું તો સ્પષ્ટ છે કે, તે ઉત્તમ ધર્માત્મા ક્ષત્રિય હતો.

૨. બલિરાજા નક્કી ઉત્તમ ન્યાયી, કીર્તિવાળો અને પુણ્યશાળી રાજા હતો.

૩. બલિ અને ઇન્દ્ર, એ બેઉ ક્ષત્રિય હતા.

૪. બલિનું ખાનગી અને રાજકીય ચરિત્ર પૂર્ણ નિર્દોષ હતું; પ્રજામાંથી કોઇએ પણ બલિની નિંદા કરી નથી; એના રાજ્યમાં બધી પ્રજા ઘણા આનંદમાં મગ્ન હતી.

૫. બલિના રાજશાસનની સર્વેએ પ્રશંસાજ કરી છે; એના રાજ્યમાં પ્રજા આનંદમાં હરતીફરતી હતી અને ખૂબ યજ્ઞયાગ થયા હતા.

૬. આવા ધર્માત્મા રાજાને ધૂર્ત અને ભિખારી વામને લાત મારી અને કપટથી એનું રાજ્ય લઇ લીધું.

૭. રાજા બલિએ વામનનું કંઇપણ બગાડ્યું ન હતું, છતાં પણ વામને બલિને પગ નીચે દબાવ્યો.

૮. વામને ક્ષત્રિયની હત્યા કરી, વિશ્વાસઘાત કર્યો અને લોકકલ્યાણકારી રાજ્યનો નાશ કર્યો.

૯. બલિનો નાશ કરવા માટે વામને એવું શું મોટું પરાક્રમ કર્યું, કે જેથી એની અવતારમાં ગણના કરવામાં આવે ?

વામનને અવતાર માનવાવાળા માણસો આ વિધાનો ઉપર જરૂર વિચાર કરે. જો આ વિધાનો કોઇ નિષ્પક્ષ માણસ આગળ રજૂ કરવામાં આવે, તો એ પણ એમજ કહેશે કે, વામને રાજા બલિને લાત મારી, એના શિર ઉપર પગ મૂક્યો, ક્ષાત્રહત્યા કરી, એનો પરાભવ કર્યો, એ સત્ય છે; પરંતુ બલિ પણ રાજ્ય કરવાવાળો મોટો રાજા હતો—અર્થાત્ વામને અવશ્ય કંઇ અસાધારણ પરાક્રમ કર્યું હશે, કારણ કે કોઈ પણ રાજ્યકર્તા રાજા પોતાનું માથું એક સાધારણ માણસના પગથી કચરાવા દેવા પોતાની ઇચ્છાથી કદી તૈયાર હોય નહિ; તેથી કરીને વામને કંઇ વિશેષ પરાક્રમ કર્યું હશે, એમાં શંકાજ નથી; પરંતુ આ પ્રશ્નનો સદાને

માટે જવાબ હોવો ઘણોજ જરૂરનો છે; તેથી પ્રથમ વામન અવતારના પૂર્વની સર્વ રાજકીય સ્થિતિની પરીક્ષા કરવી જોઇએ.

પ્રાચીન દેશવ્યવસ્થા

ત્રિવિષ્ટપ એટલે તિબેટમાં દેવજાતિનું રાજ્ય હતું. ભારતવર્ષમાં આર્યોનું રાજ્ય હતું. હિમાલયના મધ્યઢાળ ઉપર ગંધર્વોનું રાજ્ય હતું. હિમાલયની પૂર્વ બાજુએ ભૂતજાતિનું રાજ્ય હતું, જેને હાલ ભૂતાન કહે છે, હિમાલયની પશ્ચિમમાં પિશાચજાતિનું રાજ્ય હતું. તિબેટ તથા ભરતખંડની પશ્ચિમ દિશામાં અસુર, દૈત્ય, દાનવ તથા રાક્ષસોનું રાજ્ય હતું. એ અસુર રાજ્ય ઈરાનથી રશિયા સુધી ફેલાયલું હતું. મહારાષ્ટ્રના જે ભાગને હાલ દેશ કહે છે તે અગાઉ महीपृष्ठ કહેવાતો અને કોંકણનું નામ महीतल, रसातल, भूतल વગેરે तल વા ताल પ્રત્યયાંત હતું. એ નામોમાં पाताल એ એક નામ છે.

તિબેટ, ભરતખંડ અને સમુદ્રકિનારે આવેલા દેશને સાધારણ રીતે ત્રિવિષ્ટપ, ભૂલોક અને પાતાલ કહેતા. ત્રિવિષ્ટપ સંપૂર્ણ ઇન્દ્રને અધીન હતું. અતિ પ્રાચીનકાળમાં અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસોને ત્રિવિષ્ટપના દેવો સાથે જે યુદ્ધો થયેલાં, તે બધાં દેવોનું રાજ્ય હરી લેવાને માટે થયેલાં હતાં. પછી ભારતીય આર્ય પોતાની ચાતુર્વર્ણ્ય સંસ્થાની અને યજ્ઞસંસ્થાની સાથે પ્રબળ થયા અને ગંધર્વાદિ પાડોશી જાતિઓ નિર્બળ થઇ. જે વખતે ભરતખંડમાં દેવોનું રાજ્ય હતું અને આર્યોનો વિશેષ ઉદય થયો ન હતો, તે સમયની રાજા બલિની કથા છે. બલિરાજાની કથાનો પૂર્વાપર સંબંધ સમજવાને આટલી હકીકત બસ છે.

રાજા બલિની જાતિ

રાજા બલિ આર્યસંતાન ન હતો, તેમ તિબેટની દેવજાતિનો પણ ન હતો. અતિ પ્રાચીન સમયમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના દૈત્ય જાતિના બાદશાહ હતા. ખરી રીતે તે ઈરાનની ઉત્તરના પ્રદેશોના બળવાન રાજા હતા. અમે કહી શકીએ છીએ કે, આજકાલ જેવા પઠાણ છે, તેવાજ તે હતા. જેમ મુસલમાનોએ વખતોવખત હિંદુસ્તાન પર ચડાઇઓ કરી હતી, તેમ એ દૈત્યોએ પણ કરી હતી. હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ હતો. તેનો પુત્ર વૈરોચન હતો અને તેનો પુત્ર બલિ હતો. જેમ હિરણ્ય-

કશિપુનો ભારતીય આર્ય ક્ષત્રિયોની સાથે બિલકુલ સંબંધ ન હતો, તેમ રાજા બલિનો પણ ન હતો; કારણ કે તે અસુરજાતિનો હતો. જેમ મહમ્મદ ગઝનવીને અસલી ક્ષત્રિય ન કહી શકાય તેમ, રાજા બલિને અસલ ક્ષત્રિય કહેવો તે તદ્દન ગાંડપણ છે. બીજા દેશોમાં શૂરવીરો ભલે હો, પણ એમને ભારતીય આર્ય ક્ષત્રિયોની પેઠે ક્ષત્રિય કહેવા, એ ઇતિહાસનું અજ્ઞાનપણું કહેવાય. જે માણસો મહમ્મદ ગઝનવીને અસલ ક્ષત્રિય માનવાને તૈયાર હોય, તે બલિને પણ અસલ ક્ષત્રિય કહી શકે; કારણ કે તે બેઉ ભરતખંડની બહારના નિવાસી હતા અને ભારતીય આર્યોની સાથે શત્રુતા રાખનારા અસુરજાતિના હતા. જેમ હિરણ્યકશિપુ દેવોનો અને આર્યોનો શત્રુ હતો, તેમ બલિ પણ હતો. બેઉમાં ઔરંગઝેબ અને અકબરના જેટલો ભેદ હતો. એટલે તે ભેદ કેવળ રાજશાસનની પદ્ધતિમાં હતો, શત્રુતામાં ન હતો.

ઈરાનથી રશિયા સુધી અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસોનો દેશ હતો. એ બધાઓનો એક માત્ર ઉદ્દેશ તિબેટના દેવરાજાને હરાવવાનો અને ભારતવર્ષમાં મનમાન્યો ઉપદ્રવ મચાવવાનો હતો. કારણ સ્પષ્ટજ છેઃ–ભારતવર્ષમાં ઉત્પન્ન થતા ધાન્યની જેમ તિબેટની દેવજાતિને જરૂર હતી, તેમજ અસુરજાતિને પણ હતી. એ કારણથી આ સુવર્ણપુરી પર અધિકાર જમાવવા માટે પ્રાચીનકાળમાં દેવો અને અસુરો વચ્ચે યુદ્ધ થયા કરતાં હતાં. પંદરમી તથા સોળમી શતાબ્દિમાં જેવો પ્રયત્ન અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગીઝ વગેરે ભારતવર્ષમાં કરતા હતા, તેવોજ પ્રયત્ન અસુરાદિ તિબેટને માર્ગે થઇને કરતા હતા. બેઉની કોશિશોમાં ઘણીજ સમાનતા છે.

બલિની પ્રથમ ચડાઈ

બલિ દેવજાતિનો ન હતો તેમ તે ભરતખંડનો નિવાસી પણ ન હતો; તે તિબેટની પશ્ચિમ બાજુના અસુરપ્રદેશનો નિવાસી હતો. તેણે દેવોને હરાવીને ભરતખંડ પર રાજ્ય કરવાને તિબેટ ઉપર ચડાઇ કરી. એની પહેલી ચડાઇનું વર્ણન શ્રીમદ્‌ભાગવતના આઠમા સ્કંધના દશમા અધ્યાયમાં છે.

એ વખતે બલિ, નમુચિ, યાતુધાન, વૈરોચન, જંભ આદિ સર્વ અસુર, દૈત્ય, દાનવ અને રાક્ષસ એક થઇને દેવો ઉપર ચડાઇ કરવા લાગ્યા હતા. દેવોનો મુખ્ય રાજા ઇન્દ્ર હતો અને તેને મદદ કરનાર મરુત, વરુણ, હયગ્રીવ આદિ અનેક દેવવીર હતા.

એ યુદ્ધ બહુ દિવસો સુધી ચાલ્યું. એમાં બધા દેવોએ અદ્વિતીય સંઘશક્તિથી કામ કર્યું, તેથી બલિ હારી ગયો. એનું વર્ણન ભાગવતમાં (૮-૧૧-૪૭) આમ છેઃ—

येऽवशिष्टा रणे तस्मिन्नारदानुमतेन ते ।
बलिं विपन्नमादाय अस्तं गिरिमुपागमन् ॥

યુદ્ધમાં બલિ મૂર્ચ્છિત થયો હતો. એના થોડાજ વીરો બચી ગયા હતા. ત્યારે નારદે તેમને કહ્યું કે, "હવે તમે લોકો અહીંથી જતા રહો, નહિ તો તમારો નાશ થશે." નારદનું કહેવું એમને ઠીક લાગ્યું અને તે અસુરસૈનિકો મૂર્ચ્છિત બલિને લઇને પશ્ચિમના પર્વત પાછળ ભાગી ગયા.

બલિએ તિબેટ ઉપર હુમલો કર્યો તે પણ પશ્ચિમ દિશાએથી અને અસુર સિપાઇઓ બલિને લઇને નાસી ગયા તે પણ પશ્ચિમ દિશામાં. તેથી સ્પષ્ટ છે કે, બલિનો દેશ તિબેટની પશ્ચિમમાં હતો. વર્તમાન રશિયા, તુર્કસ્તાન અથવા એની પાસેનો બીજો કોઇ દેશ બલિનો દેશ હશે. પોતાના દેશમાં પાછા જતાં રસ્તામાં ભૃગુઋષિના આશ્રમમાં તે કેટલાક માસ રહ્યો અને ત્યાં દવાપાણી કરવાથી તે સારો થઈ ગયો. આ વિષયમાં ભાગવતમાં (૮-૧૫-૩) કહ્યું છે કેઃ-

पराजित श्रीसुरभिश्च हापितो हीन्द्रेण राजन् भृगुभिश्च जीवितः ॥
सर्वात्मना तानभजद् भृगून् बलिः शिष्यो महात्मार्थनिवेदनेन ॥

ઇન્દ્રે બલિને પૂરો હરાવ્યો. એની સ્થિતિ મરી જવા જેવી થઇ હતી. ભૃગુના આશ્રમે પહોંચવાથી, ત્યાં તેની સારવાર થયાથી તે જીવતો રહ્યો તેથી તે ભૃગુને માન આપવા લાગ્યો.

મરવાની અણી ઉપર આવેલા તે બલિ ઉપર ભૃગુઋષિએ ઉપકાર કર્યો અને એના પ્રાણ બચાવ્યા; પણ એણે ભરતખંડ ઉપર ફરીને ચડાઈ કરવાનો વિચાર છોડયો નહિ. શું આ અસુરોના મનની પ્રવૃત્તિ વિચાર કરવા લાયક નથી ? જેનો પ્રાણ પૃથ્વીરાજે બચાવ્યો હતો, તેજ મહમ્મદ ઘોરીએ પૃથ્વીરાજનો નાશ કર્યો !! અમારી સૂચના છે કે, વાચકગણ ઉપરની આ ઐતિહાસિક વાતની સાથે પૌરાણિક વાતની તુલના જરૂર કરે.

દીનદુઃખી ઉપર દયા લાવી તેને સહાય કરવાના વિચારથી ભૃગુઋષિએ ઘાયલ થયેલા બલિને પોતાના આશ્રમમાં રાખી તેની સારવાર કરી, પણ એજ બલિએ આગળ ઉપર ભૃગુઋષિનું એવું અપમાન કરેલું, કે જેથી ઋષિની આંખ એકદમ ખૂલી ગઇ અને

એમણે બલિને શાપ દીધો. અહીં સ્પષ્ટ દેખાય છે કે, અસુર–દૈત્યાદિ કેવી રીતે પોતાની જાત પર જાય છે. બલિ પોતાને દેશ ગયો અને એણે ફરીને દેવરાજ્ય ઉપર હુમલો કરવાની તૈયારી કરી.

બલિની બીજી ચડાઇ

પહેલી ચડાઈ નિષ્ફળ ગયેલી છતાં બલિએ ફરીને નવા ઉત્સાહથી બીજી ચડાઈ કરવા માટે તૈયારી કરી. પહેલાં કરતાં વધારે સારી તૈયારી થઇ એટલે બલિએ દેવોના દેશ ઉપર બીજી વાર ચડાઇ કરી.

वृतो विकर्षन् महतीमासुरीं ध्वजिनीं विभुः ।
ययाविन्द्रपुरीं स्वृद्धां कंपयन्निव रोदसी ॥

ભાગવતના (૮–૧૫–૧૧) આ શ્લોકમાં એમ કહ્યું છે કે, બલિએ મોટી ભારે સેના લઇને ઇન્દ્રપુરી ઉપર ચડાઇ કરી; પણ આ વખતે દેવોના સૈન્યની બિલકુલ તૈયારી ન હતી, તેથી બલિની આસુરી સેનાને હરાવવાનું ઇન્દ્રને અસંભવિત લાગ્યું. જેમકે ભાગવત (૮–૧૫–૨૫)માં કહ્યું છે કેઃ–

भगवन्नुद्यमो भूयान् बलेर्नः पूर्ववैरिणः ।
अविषह्यमिमं मन्ये केनासीत् तेजसोर्जितः ॥

ઇન્દ્રે કહ્યું કે, "અમારા જૂના શત્રુ બલિએ હુમલો કર્યો છે. અમારી તો બિલકુલ તૈયારી નથી, તેથી એ હુમલાને પાછો હઠાવવો અસંભવિત લાગે છે."

ગયા યુરોપના મહાયુદ્ધમાં ફ્રાંસની તૈયારીના અભાવમાં જેમ જર્મનીએ હુમલો કર્યો હતો, તેમ દેવવીર અપ્સરાઓની સાથે નાચમાં મગ્ન હતા અને બલિની આ ચડાઇની બાબતમાં સાવ અસાવધાન હતા, એવે વખતે બલિએ ઘણી ચપળતાથી હુમલો કર્યો. દેવો એનો પ્રતિકાર કરી શક્યા નહિ, તેથી દેવવીરો પોતપોતાનું ગામ છોડી જીવ બચાવવાને ભાગી ગયા અને જ્યાં છુપાઇ રહેવાની જગા મળી ત્યાં છુપાઇ રહ્યા.

देवेष्वथ निलीनेषु बलिर्वैरोचनः पुरीम् ।
देवाधीनमधिष्ठाय वशं निन्ये जगत् त्रयम् ॥

"દેવવીરો ભાગી ગયા, એમ જાણીને બલિએ ઇન્દ્રની રાજધાનીમાં પ્રવેશ કર્યો અને ત્રિવિષ્ટપ, ભરતખંડ અને પાતાળ, એ ત્રણે સ્થાનો પોતાને તાબે કર્યાં." (શ્રી. ભાગ૦ ૮–૧૫–૩૩)

આ પ્રમાણે યુદ્ધ કર્યા વગર બીજાઓની અસાવધાનતાનો લાભ

લઈને બલિદૈત્ય આવા મોટા પ્રદેશનો સ્વામી બની બેઠો. બલિ જાણતો હતો કે, એના દાદા હિરણ્યકશિપુ ક્રૂર નીતિથી કામ લેતો હતો, તેથી એનું રાજ્ય લોકપ્રિય ન થયું અને એનો વધ થયો; તેથી કરીને બલિએ સૌમ્ય નીતિનો આશ્રય લીધો. એણે અમલ કરવામાં એવો પ્રબંધ કર્યો કે, કોઈને દુઃખ દેવું નહિ અને બધા વશ રહે. આવી નીતિ અખત્યાર કરવામાં એનો ઉદ્દેશ એવો હતો કે, કોઈ દેવરાજા અથવા આર્યરાજા બળવો કરે નહિ અને પોતાનું રાજ્ય જાય નહિ. બલિની બાહ્યનીતિ સૌમ્ય હતી, પણ એણે સારા સારા અધિકારની જગાઓ દૈત્યોનેજ આપેલી હતી. એનો અંદરનો પ્રબંધ એવો સખત હતો કે, દેવો અથવા આર્યોમાંથી કોઇ પણ અમુક હદથી આગળ વધી શકે નહિ. બલિના રાજ્યમાં બહાર શાંતિ જણાતી હતી. કોઇને ખુલ્લેખુલ્લું કષ્ટ આપવામાં આવતું ન હતું. સર્વને એકસરખો ન્યાય મળતો હતો, એટલે આર્ય અને દેવની વચ્ચેના ઝગડામાં એ બરાબર ન્યાય આપતો, કોઇના ધર્મકર્મમાં આડે આવતો નહિ. કોઇ પણ દૈત્ય અગાઉની પેઠે આર્યોને હેરાન કરતો નહિ, તોપણ એની રાજનીતિનું ફળ એવું આવતું જતું હતું કે, ભારતીય આર્ય, તિબેટના દેવ અને પાતાલવાસી સર્પ આદિ જાતિઓ દિનપ્રતિદિન નાકૌવત અને બાયલી થતી જતી હતી અને એમનામાં ફરી માથું ઊંચું કરવાની હિંમત અને શક્તિ હતી નહિ. એની નીતિજ એવી હતી કે, એ જાતિઓનો તેજોભંગ થતો રહે ને તે સદા તાબે રહે.

હમેશ તેજોભંગ થતો હોવાથી તે તાબેદાર જાતિઓની સર્વ શક્તિઓ નિર્બળ થવા લાગી. એમને પુરુષાર્થ દેખાડવાનો અવસર નહિ રહેવાથી એમનું જીવન ઉત્સાહરહિત રહેવા લાગ્યું. કોઈને અમુક મર્યાદાથી આગળ કાર્યક્ષેત્ર મળતું નહોતું, તેથી એમની ચડતી રોકાઈ ગઈ હતી અને ઉપભોગ પણ અટકી ગયો હતો. બલિદૈત્યના કપરા બંદોબસ્તને લીધે અને એની અસાધારણ શક્તિને લીધે કોઇ પણ આર્યવીર અથવા દેવવીર ઊઠી શકતો ન હતો. સર્વ વીરો ઘરમાં છુપાઈને બેઠા હતા અથવા જંગલોમાં નાસી ગયા હતા. સ્ત્રીઓ ઘરમાંજ બેસી પ્રાચીન વૈભવનું સ્મરણ કરી વિલાપ કરવા લાગી હતી.

પુરુષોના વિચાર

બલિથી પરાજિત દેવવીર અને આર્યવીર નિરુત્સાહ થઇ ગયા

હતા. "બલિનું સુરાજ્યજ સારું છે. આપણુને અધિક ઉપભોગની શી જરૂર છે? દૈત્ય કર્તાકારવતા છે, એમના જેવું કર્તાકારવતાપણું આપણામાં ક્યાં છે? દેવોનું આર્યો ઉપર રાજ્ય હોય અથવા આર્યોનું દેવો ઉપર રાજ્ય હોય, એથી લાખ દરજ્જે આજ સારું છે કે, જે આર્ય નથી તેમ દેવ પણ નથી, એવા દૈત્યનું રાજ્ય એ બેઉ ઉપર હોય; કારણકે દેવોનું રાજ્ય થાય તો દેવવીરો આર્યો ઉપર જુલમ કરશે અને આર્યોનું રાજ્ય થયું તો આર્યવીરો દેવો ઉપર અત્યાચાર કરશે. એ બેઉ સ્થિતિ બૂરી છે; તેથી એ જાતિઓ ઉપર જે બલિનું રાજ્ય છે તેજ ઠીક છે. બલિનાં રાજ્યમાં અમને કંઈ કષ્ટ નથી. બલિએ જાતે યજ્ઞયાગ ચલાવ્યા છે, તે અમારા યજ્ઞોમાં કંઇ હરકતકર્તા નથી. એનો એવો પ્રયત્ન છે કે, અમારી ધીરે ધીરે ઉન્નતિ થાય, તેથી ઠીક તો એ છે કે, બલિનું રાજ્ય સદાએ રહે."

એ સમયના પુરુષોના વિચારો એવા હતા, તેથી કરીને બલિનું સુરાજ્ય સ્થાપિત થઇ ગયે કોઇ દેવવીરે અથવા કોઈ આર્યવીરે બલિનું રાજ્ય નષ્ટ કરવાને પ્રયત્ન કર્યો નહિ; પરંતુ દેવસ્ત્રીઓ અને આર્યસ્ત્રીઓ પૂર્વકાળના વૈભવનું સ્મરણ કરી કરીને અશ્રુપાત કરતી હતી. આ જોઇને કેટલાકો કહેતા કે, આ તો જૂની–પુરાણી રીતો પસંદ કરનાર મુર્ખ અને પાગલ સ્ત્રીઓ છે; પણ કેટલાક તો એ સ્ત્રીઓના હૃદયમાં ધીકતા સ્વતંત્રતાના અગ્નિને જાણતા હતા.

સ્ત્રીઓનો શોક

માતાના હૃદયમાં જે વિચારો તીવ્ર હોય છે, તેજ વિચારો બાળકના હૃદયમાં જડ જમાવે છે. જો માતાના હૃદયમાં રાજ્યક્રાંતિના વિચારો તીવ્રતાથી વાસ કરે છે, તો બેએક પેઢીમાં ખચિત રાજ્યક્રાંતિ થયા વગર રહેતી નથી; પરંતુ જો સ્ત્રીઓ જાતેજ પારકા રાજ્યને ભૂષણ સમજે, તો રાજ્યક્રાંતિ થવી અસંભવ છે.

પરાજિત દેવોની અને આર્યોની સ્ત્રીઓ પૂર્વવૈભવનું સ્મરણ કરી મનમાં કેવી તલસતી તથા શોક કરતી હતી, તે માટે નીચેનો ભાગવત (૮–૧૬–૧) નો શ્લોક જુઓ:—

एवं पुत्रेषु नष्टेषु देवमाताऽदितिस्तदा ।
हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥

અર્થાત્ દૈત્યોએ અમારું રાજ્ય લઈ લીધું અને અમારા પુત્રો-

નો સર્વનાશ થયો. આ વિચારથી અનાથની પેઠે દેવમાતાઓ મનમાં ને મનમાં બળતી હતી. એ સ્ત્રીઓ એમ વિચાર કરતી હતી કે, અમારો પૂર્વનો વૈભવ ફરીને પ્રાપ્ત થાઓ; અમારા પુત્રોની યોગ્યતા રાષ્ટ્રીય દૃષ્ટિએ વધે એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાઓ, કે જે સંપત્તિનો ઉપભોગ દૈત્ય આદિ આ વખતે કરે છે, તે સંપત્તિનો ઉપભોગ અમારા પુત્રો કરે. સારાંશ એ કે, માતાઓના હૃદયમાં દિવસરાત આ વિચાર તીવ્રતાથી રહેતા હતા કે, અમારો ગત વૈભવ અમને ફરીને પ્રાપ્ત થાય.

આક્ષેપક કહે છે કે, બલિના રાજ્યમાં પ્રજા ઘણી સુખી હતી. અમે એને કહીએ છીએ કે, તે સ્ત્રીઓના હૃદયમાં જે આગ સળગતી હતી તે ઉપર ધ્યાન આપે; પણ આ આગ એ કેવી રીતે જોઇ શકવાનો? દેવમાતાઓના હૃદયની વ્યથા શી હતી અને કેટલી તીવ્ર હતી, એ વાત તેઓજ જાણી શકે, કે જેઓ સ્વરાજ્યના જીવનના તરસ્યા હોય. અન્ય એશઆરામી લોક તો એમજ કહેવાના કે, દૈત્યોનું રાજ્યજ ચિરકાલ સુધી ભલે રહે. જો કદાચિત્ એ લોકોનો આત્મા બલિના રાજ્યમાં શરીર ધારણ કરી આવ્યો હોત તો સંભવ છે કે, તેઓ ઉપર કહેલી રાજદ્રોહી માતાઓનો શિરચ્છેદજ કરત. અમે માતાઓના વિશેષણ તરીકે ‘રાજદ્રોહી’ શબ્દ એટલા માટે વાપર્યો છે કે, તે માતાઓ પ્રતિદિન ઈશ્વર પાસે રાજદ્રોહીજ પ્રાર્થના કરતી હતી.

સ્ત્રીઓની ઇચ્છા

પૂજા કરીને તેઓ રાતદિવસ ઈશ્વર પાસે એવું માગતી હતી કે, અમારી લઇ લીધેલી સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત થાઓ. જેમકેઃ—

तस्मादीश भजन्त्या मे श्रेयश्चिन्तय सुव्रत ।
हृतश्रियो हृतस्थानान् सपत्नैः पाहिनः प्रभो ॥
परैर्विवासिता साऽहं मग्ना व्यसनसागरे ।
ऐश्वर्यं श्रीर्यशः स्थानं हृतानि प्रबलैर्मम ॥
तथा तानि पुनः साध्वो प्रपद्येरन् ममात्मजाः ।
तथा विधेहि कल्याणं धिया कल्याणसत्तम ॥

આ ભાગવત (૮–૧૬;–૧૫,૧૬,૧૭)ના શ્લોકોમાં એમ કહ્યું છે કે, હે ઈશ્વર! હું તમારી ભક્તિ કરું છું તેથી એવું કરો, કે જેથી મારું કલ્યાણ થાય. હે પ્રભુ! બળવાન શત્રુએ અમારી સઘળી સંપત્તિ હરી લીધી છે અને અમને સ્થાનભ્રષ્ટ કરી દીધાં

છે; અમને વૈભવના શિખર પરથી દુઃખના સાગરમાં ફેંકી દીધાં છે; અમને શહેરમાં ફાવે ત્યાં હરવાફરવાની સ્વતંત્રતા નથી. બળવાન શત્રુએ અમારાં ઐશ્વર્ય, સંપત્તિ, યશ અને સર્વ સ્થાનો હરી લઇને અમને નિરાશ્રિત બનાવી દીધાં છે. અમારા નવજવાનોને પ્રાચીન વૈભવ મળો, તેઓ અગાઉની પેઠે ઐશ્વર્યસંપન્ન થાઓ, એમની ધવલ કીર્તિ ચારે દિશાઓમાં ફેલાય અને એમના સઘળા અધિકાર એમને પાછા મળો.

બલિના રાજ્યમાં પરાજિત દેવમાતાઓની પ્રતિદિનની આ પ્રાર્થના સર્વને માટે વિચારણીય છે. આ પ્રાર્થનાનો દરેક શબ્દ બતાવે છે કે, બલિદૈત્યે કેવો મોટો અનર્થ દેવરાજ્યમાં કર્યો હશે અને એણે પરાજિત લોકોને કેવી અધમ દશાએ પહોંચાડ્યા હશે. આ વિષયમાં નીચે લખેલા શબ્દોનું મનન કરોઃ—

૧–हृतश्रियः—દૈત્યે એમની સર્વ સંપત્તિ હરી લીધી હતી, તેથી દૈત્યો હમેશાં ધનવાન થતા હતા અને દેવો ધનહીન થતા હતા.

૨–हृतस्थानाः—દેવરાજ્યના સારા સારા હોદ્દાઓ અને અધિકારો દૈત્યોએ લઇ લીધા હતા, તેથી દેવયુવકોને તાબેદારીનું કામ કરવું પડતું.

૩–विवासिताः—દૈત્યોએ દેવોને દેશમાંથી કાઢી મૂકયા હતા.

૪-व्यसने मग्नाः—સર્વને દુઃખસાગરમાં ફેંકી દીધા હતા.

૫–ऐश्वर्य, संपत्ति यश અને स्थानः—આ બધી વસ્તુ દેવોને મળતી ન હતી, પણ તે બધું દૈત્યોનેજ મળતું હતું.

(હાલની આપણી સ્થિતિને આ વર્ણન આબેહૂબ મળતું આવે છે કે કેમ, તે દરેકે વિચારી જોવું.)

આ ઉપરથી જાણવામાં આવશે કે, બલિના સુરાજ્યમાં દેવરાજ્યની અને આર્યરાજ્યની કેવી દશા થઇ ચૂકી હતી અને નવયુવકોની સાથે દૈત્યોનો કેવો વ્યવહાર હતો.

દેવમાતાઓને તો ધગશ લાગી હતી કે, અમારો ગયો વૈભવ અમને પાછો મળે. ધગશ લાગવાથી ઈશ્વરસાક્ષાત્કાર થાય છે. દેવમાતાઓને પણ ઈશ્વરસાક્ષાત્કાર થયો. જુઓ ભાગવત (૮-૧૨-૧૫)

देवमातर्भवत्या मे विज्ञातं चिरकांक्षितम् ।
यत् सपत्नैः हृत श्रीणां च्यावितानां स्वधामतः ॥
तान् विनिर्जित्य समरे दुर्मदान् असुरर्षभान् ।
प्रतिलब्धजयश्रीभिः पुत्रैः इच्छस्युपासितुम् ॥
इन्द्रज्येष्ठैः स्वतनयैः हतानां युधि विद्विषाम् ।

स्त्रियो रुदन्ती आसाद्य द्रष्टुमिच्छसि दुःखिताः ॥
आत्मजान् सुसमृद्धान् त्वं प्रत्याहृत यशःश्रियः ।
नाकपृष्ठमधिष्ठाय क्रीडतो द्रष्टुमिच्छसि ॥

હે દેવમાતા! તમારા મનની બહુ દિવસની ઇચ્છા મેં જાણી છે. દૈત્યોએ તમારાં બાળકોનું સંપૂર્ણ રાજ્ય હરી લીધું છે અને એમને પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકયા છે. તમારી એવી ઇચ્છા છે કે, તમારા જુવાન પુત્રો લડાઇમાં દૈત્યોને હરાવે અને તેઓ ગયેલો વૈભવ પુનઃ પ્રાપ્ત કરે. તમારી ઇચ્છા છે કે, તમારા ઇન્દ્રાદિ પુત્ર લડાઇમાં શત્રુને મારી નાખે અને એ દુઃખથી દુઃખી દૈત્યોની સ્ત્રીઓને રોતી તમે જુઓ. તમારી ઇચ્છા છે કે, તમારા તરુણ પુત્ર ગયેલો વૈભવ ફરીને મેળવે અને પોતાના દેશમાં પહેલાંની માફક ઐશ્વર્યનો ઉપયોગ કરતા એમને તમે જુઓ.

આ સાક્ષાત્કારના શબ્દથી એ જણાય છે કે, બલિનું રાજ્ય કેવા પ્રકારનું હતું અને જિતાયલા લોકોના વિચાર આ બલિના સુરાજ્યમાં કેવા હતા. આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે, બલિના અમલ દરમિયાન સંપૂર્ણ દેવજાતિ અને આર્યજાતિ પૂરી નિઃસત્ત્વ થઇ ગઇ હતી. આવી પરાધીનતાની બેડીમાં રહેનાર કોઇ કહે કે, બલિના રાજ્યમાં પ્રજા સુખી હતી, તો પછી રાષ્ટ્રીય આપત્તિ બીજા કયા પ્રકારની હોઈ શકે, તે સમજાતું નથી. એવા બલિરાજાને બાલબ્રહ્મચારી વામન નામના બ્રાહ્મણકુમારે લાત મારી તેમાં વામને શું ખોટું કર્યું છે?

વામનનું કરતૂક

જે વખતે વામનઅવતાર થયો, તે વખતે રાજકાજ ઘણું વિકટ થઈ ગયું હતું. તિબેટની દેવજાતિ, ભરતખંડની આર્યજાતિ અને બીજી નાની નાની જાતિઓમાં ફાટફૂટ પડી ગઇ હતી. અનેક વર્ષો સુધી એ લોકો પરાધીન રહ્યા હતા, તેથી એમનામાં કંઇ વ્યવસ્થા રહી ન હતી. હરેક જણ પોતાના સ્વાર્થની ફિકર કરતો હતો. સંઘશક્તિ ઉત્પન્ન થવાની સંભાવનાજ હતી નહિ. સઘળા લોકો હૃદયથી માનતા હતા કે, ચારે બાજુ ફેલાઈ ગયેલું બલિનું રાજ્ય ઉથલાવી પાડવું ખરેખર અસંભવિત છે. દેવોનો રાજા ઇન્દ્ર ધોળે દિવસે સરિયામ રસ્તે જઈ શકતો નહિ. સ્ત્રીઓનાં નેત્રોમાંથી વહેતી દુઃખની આંસુધારાઓ બંધ થતી નહિ. બધી રીતે આવી મહાભયંકર સ્થિતિ હતી. સ્વતંત્રતાની પ્રાપ્તિનો સરળ માર્ગ

કોઇની નજરે દેખાતો ન હતો અને કોઇ પણ એની આશા પણ રાખતો નહિ. આવી પૂરેપૂરી નિરાશામય સ્થિતિમાં વામનનો જન્મ થયો હતો,તેથી એના કાર્યની મહત્તા સહેજમાં જણાઇ આવતી હતી.

એ વખતની વીરાંગનાઓની આકાંક્ષાઓ વામનના અંતઃકરણમાં એકઠી થઇ હતી. બલિદૈત્ય અસાધારણ વ્યક્તિ હતો. તે ઘણો ધૂર્ત તેમજ નીતિજ્ઞ હતો. એણે જાતે વૈદિક ધર્મની દીક્ષા લીધી હતી. તે પોતે યજ્ઞયાગ કરાવતો હતો. આ પ્રમાણે એ એમ દેખાડતો હતો કે, અમે સર્વ રીતે પ્રજાનાજ છીએ; પરંતુ તે ત્રણે દેશના લોક પોતાનું મસ્તક ઊંચું ન કરી શકે, એ હેતુસર જે કરવું જરૂરનું હતું, તે કરવાનું તે કદી પણ ભૂલતો નહિ. ભારતીય લોક પ્રથમથીજ ધર્મની બાબતમાં ભોળા છે. બલિરાજા યજ્ઞ કરતો તેથી તેઓ તેની બડાઇ ગાતા હતા, પણ ઘણા થોડા લોકો એવા હતા, કે જેઓ તેનો અંદરનો હેતુ પૂરેપૂરી રીતે સમજતા હતા. આ ઉપરથી આપણને એક શિક્ષા મળે છે કે, જો પરદેશી રાજનીતિજ્ઞ માણુસ પરાજિત લોકોનાં ગુણવર્ણન કરે અને ધર્મ સ્વીકાર કરે, તો આપણે વિચાર કરવો જરૂરનો છે કે, એઓના આ કાર્યમાં રાજનૈતિક ઉદ્દેશ શો છે? વામન બધું જાણી ગયો હતો કે, આ સ્વાંગ કેવળ એટલા માટે છે કે, તિબેટ વગેરે ત્રણે દેશ ઉપર પોતાની સત્તા જારી રહે; તેથી જે સમયે બલિનો યજ્ઞ ચાલુ હતો અને સોમનો રસ કાઢવાની તૈયારી હતી, તેજ સમયે વામને યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો અને જઇને બલિની સામે ઊભો રહ્યો. યાજકો સોમરસ કાઢવાની તૈયારીમાં હતા, તેજ સમયે વામનની તેજસ્વી મૂર્તિ યજ્ઞના મંડપમાં આવીને ઊભી રહી.

વામનની પૂર્વતૈયારી

વામન નાનો હતો, પણ રાજનીતિમાં નિપુણ હતો. એના શરીરનું બળ કંઇ કમ ન હતું. અવસર આવ્યે તે લડવાને તૈયાર રહેતો. તે યુદ્ધના દાવ, મલ્લયુદ્ધના પેચ અને ચડાઇની યુક્તિઓથી પૂરેપૂરો માહિતગાર હતો; તેથી વામન બટુ યજ્ઞમંડપમાં એકલો આવ્યો ન હતો. એની અગાઉ ગુપ્ત વેષમાં સેંકડો દેવવીર અને આર્યવીર બ્રાહ્મણનો વેષ ધારણ કરીને મંડપમાં હાજર થઇ ગયા હતા. તે સર્વ પોતપોતાનાં અસ્ત્રશસ્ત્ર દર્ભમાં, ધોતીમાં, છાતીમાં ને કૃષ્ણાજિનમાં સંતાડી લાવ્યા હતા. તેઓ બ્રાહ્મણોના ભેગા જઇ બેઠા હતા, એવી તૈયારી કર્યા પછી વામન જાતે બ્રહ્મચારીના વેષ-

માં દંડ–કમંડલુ હાથમાં લઈ લંગોટી પહેરેલો મંડપમાં આવી બલિની આગળ હાજર થયો. ઉંમર નાની પણ તેજસ્વી, દેખાવમાં ઠીંગણો પણ બુદ્ધિમાં ભારે, થોડા પણ ગંભીર શબ્દો બોલનાર વામન જેવો બ્રાહ્મણકુમાર બલિદૈત્યે અગાઉ કદી જોયો ન હતો. એનું અસામાન્ય તેજ જોઇને બલિ સ્તબ્ધ થઇ ગયો. એણે વામનનું સ્વાગત કર્યું અને કહ્યું કે, "આપને જે ઇચ્છા હોય તે માગો." વામને ત્રિપાદ ભૂમિ માગી. બલિએ એને ઘણો સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, બીજી કોઇ મોટી ચીજ માગો, પણ વામન એકનો બે ન થયો.

આના જેવી એક કથા મોગલ બાદશાહના વખતમાં બની હતી. દિલ્હીના એક મોગલ બાદશાહની પુત્રી બીમાર થઇ હતી, તેને એક યુરોપિયન દાક્તરે સાજી કરેલી; તેથી બાદશાહે દાક્તરને કહ્યું કે, "તમારી ઇચ્છા હોય તે માગો, હું તે આપીશ." એટલે દાક્તરે કહ્યું કે, જહાંપનાહ! બકરાના ચામડાની બરાબર જમીન મને આપો. આ વાત સાંભળીને બાદશાહને ખૂબ હસવું આવ્યું અને બીજું કંઇ માગવાને ડૉકટરને તે સમજાવવા લાગ્યા; પણ તેણે કંઇ માન્યું નહિ. પછી બાદશાહે બકરાના ચામડાની બરાબર જમીન આપવાનું ફરમાન કાઢ્યું; એટલે એ ધૂર્ત ડૉકટરે એ ચામડાના બારીક તંતુ કાઢ્યા અને તે એકબીજા સાથે જોડી લીધા, તેથી એની લંબાઇ માઇલો સુધી થઈ અને એટલીજ જમીન માગી. બાદશાહ એની બુદ્ધિમત્તા ઉપર ખુશ થઇ ગયો અને એથી બમણી જમીન એને બક્ષિસ આપી.

ઇતિહાસમાં આવી અનેક કથાઓ પ્રસિદ્ધ છે. આવી વિપરીત જણાતી વાત માગનારના કહેવામાં શ્લેષ રહે છે. જો એ શ્લેષ જાણવામાં આવે, તો કંઇ ડર રહેતો નથી; પણ તે ન સમજી શકાય, તો સમૂળો નાશ થાય છે. વામનના "ત્રિપાદ ભૂમિ" શબ્દોમાં શ્લેષ સ્પષ્ટજ હતો. તિબેટ, ભરતખંડ અને પાતાલ–એ ત્રણ દેશ માગવાની એની મતલબ હતી; પણ એ વાત બલિના ધ્યાનમાં આવવી અસંભવિત હતી, કારણ કે બલિને ખબર ન હતી કે, બ્રાહ્મણોએ પોતાની વિરુદ્ધ કોઇ ષડ્યંત્ર રચ્યું છે અને એમાં અનેકાનેક દેવવીર પણ ભળ્યા છે, તેથી કરીને બલિદૈત્ય અસાવધાન હતો.

જો કે બલિ પોતે અને એના સર્વ વીરો અસાવધાન હતા,

તોપણ તે મોટો સમ્રાટ હોવાથી એ યજ્ઞમંડપની આસપાસ અને અંદર પણ સેંકડો રાક્ષસસૈનિકો હાજર હતા. તેઓ કંઈ આપત્તિ આવે તે વખતે બલિની રક્ષા કરવાને તૈયારજ હતા; પરંતુ એમાંના કોઈને પણ ક્રાંતિની શંકા સરખી હતી નહિ. એવી ગુપ્ત રીતે વામને કાવત્રું રચ્યું હતું. વામને આવી સાવધાનતા ન રાખી હોત, તો તે બલિનું રાજ્ય ઉથલાવી શકત નહિ.

જ્યારે વામને જોયું કે, શત્રુના વીરો અસાવધાન છે અને પોતાના પક્ષના વીરો અસ્ત્રશસ્ત્ર સહિત ત્યાંજ પૂરેપૂરી રીતે તૈયાર છે, ત્યારે એ સમજી ગયો કે, આજ અવસર અનુકૂળ છે; ત્યારેજ એણે "ત્રિપાદ ભૂમિ" નું દાન માગ્યું. તે જાણતો હતો કે, યજ્ઞના સોમનું સેવન જ્યાંસુધી થયું નથી, ત્યાંસુધી પોતાને અનુકૂળ પરિસ્થિતિ છે.

બલિ અને વામન વચ્ચે દાન માટે થોડો વિનોદ થયો, તે પછી વામન બલિની સંમુખ દાન લેવાને બેસી ગયો. આ વખત સુધી બલિના મનમાં કોઈ પ્રકારની શંકા ઊઠી ન હતી. બલિના પુરોહિતને વામનની બાબતમાં સંદેહ થયો. કદાચિત્ વામનના ષડ્યંત્રના સંબંધમાં કંઈ વાત એના જાણવામાં પણ આવી હશે, તેથીજ તેણે બલિને ચેતવવાનો યત્ન કર્યો; પણ બલિએ એના કહેવા ઉપર કંઇ લક્ષ આપ્યું નહિ. જો બલિ પોતાના પુરોહિતનું કહેવું સમજી ગયો હોત, તોપણ હવે એ વામનના પંજામાંથી છૂટે એ અસંભવિત થઇ ગયું હતું.

યોગ્ય અવસર જોઇને વામને બલિને નીચે નાખ્યો અને એના માથા ઉપર પોતાનો પગ મૂક્યો. આ ઘટના એવી ચાલાકીથી અને સ્ફૂર્તિથી બની કે પ્રથમ તો કોઈના સમજવામાં પણ આવ્યું નહિ કે, આ શું થયું? ઋત્વિજ લોકો યજ્ઞ કરવામાં મગ્ન હતા, બીજા બ્રાહ્મણો વેદઘોષમાં લીન હતા અને પ્રેક્ષકલોકો વાર્તાલાપમાં લાગેલા હતા. એવે સમયે વામને બલિદૈત્યને જમીન ઉપર પછાડ્યા. આ ઘટના પ્રથમ પહેરેદાર સૈનિકોએ જોઈ, એટલે તેઓ એકદમ બૂમ પાડી ઊઠ્યા. જેમકેઃ—

अनेन याचमानेन शत्रुणा वटुरूपिणा ।
सर्वस्वं नो हृतं भर्तुः न्यस्तदंडस्य बर्हिषि ॥
तस्मादस्य वधो धर्मः भर्तुः शुश्रूषणं च नः ।
इत्यायुधानि जगृहुः बलेः अनुचरा सुराः ॥
ते सर्वे वामनं हन्तुं शूलपट्टिशपाणयः ॥

આ ભાગવત (૮–૨૧)ના શબ્દોમાં એ કહ્યું છે કે, "અહો, આ યાચના કરનાર બટુરૂપી બ્રાહ્મણ–શત્રુ વિશ્વાસઘાત કરી અમારા રાજાનું સર્વસ્વ હરણ કરી ગયો છે. અમારે રાજાની રક્ષા કરવીજ જોઈએ; તેથી આ બ્રાહ્મણકુમારનો વધ કરવો એ અમારો ધર્મ છે. એમ બોલીને બલિના દૈત્ય સેવકોએ શૂલ, પટ્ટિશ આદિ પોતાનાં આયુધો હાથમાં લીધાં અને તેઓ તરત તૈયાર થઈને વામનનો વધ કરવા માટે તેની તરફ દોડયા."

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે, વામને "રાજ્યની ભિક્ષા" માગી અને બલિએ ખુશીથી આપી, એ વાત સાચી નથી. વામન પણ સંપૂર્ણ ભવિષ્ય પહેલેથીજ જાણતો હતો. ચતુર વામન સમજતો હતો કે, રાજ્યની ભિક્ષા કોઈ કોઇને આપે નહિ અને ભીખ માગીને મળેલું રાજ્ય કોઈ ચલાવી પણ શકે નહિ, તેથી તો એણે મંડપમાં પોતાના વીરોને અગાઉથીજ મોકલ્યા હતા અને આ રીતે કઠિન પ્રસંગમાં પોતાની રક્ષાને માટે અને પોતાના વિચારની સફળતાને માટે જોઇતી સહાયતાનો પ્રબંધ પહેલેથીજ કરી રાખ્યો હતો. એના અનુમાન મુજબજ એની તૈયારી એ વખતે એને સહાયકારી નીવડી.

तान् अभिद्रवतो दृष्ट्वा दितिजानीकपान् नृप।
प्रहस्यानुचरा विष्णोः प्रत्यषेधन्नुदायुधाः ॥

આ ભાગવત (૮–૨૧)ના શ્લોકમાં કહ્યું છે કે, દૈત્યો, પોતાના નેતા વામન પર હુમલો કરે છે, એ જોઇને કંઈક હસીને પોતાનાં આયુધો ઉપાડી વામનના અનુયાયીઓએ દૈત્યસૈનિકોને રોકયા.

જો વામન પ્રથમથીજ પૂરેપૂરો તૈયાર ન હોત, તો આ સમયે એનો અંતજ આવી ગયો હોત. વામને આ પ્રસંગનું અનુસંધાન પૂરી રીતે કર્યું હતું અને પોતાની તૈયારી યોગ્ય દિશામાં કરી હતી. બલિદૈત્ય અને એના સેવકો પૂરા અસાવધાન હતા. વામનના અનુયાયીઓ પણ જાણતા હતા કે, આવો હુમલો જરૂર થવાનો; તેથી વામનનો વિજય ઘણો જલદીથી થયો. વામને દૈત્યોને સંપૂર્ણ તાબે કર્યા પછી બલિને પકડી રસીથી બાંધી કેદ કર્યો. ભાગવત (૮–૨૧) માં પણ કહ્યું છે:—

बबन्ध वारुणैः पाशैः बलिं सौत्येऽहनि क्रतौ।
हाहाकारो महानासीद् रोदस्योः सर्वतो दिशम् ॥
गृह्यमाणेऽसुरपतौ विष्णुना प्रभविष्णुना ॥

"સોમરસનો હવન કરવાને દિવસે બલિને વરુણપાશ વડે કસીને બાંધ્યો. બલિ જેવા મહારાજાને વામન નામના બ્રાહ્મણકુમારે કેદ કર્યો, એ જોઇને ચારે દિશામાં ભારે ગડબડ મચી ગઇ.

આવી ગડબડ થવી એ સ્વાભાવિક વાત હતી; કારણ કે કોઇને સ્વપ્ને પણ ખ્યાલ હતો નહિ કે, બલિનું રાજ્ય બેચાર કલાકમાંજ જતું રહેશે. સર્વ લોક યજ્ઞમાં મગ્ન હતા. બલિના અધિકારીઓ એશઆરામમાં લીન હતા. ક્યાંયે ખબર ન હતી કે, ક્ષત્રિયોએ ચડાઇ કરી છે. કોઇને સ્વપ્ને પણ વિચાર આવતો ન હતો કે, બ્રાહ્મણ આ રીતે ક્રાન્તિનું ષડ્યંત્ર રચી શકે છે; પરંતુ જે વાત કોઇના ખ્યાલમાં ન હતી, તે વાત બેચાર કલાકમાં પ્રત્યક્ષ બની ગઇ. આ ઘટનાથી સંપૂર્ણ દેશમાં ગડબડ મચે તો તેમાં આશ્ચર્ય શું? જ્યારે કોઇ પણ કાળે આવી મોટી રાજ્યક્રાંતિ એકાએક થાય છે, ત્યારે લોકો કંઇક ભયને લીધે અને કંઇક કર્તવ્યમોહને લીધે ગભરાય, એ પણ સ્વાભાવિક છે.

બલિને કેદ કરી રહ્યા પછી આખા રાજ્યમાં દૈત્યોને પકડવાનું શરૂ કરવામાં આવ્યું. કોઇ કોઇ સ્થળે તેઓએ સામા થવાને યત્ન કરેલો, પણ તેઓનો રાજાજ કેદ થઇ ચૂક્યો હોવાથી, એમનામાંથી ઉત્સાહ ઊડી ગયો હતો. સર્વ દૈત્ય આદિ ગભરાઇ ગયા હોઇ, વામનના અનુચરો સાવધાન હોવાથી પોતાનું કામ ઘણી સહેલાઇથી કરી શક્યા. છેવટે બલિએ જાતેજ તમામ દૈત્યોને વામનને તાબે થઇ જવાનું કહ્યું, જેથી દૈત્યોનો નાહકનો સંહાર થાય નહિ; તેથી સર્વત્ર શાંતિ પ્રસરી. પછી વામને ઢંઢેરો પિટાવ્યો કે, દૈત્યનું રાજ્ય ગયું છે અને દેવોની તથા આર્યોની સ્વતંત્રતા થઇ છે. પછી ઇન્દ્રનો વાવટો અમરાવતી નગરી પર ફરીને ફરકવા લાગ્યો.

તે પછી કેટલાક લોકોએ વિનતિ કરી કે, બલિને વધારે કષ્ટ આપવું નહિ. બલિએ જાતે પણ સર્વ જાતની ક્ષમા માગી, તેથી બલિને તેના અનુચરો સહિત છોડી મૂક્યો.

इत्युक्त्वा हरिमानम्य ब्रह्माणं स भवं ततः ।
विवेश सुतलं प्रीतो बलिर्मुक्तः सहासुरैः ॥

બલિએ વામનની બધી શરતો કબૂલ કરી અને પછી વામનને નમસ્કાર કર્યા અને પોતાના અનુચરો સાથે તે સુતલ દેશમાં જઇ વસ્યો, આમ ભાગવત (૮-૨૩-૩)માં કહ્યું છે.

આ સુતલ દેશ કોંકણનો એક ભાગ હતો. કોંકણના ચૌદ તલ છે. પ્રત્યેક તલનાં અતલ, વિતલ, સુતલ આદિ નામ છે. જો સમસ્ત કોંકણના ચૌદ ભાગ કરવામાં આવે, તો ત્રીજો ભાગ સુતલ તે જગા ઉપર આવે છે, કે જ્યાં હાલ રાજાપુર અને રત્નાગિરિ છે. આ સ્થળે બલિદૈત્યે પોતાની બાકીની જિંદગી પૂરી કરી હતી. આમ વામને બલિને સુતલમાં મોકલીને, ત્યાં રાખીને ઘણું ડહાપણનું કામ કર્યું હતું. જો બલિ પહેલાંની માફક પોતાના સાથીઓને લઇને પોતાના દેશમાં ગયો હોત, તો તે જરૂર ફરીને ચડાઈ કરત અને પુનઃ રક્તપાત થાત. પૂર્વઇતિહાસની પુનરાવૃત્તિ ન થાય, તેટલા માટે વામને બલિને મુક્ત કર્યો; પણ કોંકણમાં એને નજરકેદમાં રાખ્યો. બલિના એક પણ અનુયાયીને દૈત્યના દેશમાં વામને પાછો જવા દીધો નહિ. એની આ વાત ખરેખર વખાણવા જોગ છે.

પ્રથમ યુદ્ધમાં બલિએ હાર ખાધેલી, તે વખતે જો ઇન્દ્રે પણ એમ કર્યું હોત, તો દેવોને પરાધીનતાના સંકટમાં આવવાનો સમય આવત નહિ. ઇન્દ્રે તે વખતે ભૂલ કરી, તેનું ફળ એને ઘણું વેઠવું પડયું. વામન ઇન્દ્રની આ ભૂલનું ભયંકર પરિણામ પૂરી રીતે જાણતો હતો, તેથી એણે કોઇ પણ અસુરને અસુરના દેશમાં પાછો જવા દીધો નહિ; પણ તે સર્વને કોંકણમાં નજરકેદમાં રાખ્યા અને ત્યાં એણે એમના આરામ માટે યોગ્ય વ્યવસ્થા કરી. એ પછી ઇન્દ્રનું રાજ્ય ઇન્દ્રને સોંપ્યું અને આર્ય રાજામહારાજાઓને પોતપોતાના રાજ્યમાં મોકલી દીધા. વામને સર્વને જીવંત રાજનીતિનો ઉપદેશ કર્યો અને પોતે તો તપસ્યા કરવા ચાલ્યા ગયા. પોતે રાજ્યનો ભોગ કર્યો નહિ. વામનનો આ સ્વાર્થત્યાગ અપૂર્વ છે. તાત્પર્ય એ છે કે, ઇતિહાસની દૃષ્ટિએ અમે વિચાર કરીએ છીએ, ત્યારે અમારે આ સ્પષ્ટ કહેવાની જરૂર પડે છે કે, વામનના આ મહાન કાર્યની સાથે બીજા કોઈના કાર્યની તુલના થઇ શકતી નથી. સત્ય ઈતિહાસ આ પ્રમાણે છે. જેવું ખરી રીતે બન્યું હતું તેનું વર્ણન ઉપર આપેલું છે. વામનમાં શૌર્ય, વીર્ય, પરાક્રમ, તેજ આદિ અનેક ગુણ હતા. એનું જેટલું વર્ણન કરાય તેટલું ઓછુંજ હશે. એટલા માટે અમે કહીએ છીએ કેઃ—

વામનાવતારનો સંદેશ

"સ્વકીય સ્વરાજ્યની ભૂખ પરકીય સુરાજ્યથી શાંત થતી નથી અને શાંત થવી જોઇએ નહિ." આવો રાજનીતિનો અત્યંત

મહત્ત્વનો સિદ્ધાંત અતિ પ્રાચીનકાળમાં આખા સંસારને વામનાવતારે દેખાડચો છે. વામનની પૂર્વે બીજા કોઇએ પણ આ સિદ્ધાંત જગતને દેખાડચો ન હતો. આ મહાન સિદ્ધાંતને કારણેજ જ્યાંસુધી સંસારની હયાતી છે, ત્યાંસુધી રાજનીતિજ્ઞ પુરુષો વામનના ગુણોનું ગાન અવશ્ય કરશેજ.

જે સમયે દેવવીર અને આર્યવીર બલિના રાજ્યમાં તાબે રહેવામાં ભૂષણ માનતા હતા, તે સમયે વામન બટુએ કહ્યું કે, "પોતાનું સ્વરાજ્ય ગમે તેવું ખરાબ હોય, તોપણ તે પરકીય રાજાના સુવ્યવસ્થિત રાજ્યથી અનેકગણું અધિક લાભકારી છે." જે પાઠકો મૂળકથા વિસ્તારથી જાણવા ઇચ્છતા હોય, તેઓ ભાગવતમાં જુએ અને વામનાવતારનો આ સંદેશ જાણી એનું મનન કરે.

('બુદ્ધિપ્રકાશ'ના ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૨૮ના અંકમાંથી)

૭–अंत्यज साधु नंद

[નંદની કથા દક્ષિણના સાહિત્યમાંથી ભાઇ મહાદેવે તારવી છે તે સૌ કોઈ રસપૂર્વક વાંચે એમ ઇચ્છું છું. નંદની કથા જોડી કાઢેલો કિસ્સો છે, એમ કોઈ ન માને. તેમાં અતિશયોક્તિ ભલે આવી ગઈ હોય, પણ નંદ નામે સાધુચરિત અંત્યજ છસો વર્ષ પૂર્વે થઇ ગયો, તેણે પોતાના ચારિત્ર્યબળથી મંદિરમાં જવાનો અધિકાર મેળવ્યો ને તે આજ પણ અવતારી પુરુષ તરીકે હિંદુઓમાં પૂજાય છે, એ વિષે તો શંકા કરાયજ નહિ. નંદની પવિત્ર કથા આપણને શીખવે છે કે, જન્મ કર્મનું ફળ છે, છતાં પુરુષાર્થ જેવી વસ્તુ વિધાતાએ આપણે સારુ રાખીજ છે અને નંદ જેવો અંત્યજ ચારિત્ર્યબળથી આજ જન્મે પવિત્ર થયો ને પવિત્ર મનાયો. બ્રાહ્મણોએ તેનો હેતથી સ્વીકાર કર્યો. જો નંદ આ જન્મમાંજ પાવન થઇ શક્યો તો બધામાં તે શક્તિ હોય એમ આપણે માન્યેજ છૂટકો; તેથી હરકોઈ અંત્યજને આપણા મંદિરમાં પૂજા અર્થે પ્રવેશ કરવાનો અધિકાર હોવો જોઇએ.

હું આશા રાખું છું કે, કોઇ એવી દલીલ નહિ કરે કે, નંદે અગ્નિપ્રવેશ કર્યો ને તેમ કરી ભલે બધા અંત્યજો મંદિરોમાં જાય.

અગ્નિપ્રવેશની વાત કાવ્ય છે. અથવા ખરી માનો તો એ નંદની ઇચ્છાએ થયેલું. બ્રાહ્મણોનો મોટો સમુદાય તો નંદને માત્ર સ્નાન કરાવી મંદિરમાં દર્શન કરવા દેવા તૈયાર હતો. કથામાંથી આપણે સાર ગ્રહણ કરવાનો એટલોજ છે કે, અંત્યજ આ જન્મેજ પોતાના પુરુષાર્થથી પવિત્ર થઈ શકે છે; એટલે કે જે શરતે બીજા હિંદુઓ મંદિરમાં જઇ શકે છે, તેજ શરતથી અંત્યજોને પણ મંદિરોમાં જવાની છૂટ હોવી જોઇએ.

આ તો ઉચ્ચ કહેવાતા હિંદુઓ પ્રત્યે.

અંત્યજોને તો નંદની કથા ઉત્તેજન આપનારી છે, તેમને પાવન કરનારી છે. એ પ્રત્યેક અંત્યજને ઘેર વંચાઓ, એમ હું તો ઇચ્છું છું; પણ તેઓ વાંચીનેજ સંતોષ ન માને. નંદે જે કર્યું તે પ્રત્યેક અંત્યજ કરો, નંદની પવિત્રતા પ્રત્યેક અંત્યજમાં આવો. તેની ધીરજ, તેની ક્ષમા, તેનું સત્ય, તેની દૃઢતા પણ આવો. નંદ સત્યાગ્રહની મૂર્તિ હતો. નંદે નાસ્તિકોને આસ્તિક બનાવ્યા. પ્રત્યેક અંત્યજ નંદનું આખ્યાન વાંચી પોતાના દોષોનો નાશ કરવા ઉત્સુક ને સમર્થ થાઓ. મો૦ ક૦ ગાંધી]

(૧)

ચાર વર્ષ ઉપર જ્યારે દક્ષિણનો પ્રવાસ કરેલો ત્યારે અંત્યજ સાધુ નંદની વાત કોઈને મોઢે સાંભળવામાં નહોતી આવી; પણ આ વર્ષનો પ્રવાસ અસ્પૃશ્યતાનિવારણનાજ હેતુથી હતો, એટલે સ્થળે સ્થળે નંદસાધુની વાતો–પ્રથમ તો શ્રી. રાજગોપાલાચાર્યને મુખે અને પછી બીજાને મુખે. ત્યાર પછી વધારે હકીકત મેળવી અને એ સાધુના પવિત્ર જીવનની ટૂંક કથા 'નવજીવન'માં આપવાનો વિચાર કર્યો. તે મુજબ એ કથા આપું છું. સ્થળે સ્થળે ચાલતી કથાઓનું દોહન કરી મિ૦ માધવિયાએ એક પુસ્તક લખેલું છે તેના આધારે આ વૃત્તાંત આપું છું.

નંદના જન્મનો સમય તો નિશ્ચિત નથી કહી શકાતો. છસો વરસ ઉપર તાંજોર જિલ્લામાં આધનુર ગામમાં અંત્યજ માતપિતાને ઘેર એનો જન્મ થયો એમ કહેવાય છે. 'અંત્યજ' કહું તેના કરતાં તેની જાતિ જે નામથી ઓળખાય છે તે કહું તો 'પરાયા' જાતિનાં તેનાં માતાપિતા હતાં. 'પરાઈ' એટલે ઢોલ અને 'પરાયા' એટલે ઢોલ વગાડનારા. અસ્પૃશ્યોની હલકામાં હલકી જાતિમાંની આ એક ગણાય છે.

એમના વાડાઓની, ઘરની અને જીવનની કથા શા સારુ કહેવી? જેવાં ભંગીનાં અને ચમારોનાં જીવન તેવાં તેમનાં. જેટલો મેલ, ગંદકી સામાન્ય રીતે અહીં જોવામાં આવે છે, તેટલાંજ ત્યાં પણ. ભંગી અને ચમારો જેમ મુડદાલ ખાય છે, તેમ પરાયા પણ ખાય છે; અને દારૂ પીને પોતાના દુખિયારા જન્મનાં દુઃખ ભૂલે છે. પરાયા તો ગોમાંસ પણ ખાય છે એટલે તે વધારે હીન ગણાય છે.

નંદ ભણ્યોગણ્યો તો શેનોજ હોય? બીજા છોકરાની જેમ તે ઢોર ચારવા જતો, પણ એક બે વસ્તુ તેનામાં અસામાન્ય હતી. બાળપણમાં દેવદેવીઓની કાદવની મૂર્તિ કરીને પૂજવાનો તેને શોખ હતો અને તેનાં સગાંવહાલાં જ્યારે પોતાના દેવોને પ્રસન્ન કરવા બકરાં અથવા મરઘાં મારતા, ત્યારે તેમની દયામણી ચીસોથી નંદનું હૈયું ચિરાતું અને તેની આંખમાંથી આંસુ વરસતાં. તે માંસ ખાતો, પણ પશુને કપાતાં તેનાથી આંખે ન જોઈ શકાતાં.

નંદે એક નાનકડું બકરીનું બચ્ચું પાળ્યું હતું. જ્યાં નંદ જાય ત્યાં તે જાય અને નંદ તેને પાંદડાં ખવડાવે, પાણી પાય અને નચાવે. એક વાર નંદને વાસી ગોમાંસ ખાવાનું મળ્યાને લીધે તેને બહુ તાવ આવ્યો. જેટલા દહાડા નંદ પથારીમાં રહ્યો તેટલા દહાડા પેલા બચ્ચાએ તેની પાસે બેસીને બેં બેં કર્યા કર્યું! નંદ આખરે સારો થયો. તેની માએ ગામની કટેરી નામની દેવી આગળ માનતા માની હતી કે, નંદ સારો થાય તો માતાને બકરો ચડાવવો. જે દિવસે એ માનતા લીધી તે દિવસથી નંદ સારો થવા લાગ્યો. એટલે તેની માની માનતા વિષે શ્રદ્ધા વધી. નંદ સારો થયો એટલે બકરો ચડાવવાનો સવાલ ઊભો થયો. બકરો ખરીદવાના પૈસા ઘરમાં મળે નહિ અને નંદના બકરાને કેમ કપાય? પણ માનતા ન પળાય અને માતાને રોષ ચડે તો? એટલે નંદ સવારે ઊઠે તે પહેલાં તેનાં માબાપ બકરાને કટેરી માતા આગળ લઈ જઈને ચડાવી આવ્યાં. નંદની જિંદગીમાં પહેલો ભયંકર આઘાત આ હતો. દિવસોના દિવસો સુધી નંદ પોતાના એ વહાલા બકરા માટે રોયા કરતો. એક દિવસ તેણે તેનો શોક હલકો કરવા પોતાની માની પાસે કેટલાક ખુલાસા માગ્યા. નંદનાં માબાપ એક બ્રાહ્મણના ખેતરમાં મજૂરીએ જતાં હતાં. નંદે પૂછ્યું:–

"મા! આપણા બ્રાહ્મણશેઠનો છોકરો માંદો પડતો હશે, ત્યારે તે લોકો શું કરતા હશે? બકરો કાપતા હશે?"

"ના ના, તેઓ તો હવા કરે અથવા મંદિરમાં પ્રાર્થના કરે. તેઓનાથી બકરા વધેરાય ? એ તો બહુ બહુ તો નાળિયેર વધેરે."

"ત્યારે આપણે શા સારુ બકરાં અને મરઘાં વધેરીએ છીએ ?"

"ભાઈ ! તેમના દેવ જુદા, આપણા જુદા. આપણા દેવ તો ભયંકર હોય છે, લોહી વિના તેઓ તૃપ્તજ ન થાય."

"પણ આપણે પણ મંદિરમાં જઇને બ્રાહ્મણની જેમ પ્રાર્થના કરીએ તો ?"

"અરે જા જા, ગાંડા ! આપણાથી તેમના મંદિરમાં જવાય ? આપણાથી તેમની માફક પ્રાર્થના થાય કે ? આપણે માંસ ખાઇએ, મુડદાલ ખાઇએ, દારૂ પીએ. આપણાથી તેમના મકાન પાસે ન જવાય, તો મંદિરે તો શી રીતેજ જવાય ?"

નંદની શંકાનું સમાધાન ન થયું, પણ તેણે પોતાના મનની સાથે એટલો નિશ્ચય કરી લીધો કે, હવે માંદા પડવું તો માબાપને ખબરજ ન આપવી અને જો બ્રાહ્મણોના દેવની પ્રાર્થના થાય તો તે કરવી. પણ 'આપણાં જીવન આવાં ભૂંડાં, આપણે પાપિયા, બ્રાહ્મણના દેવની શી રીતે પ્રાર્થના કરીએ ?' એ મતલબના તેની માના બોલ તેના મનમાંથી નીકળતા નહોતા. નંદ તેના બાપ સાથે ખેતરમાં જતો, ત્યારે જે કૂવેથી તેનો શેઠ પાણી લેતો તે કૂવેથી પાણી ન લેવાય, મેલા તળાવમાંથી પાણી લેવું પડતું તેની નંદને ખબર હતી. શેઠનો છોકરો પણ કેવો સાફ અને સુંવાળો લાગતો ! નંદને યાદ આવ્યું કે, મારાં માબાપ તો તાડીદારૂ પીને ઘરમાં કજિયો પણ કરે છે; શેઠશેઠાણી તો એવાં ચોખ્ખાં દેખાય છે કે, કદી કજિયો નહિ કરતાં હોય. 'આપણે આવા મેલા રહ્યા એટલે બ્રાહ્મણના દેવો આપણી પ્રાર્થના શી રીતે સાંભળે ?' એજ વિચાર તેના મનમાં રમ્યા કરતો. આખરે તેણે નિશ્ચય કર્યો કે, તાડીદારૂ ન પીવાં અને માંસ ન ખાવું. પણ માંસ ન ખાય તો કોઈક વાર ભૂખ્યા રહેવું પડે અને બીજું કશું ખાવાનું હોય નહિ ! એટલે જયારે કશુંજ ન મળે ત્યારે માંસ ખાવું એટલો અપવાદ રાખ્યો. આ સંકલ્પ કર્યા પછી પણ નંદના વિચાર તો ચાલ્યાજ કરતા કે, "બ્રાહ્મણો બહારથી આટલા સાફ અને રૂપાળા દેખાય છે. શું તેમનું લોહી અને હાડકાં પણ આપણા કરતાં જુદી જાતનાં અને જુદા રંગનાં હશે ? એ બ્રાહ્મણ કેમ જન્મ્યા અને આપણે પરાયા કેમ જન્મ્યા ? તાડીમાંસ છોડ્યા છતાં પણ શું દેવોની પ્રીતિ

મેળવવાને અને બ્રાહ્મણુના જેવા થવાને મા કહે છે તેમ, હજારો જન્મ જોઇતા હશે ? બ્રાહ્મણોનાં કર્મ કેવાં અને આપણાં કેવાં એમ મા કહે છે, તો આપણાથી એવાં કર્મ શી રીતે કરાય ?"

એક દિવસ નંદ ઢોર ચરાવતો હતો ત્યાંથી દૂર કેટલાક બ્રાહ્મણુના છોકરા ગિલ્લીદંડા રમતા હતા. આમાંનો એક નંદના શેઠનો છોકરો હતો. ગિલ્લી એક વખત નંદની પાસે આવીને પડી; પણુ તેનાથી ગિલ્લી ઉપાડાય નહિ તેની નંદને ખબર હતી. શેઠનો છોકરો દોડતો આવ્યો તેને તેણે ગિલ્લી બતાવી. તે લઇને દોડતાં છોકરો પડ્યો અને પથરાથી તેનું ઘૂંટણુ છોલાયું અને લોહી નીકળવા માંડ્યું. નંદ તેની પાસે દોડી ગયો. પેલાથી ઉઠાતું નહોતું, પણુ નંદ મદદ શી રીતે કરે ? નાના શેઠે નોકરના દીકરાને કહ્યું: "ભાગ અહીંથી કૂતરા, મારી પાસે શેનો આવ્યો છે ? મને અડવા માગે છે કે શું ?" એમ કહીને એક પથરો નંદ ઉપર ફેંક્યો. નંદના લમણામાં પથરો વાગ્યો, તેને લોહી નીકળવા માંડ્યું અને તે તમ્મર ખાઇને પડ્યો. બીજા છોકરા આવીને શેઠના છોકરાને તો ઉઠાવી ગયા, પણુ નંદને કોણુ મદદ કરે ? થોડી વારે બેઠો થઈ લમણે હાથ દબાવી તે તળાવે ગયો, મોં ધોયું અને ઘેર ગયો. નંદે મનુષ્યનું લોહી આ પહેલી વાર જોયું. બ્રાહ્મણનું અને પરાયાનું એમ એ લોહીમાં તો ફરક નહોતોજ, પણ પશુના લોહીમાંએ ફરક નહોતો અને જેમ પશુ ચીસ પાડે છે, તેવીજ ચીસ બ્રાહ્મણના છોકરાએ પણુ પાડી હતી ! ત્યારે બ્રાહ્મણનું કર્મ અને પરાયાના કર્મમાં ફેર ક્યાં ? અને પોતે પ્રેમથી અને દયાથી શેઠના દીકરા પાસે દોડ્યો હતો, ત્યાં પેલાએ નિર્દય થઇને તેને પથરો માર્યો એ શું ? બ્રાહ્મણુના છોકરા આવા નિર્દય હશે ? અને એવા બ્રાહ્મણોની પ્રાર્થના દેવ સાંભળે અને પરાયાની ન સાંભળે ? આ નવી વિચારશ્રેણી નંદને મૂંઝવવા લાગી.

(૨)

નંદ હવે મોટો થયો અને પોતે સમજ્યો તેટલી વાતનો પ્રચાર કરવા માંડ્યો. માંદા પડીએ ત્યારે પશુ ન જ કપાવા દેવાં, તાડીદારૂ છોડવાં, માંસ છોડવું. એટલી વાતો તે પોતાના સમોવડિયાઓને કહેવા લાગ્યો. એ અરસામાં આધનુરના પરાયા કાળીદેવીને પાડા વગેરે વધેરી સારી પેઠે માંસ ખાઇને આવ્યા અને પાડો રોગી હોવાને લીધે ઘણાને રોગ થયો અને મરી ગયા. પછી તો એ રોગ ફેલાયો અને ઘણા મરવા લાગ્યા. આ સપાટામાં નંદનો

બાપ પણ આવી ગયો. શોકમાં પડવાને બદલે નંદે સેવાસંઘ કાઢી દરેકને ત્યાં જઈ સેવા કરવાની, શબને સ્મશાને લઈ જવાની વ્યવસ્થા કરવા માંડી. પણ આ સેવાથી પ્રસન્ન થવાને બદલે ગામના ધરડિયાઓ તેના ઉપર ચિડાયા. તેઓ કહેવા લાગ્યા કે, "નંદ બકરાંમરઘાં કાપવા નથી દેતો એટલે દેવી આટલી અપ્રસન્ન થઈ છે."

પણ એટલામાં તો નંદને પણ રોગ લાગુ પડચો. ધરડિયા રાજી થયા અને કહેવા લાગ્યા કે, દેવીને સારી પેઠે બલિદાન દઇને પ્રસન્ન કર. તેની મા પણ તેને કહેવા લાગી કે, "તારા બાપ પણ તારા પાપને લીધે ગયા, હવે તું એ જવાનો. હઠીલો થા મા, માનતા માનવા દે." પણ નંદનો નિશ્ચય નિશ્ચલ હતો. "બકરો મારીને જીવાતું હોય તો જીવવા કરતાં મરી જઇએ તો શું ખોટું ?" એમ તે કહેતો. નંદના સાથીઓ ગભરાયા. નંદ મરી જશે તો પછી કામ શી રીતે ચાલશે ? કાંઇ નહિ તો ભવિષ્યમાં કામ કરવા માટે પણ નંદે જીવવું જોઇએ એમ તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા. નંદે તેમને સમજાવ્યા કે, દેવ આપણી કસોટી કરી રહ્યો છે, મરતાં પણ નિશ્ચય ન છોડીએ ત્યારે માણુસ અને ત્યારે નિશ્ચયની કિંમત; તમે સૌ મારે માટે પ્રાર્થના કરો કે હું જીવું. તમારી સૌની પ્રાર્થનાથી હું બચીશ તો તમે સિદ્ધ કરી શકશો કે બકરાના વધથી નહિ, પણ તમારી પ્રાર્થનાથી હું જીવ્યો.

પેલાઓમાં હિંમત આવી. શિવને તેઓ પોકારવા લાગ્યા અને પ્રાર્થના કરવા લાગ્યા. બીજી બાજુએ ધરડિયાઓ પણ પોતાનું કારસ્થાન કરી રહ્યા હતા. તેમણે નંદની માને સમજાવવા માંડી. બાઈ બિચારી ભોળવાઈ. તેણે કહ્યું: "ઘરમાં પૈસા તો નથી, પણ થોડાં વાસણ છે તે લઇને બકરા ખરીદી લાવો અને વધેરો, નહિ તો મારો દીકરો મરી જશે."

નંદે એક રાત બિછાનામાં પડચા પડચા ભજન કર્યું. એક ક્ષણ પણ નિદ્રા લીધા વિના કરેલા ભજનને અંતે, તેને પાસેના તિરુપુંકર મંદિરના દેવ આવીને માથા ઉપર હાથ મૂકતા દેખાયા. નંદના આનંદનો પાર રહ્યો નહિ. સવારે તો તે સારો થઈ ગયો અને બે દિવસમાં તે હરતોફરતો થયો. તેના સાથીઓએ 'હર હર મહાદેવ' ના હર્ષનાદથી ગામ ગજાવી મૂકયું.

ધરડિયામાંથી એકે તો નંદના મોતની બાધા લીધી હતી, પણ નંદ તો જીવતો થયો; પણ તેની માએ તો વાસણ વેચી બકરા વધેર્યા.

પણ નંદનો સંઘ વધવા લાગ્યો. જે જુવાનિયા તેને છોડીને ભાગી ગયા હતા, તેને પાછી શ્રદ્ધા બેઠી અને તેઓ પાછા જોડાયા. હવે નંદનો મનોરથ વધ્યો. જે તિરુપુંકર મંદિરના મહાદેવે આમ દર્શન આપ્યાં તે શું પ્રત્યક્ષ દર્શન ન આપે? તેના મંદિરમાં ન જવાય? પરાયા પણ મંદિરોની થોડી સેવા તો કરતા. મંદિરની જમીનમાં તેઓ મજૂરી કરતા, મંદિરમાં અનેક જાતનાં નગારાં હોય છે, તે માટે તેઓ મૂએલા ઢોરનું ચામડું ઉતારીને મંદિરે લઇ જતા, ઢોરના શરીરમાંથી ગોરોચન નામનો સુગંધી પદાર્થ પણ તેઓ લઈ જતા. નંદે વિચાર કર્યો કે, તિરુપુંકરના મહાદેવને માટે આવી પુષ્કળ સામગ્રી લઈને એક દિવસ જવું. પહેલાં તો તે આ બધી વસ્તુ વેચતો. હવે તેણે દેવને આ ભેટ ધરાવવાનો વિચાર કર્યો. નંદ અને તેના ગોઠિયાઓએ એક શનિવારે ખૂબ શરીર ચોળીને સ્નાન કર્યું, સ્વચ્છ થયા, શરીરે અને કપાળે ભસ્મ લગાવી અને ભેટ લઇને તિરુપુંકર જવા નીકળી પડ્યા. ત્યાં જઇ ત્રણ વાર મંદિરની પ્રદક્ષિણા કરી અને પૂજારીને પોકાર કરીને વીનવ્યા. બે નોકરોએ આવીને દૂરથી ભેટ લેવાની કૃપા કરી. સાંજ પડી હતી. આરતી અને દર્શનનો સમય થયો હતો. નંદ અને તેના સાથી બરોબર દરવાજા સામે જઇને ઊભા; પણ તિરુપુંકરના મહાદેવની મૂર્તિ સામે મોટો નંદી હતો. બધાં મંદિરોમાં મોટામાં મોટો નંદી અહીં હતો અને તે મૂર્તિને ઢાંકી દેતો હતો. દરવાજાની બહારની કોઈ જગ્યાએથી આ નંદીને લીધે મૂર્તિનાં દર્શન કરી શકાતાં નહિ. નંદના દુઃખનો પાર ન રહ્યો. તે તો માત્ર ઘંટા વગાડતા અને દર્શન કરતા થોડા બ્રાહ્મણોને જોઈ શકતો હતો. પણ મૂર્તિનાં દર્શન કેમે કરી થાય નહિ. તેની આંખમાંથી ચોધારાં આંસુ ચાલ્યાં. ગોરોચન અને ધૂપની સુગંધે આનંદિત થવાને બદલે તેનું મગજ ભમવા લાગ્યું. "હું પરાયો પાપિયો ક્યાંથી મહાદેવનાં દર્શન પામું? મારાં પાપ આ નંદી બનીને મારી આંખ આગળ ઊભાં છે." એમ બોલતો બોલતો તે પોક મૂકીને રોયો. રોઇ રોઇને તેને મૂર્છા આવી, તે પડ્યો અને બેભાન થયો. તે ઊંધો પડ્યો હતો અને બન્ને હાથ પ્રણામ કરવા માટે જોડેલા હતા. તેના સાથીઓ બધું દૃશ્ય જોઈ રહ્યા; પણ કોઇએ તેને જાગ્રત કર્યો નહિ. લાંબા સમયે નંદ જાગ્રત થયો; ત્યાં તો સૌએ કૌતુક દીઠું નંદીની મૂર્તિ એક બાજુએ ખસી ગઇ હતી અને મહાદેવનાં દર્શન સ્પષ્ટ થતાં હતાં. નંદના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો.

હર્ષઘેલો થઇ તે નાચવા લાગ્યો અને 'રામ અમલમાં રાતા-માતા' નંદને જોઈ ઘડીક વાર નંદીની મૂર્તિ ખસેલી તે જોવાનું ભૂલી સૌ નંદનાંજ દર્શન કરવા લાગ્યા! આજે પણ નંદીની મૂર્તિ તિરુપુંકરમાં એક બાજુએ નમેલી દેખાય છે!

ઈશ્વરની આવી કૃપાનો બદલો શી રીતે વાળવો? તિરુપુંકરના મંદિર પાસે તળાવ નહોતું અને લોકો પાણી વિના દુઃખી થતા. નંદ અને તેના સાથીઓએ તળાવ ખોદવા માંડ્યું. એ ભવ્ય તળાવ આજે પણ છે અને દંતકથા એવી ચાલે છે કે, મહાદેવે નંદને મદદ કરવા ગણેશને મોકલ્યા હતા, નહિ તો આવડું તળાવ શી રીતે ખોદાય?

(૩)

પણ ગણેશ મદદ કરી ગયા એમ માનીને આપણે ભલે સંતોષ માનીએ. નંદ તો પોતાનું કાર્ય કરીને ગામ ગયો, ત્યાં મહાદેવનું ભજન કરતો પોતાના શેઠને ત્યાં પાછી મજૂરી કરવા માંડી. જૂનો શેઠ તો મરી ગયો હતો અને શેઠ તો પેલો લમણા ઉપર પથરો મારીને હમેશને માટે નિશાની કરનાર શેઠનો દીકરો હતો. નવા શેઠે નંદી ખસ્યાની વાત ન માની. કોણ જોવા ગયું છે? એ તો મૂર્તિ અગાઉથી ખસેલી હશે. આપણે તો એટલું જાણીએ કે નંદ બહુ મહેનતુડો છે. ભલે એ મજૂરી કરતો, આપણે એને અન્ન આપશું–આટલીજ લાગણી બ્રાહ્મણ શેઠને હતી. નંદની સ્થિતિ પણ સુધરી, તેને મજૂરી પણ બહુ મળતી અને ચામડું તથા ગોરોચનની ભેટ તો ચાલુજ હતી. એ અરસામાં વૈથીશ્વરન કોઈલ (મંદિર)માં એક ઉત્સવ હતો, તેની તેને ખબર પડી. નંદ અને તેના ગોઠિયાઓ ઊપડ્યા. આ ઉત્સવ વખતે મૂર્તિને એક રથમાં ફેરવવામાં આવે છે અને પરાયાને દર્શન કરવા દેવામાં આવે છે. નંદે દર્શન કર્યાં અને ત્યાં એક બ્રાહ્મણ કથા કરતો હતો તે સાંભળવા ઊભો રહ્યો. કથા સાંભળતાં નંદને આ શબ્દ કાને પડ્યાઃ "ચિદંબરમ્ એ પવિત્રમાં પવિત્ર સ્થાન છે–કાશી અને રામેશ્વર કરતાં પણ વધારે પવિત્ર. ત્યાં નટરાજની ભવ્ય મૂર્તિ છે. એ નટરાજનું નૃત્ય સૃષ્ટિની લીલા ચલાવી રહ્યું છે. નટરાજના હાથમાં ડમરુ છે અને એ ડમરુના નાદમાંથી અનેક લોક ઉત્પન્ન થાય છે."
"નટરાજના હાથમાં ડમરુ! તે પણ આપણા જેવો પરાયોજ તો! આપણેએ ઢોલ વગાડીએ અને તે પણ વગાડે!" કહીને

નંદ આનંદઘેલો થયો.

કથા આગળ ચાલી: "નટરાજનો બીજો હાથ બધાં ભુવનોને ઠીક રાખે છે. ડાબા હાથમાં અગ્નિ છે તેથી તે સૃષ્ટિને ભસ્મ કરવા ધારે ત્યારે ભસ્મ કરી શકે છે; કારણ કે સૃષ્ટિ, સ્થિતિ અને લય, ત્રણે વસ્તુનો કર્તાજ એ છે. નટરાજનાં દર્શન જે કરે તે ચંડાળ હોય કે પરાયો હોય, પણ ક્ષણમાં ભવસાગર તરી જાય છે."

નંદ એકેએક શબ્દ પી રહ્યો હતો. તેની આગળ નટરાજની મૂર્તિ ખડી થતી હતી; તેણે આકુળવ્યાકુળ થઈને કથાકારને પૂછ્યું: "એ ચિદંબરમ્ ક્યાં છે તે તો મને કહો.!"

"કોલેરુન નદીની ઉત્તરે અહીંથી એક દિવસનો રસ્તો છે." ઉત્તર મળ્યો.

"નટરાજ ચંડાળને પણ તારે?" પાછું નંદે પૂછ્યું.

"હાસ્તો, તું કોણ છે? આમ આવ તને બધી ખબર આપું."

એક જણે કહ્યું: "એ તો આધનુરનો પરાયો નંદ છે, એને અડશો મા. શિવનો એ ભગત છે, ચામડું અને ગોરોચન હમેશાં મોકલે છે."

નંદ પાસે તો ન ગયો, પણ પાછું પૂછ્યું: "મારા જેવા પરાયાને પણ નટરાજ મોક્ષ અપાવે?"

"હા ભાઈ! સ્થલપુરાણમાં એમ લખેલું છે તે કાંઈ ખોટું હોય?"

નંદે બ્રાહ્મણને પ્રણામ કર્યા અને ઝપાટાબંધ ઉત્તર તરફ ચાલવા માંડયું.

તેના સાથીઓએ કહ્યું કે, "આપણે તો આથમણા જવાનું, ઉત્તરમાં ક્યાં ચાલ્યા?"

નંદે કહ્યું: "ચિદંબરમ્ ચાલ્યો."

"અરે પણ ભાઇ! રસ્તોબસ્તો જાણ્યા વિના અંધારે ક્યાં જશો?"

"ઉત્તરમાં ચાલ્યા કરીશ અને સવાર થતાં રસ્તો પૂછીશ કોકને."

"પણ ભાઇ! આમ જવાય? આપણે રાત્રે અહીં આવેલા, સવાર થતાં કામે ચડવું પડશે. આપણે શેઠ નથી, ગુલામ છીએ તે કેમ ભૂલ્યો? આપણું કામ છોડીએ તે તો ઈશ્વરને ન ગમે."

નંદ થોભ્યો, ઈશ્વરનું નામ આવી રીતે લેવાયું કે તરતજ તે ઊભો રહી ગયો અને કહ્યું: "હા ચાલો, ગુલામ તો ખરોજ. શેઠની રજા લઇને ચિદંબરમ્ જઇશ."

(૪)

ઘેર ગયા પછી નંદને સુખ વળે નહિ. પરાયાનો અવતાર, રોજ ઉચ્ચ હિંદુઓનાં એંણાંટોણાં ખાવાનાં, મજૂરી કરતાં પણ પરાયા અને પરાયા અને અનેક અવતારે મોક્ષ નહિ એ કેમ સહન થાય ? પણ ચિદંબરમ્ જઇએ તો તરત મોક્ષ મળે, એ કેમ છોડાય ?

તેના ઉપર તો પરાયાપણાનો ડામ પડેલો હતો, એટલે પરાયા જે ન કરી શકે તેજ તેને ખટકયા કરતું હતું.

નંદ બીજે દિવસે વાડીએ ગયો, ઝાડને પાણી પાયું અને રજા લેવા શેઠને ત્યાં ગયો. શેઠ નહોતા. રાહ જોતાં જોતાં દહાડો આથમ્યો એટલે નંદ ઘેર આવ્યો. બીજે દિવસે પાછો તે રજા લેવા ગયો. શેઠ રસ્તામાં મળ્યા, તેમણે પૂછ્યું: "કેમ, રોજ ક્યાં ભટકે છે ? કાલે બપોરે કયાં હતો ? તારે તો નિત નિત ઓચ્છવ ને કીર્તન કેમ ? પાડોશીએ પાણી પોતાના ખેતરમાં વાળી લીધું તેનું ભાન છે ? અને પેલા તારા જોડીદારે સેઢો એટલો સાંકડો કર્યો છે કે મારા ખેતરના કરતાં તેના ખેતરની હદ વધી ગઇ છે."

નંદે જાણ્યું કે શેઠ ખિજાયો છે, એટલે રજા માગતાં તે ડર્યો. નંદના સાથીમાં નંદનો વિશ્વાસ નહોતો. 'એમ પાપી અવતારમાંથી તે એક નટરાજના દર્શને મોક્ષ મળતો હશે ? નંદ તો ઘેલો થયો છે ઘેલો' એમ તેઓ કહેતા; પણ નંદને તો વિશ્વની વાટ કેમે નહોતી ગમતી. તે 'આઠે પહોર ઉદાસ' ફરતો હતો. એક દિવસ સૂર્યાસ્તની સુવર્ણપ્રભા જોઇને તેને નટરાજનું પેલા બ્રાહ્મણે વર્ણન કરેલું તે યાદ આવ્યું અને હાથમાં દાતરડું લઈને ખેતરમાં ઊભેલો તેમનો તેમ નિશ્ચલ, નિઃસ્તબ્ધ ઊભો રહ્યો. સાથીમાંથી આવીને એકે બોલાવ્યો, પણ જવાબ નહિ. કોઇએ કહ્યું: "અલ્યા, ફલાણાની ગાય મરી ગઈ" જવાબજ નહિ. ઘણી વારે નંદને ભાન આવ્યું, ત્યારે તેણે કહ્યું કે "સૂર્યના તેજમાં નટરાજ નાચતા હતા. તમે નહિ જોયા ?" 'નંદ પાગલ થયો છે' એમ કહીને સૌ તેને ઘેર ઘસડી ગયા. ઘરડિયા તો ખુશ થયા. તેઓ સમજ્યા કે, નંદના પાપનો બદલો દેવી આપી રહી છે. ઘણા કહેવા લાગ્યા કે, દેવિ ! નંદને બચાવો; વીરા ! નંદને બચાવો; કટેરી ! નંદને સાજો કરો.' પણ નંદ તો કહ્યાજ કરતો હતો કે, "મને તો મારો નટરાજ બચાવશે."

ગામના લોકોએ તો પાછો બકરાં વધેરવાનો નિશ્ચય કર્યો.

નંદ સૌને પગે પડ્યો, પણ કોઇ માને નહિ. એક જણે બકરાનું લોહી લાવીને તેના ઉપર છાંટયું. નંદથી આ સહન થયું નહિ. એટલે તે ચીસ પાડીને ત્યાંથી ભાગ્યો. લોકો નંદના શેઠને ત્યાં દોડયા. શેઠે કહ્યું: "એને પકડી લાવો અહીં; હું સીધો કરીશ."

(૫)

નંદની પાછળ પેલા લાગ્યા, એટલે નંદને થયું: "આ પાર કે પેલે પાર. હવે તો રજા મેળવવીજ, અને આ લોકોનાથી બચવું. એટલે તે સૌની સાથે શેઠને ત્યાં ગયો અને શેઠની પૂછપરછનો એકજ જવાબ આપ્યો કે, "મારે નટરાજનાં દર્શન કરવા જવું છે. મને થોડા દહાડાની રજા આપો."

"તારે ચિંદબરમ્ જવું છે? પરાયા કોઈદિ' ત્યાં ગયા સાંભળ્યા છે? લાવ પેલો ચાબુક હું એને સીધો કરું."

નંદે કહ્યું: "તમારે મારવો હોય તો મારી નાખો. મને રજા નહિ આપો ત્યાંસુધી મને સખ નથી વળવાનું."

પેલાએ ચાબુક મંગાવ્યો, પણ વાપરવાની હિંમત ન ચાલી. "આટલા દિવસ નંદ સૌથી સરસ કામ કરતો, મજૂરોને એજ ભેગા કરતો, સૌ એનું માનતા અને આજે એને શું થયું?" એમ તે બીજાઓને પૂછવા લાગ્યો.

હવે એક વૃદ્ધ બ્રાહ્મણે નંદને સવાલો પૂછવા માંડયા."

"નંદ! તું ઈશ્વરને માને છે કે નહિ?"

"હા, ઈશ્વર એ મારું સર્વસ્વ છે."

"ઈશ્વરજ કર્તાહર્તા છે એ પણ તને ખબર છે ને?"

"હાસ્તો."

"ત્યારે તને તેણે પરાયો બનાવ્યો તે તું કેમ ભૂલે છે? પરાયાએ મજૂરી કરવી અને શેઠની નોકરી કરવી. તેને વળી નટરાજનાં દર્શન કેવાં?"

નંદ—હું બધું જાણું છું, પણ ઈશ્વરે મને ઘેલો કર્યો છે તેનું શું? મને તેને જોવાજાણવાની લાલસા થઇ છે તેનું શું? તિરુપુંકરમાં મેં તેનાં દર્શન કરેલાં. બ્રાહ્મણનો અને પરાયાનો ઈશ્વર જુદો હોય એવું શાસ્ત્રમાં લખેલું છે? મને તો એક તમારા જેવાજ બ્રાહ્મણે કહ્યું કે, ચિદંબરમ્‌માં નટરાજનાં દર્શન ચાંડાળને પણ થાય, અને ચાંડાળને મુક્તિ મળે છે. એ મારાથી કેમ ભુલાય? મારા મનમાંથી એ વાત નીકળતીજ નથી.

એટલે ઘરડા બ્રાહ્મણે કહ્યું: "હં, બધી મોકાણ પેલા બ્રાહ્મણ કથાકારની છે. જવા દો, બે દિવસ અથડાઇ આવવા દો. ઠેકાણે આવશે."

પણ છ ખેતરમાં લણણી કરવાની હતી અને ખેતરમાં પાક ઊભો તૈયાર હતો. નંદનો શેઠ તેની પાસે આ કામ લીધા વિના શેનો છોડે?

"આ ખેતરમાં લણણી થવી જોઇએ પહેલી અને પછી તું ભલે જા." એમ તેણે નંદને કહ્યું.

નંદ ઘેલો ઘેલો થઈ ગયો. "ભલે, એ તો કરીને જઇશ." એમ જવાબ આપી, નંદ તો લાગલોજ લણણીનો સરંજામ લઈ ખેતરે દોડ્યો. રાત્રે ઘેર આવેજ શેનો? આખી રાત કામ કર્યું અને સવારના પહોરમાં જઇને શેઠનું બારણું ખખડાવ્યું! "શેઠ! ડાંગર વાઢી પૂળા કરીને ગોઠવી આવ્યો. હવે રજા આપો."

"અરે! તેં કર્યું શું? શું મજૂરો પરગામથી લાવીને છ ખેતર પૂરાં કર્યાં?" અચંબાથી શેઠે પૂછ્યું.

"નાજી, મજૂર ક્યાંથી લાવું? આખી રાત કામ કરીને તૈયાર કર્યું."

"સાચું કહે, કદી તું જૂઠું બોલતો નથી, આજે બોલીશ?"

"નટરાજે આવી મદદ કરી હોય તો તે જાણે. બાકી મારા સગા હાથ સિવાય બીજા કોઇના હાથ મને મદદ કરવા આવ્યા નહોતા. આપ આવીને જોઈ જાઓ અને પછી ખાતરી થાય તો મને જવા દો."

શેઠ ખળાં ઉપર ગયા, ડાંગરનું સુંદર કૂંદવું જોઇને તે તો આભોજ બની ગયો! આજ ખળાં આગળથી શેઠે નાનપણમાં નંદના લમણા ઉપર પથરો માર્યો હતો, એ સૌ ઈશ્વરકૃપાથી પેલાને યાદ આવ્યું.

'નંદ! નંદ!' કરતો તે તેના તરફ દોડ્યો. નંદ ખસીને દૂર ઊભો રહ્યો.

"ના, ના, ભાગ નહિ; તું તો સાચો ભક્ત છે. ભગવાને તારા ઉપર મહેર કરી છે. મેં આંધળા થઈ તારા ઉપર જે જુલમ કર્યો છે તે મને કોણ માફ કરશે? નંદ! તુંજ મને ક્ષમા આપ."

નંદ મૂંઝાયો. ઈશ્વરે મહેર કરી, તમે એવું બોલો નહિ–હું તમારો ગુલામ, હું માફી શેની આપું? મને નટરાજનાં દર્શને જવા દો.

"જા ભાઇ ! સુખે જા. દર્શન કરી આવ અને મારે માટે પણ તેની ક્ષમા માગી આવજે."

(૬)

'નટરાજ' 'નટરાજ' પોકારતી નંદની સેના ચિદંબરમ્ તરફ કૂચ કરવા લાગી. ત્યાં પહોંચતાંજ મંદિરનો કળશ જોઇને નંદે લાંબા થઇને સાષ્ટાંગ પ્રણિપાત કર્યો. તેની આંખમાંથી અશ્રુધારાઓ ચાલી રહી હતી. ગામે પહોંચતાં નંદ અને તેના સાથીઓ તેની પ્રદક્ષિણા કરી આવ્યા, પણ મંદિરમાં શી રીતે જવું ? મંદિરની આસપાસ દીવાલ, અને તેની આસપાસ બ્રાહ્મણોના મહોલ્લાની બનેલી બીજી દીવાલ ! નંદે ચામડું અને ગોરોચન મોકલ્યું તે તો દીક્ષિતોએ લીધું, પણ તેની દર્શનની માગણીને હસી કાઢી. નંદે સ્થલપુરાણની વાત સંભળાવી, એટલે કેટલાક ચિડાયા, કેટલાક કહેવા લાગ્યાઃ "સ્થલપુરાણમાં છેસ્તો, પણ તારા જેવો પરાયો મંદિરમાં જઈ શકે એવું પણ તેમાં લખેલું છે, એમ તે બ્રાહ્મણે કહેલું ખરું ?"

બ્રાહ્મણે એવું તો નહોતું કહ્યું. એટલે નંદ જૂઠું શેનો બોલે ? તે તો બિચારો ઊભો રહ્યો, અને તેને ત્યાં એમ મૂંઝાતો મૂકી દીક્ષિતો રસ્તે પડ્યા. રાત પડી, બધે દીવા થયા, પણ નંદ ત્યાંનો ત્યાંજ મંદિરના કળશ ઉપર ધ્યાન ચોંટાડીને આખી રાત ઊભો રહ્યો!

આ તરફ દીક્ષિતોને–૨૯૯૯ દીક્ષિતોને રાત્રે એકજ સ્વપ્ન આવ્યું. "આધનુરનો પરાયો નંદ મારા દર્શને આવ્યો છે. મન, વાણી અને કાયાથી એના જેવો કોઈ પવિત્ર નથી. મારે માટેની એની ભક્તિ અસીમ છે. કાલે એની દેહશુદ્ધિ કરીને મારાં દર્શને લાવજો."

મુરલી મનોહર–"મા! મોહ ઔર મમતા ને તુમકો યહ કહને પર મજબૂર કિયા હૈ. અગર ઇસ આખિરી વખ્ત મેં મુઝે યહ ભી ઉપદેશ દેના થા, તો ફિર મુઝે હિંદૂધર્મ કા યહ અમૃત ક્યોં પિલાયા થા? મેરે હૃદય મેં ધર્મ કી જ્યોતિ ક્યોં જગાયી થી? ભગવાન શ્રીકૃષ્ણ કી ભક્તિ ક્યોં ઉપજાયી થી? મુઝે સાંસારિક ભોગોં કી ઓર ક્યોં ન લગાયા થા? ફિર તો મૈં સંસાર કે મિથ્યાભોગોં પર ધર્મ, ઈમાન, ભક્તિ ઔર માતાપિતા સબ કુછ નિછાવર કર દેતા. પરંતુ અબ, અબ તો મેરે દિલ પર ગીતા કે પવિત્ર પ્રવચન નકશ હો ચૂકે હૈં. ભગવાન કૃષ્ણ કી વહ મોહિની મૂર્તિ હૃદયમંદિર મેં વિરાજમાન હો ચૂકી હૈ. ઇન્સાન કઇ બાર મરતા હૈ ઔર કઇ બાર જીતા હૈ. લેકિન ધર્મ હી એક ઐસી વસ્તુ હૈ, જો સાથ જાતી હૈ. સંસાર કે ધનવૈભવ–યે સારે એશો ઇશરત કે સાજો સામાન સિર્ફ યહીં કી શોભા કે લિયે હૈં–સાથ જાને કે લિયે તો સિર્ફ ધર્મ હી હૈ. ફિર અબ તુમ્હીં બતલાઓ, કિ નાશવાન વસ્તુ કો ગ્રહણ કર ધર્મ કો, જો પરલોક તક સાથ દેગા, ક્યોં કર છોડ દૂં? અંતિમ સમય મેં મુઝે ગન્દી નાલિયોં મેં મત ફેંકો–મુઝે ખુશી સે મરને દો. મુઝે ભગવાન કે ચરણોં મેં અપને કો અર્પણ કરને દો. કાજી મેરે જિસ્મ કો કાટેગા–તુમ મેરી આત્મા કો ન કાટો."

મુરલીમ નોહર કી યહ બાતેં માતાપિતાને સુની–ઔર આગે સુનને કી જરૂરત ન કર સકે. મુરલી મનોહર કે ચેહરે પર જલાલ થા, નૂર કા અબ્ર બરસ રહા થા. ઉસકે જ્યોતિપૂર્ણ ચેહરે કી ઓર તાકને કા કિસીકો સાહસ નહીં હુઆ. સબ ખામોશ હો ગયે. અબ કિસીકી આંખ મેં આંસુ ન થે.

(૬)

જબ જેલ કે અફસરોં કો માલૂમ હુઆ, કિ મુરલી મનોહર મુસલમાન હોને કે લિયે તૈયાર નહીં હે, તો ઉન્હોંને ઉસી વક્ત ગવર્નર કો ખબર દી, કિ "હુજૂર! કાફિર મુરલી મનોહર સે જબ પૂછા ગયા, કિ ઉસને કલ કી રાત ગૌર કર કે અપની જિંદગી કે મુતાલ્લિક ક્યા ફૈસલા કિયા? તો ઉસને બડી બેખૌફી ઔર ગુસ્તાખાના તરીકે સે જવાબ દિયા, કિ મેરી નસોં મેં હિંદૂ જાતિ કા રક્ત પ્રવાહિત હો રહા હે–મુઝે મુસલમાન બનાને કા ખયાલ અપને દિમાગ મેં લાના મહજ બેવકૂફી ઔર અપની બુજદિલી કા સવૂત દેના હે." ગવર્નર ને તૈશ મેં આ કર ફૌરન આખિરી હુકમ સુનાયા–"આજ હી દો પહર કો ઉસે કત્લ કર દો!!"

એક ચૌડે મૈદાન મેં ઇલાકે ભર કે લોગ જમા હો ગયે. દો પહર તક હજારોં કી તાદાદ મેં લોગ જમા હુએ. પઠાનોં કો યહી શૌક થા, કિ આજ અપની આંખોં સે એક કાફિર કો મૌત કે ઘાટ ઉતારે જાતે હુએ દેખેંગે. મુરલી મનોહર કો ઉંચી જગહ પર ખડા કર દિયા ગયા ઔર ગવર્નર કે આને કા ઇંતજાર કિયા જાને લગા. વક્ત પર ગવર્નર આયા ઔર હુકમ દિયા,–"સર ઉંચા કરો!" મુરલી મનોહર ને હુકમ કી તામીલ કી.

ગવર્નર ને પૂછા–"ક્યા તૈયાર હો?"

મુરલી મનોહર ને ઉત્તર દિયાઃ—

"તૈયાર હૂં મૈં ધર્મપર બાશૌક મરને કે લિયે;
તૈયાર હૂં મૈં દબ કે દુનિયા મેં ઉભરને કે લિયે.
તૈયાર હૂં મૈં ખાક મેં હી ફિર સે મિલને કે લિયે;
બીજ બોતા હૂં જહાં મેં ફિર સે ખિલને કે લિયે.

ભગવન્! તુમ્હારી શરણ મેં આતા હૂં. ઇધર મુરલી મનોહર કી જબાન સે યહ શબ્દ નિકલે ઔર ઉધર બંદૂક કી તીન ગોલિયાં સીને કે પાર હો ગયીં!!

ગવર્નર ને લાશ પર એક હસરતભરી નિગાહ ડાલી ઔર ચલ દિયા.

જાલિમ પઠાનોં ને મુરલી મનોહર કી લાશ કો પથ્થર માર માર કર ટુકડે ટુકડે કર દિયા.

હિંદૂ જનતા બેબસ થી. ઉસને દેખા ઔર સબ કુછ દેખા લેકિન હાથ મલ કર રહ ગયી. જબાન ખામોશ થી; લેકિન દિલ

રો રહા થા, સાથ હી ફખ્ર સે છાતી ફૂલ ઉઠી થી. ઉનકી આંખોં કે સામને સ્યાલકોટ કે હકીકતરાય કી એક નયી જ્યોતિ કંદહાર કે મુરલી મનોહર મેં દિખલાઈ દી. લબ બંદ થે. જબાનેં ચૂપ થી; લેકિન રહ રહ કર હવા મેં એક ગુંજ સુનાઈ દેતી થી

"મુરલી મનોહર કી જય!!"

("હિંદૂપંચ" ના એક અંકમાંથી)

૧૫–समरविजयी राजा कुंवरसिंह

(લેખકઃ–શ્રી. રામનારાયણ નાગરદાસ પાઠક)

વિકરાળ દાઢી, મારકણી આંખો, પિસેલ જડબાં, એંશી વર્ષના કુંવરસિંહનું લોખંડી શરીર જમને ડરાવે એવું હતું. તેનો જન્મ ૧૭૮૨માં જગદીશપુરની નાનીશી જાગીરમાં થયો હતો. શહેનશાહ શાહજહાંના વખતમાં તેના બાપદાદાને 'રાજા' ના ઇલકાબ સાથે મળેલી આ જાગીર ૧૮૫૭ની સાલમાં જપ્ત થઈ. કુંવરસિંહે તલવાર તાણીને કેડ બાંધી. પોતાની ભૂમિને પરહાથે જતી અટકાવવા એણે એકાશીમે વર્ષે છાતી સુધી ભેટ બાંધીને અંદર બબ્બે જમૈયા ધરબ્યા. દાનાપુરના સૈન્યની સરદારી લઈને આરાની છાવણી પર હલ્લો કર્યો. ખજાનો લૂંટ્યો ને જેલ તોડી. આરાના કિલ્લામાં થોડું શીખ અને અંગ્રેજી સૈન્ય હતું. ગઢને ઘેરીને કુંવરસિંહે તોપો માંડી. ત્રણ દિવસ ઘેરો ચાલ્યો. ચોથે દિવસે આરાછાવણીની મદદે દાનાપુરથી કપ્તાન ડનબર ત્રણસો ગોરા ને સો શીખ લઈ નીકળ્યો. કુંવરસિંહને ખબર પડી. રસ્તામાં આંબાવાડિયાની ઘટામાં કુંવરસિંહે ચારસો માણસો સંતાડી દીધાં. જેવી ડનબરની સેના બાગમાં પડાવ નાખી પડી તેવીજ ઉપરથી ગોળીઓ છૂટી, ચારસોમાંથી સાડાત્રણસો સૈનિકો ત્યાં ને ત્યાં રાત રહી ગયા. કપ્તાન ડનબર પણ ખલાસ થઈ ગયો.

પણ જબરી સેના અને તોપો સાથે આરાની મદદે મેજર આયર આવી પહોંચ્યો. મુઠ્ઠીભર સૈન્યથી કુંવરસિંહે આઠ દિવસ તેની સામે ટક્કર ઝીલી, પણ છેવટ હઠવું પડ્યું. કુંવરસિંહ જગદીશપુર પાછો ફર્યો. હવે મેજર આયરે જગદીશપુરને ઘેર્યું. કુંવરસિંહ રાજકુટુંબ સહિત ત્યાંથી નીકળીને અતરોલિયા પહોંચ્યો.

કુંવરસિંહ આવ્યાની ખબર પડતાંજ સરદાર મિલમૈન અતરોલિયા ચાલ્યો. બન્ને સેના વચ્ચે જંગ જામ્યો. બુઢ્ઢો કુંવરસિંહ તો લડાઈમાં-જ ઊછર્યો હતો. એણે મિલમૈનને ચારે કોરથી ઘેર્યો. ચાર કલાકમાં તો મિટ્ટી દાણાદાણ કરી નાખી. મિલમૈનનું લશ્કર જીવ લઈને નાઠું ને મિલમૈન મરતાં મરતાં આઝમગઢ પહોંચ્યો. કુંવરસિંહ જેવા કાળા રાજાથી ભાગવા માટે મિલમૈનની મશ્કરી કરતો હવે કર્નલ ડેમ્સ સામે આવ્યો. આઝમગઢ પાસે યુદ્ધ જામ્યું. કુંવરસિંહે ઉપરાઉપરી એવા તો હલ્લા કર્યા કે ડેમ્સ ચકિત થઈગયો અને છેવટે એ પણ રણ મૂકીને ભાગ્યો. આઝમગઢ પહોંચતાં તો એને ભોંય ભારે થઇ પડી.

આઝમગઢના ઘેરા માટે થોડું સૈન્ય રાખી રાજા કુંવરસિંહ બનારસ ચાલ્યો. કુંવરસિંહના ઉપરાઉપરી વિજયની જાણ થતાં લૉર્ડ કેનિંગની છાતી ધડકવા માંડી. તરત સેનાપતિ માર્કને મોટા લશ્કર સાથે કુંવરસિંહ ઉપર મોકલ્યો. માર્ક મૂછે તાલ દેતો આવ્યો. કુંવરસિંહ જેવા મગતરાને મસળતાં કેટલી વાર ? એકદમ હુમલો કરવાનો હુકમ છોડ્યો. બન્ને સેના ભેટી પડી, ઘમસાણ યુદ્ધ થયું. એકાશી વરસનો બુઢ્ઢો કુંવરસિંહ પોતાના ધોળા ઘોડા પર વીજળીવેગે ઘૂમવા માંડ્યો. જોતજોતામાં તો માર્કની સેના પાછી પડી. માર્ક આઝમગઢ તરફ ભાગ્યો. કુંવરસિંહ પાછળ પડ્યો. માર્ક આઝમગઢના કિલ્લામાં પેઠો એવોજ કુંવરસિંહે ગઢને ઘેરી લીધો.

ગોરો સેનાપતિ લગર્ડ માર્કની મદદે આવવા નીકળ્યો. લગર્ડ આવવાની ખબર મળતાં કુંવરસિંહે ઘેરો ઉઠાવ્યો અને પોતાની બાપુકી જાગીર જગદીશપુરમાં હતી ત્યાં પહોંચવા વિચાર કર્યો. રસ્તામાં આડી ગંગા નદી હતી. સેના સહિત ગંગા પાર કરવા માટે કુંવરસિંહ ઝપાટાબંધ નીકળ્યો. રસ્તામાં લગર્ડની સેના મળી. તાશેરો મચ્યો, લગર્ડ હારીને પાછો હઠ્યો. ત્યાં ડગલસ સામે આવ્યો. એની પણ એજ દશા. કુંવરસિંહના થોડા હાથી ડગલસને હાથ પડ્યા, પણ કુંવરસિંહ આબાદ છટકી ગયો.


કુંવરસિંહે અફવા ઉડાવી કે, પોતે સેના સહિત બાલિયાઘાટ પાસે હાથીઓ ઉપર સેના ઉતારશે. અંગ્રેજ સેના બાલિયાઘાટ ઉપર મોરચા માંડીને પડી. યુક્તિ આબાદ પાર પડી અને અહીં કુંવરસિંહે બાલિયાઘાટથી સાત માઇલ દૂર શિવપુરઘાટ ઉપર

રાતોરાત હોડીઓમાં સેના ઉતારવા માંડી. અંગ્રેજ અમલદારોને ખબર પડતાં તેઓ દોડતા શિવપુરઘાટ આવ્યા. ગંગાના શાંત જળમાં છેલ્લી હોડી મધ્યવહેણમાં ચાલી જતી હતી. એ છેલ્લી હોડીમાં સેનાનો પ્રાણ કુંવરસિંહ હતો. આ પારથી ગોરા સેનાપતિએ ગોળીઓ છોડી. સનનનન્ એક ગોળી આવીને કુંવરસિંહના જમણા હાથમાં પેઠી. ઝેરીલી ગોળીનું વિષ સારા શરીરમાં વ્યાપી જાય તે પહેલાં કુંવરસિંહે ડાબે હાથે તલવાર ખેંચીને પોતાનો જમણો હાથ કોણીમાંથી કાપીને ગંગામાં ફેંકી દીધો! તથા સામે પાર જઈને હાથે પાટો બાંધી દીધો. અંગ્રેજ સેના અંધારામાં આંખો ફાડીને આ સાહસ જોઇ રહી!

જગદીશપુરને પાદર જઇ જનરલ લીગ્રેન્ડની સેના સામે ઘવાયેલા કુંવરસિંહે બાથ ભીડી. લીગ્રેન્ડની સજ્જ, તાજી ને પ્રમાણમાં બમણી સેના ઉપર તે વરુની જેમ તૂટી પડયો. બે ઘડી પૂરી ન થઇ ત્યાં તો અંગ્રેજ સેના ભાગવા માંડી. લોઇ લોકો ડોળીઓ મૂકી મૂકીને નાસી છૂટયા. તરસ્યા સવારો પાણી પાણી કરતા મર્યા; અને જનરલ લીગ્રેન્ડ પણ રણમાં સૂતો. ૧૯૯ ગોરામાંથી માત્ર એંશી જીવતા રહ્યા. બધી તોપો રાજા કુંવરસિંહને હાથ પડી.

કુંવરસિંહનો આ અદ્ભુત વિજય ભારતીય ઇતિહાસમાં સોનાના અક્ષરે લખાયો છે. ફરી એક વાર કુંવરસિંહે પોતાના પિતાની જાગીરમાં સ્વાધીનતાનો ઝંડો ફરકતો કર્યો, પણ એના હાથનો ઘા રુઝાયો નહોતો. વૃદ્ધાવસ્થા, વ્યાધિ અને થાકને લીધે ૧૮૫૮ ની ૨૬મી એપ્રિલે રાજા કુંવરસિંહ પોઢી ગયો; પણ પોતાની માતૃભૂમિને સ્વતંત્ર કર્યાનો સંતોષ એના ભવ્ય મુખ ઉપર ઝળહળી રહ્યો હતો.

("કુમાર"ના એક અંકમાંથી)



१६--भक्तराज राजा जयमल्लसिंहजी

રાજા જયમલ્લસિંહજી મેડતા કે રાજા થે. યે બડે હી સદાચારી, સાધુ-સ્વભાવ, નિયમોં મેં તત્પર ઔર દૃઢનિશ્ચયી ભગવદ્ભક્ત થે. યદ્યપિ યે ભગવાન કા સ્મરણ રખતે હુએ હી રાજ્ય કા સારા કામ કરતે થે; તથાપિ પ્રાતઃકાલ ડેઢ પહર દિન ચઢને તક તો પ્રતિદિન એકાંતસ્થલ મેં નિયમિત રૂપ સે ભગવાન કા ધ્યાનભજન કરતે થે. ઇસ સમય બડે સે બડે જરૂરી કામ કે લિયે ભી કોઇ આપકે પાસ નહીં જા સકતા થા. યે ભગવત્પૂજન કે આનંદસાગર મેં ઐસે ડૂબે રહતે થે કિ કિસી પ્રકાર કે બાહરી વિઘ્ન સે ઉનકા ધ્યાન નહીં ટૂટતા થા. ઇસ સમય ઉનકી અંતર ઔર બાહર કી દૃષ્ટિ મિલ કર એક હો જાતી થી, ઔર વહ દેખતી થી-કેવલ એક શ્યામસુંદર કી ત્રિભુવનમોહન અનૂપ રૂપરાશિ કો. ઇસ સમય કી ઉનકી પ્રેમ વિહ્વલતા ઔર સમાધિનિષ્ઠા કો સૌભાગ્યવશ જો કોઇ દેખ પાતા, વહ ભગવત્પ્રેમ કી ઓર બલાત્કાર આકર્ષિત હો જાતા થા. ઇસ પ્રતિદિન કી નિયમિત ઉપાસના મેં અનેક બાધાએં આયીં, રાજ કે અનેક અત્યંત આવશ્યક કાર્ય ઉપસ્થિત હુએ, પરંતુ જયમલ્લ અપને પ્રણ સે નહીં ડિગે.

જયમલ્લ કે ઇસિ પ્રણ કી બાત ચારોં ઓર ફૈલ ગયી. એક દૂસરા રાજા, જો ઇનકે કુટુંબ કા હી થા, ઇર્ષ્યા ઔર દુર્બુદ્ધિવશ જયમલ્લ સે વૈર રખતા ઔર ઇન્હેં સતાને કા મૌકા ઢુંઢા કરતા થા. ઉસે યહ બાત માલૂમ હુઈ તો ઉસને એક દિન પ્રાતઃકાલ કે સમય બહુત સી સેના સાથ લે કર મેડતા આ ઘેરા. લોગોં ને આ કર રાજ મેં સૂચના દી. રાજા કા કડા હુકમ થા કિ ઉસકી આજ્ઞા બિના કિસીસે યુદ્ધ આદિ ન કિયા જાય, અતએવ દિવાન ને આ કર મહલોં મેં ખબર દી; પરંતુ રાજા જયમલ્લ કે પાસ તો ઉસ સમય કોઇ જા નહીં સકતા થા. આખીર રાજમાતા સે નહીં રહા ગયા. રાજ્યનાશ કી આશંકા સે રાજમાતા સાહસ કર કે પુત્ર કે પાસ ઉનકી કોઠરી મેં ગયી. ઉસને જા કર દેખા-જયમલ્લ સમાધિનિષ્ઠ બૈઠે હૈં, બાહ્યજ્ઞાન બિલકુલ નહીં હૈં, નેત્રોં સે પ્રેમાશ્રુ બહ રહે હૈં, બીચ બીચ મેં અનુપમ આનંદ કી હંસી હંસ દેતે હૈં. ઉનકે મુખમંડલ પર એક અપૂર્વ જ્યોતિ ફૈલ રહી હૈં. માતા

એક બાર તો રુક ગયી, પરંતુ પુત્ર કે અનિષ્ટ કી સંભાવના સે ઉસને કહા–"બેટા! શત્રુ ને ચઢાઇ કર દી, કુછ ઉપાય કરના ચાહિયે." જયમલ્લ કા ચિત્ત તો ભગવાન કી રૂપછટા મેં નિરુદ્ધ થા. ઉસકો કુછ ભી સુનાયી નહીં દિયા. જબ તીન ચાર બાર પુકારને પર ભી કોઇ ઉત્તર નહીં મિલા, તબ માતા ને હાથ સે જયમલ્લ કે શરીર કો હિલાયા. ધ્યાન છૂટને સે જયમલ્લ ને આશ્ચર્યચકિત હો નેત્ર ખોલે. મન મેં બડા ક્ષોભ હુઆ, પરંતુ સામને વિષણ્ણ–વદના જનની કો ખડી દેખ કર તુરંત હી ભાવ બદલ ગયા ઔર ઉન્હોંને માતા કો પ્રણામ કિયા. માતા ને શત્રુ કે આક્રમણ કા સમાચાર સુના દિયા; પરંતુ જયમલ્લ કો ઇસ સમય ભગવચ્ચર્ચા કે સિવા દૂસરી બાત સુનને કા અવસર હી નહીં થા. ઉન્હોંને ચાહા કિ માતા કો નમ્રતા સે સમઝા દૂં, લેકિન ઉનકી વૃત્તિયાં તો ભગવત્સ્વરૂપ કી ઓર પ્રબલ વેગ સે ખિંચી જા રહી થીં, સમઝાવે કૌન? જયમલ્લ કુછ ભી બોલ નહીં પાયે ઔર ઉનકી સમાધિ હોને લગી. માતા ને ફિર કહા, તબ પરમવિશ્વાસી ભક્ત જયમલ્લજી કે મુંહ સે કેવલ ઇતને શબ્દ નિકલે–"ભગવાન્ સબ કલ્યાણ હી કરતે હૈં." તદનંતર ઉનકી આંખે મુંદ ગયી. વહ ફિર સુખ–દુઃખ, હાનિ–લાભ ઔર જય–પરાજય કી ભાવના સે બહુત પરે કે મનોહર નિત્યાનંદમય પ્રેમરાજ્ય મેં પ્રવેશ કર ગયે. જગત કી ક્ષુદ્ર આંધી ઉનકી મનરૂપી હિમાલય કે અચલ શિખર કો તનિક ભી નહીં હિલા સકી. માતા નિરાશ હો કર લૌટ આયી.

રણભેરી બજને લગી, શત્રુસેના કોઇ બાધા ન પા કર નગર મેં ઘુસને લગી. અબ યોગક્ષેમ કા ભાર વહન કરનેવાલે ભક્તભાવન સે નહીં રહા ગયા. શ્યામસુંદર ત્રિભુવન–કંપાનેવાલે વીરેન્દ્ર-વેશમેં શસ્ત્રાદિ સે સુસજ્જિત હો અકસ્માત્ શત્રુ–સૈન્ય કે સામને પ્રકટ હો ગયે. મહારાજા રઘુરાજસિંહજી લિખતે હૈં–

જાનિ નિજ સેવક નિરત નિજ પૂજન મેં,
ચઢિકૈ તુરંગ શ્યામ રંગ કો સવાર હૈ.
કર કરવાલ ધારિ કાલહૂકો કાલ માનો,
પહુંચ્યો ઉતાલ જહાં સૈન્ય બેશુમાર હૈ.
ચપલાસોં ચમકિ ચહૂંકિત ચલાઇ બાજી,
ભટનકી રાજી કાટિ કરત પ્રહાર હૈ.
રઘુરાજ ભક્તરાજ-લાજ રાખિબેકે કાજ,
સમર બિરાજ્યો વસુદેવ કો કુમાર હૈ.

બ્રહ્મા ઔર યમરાજ જિસકે શાસન સે સૃષ્ટિ કી ઉત્પત્તિ ઔર સંહાર કરતે હૈં, ઉનકે સામને ક્ષુદ્ર રાજપૂત સેના કિસ ગણુના મેં થી? બાત કી બાત મેં સબ ધરાશાયી હુયે. ઉનકા પુણ્ય આજ સર્વતોભાવ સે સફલ હો ગયા! ભગવાન કે હાથ સે નિર્ધન હો વે સદા કે લિયે પરમધન પા ગયે. શત્રુ રાજા ઘાયલ હો કર જમીન પર ગિર પડા, પલોં મેં ઈતના કામ કર ઘોડે કો ઘુડસાલ મેં બાંધ સવાર અંતર્ધાન હો ગયે.

ઇધર જયમલ્લજી કી પૂજા શેષ હુઈ. ઉન્હોને તુરંત અપના ઘોડા મંગવાયા. દેખતે હૈં તો ઘોડા થક રહા હૈ, ઉસકા શરીર પસીને સે ભીંગ રહા હૈ ઔર વહ હાંફ રહા હૈ. રાજા ને પૂછા કિ—"ઇસ ઘોડે પર કૌન ચઢા થા?" પરંતુ કિસીને જવાબ નહીં દિયા. ઇસ રહસ્ય કો કોઈ જાનતા ભી તો નહીં થા. ઈતને મેં લોગોં ને દૌડતે હુયે આ કર ખબર દી કિ—"શત્રુસેના તો સબ મરી પડી હૈ." રાજા કો બડા આશ્ચર્ય હુઆ, વહ ઘોડે કી બાત ભૂલ કર તુરંત નગર કે બહાર પહુંચે. દેખતે હૈં, લાશોં કા ઢેર લગા હૈ ઔર વિપક્ષી રાજા ઘાયલ સે પડે હૈં. જયમલ્લ ઉસકે પાસ ગયે ઔર પ્રેમભાવ સે "જય શ્રીકૃષ્ણુ" કરને કે બાદ ઉસસે યુદ્ધ કા વિવરણ પૂછને લગે. ઉસને હાથ જોડ કર કહા—"મહારાજ! આપકે યહાં અનુપ રૂપશિરોમણિ શ્યામલમૂર્તિ મહાવીર કૌન હૈં? ઉન્હોંને અકેલે હી મેરી સારી સેના કા સંહાર કર ડાલા ઔર મુઝકો ભી ઘાયલ કર કે ગિરા દિયા. અહા! કૈસા અનોખા ઉનકા રૂપ હૈ, જબસે મૈંને ઉન નૌજવાન ત્રિભુવન મનમોહન કો દેખા હૈ, મેરા ચિત્ત ઉન્હેં ફિર સે દેખને કે લિયે વ્યાકુલ હો રહા હૈ." જયમલ્લ અબ સમઝે કિ યહ સારી મેરે પ્રભુ કી લીલા હૈ! ઉનકા શરીર પુલકિત હો ગયા. નેત્રોં સે પ્રેમાશ્રુ બહને લગે. વે ગદ્ગદ—વાણી સે બોલે—"ભાઇ! તુમ ધન્ય હો, તુમ્હારે સૌભાગ્ય કી બ્રહ્મા ભી પ્રશંસા કરેંગે. અહા! મેરી તો આંખેં ઉસ સાંવરે—સલોને કે લિયે તરસ હી રહી હૈં, તુમ ધન્ય હો જો સહજ હી મેં ઉસકા દર્શન પા ગયે!" અબ ઉસકા સારા વૈરભાવ જાતા રહા, જયમલ્લ ને બડે સમ્માન ઔર આરામ કે સાથ ઉસે અપને ઘર પહુંચા દિયા. વહાં પહુંચ કર વહ ભી સપરિવાર ભગવાન કા પરમભક્ત હો ગયા!

બોલો ભક્ત ઔર ઉનકે ભગવાન કી જય!

('કલ્યાણ'ના ગીતાંકમાંથી)

૧૭–શંકરલાલ માહેશ્વરનાં સંસ્મરણો

(લેખકઃ–શ્રી. ભાઇશંકર કુબેરજી શુક્લ)

મોરબી શહેરની કીર્તિ દિગંતમાં પ્રસરાવનાર, મોરબી કોઈ શહેર છે એમ કાશીપર્યંત પંડિતો અને વિદ્વાનોમાં જાણ કરાવનાર, દેવાવતારી શાસ્ત્રીજી શંકરલાલનો જન્મ મચ્છુ નદીને રમ્ય કિનારે મોરબીમાં શંકર સમાન વૃત્તિવાળા માહેશ્વર ભટ્ટને ઘેર સંવત ૧૮૯૯ માં અષાડ વદ ચોથ ને બુધવારે થયો હતો. મેઘના ગર્જનથી મદમત્ત થયેલી, મેઘના વર્ષાથી પ્રસન્ન થયેલી પૃથ્વી એ સમયે ઓર આનંદ આપી રહી હતી.

માહેશ્વર ભટ્ટ પરમ શિવભક્ત હતા અને અહોનિશ શિવપૂજન કરવામાંજ પોતાનો સમય વ્યતીત કરતા હતા; તેથી જાણે મહાદેવે પ્રસન્ન થઇને પોતાના કોઇ વરરુચિ જેવા મહાપ્રજ્ઞ અને વિદ્વાન ગણને આજ્ઞા કરી હોય અને શાસ્ત્રીજીરૂપે પુત્ર આપ્યો હોય એમ લોકો કહેતા હતા.

શાસ્ત્રીજી પોતાની અગિયાર વર્ષની વયમાંજ સારસ્વત અને કુમારસંભવ જામનગરમાં મોસાળમાં ભણ્યા હતા. એ અલૌકિક નવીનતાથી જામનગરના વિદ્વાનો તથા વૃદ્ધો મુગ્ધ થયા હતા. તે વખતે તેમના પ્રથમના શ્લોકો અર્થ–ગૌરવવાળા થયા હતા. ગુરુની આજ્ઞાથી સરળ અને શાંતરસવાળા ઉપદેશમય શ્લોકો તેમણે પછી રચવા માંડ્યા.

પંદર વર્ષની વયે તેઓ ઉચ્ચ, કોમળ અને સરળ કવિતાઓ કરતા; તેથી તેમના ગુરુશ્રી કેશવજી શાસ્ત્રી તેમના ઉપર સાનંદાશ્ચર્યથી અતિ પ્રસન્ન રહેતા હતા.

જામનગરમાં તેમના ગુરુશ્રી કેશવજી શાસ્ત્રી પ્રતિભાસંપન્ન અને સમર્થ પંડિત હતા; અને તેમના ઘણા શિષ્યોમાં શાસ્ત્રીજી પ્રથમ હતા. દક્ષિણના એક તૈલંગી વિદ્વાન 'બાલ સરસ્વતી' નામધારી જામનગરમાં આવ્યા હતા, તેમણે જામ વિભાજીની કચેરીમાં ક્રમ વિના ચોસઠ અક્ષરો બોલી કાઢ્યા. આવું કામ કોઈ કરી શકશે કે કેમ એવું જાહેર થતાં, કેશવજી શાસ્ત્રીએ શંકરલાલનું નામ આપ્યું. શાસ્ત્રીજીએ ધાર્યા કરતાં વિશેષ કામ કર્યું; તે ક્રમ વિના અક્ષરો તો બોલી ગયા, પણ તેમાંથી શ્લોકો નીપ-

જાવી અર્થ કાઢી આપ્યો. આ પ્રસંગે તેમને જામશ્રી વિભાજી તરફથી અથાગ માન મળ્યું. આ તેમના અવધાનનો પહેલો પ્રસંગ.

તે પછી એક સ્વામી સદાનંદજી જામનગર પધાર્યા, તે વખતે શાસ્ત્રીજીએ જામશ્રીની કચેરીમાં ષડાવધાન કરી બતાવ્યું. ચોસઠ અક્ષરોમાં નવીન કવિતારસ બતાવી પૃથક્ પૃથક્ માણસોએ ક્રમ વિના બોલેલા અક્ષરો યાદ રાખ્યા અને તેની પણ કવિતા કરી દીધી. આ વખતે આખી સભા ચકિત થઇ હતી અને શાસ્ત્રીજીને અનુપમ માનસત્કાર મળ્યાં હતાં. તે પછી શાસ્ત્રીજીની કીર્તિ દેશેદેશ બહુ ફેલાવા માંડી.

મોરબીના ઠાકોર સાહેબ રવાજીરાજ સુધી આ ખ્યાતિ આવી અને એક મોરબીનું રત્ન અન્ય દેશમાં પ્રકાશે છે, એમ જાણી શાસ્ત્રીજીને મોરબી આવવા બહુજ આગ્રહ કર્યો. એકવીસ વર્ષની વયે તેઓ મોરબીમાં આવ્યા અને મહારાજા રવાજીરાજે જાડેજાની વંશાવળીનું પુસ્તક રચવા શાસ્ત્રીજીને આજ્ઞા કરી. મહારાજા રવાજીરાજ ગુજરી ગયા પછી મોંઘીબા સાહેબે શાસ્ત્રીજીનો બહુજ સત્કાર કર્યો અને રવાજીરાજ પાઠશાળા સ્થાપી તેમને શાસ્ત્રી તરીકે નીમ્યા. તે પાઠશાળા અદ્યાપિપર્યંત ચાલુ છે. શાસ્ત્રીજીએ ચોવીસ વર્ષની વયે જાડેજાની વંશાવળીનું પુસ્તક પૂરું કર્યું, તે અપૂર્વ ઐતિહાસિક ગ્રંથ છે. આ પુસ્તક હજુ સુધી પણ અપ્રસિદ્ધ છે.

ત્યાર પછી શાસ્ત્રીજીને મુંબઇમાં આવવાનો બહુજ આગ્રહ થવા લાગ્યો અને રાવબહાદુર વિશ્વનાથ નારાયણ મંડળિકના મકાનમાં તેમણે અષ્ટાવધાનના અનુપમ પ્રયોગો કર્યા અને ત્યાં તેમને "અષ્ટાવધાની શીઘ્રકવિ"ની પદવી મળી. આ વખતે તેમની કીર્તિ આખા હિંદમાં ફેલાવા લાગી. કાશી સુધીના પંડિતો મોરબીનું નામ સાંભળે ત્યારે એટલુંજ કહેતા કે, "શાસ્ત્રીજી શંકરલાલ જ્યાં રહે છે તેજ મોરબી કે?" જ્યારે કચ્છના મહારાવશ્રી-ખેંગારજી પ્રથમ મુંબઇમાં આવ્યા, ત્યારે મુંબઈમાં વસતી કચ્છી પ્રજાએ સંસ્કૃતમાં એક અપૂર્વ અને મોટાં ચૌદ પાનાંમાં લખાયેલું માનપત્ર એમને આપ્યું હતું. આ માનપત્ર શાસ્ત્રીજીએ લખી આપ્યું હતું અને હજુ સુધી મુંબઇમાં એમજ કહેવાય છે કે, આવું અલૌકિક અને રસિક માનપત્ર કોઇ વખત લખાયું નથી અને લખાશે નહિ. શાસ્ત્રીજીએ લેખનકાર્ય શરૂ કર્યું અને એ પ્રવાહ

એટલો બધો જોસબંધ અને વિશાળ હતો કે તેની યાદી વાંચી સૌ કોઇ દિગ્મૂઢ થઇ જશે. પ્રસંગોપાત્ત છૂટાં છૂટાં કાવ્યો તો તેઓ બાર મહિનામાં બાવીસ કરતા. પ્રિન્સ આલ્બર્ટ ભાવનગરમાં આવ્યા ત્યારે તેમનું સમયને અનુસરતું કાવ્ય રસિક અને અદ્ભુત હતું. તેમનાં સરસ અને રમૂજી કાવ્યોમાં કશી ત્રુટિ ન હતી. તેમના ગ્રંથોની યાદી નીચે મુજબ છેઃ—

સાવિત્રીચરિત્ર, ચંદ્રપ્રભાચરિત્ર, ધ્રુવાભ્યુદય, ગોપાળચિંતામણિવિજય, વિદ્વત્ કૃત્ય વિવેક, વિપન મિત્રં પત્રં, સેવ્યસેવકધર્મ, અનસૂયાભ્યુદય, પ્રયોગમણિમાળા ટીકા, લઘુસિદ્ધાંતકૌમુદી, શ્રીકૃષ્ણચંદ્રોદય નાટક, ભગવતી ભાગવત, પાંચાળી ચરિત્ર, પ્રસન્નલોપામુદ્રા, અરુંધતીવિજય, કેશવકૃપાલેશ લહરિ, વામનવિજય નાટક, ભ્રાંતિભયભંજન અને છેવટનું બાલાચરિત્ર.

રવાજીરાજકીર્તિ–વિલાસ, વિભાવિલાસ, મહેશપ્રાણપ્રિયાકથા, સ્તોત્રસંગ્રહ, કૈલાસયાત્રા, ઝંડુવિરહ, ભાવનગરનરેશને મહારાજાનો ખિતાબ મળ્યો તે સમયે કરેલું કાવ્ય, શ્રીયુત પટ્ટણી સાહેબને સી. આઇ. ઇ. નો ખિતાબ મળ્યો ત્યારે કરેલું કાવ્ય; આદિ અનેક નાનાં કાવ્યોનો સંગ્રહ કર્યો હતો.

મિસિસ એનિબિસેંટ મોરબી આવ્યાં ત્યારે ઘણુંજ રસિક કાવ્ય કર્યું હતું, एनीबिसन्ट विदुषी न हि कस्य वंद्या એ પદ હજુ પણ યાદ છે. મહારાજાશ્રી લખધીરજીના લગ્નોત્સવ પ્રસંગે ઘણી ઉત્તમ પાદપૂર્તિઓ તેમણે કરી હતી, તે અત્યારે મળે તો સાહિત્યમાં ઓર રસ આવે.

આ ઉપરાંત ગુજરાતી ભાષાંતરો પણ તેમનાજ શ્રમનું પરિણામ હતું.

શાસ્ત્રીજીના સ્નેહીઓમાં સ્વ. રણછોડભાઇ ઉદયરામ, સ્વ. મણિભાઇ જશભાઇ, શેઠ લક્ષ્મીદાસ ખીમજી, સર ચીનુભાઈ, ઝંડુ ભટ્ટજી, વૈદ્ય વિશ્વનાથજી, મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, શ્રીયુત સર પટ્ટણી, કેશવકૃતિના સુપ્રસિદ્ધ કવિ કેશવલાલ અને કાઠિયાવાડના તમામ રાજામહારાજાઓ, લીંબડી, મોરબી, ભાવનગર, પોરબંદર, લખતર, વાંકાનેર, આદિના રાજાઓ શાસ્ત્રીજી તરફ અત્યંત પૂજ્યબુદ્ધિ ધરાવતા હતા. વળી મોરબીના મહારાજા સર વાઘજી બહાદુરે હિમાલયની અને આખા હિંદની યાત્રામાં શાસ્ત્રીજીને સાથે રાખ્યા હતા. અને જ્યારે મોરબીમાં ૧૦૮

બારાયણે બેસાડયાં હતાં, ત્યારે અગ્રાસન શાસ્ત્રીજીનેજ આપવામાં આવ્યું હતું. અમદાવાદની સંસ્કૃત પાઠશાળામાં તેઓ હરવખત પરીક્ષક નિમાતા હતા.

ઇ. સ. ૧૯૧૪ માં આપણા શહેનશાહ પંચમ જ્યોર્જ તરફથી તેમને "મહામહોપાધ્યાય" નો ખિતાબ આપવામાં આવ્યો હતો; અને સંવત ૧૯૭૨ માં ભારતધર્મ મહામંડળ,જેના સંચાલકો પંડિત મદનમોહન માલવિયા અને દરભંગાનરેશ છે, તે મહામંડળ તરફથી શાસ્ત્રીજીને "કવિશિરોમણિ"ની પદવી મળી હતી. મોરબીની આર્યહિતેષિણી સભાએ શાસ્ત્રીજીને ઘણું ઉચ્ચ કોટિનું માનપત્ર આપ્યું હતું, તે ઘણું મનનીય છે. શાસ્ત્રીજી ગુપ્ત દાનો આપતા હતા અને તે વિદ્યાપોષક હતા. તેમને ઘણી વખત પૈસાની તંગી રહેતી હતી.

મુંબઇમાં વસતા મોરબીના શ્રીમંતો આ હકીકત જાણતા હતા, તેથી તેમને આગ્રહ કરી મુંબઇમાં બોલાવ્યા અને સરસ્વતીના અઠંગ સેવકનો યોગ્ય સત્કાર અને બદલો આપવા શતાવધાનના પ્રયોગો કરાવ્યા. એકી સાથે સો બીનાઓ યાદ રાખવી, મકાનો પાસે જતી ટ્રામની ઘંટડી કંડકટરે કેટલી વાર વગાડી, ટ્રામ કેટલી વાર આવી તથા ગઇ, અનેકવિધ કવિતાના પ્રયોગો, ગુણાકારો, છૂટાંછવાયાં વાકયો, પાસે એક જણ ડંકા વગાડયા કરે તે ગણવા ઇત્યાદિથી તે વખતે આખું મુંબઇ છક થઇ ગયું હતું અને શાસ્ત્રીજીને એક ઉમદા પર્સ એનાયત કરી હતી. આ સઘળા દ્રવ્યનો ઉપયોગ શાસ્ત્રીજીએ પોતાના ગ્રંથો છપાવવામાં કરી દીધો હતો. મુંબઇના હરેક વર્તમાનપત્રે અને ખાસ કરીને ગુજરાતી પત્રે આ સરસ્વતીના પુત્રની અત્યંત પ્રશંસા કરી હતી.

મોરબીમાં આ વખતે જાણે કે તેમના પૂર્વજન્મના સહયોગી ગુરુભાઇ જેવા કૈલાસમાંથી, એક અખાડાના યોગીન્દ્રો મૃત્યુલોકમાં જન્મ લેતા આવ્યા હોય, ત્યારે એકજ સ્થળે ભેગા થયા હોય એવા શ્રીમંત અને જ્ઞાની પોપટભાઇ મોતીચંદ નામના મહાન ધર્મિષ્ઠ, ધનાઢય અને પરમ જ્ઞાતા, તેમના અનન્ય મિત્ર, સ્નેહી અને ગુણાનુરાગી હતા. અહોનિશ પોપટભાઇ શાસ્ત્રીજીને ગુરુ તરીકે પૂજતા અને મોટા સમારંભથી દરવરસે ગુરુપૂર્ણિમાએ શાસ્ત્રીજીને પૂજીને ગુરુપૂજામહોત્સવ કરતા હતા.

આ પૂજન થયા પહેલાં શાસ્ત્રીજી પોતાના ગુરુ શ્રીકેશવજી

શાસ્ત્રીના ફોટાનું પ્રથમ પૂજન કરતા અને તેમના વંશજોને ગુરુદક્ષિણા મોકલી આપતા.

સાહિત્ય, વિદ્યા, નાટક, કાવ્ય વગેરે સેવા કરવા ઉપરાંત શાસ્ત્રીજી એક વેદાંતી હતા અને વેદાંતના અનેક ગ્રંથોનું વાચન-વિવેચન પોપટભાઇને ઘેર શાસ્ત્રીજી કરતા હતા. આ તેમની ઉત્તરાવસ્થાનું મહાન ધાર્મિક વર્તન સાહિત્યસેવા ઉપરાંત હતું. હમેશાં સાંજે બે કલાકથી ત્રણ કલાક પોપટભાઇને ઘેર શ્રવણ થતું અને ચાળીસથી પચાસ ભાવિક શ્રોતાઓ હમેશાં હાજર રહેતા. આવી વેદાંતજ્ઞાનકથાથી કેટલીએ વિધવા બહેનો પોતાનો વખત પ્રભુભજનમાં ને જ્ઞાનપ્રાપ્તિમાં વ્યતીત કરતી હતી, તેનું મહાન પુણ્ય શાસ્ત્રીજીને હતું. તેમને ઘેર પણ પ્રભાતમાં નવથી દસ સુધી અને રાત્રે ત્રિકમરાયના મંદિરમાં નવથી દશ સુધી શ્રવણ કરાવતા.

તેમની આ વેદાંતજ્ઞાનકીર્તિ એટલી બધી વધી કે, હમેશાં વીસેક પરમહંસો શ્રીમાન પોપટભાઈના મહેમાન થઈને છ છ માસ કે વર્ષો સુધી રહેતા અને સર્વનું આતિથ્ય શ્રીમાન પોપટભાઈ સપ્રેમ કરતા. આથી નવીન તથા અદ્‌ભુત જ્ઞાનનો રસ મોરબીની પ્રજાને હમેશ મળ્યા કરતો; એ મહાન પુણ્ય પણ શાસ્ત્રીજીના પ્રતાપથી હતું. શાસ્ત્રીજીનું નામ સાંભળીને ઘણાએ સંન્યાસીઓ, દંડીઓ, પરમહંસો મોરબીમાં આવતા હતા. એ બધો શાસ્ત્રીજીનો પ્રતાપ હતો. હવે તો મોરબીમાં એવા મહાત્માઓનાં દર્શન દુર્લભ થયાં છે.

શાસ્ત્રીજી હમેશાં દસ વાગ્યા સુધી મહાદેવની પૂજામાં નિમગ્ન રહેતા હતા. તેમના ઇષ્ટદેવ શ્રીરાજરાજેશ્વર હતા અને તે રાજરાજેશ્વર તે મોરબીના શ્રીકુબેરનાથ મહાદેવ.

શાસ્ત્રીજી પોતાની તમામ કૃતિઓમાં પ્રથમ શબ્દ “શ્રીરાજરાજેશ્વરો વિજયતે” એમ લખવાનું કોઇ પણ દિવસ ચૂકયા નથી. આવા અલૌકિક શિવના ઇષ્ટોપાસનથી શાસ્ત્રીજીને મોરબીમાં સૌ શંકરના ગણ તરીકે માનતા. શાસ્ત્રીજીને પોતાના ગુરુ તરફ પણ અત્યંત પૂજ્યભાવ, ભક્તિ અને પ્રીતિ હતાં. તેથી શાસ્ત્રીજી દરેક પુસ્તકના મંગળાચરણમાં મહાદેવ, ગુરુ અને પિતા, એ ત્રણેને પ્રથમ નમસ્કાર કરતા હતા. તેમણે ગુરુનું શ્રાદ્ધ ગયાજી જઇને કર્યું હતું અને ગુરુ પાછળ લોટાનું લહાણું કર્યું હતું. આવી ગુરુભક્તિ આજે તો કયાંય જોવામાં આવતી નથી.

ગુજરાત–કાઠિયાવાડના મહાન પુરુષની કદર સાહિત્ય પરિષદ પણ કરતાં ચૂકી નથી, એ આનંદની વાત છે; અને સુરતની સાહિત્ય પરિષદમાં તેમને ઉપપ્રમુખ નીમી તેમને તથા સંસ્કૃત ગિરાને અપૂર્વ માન આપ્યું હતું. તેઓ મૃત્યુપર્યંત વેદાંતજ્ઞાનચર્ચા અને ગ્રંથલેખન કરતા હતા. છેવટનું તેમનું પુસ્તક બાલાચરિત્ર હતું. આમાં એક સર્ગ અધૂરો રહ્યો હતો. બહુજ માંદગી આવી પડી તોએ તેમણે કહ્યું કે, "મને એક કલાક જરા સુખ થાય તો આ છેવટનો સર્ગ પૂરો કરું." પણ કાળની ગતિ વિચિત્ર છે. તે સર્ગ અધૂરો રહ્યો અને તેઓ આ નશ્વર દેહ છોડી અમરધામમાં સિધાવી ગયા. બાણભટ્ટનું પણ આમજ થયું હતું. મહાન પુરુષોનું કાર્ય શું આવી રીતે અધૂરું રહેતું હશે? બાકીનો સર્ગ શાસ્ત્રીજી હાથીભાઇએ પૂરો કર્યો અને પછી ગ્રંથ છપાયો. શાસ્ત્રીજીના ગ્રંથોનું સવિસ્તર વિવેચન કોઇ સમર્થ શાસ્ત્રજ્ઞ પંડિત હોય તેજ કરી શકે. તે માટે હું માત્ર રસજ્ઞ અભિપ્રાયો ટાંકી બતાવીશ.

શાસ્ત્રીજીના એક વિદ્યાર્થી તરફથી મને કેટલીક જાણવા જેવી હકીકત મળી છે, તે નીચે પ્રમાણે આપું છું:–

એક દિવસે એક બ્રાહ્મણનો છોકરો તેમને ઘેર ભિક્ષા માટે આવ્યો. ઘરમાં કોઇ હતું નહિ, માત્ર શાસ્ત્રીજી પૂજા કરવામાં નિમગ્ન હતા. તે છોકરાએ જાણ્યું કે, ઘરમાં કોઈ નથી, તેથી ફળિયામાં પડેલી એક તપેલી ચોરીને તે ચાલતો થયો. આ હકીકત શાસ્ત્રીજીએ જોઇ. થોડાક દિવસ જવા દીધા પછી શાસ્ત્રીજીએ તે છોકરાને બોલાવ્યો. સ્નાન કરાવી પૂજા કરી, ઘરમાં જેટલાં વાસણો જોઇએ તેટલાં તમામ વાસણોનું દાન કર્યું. જતી વખતે કહ્યું કે, "મારી પાસે માગ્યું હોત તો હું આપત, પણ કોઇ દિવસ ચોરી કરવી નહિ." આથી તે બાળક શરમિંદો પડી ગયો અને ત્યારથી તેનું જીવન ઘણુંજ સુધરી ગયું.

પોતાના પરમ મિત્ર ઝંડુ ભટ્ટજીની માંદગી પ્રસંગે મૃત્યુંજય સ્તોત્રનું કાવ્ય ગાયું હતું અને તે સ્તોત્રનો પ્રભાવ શાસ્ત્રીજીના શિષ્યમાં બહુ હતો અને તેથી આફ્રિકામાંના તેમના શિષ્યનો એક પુત્ર માંદો હતો, તે વખતે આ સ્તોત્ર બહુજ પ્રેમથી સૌએ ગાયું હતું અને તે બાળકનું રોગશમન થયું હતું.

ચંદ્રપ્રભાચરિત્રમાં વિદ્યાદાનનું એવું તો અપૂર્વ વર્ણન કરેલું છે કે, તે વાંચીને મોરબીના મહારાજાને મોરબીમાં વખતુબા ચેરિ-

ટેબલ હાઇસ્કૂલ ખોલવાની વૃત્તિ થઈ હતી. અને તેવી મફત હાઇસ્કૂલ સ્થાપવાનું માન પણ શાસ્ત્રીજીને હતું.

મુંબઇમાં એક વખતે તેમના ગુરુશ્રી કેશવજી શાસ્ત્રી આવ્યા હતા, ત્યારે મદ્રાસથી એક મહાન વિદ્વાન ગોપીભટ્ટ નામે પંડિત આવ્યા હતા અને તેમણે કેશવજી શાસ્ત્રી પાસે શાસ્ત્રાર્થ માગ્યો હતો.

જ્યારે શાસ્ત્રીજીએ વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો, ત્યારે ગુરુદક્ષિણા માગવા ગુરુને કહ્યું, પણ ગુરુએ કહ્યું કે, "વખત આવ્યે માગીશ."

આ વખતે મુંબઇમાં શાસ્ત્રાર્થ કરવા શાસ્ત્રીજીને મોરબીથી તાર કરીને ગુરુએ મુંબઇમાં બોલાવ્યા અને ગુરુદક્ષિણામાં ગોપીભટ્ટ સામે શાસ્ત્રાર્થ કર્યો અને વિજય મેળવ્યો.

શાસ્ત્રીજી સંસ્કૃત ભાષા ઉપર અત્યંત કાબૂ ધરાવે છે તે જાણી તેઓ મોહિત થઇ ગયા હતા. ભાષા, પવિત્ર વિચારો, સરળ અસરકારક અને સુંદર અલંકારો તથા કલ્પનાથી સંયુક્ત જાણે કે બાણભટ્ટ, વિષ્ણુશર્મા તથા કવિ ભાસ એમ ત્રણેના અંશો એકજ શાસ્ત્રીજીમાં આવ્યા ન હોય!

બાલાચરિત્રનો પોણો ગ્રંથ છપાવવા મોકલ્યો, પણ ટપાલમાં ક્યાંય ગુમ થઇ ગયો. એક પણ રફ નકલ તેમની પાસે રહી ન હતી. તેથી તેઓ નિરાશ ન થયા અને કહ્યું કે, "જગદંબાની એવીજ ઇચ્છા હશે કે તેથી સરસ લેખ કરાવવો હશે." માત્ર આઠ દિવસમાં પ્રથમ લખ્યા પ્રમાણે પણ તેથી ઘણોજ સરસ લેખ મોઢેથી યાદ કરી લખી નાખ્યો. દોઢ વર્ષની મહેનત માત્ર આઠ દિવસમાં તૈયાર કરી, એ તેમની અગાધ શક્તિ પુરવાર કરે છે. હાલમાં કોઇ આમ કરી શકે એ શંકાસ્પદ છે.

શાસ્ત્રીજીનાં તમામ પુસ્તકોને યુનિવર્સિટીમાં તથા સ્કૂલોમાં દાખલ કરાવવા હાલના સાક્ષરોએ શ્રમ લેવો જોઇએ.

શાસ્ત્રીજીના સ્મારક માટે હાલમાં મોરબીમાં સારી હિલચાલ થાય છે અને ઝંડુ–શંકરાશ્રમ સ્થાપવા વૈદ્યરાજ વિશ્વનાથભાઈ તથા તેમના ગુણી સપૂતો શ્રમ કરી રહ્યા છે, તો રાજામહારાજાઓ અને શ્રીમંતો આ શુભ કાર્યમાં સહાયભૂત થશે એવી પ્રાર્થના છે. તેથી ઝંડુ ભટ્ટજી સાથે શાસ્ત્રીજીનું નામ જોડાઇ બન્ને મહાન પુરુષોની કીર્તિ અમર થશે.

ચંદ્રપ્રભાચરિત્ર અને સાવિત્રીચરિત્રથી સ્ત્રીઓની ઉન્નતિ માટે

દેશની અનુપમ સેવા તેમણે બજાવી છે. પ્રોફેસર કાશીરામ સેવકરામ દવેએ લખ્યું છે કે, "બાણભટ્ટની કાદંબરી વર્ણનનો કોષ છે, તેમ શાસ્ત્રીજીનું ચંદ્રપ્રભાચરિત્ર સદુપદેશનો કોષ છે. તેમના રસમાં મલિન શૃંગારની ગંધ પણ નથી. ધર્મભાવનાના સંસ્કારો તેમના અક્ષરે અક્ષરમાં પ્રકટી નીકળે છે." સ્વ. સાક્ષર શ્રી. મણિલાલ નભુભાઈ અને નવલરામભાઈ આદિ અનેક સાક્ષરોએ તેમના વિષે રસિક પ્રશંસાત્મક વિવેચનો કર્યાં છે. કવિવર શ્રીયુત નાનાલાલભાઈએ પોતાનાં 'કેટલાંક કાવ્યો ભાગ બીજા'માં શાસ્ત્રીજીનું બહુ રમ્ય સ્વરૂપ આલેખ્યું છે.

"તે સાધુ–કવિ, તે મૂર્તિ–મહર્ષિ,
બ્રહ્મસમાન બ્રહ્મરત્ન શંકરલાલજીએ,
એ અતીર્થને તીર્થ કીધાં અમ માટે."

છેવટે મારી પ્રાર્થના છે કે, કાઠિયાવાડ સાહિત્યસભા સ્થપાય ત્યારે તેણે અથવા ભાવનગરની સાહિત્યસભાએ, મુંબાઈની સાહિત્ય સંસદે ને અમદાવાદની ગુજરાત સાહિત્યસભાએ સદ્‌ગત શાસ્ત્રીજીની જયંતી દરવર્ષે ઊજવવી જોઈએ અને સાહિત્ય પરિષદની ભંડોળ કમિટિએ શાસ્ત્રીજીના જીવનચરિત્રનો વિસ્તૃત ગ્રંથ લખાવવો જોઈએ. તેમના અપ્રસિદ્ધ મોટા બે ગ્રંથો છે. એક તો તેમના સ્વહસ્તે લખેલું "આહ્નિક" જે તેમના સુપુત્ર પાસે છે અને બીજી જાડેજાની વંશાવળી. આ બે પુસ્તકો સાહિત્યરસિક શ્રીમાનોએ છપાવવાં જોઈએ; આટલી પ્રાર્થના કરી આ લેખ સમાપ્ત કરું છું.

શાર્દૂલ

શ્રી માહેશ્વરપુત્ર શંકર સમા વાગીશ્વરીના તનુ,
શંકરલાલ સમર્થ શીઘ્ર કવિશ્રી વિદ્વાન કેશવ ગુરુ;
દીપાવ્યું પુર મોરબી જગતમાં વિદ્યા તણા તેજથી,
યોગી શંકરલાલ શીઘ્ર કવિને પાયે નમું પ્રીતથી×

("સાહિત્ય" ના એક અંકમાંથી)

× સાહિત્ય પરિષદ સમક્ષ વાંચેલો નિબંધ.

૧૮—લોકસેવક સ્વર્ગસ્થ ડૉ. ઠાકોરલાલ પંડ્યા

**" એ સ્વદેશ કાજે કો રણયજ્ઞે, પ્રાણઆહુતિ દઉં;
સજની ! ન ચાહું ઊગરવા."**

ખેડા જિલ્લાના સરસવણી ગામના એક બાલકવિદ્યાર્થીના જિગરમાં, અજ્ઞાન અને અનારોગ્યમાં સડતી પ્રજા જોઇ નિરંતર અરેરાટી રહ્યા કરતી હતી. તેના ગામમાં વસતા મુરબ્બીઓ, વડીલો અને કોઇ કોઇ વાર મુલાકાતે આવતા અધિકારીઓને જોઇ તેને લાગી આવતું કે, આ કોઇને જનતાનાં દુઃખોએ અસર કરી નથી. દરેક જણ પોતાના સ્વાર્થ પૂરતું રળી—કમાઈ દુનિયા તરફ આંખો બંધ કરી દેતો. એક એનાજ હૃદયમાં સંકલ્પોની જ્યોત વધતી જતી હતી કે ખૂબ વિદ્યા મેળવવી, ભારે સામર્થ્ય મેળવવું, મહાન વ્યક્તિ થવું; પણ એ વિદ્યા, સામર્થ્ય અને મહત્તાને જનસેવાનાંજ સાધનો બનાવવાં અને સ્વભૂમિમાં વિદ્યા તથા આરોગ્યનાં પ્રકાશમય કિરણો ફેલાવવાં.

એના મનસૂબા એ એકલોજ જાણતો. બાળક ઠાકોરલાલની મહત્ત્વાકાંક્ષાઓને એ અવસ્થાએ પિછાને એવા કોઈ માનસપ્રવીણ શિક્ષકો નહોતા, પણ તેના પિતા રણછોડલાલ પંડ્યાએ પુત્રને આ જમાનામાં મળી શકે તેટલું ઉચ્ચ શિક્ષણ આપવાને વડોદરાની હાઇસ્કૂલમાં મોકલી આપ્યો. વિદ્યાર્થી અવસ્થાનો એ બધો વખત તેણે જીવનના આદર્શો પોષ્યા કર્યા. ૧૯૦૬ માં વડોદરા કૉલેજમાંથીજ મુંબાઈ યુનિવર્સિટીની બી. એ. ની પરીક્ષા એમણે પસાર કરી. એટલા વખતમાં તો તેમણે આસપાસમાં પોતાના ચારિત્ર્યની સુવાસ ખૂબ ફેલાવી દીધી હતી; એટલે પાસ થતાંજ વડોદરા હાઈસ્કૂલમાં પાંસઠ રૂપિયાના પગારથી શિક્ષક નિમાયા.

શિક્ષક તરીકેના જીવનમાં તેમણે વિદ્યાર્થીઓની વચ્ચે પોતાના ચારિત્ર્યનો પ્રકાશ નાખવો શરૂ કર્યો. તેમની સેવાવૃત્તિ અને કાર્યતત્પરતાએ મહારાજા ગાયકવાડનું ધ્યાન ખેંચ્યું અને એવા માણસને આગળ લીધા હોય, તો વધુ યશસ્વી કાર્યો થઇ શકે એવા આશયથી તેમને રાજ્યને ખર્ચે અમેરિકા મોકલવામાં આવ્યા.

એ દેશમાં રહીને તેમણે સમાજસેવાના માર્ગો અને પદ્ધતિ જોયાં. સમાજસંગઠન અને સુધારણા માટે બંધુભાવ અને સેવાની પાકી દીક્ષા લીધી. ૧૯૧૨ માં એમણે ડૉકટરની (પી. એચ. ડી.) માનભરી પદવી મેળવી. યુરોપ–અમેરિકામાં અતિ વિદ્વાનને પણ ડૉકટરનું સંબોધન કરવામાં આવે છે. એ પ્રમાણે તેઓ ડૉ. પંડ્યા થઇને દેશ પાછા આવ્યા અને ૧૯૧૩ માં વડોદરા રાજ્યમાં તેમની નિમણુક ટ્રેનિંગ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ તરીકે થઈ. આ જગ્યાએથી તેમણે પોતાના જીવનના આદર્શો સિદ્ધ કરવાનો પ્રયાસ શરૂ કરી દીધો. વડોદરામાં સેવામંડળ સ્થાપ્યું અને જનસેવાનાં કાર્યો આદર્યાં. ૧૯૧૫ની શરૂઆતમાં તેઓ પાટણની કૉલેજના પ્રિન્સિપાલ નિમાયા અને તે વખતથી પાટણ સાથે તેમનો સંબંધ શરૂ થયો.

તેમના જીવનની પવિત્રતા અને સ્વચ્છતાની છાપ આસપાસ એકદમ પડતી. તેમના વ્યવહારમાં પણ દેશદાઝ, લોકસેવા અને બંધુભાવનો અખંડ પ્રવાહ જણાતો. તેમના તેજસ્વી ચારિત્ર્યથી પાટણના શ્રીમાનો પણ તેમના તરફ માન અને નમ્રતા બતાવતા. અધ્યાપક તરીકે પણ તેમનું કાર્ય બહુ ઉત્તમ કોટિનું હતું. તેની સાક્ષી તેમના હાથ નીચે તાલીમ પામેલો શિક્ષકવર્ગ આજ પણ પ્રશંસાપૂર્વક આપે છે. આજના વિદ્યાર્થી ઉપરથી શિક્ષકનો બોજો કમી કરવો અને તેને ચારિત્ર્યના સાચા પાઠ આપવા એ તેમની શિક્ષણપદ્ધતિનાં મુખ્ય અંગ હતાં. ફુરસદનો બધો વખત તે ઊંડા મનન ને અભ્યાસમાંજ ગાળતા.

જ્યારે જ્યારે તે વ્યાખ્યાન આપતા ત્યારે ત્યારે તેમના શબ્દો હૃદયના ભાવો સાથે નીતરતા અને શ્રોતાઓ તેમાં મુગ્ધ બની રહેતા. તેમની કાર્યદક્ષતા, સમાજસેવા અને પ્રસન્નતાભર્યા સ્વભાવથી તેઓ નાનાંમોટાં સૌના પ્રિય બની રહ્યા. સમાજસેવામાં જાતની પણ પરવા કર્યા વિના એ ચોમેર ફરી વળતા. તેમને લીધે પાટણની પ્રજામાં નવું જીવન દેખાયું અને પ્રજામાં એકતા આવી.

૧૯૧૬ માં પાટણમાં ભયંકર પ્લેગ ફાટી નીકળ્યો. હજારો માણસો એ પ્રાણઘાતક રોગના ભોગ થવા લાગ્યા. શ્રીમાનો અને સાધનસંપન્ન માણસો તો ગામ છોડી નીકળી ગયા, પણ ગરીબો મૃત્યુના પંજામાં સપડાયા હતા. ડૉ. પંડ્યાનું કરુણાભર્યું વીર

હૃદય એ પ્રસંગે સેવાના ખરા રંગવાળું બની ગયું અને બીજા યુવકોને પોતાના સાથમાં મેળવી સેવાજૂથ ઊભું કર્યું. ઘેરઘેર ફરી વળી એમણે દર્દીઓની સારવાર શરૂ કરી, દવાઓ અને દાક્તરની મદદ પહોંચાડવા માંડી. પોતે અનેક ઘરોમાં જઇને દર્દીઓની ગાંઠો જોતા, તેમને સાંત્વન આપતા અને બચાવી લેવા માટે છેવટ સુધીના યત્નો કરતા. આમ છતાં કોઇ મૃત્યુ પામતા તો તેના અગ્નિદાહની પણ તજવીજ સેવામંડળ મારફત થઈ જતી. ઘણી વાર તો પોતે જાતે શ્મશાને જઇને એ કાર્ય કરતા. તેમની આ હિંમત ને સેવાથી શ્રીમંતોનાં હૃદય પણ પીગળ્યાં અને ઘણાંએ મફત દવાઓ તથા નાણાં મોકલી સહાય કરી અને કેટલાક તો સેવાદળમાં પણ આવીને જોડાયા. ચારેક માસ પછી પ્લેગનો ઉપદ્રવ દૂર થયો, ત્યારે ડૉ. પંડયા પાટણની પ્રજાના હૃદયમાં અધિદેવતા જેવું માન અને સ્થાન પામી ચૂકયા હતા. પાટણના ધનાઢ્યો તેમની સેવા, સત્યપરાયણતા અને નિર્મળતાના પૂર્ણ વિશ્વાસથી નાણાંની વ્યવસ્થા તેમનેજ સોંપવા લાગ્યા.

જાહેર સેવાઓ ઉપરાંત ખાનગી જીવનમાં પણ તેઓ અનેક વિદ્યાર્થીઓ, ગરીબો અને વિધવાઓને ગુપ્તદાન આપતા અને તેમના મુરબ્બી તથા સલાહકારનું સ્થાન લેતા. એમનો બધો પગાર આવાં કાર્યોમાંજ વપરાઈ જતો.

૧૯૧૮ માં ડૉ. પંડયાએ સેવાનું કાર્ય કાયમી અને સુદૃઢ પાયા ઉપર લાવવાને 'ઉત્તર ગુજરાત યુવકમંડળ'ની સંસ્થા સ્થાપી. એ સંસ્થાને ધીમે ધીમે વિકસાવીને ચરોતરના કેળવણી મંડળ જેવું વ્યાપક કાર્ય કરવાનો તેમનો ઉદ્દેશ હતો. પ્રજાની કેળવણી પ્રજાહસ્તક લેવી; શાળાઓ, ઉદ્યોગગૃહો અને દવાખાનાં જેવી લોકોપયોગી સંસ્થાઓ ચલાવવી અને પ્રજામાં સંસ્કાર ને સ્વાધીનતાનાં બીજ રોપવાં એ એમના આશયો હતા.

એ મંડળની પહેલી પ્રવૃત્તિ તરીકે પોતે એક અભ્યાસગૃહ ઉઘાડયું. એ અભ્યાસગૃહ આજપર્યંત ચાલે છે અને તેના આશ્રયે વિદ્યાર્થીનિવાસ, વાચનાલયો તથા બાલશાળા વગેરે ચાલે છે. અત્યારે પાટણમાં પ્રજાજીવન ચમકતું રાખનારી કોઈ સંસ્થા હોય તો તે આ 'ડૉ. પંડયા અભ્યાસગૃહ'જ છે.

આ સંસ્થાની સ્થાપના પછી, આપણે ઉપર જોયું તેમ, ઘણું કરવાની ડૉ. પંડયા અભિલાષાઓ કરતા હતા, પણ પાટણને

નસીબે કંઈક જુદું જ સરજાયું હતું. પ્લેગનો વિસારો થયો ન થયો, એવામાં પાટણમાં ઈન્ફલ્યુએન્ઝાનો સખત ઝપાટો આવ્યો. એ રોગ સામે ટક્કર ઝીલવા ફરી વાર ડૉ. પંડ્યા કમર કસી આગળ આવ્યા અને દશેરાને દિવસે 'સંરક્ષકમંડળ' ઊભું કરી કામ આરંભી દીધું. પાટણના એકેએક જિલ્લામાં કામચલાઉ દવાખાનાં અને દવા પહોંચાડનાર મંડળોની ગોઠવણ કરી અને ગામના કે પરગામના સૌ દર્દીની સારવાર જાતે કરવા લાગ્યા.

પણ ભોગ માગતા રોગને એકાદ બત્રીસો જોઈતો હતો અને તેણે ડૉ. પંડ્યા જેવા રત્ન પરજ તરાપ મારી. લોકોની અતિશય દુઃખભરી ઈંતેજારી વચ્ચે એમનો આત્મા આસો વદ ત્રીજને દિવસે કોઈ દૈવસૃષ્ટિમાં ચાલતો થયો અને પાટણમાં અંધારું મૂકતો ગયો. આ પ્રસંગ પાટણની પ્રજા માટે અતિશય કરુણ થઈ પડયો. ગામ આખામાં હાહાકાર ફેલાઈ ગયો. બે દિવસ સુધી લોકો કામધંધો છોડી શૂન્ય બની રહ્યા. પાટણના ઇતિહાસમાં ન બનેલી એવી ગંભીર ને સખ્ત હડતાલ પડી. ગાડીવાળા અને વાઘરી સુધ્ધાંઓએ પણ પોતાના જિગરની લાગણીથી ધંધો બંધ રાખ્યો. પાટણના દરેકે દરેક નાગરિકે તેમને માનભરી સ્મરણાંજલિ અર્પી.

ડૉ. પંડ્યાના અવસાન પછી, તેમણે મૂકેલાં બીજકોનું પોષણ જોકે ઓછું થયું, પરંતુ જે થોડા અધિકારી જીવોમાં તેમના આત્માનું પ્રતિબિંબ પડયું હતું, તેમણે યથાશક્તિ એમનું કાર્ય નિભાવી રાખવા અખંડ યત્ન કર્યો છે. પોતે હયાત હતા ત્યારે પ્રજાએ તેમના તરફ જે ઉલટ બતાવેલી તે એટલી ને એટલીજ ચાલુ હોત, તો આજે તેમની સ્થાપેલી સંસ્થા પાછળ લાખો રૂપિયાનું ફંડ હોત, પણ આજે તેમની નિષ્કામ સેવાવૃત્તિના અંકુરો પણ પાટણની યુવાન પ્રજામાં નિઃસંશય દેખાવા લાગ્યા છે અને વખત જતાં એ દિવ્ય અને પવિત્ર પુરુષની સ્મૃતિમાં અનેક કલ્યાણકારી કામો થશે એમ આશા પડે છે.

('કુમાર'ના એક અંકમાંથી)

१९–महाराज दुष्टग्रामणि

(લેખકઃ–શ્રી. કૌશલ્યાયિન આનંદ)

પ્રત્યેક જાતિ કે ઇતિહાસ મેં કભી કભી–જાતિ કી સમસ્ત શક્તિયાં એક વ્યક્તિ મેં કેન્દ્રીભૂત હો જાતી. હૈં. "સિંહલજાતિ" કે ઇતિહાસ મેં ઐસે અનેક અવસર આયે હૈં. ઇસ્વી સન કે લગભગ ૧૫૦ વર્ષ પૂર્વ એક બાર લંકા (સીલોન) કો બડે બૂરે દિન દેખને પડે. દમિલોં (દ્રાવિડોં) વિદેશી દમિલોં–ને લગભગ સારે રાષ્ટ્ર પર અપના અધિકાર કર લિયા. લંકા કી દશા નિકૃષ્ટ સે નિકૃષ્ટતર હોતી ચલી ગઈ. પરાધીનતા કી ઇસ મહામારી સે દેશ કી રક્ષા કરને કા કોઇ ઉપાય ન થા. મહાવેલિ ગંગા કે ઉસ પાર "કવન–તિષ્ય" નામ કે રાજા રાજ્ય કરતે થે. ઉનકી ધર્મ-પત્ની કા નામ વિહારદેવી થા. દોનોં હૃદયોં મેં બૌદ્ધધર્મ કી ભક્તિ એક દૂસરે સે બઢ કર થી. ધર્મ કી રક્ષા કે લિયે કવન–તિષ્ય ને બહુત કુછ કિયા. ઉનકી સહધર્મિણી ભી ઉનકે ઇસ કાર્ય મેં સહાયક હુઈ, લેકિન રાષ્ટ્ર કો પરતંત્રતા કી બેડિયોં સે મુક્ત કરને કા શ્રેય ઉનકો મિલને વાલા ન થા, વહ ઉનકે પુત્ર મહારાજ દુષ્ટગ્રામણિ કે લિયે સુરક્ષિત થા.

× × × ×

મહાદેવી કી કોખ સે દો પુત્ર પૈદા હુએ. જિસ બાલક કા જન્મ પહલે હુઆ ઉસકા નામ "અભય–ગમિનિ" રકખા ગયા. દૂસરે બાલક કા જન્મ દો વર્ષ બાદ હુઆ, ઉસે "તિષ્ય" નામ દિયા ગયા. માતાપિતા ને દોનોં બાલકોં કા નામકરણ સંસ્કાર બડે ઉત્સાહ સે કિયા; ઔર ઉસકે બાદ એક દૂસરા સંસ્કાર, જિસકો હમ "પ્રથમ–ભાત–સંસ્કાર" કહ સકતે હૈં, ઇસસે ભી અધિક ઉત્સાહ કે સાથ કિયા. દોનોં ભાઈ પાસ–પાસ બૈઠે ભોજન કર રહે થે, ભોજન કર ચૂકે તો પિતા ને દોનોં ભાઇયોં કો એક–એક કૌર ઔર ખાને કે લિયે કહા ઔર ઉસકે સાથ યહ શપથ દિલાઇ "મરણપર્યંત હમ કભી ભી ભિક્ષુઓ સે વિમુખ નહીં હોંગે." દોનોં બાલકોં ને ખુશી–ખુશી વહ શપથ લે લી. અબ પિતા ને એક દૂસરી શપથ લેને કે લિયે કહા–" હમ ભાઈ–ભાઈ આપસ મેં કભી ન લડેંગે." બાલકોં ને ઇસે મંજૂર કિયા; લેકિન જબ પિતા

ને તીસરી શપથ લેને કે લિયે કહા–"હમ તામિલોં (દ્રાવિડોં) સે કભી ન લડેંગે." તો બાલક ગ્રામણિ થાલી કો લાત માર કર, બિના હાથ ધોયે હી, વહાં સે ઉઠ ખડા હુઆ ઔર ઘર મેં જા કર હાથ–પાંવ સિકોડ પડ રહા. "વિહારદેવી" કો ઇસકા પતા લગા. વહ ઘર મેં ગઇ તો દેખા, "ગમિનિ" હાથ–પાંવ સિકોડે પડા હૈ. ઉસને પૂછા–"પુત્ર ! હાથ–પાંવ ફૈલા કર અચ્છી તરહ આરામ સે ક્યોં નહીં લેટતે ?" ગમિનિ ને ઉત્તર દિયા "માઁ ! હાથ–પાંવ ફૈલા કર કૈસે લેટૂં ? કહાં લેટૂં ? મહાગંગા કે ઉસ પાર તો તામિલ (દ્રાવિડ) હૈં, ઔર ઇસ ઓર મહાસમુદ્ર હૈ." વિહારદેવી ને સમસ્ત વૃત્તાંત જ્યોં–કા–ત્યોં જા કર કવન–તિષ્ય સે કહ દિયા. કવન–તિષ્ય મન મેં તો જરૂર પ્રસન્ન હુએ, લેકિન ઉન્હોંને અપની પ્રસન્નતા કો પ્રકટ ન હોને દિયા. દેશ કે શત્રુઓં કા શત્રુ પૈદા હો ચૂકા થા.

× × × ×

રાજા કવન–તિષ્ય જાનતે થે કિ ઉનકે પાસ શક્તિ બહુત થોડી હૈ, ઔર દમિલોં સે ભીડ બૈઠને પર સફલતા કી તનિક ભી આશા નહીં. ઇસ લિયે વહ અપને દમિલ–વિરોધી વિચારોં કો કભી પ્રકટ ન કરતે થે; લેકિન અપને પુત્ર કી આરંભિક બાતેં દેખ કર ઉન્હેં કુછ ઢઢસ હુઆ. ઉન્હોંને સોચા:–"યદિ મૈં સ્વતંત્રતા કી પતાકા લે કર રણભેરી નહીં બજા સકતા, તો સંભવ હૈ મેરા પુત્ર હી ઇસ કાર્ય કો કર સકે." ઇસિ લિયે ઉન્હોંને આવશ્યક તૈયારી આરંભ કર દી. અપને પુત્ર કો એક છોટી–સી સેના દે કર, ઉસકી સામરિક શિક્ષા કી ઓર ધ્યાન દેને લગે. શનૈઃ શનૈઃ દેશ કે સભી લડાકે "ગમિનિ" કે પાસ ઇકટ્ઠે હો ગયે. ઔર ઇન લડાકે મેં "દેશ" કે વે પ્રસિદ્ધ દસ લડાકે ભી શામિલ થે, જિનકી "સામરિક" શક્તિ કી ધાક, આજ ૨૦૦૦ વર્ષ બીત જાને પર ભી, અભી તક લોગોં કે હૃદય પર જમી હુઇ હૈ. યે દસ લડાકે કહાં–કહાં સે આ કર કૈસે ઇકટ્ઠે હુએ યહ વિષય રોચક હોને પર ભી ઇસ લેખ કે અંતર્ગત નહીં આ સકતા. અસ્તુ.

× × × ×

અભયગમિનિ કી ખ્યાતિ બઢને લગી. લંકાનિવાસિયોં કો અનુભવ હોને લગા કિ દમિલોં (દ્રાવિડોં) કે ફંદે સે મુક્તિ દિલા સકનેવાલા એક હી વ્યક્તિ હૈ–"અભયગમિનિ." લોગોં ને સમઝ લિયા કિ નિકટ ભવિષ્ય મેં લંકા કા "સ્વાતંત્ર્ય–સંગ્રામ આરંભ

હોનેવાલા હૈ, ઔર ઇસ સંગ્રામ મેં "જો જિસસે બન પડે" કરને કી સોચને લગે. કવન–તિષ્ય ને સેના સંગ્રહ કરને કે નિમિત્ત ઉન દસ પ્રસિદ્ધ લડાકે વીરોં કો બુલાયા ઔર કહા–"તુમમેં સે પ્રત્યેક અપની અપની પસંદ કે અનુસાર દસ–દસ લડાકે વીર ભર્તી કરો." ઇસ પ્રકાર જબ ઉનકી સંખ્યા સૌ હો ગઇ, તો ઉસને ઉન સૌ જનોં કો ભી યહી આજ્ઞા દી. ઇસ પ્રકાર સેના કી સંખ્યા હજાર, દસ હજાર બઢતે–બઢતે ઇસસે ભી અધિક હો ગઈ. અબ સેના કે લિયે યુદ્ધ-સામગ્રી કી આવશ્યકતા પડી. રાજાને ઇસકે લિયે ઘોષણા નિકાલી. લોગોં ને હાથી દિયે, ઘોડે દિયે, રથ દિયે ઔર જિસ ચીજ કી આવશ્યકતા પડી દી. સિંહલ જાતિ કી તમામ શક્તિ એક જગહ કેન્દ્રીભૂત હો ગઇ. જાતિ કી સ્વતંત્રતા કા પ્રશ્ન ઉસકે જીવન ઔર મરણ કા પ્રશ્ન થા. સબ તૈયારી હો ગઇ; લેકિન રાજા કવન–તિષ્ય તૈયાર ન હુએ. ઉનકી સંમતિ મેં અભી કુછ દેર પ્રતીક્ષા કરને કી આવશ્યકતા થી. રાજકુમાર "અભય–ગમિનિ" કે લિયે યહ અસહ્ય થા. વહ અબ ઔર પ્રતીક્ષા કરને કે પક્ષ મેં ન થે. ઉન્હોંને પિતા સે સંગ્રામ છેડ દેને કી આજ્ઞા માંગી. પિતા ને લિખ ભેજા–"ઉદ્દંડ મત બનો, તામિલોં (દ્રવિડોં) કી શક્તિ બહુત હૈ. દસ લાખ સે અધિક સંખ્યા ઉનકે પાસ હૈ. અભી મહાગંગા કે ઇસ પાસ કે રાજ્ય પર હી સંતોષ કરો." અભય–ગમિનિ દૃઢ થે. ઉન્હોંને તીન બાર પિતા સે સંગ્રામ કી આજ્ઞા માંગી. ચૌથી બાર કંગનોં કીએક જોડી કે સાથ પિતા કો યહ કહલા ભેજાઃ– "પિતા ! આપ પુરુષ નહીં; સ્ત્રી હૈ. યદિ પુરુષ હોતે, તો ઐસે વચન કભી ન કહેતે. આપકે લિયે યહ કંગન ભેજતા હૂં. ઇન્હેં પહન કર ઘર મેં બૈઠ રહીએ." પુત્ર કે ઇસ વ્યવહાર સે પિતા કો બહુત દુઃખ હુઆ, ઔર અપને ઇસ વ્યવહાર કે કારણ હી રાજ-કુમાર અભયગમિનિ ઇતિહાસ મેં "દુષ્ટગ્રામણિ" (સિંહલ=દુટુ-ગૈનુનુ) નામ સે પ્રસિદ્ધ હૈ.

× × × ×

"સ્વાતંત્ર્ય–સંગ્રામ" કા ઇતિહાસ લંબા હૈ. ઉસકે પન્ને વીરોં કે રક્ત સે રંગે પડે હૈં. ન જાને ઉભય પક્ષ કે કિતને યોદ્ધા ઇસ યુદ્ધ મેં કામ આયે. દોનોં ઓર કે અસંખ્ય પ્રાણિયોં કા રક્ત બહતા દેખ કર મહારાજ દુષ્ટગ્રામણિ કા હૃદય પીઘલા. ઉન્હોંને તામિલ–નરેશ મહારાજ એલાર કો પુકાર કર કહા—"ક્યોં

વ્યર્થ ઇતને લોગોં કા રક્ત બહાતે હો? આઓ, હમ દોનોં દ્વંદ્વ યુદ્ધ દ્વારા ઇસ યુદ્ધ કા નિર્ણય કરેં !" મહારાજ એલાર ભી વીર પુરુષ થે. ઇસકે લિયે તૈયાર હો ગયે. દ્વંદ્વ યુદ્ધ હુઆ. વીર કી ભાંતિ દો વીર લડે ઔર ખૂબ લડે. અંત મેં મહારાજ દુષ્ટગ્રામણિ કી વિજય હુઇ ઔર મહારાજ એલાર યુદ્ધ મેં કામ આયે. લંકા સ્વતંત્ર હો ગયા ઔર મહારાજ દુષ્ટગ્રામણિ ને અપની સારી પ્રજા કો મહારાજ એલાર કા મૃત-દેહ કા સત્કાર કરને કી આજ્ઞા દી. એક બડે જલૂસ કે સાથ 'શબ' કી સવારી નિકાલી ગઈ. બાદ મેં જિસ સ્થાન પર મહારાજ લડતે-લડતે ગિરે થે, ઉનકે શબ કા દાહ-કર્મ-સંસ્કાર કિયા. ઉસ સ્થાન પર એક પક્કી સમાધિ બનવા દી ગઇ, જિસ પર લિખા હૈ—"કોઈ ભી અમીર, ગરીબ, ઈસ સ્થાન કે સમીપ સે પાલકી મેં વા ઘોડે પર બૈઠ કર ન નિકલે. ઈસિ સ્થાન પર કોઈબાજા ઇત્યાદિ ભી ન બજાયા જાય." દો હજાર વર્ષ સે કૃતજ્ઞ સિંહલજાતિ અપને સ્વાતંત્ર્ય-દાતા મહારાજ દુષ્ટગ્રામણિ કી ઈસિ આજ્ઞા કા અક્ષરશઃ પાલન કર રહી હૈ.

("ત્યાગભૂમિ" ના એક અંકમાંથી)

૨૦–संत कवि कनकदास

(લેખકઃ-શ્રી. દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર)

(૧)

કુદરતમાં નૈતિક નિયમો અને ભૌતિક નિયમો વચ્ચે સંબંધ હોવોજ જોઇએ એવી શ્રદ્ધા માણસના હૃદયમાં છે. આ શ્રદ્ધા સર્વ દેશોમાં છે અને સર્વ કાળે છે. પ્રજ્ઞાને અભાવે માણસ આ બેનો સંબંધ વિચિત્ર રીતે બેસાડવા માગે છે અને તેથી અનેક જાતના વહેમો પેદા થાય છે. માણસ અસત્ય બોલ્યો અને થોડાજ વખતમાં એને ઠોકર લાગી, કે તરતજ એને કહેવાનું મન થઇ જાય છેઃ "જોયું પાપનું પરિણામ ! હજી દુનિયામાં સત રહ્યું છે." લાલાજીને પંજાબનો લેo ગવર્નર હદપાર કરી બ્રહ્મદેશમાં મોકલે અને થોડાજ દિવસમાં જો તે લેo ગવર્નર મરી જાય, તો લોકો જરૂર કહેવાનાઃ "જાય ક્યાં? સાધુજનને હેરાન કરવા એ કંઇ સહેલી વાત છે?" પુરાણોમાં પણ કેટલાંએ પાત્રો હાથમાં પાણી

લઈને કહે છે કે, “ જો અત્યાર સુધી હું અસત્ય ન બોલ્યો હોઉં, અથવા તો પૂર્ણ બ્રહ્મચારી રહ્યો હોઉં, તો આકાશમાં સૂર્ય થોભી જાઓ અથવા તો મરી ગયેલો બ્રાહ્મણ જીવતો થાઓ.” આની પાછળની શ્રદ્ધા સાચી છે, પણ પ્રજ્ઞા સાથે એનો યોગ થવો જોઈએ.

પશ્ચિમસાગરને કિનારે માલપે બંદર પાસે ઉડપી કરીને એક વૈષ્ણવ ક્ષેત્ર છે. ભક્તિયોગધુરંધર શ્રીમધ્વાચાર્યને લીધે આ સ્થાન બહુજ પ્રસિદ્ધિ પામ્યું છે. કોઈ વેપારી દ્વારિકાથી ખૂબ કીમતી માલ ભરીને દક્ષિણ તરફ જતો હશે. માલપે બંદર પાસે એનું વહાણ આવ્યું ને દરિયાએ રુદ્રાવતાર ધારણ કર્યો. ખારવાઓએ હદ કરી, પણ બચવાનો રસ્તો ન મળે. એક એક મોજું જાણે મોતની ભૂખડી જીભ. કિનારા પર ઊભેલા એક મહાપુરુષે આ દૃશ્ય જોયું. એના હૃદયમાંથી કારુણ્યની સરિતા છૂટી. એણે ઈશ્વરની પ્રાર્થના કરી કે, “ પ્રભો, આ અનાથોને સહાય થા. એમને ઉગારી લે.” એક ક્ષણની અંદર દરિયો શાંત થયો. જાણે કોઈ વીતરાગ યોગીનીજ મુખમુદ્રા! વહાણ સહીસલામત કાંઠે આવી પહોંચ્યું. આ મહાપુરુષનીજ આ કૃપા હતી એમ ઓળખી લેતાં લોકોને વાર ન લાગી. નૌકાપતિએ મહાપુરુષને પગે લાગી કહ્યું:– “ મહારાજ! આ નૌકામાં જે મારું સર્વસ્વ છે, એ આપનુંજ છે. આપના આશીર્વાદથી હું ફરીથી વેપાર કરીશ અને ગમે તેટલું મેળવીશ; પણ આ વખતે આપે મને જીવિતદાન આપ્યું છે. આ ધન લઈને મારા પર અનુગ્રહ કરો.” નિત્યતૃપ્ત સંન્યાસીને ધનનો લોભ શાનો હોય? પણ બિચારા શ્રેષ્ઠીને સંતોષવો રહ્યો એટલે એમણે કહ્યું: “ આ નૌકામાં આ જે આટલું ગોપીચંદન પડ્યું છે તે આપી દે એટલે અમને સંતોષ છે, બાકીનું તારું ધન તુંજ લઈ જા, અમે લઈને કરીએ શું?”

એક ગોપીચંદનના ઢગલામાંથી દૈવવશાત્ બે મૂર્તિઓ નીકળી. સ્વામીએ એકને તો ત્યાં ને ત્યાંજ માલપેના કિનારે સ્થાપન કરી અને બીજી ત્યાંથી દોઢેક ગાઉ ઉપર ઉડપીમાં પધરાવી. ઉડપીના શ્રીકૃષ્ણની એજ મૂર્તિ જોવા અમે ગયા હતા. મંદિર છે તો નાનું, પણ પ્રમાણસર છે. ત્યાં અમે એક વિચિત્ર વાત જોઈ કે, મંદિરનું મહાદ્વાર હમેશાં બંધ રહે છે; કેમકે મહાદ્વાર તરફ અંદરની મૂર્તિની પીઠ છે. પાછળની બાજુની દીવાલમાં પથરાની એક

જાળી છે તેમાંથી દર્શન થાય છે અને અંદર જવું હોય તો મંદિરની ડાબી બાજુએ એક બારણું છે ત્યાંથીજ જવાય છે. ગમે તે માણસ અંદર જઈ ન શકે. અમે અંદર ગયા ત્યાં એટલું તો ઘોર અંધારું અને એટલી બંધ ગોંધાયેલી હવા કે પરસેવાની સેરો છૂટી. જીવ ગભરાઇ ગયો. જાણે ગર્ભવાસનો બીજો અનુભવ! અકળામણમાં ને અકળામણમાં પ્રાર્થના કરી કે, "હે વૈકુંઠનાયક! બીજી વાર ગર્ભવાસનો અનુભવ ન થાય." મૂર્તિના નાક ઉપર સોનાનો કકડો કેમ જડયો હશે એ કંઈ ધ્યાનમાં ન આવ્યું. કાઠિયાવાડની આ મૂર્તિ અહીં દક્ષિણમાં કયાંથી આવી એ વિચાર મનમાં આવ્યો; પણ મુખ્ય કુતૂહલ તો મૂર્તિ મહાદ્વારથી વિમુખ કેમ એજ હતું. તપાસ કરતાં અંત્યજ સાધુ કનકદાસની વાર્તા હાથ આવી.

(૨)

સંત કવિ કનકદાસ મૂળ ધારવાડ તરફના બાડ નામના ગામડાના રહીશ. એમનું અસલ નામ વીરનાયક. ધંધો શિકારીનો. અચૂક બાણ મારી લક્ષ વેધવામાં એને તોલે આવે એવો એના વખતમાં બીજો ન હતો. (એ વખતે કોણે ધાર્યું હશે કે આ અસ્પૃશ્યોનો સરદાર ઉપનિષદમાં બતાવેલી प्रणवो धनुः शरोह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते। अप्रमत्तेन वेद्धव्यं शरवत् तन्मयो भवेत्॥ એવી દૈવી તીરંદાજીમાં પણ પ્રવીણ થવાનો છે?) ચિત્રકલદુર્ગ (હાલનું ચિતલદ્રુગ) ના રાજાની નોકરીમાં એ સેનાપતિના હોદ્દા સુધી ચડયો. પૈસા અને પ્રતિષ્ઠાનો એ સ્વામી બન્યો; પણ એક વખતે એક લડાઈમાં એને ઉપરતિ થઈ. અંદરના અવાજે પડકાર કર્યો કે, "બાપ! આ બધી દુનિયાની માયા છોડી દે અને એકતારો તથા ભિક્ષાપાત્ર હાથમાં લઇને દાસ થા. આત્મવીરોનું લક્ષણજ એ છે કે, જીવનમાં ફેરફાર કરતાં તેમને મન સાથે ઝાઝું લડવું પડતું નથી અને લડવું પડે તોએ તેમાં તેઓ હારી જતા નથી. વીરનાયકે ગૃહસંસાર છોડયો અને એ યાત્રાએ ઊપડયો. તિરૂપતિ, કાંચી, કલહટ્ટી વગેરે ફરી વિજયનગર ગયા. એ વખતે મહાન કૃષ્ણદેવરાય રાજ્ય કરતા હતા. અહીં એમને એમના ગુરુ મળી ગયા. એમણે મધ્વસંપ્રદાયની દીક્ષા લીધી અને ફરી યાત્રાએ ઊપડયા.

ચિદંબરમ્, શ્રીરંગમ્, મદુરા, રામેશ્વર, અનંતશયન, કન્યાકુમારી, ગોકર્ણ વગેરે યાત્રાઓ કરી અનેક જાતનાં કષ્ટ વેઠી કનકદાસ ઉડપી આવી પહોંચ્યા. ઉડપી એટલે ચુસ્ત સનાતની બ્રાહ્મણો-

નું થાણું. કનક જેવા અંત્યજને ઊભા રહેવા પણ કોણ દે ? પછી ભિક્ષા મળવી તો દૂરજ રહી. અનેક સાંસા પડચા પછી વાદિરાજ સ્વામીનું ધ્યાન એના તરફ ગયું. ઉડપીના મંદિરની વ્યવસ્થા જુદા જુદા આઠ મઠના સ્વામીઓ પાસે છે. એમાંના સોળે મઠના મુખ્ય તે વાદિરાજ સ્વામી. અસાધારણ વિદ્વાન અને ધર્મશીલ તરીકે તેમની ખ્યાતિ છે. તેમણે જોઇ લીધું કે કનકદાસ તો પોતાના કરતાં પણ ચઢે એવો છે. મંદિરની પૂજા થયા પછી વાદિરાજ સ્વામી રિવાજ પ્રમાણે હસ્તોદક આપે અને પછીજ બધા બ્રાહ્મણો જમવા બેસે. આ હસ્તોદક તો પ્રતિષ્ઠાના ક્રમ પ્રમાણેજ અપાય. કનકની યોગ્યતા જાણ્યા પછી વાદિરાજ મંદિરમાંથી નીકળે કે પ્રથમ કનક પાસે જાય; એને હસ્તોદક આપે ત્યાર પછીજ બીજા બ્રાહ્મણોને મળે. બ્રાહ્મણો આથી ખૂબ ચિડાયા. વાદિરાજે કહ્યું: " અરે, કનકદાસ મારા કરતાંએ મોટો છે. એને ચરણામૃત પ્રથમ ન આપું તો અધર્મ થાય, બ્રાહ્મણોએ પ્રમાણ માગ્યું. વાદિરાજ મંદિરમાં ગયા અને જમણા હાથની મુઠ્ઠી વાળી બહાર આવી બ્રાહ્મણોને પૂછયું કે, " બ્રાહ્મણો ! મારા હાથમાં શું છે તે કહો. " દરેકે જુદા જુદા જવાબ આપ્યા. છેવટે કનકનો વારો આવ્યો. એ તો ભક્તિમાં મગ્નજ થઇ ગયા. એમના કંઠમાંથી ગાન સ્ફુર્યું: " એ તો વાસુદેવ પરમાત્માજ છે." જેમ જેમ ગાન વધ્યું તેમ તેમ વાદિરાજના હાથનો બોજો વધવા લાગ્યો. તેઓ તે ખમી ન શકયા. તેમણે મુઠ્ઠી ઉઘાડી તો તેમાં શું હતું? એક શાલિગ્રામ અને તુલસીપત્ર.

વાદિરાજ સ્વામીએ એક દિવસે બ્રાહ્મણોને એક એક કેળું આપ્યું અને કહ્યું: " આજે એકાદશી છે, કોઇ જુએ નહિ એવે ઠેકાણે જઇને આ ખાજો." અર્થાત્ કનકને પણ એક કેળું આપ્યું હતું. સાંજે બધા ભેગા થયા, પોતાની આજ્ઞાનું પાલન કેવું થયું છે એ જોવા વાદિરાજે દરેક જણને પૂછયું. દરેક જણે કયાં કયાં એકાંત શોધ્યું, એ જાણી લઇએ તો ખૂબ રમૂજ પડે. એકલા કનકદાસના હાથમાં કેળું એમ ને એમ રહ્યું હતું. એણે કહ્યું: " જ્યાં જાઉં ત્યાં વાસુદેવ છેજ. એકાંત મળે કયાં ? એટલે હું કેળું એમ ને એમ લઇને બેઠો છું."

એક દિવસે કનકદાસને મંદિરના તળાવમાં નાહી દર્શન કરવાનું મન થઇ આવ્યું. વાદિરાજ ઉડપીમાં ન હતા. કનકના કોડ પૂરા કરે એવું બીજું કોઇ ઉડપીમાં ન હતું. જેટલી વાર દર્શન

કરવા જાય તેટલી વાર બ્રાહ્મણો એમને કાઢી મૂકે. આખરે નિરાશ થઇને કનક મંદિરની પાછળ ગયો અને ગાવા લાગ્યો. કરુણામાં એણે પોતાનું આખું હૃદય ઠાલવી દીધું. પરમાત્માથી એ સહેવાયું નહિ. મૂર્તિ એકાએક પેલા કર્મકાંડી બ્રાહ્મણોથી વિમુખ થઇ પાછલી બાજુએ મોં ફેરવી ઊભી.

આ થયું શું? હવે કરવું શું? કોઇને સૂઝે નહિ; વાદિરાજ આવ્યા. એમણે બનેલી બિના જાણતાંવેંત કહ્યું: "અરે, તમે કનકદાસનો કંઇક ગુનો કર્યો છે, તેથીજ વાસુદેવે આપણા આચારધર્મ તરફ પૂંઠ ફેરવી છે." આખરે એમણે મંદિરની પાછલી દીવાલમાં ઉપર કહ્યું છે તેમ, પથરાની જાળી કોરાવી અને કનકને દર્શન થયાં! આજે પણ એ બારી "કનકની બારી" નામે ઓળખાય છે. એ બારી પાસેજ કનકની કુટિ છે. આજે ત્યાં એક સંસ્કૃત વર્ગ ચાલે છે.

એક રથયાત્રાને પ્રસંગે કોણ જાણે શાથી, પણ રથ કેમે કર્યો ખસે નહિ. આખરે વાદિરાજે કહ્યું: "એમજ દેખાય છે કે, કનકના સ્પર્શ વગર રથ ચાલવા દેવાની પરમાત્માની મરજી નથી."

ધન્ય છે વાદિરાજ સ્વામીને કે જેમણે જોઈ લીધું કે, અંત્યજોના સ્પર્શ વગર સમાજનું ગાડું ચાલવાનું નથી. આજે કર્ણાટકમાં ચુસ્તમાં ચુસ્ત મરજાદી વૈષ્ણવ બ્રાહ્મણો કનકનાં રચેલાં ભજનો ગાઇને ભક્તિરસ કેળવે છે; એને સંત તરીકે સ્વીકારી એનું ચરિત્રામૃત ગાવામાં પોતાને પાવન થયા માને છે અને છતાં એજ કનકદાસના જાતભાઈઓને હડધૂતના હડધૂતજ રાખે છે. હિંદુધર્મનો બચાવ કરનાર વાદિરાજ સ્વામી દરેકના હૃદયમાં અવતરે નહિ, તો હિંદુધર્મનો રથ ચાલવાનો નથી અને પરમાત્મા હિંદુસમાજથી વિમુખજ રહેવાનો.

('નવજીવન'ના એક અંકમાંથી)

२१—हैदरअली का चरित्र

હૈદરઅલી કી મૃત્યુ

(લેખક:—શ્રી. સુંદરલાલ)

હૈદરઅલી કે સાથ અંગ્રેજોં કા યહ દૂસરા યુદ્ધ થા. એક બાર માલૂમ હોતા થા કિ હૈદરઅલી દક્ષિણભારત સે અંગ્રેજોં કો નિકાલ કર બાહર કર દેગા. નાના ફડનવીસ પૂના મેં બૈઠા હુઆ યહ સબ સુસમાચાર સુન રહા થા; ઔર ઈન્હીં આશાઓં કે આધાર પર સાલબાઈ કે સંધિ–પત્ર પર દસ્તખત કરને સે ઇન્કાર કર રહા થા. જિસ સમય ગાયકવાડ, સિંધિયા ઔર ભોંસલે તીન–તીન જબરદસ્ત મરાઠાનરેશ મરાઠા–મંડલ તથા અપને દેશ દોનોં કે સાથ વિશ્વાસઘાત કર ચૂકે થે, ઔર નિઝામ–ઉલ્–મુલ્ક ભી અંગ્રેજોં કી ચાલોં મેં ફંસ ચૂકા થા; ઉસ સમય ઇન વિદેશિયોં કે વિરુદ્ધ નાના ફડનવીસ કી સમસ્ત આશાઓં કા આધાર કેવલ વીર હૈદરઅલી થા. યદિ હૈદરઅલી એક બાર મદ્રાસ પ્રાંત સે અંગ્રેજોં કો નિકાલ સકતા, તો નિઃસંદેહ નાના ફડનવીસ મરાઠામંડલોં મજબૂત કર કે ઉત્તર મેં અંગ્રેજોં કે સાથ ફિર સે યુદ્ધ શુરૂ કર દેતા. ઉત્તરીય ભારત મેં અંગ્રેજ અપને અનેક દુશ્મન પૈદા કર ચૂકે થે, ઔર ઇસ પ્રકાર કી સ્થિતિ મેં નાના કો સફલતા પ્રાપ્ત હોને કી ભી બહુત સંભાવના થી; કિંતુ પ્રતીત હોતા હૈ કિ ભારતવાસિયોં કે અનેક પાપોં કે પ્રાયશ્ચિત્ત ઔર સચ્ચી ભારતીય આત્મા કે વિકાસ કે લિયે અભી ઈસ દેશ કા વિદેશી શાસન કે અગ્નિસ્નાન મેં સે નિકલના આવશ્યક થા. ઠીક ઉસ સમય જબ કિ વીર હૈદરઅલી ઇલાકોં પર ઇલાકે ઔર ગઢોં પર ગઢ વિજય કરતા હુઆ બઢા ચલા જા રહા થા, જબ કિ ભારત કે અંદર સ્વતંત્રતા તથા પરતંત્રતા કે ઇસ દ્વંદ્વ કો એશિયા તથા યૂરોપ કી સમસ્ત જાગરુક શક્તિયાં ધ્યાન સે દેખ રહી થીં, જબ કિ હૈદરઅલી કા નામ સુન કર ભારત કે અંગ્રેજ ચૌંક પડતે થે ઔર ઇંગ્લિસ્તાન મેં કંપની કે હિસ્સોં કી દર ધડાધડ ગિર રહી થી, અચાનક ૭ દિસમ્બર સન્ ૧૭૮૨ કી રાત કો અરકાટ કે કિલે મેં હૈદરઅલી કી મૃત્યુ હો ગઇ. ઇસને નાના ફડનવીસ કી આશાઓં કો ચૂર–ચૂર કર દિયા ઔર લાચાર હો કર ઉસને

સાલબાઈ કી સંધિ પર હસ્તાક્ષર કર દિયા. કંપની કે લિયે હૈદરઅલી કી મૃત્યુ વાસ્તવ મેં એક બહુત બડી બરકત સાબિત હુઇ.

આરની કી વિજય કે બાદ હૈદરઅલી કી કમર મેં એક ફોડા નિકલા, જિસકે કારણ ઉસે અરકાટ લૌટ આના પડા. યહ ફોડા હી હૈદરઅલી કી મૌત કા પૈગામ સાબિત હુઆ. જબ હૈદરઅલી કો અપને રોગ કે અસાધ્ય હોને કા પતા લગા, ઉસને અપને તમામ મંત્રિયોં ઔર મુખ્ય સરદારોં કો બુલા કર,રાજ્ય કે વિષય મેં અંતિમ આદેશ દિયે. એક સેના પાંચ હજાર સવારોં કી ઉસને મદ્રાસ કી ઓર રવાના કી. અપની વિશાલ સેના કે પ્રત્યેક સિપાહી ઔર મુલાજિમ કો એક–એક મહિને કી તનખ્વાહ બતૌર ઇનામ કે દિલવાઇ ઔર ટીપૂ કો, જો ઉસ સમય એક દૂસરે મૈદાન મેં થા, બુલવા ભેજા.

હૈદરઅલી કી આયુ ઉસ સમય સાઠ વર્ષ સે કુછ ઉપર થી. ડર થા કિ હૈદરઅલી કી મૃત્યુ કે સમાચાર સે ઉસકી વિજયી સેના કા ઉત્સાહ ન ટૂટ જાય. હૈદરઅલી કે દોનોં મુખ્ય મંત્રી હિંદૂ થે, જિનકે નામ પૂર્નિયા ઔર કૃષ્ણરાવ થે. ઇન દોનોં વફાદાર મંત્રિયોં ને હૈદરઅલી કી મૃત્યુ કો બડી હોશિયારી કે સાથ ઉસ સમય તક શત્રુ ઔર અપની સેના દોનોં સે છિપાયે રકખા, જિસ સમય તક કિ હૈદરઅલી કે બડે બેટે ફતહઅલી ટીપૂ ને અરકાટ મેં પહુંચ કર અપને બાપ કી જગહ ન લે લી. ટીપૂ કે આને પર સુલ્તાન હૈદરઅલી કા શબ મૈસૂર કી રાજધાની શ્રીરંગપટ્ટન ભેજા ગયા જહાં પર બડે સમારોહ કે સાથ ઉસે લાલબાગ મેં દફન કિયા ગયા, ઔર ટીપૂ ને પિતા કી કબ્ર કે ઉપર એક સુંદર ઔર આલીશાન સમાધિ બનવાઈ.

યુદ્ધ કા અંત

ટીપૂ અપને બાપ કે સમાન વીર, કિંતુ અભી નાતજરૂબેકાર થા. મૈસૂર કે અંદર અપની નઇ સત્તા કો મજબૂત કરને કી ઓર ભી ઉસે કાફી ધ્યાન દેના પડા. ફિર ભી ઉસને પહલે બડી સફલતા કે સાથ યુદ્ધ જારી રકખા ઔર અંગ્રેજી સેના કો શિકસ્ત પર શિકસ્ત દી. યહાં તક કિ અંગ્રેજોં કો ચારોં ઓર "નિર્બલતા, નિરુત્સાહ ઔર નૈરાશ્ય" કે સિવા કુછ દિખાઇ ન દેતા થા. અંત મેં સન્ ૧૭૮૩ મેં અંગ્રેજોં ને બડી નમ્રતા કે સાથ ટીપૂ સે સુલહ કી પ્રાર્થના કી. ટીપૂ ઉનકી બાતોં મેં આ ગયા. ૧૧ માર્ચ સન ૧૭૮૪ કો

મંગલૌર મેં ટીપૂ સુલ્તાન ઔર અંગ્રેજ કંપની કે બીચ સંધિ હો ગઇ. અંગ્રેજોં ને વાદા કિયા કિ હમ ફિર કભી મૈસુર કે મામલોં મેં દખલ ન દેંગે. ટીપૂ ઔર ઉસકે ઉત્તરાધિકારિયોં કે સાથ સદા મિત્રતા કા વ્યવહાર રકખેંગે, ઔર ઉનકે શત્રુઓં કે વિરુદ્ધ ઉન્હેં સહાયતા દેને કે લિયે સદા તૈયાર રહેંગે. ઇસ વાદે પર વીર, ઉદાર કિંતુ નાતજરૂબેકાર ટીપૂ ને અંગ્રેજોં સે જીતા હુઆ તમામ ઇલાકા ઉન્હેં લૌટા દિયા. ટીપૂ ને નિઃસંદેહ એશિયાઈ મર્યાદા કે અનુસાર અપની શાહાના આન કાયમ રકખી ઔર અંગ્રેજોં કો કાફી નીચા દિખાયા, કિન્તુ જો બાત હૈદર ઔર નાના ચાહતે થે, વહ પૂરી ન હો સકી.

હૈદરઅલી કા ચરિત્ર

હૈદરઅલી એક ગરીબ ઘર મેં પૈદા હુઆ થા, ઔર એક મામૂલી સિપાઇ સે બઢતે–બઢતે કેવલ અપની વીરતા ઔર યોગ્યતા કે બલ એક વિશાલ રાજ્ય કા સ્વામી બન ગયા. હૈદરઅલી "સુલતાન હૈદરઅલી શાહ" કહલાતા થા. દિલ્હી–દરબાર કે સૂબેદારોં મેં ઉસકી ગિનતી થી. મૈસૂર કા વહ "દૈવ" થા ઔર હમ ઉપર લિખ ચૂકે હૈં કિ મૈસુર રાજ્ય કે અંદર "દૈવ" કા પદ ઠીક વૈસા હી થા, જૈસા મરાઠા–સામ્રાજ્ય કે અંદર પેશ્વા કા. "દૈવ" કી ગદ્દી અબ હૈદરઅલી કે કુલ મેં પૈતૃક હો ગઇ થી. અપની વીરતા દ્વારા ઉસને મૈસૂર રાજ્ય કો બહુત અધિક બઢા લિયા થા. મરતે સમય, ઉસ તમામ ઈલાકે કો છોડ કર, જો ઉસને હાલ કે યુદ્ધ મેં અપને શત્રુઓં સે વિજય કિયા થા, ઉસકે શેષ રાજ્ય કા ક્ષેત્રફલ અસ્સીહજાર વર્ગમીલ થા, જિસકી સાલાના બચત શાસન કા તમામ ખર્ચ નિકાલ કર તીન કરોડ રૂપયે સે ઉપર થી. ઉસકી કુલ સ્થાયી સેના તીન લાખ ચૌવીસ હજાર થી; જિન મેં ૧૯,૦૦૦ સવાર, ૧૦,૦૦૦ તોપખાને કે સિપાહી, ૧,૧૫,૦૦૦ પૈદલ ઔર ૧,૮૦,૦૦૦ ઇસ તરહ કી સેના થી જો દૂસરે સરદારોં કે અધીન હર સમય તૈયાર રહતી થી ઔર આવશ્યકતા પડને પર બુલા લી જાતી થી. ઉસકે ખજાને કે જવાહરાત ઔર નકદી કા અંદાજા અસ્સી કરોડ રૂપયે સે ઉપર કા થા. ઉસકી પશુશાલાઓં મેં ૭૦૦ હાથી, ૬૦૦૦ ઊંટ, ૧૧,૦૦૦ ઘોડે, ૪,૦૦,૦૦૦ ગાય ઔર બૈલ, ૧,૦૦,૦૦૦ ભૈંસ ઔર ૬૦,૦૦૦ ભેડેં થીં. ઉસકે શસ્ત્રાગાર મેં ૬,૦૦,૦૦૦ બંદૂક, ૨,૦૦,૦૦૦ તલવાર ઔર ૨૨,૦૦૦ તોપેં થીં.

હૈદરઅલી અપને સમય કા અકેલા ભારતીય નરેશ થા, જિસને અપને સમુદ્રતટ કી રક્ષા કે લિયે એક જહાજી બેડા, જિસકે પ્રત્યેક જહાજ પર તોપેં લગી હુઇ થી, રખ રકખા થા. ઉસકી જલસેના અપને સમય કી એક જબરદસ્ત જલસેના થી. ઉસકે જલસેનાપતિ અલીરજા ને મલદ્વીપ નામક લગભગ બારહ હજાર છોટે–બડે ટાપુઓં કો વિજય કર કે ઉન્હેં હૈદરઅલી કે રાજ્ય મેં મિલા લિયા થા.

હૈદરઅલી પઢના–લિખના બિલકુલ ન જાનતા થા. એક મુસલમાન ઇતિહાસલેખક લિખતા હૈ કિ ઉસને ફારસી અક્ષરોં મેં અપના નામ લિખને કા પ્રયત્ન કિયા. બડે પરિશ્રમ સે વહ અપને નામ કા કેવલ પહલા અક્ષર "હે" સીખ પાયા; કિંતુ ઇસ "હે" કો ભી વહ સદા ઉલટા ઔર ગલત લિખા કરતા થા. યહી ઉસકે દસ્તખત થે; તથાપિ સમસ્ત ભારતીય તથા વિદેશી ઇતિહાસલેખક મુક્ત કંઠ સે સ્વીકાર કરતે હૈં કિ બુદ્ધિમત્તા, દૂરદર્શિતા, નીતિજ્ઞતા ઔર શાસન–પ્રબંધ મેં ઉસકી યોગ્યતા બડે ઉંચે દરજે કી થી ઔર વીરતા તથા યુદ્ધકૌશલ મેં વહ અપને સમય મેં સર્વથા અદ્વિતીય થા.

ધાર્મિક પક્ષપાત યા તઆસ્સુબ કા ઉસમેં નિશાન તક ન થા. અપને રાજ્ય કી ઉંચે સે ઉંચી પદવિયાં ઉસને હિંદુઓં કો દે રકખી થી. ઉસકે મુખ્યતમ મંત્રી હિંદૂ થે. મૈસૂર કે જિન વિદ્રોહી સામંતોં કો ઉસને પરાસ્ત કિયા, ઉનકી ગદ્દિયાં યા તો ઉન્હી કો વાપસ કર દી, યા દૂસરે હિંદુ નરેશોં કો ઉનકી જગહ બૈઠા દિયા. અપની હિંદુ ઔર મુસલમાન પ્રજા કે સાથ વહ એક–સમાન ઉદાર વ્યવહાર રખતા થા. ઉસને અનેક હિંદુ મંદિર બનવાયે ઔર અસંખ્ય મંદિરોં કો જાગીરેં અદા કી. હાલ મેં ઉસ સમય કે ઇતિહાસ કી ખોજ દ્વારા અંગ્રેજ લેખક મિ૦ ગેલેટિક (આઇ. સી. એસ.) ને દિખાયા હૈ કિ હૈદરઅલી ને અપની સલ્તનતભર મેં ગોરક્ષા કા ઉસી પ્રકાર સુંદર પ્રબંધ કર રકખા થા, જિસ પ્રકાર બાબર તથા ઉસકે ઉત્તરાધિકારી મુગલ સમ્રાટોં ને; અર્થાત્ હૈદરઅલી કે રાજ્ય મેં ગોવધ કા કડા નિષેધ થા ઔર યદિ રાજ્યભર મેં કભી કોઈ મનુષ્ય ગોવધ કા અપરાધી હોતા થા, તો ઉસકે હાથ કાટ લિયે જાતે થે.

જગદ્ગુરુ શંકરાચાર્ય કે ચાર મુખ્ય મઠોં મેં શૃંગેરી કા

મઠ મૈસૂર કે રાજ્ય મેં થા. શૃંગેરી–મઠ કે સ્વામી ઉસ સમય કે જગદ્‌ગુરુ શંકરાચાર્ય કે સાથ હૈદરઅલી કા વિશેષ પ્રેમ થા. દોનોં મેં ખૂબ પત્રવ્યવહાર હોતા થા. વર્તમાન મૈસૂર રાજ્ય કે પુરાતત્ત્વ–વિભાગ ને કૃપા કર હમારે પાસ કનાડી ભાષા મેં જગદ્‌ગુરુ શંકરાચાર્ય કે નામ હૈદરઅલી કે એક મૂલ પત્ર કા ફોટો ભેજા હૈ, જિસે પઢને સે માલૂમ હોતા હૈ કિ હૈદરઅલી જગદ્‌ગુરુ કા કિતના અધિક આદર કરતા થા ઔર કિસ પ્રકાર રાજ્ય કે ગંભીર મામલોં મેં જગદ્‌ગુરુ કી સલાહ લે કર કામ કરતા થા. ઈસી પત્ર કે સાથ હૈદરઅલી ને "એક હાથી, પાંચ ઘોડે, એક પાલકી, પાંચ ઉંટ, × × ×, પાંચ સોને કે તાલ્કે (સૂર્યચંદ્રાંકિત પતાકાએં જો જગદ્‌ગુરુ કે સાથ ચલતી હૈં), × × × એક જોડી શાલ, સાઢે દસ હજાર રુપયે નકદ × × × ઇત્યાદિ જગદ્‌ગુરુ કી નજર કે તૌર પર ઔર એક ઠોસ સોને કા ફતીલ સોજ (શમઈ) શૃંગેરી મઠ કી દેવપૂજા કે લિયે જગદ્‌ગુરુ કી સેવા મેં ભેજા.

હૈદરઅલી અપને દરબાર કે અંદર હિંદૂ ત્યોહારોં કો બડે સમારોહ કે સાથ મનાયા કરતા થા. વિશેષ કર દસહરે કે અવસર પર ઉસકે દરબાર મેં દસ દિન તક લગાતાર જશ્ન હોતા રહતા થા, રોજ શામકો આતશબાજી છૂટતી થી; સાંઢોં, બારહસિંગોં, હાથિયોં ઔર શેરોં કી લડાઇયાં હોતી થીં, કુશ્તિયાં હોતી થીં, દાવતેં હોતી થીં, ઇનામ ઔર ઇકરામ દિયે જાતે થે ઔર ગરીબોં કો ભોજન–વસ્ત્ર ઔર ધન બાંટા જાતા થા.

મજહબ કે નામ પર કિસી તરહ કે ભી લડાઇ–ઝગડોં કો વહ અત્યંત ઘૃણા કી દૃષ્ટિ સે દેખતા થા. લિખા હૈ કિ એક બાર ઉસકે રાજ્ય સે કહીં પર શિયા ઔર સુન્નિયોં મેં ઝગડા હો ગયા. જબાન સે બઢતે–બઢતે મામલા ખંજર ઔર ભાલોં તક પહુંચ ગયા. હૈદર કે કાનોં તક ખબર પહુંચી. ઉસને દોનોં પક્ષ કે લોગોં કો બુલવાયા ઔર ઉનસે પૂછા–"યહ ક્યા બેવકૂફી કા ઝગડા હૈ? તુમ લોગ કુત્તોં કી તરહ એકદૂસરે પર ક્યોં ભોંકતે હો?" દોનોંને અપની–અપની બાત કહ સુનાઇ. માલૂમ હુઆ કિ ઝગડા કેવલ ઇસિ બાત પર હૈ કિ હઝરત મોહમ્મદ કે કુછ ઉત્તરાધિકારિયોં કે વિષયમેં શિયોં કી એક રાય હૈ ઔર સુન્નિયોં કી દૂસરી. હૈદરઅલી ને ઉનસે પૂછા–"જિન વ્યક્તિયોં કે બારે મેં તુમ્હારા ઝગડા હૈ, ક્યા વે જિન્દા હૈં?" જવાબ મિલા–"નહીં." ઇસ

પર હૈદરઅલી ને ઉનસે કહા-"જો લોગ મર ચૂકે, ઉનકી બાબત અબ ઝગડા કરના હિમાકત હૈ." ઔર દોનોં કો આગાહ કર દિયા કિ-"અગર તુમ લોગ ફિર કભી અપના ઔર સરકાર કા સમય ઇન બેતુકે ઔર બદમાશી કે ઝગડોં મેં નષ્ટ કરોગે તો યકીન રક્ખો, તુમ્હારે સર કુચલ દિયે જાવેંગે."

હૈદરઅલી કા ઇન્સાફ ઉસ સમય દૂર-દૂર તક વિખ્યાત થા. ઉસકે જીવનચરિત્ર કા એક ફ્રાન્સીસી રચયિતા લિખતા હૈ કિ ઉસકી પ્રજા મેં કિસી ભી નિર્ધન સે નિર્ધન પુરુષ વા સ્ત્રી કો અધિકાર થા કિ ઉસકે સામને આ કર અપની દાદ-ફરિયાદ પેશ કરે. પહરેદારોં કો હુકમ થા કિ કિસી ફરિયાદી કો કિસી સમય ભી હુજૂર મેં આને સે ન રોકા જાવે. વહ બડે ગૌર સે સબકી ફરિયાદ સુનતા થા ઔર સબકા ઇન્સાફ કરતા થા. લિખા હૈ કિ એક બાર સન્ ૧૭૬૭ મેં જબ કિ હૈદરઅલી કોયમ્બતૂર મેં થા, એક દિન શામ કો વહ હવાખોરી કે લિયે જા રહા થા. માર્ગ મેં એક બુઢિયા સડક કે એક ઓર આ કર લેટ ગઇ ઔર "ઇન્સાફ! ઇન્સાફ!" ચિલ્લાને લગી. હૈદરઅલી ને ફૌરન અપની સવારી રોક દી, બુઢિયા કો પાસ બુલાયા ઔર પૂછા-"ક્યા મામલા હૈ?" બુઢિયા ને જવાબ દિયા-"જહાંપનાહ! મેરે કેવલ એક બેટી થી ઔર આગા મોહમ્મદ ઉસે ભગા લે ગયા." સુલતાનને જવાબ દિયા-"આગા મોહમ્મદ કો યહાં સે ગએ એક મહીને સે જ્યાદા હો ગયા, તુમને આજ તક શિકાયત ક્યોં નહીં કી?" જવાબ મિલા-"જહાંપનાહ! મૈંને કઇ બાર અર્જિયાં લિખ કર હૈદરશા કે હાથોં મેં દી, કિન્તુ મુઝે કોઇ જવાબ નહીં મિલા!" હૈદરશા હૈદરઅલી કા ખાસ જમાદાર થા, જો ઉસ સમય હૈદરઅલી કે આગે-આગે ચલ રહા થા. આગા મોહમ્મદ ઉસસે પહલે કા ખાસ જમાદાર થા. ઔર પચીસ સાલ તક હૈદરઅલી કી ખિદમત કર ચૂકા થા. આગા મોહમ્મદ કો હૈદરઅલી ને પેન્શન ઔર જાગીર દે કર એક મહીના હુઆ બિદા કર દિયા થા. હૈદરશા ને અપની સફાઇ મેં આગે બઢ કર અર્જ કિયા-"જહાંપનાહ! યહ બુઢિયા ઔર ઉસકી બેટી દોનોં બદચલન હૈં." હૈદરઅલી ફૌરન મહલ કી ઓર લૌટ પડા ઔર બુઢિયા કો અપને સાથ લે ગયા. મહલ પહુંચ કર જબ લોગોં ને હૈદરઅલી સે યહ પ્રાર્થના કી કિ ઇસ બાર હૈદરશા કો ક્ષમા કર દિયા

જાવે, તો હૈદરઅલી ને ઉત્તર દિયા–" મૈં આપ લોગોં કી પ્રાર્થના કા સ્વીકાર નહીં કર સકતા. કિસી બાદશાહ ઔર ઉસકી પ્રજા કે બીચ કે પત્રવ્યવહાર કો રોકને સે બઢ કર કોઈ ગુનાહ હો હી નહીં સકતા. બલવાનોં કા કર્તવ્ય હૈ કિ નિર્બલોં કા ઈન્સાફ કરેં. ખુદા ને નિર્બલોં કી રક્ષા કે લિયે હી બાદશાહ કો બનાયા હૈ, ઔર જો બાદશાહ અપની પ્રજા કે ઉપર જુલ્મ હોને દેતા હૈ ઔર જુલ્મ કરનેવાલે કો દંડ નહીં દેતા, વહ ઇસ યોગ્ય હૈ કિ ઉસકી પ્રજા કા પ્રેમ ઔર વિશ્વાસ ઉસ પર સે હટ જાવે ઔર પ્રજા ઉસકે વિરુદ્ધ વિદ્રોહ કરને લગે."

હૈદરઅલી ને સબકે સામને અપને જમાદાર હૈદરશા કો દો સૌ કોડે લગવાયે. સાથ હી ઉસને એક સવાર ઉસ બુઢિયા કે સાથ આગા મોહમ્મદ કે રહને કી જગહ ભેજા ઔર હુકમ દિયા કિ યદિ લડકી આગા મોહમ્મદ કે યહાં મિલ જાય તો ઉસે ઉસકી માં કે હવાલે કર દિયા જાય ઔર આગા મોહમ્મદ કા સિર કાટ કર મેરે સામને પેશ કિયા જાય; ઔર યદિ લડકી ન મિલે, તો આગા મોહમ્મદ કો ગિરફતાર કર કે મેરે સામને લાયા જાય. લડકી આગા મોહમ્મદ કે યહાં મૌજુદ થી. ઉસે ઉસકી માં કે હવાલે કર દિયા ગયા ઔર આગા મોહમ્મદ કા સિર કાટ કર હૈદરઅલી કે સામને પેશ કિયા ગયા.

હૈદરઅલી કે ઈન્સાફ કે ઇસી તરહ કે ઔર ભી અનેક જ્વલંત ઉદાહરણ ઉસકી જીવનિયોં મેં મિલતે હૈં. મીર હુસેનઅલી ખાં કિરમાની લિખતા હૈ કિ ચોર, ઉચ્ચકકે અથવા ડાકૂ કા નામ તક હૈદરઅલી કે રાજ્ય મેં કહીં સુનને મેં ન આતા થા; ઔર યદિ અકસ્માત્ કહીં પર ચોરી હો જાતી થી, તો ઉસ સ્થાન કે પુલિસ કર્મચારી કો ફૌરન્ મૌત કી સજા દી જાતી થી ઔર દૂસરા આદમી ઉસકી જગહ નિયુકત કર દિયા જાતા થા. હૈદરઅલી કે હજારોં જાસૂસ સલ્તનતભર મેં ઘૂમતે રહતે થે ઔર ઉસે પ્રજા કે સુખ–દુઃખ કી ખબરે દેતે રહતે થે. હૈદરઅલી સ્વયં પ્રાયઃ વેશ બદલે કંબલ ઓઢે રાત કો શ્રીરંગપટ્ટન તથા અન્ય નગરોં કી ગલિયોં મેં ઘૂમા કરતા થા ઔર ગરીબોં તથા યાત્રિયોં કી ખબર રખતા થા.

હૈદરઅલી કી સમસ્ત પ્રજા ઉસસે અત્યંત ખુશ થી. ઉસકે રાજ્યભર મેં ચારોં ઓર ખુશહાલી થી. તિજારત, ઉદ્યોગ–ધંધે

ઔર કૃષિ કો ખૂબ ઉત્તેજના દી જાતી થી. વહ સ્વયં કારીગરોં ઔર સૌદાગરોં કી ખૂબ મદદ કરતા થા. લિખા હૈ કિ અકેલે કોયમ્બતૂર કે બાજાર મેં વીસ હજાર રેશમ કે થાન પ્રતિ સપ્તાહ બિકને કે લિયે આતે થે. યદિ કોઈ સરકારી કર્મચારી પ્રજા કે ઉપર કિસી તરહ કા અત્યાચાર કરતા થા, તો હૈદરઅલી સદા ઉસે કડી સે કડી સજા દેતા થા. ઉસકે રાજ્યભર મેં ઇસ બાત કી સખ્ત મનાઇ થી કિ કિસાનો સે ઉનકી નિયત માલગુજારી કે અતિરિક્ત એક કૌડી ભી કિસી બહાને ન લી જાવે.

હૈદરઅલી કી બુદ્ધિ કી તીક્ષ્ણતા ઔર ઉસકી સ્મરણશક્તિ સર્વથા અલૌકિક થી. નેપોલિયન કે સમાન વહ એકસાથ કઇ–કઈ કામ કિયા કરતા થા. વહ જિસ વક્ત કોઈ મામૂલી તમાશા દેખતા રહતા થા; ઉસી વક્ત કુછ લોગોં સે પ્રશ્ન કરતા રહતા થા. જવાબ દેતા રહતા થા, અખબાર સુનતા થા, ચિઠ્ઠિયાં સુનતા થા, ચિઠ્ઠિયાં લિખાતા થા ઔર સાથ હી અપને મંત્રિયોં કે સાથ ગંભીર–સે–ગંભીર પ્રશ્નોં પર બાતચીત કરતા રહતા થા ઔર ઉનકા ફૈસલા કરતા રહતા થા. યે સબ કામ એકસાથ ચલતે રહતે થે. એકસાથ વહ તીસ–તીસ ઔર ચાલીસ ચાલીસ મુન્શિયોં સે કામ લેતા રહતા થા.

રોજ સુબહ કો જબ વહ એક ચૌકી પર બૈઠ કર હાથ–મુંહ ધોયા કરતા થા, ઉસી સમય ઉસકે અનેક જાસૂસ ઉસકી ચૌકી કે ચારોં ઓર ખડે હો જાતે થે ઔર પિછલે ચૌબીસ ઘંટે કા અપના અપના હાલ સુનાતે થે. યે સબ જાસૂસ એકસાથ બોલતે થે, હૈદર મુંહ ધોતે ધોતે સબ કી બાત સુનતા થા, કેવલ આવાજ સે ઉન્હેં પહચાનતા થા ઔર જિસસે જરૂરત સમઝતા થા, બીચ–બીચ મેં સવાલ કર લેતા થા. મનુષ્ય કે ચરિત્ર કો વહ કેવલ એક બાર શકલ દેખ કર પહચાન જાતા થા ઔર રંગરૂટોં કો કેવલ ચેહરે સે દેખ કર હી ભરતી કર લેતા થા. ઘોડોં ઔર જવાહરાત કી ભી ઉસે ગજબ કી પહચાન થી.

હૈદરઅલી વીર થા ઔર વીરતા કી બડી કદ્ર કરતા થા. અપને સિપાહિયોં કે સાથ ઉસકા વ્યવહાર અત્યંત પ્રેમ, ઉદારતા ઔર બરાબરી કા રહતા થા. જિન્હેં વહ યુદ્ધ મેં હરા દેતા થા, ઉનકે સાથ ભી ઉસકા વ્યવહાર સદા દયા ઔર ઉદારતા કા હોતા થા. ઇતના બડા નરેશ હોને પર ભી ઉસમેં ઘમંડ અથવા અભિ-

માન કા નિશાન તક ન થા. અપને રાજ્ય કો વહ સદા 'ખુદાદાદ' કહા કરતા થા. અપને દરબારોં તક મેં વહ સાધારણ સિપાહિયોં કે સાથ બરાબરી કા વ્યવહાર કિયા કરતા થા. વહ સ્વયં એક સાધારણ સિપાહી કા-સા જીવન વ્યતીત કરતા થા. ભોજન જો સામને આતા, ખા લેતા થા. સફર મેં વહ પ્રાયઃ ભુને હુએ ચને, બદામ ઔર જ્વાર કી સુખી રોટી યા ઇનમેં સે જો સામને આ જાવે, ખા કર રહ જાતા થા. અપને તખ્ત પર વહ જ્યાદા-સે-જ્યાદા સાલ મેં એક બાર ઇદ કે દિન ચંદ ઘંટે કે લિયે બૈઠતા થા ઔર વહ ભી દૂસરોં કી પ્રાર્થના પર.

હૈદરઅલી કા કદ મંઝોલા થા, ઉસકા રંગ સાંવલા થા, કિંતુ ઉસકે શરીર કી બનાવટ સુંદર થી. વહ મજબૂત ઔર નિહાયત ફુર્તીલા થા. વહ ઘોડે કા બહુત અચ્છા સવાર થા. પૈદલ લંબે સફર કરને કા ભી ઉસે બેહદ શૌક થા ઔર આદત થી. સપ્તાહ મેં દો બાર વહ અપને સર, દાઢી ઔર મૂછોં કે બાલ મુંડવા દેતા થા. દાઢી ઔર મૂછેં વહ ઇતની સાફ રખતા થા કિ નકચુટની સે એક-એક બાલ નિકલવા દેતા થા. ઉસકી દેખાદેખી ઉસકે અધિકતર દરબારી ભી દાઢી ન રખતે થે, ઔર યદિ મૂછોં રખતે થે, તો ઇતની કમ કિ જો દૂર સે દિખાઇ ન દેતી થી. હૈદરઅલી કો લાલ કપડોં કા શૌક થા ઔર અપને સર પર વહ એક સૌ હાથ લંબી લાલ પગડી બાંધતા થા.

શિકાર કા-વિશેષ કર શેર કે શિકાર કા—ઉસકો બડા શૌક થા. ઉસકે યહાં અનેક શેર પલે હુએ થે, જો રોજ સુબહ ખુલે હુએ ઉસકે સામને લાયે જાતે થે. હૈદરઅલી અપને હાથ સે ઇન શેરોં કો લડ્ડૂ ખિલાયા કરતા થા. ઉનકે પંજોં ઔર જડબોં મેં ભી વહ લડ્ડૂ દે દિયા કરતા થા. લિખા હૈ કિ ઉસકા નિશાના કભી ચૂકતા ન થા. અપને સામને અખાડે મેં વહ અકસર શેર કે સાથ અપને કિસી એક વીર સિપાહી કી કુસ્તી કરાયા કરતા થા. યદિ સિપાહી શેર કો પછાડ પાતા, તો ઉસે ઇનામ-ઓ-ઇકરામ દિયે જાતે ઔર યદિ શેર હાવી હોને લગતા, તો હૈદર ફૌરન દૂર સે બૈઠા હુઆ શેર કી કનપટી પર ગોલી માર દેતા ઔર શેર કા પંજા સિપાહી પર પડ સકે, ઇસસે પહલે હી શેર ગોલી ખા કર ગિર પડતા થા.

હૈદરઅલી કે શારીરિક પરિશ્રમ ઔર કષ્ટ-સહન કી કોઇ

સીમા ન થી. વહ કઈ—કઇ રાતેં જંગલ મેં બારિશ ઔર સર્દી કે અંદર ઘોડે કી પીઠ પર ગુજાર દેતા થા. ઘોડાં, હાથિયોં, આપોં ઔર રસાયન કા ઉસે ખાસ શૌક થા. ઉસકે એક પ્યારે હાથી કા નામ 'પવનગજ' થા, જિનકે મરને પર હૈદરઅલી ને બડા દુઃખ મનાયા થા. ઘોડે ખરીદને કા ઉસે ઇતના અધિક શૌક થા કિ દૂર—દૂર કે મુલ્કોં સે ઘોડાં કે સૌદાગર ઉસકે દરબાર મેં પહુંચતે થે ઔર યદિ કિસી સૌદાગર કા ઘોડા ઉસકે રાજ્ય કે અંદર મર જાતા ઔર સૌદાગર અપને ઘોડે કી અયાલ ઔર દુમ કાટ કર સ્થાનીય કર્મચારી કી સનદ કે સાથ હૈદરઅલી કે દરબાર મેં પેશ કરતા, તો ઘોડે કી આધી કીમત ઉસે દિલવા દી જાતી થી.

ઇન સબ બાતોં કે અતિરિક્ત હૈદરઅલી અંગ્રેજોં કે કટ્ટર શત્રુ થા. અંગ્રેજોં કે લિયે ઉસકા નામ એક 'હવ્વા' થા. યદ્યપિ હૈદરઅલી કી નીતિજ્ઞતા નાના ફડનવીસ કે ટક્કર કી નથી—સબસે બડી ગલતી ઉસકી યહ થી કિ અપની સેના કે અનેક બડે—બડે ઓહદોં પર ઉસને ફ્રાંસીસિયોં કો નિયુક્ત કર રક્ખા થા, જિસકા ફલ ઉસકી મૃત્યુ કે બાદ ઉસકે બેટે ટીપૂ સુલ્તાન કો ભોગના પડા; તથાપિ ઇસમેં સંદેહ નહીં કિ અપને જીવનભર અંગ્રેજોં કો ભારત સે નિકાલને કા હૈદર ને જી—તોડ પ્રયત્ન કિયા. વહ જબ તક જિયા, અજેય રહા ઔર અંત મેં ઇસી પ્રયત્ન મેં ઉસને અપને પ્રાણ દિયે. હમ ઉપર લિખ ચૂકે હૈં કિ જિસ સમય ગાયકવાડ, સિંધિયા ઔર ભોંસલે તીન—તીન જબરદસ્ત મરાઠાનરેશ મરાઠા મંડલ તથા અપને દેશ દોનોં કે સાથ વિશ્વાસઘાત કર ચૂકે થે. ઔર નિજામ—ઉલ્—મુલ્ક ભી અંગ્રેજોં કે સાથ મિલ કર અપને સાથિયોં તથા મુલ્ક દોનોં કો દગા દે ચૂકા થા, ઉસ સમય નાના ફડનવીસ ઔર ભારત કી સ્વાધીનતા દોનોં કી આશા કા એક માત્ર આધાર વીર હૈદરઅલી થા. ઇતના હી નહીં, બલ્કિ જિસ સમય નાના ફડનવીસ ભી અપની સંધિ કે અનુસાર હૈદરઅલી કી મદદ કરને કે નાકાબિલ હો ગયા ઔર નિજામ ને અપના વાદા સાફ તોડ દિયા ઉસ સમય અંગ્રેજોં કી સંપૂર્ણ શક્તિ કે મુકાબલે કા સારા ભાર અકેલે હૈદરઅલી કે કંધોં પર પડા. ઇસમેં ભી સંદેહ નહીં હો સકતા કિ હૈદરઅલી ને આશ્ચર્યજનક સાહસ ઔર સફલતા કે સાથ અકેલે ઇસ ભાર કો સહન કિયા, ઔર યદિ ભવિતવ્યતા બીચ મેં ન પડતી અર્થાત્ યદિ ઠીક ઉસ સમય જબકિ ભારત મેં

અંગ્રેજોં કે હાથપાંવ બિલકુલ ફૂલ ચૂકે થે, મૌત ભારતીય સ્વાધીનતા કે ઉસ અંતિમ આધાર કો ઉઠા કર ન લે ગઇ હોતી, તો ઉસકે બાદ કા ભારત તથા અંગ્રેજ જાતિ દોનોં કા ઇતિહાસ બિલકુલ દૂસરે હી ઢંગ સે લિખા ગયા હોતા. હૈદરઅલી કે બાદ ફિર ૭૫ વર્ષ તક ભારત કે પુત્રોં કો અપની સ્વાધીનતા કે લિયે ઉસ પ્રકાર કા વ્યાપક પ્રયત્ન કરને કા સાહસ ન હો સકા. નિઃસંદેહ ભારત કી આઝાદી કે લિયે પ્રયત્ન કરનેવાલોં મેં હૈદરઅલી કા પદ સર્વોપરિ હૈ, ઔર આઝાદી કે ચાહનેવાલોં મેં ઉસકા નામ સદા કે લિયે સ્મરણીય રહેગા.

("વિશાલ ભારત"ના એક અંકમાંથી)

२२--सद्गत देशभक्त सूफी अंबाप्रसाद

આજે ભારતવર્ષમાં કેટલા લોક એમનું નામ જાણે છે? કેટલા એમની સ્મૃતિથી શોકાતુર થઇને આંસુ વહાવે છે? કૃતઘ્ન ભારતે આવાં કેટલાંએ રત્ન ગુમાવ્યાં છે અને આશ્ચર્યની વાત એ છે કે, તેને માટે એક ક્ષણભર પણ તેને દુઃખ લાગ્યું નથી!

તેઓ સાચા દેશભક્ત હતા; દેશને માટે તેમના દિલમાં દર્દ હતું. હિંદી યુવકોને ઉત્સાહપૂર્વક સ્વરાજ્યપથ પર ચાલતા જોઇને તેમને આનંદ થતો, ગરીબ હિંદીઓની નિરાધાર દશા દેખીને તેઓ દીર્ઘ નિઃશ્વાસ મૂકતા અને તેનો પ્રતિકાર કરવાને ઉત્સુક રહેતા.

તેઓ ભારતની પ્રતિષ્ઠા જોવાની ઝંખના રાખતા. તેને ઉન્નતિના શિખર પર પહોંચાડવાના અભિલાષ ધરાવતા; છતાં તેમનું નામ આજે ભારતવર્ષના બહુજ થોડા માણસો જાણે છે.

ભારતમાતાનું અસ્તિત્વ કાયમ રાખવાને માટેજ તેમણે પોતાનું અસ્તિત્વ મટાડી દીધું હતું. તેમના પ્રત્યેની લોકોની ઉપેક્ષાની પરવા કર્યા વિના પોતાના સર્વસ્વનું બલિદાન દીધું—ઘર છોડયું, માલમિલકત જપ્ત થઇ, જેલમાં ગયા, પ્રાણથીએ વહાલો દેશ છોડ્યો અને અંતે પ્રાણ પણ ખોવાયા. એમની કદર કરી તે પણ ઇરાને! આજે ઇરાનમાં "આક સૂફી"નું નામ સર્વપ્રિય અને સર્વપૂજ્ય બન્યું છે.

× × × ×

સૂફી અંબાપ્રસાદનો જન્મ ઇ. સ. ૧૮૫૮ માં મુરાદાબાદમાં થયો હતો. એમનો જમણો હાથ જન્મથીજ કપાયેલો હતો. તેઓ હાસ્યવિનોદમાં કહેતા કે, "ભાઈ! મેં સત્તાવનમાં અંગ્રેજો સામે યુદ્ધ કીધું, હાથ કપાઇ ગયો, મૃત્યુ થયું, પુનર્જન્મ પામ્યો; પણ હાથ કપાયેલો ને કપાયેલોજ આવી ગયો."

એમણે મુરાદાબાદ, બરેલી અને જાલંધર આદિ શહેરોમાં શિક્ષણ લીધું. ઇ. સ. ૧૮૬૯માં લુધિયાના જિલ્લામાં જ્યારે સ્વતંત્રતાપ્રેમી કુકાને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા, ત્યારે તેઓ જાલંધરમાં હતા. એમનું વય એ સમયે લગભગ તેર વર્ષનું હતું.

એફ. એ. પાસ કર્યા પછી એમણે કાયદાનો અભ્યાસ કર્યો; પરંતુ વકીલાત કરી નહિ. તેઓ ઉર્દૂના પ્રભાવશાળી લેખક હતા, એજ કામ તેમણે હાથમાં લીધું.

× × × ×

ઇ. સ. ૧૮૯૦ માં એમણે મુરાદાબાદથી પોતાનું ઉર્દૂ સાપ્તાહિક "જામ્યુલ-ઈલૂમ" પ્રકટ કરવા માંડયું. એમનાં ધર્મપત્ની એમને એ કાર્યમાં ખૂબ સહાયતા આપતાં. આજે ૧૯૨૫ માં એમના એ સમયના લેખો વાંચી જુઓ, તેમાં ૧૯ મી સદીની ગંધ સરખી આવશે નહિ. દરેક સમયે એ લેખો નવીન ભાવ ઉપસ્થિત કરે છે. એમાંનો પ્રત્યેક શબ્દ સૂફીજીની આંતરિક અવસ્થાનો પરિચય આપે છે. તેઓ હાસ્યરસના પ્રસિદ્ધ લેખક હતા; છતાં તેમનાં લખાણમાં ગંભીરતા પણ ઓછી ન હતી. તેઓ હિંદુમુસલમાન એકતાના કટ્ટર હિમાયતી હતા; અમલદારોના આકરા ટીકાકાર હતા. એમનું પત્ર એટલું બધું લોકપ્રિય થઇ પડયું હતું કે, રસ્તામાં ટપાલવાળાજ વાંચવાને ખાતર એ ચોરી લેતા.

ઇ. સ. ૧૮૯૭ માં એમના પર રાજદ્રોહનો આરોપ મૂકીને કેસ ચલાવવામાં આવ્યો અને તેમાં દોઢ વર્ષનો કારાવાસ મળ્યો. ૧૮૯૯ માં તેઓ છૂટીને બહાર આવ્યા; એ અરસામાં યુ. પી. નાં કેટલાંક નાનાં દેશી રાજ્યોમાં અંગ્રેજો હસ્તક્ષેપ કરી રહ્યા હતા.

સૂફીજીએ ત્યાંના અમલદારો અને રેસિડન્ટોનાં છોડિયાં સારી પેઠે પાડ્યાં. તે લોકોએ સૂફીજી ઉપર મિથ્યા દોષારોપણનો કેસ ચલાવ્યો. તેમાં એમની માલમિલકત જપ્ત થઇ અને છ વર્ષનો બંદીવાસ મળ્યો. જેલમાં તેમને અકથનીય કષ્ટો સહન કરવાં

પડ્યાં. આમ છતાં તેઓ લેશ પણ ડગ્યા નહિ.

સૂફીજી જેલમાં બીમાર થયા. એક ગંદી કોટડીમાં પુરાયા હતા. ઓસડવેસડ અને સારવાર તો હોયજ શાનાં ! અરે પાણીનો પણ યોગ્ય બંદોબસ્ત ન હતો. જેલર આવતો અને મજાકમાં પૂછતો. "સૂફી! હજી સુધી તમે જીવો છો?" શું આ વિપત્તિઓથી સૂફી ડરે એમ હતા? હરગિજ નહિ. જેમ તેમ જેલના દિવસો કપાયા અને ૧૯૦૬ના અંતમાં તેઓ છૂટ્યા.

× × × ×

સૂફીજીને નિઝામ હૈદરાબાદ સાથે ગાઢ સંબંધ હતો. જેલમાંથી છૂટતાંજ તેઓ ત્યાં ગયા. નિઝામે તેમને માટે એક સરસ મકાન બનાવ્યું. જે દિવસે મકાન તૈયાર થયું તે દિવસે નિઝામે તેમને કહ્યું કે, "આપને માટે મકાન તૈયાર થયું છે." એમણે ઉત્તર આપ્યો: "હું પણ તૈયારજ થયો છું." પુસ્તકો અને કપડાંની પોટલી ઉઠાવી અને પંજાબનો રસ્તો લીધો! ઇ. સ. ૧૯૦૭ની શરૂઆત હતી. સ્વદેશી હિલચાલની લહેરનો પંજાબ ઉપર ઠીક પ્રભાવ પડતો હતો, જાગ્રતિનો આરંભ થઇ ચૂક્યો હતો. એમણે જોયું કે, પંજાબમાં કંઇક કામ થઇ શકશે એટલે તે માર્ગે એમણે પ્રયાણ કર્યું.

ત્યાં "પૈસા અખબારે" એમને માસિક એકસોપંચોતેર રૂપિયા આપવા જણાવ્યું: "વતન અખબારે" એકસોપચીસથી માગણી કરી; પરંતુ એમણે એની પરવા નહિ કરતાં "હિંદુસ્તાન" પત્રના સાઠ રૂપિયા સ્વીકારી લીધા ! તેઓ કહેતા: "આપણે 'વેતન' 'વેતન' નાં રોદણાં શા માટે રડીએ? રોજનો રોટલો અને પોતાના વિચારો અને સ્વાતંત્ર્યપ્રેમનો પ્રચાર કરવાની તક મળતી રહે એટલુંજ મારે માટે બસ છે." નિઃસંદેહ મોહ અને લોભની મગદૂર શી કે, તેના હૃદયનો સ્પર્શ પણ કરી શકે? આ તો સામાન્ય વેતન હતું; પરંતુ સંભળાય છે કે, એમની કુશળતા, વાક્‌પટુતા અને બુદ્ધિશક્તિ જોઇને સરકારની જાસુસી ખાતાની માસિક એકહજાર રૂપિયાની જગ્યા આપવાની માગણી થયેલી; પરંતુ એ લાલચને વશ ન થતાં એમણે તો કારાવાસ અને દરિદ્રતાનેજ શ્રેષ્ઠ માન્યાં. કેટલાક દિવસ સુધી તેઓ "હિંદુસ્તાન"માં કામ કરતા રહ્યા.

એજ દિવસોમાં સરદાર અજિતસિંહજીએ "ભારતમાતા

સોસાયટી"ની સ્થાપના કરી અને પંજાબના "ન્યુ કૉલોની બિલ" વિરુદ્ધ આંદોલન શરૂ કર્યાં. એ મંડળમાં સઘળાજ નવયુવકો હતા અને મોટા ઉત્સાહથી તેઓ પોતાનું કામ કરી રહ્યા હતા. સૂફીજીનો પરિચય એમની સાથે વધતો ગયો અને તેઓ પણ એ તરફ આકર્ષાવા લાગ્યા.

"હિંદુસ્તાન" ના સંપાદક શ્રી. દીનાનાથ એમના લેખમાં ઘણી કાપકૂપ કરતા. એમણે તેમને કહ્યું: "તમે હજી બાળક છો. નીતિ સમજતા નથી. ડરો છો. તંત્રીતરીકે મારુંજ નામ મૂકો એટલે પત્યું." પરંતુ એ માગણી સ્વીકારાઇ નહિ; અંતે એમણે એ કામ પણ છોડયું અને પૂર્ણપણે "ભારતમાતા સોસાયટી"નાજ થઇ રહ્યા. પંજાબમાં જુસ્સો વધતોજ રહ્યો. લાહોરમાં જાટોનો જલસો થયો. એ દુ:ખી જમીનદારોને સૂફીજીએ જે શબ્દોમાં ઉપદેશ આપ્યો તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

× × × ×

ઈ. સ. ૧૯૦૭ના મેની ૯ મી તારીખે લાલા લજપતરાય પકડાયા અને સરદાર અજિતસિંહ ઉપર પણ વૉરંટ નીકળ્યું. સરદારજી છુપાઇ ગયા અને હજી જૂન સુધી સરકાર તેમને પકડી શકી નહિ. એ ડખલના દિવસમાં કામ મોકુફ રહેવાથી સૂફીજી પોતાના મિત્રોને મળવા રૂડકી ગયા. પાછળથી પંજાબમાં વધારે ધરપકડ શરૂ થઇ એટલે સરદાર અજિતસિંહના ભાઇ સરદાર કિશનસિંહજી અને "ભારતમાતા સોસાયટી"ના મંત્રી આનંદકિશોર મહેતા, સૂફીજીની સાથે નેપાળમાં ચાલ્યા ગયા. ત્યાં બહુ દિવસ રહ્યા. ત્યાં નેપાલરોડના ગવર્નર શાયદ શ્રીયુત જંગબહાદુરજી સાથે એમનો પરિચય થયો. તેઓ એમની સાથે બહુજ સારી રીતે વર્તતા. પાછળથી શ્રી. જંગબહાદુર સૂફીજીને આશ્રય આપવાના કારણથી પદચ્યુત થયા અને તેમની મિલકત પણ જપ્ત કરી લેવામાં આવી. તેમની સાથે નેપાળની રાજનૈતિક સ્થિતિ ઉપર અનેક પ્રસંગે વાતચીત થતી; સૂફીજીની રાજનીતિનિપુણતા જોઇને તેઓ દંગ થતા અને કહેતા કે, "ભારત જેવા ગુલામ દેશમાં રહીને જીવન વ્યર્થ શા માટે ગુમાવો છો?" આખરે તેઓ ત્યાંથી પકડાયા અને તેમને લાહોર લાવવામાં આવ્યા.

જ્યારે તેઓ "ભારતમાતા સોસાયટી" માં હતા ત્યારે લાલાજીના ઇન્ડિયા પત્રમાં એમના લેખો અવારનવાર પ્રગટ થતા

રહેતા. તે સંબંધમાં એમના પર કેસ ચલાવવામાં આવ્યો; પરંતુ નિર્દોષ સિદ્ધ થવાથી છૂટી ગયા.

તે પછી સરદાર અજિતસિંહજી પણ છૂટીને આવી પહોંચ્યા અને મંડળના જેટલા સભ્યો બહાર હતા તે સઘળા સુરત કોંગ્રેસમાં એકઠા મળ્યા. ઈ. સ. ૧૯૦૮માં "ભારતમાતા બુક સોસાયટી"ની સ્થાપના કરવામાં આવી અને તેણે રાજદ્વારી અને રાષ્ટ્રીય સાહિત્ય પ્રકટ કરવાનું શરૂ કર્યું. એમાં વિશેષ કામ સૂફીજ કરતા.

એક દિવસ સરદાર અજિતસિંહને લાહોરના ડેપ્યુટી કમિશ્નરે બોલાવ્યા અને તેમણે રાજદ્વારી ક્ષેત્રમાંથી દૂર રહેવાની ધમકી આપી. પરંતુ સરદારજીએ તેને રોકડું પરખાવ્યું એટલે કમિશ્નર સાહેબ બોલી ઊઠ્યા કે, "શું તમે ઇસુ છો?" સરદારજી ત્યાંથી ચાલી આવ્યા અને સૂફીજીને વાત કરી; પછી શું? સૂફીજી બાયબલ લઇને બેસી ગયા અને કેટલાક દિવસ પછી 'बागी मसीह' યા "વિદ્રોહી ઇસુ" નામનું પુસ્તક પ્રગટ કર્યું અને તેમાં દર્શાવ્યું કે, ઇસુને તેના શિષ્યોએ ૩૦ સિક્કામાં વેચી દીધો અને સરદાર સાહેબને તેના કોઇ મિત્રે ૫૦૦ રૂપિયામાં શત્રુના હાથમાં સોંપ્યા! બન્નેના આદર્શ એક છે, લક્ષ્ય પણ એકસરખું જ છે. એટલે એ બન્ને વચ્ચે ભારે અંતર નથી. પુસ્તક જપ્ત કરવામાં આવ્યું.

એજ વર્ષમાં લો૦ મા૦ તિલક ઉપર કેસ ચાલ્યો. તેમને છ વર્ષની કેદ મળી. ત્યારે દેશભક્ત મંડળના સર્વ સભ્યો સાધુ બની ગયા. સઘળાએ ભગવાં, ગેરુઆં વસ્ત્ર પહેરી લીધાં અને સૂફીજી તથા સરદારજીએ મળીને તિલક આશ્રમ ખોલવાનો ઇરાદો કર્યો; પરંતુ અનેક વિઘ્નો અને આપત્તિઓને લઇને તેમનો વિચાર અમલમાં મૂકી શકાયો નહિ.

સાધુમંડળ પર્વતયાત્રાએ નીકળ્યું. પર્વતના શૃંગનિવાસ દરમિયાન એક ભક્ત પણ સાથે થઇ ગયો. સાધુઓ બેઠા એટલે પેલા ભક્તે સૂફીજીના ચરણો પર મસ્તક નમાવીને પ્રણામ કર્યા. ભક્ત મોટો જેન્ટલમૅન હતો. બૂટમોજાં સારી પેઠે પહેર્યાં હતાં. સૂફીજીને ચરણે મસ્તક મૂકીને પૂછવા લાગ્યોઃ—

"બાવાજી! આપ ક્યાં રહો છો?" સૂફીજીએ કારમે સ્વરે ઉત્તર આપ્યોઃ "રહું છું તારા કપાળમાં!"

"મહારાજ! આપ નારાજ કેમ થાઓ છો?"

"અરે બેવકૂફ! તેં મને નમસ્કાર શા માટે કર્યા? બીજા આટ-

હા બધા સાધુઓ હતા, તેમને પ્રણામ નહિ કરવાનું કારણ ?"

"હું આપનેજ મોટા સાધુ સમજ્યો હતો."

"વારુ, જાઓ ખાવાપીવાનું લઇ આવો."

તે કેટલીક વારે સારા સારા પદાર્થ લઇને આવ્યો. ખાઇપીને નિશ્ચિંત થયા પછી સૂફીજીએ તેને ફરીથી બોલાવ્યો અને કહ્યુંઃ "કેમ અલ્યા ! અમારો પીછો છોડે છે કે નહિ ?"

"મહારાજ ! હું આપને શી તકલીફ આપું છું ?"

"ચાલાકી જવા દે. જાસૂસી કરવા જા, જા તારા બાપને ખબર આપ કે, અમે બળવો ઉઠાવવાને પહાડમાં જઇએ છીએ."

પેલો માણસ શરમિંદો થઇ ગયો અને પગે પડી બોલ્યો. "હજૂર ! પેટને ખાતર સૌ કંઇ કરવું પડે છે !"

ઈ. સ. ૧૯૦૯ માં એમણે "પેશવા અખબાર" કાઢ્યું. એ દિવસોમાં બંગાળામાં ક્રાંતિકારી હિલચાલે માથું ઉઠાવ્યું. સરકારને ચિંતા પેઠી કે, આ અગ્નિ પંજાબને તો નહિ સળગાવી મૂકે ? તરતજ દમનચક્ર ફરવા માંડ્યું. પ્રમુખને-લાલા હરદયાળને દેશ છોડવો પડ્યો અને અંતે સૂફીજી, સરદાર અજિતસિંહ અને જ્યાઉલ હકને પણ ઇરાનનો પંથ લેવો પડ્યો.

એ દરમિયાન "પેશ્વા" હજી ચાલુજ હતું. તેને માટે પુષ્કળ લેખો લખી રાખવામાં આવ્યા હતા; કારણ કે પેશ્વા એકદમ બંધ પડી જાય તો સરકારને શંકા પડે અને રસ્તામાંથીજ એમને કદાચ પકડી લેવામાં આવે. કરાંચીથી વહાણપર ચડ્યા. ઇરાન ચાલ્યા ગયા. ત્યાં જ્યાઉલ હકની મતિ બદલાઇ ગઈ. તેણે વિચાર્યું: "આ લોકોને પકડાવી દઉં તો ઇનામ મળે અને સજામાંથી પણ બચી જવાય;" પરંતુ સૂફીજી ચેતી ગયા.તેમણે તેને આગળ રવાના કર્યો; ત્યાં તે રિપોર્ટ કરવા જતાં પકડાઈ ગયો અને આ બન્ને બચી ગયા.

ઈરાનની એમની આપવીતી તો ત્યાં જઇને હકીકત મેળવીએ તોજ જાણવામાં આવે; પરંતુ અહીં જે કંઇ સાંભળવામાં આવ્યું છે તે નોંધીએ છીએ. અહીંથી ઈરાન જવા પછી અંગ્રેજ સરકારે એમની ત્યાં પણ ખૂબ તપાસ કરી. તેમને અનેક જાતનાં કષ્ટ સહન કરવાં પડ્યાં. કહેવાય છે કે, એક સ્થળે તેમને ઘેરી લેવામાં આવ્યા હતા.' ત્યાંથી નીકળી નાસવાનું અશક્ય થઇ પડ્યું હતું. ત્યાં વેપારીઓનો કાફલો ઊતર્યો હતો; ઊંટો પર વસ્ત્ર આદિની પેટીઓ લાદવામાં આવી હતી. એક ઊંટની બે પેટીઓમાં સૂફીજી

અને સરદાર અજિતસિંહને બંધ કરવામાં આવ્યા અને ત્યાંથી તેમને બચાવી લેવામાં આવ્યા. પછી કોઇ અમીરને ત્યાં ઊતર્યા. વાત વાયુવેગે ઘરઘર ફેલાઇ ગઇ. એ વખતે બન્નેને બુરખા પહેરાવી જનાનામાં બેસાડી દેવામાં આવ્યા. બધે તપાસ થઈ. અંતે સ્ત્રીઓની પણ ઝડતી લેવાવા લાગી; એકબે સ્ત્રીના બુરખા ઊપડ્યા પણ ખરા; પરંતુ મુસલમાનો આ બેઇજ્જતી સામે લડવા અને મરવા તૈયાર થઈ ગયા.

બુરખા ઉપાડવાનું બંધ રહ્યું અને બીજી વાર તેઓ બચી ગયા.

એક ફોટોગ્રાફરે એમને પોતાને ત્યાં આશ્રય આપ્યો. અનેક દિવસ તેને ત્યાં તેઓ રહ્યા, પરંતુ પાછળથી તે બિચારાને સપરિવાર જેલમાં જવું પડ્યું.

પાછળથી જ્યારે વાદળાં વિખરાઇ ગયેલાં જણાયાં, ત્યારે તેમણે ત્યાંની રાષ્ટ્રીય હિલચાલમાં ભાગ લેવા માંડ્યો. એ સમયે અંગ્રેજો ત્યાં પણ પોતાનું પ્રભુત્વ જમાવ્યે જતા હતા. સૂફીજીએ કહ્યું: ભાઇઓ! અમને એ લોકોનો પૂરો અનુભવ છે. અમારા અનુભવનો લાભ લેશો તો એમની ચુંગાલમાંથી બચી શકશો અને કદાચ ફસાઇ પડશો તોપણ તરતજ છૂટી શકશો.” એમણે ત્યાં “ આબે હયાત ” નામનું પત્ર કાઢ્યું અને અનેક પુસ્તકો લખ્યાં. એ બધું ફારસી ભાષામાંજ લખાતું. તેમાંના એક પુસ્તકનું નામ “ ઇબિતે ઇરાની યાન દામે સય્યાદાન ” હતું. એનો અર્થ “ ઇરાની વિપત્તિ અને શિકારીઓની જાળ ” છે. પાછળથી સરદાર અજિતસિંહજી ટર્કી ચાલ્યા ગયા, ત્યારે સૂફીજીએ પોતાના એક મિત્રને પત્રમાં લખ્યું હતું. “ સરદાર સાહેબને ટર્કીમાં મૂકી આવ્યો છું. મારી ફરજ અહીં પણ વળગેલી છે, હું અહીંજ કામ કરીશ” ઇત્યાદિ.

સૂફીજી અને સરદારજી ત્યાં અત્યંત લોકપ્રિય થઇ પડ્યા હતા. સરદારજીના ચાલ્યા જવા પછી પણ સૂફીજીને ખૂબ કામ કરવાનો અવસર મળતો અને ત્યાં તેઓ “ આકા સૂફી ” યાને “ સ્વામી સૂફી ” ના નામથી પ્રસિદ્ધ થયા.

ઈ. સ. ૧૯૧૫ ના અરસામાં અંગ્રેજોએ ઇરાન પર સારી પેઠે કાબૂ મેળવવાનો તાગડો રચ્યો. કેટલીક ઊથલપાથલ થઇ. શિરાજને ઘેરો ઘાલવામાં આવ્યો. એ ઘેરામાં સૂફીજી પણ અંગ્રેજોના હાથમાં સપડાયા અને તેમને કોર્ટમાર્શલ કરવામાં આવ્યા. તેમને મૃત્યુદંડ ઠોકવામાં આવ્યો, ત્યારે પ્રતિષ્ઠિત ઇરાનીઓનાં અનેક

પંચો તેમને છોડી દેવાની વિનતિ કરવા સરકાર પાસે ગયાં. પરંતુ તેમની કશી પરવા કરવામાં ન આવી અને છેવટનો ફેંસલો આપવામાં આવ્યો:-

"કાલે સવારે ગોળીથી ઠાર કરવામાં આવશે."

સૂફી કોટડીમાં બંધ હતા. પરંતુ અંત સમયે તેઓ સમાધિ અવસ્થામાં દેખાયા; તેમનું પ્રાણરૂપી પંખી ઊડી ગયું હતું. તેઓ યોગાભ્યાસ સારી રીતે જાણતા હતા. એમની શ્મશાનયાત્રામાં અસંખ્ય ઇરાનીઓ ગયા હતા અને તેમણે ભારે શોક પાળ્યો! કેટલાએ દિવસ સુધી આખા શહેરમાં શોક છવાઈ રહ્યો હતો. સૂફીજીની કબર બાંધવામાં આવી. આજ સુધી દર વર્ષે એમની કબર પર ભારે મેળો ભરાય છે. લોકો સૂફીજીનું નામ સાંભળતાંજ શ્રદ્ધાથી શિર ઝુકાવે છે.

× × × ×

હિંદુસ્તાનના એમના જીવન સંબંધી અનેક અદ્ભુત વાતો સાંભળવામાં આવે છે. તેઓ પગની આંગળીમાં કલમ રાખીને સારી રીતે લખી શકતા. એમના એક મિત્રે એક વિચિત્ર પ્રસંગ વર્ણવ્યો છે. કહેવાય છે કે, પહેલાં ભાગલપુર (કે કોઇએક) સ્ટેટમાં રેસિડન્ટ કંઈક ખરાબી કરી રહ્યો હતો અને તે રાજ્યને હડપ કરવાની પેરવીમાં હતો. ત્યાંના ભેદ પકડવાની અને તેનાં ભોપાળાં બહાર પાડવાની અત્યંત આવશ્યકતા હતી. એ વખતે કલકત્તાના પ્રસિદ્ધ દૈનિક 'અમૃત બઝાર પત્રિકા' તરફથી એમને ત્યાં મોકલવામાં આવ્યા.

એક પાગલ જેવો માણસ રેસિડન્ટના બબરચી પાસે નોકરી શોધતો આવ્યો; કેટલીક આનાકાની પછી ખાવાના બદલામાં જે કામ સોંપે તે કરવાની શરતે બબરચીએ તેને રાખી લીધો. સાહેબે પૂછ્યું: "આ નોકર કોણ છે?" બબરચીએ કહ્યું: "હજૂર! બિલકુલ પાગલ જેવો છે. અક્કલ તો કશી છેજ નહિ." સાહેબ ખુશ થયા. તેણે આગળથીજ હુકમ આપી રાખ્યો હતો કે, કોઇ પણ સમજદાર કે ચકોર માણસને નોકરીમાં રાખવો નહિ. પેલો પાગલ વાસણ સાફ કરતાં કરતાં માટીમાં લથપથ થઇ જતો; મોં ઉપર પણ કાદવ લપેડી લેતો. એ વખતે એના તરફ જોતાં કોઈ પણ માણસને હસવું આવ્યા વિના રહેતું નહિ; પણ એ પાગલ નોકરમાં એક સરસ ગુણ હતો, તે સોદો ખરીદવામાં ઘણો ચતુર હતો. સારામાં સારી ચીજ જે ભાવથી બબરચી લાવતો, તેની

તેજ ચીજ એ નોકર ચાર ચાર આને ઓછે લાવતો. એટલે બજારનું કામ એનેજ સોંપવામાં આવતું.

આ તરફ "અમૃત બઝાર પત્રિકા" માં રેસિડન્ટ વિરુદ્ધ ધડાધડ લેખો પ્રકટ થવા લાગ્યા. પરિણામે તે એટલો બધો બદનામ થયો કે તેને એ અધિકાર પરથી દૂર કરવામાં આવ્યો. એ સ્ટેટમાંથી એને ધકેલી કાઢવામાં આવ્યો. જ્યારે તે સ્ટેટની હદ ઓળંગી ગયો, ત્યારે એક જંકશન પર એક માણુસ બૂટ, પાટલૂન અને હેટ પહેરીને એની સામે આવ્યો. તેને ઓળખતાં રેસિડન્ટ ચકિત થઈ ગયો. તેણે આવતાંજ અંગ્રેજીમાં વાતચીત શરૂ કરી. તેને જોતાંજ તે કંપવા લાગ્યો. કંઈક જાળથી, કંઈક આશ્ચર્યથી અને કંઈક ક્રોધથી છેવટે તે બોલ્યો: "તને ઇનામ તો આપવામાં આવ્યું છે, વળી પાછો મારી પાસે કેમ આવ્યો ?"

"આપે કહ્યું હતું કે જે માણુસ મારો ભેદ ખોલનાર ગુપ્તચરને પકડી આપશે તેને ઇનામ આપીશ."

"હા, કહ્યું હતું. શું તેં એને પકડ્યો છે?"

"હા, હા, ઇનામ આપો. તે હું પોતેજ છું."

રેસિડન્ટ આ સાંભળી થરથર કંપી ઊઠ્યો અને દાંત કકડાવીને બોલ્યો કે, "અરે, જો રાજ્યની હદમાંજ તારો પત્તો લાગ્યો હોત, તો તારા કૂચેંકૂચા ઉડાવી નાખત." ખેર, પણ આખરે તેણે પોતાનું વચન પાળ્યું અને સોનાની ઘડિયાળ સૂફીજીને ભેટ આપતાં કહ્યું: "જો તમે સ્વીકારો તો છૂપી પોલીસ ખાતામાં માસિક એક હજાર રૂપિયાની જગ્યા હું તમને અપાવી શકું છું;" પરંતુ સૂફીજીએ કહ્યું: "જો પગારજ લેવો હોત તો તમારાં વાસણ શું કામ માંજત ?"

આ કોઇ પરંપરાની વાત છે, છતાં અસંભવિત નથી. સૂફીજીને જાસૂસી ખાતામાં નોકરી આપવાનાં કહેણ તો સરકારે અનેક વખત મોકલેલાં; પણ એ મહાન દેશભક્તે પોતાની દેશભક્તિને ગમે તેવી લાલચોથી પણ કલંક લાગવા દીધું નથી. આજે સૂફીજી આ લોકમાં નથી, પણ એવા દેશભક્તોનાં આત્મસ્મરણ કરનાર શહીદોનાં સ્મરણ ગમે ત્યારે અને ખાસ કરી અત્યારના મંથનકાળમાં સ્ફૂર્તિદાયક થાય છે. પરમાત્મા એમના મહાન આત્માને શાંતિ આપો અને ભારતમાતાને આવા સુપુત્રવતી કરો !

('નવયુગ"ના એક અંકમાંથી)

२३–जदुनाथ सरकार

હિંદુસ્તાનના વિદ્યાર્થીઓનાં દુર્ભાગ્ય છે કે, તેઓને પોતાની જન્મભૂમિનો ઇતિહાસ પારકી આંખે જોવાયેલો, પારકે ત્રાજવે જોખાયેલો અને ગૌરવશૂન્ય શૈલીમાં લખાયેલો પાઠ્ય પુસ્તકરૂપે મગજમાં ઠાંસવો પડે છે. ભારતના ભૂતકાળની અનેકાનેક વાતો આજે ઇતિહાસની દૃષ્ટિથી સંશુદ્ધ કરી આપનારા સમર્થ ભારતીય વિદ્વાનો મોજૂદ હોવા છતાં એક વખતના રૂઢ થઇ ગયેલા, અનેક દોષોવાળા, સાહેબશાહી ઇતિહાસો અંગ્રેજીમાં તથા પ્રાંતિક ભાષાના અનુવાદોરૂપે હજુ આપણી ઊગતી પ્રજાનું માનસ ભંભેર્યા કરે છે. નથી હોતી તેમાં ભારતીય સંસ્કૃતિ કે સંસ્કારની લાગણી, નથી હોતી તેમાં ભારતીય નરરત્નો માટે માનદૃષ્ટિ કે નથી હોતું તેમાં સ્વદેશનું ગૌરવ. “ કલકત્તાના કારાગૃહ ” જેવી ઠોકી બેસાડેલી ઘણી વાતો વિદ્વાનોએ ઇતિહાસની દૃષ્ટિથી ખોટી સાબિત કરી આપી, છતાં આપણા એ ઇતિહાસો હજી જેવા ને તેવા અચળ રહ્યા છે.

એ ઇતિહાસોમાંથી જે શિવાજીને લૂંટારા તરીકે અને જે ઔરંગઝેબને ધર્માંધ જુલમી બાદશાહ તરીકે આપણાં બાળકો માનતાં થાય છે, એજ ઔરંગઝેબ અને શિવાજી વિષે સાચી ગૌરવભરી માહિતીવાળા, જાણે દિવસે દિવસની હકીકત નજરે જોઇને લખી હોય એવી બારીક ચોકસાઈવાળા તેજસ્વી ઇતિહાસગ્રંથો, ભારતીય વિદ્વાન જ્ઞાનવર્ચસ અધ્યાપક જદુનાથ સરકારે જગતને આપ્યા છે. એ સમર્થ ઇતિહાસવેત્તાના ગ્રંથો આપણને આપણા દેશ, જનતા અને સંસ્કૃતિ માટે ગૌરવ અને ઊર્ધ્વદૃષ્ટિ આપે છે. એટલી સમતાથી એઓ ભૂતકાળ અવલોકે છે ને પ્રત્યેક વિગત એટલી ચોકસાઇથી તપાસીને તેને યોગ્ય રીતે સાંકળે છે કે, એ વાંચતાં જાણે ઇતિહાસના એ કાળમાંજ આપણે જીવતા હોઇએ એમ લાગે છે.

અ૦ સરકાર આજે માત્ર હિંદુમાંજ અગ્રગણ્ય વિદ્વાન ગણાય છે એમ નથી; જગત આખાના ઇતિહાસવેત્તાઓમાં એમનું બહુ ઉચ્ચ સ્થાન છે. નીચેના એમના નાનકડા પરિચયથી સમજાશે કે, એ સ્થાન મેળવતાં એમણે કેટલો સંયમ, કેટલું તપ અને કેટલી એકાંત ઉપાસના સેવ્યાં છે.

કરચમડિયા ગામ બંગાળાની ઉત્તરે રાજશાહી જિલ્લામાં નાટોરના સ્ટેશનથી દશ માઇલ દૂર આવેલું છે. આજથી અર્ધી સદી ઉપર એ ગામમાં એક નાના કાયસ્થ જાગીરદાર રહેતા હતા; તેમનું નામ બાબુ રાજકુમાર સરકાર. એ વિદ્વાન, સંસ્કારી અને પ્રતિષ્ઠાવાન પુરુષ હતા. કળા અને ઈતિહાસ માટે તેમને અનહદ પ્રેમ હતો; એટલો કે દેશને એક આઘે ખૂણે પોતે પડ્યા છતાં પચાસ વરસ પહેલાંના એ જમાનામાં પણ ઇંગ્લેંડનું "ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ" એ મંગાવતા અને કેસલ કંપની તરફથી નીકળતું અગ્રગણ્ય "કલા માસિક" એમણે ચાલુ રાખ્યું હતું. પૂર્વની કળા તરફ પણ તેમનો અતિશય પ્રેમ હતો અને અત્યારે દુર્લભ થઇ પડેલા, બર્જેસના લખેલા પૂર્વના સ્થાપત્યના ગ્રંથો તથા ગ્રીગ્ઝ કંપનીવાળાં શિલ્પકળાનાં મોટાં સુંદર આલ્બમો એમના ગ્રંથસંગ્રહમાં એમણે કાળજીથી સંઘર્યાં હતાં. દેશદેશના ઇતિહાસગ્રંથો એમનું માનીતું વાચન હતું. નવલકથાને તો એ કદી હાથ સરખોએ અડકાડતા નહિ.

આવા સંસ્કારી, વિદ્વાન ને કળા તથા ઇતિહાસપ્રેમી પિતાને ત્યાં ૧૮૭૦ ના ડિસેમ્બરની ૧૦ મી તારીખે ભારતનો ભાવિ સમર્થ ઇતિહાસવેત્તા અવતર્યો. જદુનાથના જન્મ અને સંસ્કારની ભૂમિકા કુદરતે જાણે અગાઉથીજ કરી નાખી હતી. સાદું એકાગ્ર જીવન, ચુસ્ત રીતભાત અને સરળ રહેણીકરણીનો પિતાનો અણીશુદ્ધ વારસો જાણે પુત્રમાં ઊતર્યો હોય, એમ જદુનાથ નાનપણથીજ સરળતાની મૂર્તિ હતા. રમતિયાળપણું કે કૂદાકૂદ, સ્વચ્છંદ વર્તન કે તોફાન કશુંજ એમનામાં ન મળે. વાંચતાં આવડતું ગયું તેમ તેમ પહેલાં પિતાનાં ચિત્રોનાં પુસ્તકો અને પછી ઇતિહાસના ગ્રંથો એમણે જોવા ને વાંચવા માંડ્યા. ધીમે ધીમે પિતાની આખી અભરાઇ અને કબાટો ખલાસ થયાં. બધાં ચોપાનિયાં જોવાઈ ગયાં. બધાં સુલભ પુસ્તકો વંચાઈ ગયાં.

રાજશાહીની કૉલેજમાં અંગ્રેજી અભ્યાસ કરી જદુનાથે સોળમે વર્ષે એન્ટ્રન્સ (મેટ્રિક) ની પરીક્ષા માન સાથે પસાર કરી. એ વર્ષે પાસ થયેલા સર્વ વિદ્યાર્થીઓમાં એમનો નંબર છઠ્ઠો હતો અને તેમને "પ્રમથનાથ પારિતોષિક" મળેલું.

ઉપર જોયું તેમ નાનપણથીજ રમતગમતથી અલગ રહેલા જદુનાથનું શરીર આ વય સુધી નબળું રહ્યા કર્યું; પણ અઢારમે

વર્ષે તેમના જીવનમાં એક અગત્યનો ફેરફાર થયો અને વ્યાયામે તેમના જીવનક્રમમાં પ્રવેશ કર્યો. એ હકીકત તો એમના પોતાના નીચલા શબ્દોમાંજ સાંભળવા જેવી છે.

"અઢાર વરસનો થયો ત્યાંસુધી તો ઉત્તરબંગાળામાં મારા વતનમાં રહ્યો અને ભણ્યો; તે દરમિયાન હું દરવરસે બેઅઢી મહિના તો મેલેરિયાથી પટકાતોજ; પણ ૧૮૮૯ ના જૂનમાં હું કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં ત્રીજા વર્ષમાં દાખલ થયો અને ઇડન હિંદુ હોસ્ટેલમાં જોડાયો ત્યારથી આ સ્થિતિ ફરી ગઇ.

અમારી હોસ્ટેલના કંપાઉન્ડમાંજ એક સારું જેવું ફૂટબોલનું મેદાન હતું. અત્યારે બંગાળ ફૂટબોલમાં મોખરે છે તેવું એ વખતે નહિ; માત્ર થોડી થોડી શરૂઆત થયેલી. અમારી હોસ્ટેલના મેદાનમાં ફૂટબોલ રમાતો. તેમાંનો સૌથી અચ્છો કુસ્તીબાજ ખેલાડી સુરેશચંદ્ર ચક્રવર્તી ને હું બન્ને એક ઓરડીમાં રહીએ. એ ભાઇ હમણાંજ "રાયબહાદુર" નો ખિતાબ મેળવી બિહારના ડેપ્યુટી મેજિસ્ટ્રેટના હોદ્દાપરથી ફારગ થયા છે, એણે મને ફૂટબોલ રમવા લલચાવ્યો ને રમતાં શીખવ્યું. ખરું કહું તો એણે મારી જિંદગી બચાવી.

કેમકે કલકત્તામાં મારા એ પહેલાજ વરસના આખા વસવાટ દરમિયાન મને મેલેરિયાનો માત્ર એકજ હુમલો થયો—ત્રણ દિવસનો; તે આજની ઘડી ને કાલનો દહાડો. ત્યાર પછી મેં ભારે ભારે આકરી પરીક્ષાઓને માટે જીવતોડ મહેનતો કરી છે, પણ મારું માથું સરખુંએ નથી દુખ્યું. ઊલટો હું મજબૂત ને ખડતલ બન્યો અને લેશમાત્ર થાકયા વિના કલાકોના કલાકો સુધી ભેજાં પાકી જાય એવી મહેનત કરવાની શક્તિ મેળવી.

વરસ આખુંએ અમે ફૂટબોલ રમતા. અમારામાંના એક ભાઇસાહેબે (જે અત્યારે ઢાકાના એક સારા જમીનદાર છે) તો "મધરાતિયા મંડળી" કાઢેલી. અમે કેટલાક જણ વાળુ કરીને વાંચવા બેસતા, તે ઠેઠ મધરાત સુધી અને પછી બારનો ટકોરો થાય એટલે ચોપડીઓ બંધ કરી હોસ્ટેલના મેદાનમાં ઊતરી પડીએ ને પાએક કલાક તદ્દન ચુપકીદી અને શાંતિથી ફૂટબોલ ખેલીએ. આ રમતથી અમારાં થાકેલાં મગજને બહુ વિશ્રાંતિ મળતી અને ત્યાર પછી અમે મીઠી ઘેરી નિંદર ભોગવતા.

પણ દુનિયામાં બધીજ સારી વસ્તુઓનું આવરદા બહુ ટૂંકું

હોય છે. એક દહાડો મધરાતે અચાનક અમે રમતા હતા તેજ ટાણે હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટનું બારણું ઊઘડ્યું. રમતના મેદાનપર તેમની બત્તી પ્રકાશી...........અને અમારી મધરાતિયા મંડળી ભાંગી પડી. કોઈ અદેખાએ ચાડી ખાધેલી.

આ તો બધું ફૂટબોલની રમતનું જમા પાસું. એનું ઉધાર પાસું પણ છે. એક વખત બરાબર બી. એ. ની પરીક્ષાને બેજ માસ હતા; એવામાં રમતમાં મારું ગળાનું હાડકું ભાંગી ગયેલું ને મારે ત્રણ અઠવાડિયાં પથારીવાસ કરવો પડેલો.

પણ એથી કાંઈ વ્યાયામનો મહિમા ઘટતો નથી. કોલેજ છોડીને અધ્યાપક થયા પછી હું ફૂટબોલ ન રમી શકતો. તે વેળાએ પણ મેં "ઈંગ્લિશ ફૂટબોલ શિલ્ડ"ના સેક્રેટરી તરીકે તથા અનેક મેચોમાં 'રિફ્રી' તરીકે રહીને જુવાનિયાઓને ઉત્તેજન તો દીધાજ કર્યું છે. ઉંમરે પહોંચ્યા પછી એ રમતની જહેમત વેઠવા જેવી સ્થિતિ ન રહી, ત્યારે પણ વ્યાયામ મેં તજ્યો નથીજ; એક નહિ તો બીજી રીતે પણ ચાલુ રાખ્યો છે.–નાની નાની રજાઓમાં રાજગિરિ, ગયા, શેષરામ, પારસનાથ વગેરે ટેકરીઓના પ્રવાસો કરીને તથા દિવાળીની લાંબી રજાઓમાં માળવા, રજપૂતાના, દિલ્હી અને દક્ષિણમાં મરાઠી પ્રદેશમાં મારી ઐતિહાસિક યાત્રાઓ કરીને. આ વ્યાયામનેજ પ્રતાપે અત્યારે પંચાવન વર્ષની ઉંમરે પણ હું જાતે નરવો રહી શક્યો છું અને મગજનું કામ કરનારા ઘણાખરા (ગોખલે જેવા) હિંદી મહાન પુરુષો જે રોગ અને મૃત્યુના ભોગ થઈ પડે છે, તેમાંથી બચી શક્યો છું."

કલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાંથી ૧૮૯૧ માં અંગ્રેજી અને ઇતિહાસના વિષયો લઈ તેમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી અને માસિક રૂપિયા પચાસની શિષ્યવૃત્તિ (સ્કૉલરશિપ) મેળવી. બીજેજ વર્ષે તેઓ અંગ્રેજી સાહિત્યનો વિષય લઈ એમ. એ. ની પરીક્ષામાં બેઠા અને પહેલા વર્ગમાં પહેલે નંબરે આવી રૂપિયા સોનું ઇનામ તથા સોનાનો ચાંદ મેળવ્યાં. એ પરીક્ષામાં નિબંધ માટે તેમણે સેંકડે પંચાણું ટકા માર્ક મેળવ્યા. કલકત્તા યુનિવર્સિટીની એ પરીક્ષામાં એટલા ઊંચા માર્ક હજીસુધી કોઈએ મેળવ્યા નથી.

તરત તેઓ કલકત્તાની રિપન કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક નિમાયા. અંગત અભ્યાસ તો હજી પણ ચાલુજ હતો. ૧૮૯૭માં

તેમણે પ્રેમચંદ રાયચંદની અંગ્રેજી અને ઇતિહાસની વિખ્યાત પરીક્ષા પસાર કરી સાત હજાર રૂપિયાનું ઇનામ મેળવ્યું. ઉપરાંત કલકત્તા યુનિવર્સિટી માટે ‘ઔરંગઝેબના સમયનું હિંદુસ્તાન, તેની હકીકત અને ભૂગોળ ” નામનું એક મૌલિક પુસ્તક લખી “ પ્રેમચંદ રાયચંદ સ્કૉલર ’ ની માનવંતી પદવી પામ્યા.

૧૮૯૮માં તેઓ સરકારી કેળવણી ખાતામાં જોડાયા અને તેમને પટણા કૉલેજમાં ઇતિહાસના અધ્યાપકની જગ્યા મળી. અહીં તેઓ જે ઓગણીસ વર્ષના લાંબા ગાળા સુધી રહ્યા તે દરમિયાન કૉલેજના કામ ઉપરાંત એમણે બાકીનું ખાનગી જીવન પણ અત્યંત અભ્યાસપરાયણ ગાળ્યું. કલકત્તા કૉલેજમાં ભણતા વિદ્યાર્થી જદુનાથની એક અંતરની મહત્ત્વાકાંક્ષા હતી કે, હિંદુસ્તાનનો એક સવિસ્તર અને પ્રમાણભૂત ઇતિહાસ રચવો. એ મહત્ત્વાકાંક્ષા પાર પાડવાનો અનુકૂળ યોગ એમને પટણાના શાંત અધ્યાપકજીવનમાં સાંપડ્યો.

રાતદિવસ એમણે ઇતિહાસનું અન્વેષણ સતત ચાલુ રાખ્યું. રાતના બાર વાગ્યા સુધી એમનો દીવો બળતોજ હોય. આ કડક સાધન માટે એમણે સમાજના જલસા, મેળાવડા, ઓળખાણો, વિનોદો—બધાનો ભોગ આપ્યો છે. કેવો તે એમના નીચેના શબ્દોપરથી સમજાશે. એમણે ઓગણીસ વર્ષના અધ્યાપકજીવન પછી પટણા પહેલી વાર છોડ્યું, ત્યારે ત્યાંના લોકોએ એ પ્રસંગને અસાધારણ ગણીને એમને પ્રજા તરફથી માનપત્ર આપેલું. એનો જવાબ વાળતાં એ બોલેલા કેઃ—

“ મારા ઓગણીસ વર્ષના અહીં કરેલા કાર્યસંબંધી વિચાર કરતાં, આ પટણા શહેર છોડતી વખતે મને દિલગીરી સાથે માલૂમ પડ્યું છે કે, મારી સામાજિક ફરજો બજાવવામાં હું તદ્દન નિષ્ફળ નીવડ્યો છું. ખરું છે કે, મેં કૉલેજમાં અથાગ કામ કર્યું છે, હિંદના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રદેશમાં ઘણીજ શોધખોળો કરી છે. આ કાર્યો કરવા સારુ રાત અને દિવસ મેં સરખાંજ ગણ્યાં છે તથા રજાઓના દિવસોમાં પણ મેં આરામ ભોગવ્યો નથી. આ બધું મેં કર્યું તે ખરું, પરંતુ સંસ્કારી સમાજમાં અન્યોન્ય વ્યવહાર માટે જે સામાજિક ફરજો મારે બજાવવી જોઇએ તે હું બજાવી શક્યો નથી.

“ હું કોઇ પણ ગૃહસ્થને ઘેર મળવા સરખો પણ જઇ શક્યો

નથી, કે નથી કોઇ પણ જાહેર મેળાવડામાં હાજર રહી શકયો. આનું પરિણામ એ આવ્યું છે કે, અત્રેના કોઇ પણ મનુષ્યની ઓળખાણમાં હું નથી આવી શકયો. મહાન પુરાતત્ત્વવેત્તાઓ, હિંદના ઇતિહાસના તનતોડ અભ્યાસીઓ, સાહિત્યપ્રેમી જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ અને મારા અંગત મિત્રો સિવાય બીજી કોઇ પણ વ્યક્તિના સહવાસમાં હું નથી આવ્યો. એનું કારણ આપ રખે એમ માનો કે, હું મનુષ્યદ્વેષી છું. ખરું કારણ એ છે કે, મારા પોતાના કામ આગળ મને લેશમાત્ર અવકાશ નથી રહ્યો; અને મારા આ દોષને માટે હું આપ સૌની ક્ષમા માગું છું. અહીં મને મારું ખાસ કાર્ય કરવાનો ઘણોજ ઉત્સાહ મળ્યો છે. જોકે મેં ફારસી ભાષાનો અભ્યાસ અત્રે આવ્યા પહેલાં કર્યો હતો; પરંતુ તે અભ્યાસનો ઉપયોગ સ્વતંત્ર ઐતિહાસિક કાગળપત્રો, દસ્તાવેજો તેમજ હિંદના ઇતિહાસ સંબંધી શોધખોળને માટે કરવાની પૂરતી સગવડ તો મને અહીંજ મળી છે. વરસમાં છ મહિના સુધી રહેતી પટણાની સૂકી, ઠંડી અને પુષ્ટિકારક હવા તેમજ અત્રેનાં પ્રથમનાં દશ વર્ષમાં કૉલેજના કામમાં મને મળેલી ઘણીજ ફુરસદ, એ બે કારણોને લીધે મારો અભ્યાસ વધારવાની તેમજ જૂના લેખો અને ગ્રંથો વગેરે તપાસવાની ઉમદા તક મને અહીં લાધી છે. મારી ઘણીખરી શોધખોળ મેં અહીંજ પૂરી કરી છે. આ સર્વ કારણોને લીધે હવે પછી મારે જ્યાં જ્યાં જવાનું થશે, તે સર્વ જગ્યાએ પટણા શહેરને હું ઘણા માનપૂર્વક યાદ કરીશ.

"જે કોઇ હિંદવાસી અત્યારે જ્ઞાનમાં આગળ વધેલા જગતના બીજા દેશોની પંક્તિએ પોતાના દેશને પહોંચાડવા ઉમેદ રાખતો હોય, તેણે આરામ તો લેશમાત્ર લેવો ઘટતો નથી. સ્વાર્થને તેણે દૂર ધકેલી દેવો જોઇએ અને સામાજિક કાર્યો પડતાં મૂકવાં જોઇએ. હું તો કહું છું કે, કુટુંબ તરફ પણ દુર્લક્ષ કરવું જોઇએ. જોકે આ ઘણો ભારે ત્યાગ છે; પણ જો પશ્ચિમના દેશોમાં હિંદવાસીઓનું મોં ઊજળું રાખવું હોય તો આ ભારે ત્યાગ તેમણે પ્રસન્ન ચિત્તે આપવો જોઇએ." ×

અધ્યાપક તરીકેની એમની કારકિર્દી ઘણી સફળ થઇ છે. કોઇ પણ વિષય સમજાવતાં પહેલાં તેઓ તેને લગતી છેક અંત

× બુદ્ધિપ્રકાશ (ફેબ્રુ '૧૮) માંના પુનમચંદ શાહના લેખ પરથી

સુધીની રજેરજ માહિતી મેળવી લે છે અને પછી તેને સુંદર રીતે સાંકળીને અતિશય મધુર અને સરળ ભાષામાં તેનું નિરૂપણ કરે છે.

૧૯૧૭ માં પટણામાંથી છૂટા થઈ ૧૯૧૯ સુધી તેમણે બનારસ હિંદુ કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ત્યાં તેઓ એમ. એ. ના વિદ્યાર્થીઓને ઇતિહાસનો વિષય શીખવતા. ૧૯૧૯-માં બનારસથી કટકની રાવણેશ્વર કૉલેજમાં અધ્યાપક તરીકે ગયા અને ત્યાં ૧૯૨૩ સુધી કામ કરી, ફરી પાછા પટણા કૉલેજ-માં આચાર્ય (પ્રિન્સિપાલ) તરીકે આવીને વિરાજ્યા.

આજ વર્ષે તેમને ગ્રેટબ્રિટન અને આયર્લૅંડની રૉયલ એશિયાટિક સોસાયટીના માનનીય સભ્ય તરીકે સ્વીકારવામાં આવ્યા. આ મંડળમાં દુનિયા આખીમાંથી માત્ર ત્રીસજ વિદ્વાનો ચૂંટાય છે. હિંદુસ્તાનમાં આજસુધીમાં આ માન એક અધ્યાપક સરકારને અને બીજું મહામહોપાધ્યાય હરપ્રસાદ શાસ્ત્રીનેજ મળ્યું છે.

૧૯૨૬ માં શહેનશાહ જ્યોર્જે તેમને સી. આઈ. ઈ. (કમ્પેનિયન ઑફ ધી ઇન્ડિયન એમ્પાયર) ના ઇલકાબથી નવાજી તેમની વિદ્વત્તાની કદર કરી અને એજ સાલના જૂન માસમાં મુંબઇની રૉયલ એશિયાટિક સોસાયટીએ એમને સર જેમ્સ કૅમ્પબેલ સુવર્ણચંદ્રક આપી વિભૂષિત કર્યા. આ ચાંદ દર ચોથે વર્ષે કોઇ જગત્‌વિખ્યાત વિદ્વાનનેજ અપાય છે.

આ ઉપરાંત સરકાર તરફથી તેમને હિંદુસ્તાનનાં ઐતિહાસિક દફતરો તપાસનાર મંડળના એક ખાસ સભાસદ તરીકે પણ નીમવામાં આવ્યા છે; પરંતુ એથીએ વિશેષ માન તો એમને હમણાં મળ્યું છે. આ વર્ષે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર (કુલનાયક) તરીકે એમની નિમણૂક થઇ છે અને એકનિષ્ઠ અધ્યાપકજીવનના ફળરૂપ જે ઊંચામાં ઊંચી મહાન પદવી મળવી જોઇએ તે મળી ચૂકી છે.

આ પદવીએ પહોંચ્યા છતાં આજ પંચાવન વર્ષની ઉંમરે પણ હજીએ તેમનું અભ્યાસકાર્ય તો જેવું ને તેવું ચાલુજ છે. એક તરફથી ઐતિહાસિક કાગળપત્રો અને જૂના ગ્રંથોનું અન્વેષણ કર્યે જાય છે; બીજી તરફથી અનેક નવા ગ્રંથોનાં સમર્થ અવલોકનો અને વિવેચનોનું કામ પાર વગરનું કર્યે જાય છે.

સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી, હિંદી, ઉર્દૂ, પર્શિયન, મરાઠી, ફ્રેંચ અને પોર્ટુગીઝ-આટલી ભાષાઓ તો એમણે સિદ્ધ કરી છે.

અભ્યાસમાં જેમ જેમ જે જે ભાષાની જરૂર પડતી ગઈ, તેમ તેમ તેઓ તે તે ભાષા શીખી લેતા ગયા; કારણ કે ઇતિહાસ લખવાના પુરાવા માટે મૂળ દસ્તાવેજો અને ગ્રંથો જાતેજ વાંચી, તપાસી ચોકસાઇ કરવાનો તેઓ આગ્રહ રાખે છે.

અંગત ખર્ચ માટે જરૂર કરતાં વધુ જેમણે પાઈ સરખીએ ખર્ચી નથી અને મોજશોખ માટે એક દમડી સરખી પણ બગાડી નથી, એવા અ૦ સરકારે જૂના ઐતિહાસિક ગ્રંથો અને લેખો પ્રાપ્ત કરવાને પોતાનું અંગત પુષ્કળ નાણું ખર્ચ્યું છે અને ઐતિહાસિક સ્થળોના પ્રવાસો પોતાના ખાનગી ખર્ચે કર્યા છે. પોતાના ઇતિહાસમાં એવી એક પણ વાત કે માહિતી તેઓ લખવાનાજ નહિ, કે જેને માટે તેમની પાસે ચોક્કસ સબળ પુરાવા ન હોય. ઘણીએ વાર એવો એકાદ સચોટ પુરાવો, દસ્તાવેજ કે ગ્રંથ લેવાને માટે હિંદુસ્તાનના કોઇ આઘા–અજાણ્યા ખૂણાઓમાં પોતાના ખર્ચે તેઓ ગયેલા છે.

મોગલ સમયના અતિદુર્લભ અસલ હસ્તલિખિત પુસ્તકો પારીસના સંગ્રહસ્થાનમાંજ માત્ર છે અને પ્રો૦ સરકારને પોતાના ગ્રંથ લખવા માટે તેની જરૂર. એમણે સેંકડો રૂપિયા પદરના ખર્ચીને એ ગ્રંથોના પાનેપાનાના ફોટોગ્રાફ લેવડાવી મંગાવ્યા! કલકત્તા, મુંબઈ ને લંડન તથા ફ્રાન્સના જૂની ચોપડીઓ વેચનારા બધા અ૦ જદુનાથ સરકારનું નામ જાણેજ; અને એમના ખપની કોઇ પણ ચોપડી હાથ આવે કે તરત પહેલી ખબર એમનેજ આપે.

ઇતિહાસનું સ્વરૂપ બરોબર સમજવા સારુ એમણે દરેક યુગની કલાકૃતિ સમજવાનો પણ ખૂબ યત્ન કર્યો છે. મોગલસમયનાં ચિત્રો ઓળખનાર તરીકે એમની ભારે ખ્યાતિ છે. નકલી ચિત્રો તેઓ પલકવારમાં પારખી કાઢે છે. કળા પ્રત્યેનો એમનો પ્રેમ પણ એમના પિતાના જેટલોજ છે. તેઓ કહે છે કે, "દેશનો ખરો વૈભવ તે દેશની કળા ને તત્ત્વજ્ઞાનજ છે. મોટાં રાજ્યો હતાં ન હતાં થઇ ગયાં છે ને તેમની નિશાનીઓ ધૂળમાં રગદોળાઈ છે; પણ તેમની કીર્તિ જીવતી રાખી હોય તો તેમની કળા અને તત્ત્વજ્ઞાનેજ.

દશેરા પછીની દિવાળીના તહેવારોની લાંબી રજાઓમાં તેઓ પોતાની કૉલેજના વિદ્યાર્થીઓને લઇને નાના પ્રવાસો કરે છે; પણ એ પ્રવાસોમાં ઠાઠ કે ધમાલ બિલકુલ નહિ. દરેક જણ પોતાનો

સામાન અને પોતાની જાતની વ્યવસ્થા સાચવે, મજૂર કે નોકર સાથે લેવો નહિ, તેમ ભાડે મેળવવો નહિ. ધર્મશાળામાં ઊતરવું ને પગે ચાલીને બધા ભાગો જોવા.

૧૯૦૮ માં વડોદરામાં જ્યારે સ્વ૦ રમેશચંદ્ર દત્ત દીવાન હતા, ત્યારે તેઓ ગુજરાત તરફ પ્રવાસે આવેલા. તે વખતે તેમણે માર્ગમાં આવતું દરેક ઐતિહાસિક સ્થળ નીરખેલું; તે એવી રીતે કે, રાતના ભાગમાં રેલવેની મુસાફરી કરી દિવસે કોઇ સ્થળે પહોંચવું. તે જોઈ પાછી રાત્રે મુસાફરી. એ રીતે વખત અને પૈસા બચાવી તેમણે ઉજ્જન, સાંચી, ભોપાળ વગેરે જોયાં.

ફતેહાબાદ આગળ ઔરંગઝેબે કાસીમખાંને જે સ્થળે હરાવ્યો હતો, તે જગ્યાએ પહોંચવા માટે પોતાનો સામાન સ્ટેશનના વેઇટિંગ રૂમમાં રાખી પરભાર્યાજ ઊપડેલા અને ખરી યુદ્ધભૂમિ ઉપર પગે ચાલી નદીકાંઠાની બધી જગ્યા જોઇ ઇતિહાસની રેખા કલ્પેલી. એક વખત બુદ્ધગયાના આવા પ્રવાસમાં ભગિની નિવેદિતા તથા કવિવર રવીન્દ્રનાથ પણ તેમની સાથે હતા. પ્રવાસમાં તેઓ દૂધ અને રોટીથીજ માત્ર ચલાવી લે છે. તેઓ કહે છે કે, ખાવાપીવાના સ્વાદ અને વૈભવથી જ્ઞાન તથા અનુભવ ગુમાવાય છે.

પ્રવાસ કરવા વિષે તેઓ બહુજ ભાર મૂકીને કહે છે કે, પ્રવાસ હમેશાં પગે ચાલીને કરવો અને દરેકેદરેક સ્થળ તથા ચીજનું અધ્યયન તથા અવલોકન કરવું. ભગિની નિવેદિતાનું એક વાક્ય તેઓ વારંવાર સંભળાવે છે કે, “ તમારા દેશને ચાહતાં પહેલાં તેને પૂરો નીરખજો.” વિદ્યાર્થીઓને તેઓનો સંદેશ છે કે, “મોજશોખને ધિક્કારજો અને સાદું કર્તવ્યપરાયણ જીવન કેળવજો.”

એમના એકધારા, સાદા ને અભ્યાસપરાયણ જીવનમાં તો મોજશોખને સ્થાન ક્યાંથીજ હોય ? નવ વર્ષની નાની વયે એક વાર એમણે બંગાળી નાટક જોયેલું; પણ પછી જ્યારે તેમને ખબર પડી કે, રંગભૂમિ ઉપર તો વેશ્યાઓ ઊતરે છે, ત્યારથી તે આજ સુધી એમણે કદી નાટક જોયું નથી ! એમના કડક જીવનનું આથી સુંદર બીજું દૃષ્ટાંત કયું હોઇ શકે ? બંગાળાની રંગભૂમિ આજે તો વિખ્યાત થઇ છે અને ઉચ્ચ કોટિના સંસ્કારી પુરુષો તેમાં ભાગ લઇ રહ્યા છે; તોપણ આપણા વિનોદને ખાતર સ્ત્રીજાતિને રંગભૂમિ પર આવવું પડે એ તેમને ઇષ્ટ નથી લાગતું.

તેઓ કહે છે કે, આપણા બધાજ જુવાનિયાઓએ કૉલેજની

કેળવણી લેવાની કશી જરૂર નથી. સર્વ વિષયોનું સામાન્ય વ્યવહારુ જ્ઞાન બધાને માટે જરૂરનું છે. એથી આગળ જવાની દરેકને જરૂર પણ નથી ને દરેકમાં લાયકાત પણ હોતી નથી. કૉલેજની ફી તથા પુસ્તકો પાછળ નાણાં અને જિંદગી ખર્ચી નાખવા કરતાં સૌએ વિવિધ વિષયોનું સામાન્ય જ્ઞાન મળી રહે તેટલી કેળવણી લઈ, પોતપોતાને ફાવતા ઉદ્યોગધંધા પાછળ લાગી જવું બહેતર છે, એમ તેઓ માને છે. જે પોતાની અસાધારણ બુદ્ધિ વડે આગળ જતાં દેશને કે જ્ઞાનભંડારને કંઇક પણ લાભ આપી શકે તેવા હોય તેમણેજ આગળ કૉલેજનો અભ્યાસ કરવો.

કેટલાક શ્રીમાનો, વિદ્યાર્થીઓને યુરોપ વગેરે દેશોમાં ભણવા મોકલે છે. તે વિષે અ૦ સરકાર કહે છે કે, જેને ને તેને મોકલવા ઠીક નથી. વિલાયતના પ્રોફેસરો વારંવાર ફરિયાદ કરે છે કે, 'હિંદના વિદ્યાર્થીઓ સામાન્ય કેળવણી પણ પૂરી લીધા વિના અહીં આવે છે, તેથી તેમનાં શરૂઆતનાં બેત્રણ વર્ષ તો એ ઊણપ પૂરવામાંજ જાય છે.' ખરું જોતાં હિંદુસ્તાનમાંજ બને તેટલી પૂરી કેળવણી લઇને પછી વિલાયત જાય તો વખત બચે અને સારું તથા પૂરું શીખી આવે. યુરોપ વગેરે દેશોના પ્રવાસથી ખાસ કરીને તો માણસમાં સ્વમાન અને સ્વાતંત્ર્યની ભાવનાઓ આવે છે, જીવન વિષે એમને વિશાળ દૃષ્ટિ મળે છે અને દુનિયાની ધક્કામુક્કી તથા હડસેલા વચ્ચે ઊભા રહેવાની શક્તિનું ભાન થાય છે.

વિદ્યાર્થીઓને રાજદ્વારી ચળવળોમાં ભાગ લેતા જોઇ અ૦ સરકાર બહુ નારાજ થાય છે. તેઓ કહે છે કે, "માત્ર ઝુંબેશ ઉઠા૦યે કશું વળવાનું નથી. લોકજીવન માટે કોઈ ગંભીર અને સંગીન કામ જેઓને કરવું નથી, તેમનો રાજકીય જુસ્સો ખાલી વેગમાત્ર છે. સમાજસુધારણા, લોકશિક્ષણ અને જ્ઞાનના અન્વેષણ પાછળ શાંતિ ને દૃઢતાથી કામ કરનારા સંખ્યાબંધ માણસોની દેશને જરૂર છે. જીવનની અનેક બાજુઓ હજી વિકાસ સાધ્યા વિનાની અધૂરી પડી છે, ત્યાં એકધારું અને સંગીન કામ કરનારાઓની ખોટ છે; એ પૂર્યાવિના સ્વાતંત્ર્યનું સ્વરૂપ સમજાવાનું નથી." એમના આ વિચારો જોડે સૌ સંમત હો કે ન હો, પણ એમનું જીવન તથા ચારિત્ર્ય તો આ દરેકેદરેક વિચારની સચોટ સાક્ષી પૂરે છે.

શાહજહાંના સમયથી માંડીને તે ઠેઠ મોગલસામ્રાજ્યના અંત સુધીનો રજેરજ વિગતથી ભરેલો સંપૂર્ણ ઇતિહાસ એમણે લખ્યો

છે. મોગલ બાદશાહોના સમકાલીન રજપૂતો તથા તેમનાં રાજ્યો-ની હકીકત એમણે બરાબર લખી છે. દુર્ગાદાસ વિષે અ૦ સરકાર વાત કરતા હોય, ત્યારે આપણુને જાણે એમજ લાગે કે, એ પોતે દુર્ગાદાસના જાની મિત્ર હશે ! એટલી હદ સુધીની એની ઝીણી અને ખાનગી હકીકતો રજૂ કર્યે જાય. એમણે દરેક બાબત નિષ્પક્ષ-પાત તુલા રાખીને જોખી છે અને સમતાપૂર્વક રસિકતાથી લખી છે. ઔરંગઝેબને થતો અન્યાય એમના ઇતિહાસથી અનેક રીતે દૂર થાય છે. શિવાજીને આઠ રાણી હતી એ વાતની તો આપણુને આટલા જમાના વીત્યા પછી જાણ થઈ;–એમનાજ તરફથી. કોઇ પણ મહારાષ્ટ્રીય ગ્રંથકાર તરફથી એ હકીકત બહાર પડી નહોતી. કલકત્તાના કારાગૃહ જેવો કોઈ પ્રસંગ બન્યોજ નથી, એ પુરવાર કરનાર પ્રો૦ સરકાર છે, એ વાત હવે તો મશહૂર છે.

મોગલ સમયની તવારીખો ઉપરાંત તેમણે "શ્રીચૈતન્ય પ્રભુની યાત્રા તથા ઉપદેશામૃત" નામનો એક ધાર્મિક ગ્રંથ પણ લખ્યો છે. તેમાં ઈ. સ. ૧૫૦૦ ના સમયના હિંદુસ્તાનની સ્થિતિનું આબે-હૂબ વર્ણન છે. બ્રિટિશ હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ ઉપર પણ એમણે એક ગ્રંથ લખ્યો છે. તેમાં એમણે પેદાશ, ઉદ્યોગધંધા, સગવડ, જમાબંધી, મજૂરી, કાયદા, નાણું વગેરે પર વિસ્તારથી જોમદાર ભાષામાં લખ્યું છે. આ સિવાય પુસ્તકોનાં અવલોકનો તથા બીજા વિષયો ઉપર છૂટક છૂટક લેખો પણ તેમને હાથે ચાલુ લખાયાજ કરે છે. કોલેજોમાં ઇન્ટરમિડિયેટ સુધીનું શિક્ષણ માતૃ-ભાષાદ્વારા અપાવું જોઇએ, એવો એમનો મત છે અને એ વિષે એમણે એક નિબંધ પણ લખ્યો છે.

એમનાં આ બધાં લખાણો તથા અંગત અધ્યયન વગેરેનું કામ કૉલેજની જવાબદારીઓ પૂરી કર્યા પછીના ખાનગી વખત-માં અને રજાઓમાં એમણે કર્યું છે. આટલા કાર્યનિમગ્ન રહેતા હોવા છતાં વિદ્યાર્થીઓને તે પોતાના જીવનમાં છૂટથી ભળવા દે છે. પોતાના ગાંઠના ખર્ચે એમણે સારા વિદ્યાર્થીઓને ઘેર રાખી ઇતિહાસના ક્ષેત્ર માટે તૈયાર કરી બહાર પાડ્યા છે. ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના હાથ નીચે રહીને કામ કરી ગયા છે. બંગાળ-ના અત્યારના કેટલાએક પ્રસિદ્ધ પુરુષો તેમના શિષ્યગણુમાં હતા. તેમનામાંના શ્રી. રાધાકુમુદ મુકરજી તથા રાખાલદાસ બેનરજીએ તો પોતાની વિદ્વત્તા માટે સારી નામના મેળવી છે. એમના અંગત

સહવાસમાં કેળવાયેલા તથા એમના કામની દિશા સંભાળી રાખનારાઓમાં એક પ્રો૦ કાલિકારંજન કાનુંગ હાલ દિલ્હીમાં પ્રોફેસર છે અને એમણે "શેરશાહની તવારીખ" તથા "જાટ લોકોનો ઇતિહાસ" નામનાં ઉપયોગી પુસ્તકો બહાર પાડયાં છે. બીજા એક શ્રી.બ્રિજેન્દ્રનાથ બેનરજીએ "ઇંગ્લૅંડમાં રાજા રામમોહનરાય," "બંગાળાની બેગમો," "મોગલ વિદુષીઓ—નૂરજહાં અને જહાંઆરા" વગેરે લખ્યાં છે. અત્યારે પણ બે શિષ્યો તેમના સહવાસમાં કામ કરે છે, જેઓ "ટીપુ સુલતાનની રાજ્યનીતિ" પર લખી રહ્યા છે. આવી રીતે એમણે એવી પરંપરા બાંધી દીધી છે કે, ઇતિહાસસંશોધનનું કામ પાછળથી પણ એકધારું ચાલ્યાજ કરશે.

કૅાલેજમાં પડતી ઉનાળાની લાંબી રજાઓ વખતે મેદાનના પ્રદેશોમાં અસહ્ય ગરમીને લીધે લખવા—વાંચવા-વિચારવાનું અશક્ય થઇ પડે છે તથા ચાલુ કામ અટકે છે. આ કારણથી અ. સરકાર ઉનાળાને માટે દાર્જિલિંગમાં રહેવાનું રાખે છે.ત્યાં એમણે બંગાળી લત્તામાં ઘણાં વર્ષોથી પોતાની સ્થિતિ પ્રમાણેનું એક સાદું મકાન કર્યું છે ને એનું નામ "સરકાર આવાસ" રાખ્યું છે. નામ ઉપરથી કોઇને મોટા મહાલયની કલ્પના આવી જાય, પણ એ તો આગગાડીના ડબ્બા જેવી પાટિયાંની સાદી બંગલીજ માત્ર છે. તેના બે ભાગ કરેલા છે અને દરેક ઓરડી આઠ આઠ ફૂટ લંબાઇપહોળાઇની છે. આગલી ઓરડીમાં બારી આગળ ટેબલ છે, ત્યાં પોતે લખવાવાંચવાનું અને લોકોને મળવાનું રાખે છે. બીજી ઓરડીમાં સૂવા માટે પાટિયાંનો ખાટલો અને પરચૂરણ સામાન રહે છે. ચોપડીઓનાં તો બધે વન ! જ્યાં જુઓ ત્યાં ચોપડીઓ અને અવલોકન માટે ટપાલમાં આવેલા ગ્રંથો પરથી ઉકેલેલાં કાગળિયાંજ પડયાં હોય !

એમના જીવનની સાદાઈ જોઇને તો ભાગ્યેજ ખ્યાલ આવી શકે કે, તેઓ કોઈ મહાવિદ્વાન કે પ્રિન્સિપાલ કે સી. આઇ. ઈ. નો ખિતાબ ધારણ કરનાર વ્યક્તિ હશે ! એમનું લખવાનું ટેબલ જુઓ તો સાદાં પાટિયાંનું બનાવેલું સાવ મામૂલી ! એજ ટેબલ પર શિવાજી અને ઔરંગઝેબના સુપ્રસિદ્ધ ઇતિહાસના પાંચ ગ્રંથો લખાયા હતા. ટેબલ પર સગવડ પડતી ઉંચાઈએ ગોઠવેલી એક વીજળીની બત્તી નજરે પડે છે; એ હમેશાં રાતના બાર વાગ્યા સુધી બળનારી. અધ્યાપક સરકારનાં બધાં પુસ્તકો અહીં

દાર્જિલિંગમાંજ લખાયેલાં. માત્ર કેટલીક બાબતોના પુરાવા જોઇએ તે પટણા જઇને લાયબ્રેરીનાં પુસ્તકોમાં જોઇને ગોઠવી લેતા.

રોજ સાંજે ચાર વાગે એટલે એ નિયમિત રીતે ફરવા નીકળવાના. એ વખતે સાદાં કોટપાટલૂન, હેટ વગેરે પહેરે છે; પણ તેમાં જરાએ આછકલાઇ ન લાગે. મળવા આવનાર માણસ સાથેના વર્તનમાં પણ સભ્યતા અને નમ્રતા એટલી કે, એ જોઇને આપણા દેશના સામાન્ય ગ્રેજ્યુએટને પણ પોતાની અકડાઇ માટે શરમાવું પડે. ફરવા નીકળતી વખતે કોઇ પણ એકાદ સોબતી સાથે હોય તો તેને નિભાવી લે. તે જ્ઞાનમાં ગમે તે કોટિનો હોય, તોપણ તેની જોડે મિત્રની પેઠે સંભાષણ ચાલુ રાખે અને રખેને સાથે આવનારને પોતાના અતડાપણાથી અટૂલું ન લાગે, એ ખ્યાલે લગભગ બધો વખત પોતેજ વાતચીતનો રસ ટકાવી રાખે. આ ગુણ બહુ ઓછા વિદ્વાનોમાં માલૂમ પડે છે.

આપણામાં "વૃદ્ધ" લેખાતી આજ એમની પંચાવન વર્ષની ઉંમરે પણ એ સ્ફૂર્તિવાળા, તંદુરસ્ત અને રુચિકર મિજાજવાળા છે. તેમના દાંત બધા સાબૂત છે, ટટાર ચાલે ઘણું ચાલી શકે છે અને ખડતલપણે લાગટ કામ ખેંચી શકે છે. એમના પિતા ઠેઠ ૧૯૦૪ માં પંચોતેર વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી ગુજરી ગયેલા. દીર્ઘજીવન અને તંદુરસ્તીની એમના કુટુંબની આ ઈશ્વરી બક્ષિસની ખરી ચાવી તો એમની સાદી અને સરળ રહેણીકરણી તથા ચુસ્ત અને એકાગ્ર જીવનમાં છે.

('કુમાર' માસિકના એક અંકમાંથી)

૨૪–સદ્‌ગત મોતીભાઈ દરજી

(લેખકઃ–શ્રી. વજુભાઇ દવે)

વઢવાણમાં હાલ મોતીચોક નામનો એક ચોક છે, એ નામ વઢવાણના મોતીલાલ દરજી ઉપરથી પડ્યું છે. આજથી પંદર વર્ષ પહેલાં નીચી દડીનો, સૂકલકડી શરીરનો, અભણ જેવો એ દરજી ચોકની સામેની હાટડીમાં સંચો ખટખટાવતો. એની હાટડીએ એક પણ એવી ક્ષણ ન જતી કે, જ્યારે ત્યાં કોઇ ને કોઇ યુવાન ન હોય. તે અનેક યુવાનોનું વિશ્રામસ્થાન હતો. વિદ્યાર્થીઓ અહીંથી અનેક પ્રેરણાઓ મેળવી જતા, યુવાનો આદર્શો ઘડી જતા, સેવાભાવીઓને સેવાનાં નાનાં નાનાં કાર્યક્ષેત્ર જડતાં, ધંધા વિનાની વિધવાઓને ધંધા મળતા અને ખૂણે.પડેલ કારીગરોને રોજગાર મળતો.

મોતીભાઇ એક અતિ સામાન્ય દરજી કુટુંબમાં જન્મેલા. દરજી કોમમાં સ્વાભાવિક થઇ ગયેલ બાળવિવાહની હાંસડી એમને ગળે વળગેલી. ચાર ગુજરાતી સુધીનો એમનો અભ્યાસ. અમે એમના પરિચયમાં નહોતા આવ્યા ત્યાંસુધી તો એમનું જીવન ઘણું ધાર્મિક હતું એમ સાંભળેલું. બાવાઓને ઘેર એકઠા કરવા, ભજનો ગાવાં અને મંડળીઓ જમાડવામાં આ ત્રીસ વર્ષનો યુવાન પોતાનું જીવન કૃતકૃત્ય થયું માનતો. આધ્યાત્મિક વાચન અને ચિંતન એ સીવવાના સમય પછીનો એનો મુખ્ય વ્યવસાય.

સંચો ખટખટાવે અને કોઇ ને કોઈ ભગતજનના મુખેથી યોગવાસિષ્ઠ, રામાયણ કે ભાગવત સાંભળે. એના હાથ અને પગ પણ સંચા જેવાજ જડ બની ગયેલા. એની દુકાનને આંગણે ઊભા હોઇએ ત્યારે યોગવાસિષ્ઠ વંચાતું હોય અને એ સાંભળતા હોય. સંચો ઘડઘડાટ ચાલ્યે જતો હોય, પગ ઝપઝપ ચાલતા હોય, હાથ લૂગડા પરથી સરેરાટ કરતો પસાર થતો હોય, ત્યારે આપણને મોતીભાઇનું ચિત્ત તો શ્રવણમાંજ લાગેલું લાગે. શ્રવણમાં એ એટલા એકાગ્ર થતા કે સંચો સંચાનું કામ કર્યે જતો, જ્યારે એનું મુખ ચર્ચામાં ઊતરતું. આંખના ભાવભક્તિમાં નીતરતા, કાન શ્રવણમાં મશગૂલ રહેતા, વાચનનો એક પણ શબ્દ વિના સમજ્યે એ નહોતા જવા દેતા.

આમ યુવાનીનાં પાંચેક વર્ષ એમણે ધાર્મિક વાચન-ચિંતનમાં ગાળ્યાં. એવામાં સ્ત્રીઓ અને બાળકો માટે એમણે એક નાનુંશું પુસ્તકાલય પચીસેક પુસ્તકોથી શરૂ કર્યું. હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ અહીંથી ચોપડીઓ વાંચવા લઇ જાય અને મોતીભાઇ તેમને ઇતર વાચનનો શોખ લગાડે. અમને પણ વાચનની સારી એવી ભૂખ. આ વખતે હું પાંચમી અંગ્રેજીમાં હોઇશ.

અખાડેથી લટાર મારતો મારતો હું મોતીભાઇની દુકાને જઇ ચડ્યો અને બે ચોપડીઓ વાંચવા માગી, જે એમણે ઘણી હોંશથી આપી. આ અમારા પ્રથમ પરિચયનો દિવસ. અમારો સંબંધ દિવસો જતાં ગાઢો થયો. આ નાના પુસ્તકાલયને મોટું કરવાના મનોરથ ઘડયા અને તે પાર પણ પડયા. આ પુસ્તકાલય દ્વારા મોતીભાઈ અનેક યુવાનોના પરિચયમાં આવ્યા અને ઘણાનું ઘડતર એમના દ્વારાજ થયું, એમ કહું તો જરાય અતિશયોક્તિ નથી.

દિવસો જતાં મોતીભાઈની દુકાન અમારો વાચનનો અખાડો બની. આ દુકાને બેસી હિંદ અને બ્રિટાનિયા, ગોખલેનું ચરિત્ર ભા. ૧; એવાં જપ્ત ગણાતાં પુસ્તકો છડેચોક અમે વાંચતા અને સ્વદેશસેવાની અનેક પ્રકારની ભાવનાઓ કેળવતા.

इन शब्दों का उच्चारण करते ही योगिराजने आत्मिक प्राण को ब्रह्मांडद्वार द्वारा, परमधाम को जाने के लिये स्वर्गसोपान पर आरूढ किया, और फिर पवनरूप प्राण को कुछ क्षणों तक भीतर रोक कर प्रणव–नाद के साथ बाहर निकाल दिया–उसे सूत्रात्मा वायु में लीन कर दिया.

('माधुरी'ना अेक अंकमांथी)

૩૪—તપસ્વીની તેજધારાઓ

[મહર્ષિજીનું જીવનચરિત્ર વીરત્વની વિધવિધ ઘટનાઓથી ભરપૂર છે. મણિ–રત્ન જેવું એ માનવ–જીવન પોતાના પ્રત્યેક પાસામાંથી કેવું ઝળકી રહ્યું છે! જગતના રોષતિરસ્કાર અને વિદ્વેષનું ઝેર ઘોળી ઘોળીને પીતાં પીતાં તેના બદલામાં એ યોગીવરે પોતાના આત્મ–મંથનમાંથી કેવું અમૃત વલોવી વલોવીને આપ્યું છે, તેની સાક્ષી દેતા આ જીવન–પ્રસંગો ઊભા છે. આચરણની ઝીણવટમાંજ મહત્તાની કસોટી છે. એ કસોટીની જ્વાળા વચ્ચે સળગતા મહર્ષિ કેવા દીપી ઊઠે છે! એમના સિદ્ધાંતો સાથે મતભેદ સેવનારાઓને પણ એમની મહાનુભાવતાની આ ઘટનાઓ સત્યનું ભાન કરાવે છે. મતભેદો તો જગતમાં પડ્યા રહેશે, ગગનમાં ચડશે કેવળ આવી જીવન–ફોરમો.]

સત્યનો અવધૂત

(લેખકઃ—શ્રી. સ્નાતક સત્યવ્રત)

“उन्नीसवीं सदीका महर्षि” ખરેખર એક અદ્ભુત આત્મા હતા. તેમના પ્રગાઢ ભક્તો અનેક વર્ષોના અવિરત શ્રમસાધ્ય ઋષિ-જીવન–ચર્યાલોચન કરતાં છતાં તેમના ગુણોની માલિકા આટલીજ છે એમ કહી શકતા નથી. દિનપ્રતિદિન સૂર્ય ઊગે છે અને ઋષિની તપઃપ્રધાન સદ્ગુણાવલિનાં એ નવનવીન કિરણો વિચારકના હૃદયમાં સ્થાન લેતાં જાય છે અને તેનો વિચાર કરતાં કરતાં ભક્તોને આનંદસમાધિમાં ડૂબતા મેં અનુભવ્યા છે. તેમને માટે દયાનંદ એ નામ કોઇ ચમત્કારપૂર્ણ અને લોકોત્તર ગૌરવભર્યું ભાસે છે; અને એ શબ્દોચ્ચાર થતા સાંભળતાં તેમનાં બાહ્ય નયનો મીંચાઇ જઇ અંતશ્ચક્ષુઓ વિકસિત કમળની પેઠે ખૂલી જાય છે, હૃદય આનંદસાગરને હિલોળે ચડે છે અને જાણે કે એ આનંદસાગરનેય ભરતી–ઓટ હોય તેમ તેમનાં ઉન્નત મસ્તકો આપોઆપ નમી પડે છે. કદાચ આવા આનંદના સુખાનુભવને ઉદ્દેશીનેજ ઉપનિષદકારે આમ ગાતાં ગાતાં તેને વાણીમાં ઉતારવાની અશક્તિ વર્ણવી છે કેઃ—

न शक्यते वर्णयितुं गिरा तदा स्वयं तदन्तःकरणेन गृह्यते ॥

કોઇ તેને મહાન સુધારક તરીકે ઓળખે છે, કોઈ મહાન યોગી તરીકે પિછાને છે; કોઇ તેને બ્રહ્મવેત્તા તરીકે નમે છે, તો

કોઇ તેને આદર્શ સમર્થ સંન્યાસી કહી વંદે છે; કોઈ તેના બ્રહ્મચર્ય ઉપર લટ્ટુ છે, તો કોઈ તેની તર્કપટુતા અને વાક્ચાતુરી ઉપર ફિદા છે; કોઇ તેના સંયમનો પ્રશંસક છે, તો કોઇ તેના વૈજ્ઞાનિક સિદ્ધાંતો ઉપર આફરીન છે; કોઈ તેના રાક્ષસી બળવાળા સુંદર અને સુડોલ શરીરથી અંજાય છે, તો કોઇ તેનાં પ્રખર માનસિક બળ અને ઉદ્દીપ્ત આત્મિક બળને ઉપાસે છે; કોઇ તેને રાષ્ટ્રનિર્માતા તરીકે, કોઇ તેને દેશભાષાના પ્રચારક તરીકે, કોઇ बहुपाज्ये स्वराज्ये ના આદિ ઉદ્ઘોષક તરીકે, તો કોઈ તેને સર્વ-સામ્યવાદના ફિરસ્તા તરીકે પ્રણમી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરે છે. દરેક પોતાની શક્તિ-રુચિ અનુસાર તેનાં ચરણોમાં પોતાનાં ભક્તિસૂત્રોને આનંદાશ્રુ સાથે સમર્પે છે. દયાનંદ એ અર્વાચીન ભારતનો રાષ્ટ્ર-દેવ છે એમ સમજી હું હૃદયની ભાવનાઓથી તેનું આરાધન કરું છું અને એ રાષ્ટ્રદેવનાં સિંહાસન સત્ય-ઉજ્જવળ સત્ય-તીખાં સત્યનાં છે એમ સમજી તેની સત્ય-નિષ્ઠા ઉપર જગતનાં સામ્રાજ્યો ઓવારી નાખું છું. એ અલૌકિક અને અદ્ભુત, એ તપસ્વી અને સત્યના અડગ પૂજારીની સત્યનિષ્ઠા વિષેજ આજે અહીં લખીશ અને તે પૂર્વે તે પરમ પિતા પ્રભુને વિનવીશ કે, દીપાવલિના આ અવસરે આજથી બાવન વર્ષ પહેલાંની દીપમાલાઓ વચ્ચે, કેવળ સત્યને ખાતર પોતાનો જીવન-પ્રકાશ બુઝાવી નાખી જે યતિવરે મહાપ્રયાણ આદર્યાં, તેની કલ્યાણપ્રદ સ્મૃતિથી અમારા વ્યવહાર-જીવનમાં તેનાં સત્યનાં તેજકિરણોમાંનાં થોડાંઘણાં પણ પ્રગટે એવી હે નાથ! કૃપા કરો, અસ્તુ.

× × × ×

સત્યનો એ પરમ ઉપાસક હતો, જન્મથી તે સત્યને વરી ચૂકયો હતો, સત્ય તેના જીવનનો મંત્ર હતો અને સત્યમય તેનું આદ્યોપાંત જીવન હતું.

ચૌદ વર્ષના જીવનપ્રભાતની સુરભી સાથે તેના માનસ-સરમાં સત્યનું સહસ્રદલ-કમલ પાંખડીઓ ઉઘાડવા લાગ્યું અને પ્રભુએ તેનાં કમલનયનોમાં તેજના અંબાર આંજ્યા અને સત્યના આ જાગ્રત પૂજારીએ મૃદુ સ્વરે શિવાલયમાં શિવ-પિંડી પાસે સૂતેલા પિતાજીને ધીરેથી જગાડી એક શિવરાત્રિની અર્ધરાત્રિએ, મૂર્તિની સત્યતા વિષે કાયા પલટાવી નાખતો वज्रादपि कठोर અને कुसुमादपि मृदु પ્રશ્ન પૂછીજ નાખ્યો!

સત્યનો રસિયો બાળક પિતાની ધમકીથી સમસમી ગયો; પણ તેનું હૃદય મૂર્તિની સત્યતા વિષે જ્વાલામુખીની જ્વલંતતાથી પ્રજ્વલિત થઈ ઊઠ્યું અને આત્માનો અવાજ પારખ્યો કે, જે શિવ मान्यः स मे स्थावरजंगमानां सर्गस्थितिप्रत्यवहारहेतुः હોવાનું કહ્યું છે, તે એક મૂષકથી–ઊંદરથી પોતાનું રક્ષણ કરી ન શકે, એ ત્રિકાળમાં નજ બને તે નજ બને! એ નિર્ધાર કરી સત્યના બાલપૂજારીએ ધ્રુવની સમાન सत्यं शिवं सुंदरम्‌નાં દર્શન કરવા માનસિક આરાધના આદરી. કેવળ આજ સત્યપ્રાપ્તિ માટે તેને ગૃહનાં બંધન શતશત વૃશ્ચિકવેદનાસમ સાલ્યાં અને એક સંધ્યાસમયે માતપિતાનાં આશા, લાડ, સંપત્તિ અને વિલાસને છોડી, એકાકી સત્યનો અહાલેક જગાવવા કમનીય યૌવનના પ્રભાતે ઓગણીસમા વર્ષે માયાના પાશો તોડી વછોડી ચાલી નીકળ્યો, તે આમરણાંત પાછાં પગલાં નજ ભરવાની ભીષ્મપ્રતિજ્ઞાએ એ ગયો.

× × × ×

સિદ્ધપુરના મહામેળા વખતે એક શિવાલયમાં બાવાઓ અને જોગીઓની ઠઠ જામી છે, કોઇ ભાંગમાં, તો કોઇ ગાંજામાં ચકચૂર છે; કોઇ સાફીમાં રત છે તો કોઈ ચરસમાં બેફામ છે, તો કોઇ શરીરે રાખોડી જમાવી, જટાજૂટ વધારી ચીમટા અફાળતા 'અહાલેક બમ ગિરનારી'ની બૂમો પાડતા સાધુતાનો વેશ ભજવે છે, તો કોઈ ગૃહસ્થીને પણ શરમાવે તેવાં વસ્ત્રાભૂષણોથી સજ્જ થઇ ભક્તજનોને સંન્યાસનું માહાત્મ્ય સમજાવે છે. જ્યાંત્યાં મોટા મોટા અખાડાઓ અને ધૂણીઓવાળા સંન્યાસના લીલામનું એ પ્રચંડ બજાર ભરાયું હતું. તેમાં એક લંગોટીમાત્ર સંપત્તિશાળી યુવક બ્રહ્મચારી અખાડે અખાડે અને ધૂણીએ ધૂણીએ રખડે છે અને સત્યને જાણવાની તેની આત્મતૃષાને છિપાવે તેવા હૃદયના ગુરુદેવની શોધમાં લાંઘણો કરતો ફરે છે અને એક જગ્યાએ વેદાંતની ચર્ચા સાંભળવા લલચાઇ ત્યાં બેસે છે. ત્યાં તો દુર્વાસા મુનિને પણ બાજુએ મૂકે તેવા રૌદ્રસ્વરૂપ પિતૃદેવનાં દર્શન થાય છે અને કુપિત થયેલાં પિતૃ–નેત્ર–હ્રદયમાંથી ઝરતા અંગારાઓને પોતાની દયાભીની આંખમાં સમાવી લે છે અને યથેચ્છ પ્રહારોને પુષ્પ ગણી વધાવી લે છે.

તરુણ બ્રહ્મચારી બંદીવાન બને છે અને પિતાજીને ઘેર પાછા

ફરવા સ્વીકૃતિ આપે છે. આખા જીવનની આ એકજ પળ છે, જ્યાં દયાનંદને–હાં હાં દયાનંદને–જૂઠું બોલવું પડે છે! અને લાગ મળતાં પુનઃ જેને ખાતર અસત્ય બોલેલ તે અનંત સત્યની શોધમાં છટકી જાય છે!

× × × ×

પણ આથી કોઈ સત્યવક્તા ઋષિને અસત્ય બોલ્યાનો આરોપ ના કરશો; રે, એ પાપમાં કદી ના પડશો! એ અનૃતને તેણે કદી છુપાવ્યું નથી, એ અનૃતથી તેને કોઈ પાર્થિવ લાભો હાંસલ કરવાના ન હતા. આ પ્રસંગને તેણે પોતાના આત્મચરિતમાં સ્પષ્ટવાદિતાથી આપ્યો છે, એટલે તેના ઉપર જૂઠનું આળ લાગી શકતું નથી. મને તો એ પ્રસંગથી તેની સત્યવાદિતા વધુ સ્પષ્ટ–થતી લાગે છે અને કદાચ તેને કોઈ ક્ષુદ્ર અપરાધ ગણે તોએ કવિવર કાલિદાસ કહે છે તેમ–

एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः ।

અનંત ગુણરાશિમાં આ અતિક્ષુદ્ર દોષનું અસ્તિત્વજ ક્યાં ભાસે છે? ક્ષીરસાગરમાં એક ક્ષુદ્ર લવણ–કણિકાનું અસ્તિત્વ ક્યાં છે?

“नरो वा कुंजरो वा”ની પેઠે આ પ્રસંગ હતો, ધર્મ અને અધર્મનું ત્યાં પાર્થિવ યુદ્ધ હતું, મોહ–પાશનાં માનવીબંધનો અને સત્યની શોધમાં નીકળેલ આત્માની આરાધનાનું અહીં દૈવી યુદ્ધ હતું; છતાં યુધિષ્ઠિરને સંસારધર્મનો વિચાર કરતાં ધર્મરાજ કહી સંબોધે છે, તેમ હુંયે અમરતાનો વિચાર કરતાં ઋષિરાજને સત્યાવતાર કહું, તો જરાએ અનુચિત હોવાની કોઈને આશંકા સરખી ન આવશો.

કેમકે ઋષિ પોતાના દોષોને સ્વયં ખુલ્લા કરવાનું પસંદ કરે છે કે, એક વખતે તેમને ભાંગ પીવાની પણ આદત પડી ગયેલી. હુક્કાપાનની પણ લહેજત તેમણે ભોગવ્યાનું સ્વીકાર્યું છે; પણ સત્યને છોડવાનું કદી વિચાર્યું સરખુંએ નથી. ભલા! આવી આદતો ન લખત તો કોણ જાણવા ગયું હતું? પણ ના, એ તો સત્યનો પૂજારી છે અને જ્યારે આત્મચરિત્ર લખે છે, ત્યારે પોતાના દોષોનો સ્વીકાર કર્યેજ છૂટકો. તેને એ તમા હોતી નથી કે, લોકો એથી તેના વિષે કેવું બોલશે? જે માણસ પોતાની જાત ઉપર

સત્યને ખાતર આટલે તીવ્ર થઈ શકે છે, તેને બીજાઓ ઉપર તીવ્રતર થવાને નૈસર્ગિક હક છે અને એ તીવ્રતા જ્યારે સત્યની સરાણુ પર ચડે છે, ત્યારે તીવ્રતમ થઈ જાય છે. જર્મનીના મહાન વિચારક કવિ નીટ્શેએ એટલા માટેજ કહ્યું છે કે, "તમામ સંસારના નવયુગપ્રવર્તકો કઠોરજ હોય છે અને કઠોર થવું તેમને માટે આવશ્યક પણ છે."

('પ્રચારક'ના એક અંકમાંથી)

જ્ઞાનપિપાસા

સિદ્ધપુરના મેળામાં ભગવી કંથાઓનો જાણે કે મહાસાગર ઊલટ્યો છે. ભોળો બાળક પોતાના ગુરુપદને યોગ્ય એવા કોઈ યોગીરાજને ઢૂંઢી રહ્યો છે. રોજ રોજ વીસ વીસ ગાઉની મજલ કાપતો એ અરણ્યો વીંધીને આવી પહોંચ્યો છે. અચાનક એના બાવડા ઉપર એક વજ્રપંજો પડ્યો! ઊંચું જુએ ત્યાં પોતાના પિતા!

"કુલાંગાર! તેં મારો વંશ લજાવ્યો?" એવાં કંઈ કંઈ વચનપુષ્પોની વૃષ્ટિ એ કોપાયેલા પિતાની જીભમાંથી ચાલવા લાગી. બાળકનું માથું નીચે ઢળી રહ્યું. એની પાંપણો ધરતી ખોતરવા મંડી, આખરે ન સહેવાયું ત્યારે, દોડીને પિતાના પગ ઝાલી લીધા. છળભર્યો જવાબ દીધો કે, "હવે હું નહિ કરું!" પિતાએ તો દીકરાને માથે કડક ચોકીજ લગાવી દીધી. રાત્રિને ત્રીજે પહોરે, ઝોલાં ખાતાં પહેરેગીરોને "લઘુશંકા કરવા જાઉં છું" એવું સમજાવી એ નવયુગનો ગૌતમ ચાલી નીકળ્યો. લોટા સાથે બાકીની રાત એક દેવાલયના ઘૂમટ પર ચડીને વિતાવી. રાત્રિભર અબોલ તારાઓની સાથે જાણે ગુપ્ત વાર્તા ચલાવી. પ્રભાતે સંસારની છેલ્લી ગાંઠ છોડી નાખીને એણે દુનિયાની બહાર દોટ દીધી.

× × × ×

"આ કૂડી કાયાનું પીંજરું હવે ક્યાં સુધી વેઠવું? દેહ પાડી નાખું તો? હિમાલયનાં હિમભર્યાં શિખરો પર જઈને ગાત્રોને ગાળી નાખું તો?"

"ના, ના! જીતવા! એક વાર તો આ દેહદ્વારા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી લઉં. અંદરના મળ–મેલ સાફ કરી નાખું અને હિમાળે શા સારુ ગળું? લોકોનાં દુઃખોની સળગતી ભઠ્ઠીમાંજ

ન ઝંપલાવું ? ચાલો આત્મારામ, ચાલો, આ પહાડી શિખરો ઉપરથી ધરતીનાં સડબડતાં માનવીઓની વચ્ચે !"

× × × ×

દ્રોણુસાગરથી ઊતરીને યુવાન યોગી જ્ઞાનની શોધમાં ચાલ્યો. આપઘાતના મનસૂબા છોડી દીધા; પણ પુસ્તકોનાં લફરાં હજુ લાગ્યાં હતાં. ગંગાના કિનારા ઉપર એ પોથીઓનાં પાંદડાં ઉખેળતાં ઉખેળતાં યોગાભ્યાસના અટપટા કોયડા ને નાડીચક્રનાં લાંબાં વર્ણનો વાંચ્યાં. એની બુદ્ધિની સરાણ પર એ નાડીચક્રનો વિષય ચડી ગયો. અંતરમાં સંદેહ જાગ્યો અને જ્ઞાનની સળગતી પ્યાસ એમ તે શે શાંત થાય ? એક દિવસ ગંગાના નીરમાં એક મુડદું તરતું જાય છે. પોથીઓનાં થોથાંને કિનારે મેલી શોધકે પ્રવાહમાં ઝંપલાવ્યું. શબને બહાર ખેંચી આણ્યું. ચપ્પુ લઈને ચીરી જોયું. ચીરીને હૃદયનો ભાગ બહાર કાઢ્યો ! એની આકૃતિ, સ્વરૂપ અને લંબાઈપહોળાઇ પુસ્તકોનાં વર્ણનોની સાથે મેળવી જોયાં. પુસ્તકનાં વર્ણનોની સાથે બીજાં પ્રત્યેક અંગની સરખામણી કરી; પણ પુસ્તકોમાં લખેલા પેલા નાડીચક્રના બ્યાન સાથે દેહના ચક્રનો મેળ નજ મળ્યો. પુસ્તકને તરતજ તોડીફાડી એ શબની સાથેજ પાણીમાં પધરાવી દીધું, બુદ્ધિનો વિજય થઈ ગયો !

× × × ×

સોળ સોળ વર્ષના રઝળપાટને અંતે છત્રીસમા વર્ષની વયે ગુરુજ્ઞાનને માટે તલસતા એ દયાનંદને ગુરુ લાધ્યા. ગુરુ વિરજાનંદની સેવા એ તો અસિધાર જેવી હતી. અંધ ગુરુજી દુર્વાસાનોજ અવતાર હતા ! ધમકાવે, ગાળો ભાંડે, મારે અને પીટે. એક દિવસ તો દયાનંદને માત્ર અમુક પાઠ ન આવડવાને કારણે વિરજાનંદજીએ પિત્તો ગુમાવ્યો. ક્રોધાંધ બનીને એમણે દયાનંદને એક લાકડી ફટકારી. દયાનંદજીના હાથ ઉપર જખમ થઈ લોહી વહેવા લાગ્યું; પરંતુ સત્યનો શોધક એટલેથી કેમ છેડાય ? બે હાથ જોડીને સુકોમળ અવાજે એ બોલ્યા: " મહારાજ ! મારું શરીર કઠોર છે; મને મારતાં તો ઊલટો આપનો સુંવાળો હાથ સમસમી ગયો હશે. મને આપ ન મારો, એથી આપને ઇજા થાય છે."

× × × ×

દંડીજી નામના શિષ્યે ગુરુજીને એમની આ નિર્દયતા બદલ

ઠપકો દીધો. ભોળા, ઓલિયા જેવા ગુરુને ભાન થયું, પસ્તાયા; બોલ્યા કે, " ભાઈ ! હવે પછી નહિ મારું." આ વાતની દયાનંદને જાણ થતાંજ એમણે જઈને દંડીજીને કહ્યું: " શા માટે ગુરુજીને તમે મારે વાસ્તે ઠપકો દીધો ? એ શું કાંઈ મને દ્વેષથી મારે છે ? એ તો કુંભાર જેમ માટીને ટીપી ટીપી તેમાંથી સુંદર ઘાટ બનાવે છે, તેમ મને પણ મનુષ્ય બનાવવા માટેજ શિક્ષા કરી રહ્યા છે."

એ લાકડીના પ્રહારનો ડાઘ દયાનંદજીના હાથ ઉપર જીવનભર રહ્યો હતો અને જ્યારે જ્યારે પોતાની દૃષ્ટિ ત્યાં પડતી, ત્યારે ત્યારે પોતાના ગુરુજીના ઉપકારોની સ્મૃતિઓથી એમનું અંતર ગદ્‌ગદિત થઈ જતું હતું.

× × × ×

ગુરુજીના સ્વભાવની ધગધગતી ભઠ્ઠીમાં અઢી વર્ષ સુધી તવાઈ તવાઈને એ કંચન નિર્મળ બની ગયું. રહ્યાંસહ્યાં પાપની ભસ્મ થઈ ગઈ. અઢી વર્ષનો અભ્યાસ પૂરો થતાં સ્વામીજીએ ગુરુને ચરણે પડીને વિદાય માગી કે, " મહારાજ ! મારાં રોમેરોમ આપને ધન્યવાદ દઈ રહ્યાં છે. આપે મને સાચું વિદ્યાદાન દીધું. હવે હું દેશાટન માટે આપની આજ્ઞા લેવા આવ્યો છું; હું આપને ગુરુદક્ષિણામાં શું આપું ? મારી પાસે રાતી પાઈ પણ નથી. આ ચપટી લવિંગ છે, તે આપના ચરણોમાં ધરું છું."

દયાનંદના મસ્તક ઉપર શીતળ હાથ મૂકીને ગુરુજી ગદ્‌ગદ કંઠે બોલ્યા: " બેટા ! મેં તને બહુજ સંતાપ્યો છે. હવે મને તારાસરખો તેજસ્વી અને સાગરપેટો શિષ્ય ક્યાં મળવાનો હતો ? જા બેટા ! તારી મંગળકામનાઓ પૂરી થજો. મારે તારી ગુરુદક્ષિણા ન જોઈએ. ગુરુદક્ષિણામાં હું એટલુંજ માગી લઉં છું કે, વત્સ ! તું આ દુઃખી ભારતવર્ષની સેવા કરજે."

ગુરુની મહત્તાનું રટણ કરતો દયાનંદ સંસારની રણવાટમાં ચાલી નીકળ્યો.

હજારો વર્ષ થયાં અબોલ બની ગયેલા ગંગાજીના કિનારાઓ ઉપર ફરીવાર શુદ્ધ વેદ–મંત્રો ગુંજી ઊઠ્યા છે. ઋષિમુનિઓનો વારસદાર વીર દયાનંદ રજપૂતોનાં ગામડે ગામડાં ચીરતો ઘૂમે છે. ચાલીસ ચાલીસ, પચાસ પચાસ રજપૂતો પંક્તિમાં ગોઠવાઈને ગંગાતીરે ખડા થાય છે. એ તમામને યજ્ઞોપવિત પહેરાવતા દયા-

નંદજી ગાયત્રીના સિંહનાદ ગજાવે છે અને કેટલોએ કાળ વીત્યા પછી પહેલીજ વાર, સંસ્કૃતિ માતાનાં સ્તન પરથી દૂર ફેંકાયેલાં, ધાવણાં, નિઃસહાય સંતાનો સરખી સ્ત્રીજાતિને આજ ગાયત્રી-જપ કરવાનો અધિકાર પણ મહર્ષિ દયાનંદેજ અર્પણ કર્યો.

ક્ષમાવીર

સોંરો ગામમાં એક વાર સ્વામીજી ઉપદેશ આપી રહ્યા છે. તે વખતે એક કદાવર, પહેલવાન, વિકરાળ જાટ આવી પહોંચ્યો. મોં ઉપર રોષ સળગે છે; ભવાં ચડી ગયાં છે; ખભા પર ડાંગ રહી ગઇ છે; લાલઘૂમ નેત્રો ફાડતો ને હોઠ પીસતો એ રજપૂત સભાને ચીરીને સડસડાટ સ્વામીજીની સન્મુખ આવી ઊભો રહ્યો. એના મોંમાંથી અંગાર ઝરવા લાગ્યા કે, "રે ધૂર્ત ! તું સાધુ થઇને મૂર્તિ-પૂજાનું ખંડન કરે છે? ગંગામૈયાને નિંદે છે? દેવોની વિરુદ્ધ બકવાદ કરે છે? હવે બોલ જલદી, તારા કયા અંગ ઉપર આ ડાંગ લગાવીને તને પૂરો કરી નાખું?"

આખી સભા થરથરી ઊઠી; પણ સ્વામીજીએ તો રતીમાત્ર ચલાયમાન થયા વિના, એની એજ ગંભીર મુદ્રા રાખીને હસતાં હસતાં ઉત્તર આપ્યો કે, "ભાઇ! જો મારો ધર્મપ્રચાર તને અ-પરાધ લાગતો હોય, તો એ અપરાધ કરનાર તો મારું મસ્તકજ છે. એ માથુંજ મને આવી વાતો સુઝાડે છે; માટે તારે જો સજા કરવી હોય, તો એ માથા ઉપરજ તારી ડાંગ ઝીંકી દે બેટા!"

એ ક્ષમા-વીરનાં નેત્રોની જ્યોત પેલા જાટનાં નેત્રોમાં પડી. ધગધગતો અંગાર જાણે કે જળધારા વડે બુઝાઇ ગયો. એ સ્વામી-જીનાં ચરણોમાં એ ઢળી પડી રડવા લાગ્યો. સ્વામીજી બોલ્યા: "વત્સ! તેં કશુંએ નથી કર્યું. મને કદાચ માર્યો હોત તોપણ શી ચિંતા હતી? જા, પ્રભુ તને સન્મતિ દેજો!"

× × × ×

સેંકડો રજપૂતોને યજ્ઞોપવિત દેતા દેતા સ્વામીજી ગામો-ગામ ઘૂમી રહ્યા હતા. એક વખત કર્ણવાસમાં એમનો પડાવ હતો. ગંગાસ્નાનના મેળા પર હજારો માનવી એકઠાં થયેલાં હતાં. બરોલીના ઠાકોર રાવ કર્ણસિંહ પણ આવેલા. આ રાવને વૈષ્ણવ પંથનો એવો તો નાદ લાગેલો કે પોતાના નોકરચાકરોને-અરે ગાય, ભેંસ અને ઘોડાઓને કપાળે અને કંઠે પણ તે બળાત્કાર કરીને તિલકકંઠી લગાવી રહ્યા હતા. એક રાત્રિએ એના મુકામ

પર રાસલીલા રમાતી હતી. સ્વામીજીને પણ પંડિતો બોલાવવા આવ્યા. સ્વામીજીએ કહ્યું: "એવા હલકા કામમાં હું ભાગ ન લઈ શકું. આપણા પૂજનીય પુરુષોનો તમે વેશ ભજવી રહ્યા છો, એ ધિક્કારને પાત્ર કૃત્ય કહેવાય." રાવ કર્ણસિંહને આ અપમાનનો ઘા વસમો લાગ્યો. બીજે દિવસે સાંજરે પોતાના મંડળને લઇ રાવ આવી પહોંચ્યો. સ્વામીજી ઉપદેશ કરી રહ્યા છે. શ્રોતાઓ તલ્લીન છે. રાવને આવેલા જોઇ સ્વામીજીએ સત્કાર કર્યો કે "આવો."

"ક્યાં બેસીએ?" કડક સ્વરે રાવ ગર્જી ઊઠયા.

"જ્યાં આપની ખુશી હોય ત્યાં." હસીને સ્વામીજી બોલ્યા.

"તમારી પડખેજ બેસીશું."

"ખુશીથી; આવો, બેસો." કહી સ્વામીજીએ પોતાના આસન પરથી પોથી હટાવી લીધી.

પણ રાવને તો ટંટો મચવવો હતો; એના મહોન્મત્ત કંઠમાંથી વચનો નીકળ્યાં કે, "સંન્યાસી થઇને રાસલીલામાં હાજરી ન આપી તેની લજ્જા નથી આવતી?"

"રાવ મહાશય! આપના પૂજ્ય પૂર્વજોના વેશ લઇને હલકાં મનુષ્યો નાચે અને આપ ક્ષત્રિયો બનીને બેઠા બેઠા એ નાટક ઉપર ખુશી થાઓ, એની લજ્જા તો આપનેજ આવવી ઘટે! કોઈ સાધારણ લોકો પણ પોતાનાં કુટુંબીજનોના વેશ જોઇને ખુશી ન થાય."

"અને તમે ગંગામૈયાની પણ નિંદા કરો છો, કેમ?"

"ના ભાઈ! હું ગંગાની નિંદા નથી કરતો; પણ ગંગા જેવી અને જેટલી છે તેવી અને તેટલીજ હું એને વર્ણવી બતાવું છું."

"એટલે? ગંગા કેટલી છે?"

કમંડલુ ઉઠાવીને સ્વામીજી બોલ્યા: "જુઓ, મારે માટે તો આ કમંડલુ ભરાય તેટલીજ."

કર્ણસિંહના હોઠ કંપી રહ્યા હતા. સ્વામીજી ફરીવાર બોલ્યા: "રાવ સાહેબ! આપના કપાળમાં આ તિલક શાનું?"

"એ 'શ્રી' છે. એને ધારણ ન કરનાર ચંડાળ છે."

"આપ ક્યારથી વૈષ્ણવ થયા?"

"કેટલાંક વર્ષો થયાં."

"અને આપના પૂર્વજો પણ વૈષ્ણવ હતા?"

"ના."

ત્યારે આપના કથન પ્રમાણે તો આપના પૂર્વજો તેમજ થોડાં વર્ષ પૂર્વે આપ પોતે પણ ચંડાળજ હતા એમ ઠર્યું ?"

રાવનો હાથ તલવારની મૂઠ ઉપર ગયો અને એણે ત્રાડ દીધી: "મોં સંભાળીને બોલ!"

બીજા દસબાર હથિયારબંધ લોકો હતા, એમના પંજા પણ પોતપોતાની તલવાર પર ગયા. શ્રોતાઓ ડરી ગયા; પણ સ્વામીજીએ પોતાની સદાની ગંભીર વાણીમાં કહ્યું કે, "શીદને ડરો છો ? કશી ચિંતા નથી, મેં સત્યજ કહ્યું છે."

રાફડામાંથી ભભૂકતા ફણિધરની માફક રાવ કર્ણસિંહ ફૂંકાર કરતા ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા. એનો જમણો હાથ વારંવાર ખડ્ગની મૂઠ પર જવા માંડ્યો; પરંતુ સ્વામીજીએ તો મોં મલકાવીનેજ શાંત વાણી ઉચ્ચારી કે, "રાવ સાહેબ ! વારંવાર ખડ્ગ શા માટે ખખડાવો છો ? જો શાસ્ત્રાર્થ કરવો હોય તો આપના ગુરુજીને તેડી લાવો; પણ શસ્ત્રાર્થજ કરવો હોય તો પછી અમ સંન્યાસીને શીદ ડરાવો છો? જઇને જયપુર, જોધપુરની સાથે બાખડોને!"

કોપ-જ્વાળામાં સળગતો રાવ તલવાર ખેંચીને સ્વામીજીની સામે ધસ્યો. એક વાર તો સ્વામીજીએ ધક્કો દઇને દુશ્મનને પાછો નાખ્યો. ત્યાં તો ચોગણો કોપ કરીને રાવ ફરીવાર ધસ્યો. જરાએ વાર નહોતી; પણ સ્વામીજીએ ઊભા થઇને ઝપાટામાં પોતાનો પંજો પહોળો કરી રાવના હાથમાંથી તલવાર ઝાલી ઝૂંટવી લીધી અને તલવારની પીંછીને જમીન ઉપર ટેકવી મૂઠ પર એક એવો દાબ દીધો કે, "કડાક" કરતા એ તલવારના બે ટુકડા થઇ ગયા! રાવનું કાંડું પકડીને સ્વામીજીએ કહ્યું: "કેમ, હવે હું તમારા પર પ્રહાર કરીને બદલો લઉં, એવી તમારી ઇચ્છા છે?"

રાવનું મોં ઝંખવાણું પડ્યું.

"તમારા અત્યાચારથી ચિડાઇને હું તમારું બૂરું ચિંતવું નહિ. હું સંન્યાસી છું. જાઓ, પ્રભુ તમને સન્મતિ આપે!"

તલવારના બન્ને ટુકડા સ્વામીજીએ દૂર ફગાવી દીધા. રાવ વિદાય થઇ ગયા. આ ઘોર ઘટના બની તે વેળા પચાસ માણસો સ્વામીજી પાસે બેઠા હતા. તેઓએ આગ્રહ કર્યો કે, રાવને અદાલતમાં ઘસડવા જોઇએ. સ્વામીજીએ કહ્યું કે, "એ કદી

ન બને. એ બિચારો તો પોતાની ક્ષત્રીવટ ચૂકયો, પણ હું મારા બ્રાહ્મણત્વમાંથી શા માટે લથડું ?"

× × × ×

ભક્તજનોએ આવીને સ્વામીજીને વિનવ્યા કે, "લોકો આપની જિંદગી લેવા વારંવાર હુમલા કરે છે, તો આપ અહીં ઉઘાડા સ્થાનમાં ન રહેતાં તમારા અંદરના ખંડમાં રહો."

સ્વામીજી કહેતા: "ભાઈ! અહીં તો તમે રક્ષણ કરશો, પણ બીજે જઇશ ત્યાં કોણ બચાવવાનું હતું? મને તો પ્રભુ જેવડો મોટો ચોકીદાર મળ્યો છે. મને કશો ભય નથી."

× × × ×

એક દિવસ સભાની વચ્ચોવચ એક કાલિનો ઉપાસક બ્રાહ્મણ નશામાં ચકચૂર થઇને આવ્યો અને ગાળો દેતાં દેતાં સ્વામીજીની સામે પગરખું ફેંક્યું. પગરખું તો સ્વામીજીને ન વાગતાં વચ્ચેજ પડી ગયું; પણ ત્યાં બેઠેલા સાધુઓની આંખોમાં ખૂન ભરાઇ આવ્યું. તેઓ આ બ્રાહ્મણને પકડીને મારવા મંડ્યા. સ્વામીજીએ તેઓને અટકાવીને કહ્યું કે, "શા માટે? મને કંઈજ દુઃખ નથી અને કદાપિ જોડો મને વાગ્યો હોત, તોપણ એ ક્યાં રામબાણ હતું?"

× × × ×

"મહારાજ! એકલા એકલા આપ કાં હસી રહ્યા છો?" ભક્તોએ પૂછ્યું.

"જુઓ, એક માણસ અહીં ચાલ્યો આવે છે. હમણાં તમને એનો તમાશો બતાવું." સ્વામીજીએ જવાબ દીધો.

ત્યાં એક બ્રાહ્મણ મિષ્ટાન્ન લઇને આવી પહોંચ્યો. "સ્વામીજી! નમો નારાયણ" કહીને એણે મિષ્ટાન્નની ભેટ ધરી.

સ્વામીજીએ કહ્યું: "લો, થોડું તમે પણ ખાઓ; હું પણ ખાઉં."

પરંતુ પેલા માણસે મીઠાઇ ન લીધી. સ્વામીજીએ ત્રાડ મારીને કહ્યું: "ખાઓ, કેમ નથી ખાતા?"

બ્રાહ્મણ કંપી ઊઠ્યો. એણે બે હાથ જોડ્યા, સ્વામીજીએ પાસે બેઠેલા એક કૂતરાને બટકું ખવડાવ્યું. તરત કૂતરો ઢળી પડ્યો.

પોતાના ભક્તોને સ્વામીએ બતાવ્યું કે, "આટલા માટે હું હસતો હતો. આ વિષ–પ્રયોગ જોયો?"

ભક્તો પોલીસને બોલાવવા ઊઠયા. સ્વામીજીએ કહ્યું કે, "એ નજ બને. જુઓ, આ બાપડો થરથરે છે. એને એટલી સજાજ બસ થશે."

બ્રાહ્મણને છોડી દેવામાં આવ્યો.

× × × ×

અમૃતસરમાં એક દિવસ એક પાઠશાળાના શિક્ષકે પોતાના નાની વયના વિદ્યાર્થીઓને શીખવ્યું કે, "ચાલો, આજે આપણે એક કથા સાંભળવા જવાનું છે. તમે તમારાં દફતરોમાં ઈંટોના ટુકડા ભરી લો. ત્યાં હું ઇશારો કરું કે તરતજ તમે કથા કહેનારની ઉપર ઈંટોનો મારો ચલાવજો. કાલે તમને લાડુ આપવામાં આવશે."

એ કથાકાર બ્રહ્મર્ષિ દયાનંદ વિના બીજો કોણ હોય? બાળકો સહિત પંડિત કથામાં ગયા.

સાંજ પડી અને અંધારું થયું કે તત્કાળ ગુરુજીએ ઇશારત કરી. સ્વામીજીના માથા પર ઈંટોનો વરસાદ વરસવા લાગ્યો. આખી સભા ખળભળી ઊઠી, પણ સ્વામીજીએ સૌને શાંત પાડયા. પોલીસના અધિકારીઓએ એ બાળકોમાંના કેટલાએકને પકડીને સ્વામીજીની પાસે હાજર કર્યા. પોલીસના પંજામાં સપડાયેલા એ બટુકો ચોધાર રડતા હતા. ધ્રૂસકા ભરતાં ભરતાં તેઓએ કબૂલ કર્યું કે, "પંડિતે લાડુની લાલચ દઈને આ કૃત્ય અમારે હાથે કરાવ્યું હતું."

સ્વામીજીએ એજ પળે લાડુ મંગાવ્યા. બાળકોને વહેંચી દીધા અને કહ્યું કે, "બચ્ચાઓ! તમારા પંડિતજી તો કદાચ તમને લાડુ નએ આપે, એમ સમજીને હુંજ આપી દઉં છું. ખાઓ અને આનંદ કરો!"

× × × ×

એક વખત વ્યાખ્યાન ચાલી રહ્યું છે, ઇસ્લામ ઉપર નિખાલસ દિલે શાંત ચર્ચા થાય છે. એવામાં એક તરુણ મુસલમાન ત્રાડ દેતો ઊભો થઇ ગયો. તલવારની મૂઠ પર હાથનો પંજો પસારીને એ બોલ્યોઃ "સ્વામી! મોં સંભાળીને બોલજો. ખબરદાર, અમારા ધર્મ વિષે કાંઇ બોલ્યા તો!!"

અત્યંત કોમળ સ્વરે સ્વામીજી બોલ્યાઃ "બેટા! તારા મોંમાં તો હજુ દૂધિયા દાંત છે. જો હું તારી એવી ત્રાડોથી ડરતો હોત તો આટલું જોખમ શિર પર શીદ ઉઠાવત? બેસી જા ભાઇ!"

લજ્જા પામીને યુવક બેસી ગયો.

× × × ×

અજમેરનો પાદરી શૂલબ્રેડ સાહેબ સ્વામીજીનાં નિખાલસ સત્યોની ઝાળને સહન ન કરી શકચો. એણે રાતીપીળી મુખમુદ્રા કરીને ચેતવણી ઉચ્ચારી કે, “ કેદમાં પડશો, કેદમાં ! ”

સ્વામીએ હસીને જવાબ દીધોઃ “ બંધુ ! સત્ય ખાતર કેદ તો લગારે લજ્જાની વાત નથી. એવી વાતોથી તો હું હવે નિર્ભય બની ગયો છું. મારા વિરોધીઓ કદાચ મને તુરંગની કોટડીમાં નખાવશે, તો એ વેદના સહેતાં સહેતાં ન તો હું મારા પ્રતિપક્ષીઓનું બૂરું વાંચ્છવાનો, કે ન તો મારા દિલમાં કશી દિલગીરી થવાની. પાદરીજી ! લોકોનો ડરાવ્યો હું સત્યને નહિ છોડું. ઈસુ ભગવાનનેય કયાં નહોતું લટકવું પડયું ! ”

× × × ×

એક દિવસ એક બ્રાહ્મણે આવીને સ્વામીજીને પાનનું બીડું અર્પણ કર્યું. ભાવિક મનુષ્યની સ્નેહ–ભેટ સમજીને સ્વામીજીએ બીડું મોંમાં મૂકયું, લગાર રસ લેતાંજ પોતે પામી ગયા કે પાનમાં ઝેર છે, એ પાપીને કશુંએ ન કહેતાં પોતે ગંગા–કિનારે જઈ, ઊલટી કરી, ઝેર ઉતારી નાખ્યું. કાંઇએ ન બન્યું હોય તેમ આવીને પાછા આસન પર શાંત મુખમુદ્રા લઇ બેઠા; પણ પાપ ન છુપાયું. અપરાધી ઝલાયો. તહસીલદારે એ પાપીને પકડી ગિરફતાર કર્યો. તહસીલદારે માન્યું કે, સ્વામીજી પ્રસન્ન થશે, પણ સ્વામીજીએ એની સાથે બોલવુંએ બંધ કર્યું. ચકિત બનેલા તહસીલદારે સ્વામીજીની નારાજીનું કારણ પૂછ્યું. જવાબ મળ્યો કે, “ ભાઇ ! મારે ખાતર તમે એક પામર મનુષ્યને કેદમાં પૂર્યો તેથી હું ઉદાસ છું, હું અહીં મનુષ્યોને બાંધવા નથી આવ્યો, મુક્ત કરવા આવ્યો છું. બીજાઓ પોતાની સજ્જનતા તજે, પણ હું મારી ખાનદાનીને શા સારુ ગુમાવું ? ”

તહસીલદારે બ્રાહ્મણને છોડી દીધો.

× × × ×

કાશીના મહારાજાની સરદારી નીચે બનારસી પંડિતોએ આવીને એક વાર દયાનંદજીને શાસ્ત્રાર્થને માટે ઘેરી લીધા. પોતાના વિજયની જૂઠી તાળીઓના હર્ષનાદ કરીને સંધ્યાકાળે પંડિતોની ટોળીએ શોર મચાવ્યો. ગડબડ મચી ગઇ. પચાસહજાર શ્રોતાઓની મેદનીમાંથી સ્વામીજીને શિરે ઇંટો, પથ્થરો, છાણ

અને ખાસડાંની તડાપીટ થઇ. સાધુવર શબ્દ સરખોએ ન બોલ્યા. ફૂલો વરસતાં હોય તેવી પ્રસન્ન મુખમુદ્રા રાખી, પંડિતો ચાલ્યા ગયા. ઈશ્વરસિંહજી નામના એક પંડિતે જ્યારે દયાનંદ ઉપર આવું વીતક વીત્યાની વાત સાંભળી, ત્યારે એણે મનસૂબો કર્યો કે, “ચાલો જોઇએ, અત્યારે આ અપમાનની શી અસર દયાનંદ ઉપર થઇ છે? એના બ્રહ્મજ્ઞાનીપણાનું માપ કાઢીએ.” ઈશ્વરસિંહજી ઉદ્યાનમાં પહોંચ્યા. જુએ તો ચાંદનીમાં સ્વામીજી કુંજરશી ગતિએ ટહેલી રહ્યા છે. પંડિતનો સ્નેહભાવે સત્કાર કરીને સ્વામીજીએ જ્ઞાન–વાર્તાઓ માંડી. મધુર વિનોદ રેલાવ્યો. ન મુખ પર ઉદાસીનતાનો છાંટો, ન વ્યાકુળતાઃ ન ખેદ, કે ન લગારે છૂપો રોષ-રાગ! જાણે કશુંએ બન્યું નથી. ઈશ્વરસિંહજીએ એવી વિજયવંત સાધુતાનાં દર્શન કર્યાં. યોગીવરના નિર્મળ ચિદાકાશમાં નિરાશાની નાની સરખીએ વાદળી ન ભાળી, પંડિતજીથી બોલાઈ ગયું. “મહારાજ! આજ સુધી આપને પંડિતજ માનતો હતો, આજે એ પંડિતાઇને પેલે પાર જઇને મેં જાણે કે સાચા વિતરાગનાં દર્શન કર્યાં!”

× × × ×

મથુરાપુરી આખી ખળભળી ઊઠી છે. જાણે કોઈ શયતાન આવીને ધર્મને નરકમાં ઘસડી જતો હોયની! એવી વ્યાકુળતા મથુરાના પંડાઓમાં મચી રહી છે. સ્વામીજીએ આહ્‌વાન દીધું કે સુખેથી શાસ્ત્રાર્થ કરવા આવો. પાંચસો પંડા આવ્યા, પણ શાસ્ત્રાર્થ કરવા નહિ, ગાળાગાળી અને મારામારી મચાવવા! અગાસી ઉપર ઊભા ઊભા સ્વામીજી મોં મલકાવી રહ્યા છે અને નીચે જમાવટ કરીને ઊભેલા લાઠીદાર ચોબાઓ ગાળોનો મારો ચલાવે છે. મકાન ઉપર ચોકી કરતા ક્ષત્રિય સેવકોએ કહ્યું કે, “મહારાજ! રજા આપો, આ પંડાઓને પાંસરા કરીએ.”

સ્વામીજી કહે છે કે, “ના ભાઈ! આ ધર્માંધતા ઉપર દયા ઘટે, કોપ ન ઘટે. બાકી તો મારા અહીં આવવાનો આટલોએ લાભ શું ઓછો છે કે, આ આળસના પીર, ઊંઘતા, પશુવત્ પંડાઓમાં આટલી પણ જાગૃતિ તો આવી! આટલી સંખ્યામાં એ બાપડા એકઠા મળ્યા, એ ફાયદો કાંઇ કમ નથી!”

× × × ×

સ્વામીજી વ્યાખ્યાન દઈ રહ્યા છે: એવે વખતે ભરસભામાં એક

કસાઈએ અને એક કલાલે આવી બૂમો પાડીને ઉઘરાણી કરવા માંડી કે, "સ્વામીજી ! હવે તો બહુ દિવસ વાયદા દીધા, આટલો બધો આંકડો ચડયો છે. હવે તો પૈસા ચુકાવો !"

આવું સાંભળીને સેવકોની આંખોમાં ખૂન ભરાયું. સ્વામીજી બોલ્યા કે, "ખામોશ પકડો, શબ્દ પણ ન કહેશો હો !"

સભા જેમની તેમ ચાલુ રહી. વ્યાખ્યાન શાંતિથી ખતમ થયું; એટલે એ બન્ને જણાને પોતાની પાસે બોલાવીને પૂર્ણ વાત્સલ્યથી બન્નેને ગળે પોતાના હાથ વીંટી પૂછયું: "ભાઈ ! સાચું કહેજો હો, આ તમને કોણે શીખવેલું ?"

હાથ જોડીને બન્ને બોલ્યા: "બાપુ ! માંગીલાલ મુનીમે. અમને બદલો દેવાનું પણ એમણે વચન દીધું છે."

હસીને સ્વામીજીએ બન્નેને છોડી દીધા.

× × × ×

મુંબઈમાં દયાનંદનાં પગલાં થયાં. વલ્લભી સંપ્રદાયના ગોસાંઈ મહારાજોએ માન્યું કે, આપણો કાળ આવ્યો. સ્વામીજીને સલાહો મળી કે "મહર્ષિજી ! વલ્લભપંથીઓની છેડ ના કરતા હો ?"

દયાનંદજી કહે છે કે, "ભાઈ! અસત્‌ને તો ઇન્દ્રના આસન પર પણ દીઠું નહિ મેલું. થવાનું હોય તે થાઓ !"

× × × ×

"બળદેવસિંહ ! બચ્ચા ! તારી આંખોમાં આજ હું મારું મોત ઉકેલી રહ્યો છું." સ્વામીજી એક દિવસ બોલ્યા.

બળદેવને માથે વીજળી પડી.

"બોલ બચ્ચા ! આજ ગોસાંઈને ત્યાં ગયો હતો ?"

બળદેવે ચકિત બનીને ડોકું ધુણાવ્યું.

"શી શરતે મને વિષ દેવાનું ઠર્યું ?"

"એક હજાર રૂપિયે." બળદેવે અંતર ખોલી નાખ્યું.

"જો બચ્ચા ! પરમેશ્વર જેનો રખવાળ છે, એને કોઈ ન મારી શકે હો ! કાશીમાં મને હળાહળ ઝેર દીધેલું હતું. રાવ કર્ણસિંહે પાનમાં વિષ ભેળવીને ખવાડયું હતું. બીજા કંઈ કે એ પ્રયોગો મારા પર અજમાવ્યા છે, પણ હું જીવું છું; ને યાદ રાખજે, હું હમણાં નથી મરવાનો."

બળદેવસિંહ સ્વામીના ચરણોમાં લોટી પડ્યો.

× × × ×

મુંબઈમાં વ્યાખ્યાન ચાલી રહ્યું છે. વલ્લભસંપ્રદાયના ટોળાએ ઈંટ, પથ્થર અને ધૂળના પ્રહારો સ્વામીજીના માથા પર શરૂ કરી દીધા. સૌએ સ્વામીજીને વ્યાખ્યાન બંધ કરવાની સલાહ દીધી. જવાબમાં સ્વામી બોલ્યાઃ–

"મારા ભાંડુઓએ ફેંકેલા ઈંટ પથ્થર તો મારે મન ફૂલોની વૃષ્ટિસમા છે અને વ્યાખ્યાન તો ઉચિત સમયેજ સમાપ્ત કરીશ, અધૂરું નહિ મેલાય. ભલે પથ્થરો વરસતા."

મારો સહેતાં સહેતાં સ્વામીજીએ બરાબર મુકરર સમયેજ સમાપ્તિ કરી.

× × × ×

૧૮૭૫ માં સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ સ્વામીજીને પૂનામાં નિમંત્ર્યા. ત્યાં જઈને સ્વામીજીએ પંદર વ્યાખ્યાનો દીધાં. વિદાયને દિવસે પ્રજાએ પાલખીમાં વેદ પધરાવી, હાથીને હોદ્દે સ્વામીજીને બેસાડી ધર્મ–સવારી કાઢી. નગરની બદમાશ ટોળીએ આની સાથોસાથ "ગર્દભાનંદ સવારી" ચડાવી કોલાહલ કર્યો, અપશબ્દોની ઝડી વરસાવી. વરસાદમાં ભીંજેલી ધરતી પરથી કાદવ ઉપાડી ઉપાડીને છાંટ્યો. સ્વામીજી અને સ્વ. જસ્ટિસ રાનડે બન્ને જણા કાદવમાં ખરડાયા. જસ્ટિસ રાનડેએ હુકમ આપ્યો હોત તો પલકમાં એ ટોળું તુરંગનાં દ્વાર દેખત, પણ સ્વામીજીએ હસીને કહ્યું; "રાનડેજી! કશી ચિંતા નહિ. કશુંએ કષ્ટ આ બાપડાઓને દેશો નહિ."

× × × ×

મિરજાપુરમાં છોટુગીર નામનો એક ગોસાંઇ રહેતો હતો. ભારી જલદ પ્રકૃતિનો એ આદમી હતો. એક વખત જબરદસ્ત ટોળું લઈને એ સ્વામીજીના મુકામ પર ચડી આવ્યો. આવતાંની વારજ સ્વામીજીના પગ ઉપર પગ રાખીને એ તો બેસી ગયો અને ફાવે તેમ બકવાદ કરવા લાગ્યો.

સ્વામીજીએ પૂછ્યુંઃ "આ કોણ છે?"

"કાશીવિશ્વનાથ જેવાજ અહીંના એક બુઢ્ઢા મહાદેવના પૂજારી છે."

સ્વામીજી સમજી ગયા કે આ ભાઈ લડાઇ મચાવવાજ આવ્યા છે. એટલે પોતે તો વધુ નિર્ભય બનીને કાશીવિશ્વનાથનું ખંડન કરવા મંડ્યા. સ્વામીજીની પાસે પતાસાંનો ડબ્બો પડ્યો હતો.

તેમાં હાથ ઘાલીને આ ગોસાંઇ એક એક પતાસું ઉઠાવીને અજીઠે હાથે પતાસાં બુકડાવવા લાગ્યો.

સ્વામીજી શાંત સ્વરે બોલ્યા: "ભાઇ! પતાસાં ખાવાં હોય તો મૂઠો ભરીને એકસામટાં લઇ લે; પણ મારાં બધાં પતાસાં અજીઠાં શીદને કરી રહ્યો છે?"

ગોસાંઇએ માન્યું નહિ. એટલે સ્વામીજીએ ત્રાડ નાખીને સેવકોને આજ્ઞા કરી: "બહારનો દરવાજો બંધ કરી દો. હું એકલોજ આ બધાને હમણાં સીધા કરી નાખું છું."

વિકરાળ આકૃતિ દેખીને છોટુગીરનું હૃદય કંપી ઊઠયું. એણે પોતાનો કાળ ભાળ્યો. ખસીને એ બેસી ગયો. ટોળું દિગ્મૂઢ બની ઊભું રહ્યું.

છોટુગીરનો ઘમંડ તે વખતે તો તૂટી ગયો, પણ એની દ્વેષજ્વાળા હોલવાઈ નહિ. એક રાત્રિએ એણે બે પહેલવાનોને સ્વામીજી પર હુમલો કરવા મોકલ્યા. સ્વામીજી એક ભક્તને ધર્મનું રહસ્ય સમજાવી રહ્યા હતા, એવામાં એ ગુંડાઓએ આવીને ઠઠ્ઠામશ્કરી આદરી દીધી. એકબે વાર તો સ્વામીજીએ એમને કોમળ વાણી વડે સમજાવ્યા, પણ જ્યારે જોયું કે ભલમનસાઇ ફોગટ જાય છે, ત્યારે પોતે સિંહગર્જના કરી અને એ તો આત્મસિદ્ધ બ્રહ્મચારીની ત્રાડ! છાતી વિનાના એ બન્ને માનવ–પશુઓ કંપી ઊઠ્યા, પરસેવે ભીંજાયા, પેશાબ છૂટવાથી વસ્ત્રો પણ બગડ્યાં.

સ્વામીજીએ સૌમ્ય સ્વરે કહ્યું: "જાઓ, સુખેથી ચાલ્યા જાઓ. અમે સંન્યાસી! અમારો ધર્મ કોઇને મારવાનો નથી, બચ્ચાઓ!"

× × × ×

કર્ણવાસમાં સ્વામીજી ફરીવાર આવી ચડ્યા છે. બરૌલીના પેલા ઠાકોર રાવ કર્ણસિંહ પણ શરદ્પૂર્ણિમાનું સ્નાન કરવા આવ્યા છે. એની રિયાસત સાથે તો નાચરંગને માટે વેશ્યાઓ પણ સામે રહેલી છે! સ્વામીજીના મુકામથી દોઢસોજ કદમ પર રાવનો ઉતારો છે.

આગલા પ્રસંગનું વેર રાવના અંતરમાં ખટકતુંજ હતું. મતિ ગુમાવીને એણે પોતાના ત્રણ નોકરોને ચકચકતી તલવારો આપી સ્વામીજીનો વધ કરવા મોકલ્યા.

મધરાતનો સમય છે. ચોમેર ચુપકીદી છવાયલી છે, કેવળ ગંગાનો મંદ રવ ગુંજે છે અને વાયુની કોઇ કોઈ લહરીમાં ઝાડ

પરનાં પાંદડાં ખડખડે છે. સ્વામીજી ધ્યાનમગ્ન છે, થોડે અંતરે ભક્ત કૈથલસિંહ ગાઢ નિદ્રામાં પડ્યા પડ્યા નસકોરાં બોલાવે છે.

એ સમયે કર્ણુસિંહના ત્રણ નોકરો હાથમાં નાગી તલવાર લઇને ચૂપચાપ ચાલ્યા આવ્યા, પણ અંગો થરથર ધ્રૂજે છે; કલેજાં ધબકારા મારે છે; તલવારો તો તીક્ષ્ણ છે, પણ એક નિર્દોષ વિતરાગ પર એ તલવારો ચલાવવા જેટલી હિંમત તેઓના હાથમાં નથી.

બહુ વાર સુધી તેઓ ઊભા રહ્યા. આખરે થાકયા. છાતી ન ચાલી. પાછા વળીને રાવની પાસે આવ્યા. રાવે ધમકાવીને ફરી વાર મોકલ્યા. તે વખતે સ્વામીજીની સમાધિ ઊતરી ગઇ હતી અને રાવે પોતાના નોકરોને દીધેલી ધમકી પણ સ્વામીજીએ કાનોકાન સાંભળી હતી. બીજી વાર પણ નોકરો પાછા વળ્યા; પણ રાવની જીદ તો આજે ઋષિના દેહની સાથે મોતની હિચકારી રમત રમી નાખવા ચાહતી હતી. એણે ફરીવાર ધમકાવીને નોકરોને ધકેલ્યા.

એ આવ્યા. સ્વામીજીએ બીજું કાંઇજ ન કર્યું. ઊઠીને ગગનભેદી હુંકાર ગર્જ્યો. જમીન પર એક લાત મારી. તલવારધારીઓની ભુજાઓમાંથી તલવારો પડી ગઇ, એ નાઠા.

કૈથલસિંહજીની આંખ પણ ઊઘડી ગઇ. સ્વામીજીને એણે વિનવ્યા: "હત્યારાઓ હજુ ફરીવાર આવશે હો. મહારાજ! માટે ચાલો, કયાંક છુપાઇને રાત વિતાવીએ."

સ્વામીજીના મુખમાંથી ગીતાપાઠ ગુંજી ઊઠ્યો કેઃ–

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥

"કૈથલ ભાઇ! સંન્યાસી તે ગઢગુફાના આશરા કયાં સુધી શોધતો ફરશે? મારો રક્ષણહાર તો પ્રભુ જેવડો હજાર હાથવાળો બેઠો છે, તું ગભરા નહિ. ભાઇ! હું જો ધારત તો એ ત્રણેના હાથમાંથી તલવારો છીનવીને તેઓનાં માથાં વાઢી લેત."

× × × ×

તે દિવસેજ રાજઘાટ ઉપર પંજાબી સેનાની એક ટુકડીનો પડાવ હતો. તે લોકોને રાવ કર્ણુસિંહના આ અત્યાચારની જાણ થઇ ગઇ. તેઓનું ખૂન તપી આવ્યું. પચીસ પંજાબી વીર શસ્ત્રો બાંધીને સ્વામીજીની પાસે આવી ગર્જ્યા અને હાથ જોડીને કહેવા લાગ્યા કે, "એક વાર અમને આજ્ઞા આપો ને પછી જોઈ લો કે, અમે એ સાધુઓના શત્રુને કેવો સ્વાદ ચખાડીએ છીએ. ભલે અમારી નોકરી તૂટી જાય, પણ એને તો પૂરો કરીનેજ પાછા ફરીશું."

પ્રેમભરપૂર શબ્દોવડે સ્વામીજીએ એ સૈનિકોને શાંત કર્યા અને સત્સંગમાં બેસાડી એક શીતળ ઉપદેશ સંભળાવ્યો.

× × × ×

અમૃતસરમાં છ–સાત હજાર મનુષ્યોની મેદની જામી છે. આજે પંડિતો અને મહર્ષિજીની વચ્ચે પ્રશ્નોત્તરીનો મામલો મચવાનો છે. મહર્ષિજી બેઠા છે. થોડી વારમાં પંડિતોનું ટોળું જય–જયનાદ ગુંજતું દાખલ થયું. તિલકધારી સાત–આઠ પંડિતો બગલમાં પુસ્તક દબાવીને સન્મુખ બેસી ગયા. ત્યાં તો ચારેબાજુથી પંડિતોના ચેલાઓએ ઈંટપથ્થરનો મારો ચલાવ્યો. સભામંડપમાં ધૂળની મોટી ડમરી ચડી. પોલીસો દોડી આવ્યા. એટલે પંડિતો પલાયન કરી ગયા. સેવકો ઉશ્કેરાયા. ટોળાને પીટવા ઊઠયા."

સ્વામીજીએ સૌમ્ય નેત્રે આનંદભર વાણી કાઢી કે, "ગરમ ન થશો, બચ્ચાઓ ! આ તો મદિરા–પાનનો નશો કહેવાય અને મારું કાર્ય તો વૈદનું ગણાય. દારૂડિયાને વૈદ મારે નહિ, ઔષધ આપે. વળી હું તો આર્યધર્મની ફૂલવાડીનો પામર માળી છું. ફૂલવાડીમાં ખાતર પૂરતાં પૂરતાં માળીના અંગ ઉપર પણ ધૂળકચરો છવાય, એમાં શી તાજુબી છે ! મને એની ચિંતા નથી. હું તો ઝંખું છું એટલુંજ કે, આ ફૂલવાડી સદા લીલીછમ રહે અને ફાલ્યા કરે."

ત્યાગ–વીર

પીંજરે પડેલો રાજહંસ ઉઘાડું દ્વાર દેખીને માનસસરોવરના પંથ પર ધસવા માંડે, તેમ મૂળશંકરે પોતાનાં માતાપિતાના પ્રેમપિંજરમાંથી છૂટીને જે દિવસે સત્‌ધામના કેડા ઉપર વેગવંત ડગલાં ભરવા માંડ્યાં હતાં, તે દિવસની આ કથા છે. દિવસ બધો ભયાનક અટવીઓ વીંધતો વીંધતો એ ધસ્યે જાય છે અને રાત્રિયે કોઇ હનુમાનનાં કે દેવીઓનાં ઉજ્જડ મંદિરોમાં લપાઇ રહે છે. ત્રીજે દિવસે માર્ગમાં એક સાધુવેશધારી ધૂતારાઓનું ટોળું મળ્યું. આ એકલવિહારનું કારણ પૂછાતાં ભગવાં વસ્ત્રોપ્રત્યે પૂજ્યભાવે જોનારા એ બાળકે પોતાનો સાચો મનોભાવ કહી બતાવ્યો.

"જોઇ લેજો આ મહેરબાનને !" સાધુ વેશધારીઓએ ટોણો માર્યો: "ભાઈ સાહેબ જાય છે ત્યાગી બનવા અને શરીર ઉપરથી હજુ સોનાનાં વેઢવીંટી તો છૂટતાં નથી !"

"આ લો ત્યારે, પહેરજો હવે તમે!" એમ કહીને બાળકે પોતાની વીંટીઓ અને વસ્ત્રાભરણો એ ટોળીની સામે ફગાવી દીધાં. છાતી ઉપરથી પ્રચંડ શિલાઓનો બોજો ઊતરી ગયો હોય તેવો સુખનો નિઃશ્વાસ મેલીને મૂળશંકરે મહાપંથ પર ધસવા માંડ્યું.

× × × ×

સંન્યાસી જીવનની શરૂઆતમાં ભટકતાં ભટકતાં આ તરુણ ત્યાગીએ એક દિવસ ઓખી મઠમાં મુકામ કીધો. મઠની છાકમછોળ સમૃદ્ધિ ત્યાંના સાધુઓના વિલાસોની ઉપર ઢોળાતી ભાળી, રજવાડી ઠાઠમાઠમાં મહાલતો મહંત આ તેજસ્વી બ્રહ્મચારીને દેખી મોહાયો.

"બેટા! તું મારો ચેલો બની જા. આ ગાદીનો તને વારસ બનાવું, લાખોની સંપત્તિ તારા ચરણોમાં લોટશે."

આ દરખાસ્તને દયાનંદે તત્કાળ તિરસ્કારથી વધાવી. કાચા સૂતરને તાંતણે એ ઐરાવત બંધાયો નહિ.

× × × ×

વડોદરા રાજ્યના દીવાન બહાદુરે એક દિવસ સ્વામીજીને જમવા બોલાવ્યા. જમાડીને વિદાય દેતી વખતે એ દીવાને એક હજાર રૂપિયા એ સ્વામીજીના ચરણમાં ભેટ ધર્યા. સ્વામીજીએ થેલીને પાછી ઠેલી કહ્યું: "ભાઈ! હું તો કુ–રીતિઓનું ખંડન કરી રહ્યો છું. હું પોતેજ ઊઠીને જો આ સ્વીકારીશ, તો પેલા ગોસાંઈઓને પોતાની પધરામણીઓનો કેવો મજેનો બચાવ મળી જશે!"

× × × ×

સ્વામીજીના પ્રભાવમાં અંજાયેલા તે કાળના એક વાઇસરૉય સાહેબે સ્વામીજીની વિપત્તિઓની કથા જ્યારે સાંભળી, ત્યારે સ્વામીજીના રક્ષણ માટે કાયમી સિપાઇઓ નીમવાની તેમજ રેલગાડીની મુસાફરી માટે પહેલા વર્ગનો પાસ કઢાવી આપવાની એ નામદારે ઇચ્છા બતાવી. સ્વામીજીએ આભાર માનીને ઉત્તર દીધો કે, "સહાયને હું નહિ સ્વીકારી શકું. એથી તો લોકો મને રાજસત્તાનો નોકર અથવા તો ખ્રિસ્તીઓનો પાદરી માની બેસે!"

વાઇસરૉય–તો શું આપ રાજ્યની નોકરીમાં કાંઈ બૂરું સમજો છો?

સ્વામીજી–હું તો સંન્યાસી છું. મેં તો પરમેશ્વરરૂપ સાચી સરકારની નોકરીજ સ્વીકારી લીધી છે.

વાઇસરૉય–ત્યારે શું અત્યારની સરકારને આપ સાચી નથી માનતા ?

સ્વામીજી–એટલે કે આ સરકાર પરિવર્તનશીલ છે અને મારી ઈશ્વરી સરકારનો નિયમ તો અટલ અને એનો ઇન્સાફ અદલ છે. મનુષ્યોના ન્યાય–નિયમો સમયાનુસાર બદલાય છે.

× × × ×

ઉદેપુરમાં મહર્ષિજી એકાંતમાં બેઠા છે. ત્યાં મહારાણા પધાર્યા. એમણે આવીને કહ્યું: " સ્વામીજી ! જો મૂર્તિ–પૂજાનું ખંડન છોડી દો તો એકલિંગી મહાદેવના મહંતની ગાદી આપને સોંપી દઉં. લાખોની નીપજના આપ ધણી થશો. આખું રાજ્ય આપને ગુરુ કરી માનશે."

દુભાયેલા મહર્ષિએ ઉત્તર દીધો: " રાણાજી ! આવી લાલચ બતાવીને મને મારા પ્રભુથી વિમુખ બનાવવા ચાહો છો ? આપનું આ નાનકડું રાજ્ય અને કુબા જેવડો એ શિવ–મઠ, કે જેમાંથી તો હું એકજ દોટ દઇને બહાર નીકળી જઇ શકું છું, તે શું મને અનંત ઈશ્વરની આજ્ઞા ઉથાપવા જેટલો નિર્બળ બનાવી શકશે ? ફરીવાર મને આવું કહેવાનું સાહસ ન કરતા. લાખો મનુષ્યોનો પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ કેવળ મારા વિશ્વાસ પરજ ટકી રહ્યો છે, જાણો છો રાણા ?"

રાણાજી ત્યારથી સ્વામીજીના પરમ ભક્ત બની ગયા.

× × × ×

લાહોરમાં આર્ય–સમાજનું અધિવેશન ભરાયું. સમાજીઓએ દરખાસ્ત કરી કે, આર્ય–સભાના સંસ્થાપકને કંઇક પદવી આપવી. બીજાઓએ અનુમોદન આપ્યું.

હસીને સ્વામીજી બોલ્યા: " ભાઇઓ ! મેં કોઇ નવો પંથ ચલાવવામાટે ગુરુ–ગાદીનો મઠ નથી સ્થાપ્યો. હું તો ઊલટું ભોળા મતવાદીઓને મઠોથી અને મહંતોથી સ્વતંત્ર બનાવવા મથું છું. મને કે અન્ય કોઇને પણ પદવીઓ ન ઘટે. પદવીઓનાં પરિણામ બૂરાં સમજવાં."

બીજી દરખાસ્ત પડી; " સ્વામીજીને આ સમાજના 'પરમ સહાયક' સ્થાપવા."

સ્વામીજીએ કહ્યું: " તો પછી પરમ પિતા પરમેશ્વરને કયા પદે સ્થાપશો ? પરમ સહાયક તો એ એકજ છે. મારું નામ લખવું હોય, તો ફક્ત અદના સહાયકોના પત્રકમાંજ લખજો."

સામર્થ્ય-વીર

એક દિવસ દયાનંદજી યમુનાતીરે ધ્યાન ધરીને બેઠા છે. એવામાં કોઇક સ્ત્રીએ સ્નાન કરીને આવતાં પદ્માસન વાળીને બેઠેલા સ્વામીજીને ભાળ્યા અને એમને પરમહંસ સમજી એમના ચરણો પર પોતાનું મસ્તક ઢાળી નમસ્કાર કર્યાં. પગ ઉપર કોઇ મનુષ્યના માથાનો ભીનો સ્પર્શ થતાં સ્વામીએ નેત્રો ખોલ્યાં. ચમકીને 'અરે માતા! અરે મૈયા!' એવા શબ્દો ઉચ્ચારતા ઊભા થઇ ગયા અને ગોવર્ધન પર્વત તરફ જઇને એક મંદિરના ભીષણ ખંડિયેરમાં ત્રણ દિવસ અને ત્રણ રાત એમણે અન્નજળ વિના, કેવળ ધ્યાનચિંતનમાંજ તન્મય રહીને એ સ્ત્રી-સ્પર્શના પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.

× × × ×

એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મોહક શણગારો સજીને સ્વામીજીની પાસે આવી, સ્વામીજીએ પૂછ્યું:" બહેનો! ક્યાંથી આવો છો?"

"મહારાજ! સાધુઓની પાસે થઇને અહીં આવીએ છીએ."

"સાધુઓની પાસે શા માટે?"

"આપ કહો તો આપની પાસે આવીએ."

"મારી પાસે શા માટે?"

"ઉપદેશ લેવા માટે."

"બહુ સારું. તો તમારા પતિઓનેજ મોકલજો. એ અહીંથી ઉપદેશ લઈ જઇને તમને સંભળાવશે. તમે પોતે હવે પછી અહીં ન આવશો."

ત્યાર પછી સ્ત્રીઓ કદી પાછી ન દેખાઇ.

× × × ×

નદીના દૂર દૂરના કોઇ નિર્જન સ્થળ પર જઇને સ્વામીજી સ્નાન કરતા. કૌપીન એકજ હોવાથી પ્રથમ કૌપીનને ધોઈ, સૂકવી, પોતે સિદ્ધાસન વાળીને રેતીમાં બેસી જતા. કૌપીન સુકાઈ જાય ત્યારે પોતે ઊઠીને સ્નાન કરી કૌપીન બાંધી પોતાને મુકામે જતા. એક દિવસ કેટલાએક મલ્લો સ્વામીજીના શરીરબળની નામના સાંભળીને એમને શોધવા ચાલ્યા. સ્વામીજી તે વખતે સ્નાન કરવાની તૈયારીમાં હતા. મલ્લરાજોને નિહાળી પોતે વાતનો મર્મ સમજી ગયા. કૌપીન તે વખતે ભીનું હતું. જમણે હાથે

કૌપીનને જોરથી નિચોવીને મલ્લોને કહ્યું: "તમારામાંથી જેને પોતાના કૌવતનું ગુમાન હોય તે આ કૌપીનમાંથી, નિચોવીને પાણીનું એક પણ ટીપું કાઢી બતાવે."

બધાએ એક પછી એક કૌપીનને નિચોવી જોયું. એક પણ બિંદુ ન પડ્યું !

× × × ×

કાશીમાં સ્વામીજી મુસલમાન મતની પણ ત્રુટિઓ બતાવી ખંડન કરતા હતા, તેથી મુસલમાનોને એમના ઉપર ભારે રોષ ચડેલો. એક દિવસ સાંજરે ગંગાતટ પર સ્વામીજી આસન લગાવીને બેઠા હતા. દૈવયોગે મુસલમાનોની એક ટોળી ત્યાં થઇને નીકળી. પોતાના ધર્મના ટીકાકારને ઓળખ્યો, બે પહેલવાનો ધસી આવ્યા. સ્વામીજીને ઉપાડીને ગંગામાં ફેંકવા લાગ્યા. બન્ને જણાએ બન્ને હાથ વતી સ્વામીજીનાં બે બાવડાં પકડ્યાં અને એ રીતે એમને ઝુલાવીને પ્રવાહમાં ફગાવી દેવા જતા હતા, ત્યાં તો સ્વામીજીએ પોતાની બન્ને ભુજાઓ સંકોડીને પોતાના શરીરની સાથે દબાવી દીધી. બન્ને મલ્લોના ચારે હાથ સ્વામીજીની બગલમાં સપડાઈ ગયા ! પછી તો મગદૂર શી કે હાથ સરકાવી શકે ? એમ ને એમ સ્વામીજીએ જોરથી ઉછાળો મારી ગંગામાં ઝંપલાવ્યું, પેલા બન્ને જણ પણ સાથેજ ઘસડાતા ગયા. પોતે પાણીમાં ડૂબકીઓ મારીને બન્ને મલ્લોને થોડાં ગળચિયાં ખવડાવ્યાં અને પછી છોડી દીધા. મુશ્કેલીથી બન્ને જણ બહાર નીકળ્યા. કાંઠે ઊભેલું ટોળું આથી ખૂબ ચિડાઇ ગયું. બધાએ હાથમાં પથ્થરો લઇને સ્વામીજીના બહાર નીકળવાની રાહ જોઇ. સ્વામીજી સમજી ગયા, એટલે પોતે શ્વાસને રૂંધીને પદ્માસન લગાવી પાણી પર બેઠક જમાવી. અંધારું થઈ ગયું. પેલા સમજ્યા કે બાવો ડૂબી ગયો. એટલે ચાલ્યા ગયા સ્વામીજીએ પણ પાણીમાંથી નીકળીને અધૂરી રહેલી સમાધિ ફરીવાર લગાવી.

× × × ×

એક દિવસ બજારમાં એક માતેલો સાંઢ લોકોની પછવાડે દોડતો, કંઇકને કચરતો ને પટકતો દોડ્યો આવે છે. લોકો ઓટલા પર ચડી ગયા છે અને 'સ્વામીજી ! ખસી જાઓ, ચડી જાઓ.' એવી ચીસો પાડે છે. વગર થડક્યે સ્વામીજી સીધા ને સીધા સાંઢની સામે ચાલ્યા ગયા. તદ્દન નજીક ગયા એટલે સાંઢ પોતાની

મેળે રસ્તો છોડીને ગરીબ ગાયની માફક ચાલ્યો ગયો. લોકોએ આવીને પૂછ્યું કે, "મહારાજ! સાંઢ શિંગડે ચડાવત તો?"

"તો બીજું શું? શિંગડાં પકડીને દૂર ધકેલી દેત!"

× × × ×

જોધપુરમાં એમણે મુસલમાન મતનું ખંડન ચલાવ્યું, તે સાંભળી ફૈજુલાખાં નામના એક મુસ્લિમના રોમેરોમમાં જ્વાળા ઊઠી. રોષે ભરાઈને એ ગાજી ઊઠ્યા: "સ્વામી! અત્યારે જો મુસલમાનોની રાજસત્તા હોત તો તમે જીવતા ન જાત."

સ્વામીજીએ ખાંસાહેબને ધીરેથી ઉત્તર દીધો કે, "જો એવો અવસર આવે તો હું કદી થરથરી ન જાઉં કે ન તો ચૂપચાપ બેઠો રહું; પણ બે–ચાર વીર રજપૂતોની પીઠ થાબડીને એવાં તો શૂરાતન ચડાવું કે મુસલમાનોના હોશ ઊડી જાય. ખબર છે ખાંસાહેબ?"

ખીજે બળતા ખાં સાહેબ શું બોલી શકે?

× × × ×

એક દિવસ સ્વામીજી ગંગાના ઊંડા જળમાં લોટતા હતા. એવામાં એક મસ્ત મગરમચ્છ તેમની લગોલગ થઈને નીકળ્યો. કિનારેથી ભક્તજનોએ બૂમ પાડી કે, "મહારાજ, ભાગજો; મગર આવે છે." લગારે ખસ્યા વગર સ્વામીજીએ મસ્ત દશામાં પડ્યા પડ્યા જવાબ દીધો કે, "ફિકર નહિ, હું જો એને નથી સતાવતો તો પછી એ મને શા માટે છેડવાનો હતો?"

× × × ×

એક ગામડામાં સ્વામીજીએ ઉતારો કર્યો. લોકોએ હોંશે હોંશે પરોણાગત કરી. એવે તેઓનો કોઈ ઉત્સવ–દિન આવી પડ્યો. રાત્રિયે તેઓએ સ્વામીજીને પણ મંદિરે બોલાવ્યા. નગર બહારના એક ઉજ્જડ સ્થળે આવેલા મંદિરમાં ભયાનક દેવી–પ્રતિમા ઊભી છે. પાસે ઉઘાડી તલવારે એક કાળભૈરવશો પૂજારી ઊભો છે. મદ્ય-માંસની સામગ્રી તૈયાર છે. અશ્લીલ નૃત્ય–લીલા ચાલે છે. સ્વામીજી પામી ગયા કે આ તો શાક્તધર્મીનો અખાડો!

પૂજારીએ સ્વામીજીને કહ્યું: "દેવીને નમન કરો!"

સ્વામીજીએ કહ્યું: "આ જન્મે તો એ નહિ બને."

"એ....મ!" કહી પૂજારી ધસ્યો; સ્વામીજીની બોચી પકડી શિર નમાવવા મથ્યો. ચકિત સ્વામી ઊંચે જુએ તો ચોમેર ઉઘાડી તલવારવાળા નર–પિશાચો ઊભા છે. તલવાર ચલાવે તેટલીજ વાર છે.

સ્વામીજીએ છલંગ મારી. પૂજારીના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી. ડાબા હાથનો ધક્કો મારીને પૂજારીને દીવાલ સાથે અફળાવ્યો, તલવાર વીંઝતા વીંઝતા મંદિરના ચોગાનમાં જઈ પડ્યા. ત્યાં જુએ તો કુહાડા અને છરા ઉગામીને ટોળું ઊભું છે. બારણા ઉપર તાળું મારેલું છે. મોતને અને સ્વામીજીને અઢી આંગળનું અંતર છે. કેસરી કૂદે તેમ સ્વામીજી કૂદ્યા. દિવાલ પર પહોંચ્યા. બહાર ભૂસકો માર્યો, આજુબાજુના ગીચ જંગલમાં દિવસભર છુપાઈ રહ્યા. બીજી રાત્રિએ પોબારા ગણી ગયા.

× × × ×

એક વાર છસાત અલમસ્ત મિત્રોએ જઈને સ્વામીજીને કહ્યું: "મહારાજ! આપના પગ દાબવાનો ભાવ થાય છે." સ્વામીજી સમજી ગયા: "છોકરાઓ મારું શરીર–બળ માપવા માગે છે!" તેઓ બોલ્યા: "પગ તો પછી દાબજો, પ્રથમ તો તમે બધા ભેળા મળીને મારા આ પગને ભોંય પરથી જરા ઉઠાવી જુઓ!"

સ્વામીજીએ પગ પસાર્યો. સાતઆઠ યુવકો મંડ્યા જોર કરવા. પરસેવે નીતરી ગયા. પણ પગ ન ચસક્યો!

× × × ×

"મહારાજ!" રાવળપિંડીના સરદાર વિક્રમસિંહજીએ કટાક્ષ કીધો, "આપ કહો છો કે, શાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો બહુ મહિમા ગાયેલ છે, આપ પોતે પણ આપને અખંડ બ્રહ્મચારી કહેવરાવો છો; છતાં આપના દેહમાં એ વજ્ર કછોટાનો એવો કશો પ્રતાપ અમે તો ભાળતા નથી!"

મહર્ષિજીએ તે વખતે તો એ સમસ્યાનો કશો ઉત્તર ન દીધો. એમનું રૂંવાડુંએ ન ફરક્યું. લાંબી વાર સુધી સરદાર સાહેબની સાથે વાર્તાલાપ ચલાવ્યો. પછી જ્યારે નમસ્કાર કરીને સરદાર પોતાની ઘોડાગાડીમાં બેસી ગયા, ત્યારે મહર્ષિજીએ છાનામાના જઈને પાછળથી ગાડીને પકડી લીધી.

ડુંગર જેવડા ઘોડા ચસકતા નથી! સરદાર ચાબુક લગાવે છે, ફરી ફરી ચાબુકના પ્રહાર કરે છે; પણ ઊછળી ઊછળીને ઘોડા થંભી જાય છે. ગાડી જાણે કે ધરતીની સાથે જડાઈ ગઈ છે. સરદાર પાછળ નજર કરે ત્યાં હનુમાનજતિશા સ્વામીજીને હસતા જોયા. ગાડી છોડી દઈને સ્વામીજીએ કહ્યું: "હવે તો સમસ્યા ટળીને?"

વિસ્મય પામતા સરદાર ચાલ્યા ગયા.

× × × ×

"આજે મારી અવસ્થા પચાસ વર્ષ ઉપર થઇ ગઈ છે; પરંતુ તમારામાંથી કોઈ પણ માઇનો પૂત હોય તે ચાલ્યો આવે; કાં તો હું એનો હાથ પકડું ને એ છોડાવી દે, અગર હું મારો હાથ અક્કડ રાખું તે કોઇ વાળી આપે. ચાલ્યા આવો, બ્રહ્મચર્યના પરચા બતાવું."

ગુજરાનવાલાની એ ગંજાવર સભામાંથી એક પણ શીખ બચ્ચો, એક પણ મલ્લરાજ, મહર્ષિનો આ પડકાર ઝીલવાની હામ ભીડી શક્યો નહોતો.

મેરઠ નગરમાં મહારાજે શ્રાદ્ધનું ખંડન કરનારું એક જાહેર ભાષણ દીધું. ત્યાંના બ્રાહ્મણો ખિજાયા. જે માર્ગેથી સ્વામીજી પોતાના ઉતારા પર જવાના હતા, તે માર્ગે ડાંગો લઇ લઇને ઓડા બાંધી બેસી ગયા. કહેવા લાગ્યા કે, "આજ દયાનંદ નીકળે તો જીવતો ન જાય."

સ્વામીજીના પ્રેમીઓને આ વાતની જાણ થઈ. વ્યાખ્યાન પૂરું થયે ભક્તોએ વિનવ્યું કે, "થોડી વાર ઠેરી જાઓ. રસ્તે જોખમ છે."

હસીને સ્વામી બોલ્યા: "ના રે! એ બાપડા કશુંએ કરી શકવાના નથી. હું તદ્દન બેધડક છું; ને વળી મેં એક માણસને સમય આપ્યો છે, એટલે હું રોકાઇ ન શકું."

એમ કહી એજ ગલી વીંધીને મહારાજ પોતાની હમેશની ગંભીર ગતિથી ચાલ્યા ગયા. ડંડાબાજો એકબીજાનાં મોં સામે જોતા રહ્યા. કોઇએ ઉચ્ચાર સરખો ન કર્યો.

× × ×

"સ્વામીજી! જોધપુર જવાનો વિચાર છોડી દો, એ લોકો આપને ઇજા કરશે."

"મારાં આંગળાંને જલાવીને મશાલ બનાવે તોયે શું? હું જઇશ અને સત્યનો સંદેશો આપીશ."

વિનોદ-મૂર્તિ

કાશીમાં મહર્ષિનો પડાવ હતો, ત્યારે ત્યાંના પંડિતોએ ઠરાવ કર્યો હતો કે, કોઇએ એ પાપીની પાસે ન જવું; એનું મોં પણ ન જોવું. એક મહામહોપાધ્યાયજીને ગર્વ રહ્યો હતો કે, જો મારી સાથે વાદવિવાદ થાય તો હું તો એ દુષ્ટને સીધો કરી નાખું! પરંતુ એ-

મનું મોં જોવાથી તો પાપ લાગે, તેથી એ બાપડા પંડિત સ્વામીજી-ની પાસે જઇ શકતા નહિ; પણ આખરે મોં જોવુંજ ન પડે તેવી યુક્તિ એમને એકાએક સૂઝી ગઇ. એક દિવસ રાત્રિએ અંધારામાં એ સ્વામીજીની પાસે આવીને ચર્ચાનું આહ્વાન દેવા લાગ્યા. એમણે શરત મૂકી કે, “ હું આ છરી લાવ્યો છું. આપણામાંથી શાસ્ત્રાર્થ-માં જે હારે તેનાં નાકકાન એ વડે કાપી નાખવા.”

હસીને સ્વામીજી બોલ્યા: “ પંડિતજી ! મારી પણ એક શરત છે. આ ચપ્પુ પણ રાખીએ. આપણામાંથી જે હારે તેની જીભ પણ આ ચપ્પુ વડે કાપી લેવી; કેમકે નાકકાન તો બિચારાં આ વાતમાં નિર્દોષ છે. વાદવિવાદમાં જે કાંઇ દોષ થશે તે તો જીભનોજ થશે !”

× × × ×

સ્વામીજી સિંહાસન ઉપર બેસીને ઉપદેશ દેતા અને ઉપદેશ પૂરો થયે કોઇને પ્રશ્નો પૂછવા હોય, તો તેને બેસવા માટે પોતાની સન્મુખ ખુરશી મુકાવતા. એક દિવસ એક પંડિત કહેવા લાગ્યા કે, “ અમને નીચું આસન શા માટે આપો છો ? તમારા આસન જેટલીજ ઊંચી ખુરશી અમને પણ મળવી જોઇએ.”

સ્વામીએ હસીને કહ્યું: “ ભાઇ ! હું તો વ્યાખ્યાન દેવાની સુગમતા ખાતરજ ઊંચે બેસણે બેસું છું; છતાંએ જો આપને અપમાન લાગતું હોય તો સુખેથી એ ખુરશીને મેજ ઉપર ચડાવી, મારા કરતાંએ ઊંચેરા બની આપ બેસી શકો છો. બાકી તો શું કોઇ ચક્રવર્તી રાજાના મુગટ ઉપર બેસનારી માખી અથવા મચ્છર કંઇ ઊંચાં બની જતાં હશે ? આસનની ઊંચાઇનીચાઇ વિચારવાં આપને ન શોભે !”

× × × ×

અલીગઢમાં એક દિવસ એક પંડિત મંદિરના ચબૂતરા ઉપર બેસીને સ્વામીજી સાથે શાસ્ત્રાર્થ કરવા મંડ્યો. સ્વામીજીના કરતાંએ ઊંચા બેસણાનો આ ઘમંડ બીજા સજ્જનોથી ન સહેવાયો. પંડિતને સભ્યતાની રીત સમજાવવા લાગ્યા; પણ હઠીલો પંડિત પલળ્યો નહિ. સ્વામીજીએ પ્રસન્ન વાણીથી લોકોને કહ્યું: “ શા સારુ એ બિચારા જીવને સતાવો છો ? કશી હાનિ નથી. ભલે એ પંડિત ઊંચે આસને બેઠા. ઊંચા આસનથીજ કંઇ કોઇને મહત્તા મળી જતી નથી. એમ તો જુઓ ને પેલો કાગડો તો પંડિતજીના

કરતાંએ ઊંચેરો પેલા ઝાડની ડાળીએ બેઠો છે!"

× × × ×

દાનાપુરમાં મુસલમાનોએ સ્વામીજીનાં આંદોલન ઉપર કોપ-દષ્ટિ કરવા માંડી. ભક્તોએ કહ્યું: "મહારાજ! એ લોકોની વિરુદ્ધ કાંઇ ન બોલશો. વાતવાતમાં તેઓ લડવા ખડા થઇ જાય છે." તે વખતે તો સ્વામીજી કાંઈ ન બોલ્યા, પણ સાંજરે ભરસભામાં તેમણે ઉચ્ચાર્યું કે:–

"છોકરાઓ મને કહે છે કે, મુસલમાન મતનું ખંડન ન કરો; પણ હું સત્યને શી રીતે છુપાવું? અને જ્યારે મુસલમાનોનું ચાલતું હતું, ત્યારે તેઓએ તો આપણું ખંડન ખડ્ગથી કર્યું હતું; પણ આશ્ચર્યની વાત છે કે, આજે મને તો શબ્દોથીએ ખંડન કરવાની મના થઇ રહી છે!"

× × × ×

"સ્વામીજી!" એક કૃષ્ણભક્ત ચપટી ધૂળ લઇને આવ્યો. "સ્વામીજી! કૃષ્ણ ભગવાને બાળપણમાં માટી ખાધી હતી, એટલે હું એ બાળ–લીલાની આ પ્રસાદી આપને ચખાડવા આવ્યો છું."

હાજરજવાબી સ્વામીજી બોલ્યા: "ભોળાભાઇ! છોકરાં તો માટી ખાય! કૃષ્ણે પણ નાનપણમાં ખાધી હશે, પણ એટલા માટે આપણાથી–ઉંમરલાયક મનુષ્યોથી તે એવી નાદાની થાય ખરી?"

× × × ×

મધપૂડાને મધમાખીઓ વળગે તેમ દિલ્હીમાં સ્વામીજીની ચોગરદમ મનુષ્યોની ગિરદી વીંટળાવા લાગી. મૂર્તિપૂજાના ખંડનથી ખુશી થનારા ઇસ્લામીઓ પણ દોડ્યા આવ્યા; પણ સ્વામીજી તેઓના અજ્ઞાનને ઓળખતા હતા. એક મુસ્લિમ સજ્જને આવીને કહ્યું: "આપ હિંદુઓની મૂર્તિ–પૂજાનું ખંડન કરો છો એ બહુ સારું કાર્ય છે, અમારા મજહબને અનુકૂળજ થઇ રહ્યું છે."

"ભાઈ! તમે ભૂલો છો." સ્વામીજીએ જવાબ વાળ્યો: "હું તો તમામ મૂર્તિ–પૂજાનું ખંડન કરું છું અને ઇસ્લામનેએ મૂર્તિ-પૂજા ક્યાં નથી? હિંદુઓની પ્રતિમા તો ચાર આંગળથી માંડીને બહુ તો એક હાથ જેટલી ઊંચી હોય છે. એને તો હરકોઈ પ્રકારે હટાવી શકાશે; પરંતુ મુસલમાનોની મૂર્તિઓ તો કબર, હુજીરા અને મિનારાને સ્વરૂપે મોટાં મોટાં મકાનો જેવડી ઊભી

છે. એટલે ખરી મુશ્કેલી તો એ તમારી મૂર્તિ-પૂજાને હટાવવા-માંજ પડે છે!"

ચકોર મુસલમાન આ શબ્દોના આંતરિક મર્મને સમજી ગયો, ચૂપ બન્યો.

સ્વમાન-પ્રેમી

જમાલપુર જંકશનના ચોગાનની અંદર સ્વામીજી એક વાર ગાડીની રાહ જોતા જોતા ટહેલી રહ્યા છે. એક અંગ્રેજ એન્જિનિયર પણ પોતાની પત્નીસહિત ત્યાં ઊભો હતો. આ વેષધારી સાધુને પોતાની સમક્ષ નિર્લજ્જપણે ટહેલતો દેખીને મડમ સાહેબને ગુસ્સો ચડયો. તેના ગોરા ભરથારે સ્ટેશન માસ્તરને આજ્ઞા કરી કે, " આ નાગડાને અહીંથી હટાવો."

સ્ટેશન માસ્તર તો મહર્ષિને ઓળખતો હતો. એણે આવીને સ્વામીજીને યુક્તિપૂર્વક વિનવ્યા કે, "મહારાજ! ગાડીને હજુ વાર છે, આપ પેલી બાજુ આવીને ખુરશી પર જરા આરામ કરશો?"

સ્વામીજી સમજી ગયા; બોલ્યા કે, " જેણે આપને મારી પાસે મોકલ્યા છે તેમને જઇને કહો કે, અમે તો એ યુગના મનુષ્ય છીએ, કે જે યુગમાં તમારા દાદા આદમ અને દાદી હાવાં ઇડનના બગીચામાં તદ્દન નગ્ન શરીરે રઝળવામાં જરાએ લજ્જા નહોતાં પામતાં!"

આટલું કહીને સ્વામીજીએ તો લટાર મારવાનું ચાલુજ રાખ્યું. પછી જ્યારે પેલા ગોરા એન્જિનિયરને સ્વામીજીના નામની ખબર પડી, ત્યારે તો એણે તત્કાળ સ્વામીજીની પાસે આવીને વિનયથી વંદન કરી ભાવભર્યા શબ્દો ઉચ્ચાર્યા કે, " આપશ્રીનાં દર્શનની ઘણા કાળની ઉમેદ આજે તૃપ્ત થઇ!"

× × × ×

આગ્રામાં ખ્રિસ્તી ધર્મના બિશપની સાથે સ્વામીજીને ચર્ચાના પ્રસંગો પડેલા હતા. ઉદાર દિલના મહર્ષિ એક વખત ખ્રિસ્તીનું દેવળ જોવા ગયા; અંદર દાખલ થાય છે ત્યાં દરવાજે ઊભેલા ખ્રિસ્તીએ કહ્યું: " મહારાજ! પાઘડી ઉતારીને પ્રવેશ કરો."

સ્વામીજીએ થંભીને ઉત્તર દીધો: " અમારા દેશની રીતિ પ્રમાણે તો માથા પર પાઘડી બાંધીને જવું એજ સભ્યતાનું ચિહ્ન છે. એટલે મારા દેશની સભ્યતા વિરુદ્ધ હું નહિ વર્તું. હા, આપ કહો તો જોડા ઉતારી નાખું."

ખ્રિસ્તીએ કહ્યું: "ત્યારે તો બન્ને ઉતારી નાખો."

સ્વામીજી દરવાજેથીજ પાછા ફરી ગયા. સ્વમાનનો ભંગ એજ એમને માટે તો જીવતું મોત હતું.

× × × ×

જયપુર રાજ્યના એક મોટા અધિકારીને એક સજ્જને કહ્યું કે, "ચાલો, સ્વામીજીનાં દર્શન કરવા."

પેલા અધિકારીએ જવાબ દીધો કે, "તમે તો દર્શનનું કહો છો, પણ હું જો મારું ચાલે તો એને કૂતરાને મોંએ ફાડી ખવરાવું!"

શ્રાદ્ધ અને મૂર્તિપૂજાના ખંડનથી જયપુર–નરેશ પોતે પણ સ્વામીજી ઉપર ખીજવાયા. સ્વામીજીને માથે રાજ–રોષનું ચક્કર ફરવા લાગ્યું.

ઠાકુર લક્ષ્મણસિંહજી નામના ભાવિક ક્ષત્રિયે જયપુર રાજના કચવાટની વાત જાણ્યા પછી મહર્ષિજીને વિનવ્યા કે, "આવી હાલતમાં આપને અહીં રહેવું ઉચિત નથી. આપના શિર પર જોખમ ભમે છે."

સ્વામીજી બોલ્યા: "ઠાકોર! મારે માટે ના ડરો; પણ આપને પોતાનેજ જો જયપુરપતિની નારાજીનો ડર હોય, તો સુખેથી આપ મારી કને આવવું બંધ કરી શકો છો. આપ રાજ્યના તાબેદાર છો; પણ હું તો કોઇ માનવીનો નોકર નથી. મારા આત્માને તો કોઇ મનુષ્ય છીનવી શકવાનો નથી. તો પછી મારી કને બીજી એવી કયી વસ્તુ છે કે જે છિનવાઇ જવાનો મને ડર હોઇ શકે?"

× × × ×

લાહોરમાં નવાબ નિવાજિશ અલીખાંની કોઠીમાંજ મહારાજનો ઉતારો હતો. ત્યાંજ બેસીને મહારાજે લોકો સમક્ષ મુસલમાન મતની વિવેચના ચલાવી. નવાબ પોતે પણ એ વ્યાખ્યાનમાં આવી ચડયા. વ્યાખ્યાન થઇ રહ્યા બાદ એક સજ્જને સ્વામીજીને કહ્યું: "આપને કોઇ હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તી પણ ઊતરવાનું મકાન દેતો નથી! ઉપકાર માનો નવાબ સાહેબનો કે એમણે ઉતારો દીધો; છતાં ઊલટું આપે તો એમને દુઃખ લાગે તેવી રીતે એમનાજ છાંયડા તળે મુસ્લિમ પંથની ચર્ચા કરી! નવાબ સાહેબ પણ એ સાંભળી રહ્યા હતા!"

સ્વામીજી બોલ્યા: "ભાઇ! હું તો અહીં કાંઇ મુસલમાન ધર્મની કે બીજા કોઈ ધર્મની યશગાથાઓ ગાવા નથી આવ્યો;

હું તો આવ્યો છું વેદધર્મનો ખુલ્લો પ્રચાર કરવા અને નવાબને ભાળ્યા પછી તો ઊલટો હું જાણીબૂઝીનેજ આર્યધર્મની મહત્તા સમજાવી રહ્યો હતો. એનો મને શો ડર છે? એક નારાયણ સિવાય મને કોઈની ધાસ્તી નથી."

× × × ×

એક દિવસ સ્વામીજીના રસોઇયાનો કાકો મહેમાન આવ્યો. એ પોતાના ભત્રીજાને ભંભેરવા લાગ્યો કે, "તારે તો સ્વામીજી જમી રહ્યા બાદ જમવું પડતું હશે. એ રીતે તો રસોઈ અજીઠી બની ગઇ ગણાય; માટે હવેથી તું ચોકા બહાર બેસાડીને સ્વામીજીને ભોજન દેતો જજે."

ત્યાં તો સ્નાન કરીને સ્વામીજી આવી પહોંચ્યા. આવીને પોતાની મેળેજ ચોકા બહાર બેસી ગયા. બહારજ થાળી મંગાવી.

રસોઇયો પૂછે છેઃ "મહારાજ! બહાર કેમ બેઠા?"

"ભાઇ! તને અને તારા કાકાને તો ન્યાત બહાર મુકાવાનો ભય છે; પણ હું તો હરકોઈ ઠેકાણે ભોજન પામી શકીશ. મને કશો ડર નથી. તમને હું શા માટે નાહક જોખમમાં ઉતારું?"

રસોઈયો તાજુબ બન્યો, સ્વામીજીએ વાત શી રીતે જાણી લીધી!

('ઝંડાધારી' નામક પુસ્તકમાંથી)

૩૫–શ્રદ્ધાનંદને શ્રદ્ધાંજલિ

વેદધર્મની વિજયપતાકા ફરકાવનાર, મહર્ષિ દયાનંદનો સાચો વારસદાર, દલિતોનો ઉદ્ધારક અને રાષ્ટ્રીયતાનો તપસ્વી આજે પરધર્મના ઝનૂની હુતાશનમાં હોમાઇને અમર નામના મૂકી ગયો છે. એ તપસ્વીનું નામ સ્વામી શ્રદ્ધાનંદ. આચોચિત અતિથિધર્મના પાલનમાં એના પ્રાણ હરાયા છે. કાફરની કતલ કરીને બેહિસ્તમાં હુરીઓની બાથમાં ભિડાવાની મુરાદ સેવનાર એક ધર્માંધ મુસ્લિમ અબ્દુલ રશીદ હિંદુવટની એ ગૌરવમૂર્તિને આંગણે અતિથિ બને છે અને પછી લાગ જોઈ નિઃશસ્ત્ર, નિર્દોષ અને સહિષ્ણુ સ્વામીજીને પાંચ પાંચ ગોળીએ વીંધી નાખે છે. એ માર્ગભૂલ્યો મુસ્લિમ એટલુંએ નથી જોતો કે, જેને તે પોતાના દીનનો અને

ઇસ્લામી આલમનો શત્રુ ગણીને સંહારવા આવ્યો છે, એ તો મુસ્લિમોનોએ બાંધવ છે. દિલ્હીમાં લોહીતરસ્યા ગુરખાઓની બંદૂકો સામે તેના જાતભાઇઓને કાજે-ઇસ્લામીઓને માટે-પણ પોતાની પહોળી છાતી ધરી દેનાર મિત્ર છે. અરે! એટલી ઉદાર ને કદરદાન દૃષ્ટિ તો વેગળી રહી; પણ એને માનવતાસુલભ બુદ્ધિ પણ નથી સૂઝતી કે, શ્રદ્ધાનંદ બીમાર છે, અશક્ત છે, અસાવધ છે માટેજ આ સંહાર વધારે હિચકારો બની રહે છે. સ્વામીજી પાસે પાણી માગનાર એ માનવપશુ પાણીનો તરસ્યો નહોતો, એને તો દીનના શત્રુ એક કાફરના રુધિરની પ્યાસ હતી અને એ તેણે જોતજોતામાં છિપાવી લીધી.

સુધારકનું જીવનજ જોખમોની એક જીવતી પરંપરાસમું હોય છે. ધર્મસુધારક કે સમાજસુધારક, ગમે તે સુધારકની રચના એક વાર તો પુરાણી રૂઢિના સંહાર પર મંડાયેલીજ રહે છે. એટલેજ બંડ જગાવનારની સામે પ્રારંભે ધોધમાર બંડ જાગે છે. મહર્ષિ દયાનંદનું જીવન આવા આઘાત અને પ્રત્યાઘાતનો ગૌરવભર્યો ઇતિહાસજ છે. એ રુદ્રાવતારની સામે ખુદ હિંદુસમાજના સનાતનવાદીઓએ ભીષણ ષડ્યંત્રો રચી, વિષપ્રયોગ વડે એનો જીવ ચૂસી લીધો હતો; તે માર્ગભૂલ્યા ઝનૂની પરધર્મીને હાથે તપસ્વી શ્રદ્ધાનંદનું ખૂન કેટલું આશ્ચર્ય ઉપજાવી શકશે? મહર્ષિના જાજરમાન શિષ્યને ઉચિત મરણ, કાંગડીના તપોધનને સાંપડ્યું છે. આ વીરોચિત અવસાન થકી તો આર્યસમાજ અધિક ઉજમાળો બની રહે છે. એની જે કંઇ ખામીઓ હશે, હિંદુવટની જે કંઈ જડતા રહી ગઇ હશે, તે સર્વ આ શહીદની શોણિતધારા વડે ધોવાઈ જાય છે. વિજયી વેદધર્મનો અને સમાજસેવાનો ઝંડો ફરકાવનાર આર્ય શહીદોની પરંપરામાં સ્થાન પામીને ઋષિ શ્રદ્ધાનંદજી આજે હિંદુવટને અને હિંદની રાષ્ટ્રીયતાને અસ્ખલિત જાગૃતિનો અબોલ પડકાર આપ્યે જાય છે.

શહીદ શ્રદ્ધાનંદજીના ઉજ્જ્વળ મૃત્યુ પર અભિમાન લેતાં તો સાત સાત દાયકાઓ પર પથરાયેલું એમનું સેવાજીવન નજર સમીપ તરવરી ઊઠે છે. સમાજની બદીઓ સામે, આર્યજનનીનાં સાંસારિક બંધનો સામે, અસ્પૃશ્યતા સામે, રાજદ્વારી પરાધીનતા સામે, ધર્મને નામે માનવજીવન ઉપર જડવામાં આવતી શૃંખલાઓ સામે અને હિંદુવટ ઉપર દારુણ આક્રમણ કરતી વિધર્મી

પ્રવૃત્તિઓ સામે શ્રદ્ધાનંદજીનું સિત્તેર વર્ષનું આયુષ્ય પોણી સદીના રણસંગ્રામસમું જ્વલંત ઊભું છે. સ્વદેશ, સ્વધર્મ અને સ્વજાતિ માટે આખી જિંદગી ખર્ચી આખરે એ સેવાવ્રતધારી જીવનની કુરબાની કરી દેનાર તપસ્વીની મહત્તા પ્રીછવા માટે પુસ્તકો આલેખવાં પડશે. અહીં એ તપોધનના જીવનની આછી આછી તેજછાયાઓનું અપૂર્ણ ચિત્ર દોરવાનો માત્ર પ્રયત્ન થાય છે.

શૈશવ અને કૌમાર

સંવત ૧૯૩૬ માં મહર્ષિ દયાનંદે વાંસબરેલીમાં આ વચનો ઉચ્ચાર્યાં હતાં: "મારા આત્માને હણવાનો દાવો કરનાર શૂરવીર નર મને કોઇ તો બતાવો!" સમાજના ઉદ્ધારકની કાયા હણનાર ખૂની એના આત્માની અખંડ જ્યોત જગત પર પ્રકટાવી દે છે. શ્રદ્ધાનંદજીના ખૂનનું પણ એજ ઊજળું રહસ્ય છે. શ્રદ્ધાનંદજીનો સંહાર કરીને ખૂની અબ્દુલ રશીદે માન્યું હશે કે, તેણે હિંદુવટના પોષક ને પ્રેરક બળનો વિધ્વંસ કર્યો છે, પણ એજ ખૂન આજે જાણે કે હજારો જીભ ધારણ કરીને વીરહાક બોલાવે છે કે શ્રદ્ધાનંદ અમર છે, અમર છે. શહાદત સ્વીકારનાર એ વૃદ્ધ તપસ્વીનો આત્મા હવે બેવડા જોસથી હિંદુવટના ઉત્થાનની જ્વાળા ફૂંકે છે અને દયાનંદનાં સુવર્ણવચનોની યાદ તાજી કરે છે.

પંચનદના વેદપ્રાચીન પ્રદેશમાં જ્યાં શતદ્રુ (સતલજ)નાં નીર ભૂમિને હરિયાળાં હાસ્ય બક્ષે છે, ત્યાં જલંધર પરગણાને છેડે તાલવન ગામમાં એક પ્રતિષ્ઠિત ક્ષત્રિયકુળમાં આજથી ઇકોતેર વર્ષ પૂર્વે એક બાળકે પહેલીજવાર દુનિયાનાં અજવાળાં નીરખ્યાં. એનું નામ મુનશીરામ રાખવામાં આવ્યું.

પંજાબની વીરભૂમિમાં સતલજને કિનારે બાળક મુનશીરામનો શૈશવકાળ વીત્યો. એ વખતે એમના પિતા નાનકચંદ્રની સ્થિતિ સંકડામણમાં હતી અને હાડમારીના દિવસો ચાલતા હતા, પણ મુનશીરામના ભાગ્યતેજે કુટુંબની સ્થિતિમાં પલટો આવ્યો અને સંવત ૧૯૨૨ માં નાનકચંદ્ર કાશીના પોલીસ ઇન્સ્પેકટર નિમાયા. સતલજનાં ઊછળતાં નીરની પ્રેરણા પીતો કુમાર મુનશીરામ ભાગીરથીને તીરે કંઇ ઓરજ પ્રેરણા પામ્યો. શાળાની કેળવણી એણે આ તીર્થધામમાંજ લીધી. એક પોલીસ અધિકારીના લાડકવાયા પુત્રની જિંદગી કોઇ જુદીજ દિશામાં વહી રહી હતી. પ્રથમ તો એને રામભક્તિનો નાદ લાગ્યો.

માણભટ્ટોને મોંએ રામકથાની કરુણ પ્રશસ્તિઓ સાંભળી તે ડોલતો.એના આત્માના સંસ્કાર જાગૃત થતા. એવા આર્દ્ર હૃદયના આ કુમારને બુધ્ધુ નામે એક વણિક રામભક્તનો સમાગમ થયો. આત્માને આત્મા મળ્યો અને એ સુભગ સંગમમાંથી મધુર ભક્તિ, ત્યાગ, વૈરાગ્ય, સેવા અને સૌજન્યના ભાવો મઘમઘી ઊઠયા. એ રામરસની છોળો તો શ્રદ્ધાનંદજીના અવસાનકાળ સુધી રેલાયાજ કરી. ગઈ સાલજ ટંકારામાં એમના બુલંદ અવાજે રામકથા અને રામાયણરહસ્યની મોહિનીમાં સૌરાષ્ટ્રની જનતાને સાંકળી લીધી હતી.

એજ અરસામાં મુનશીરામે મહર્ષિ દયાનંદનું પુણ્યનામ સાંભળ્યું. નવજુવાનના દિલમાં એ નામે અવનવી ભાવનાઓની જ્વાળા પ્રકટી. ભાગીરથીનો પવિત્ર તટ, કાશીવિશ્વનાથનું ભવ્ય દેવમંદિર, પંડ્યાઓની પૂજાઅર્ચના, એ સૌની છાપ એના હૃદયમાં કોઇ અગમ્ય ને નાસ્તિક ભાવનાઓ કોતરી રહી હતી. એને ધર્મના આવા આવા બાહ્યોપચારો ઉપર અનુરાગ નહોતો પ્રકટતો. અંતઃપ્રદેશમાં ઊંડે ઊંડે કોઈ ગૂઢ ને અકથ્ય ઊર્મિઓનું મંથન વલોવાતું હતું. એ અંતઃક્ષોભના પ્રતાપે એનો અભ્યાસ અવરોધાયો. ઇન્ટરમિડિયેટથીજ એણે કૉલેજ–જીવનને છેલ્લી સલામ ફરમાવી. એ પછી જુવાન મુનશીરામનું ચિત્ત ધંધા પર ચોંટયું, એટલે એણે વકીલાતની પરીક્ષા પાસ કરી જલંધરમાંજ અટપટા વ્યવસાયની બારીઓ ખુલ્લી મૂકી.

શક્તિનો વિજય સર્વ દિશાઓમાં નિર્માયો હોય છે અને શક્તિશાળી મુનશીરામને પણ વકીલાતના ધંધામાં ફતેહ સાંપડી. ન્યાયની અદાલતમાં એની પ્રતિભા તેજસ્વી મુદ્રા આંકતી. પૂરાં સત્તર વર્ષો સુધી એણે કાયદાની આંટીઘૂંટીઓ ઉકેલ્યા કરી. જે ધંધામાં કાવાદાવા અને કુનેહની કરામતો વડે અપરાધીને પણ ઇન્સાફના સાણસામાંથી બચાવી લેવાના અનેક પ્રસંગો ઉપસ્થિત થાય છે, તે રોજગારીમાંએ મુનશીરામની પ્રમાણિક સચ્ચાઇ ને અડગ નીતિ તેને ઘડીભર પણ છાંડી જતી નહિ; અને સત્તર સત્તર વર્ષની આ પ્રવૃત્તિમાં તેનું આત્મમંથન તો અવિરત ચાલ્યાજ કરતું હતું. એક પળ પણ એવી નહોતી વીતતી કે જયારે એને સમાજસેવા અને ધર્મસંસ્કારની ધગશ કોઇ કલ્યાણ–પ્રવૃત્તિમાં પરોવી ન દેતી. એને ચરણે સમૃદ્ધ ધંધાની લક્ષ્મી લોટતી આવતી,

પણ એ ઉપર તેને ઘણીએ વાર નિર્વેદ વ્યાપતો. એનો આત્મા ઊંચેરી ભૂમિકા માટે અંતરથી તલખતો હતો. અંતરમાંથી દિવ્ય જ્યોતના દર્શનની ઝંખનારૂપ અકથ્ય ચીસ ઊઠતી હતી.

ગુરુની ખોજ

ઈશ્વર શું? શાસ્ત્ર શું? પાષાણુની મૂર્તિઓમાં વળી શી ચેતના છે? આવા આવા પ્રશ્નો પર તેનું હૃદય ઊકળતું હતું. રામાયણનો અનુરાગ વીરપ્રશસ્તિ જોવામાં બુદ્ધિવાદને ભેટ્યો હતો. એને સર્વત્ર અંધકારજ ભાસતો. માત્ર સેવાભાવના ઉદ્દામ બનતી જતી. નાસ્તિકતા સબળ બનતી ચાલી. એ માર્ગ દેખાડનાર ગુરુની ખોજમાં હતો. કાશીના પંડિતોની પ્રમાણિકતા ઉપર તેને ઈતબાર નહોતો. આખરે એની દૃષ્ટિ રુદ્રાવતાર દયાનંદ ઉપર ઠરી. વારાણસીમાં એણે યોગીવર દયાનંદને જડ સનાતનવાદનું વિજયી ખંડન કરતા જોયા. એમના વેદટંકાર આગળ શાસ્ત્રોની ચર્ચા છોભીલી પડતી નિહાળી ને એમના બ્રહ્મચર્યતેજે રાચતા પ્રચંડ દેહની પ્રતિભા આગળ સ્થૂલકાય ને દુર્બળ પંડિતોને અલ્પતા અનુભવતા પેખ્યા. વેદધર્મના ઝંડાધારીના દેહમાં એણે પરમાત્મજ્યોતનાં દર્શન કર્યાં. તેના તેજઅંબારમાં મુનશીરામના અંતઃપ્રદેશનો અંધકાર ભેદાયો અને એણે આર્યધર્મની દીક્ષા લીધી. પરમ જીવનના ગેબી દ્વારની ચાવી એને સાંપડી ગઈ. હવે એને પોતાની સંપત્તિ પર સાચેજ નિર્વેદ આવ્યો. સેવાજીવન એજ એનું ઐહિક ધ્યેય બની રહ્યું.

શિક્ષણસુધારણા

પ્રબુદ્ધ મુનશીરામે રાષ્ટ્રવિધાયકની આર્ષ દૃષ્ટિએ જોયું કે, સરકારની શિક્ષણપદ્ધતિ દેશમાં સ્વાવલંબી ને સ્વમાની નવયુવકો ઉત્પન્ન કરવાને બદલે કેવળ મહેતાગીરીમાં રાચનાર ચેતન્યહીન ઓડાંજ ઘડી કાઢે છે. રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ એને શિક્ષણક્રમમાં અનિવાર્ય જણાયો. તરુણ જનતાની મર્દાનગી વૃથા ગોખણપટ્ટીમાં હણાતી જોઇ એનો આત્મા કકળી ઊઠ્યો. એ અરસામાં લાહોરમાં એંગ્લો–વેદીક કૉલેજની સ્થાપના થઇ ચૂકી હતી. (ઈ. સ. ૧૮૮૫) ધર્મગૌરવ અને રાષ્ટ્રગૌરવને પ્રેરનાર પુસ્તકો પર મુનશીરામનું લક્ષ્ય ચોંટ્યું. એણે બુલંદ અવાજે જાહેર કર્યું કે, કૉલેજ અને શાળાના અભ્યાસક્રમમાં વેદોને પ્રધાનપદ મળવું જોઇએ. આ વ્યવહારુ મંતવ્ય પર તેને પં. ગુરુદત્ત વિદ્યાર્થીનું સમર્થન મળ્યું; પણ મુનશીરામનો અવાજ કાને ધરાયો નહિ,

એટલે તેને રાષ્ટ્રીય શિક્ષણનું નિર્માણ કરવાની નવી ભાવના જાગી. શિક્ષણશાસ્ત્ર ઉપર એણે વર્ષો સુધી મનન કર્યું. પરિણામે એક અપૂર્વ અને સબળી યોજના તૈયાર થઈ. પંજાબના આર્યસમાજના પ્રભાવશાળી નેતા ગુરુદત્ત શાસ્ત્રીનું અવસાન થયું અને મુનશીરામને સરદારી સાંપડી. રાષ્ટ્રીય શિક્ષણના વિધાનની ઘડી આવી લાગી.

ગુરુકુળની સ્થાપના

પરદેશી શિક્ષણપદ્ધતિમાં પિસાઇને ચેતના પરવારતી તરુણ જનતાનો ઉદ્ધાર સાકાર કરવા મુનશીરામે કમર કસી. એણે વકીલાતનો ધંધો ફગાવી દીધો અને સર્વ શક્તિ રાષ્ટ્રીય શિક્ષણની યોજના પર ઠાલવી. ભવ્ય ભૂતકાળની બ્રહ્મચર્યાશ્રમની શિક્ષણપ્રથાને પુનર્જીવન આપવાની યોજના એણે જનતા સમક્ષ ધરી દીધી. પછી એણે ગુરુકુળ સ્થાપવાની પ્રતિજ્ઞા કરી; પણ તેની સિદ્ધિ અર્થે તો હજારો રૂપિયાની આવશ્યકતા ખડી થઇ. સરકારી મદદની એને ઉપેક્ષા નહોતી. ઊલટું સરકારી શિક્ષણપ્રણાલીની અનિષ્ટ પ્રથા સામે એને બેઠો બળવો સળગાવવો હતો. બ્રહ્મચર્ય, પવિત્રતા અને ધર્મભાવનાને પોષણ આપે એવું સ્થળ શોધાયું. હિમાચળની અડીખમ બલંદિઓ વટાવી, ભાગીરથી જ્યાં સપાટ પ્રદેશને લીલોછમ કરે છે, ત્યાં પુણ્યક્ષેત્ર હરદ્વાર નજીક કાંગડી પર એ સમાજસેવકની નજર ઠરી. જ્યાં બ્રહ્મચારીઓને દુન્યવી માનવીઓના વિકારો અભડાવી ન શકે, જ્યાં કુદરત, કિરતાર અને નિર્દોષ માનવજીવનનો એકાંત સંયોગ વિદ્યાર્થીજીવનની પવિત્રતાને આઠે પહોર પોષ્યા કરે, જ્યાં નિર્જનતાને રમ્ય બનાવતો કવિત્વભર્યો પશુપંખીઓનો સંગાથ જીવનની મધુર ને મર્દાઇભરી ટશરો ફુટાવે, ત્યાં ગુરુકુળનું ખાતમુહૂર્ત નિર્માયું. ત્રીસ હજારનો અંદાજ બંધાયો. માનવતાનો સેવક બનીને, હિંદની તરુણ જનતાનો સાથી બનીને, મુનશીરામ ઝોળી લઇને ગામેગામ ભટક્યો. થાકને એણે ગણકાર્યો નહિ. વિટંબણાઓ એની વિસાતમાં નહોતી. એ તો દિનરાત એક નિયત કર્તવ્યપથ ઉપર મજલ દર મજલ ધપ્યે જતો હતો. દેશભરમાં ઘૂમીને એણે છજ મહિનામાં આવડી રકમ ઉઘરાવી લીધી. જે જમાનામાં પ્રજાને રાષ્ટ્રીય શિક્ષણનું લગારે ભાન નહોતું જાગ્યું અને આર્યસમાજની સામે ધનાઢ્ય સનાતનવાદીઓની લાલ આંખ ફરકતી હતી, એ જમાનામાં આ

ફતેહ અદ્ભુત લેખાઈ ગઈ.

પ્રાણવાન શિક્ષણ

સેવાવ્રતધારી શ્રદ્ધાનંદની ભાવના ફળી અને ૧૯૦૨ માં કાંગડીમાં ગુરુકુળ ખુલ્લું મૂકવાનો વિધિ ઉજવાયો. ચોમેર વિસ્તરતી ભયાનક વનઘટા, હિંસક પ્રાણીઓનો સતત ઉપદ્રવ, જંગલી માતંગોનાં વારંવાર આક્રમણ, આવા વીરત્વપોષક વાતાવરણ વચ્ચે એણે બ્રહ્મચારીઓનું જૂથ વસાવ્યું. ત્યાં હિંદની પ્રાચીન સંસ્કૃતિનું નવસર્જન થવા લાગ્યું. માતૃભાષા તમામ શિક્ષણનું વાહન બની રહી. પરબ્રહ્મવાદી વેદોના અધ્યયનને પ્રધાનપદ અપાયું; છતાં એ શિક્ષણક્રમ સંકુચિત નહોતો. પશ્ચિમની વિદ્યાનેએ તેમાં સમીચીન સ્થાન હતું. બ્રહ્મચર્યસેવન અને વ્યાયામવડે વિદ્યાર્થીઓની કાયામાં ઓજસ અને વીર્યનો સંગ્રહ થયો. પ્રાણવાન શિક્ષણ એ સંસ્થાનું ધ્યેય બની રહ્યું. આ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાને નીરખવા આવનાર તેનાં ભવ્ય સંસ્મરણો લેતા ગયા. યુરોપીય અને અમેરિકન વિદ્વાનો તે જોઈને હેરત પામ્યા. ટાઢતડકો અને વરસાદમાં ખુલ્લા શરીરે ઘૂમતા, જાહ્નવીમાં પ્રભાતસ્નાન લેતા, પહાડોને પગ તળે કાઢતા અને કુદરતના સૌંદર્ય સાથે મસ્તખેલન કરતા બ્રહ્મચારીઓનાં દર્શન કરી પરદેશીઓ પણ પ્રેરણા પામ્યા. અમેરિકન કેળવણીકાર મહાશય ફ્લ્પ્સે તો અહીં ત્રણ ત્રણ માસપર્યંત નિવાસ કરી, કાંગડી ગુરુકુળની શિક્ષણપ્રણાલીની તારીફ જગતને એક પુસ્તકદ્વારા સુણાવી છે. આવી સ્વાધીન અને જીવનદ્યોત કેળવણી આગળ એણે વંદના ઝુકાવી છે. લૉર્ડ ઇસ્લિંગ્ટન, માઇકલ સેડલર, લૉર્ડ મેસ્ટન, રામસે મેકડોનલ્ડ—કેટકેટલા વિલાયતી અમીરોએ આ સંસ્થાનાં દર્શન કરી પ્રશંસાના સૂર કાઢ્યા છે! અરે, બ્રિટિશ તાજના પ્રતિનિધિ વાઇસરૉયે પણ એનો પરિચય સાધવાનું ચૂક્યા નહોતા. રામસે મેકડોનલ્ડે તો એના પર એક પુસ્તકમાં જ્વલંત સંસ્કારચિત્ર આલેખ્યું છે. મુનશીરામજીના વેદસ્તવનના બુલંદ નાદોએ એની હ્રદયતંત્રીઓ ઝણઝણાવી મૂકી છે. કાંગડીના કુલપતિની દેહલતામાં એણે ભગવાન જિસસ અને સેન્ટ પિટરનાં દિવ્ય તેજ વિલોકયાં. આ સર્વ વાતોનો એકરાર તેણે એક ગ્રંથમાં વેગવતી વાણી મારફત કર્યો છે.

નવું સર્જન

ગુરુકુળના બ્રહ્મચારીઓ વચ્ચે મુનશીરામ વાત્સલ્યમૂર્તિ માતા

સમા વિરાજતા. લાલા મુનશીરામની કીર્તિ મહાત્મા મુનશીરામનું પદ વરી લાવી. એનો માંસલ દેહ, રાષ્ટ્રોન્નતિની ભાવનામાં સળગી ઊઠતાં એનાં જ્વલંત નેત્રો અને એનો ખુન્નસભર્યો ચહેરો નીરખનાર એની વત્સલતા નિહાળીને તાજુબ થતો. એના જીવનમાં વીરત્વ સાથે ક્ષમાનો સંગમ થયો, ઉગ્ર તેજ અને રુદ્રતા સાથે સૌજન્ય અને સુકુમાર સ્નેહની ફોરમ પ્રકટી. वज्रादपि कठोराणि मृदानि कुसुमादपि એવું હૈયું એને પ્રાપ્ત થયું અને એ હૂંફની છાયામાં તરુણોના જીવનનું એક નવું અને પ્રાણવાન સર્જન રચાઇ રહ્યું; પણ મહાત્મા મુનશીરામનો માર્ગ કંઈ ગુલાબો વડે નહોતો પથરાયો. પ્રજાવિધાનના દુર્ગમ રાહ પર તો કંઇક કંટક વેરાયા હતા. એમની શિક્ષણપ્રવૃત્તિમાંએ 'ચારચક્ષુ' સરકારે રાજદ્રોહની ઘોર વાદળીઓ ઘેરાયેલી દીઠી. ગોરા દેવાધિદેવોની ખફા એમના પર ઘૂરકવા લાગી. એમના પંથ આડે અનેકવિધ આવરણો ખડાં થયાં; છતાં એ ભડવીર નજ ડગ્યો. એ તો વિજયને વરવા નીસરેલો આજીવન લડવૈયો હતો. એની છાતી લોખંડની ઘડાઇ હતી. સત્તર સત્તર વર્ષો સુધી તે પારાવાર આપત્તિઓ સામે નિસ્પંદ ઝૂઝયો, બોંબ, રિવોલ્વર અને કારાગારની એણે ગણતરી ન કરી અને એણે વિજય મેળવ્યો. ગુરુકુળની સંસ્થા એના વિરાટસ્વરૂપે આજે મુનશીરામની ભાવનામૂર્તિસમી નિશ્ચળ ઊભી છે. ત્રીસ વર્ષને અંતે આજે એ સંસ્થાની પંજાબભરમાં પથરાયેલી શાખા–પ્રશાખાઓમાં દોઢ હજાર કન્યા–કુમારો સ્વાધીનતાનું શિક્ષણ મેળવી રહ્યાં છે. પોણોસો સ્નાતકો એમાં શરીર અને માનસ કેળવીને સંસારમાં આજે સ્વમાન અને ધર્મભાવનાથી મહેકતું જીવન ગુજારી રહ્યા છે.

મહિલાશિક્ષણનો નિર્માતા

કેળવણીકાર મુનશીરામની શિક્ષણભાવના વિરાટ હતી. એણે કાબેલ શિક્ષણશાસ્ત્રીની નજર વડે વિલોકી લીધું હતું કે, રાષ્ટ્રની ઉન્નતિની ખરી ચાવી મહિલાશિક્ષણમાં છે. બાળક એ જો ભાવી પ્રજા છે, તો એ પ્રજાની ઘડનાર તેની જનનીજ છે. માતાના કુસંસ્કારો ભાવી પ્રજાના વિઘાતક નીવડવાના, માટેજ પ્રજાવિધાન સારુ પ્રથમ દરજ્જે મહિલાશિક્ષણની જરૂરત છે, એમ જાણી લઇ તેમણે જલંધરમાં કન્યાઓનું મહાવિદ્યાલય ઊભું કર્યું. સ્ત્રીજીવનની ઉન્નતિ માટેની એની ધગશ પંજાબમાં ઠામઠામ પથરાયેલાં કન્યાશિક્ષણાલયો અને દિલ્હીના કન્યાગુરુકુળરૂપે સાકાર ઊભી છે.

સમાજસુધારણા

પણ એણે રાષ્ટ્રીય કેળવણીનું નિર્માણ કરીનેજ ઇતિકર્તવ્યતા નથી માની. હિંદુ સમાજનાં બહુવિધ દૂષણો સામે એની ઝુંબેશ એટલીજ ધોધમાર હતી. જ્ઞાતિ–પેટાજ્ઞાતિના સાંકડા વાડા એના દિલને ડંખ દેતા હતા. એ બંધને તોડીવછોડી, એ કાળે તો લગભગ વિપ્લવકારક ગણાય એવું આચરણ એણે અખત્યાર કર્યું. પોતાનાં સંતાનોને એણે પરજ્ઞાતિમાં વરાવી વર્તનનો મજબૂત દાખલો બેસાર્યો. જ્યારે ગાંધીજીની અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિનો હિંદને ખ્યાલે નહોતો, ત્યારે હિંદુસમાજના વિરોધ વચ્ચે સામી છાતીએ ચાલીને અંત્યજોનું બંધુત્વ રાખનાર આ એકલ સમાજસુધારક હતો.

મુનશીરામમાંથી શ્રદ્ધાનંદ

ધીમે પણ અચૂક પગલે જરા એના ઉપર ધસી આવતી હતી. એણે જીવનનો નમતો પહોર નિહાળ્યો અને પોતાની તમામ પ્રવૃત્તિઓ પરથી સર્વ અનુરાગ સમેટી લીધો. એણે સંન્યાસ ધારણ કર્યો. મહાત્મા મુનશીરામ મટીને તે સ્વામી શ્રદ્ધાનંદ બન્યા. હાથે સર્જેલી નવી સૃષ્ટિનો અનુરાગ વિશ્વપ્રેમમાં પરિણમ્યો. ભગવાં પહેરીને એ તો જગતનું કલ્યાણ કરવા બહાર પડ્યા.

રાષ્ટ્રવિધાન

વાનપ્રસ્થ જીવનમાં મુનશીરામે બ્રહ્મચર્ય અને રાષ્ટ્રીય શિક્ષણનું સ્વપ્ન સફળ કરીને આત્મનિમજ્જનની સંન્યસ્ત જિંદગી સ્વીકારી; પણ એટલામાં તો સંન્યાસી શ્રદ્ધાનંદને કાને પરાધીનતાનું રુદન કરતી ભારતમાતાનો આર્તસ્વર અથડાયો. એણે નિશ્ચય કર્યો કે, જ્યાંલગી માતૃભૂમિ વેદના અનુભવે છે, ત્યાંલગી મારે આત્મકલ્યાણની નિવૃત્તિ કશા ખપની નથી. રાષ્ટ્રનો સાદ જો પુત્રને ન જગાડે તો એ પુત્ર નથી, પણ પથ્થર છે. વિરક્તિ અને સંસારત્યાગના ઓઠા તળે એને વનવાસમાં ઝોકાં ખાવાની મતિ નજ સૂઝી. એ તો વૃદ્ધાવસ્થામાંએ જુવાનજોધ લડવૈયાના સાજ સજીને બહાર આવ્યા અને પોતાની જાતને રાષ્ટ્રોત્થાનની અવિરત ઝુંબેશમાં ડુબાવી દીધી. ત્યારથી એના જીવનની પ્રત્યેક પળ પરાધીનતાની શૃંખલા તોડવામાં ખર્ચાવા લાગી. રાષ્ટ્રવિધાન એજ એનો જીવનમંત્ર બની રહ્યો.

વીરત્વની પરાકાષ્ઠા

કાંગડીની વનરાજીમાં મત્ત માતંગો ને હિંસક પ્રાણીઓનો સામનો કરનાર જુવાન મુનશીરામને હવે વૃદ્ધાવસ્થામાં એથીએ અધિક શૌર્ય દાખવવાના પ્રસંગો ખડા થયા. ૧૯૧૯ ના કાળા સંવત્સરમાં પંજાબના રૌલેટ કાયદાએ દેશભરમાં અરેરાટી પ્રસારી દીધી અને પડતા પર પાટુ લગાવવા જલિયાનવાલા બાગનો પૈશાચિક હત્યાકાંડ ખેલાયો. પ્રજા સમગ્રનાં હૈયાં થરથરી ઊઠ્યાં. દિલ્હી નગરમાં ભયંકર ઉશ્કેરાટની લાગણી પ્રસરી રહી. હિંદુ–મુસ્લિમ સર્વ કોઇ એ જુલ્મજહાંગીરી સામે પોતાનો વિરોધ દાખવવા ટોળે મળ્યા. વચ્ચે શ્રદ્ધાનંદજીનો સિંહનાદ ગર્જી ઊઠ્યોઃ "બસ, નિર્દોષ માનવતાનો સંહાર નહિજ થવા દઇએ." હજારો હિંદુમુસ્લિમજનોને પોતાની વિરાટ હૂંફમાં સંઘરી એ ભીષ્મસમો અણનમ અને અડગ સંન્યાસી ચાંદનીચોકમાં આવી ઊભો. લશ્કરી કાયદાના સાજ સજીને સરકારની ગુરખા ટુકડી વિરોધ પોકારનાર જનતાની મેદની વીખેરવા મારમાર કરતી ખડી થઇ. વીખરાઇ જવાના લશ્કરી આદેશની અવગણના કરી સંન્યાસી સ્વસ્થ ઊભો રહ્યો. હિંદુ–મુસ્લિમો કંપી ઊઠ્યાઃ "હમણાં આ મશિનગનો અમારા ઉપર ઠલવાઇ જશે!" પણ શ્રદ્ધાનંદજીને આત્મબળમાં અવિચળ શ્રદ્ધા હતી. ગુરખા સોલ્જરો સંગીન લઇને હલ્લો કરવા ધસ્યા. મેદનીને મોખરે જઈ શ્રદ્ધાનંદ છાતી કાઢીને ઊભા રહ્યા. "વીંધી નાખો, તાકાત હોય તો સંગીન ચલાવી દો." ગુરખાઓ સ્તબ્ધ બનીને ઊભા રહ્યા. તપોધન સંન્યાસીનું એ તાપસતેજ, એની કાયામાંથી પ્રગટતાં પ્રતિભાકિરણો, એની આંખની સૌમ્ય ને જ્વલંત દ્યુતિ–આત્માના ઓજસ આગળ પશુબળ ઝંખવાણું પડ્યું. યુગ યુગ સુધી આ ઘટના ભારતવાસીઓનાં સંતાનો પોતાની જનનીનાં ધાવણમાં ધાવશે.

પંજાબીઓનો વિશ્વાસ

પંચનદના દેશને એ સંન્યાસીના નામની લગની લાગી હતી. એના શબ્દે પંજાબીઓ ઘેલા થતા. શ્રદ્ધાનંદની સેવા ઉપર તેઓ મુગ્ધ બન્યા હતા; એટલેજ જ્યારે અમૃતસરમાં રાષ્ટ્રીય મહાસભા મળી અને અતિથિઓનાં જૂથ આવી ઊતર્યાં, ત્યારે મુસળધાર વરસાદની વચ્ચે સરકારની કડક નીતિની બીકે પ્રજાજનો

મકાન આપવાને તૈયાર નહોતાં. એવી વિકટ વેળાએ એક શ્રદ્ધાનંદના અવાજને પંજાબીઓએ પોતાને મસ્તકે ચડાવ્યો અને એકેક ઘરે પચાસ પચાસ અતિથિઓને સાચવી લીધા.

હિંદુવટનો ઉદ્ધારક

એને વેદધર્મ અને હિંદુવટ ઉપર પ્રેમ હતો, પણ એ તેણે રાષ્ટ્રભાવનામાં મિલાવી દીધો હતો. હિંદુ–મુસ્લિમ ઐક્ય સાધવામાં એની ઝુંબેશ અજોડ હતી. એ યોગીવરજ એક એવા હિંદુ નેતા હતા કે જેને મુસ્લિમ જનતાએ પોતાનીજ સભામાં વ્યાસપીઠ પરથી સાંભળવાની સહિષ્ણુતા દાખવી હતી. આ એકજ ઘટના એની ઉદાર રાષ્ટ્રભાવનાની જીવંત સાબિતી છે. એને કટ્ટર કોમવાદી કહેનારાઓ આત્મવંચનામાં ગોથાંજ ખાય છે. અમૃતસરના ઘોર હત્યાકાંડ પછી હંટર કમિટી સમક્ષ બળતી ભાષામાં જુબાની આપનાર શ્રદ્ધાનંદનું હૃદય હિંદુ–મુસ્લિમ બન્ને કોમ ઉપર ઊતરેલી આફતની કરુણ ચીસો સંભળાવતું હતું. અસહકાર અને ખિલાફત પ્રવૃત્તિમાં એનો કોમવાદનો એક પણ સૂર કોઇએ કદી સાંભળ્યો છે ? પણ અસહકારના જુવાળ ઓસરી ગયા અને ખિલાફતની ઝુંબેશ ઉપરથી પ્રજાને ઇતબાર ઊઠી ગયો, ત્યારે હાડવૈરીઓની જેમ હિંદુ–મુસ્લિમોએ રમખાણો મચાવ્યાં. મલબાર, કોહાટ, મુલતાન, પીંડી, સહરાનપુર, મથુરા,–કેટલે કેટલે ઠેકાણે કોમી પાશવતાએ કચ્ચરઘાણ વાળ્યો! મલબારમાં સ્વામી શ્રદ્ધાનંદે બળિયા મુસ્લીમોને હાથે નિર્બળને-અસહાય હિંદુજનતાને મેંઢાંની માફક રહેંસાઇ જતી નીરખી. એમના હૃદયમાં હિંદુઓની એકસંપીના અભાવ પર, હિંદુઓની અરક્ષિત અને પરાવલંબી દશા પર, હિંદુઓની આત્મરક્ષણની શક્તિ ઉપર લજ્જા ઊપજી. એ બન્ને કોમનું ઐક્ય ચાહતા હતા, પણ તે સમાનતાના ધોરણે. એક કોમ પોતાના પશુબળથી બીજીની ગરદન પર ચઢી બેસે ને તેનો અવાજ ગુંગળાવી નાખે એવા અન્યાયી અને એકપક્ષી ધોરણ પર નહિ. સાચો ભાઇચારો બે બળવાનો વચ્ચે સંભવે, નામર્દ અને શૂરવીરતાનો કૃત્રિમ સંગાથ કેટલી ઘડીઓ લગી ટકી રહે? એક બાજુથી હિંદુઓ ઉપર લોહીતરસ્યા મુસ્લિમોનું આક્રમણ, બીજી બાજુથી તેમની સામે ધસ્યે આવતી મુસ્લિમોની ધર્માન્તરણ ને વટાળકાર્યની પ્રવૃત્તિ, ત્રીજી બાજુ હિંદુજનતામાંથી ખ્રિસ્તીધર્મમાં ખેંચાઇ જતો એક જબ્બર

વર્ગ અને ચોથી બાજુ ખ્રિસ્તીધર્મને ભેટેલા હજારો જાતિબાંધવોની હિંદુવટમાં પુનઃ આવવા ઇંતેજારી છતાં તેમને સદા અસ્પૃશ્ય અને મ્લેચ્છ માનનાર હિંદુસમાજની મંડૂકવૃત્તિ–આમ ચોગરદ-મથી એણે હિંદુવટને કાળના ઝપાટામાં ઝંપલાતી નિહાળી. એટલે એણે વટલેલાની શુદ્ધિ કરવાની અને સ્વધર્મીઓનો દુર્ગ દુર્ભેદ્ય બનાવવાની શુદ્ધિ–સંગઠનની આત્મરક્ષક પ્રવૃત્તિઓ હાથ ધરી. હણાતી હિંદુવટને ઉદ્ધારવાની અને સબળ સંઘ કરી લીધા પછી મુસ્લિમોની સંગાથે સમાનતાને નાતે સંપ રચવાની ભાવના આચરણમાં મૂકી. સાથે સાથે અંત્યજોદ્ધાર અને દલિત કોમના ઉદ્ધારની હિલચાલ પણ એણે જોસભેર આદરી દીધી. એક વેળા "સદ્ધર્મપ્રચારક" અને "શ્રદ્ધા" નામે પત્રો શરૂ કરીને રાષ્ટ્રીય લડતમાં વેગળાં મૂકેલાં એ સાપ્તાહિકોને "લિબરેટર" રૂપે પુનઃ પ્રકટાવ્યાં. એ "લિબરેટર" ને પાને પાને દલિતવર્ગનાં આંસુ લૂછતા પરમાર્થી સાધુની વેદના સહેજે આલેખાઇ રહી છે. કવચિત્ એમાં શુદ્ધિ–સંગઠનની પ્રચારણાઓ ચિતરાઇ છે; છતાં એનો પ્રધાનસૂર રાષ્ટ્રભાવનાનુંજ સંગીત ગુંજે છે. એમાં શરૂ કરેલી 'ઇન ઍન્ડ આઉટ ઑફ ધી કૉંગ્રેસ' લેખમાળા સ્વામી શ્રદ્ધાનંદના વેધક ને વિવેચક રાજદ્વારી વિચારોથી પ્રચુર એક બહુમૂલ્ય મીમાંસા છે. હિંદુવટના એ ઉદ્ધારકની ઉદાર રાષ્ટ્રભાવ-ના તો જુઓ. છેક ૧૯૨૪ માં તેણે હિંદુ મહાસભામાંથી રવાનગી લીધી. શાને કાજે? ત્યાં લાલાજી અને પંડિત માલવીયજી રાષ્ટ્રીય મહાસભામાંએ કોમીવાદ દાખલ કરવાની અને કોમી ધોરણે હિંદુ-મહાસભા તરફથી ધારાસભાના સભ્યો દોડાવવાની યોજનાઓ ઘડતા હતા. હિંદુ–મુસ્લિમ એકદિલી સર્જવા ઇચ્છનાર સંન્યાસીને એ કોમીવાદ ન રુચ્યો. એણે હિંદુમહાસભાને સલામ ફરમાવી. આવા ઉદાર ને પરધર્મના સહિષ્ણુ રાષ્ટ્રવિધાયક સ્વામીને કટ્ટર કોમીવાદી અને ઇસ્લામનો શત્રુ ગણનાર મુસ્લિમો ખરેખર ભયંકર અન્યાય આચરી રહ્યા છે.

આફત

શુદ્ધિનું સંચાલન ઉઠાવ્યા પછી સ્વામીજી ઉપર નિરંતર આફત તોળાઈ રહી હતી. એમના પર કંઇક જાસા–ચિઠ્ઠીઓના વરસાદ વરસ્યા હતાં પણ બૉમ્બ, રિવૉલ્વર ને છુરી સામે સદૈવ ખુલ્લી છાતી રાખીને અડગ ડગ ભરનાર તપોધન એમ શાનો ચળે?

તેમાંએ છેલ્લા છ માસથી ખૂનીની છુરી એની આંખ સામેજ ચળકાટ કરી રહી હતી. જે અસગરી બેગમે ખાનગી રીતે વૈદિક સાહિત્યનું અધ્યયન કરી વેદધર્મનું ગૌરવ પારખ્યું હતું, તેને તેની સ્વેચ્છાથીજ આર્યા બનાવી હિંદુવટમાં લાવનાર સ્વામીજીનું મરણ બહુ દૂર નહોતું. મુસ્લિમ બંધુઓએ સ્વામી પર પરણેલી સ્ત્રીના અપહરણનો આરોપ ઢોળી અદાલતનાં પગથિયાં અનેકવાર ઘસડી નાખ્યાં હતાં ! પણ અદાલતને આંગણે તો શ્રદ્ધાનંદજી નિર્દોષ ઠરીને બહાર આવ્યા. એ ઘડીએથી એમનું રુધિર ચાખવા કેટલાંક ખૂની હૈયાં તલસી રહ્યાં. સ્વામીજી સર્વ ધમકીઓને મધુર સ્મિતે હસી કાઢતા પણ આખરે એ જાસા–ચિઠ્ઠીઓ સાચી ઠરી. ધર્માંધ મુસ્લિમવર્ગ શુદ્ધિની પ્રવૃત્તિ કે હિંદુઓની જાગૃતિ સહન ન કરી શક્યો.

અને ત્રેવીસમી ડિસેમ્બરના નમતા બપોરે બીમાર, બિછાનાવશ, અશક્ત, નિર્દોષ ને એકલ સ્વામીજી ઉપર એક નામર્દ મૂર્ખ મુસ્લિમે, સ્વામીજીનું આતિથ્ય સ્વીકાર્યા પછી, બેવફા બનીને પોતાની રિવૉલ્વર છોડી મૂકી. વીરનરને વીરોચિત અને સુમહોજ્જવલ અવસાન સાંપડ્યું; પણ સાધુસૂના હિંદનો એક વિરલ સાધુ જતાં તો આર્યાવર્ત માર્મિક જખમની વેદના અનુભવી રહ્યો.

ખૂનની વિચારણા

શ્રદ્ધાનંદજી કંઈ ધર્માંધ કે અનુદાર આચાર્ય નહોતા. સનાતનવાદની જડમાં સડી સડીને સમાજમાં પોતાના દુરાચારોની બદબો ફેલાવનાર મહંત, શર્મા કે ગોસાંઈ નહોતા. એ તો સૌમ્યતાની સાક્ષાત્ મૂર્તિ હતા. રાષ્ટ્રવિધાયક અને ધુરંધર સમાજસુધારક હતા. હિંદુ–મુસ્લિમ એકદિલીની ભૂમિકા તૈયાર કરનાર દેશનેતા હતા. મુસ્લિમો વચ્ચે તેઓ કેટલાએ મિત્રો સર્જી શક્યા હતા. હિંદુવટના ઉદ્ધારની ભાવનાને અને કોમીવાદને તેઓ રાષ્ટ્રવાદમાં સહેજે ડુબાવી શકતા; એટલેજ એમની ખોટ સારા ભારતને, હિંદુ–મુસ્લિમ સકળ જનતાને સાલે તેવી છે; તેથીજ આજે ગઝનવી, અલીભાઈઓ, સર મહમદ શફી, ઝીણા અને અબ્દુલ કાદિર જેવા ધરખમ મુસ્લિમ નેતાઓ આ હિચકારા ખૂનીના ધર્મઝનૂન ઉપર ફ્યાનત પોકારી રહ્યા છે અને એમ છતાંએ કોમી ઐક્યની સર્વ સંભાવના છૂંદાઈભૂંસાઈ ગઈ છે. જે ઘડીએ કોમી કલહને તજી પરસ્પર તડજોડની તૈયારીઓ થતી હતી, તે અણીની પળે આ

યશનિપાત કોમી હુતાશનનું બીજારોપણ કરે છે. મુસ્લિમ નેતાઓનાં આશાવાન વચનો તો હજુએ કોમી એખલાસની સંભાવના ઉપસ્થિત કરે; પણ જે કોમમાં સર અબ્દુલ રહીમ જેવો નેતા શ્રદ્ધાનંદના ખૂનને, દિલ્હીના ચોકમાં કોપાયમાન જનસમૂહને હાથે વૈરતૃપ્તિ અર્થે હણાયેલા એક મામૂલી મુસ્લિમના મરણ સાથે સરખાવી, આ હિચકારા ખૂનીને તિરસ્કારવાને બદલે શ્રદ્ધાનંદજીનું અવસાન ગળી જવાની મૂર્ખાઇભરી શિખામણ આપે છે; જે કામમાં એક જબ્બર ને ઝનૂની વર્ગ ખૂની અબ્દુલને ગાઝી બનાવી તેનાં પ્રશસ્તિચિત્રો દિલ્હીની બજારમાં વેચી ખૂનનેજ આદરણીય ગણે છે, તે કોમ સમાનતાના ધોરણે કયી પેરે હિંદુઓ સાથે એકદિલી સ્થાપી શકશે ? કુરાન શું જબરજસ્તીથી વટાળકાર્ય કરવાનું ફરમાવે છે ? હદિસ અને કુરાનમાં શું બિનગુનાહ કાફરની કત્લ કરવાનું શાસન છે ? કુરાન જો બુદ્ધિવાદને બાજુએ મૂકી એકલી સમશેરનું શાસન આપતું હોય, તો હજરત મહમ્મદ પયગંબર (સલ૦)ને કોઇ બીજીજ આલમ શોધવી પડશે. તબ્લીગ પરિષદને પ્રમુખપદેથી એક મુસ્લિમ બૅરિસ્ટર ધગધગતી વાણીમાં સંદેશ આપે છે કે, ‘ દશ વર્ષમાં કુલઝપટ હિંદુઓને અભડાવી મુસલમાન બનાવી મૂકવા અને જ્યારે સ્વરાજ્ય સાંપડે ત્યારે એકલા મુસ્લિમોએજ સ્વાધીન શાસનની લગામ હાથ ધરવી.’ તંગ વાતાવરણમાં આ અળખામણી ને અક્કલશૂન્ય મનોદશાની બુલંદ જાહેરાત કેટલી બધી હાનિકારક નીવડશે ? આ પરિસ્થિતિમાં તો હરેક મુસ્લિમ નેતાની ફરજ છે કે, તેણે કુરાને શરીફની આજ્ઞા સ્વચ્છંદી રીતે કોઈ પણ માનવનો વધ કરવા નથી ફરમાવતી, એમ સાફ સાફ પોતાના ધર્મબાંધવોને સંભળાવી દેવું. કુરાનના ફર્માનવટિક અન્ય કોઇ દલીલને કે બુદ્ધિવાદને લાત મારવાનો મહાવરો પામેલી મુસ્લિમ જનતાને ખ્વાજા હસન નિઝામી કે સર અબ્દુલ રહીમ કુરાનનું સાચું રહસ્ય ક્યારે ચિંધાડશે ? ગાંધીજીને ખૂની અબ્દુલ રશીદની દયા આવે છે. પણ કેવળ કુરાન–અધીન મુસ્લિમ મનોદશાનું નિદાન કરી એ ભીષણ વ્યાધિ માટે ઓસડ શોધનાર ઉદાર મુસ્લિમ નેતાઓ પ્રાંતે પ્રાંતે નહિ પાકે, ત્યાંસુધી આ પ્રજળતા કોમી વડવાનલનું શમન સ્વપ્ન જેટલુંએ સિદ્ધ થવાની આશા બાંધવી વ્યર્થ છે.

(માગશર ૧૯૮૩ ના ‘ સુવર્ણમાળા ’ના અંકમાંથી)

३६-सद्गत स्वामी श्रद्धानंदजी की अतीत स्मृतियां×

(લેખિકાઃ-શ્રીમતી વિદ્યાવતીજી સહગલ)

“× × × × પરંતુ મેરે વિચાર મેં મેરા નિકૃષ્ટ પતન ઉસ સમય હુઆ, જબ કિ એક બાર માનવપ્રકૃતિ કી દુર્બળતા કે કારણ કામ-પ્રવૃત્તિયોં ને મુઝે પરાજિત કર દિયા × × × × !”

શુદ્ધ એવં પવિત્ર ભાવનાઓં કે ઇન પ્રબલ ઉદ્ગારોં સે સ્વામીજી ને એક સ્થાન પર સ્વરચિત “કલ્યાણ-માર્ગ કા પથિક” નામક પુસ્તક મેં અપના ચરિત્રચિત્રણ કિયા હૈ. આત્મ-ચરિત્ર કે ઇસ નિર્ભિક, સાહસપૂર્ણ, સત્ય ઔર સ્પષ્ટ ઉલ્લેખન કો પઢતે હી હમારે હૃદય મેં યોરપ કે પ્રસિદ્ધ સામ્યવાદી રૂસો કા સ્મરણ હો આયા. રૂસો ઔર સ્વામીજી કે જીવન મેં બહુત કુછ સમાનતા હૈ. રૂસો કા જન્મ સન ૧૭૧૨ ઇ૦ મેં સ્વીટ્ઝર્લૅન્ડ કે પ્રસિદ્ધ જેનેવા શહર મેં હુઆ થા. ઉસ સમય યોરોપીય સમાજ કા વાયુમંડલ આજ સે બહુત ભિન્ન થા. વહાં રોમન કૈથોલિઝમ ઔર પોપ કા બોલબાલા થા. ઇસમેં સંદેહ નહીં કિ પોપ કે પાખંડવાદ કે વિરુદ્ધ ૧૬ વીં શતાબ્દી મેં હી અપને પ્રાણો પર ખેલને વાલે લ્યૂથર આદિ ધર્મવીરોં ને અપની આવાજ ઉઠાઇ થી ઔર પરિણામસ્વરૂપ પ્રોટેસ્ટૅન્ટ ધર્મ કા ઉદય હો ચૂકા થા; તથાપિ યોરોપીય સમાજ કે અંધવિશ્વાસ એવં અંધભક્તિ કા અભી તક લોપ નહીં હુઆ થા. પાદરી ઔર ધની લોગ ગરીબોં કે સાથ પશુવત્ વ્યવહાર કરતે થે. સમાજ મેં અસામ્ય એવં વિશૃંખલતા કા સામ્રાજ્ય થા. ઐસે સમય મેં હી રૂસો કા જન્મ હુઆ થા. ઉસે ભી જીવનપથ કી અનેક કઠિનાઇયાં ઝેલની પડી ઔર વહ ભી સમાજ કી નિષ્ઠુરતા ઔર અત્યાચારોં કા શિકાર રહા; પરંતુ સંસાર મેં દુઃખ ભી નિષ્પ્રયોજન નહીં હોતા. ભગવાન કી અનંત સૃષ્ટિ મેં કોઇ વસ્તુ નિરર્થક ઔર અનાવશ્યક નહીં હોતી.

× ગુજરાતીમાં સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણીદ્વારા એક સુંદર ચરિત્ર બહાર પડયું છે. જેમણે તે ન વાંચ્યું હોય તે જરૂર વાંચે. તેનું મૂલ્ય ૦॥, મળવાનું સ્થળ “સૌરાષ્ટ્ર કાર્યાલય” મુ. રાણપુર (કાઠિયાવાડ).

રૂસો ને અપની કઠિનાઇયોં કે દ્વારા સમાજ કે ભયંકર અત્યાચારોં કો અગ્નિમય રૂપ મેં દેખા ઔર ઉસે દેખતે હી ઉસકી મનોવૃત્તિ મેં સામાજિક વિડંબનાઓં કે વિરોધ કી ભાવનાએં જાગ્રત હો ઉઠીં. ઇન ભાવનાઓં ને હી ઉસે દૃઢ સામ્યવાદી બના દિયા ઔર ઉસને અપના સારા જીવન સામ્યવાદ કે પ્રચાર મેં હી વ્યતીત કિયા. ઉસકે સિદ્ધાંત ઉસકે દ્વારા રચિત પુસ્તક "ધી સોશ્યલ કોન્ટ્રેક્ટ" મેં ગ્રંથિત હૈ. અસ્તુ.

રૂસો સામ્યવાદ કે સિદ્ધાંતો કા પિતા ઔર આધુનિક યોરપ કા નિર્માતા સમઝા જાતા હૈ. વાસ્તવ મેં ઉસમેં એક સમાજ–સુધારક કે સબ ગુણ વર્તમાન થે. વહ સાહસી થા, વીર થા, સત્ય ઔર ન્યાય કા ઉપાસક થા; પરંતુ ઇન સબ ગુણોં મેં શ્રેષ્ઠ ગુણ યહ થા કિ ઉસમેં નૈતિક સાહસ પૂર્ણરૂપ સે વિદ્યમાન થા. ઉસને અપની પુસ્તક 'કન્ફેશન્સ' મેં અપને સારે દોષોં ઔર અપરાધોં કા આરંભ સે અંત તક વર્ણન કિયા હૈ. ઇસ સાહસ ને ઉસે યોરપ કી જનતા કી દૃષ્ટિ મેં ઔર ભી અધિક ઉંચા કર દિયા. ઉસકે ઔર સ્વામીજી કે જીવન મેં સમાનતા યહ હૈ કિ સ્વામીજી ભી ઉસકી તરહ હી એક આદર્શવાદી વ્યક્તિ થે. સ્વામીજી ઉસકી હી તરહ સાહસી ઔર વીર થે. સ્વામીજી મેં ભી ઇતના નૈતિક સાહસ થા કિ અપને જીવિતકાલ મેં હી અપને દોષોં કો જનતા કે સામને રખને મેં સમર્થ હો સકે. સ્વામીજી ભી ન્યાય ઔર સત્ય કે ઉપાસક થે ઔર જિન લોગોં ને ઉનકે જ્યોતિર્મય જીવન કા ભલી–ભાંતિ અધ્યયન કિયા હૈ, વે ઇસ બાત કો અચ્છી તરહ સમઝ સકતે હૈં કિ સ્વામીજી કા જીવન તથા ઉનકા પ્રધાન ઔર મુખ્ય ધર્મ સત્ય કી પરમ ઉપાસના હી થા. સ્વામીજી કા ભી જન્મ એક ઐસે સમય મેં હુઆ થા, જબ કિ દેશ મેં પાખંડ ઔર મિથ્યાવાદ કા અટલ સામ્રાજ્ય થા. રૂસો કી તરહ સ્વામીજી કે હૃદય મેં ભી સમાજસેવા કી પ્રવૃત્તિ એવં સમાજ કે ભિન્ન–ભિન્ન અત્યાચારોં કો નિર્મૂલ કરને કી મનોવૃત્તિયાં અપની સ્વયં અનુભૂતિ કે દ્વારા હી ઉત્પન્ન હુઇ થીં. હાં, રૂસો ઔર સ્વામીજી કે જીવન મેં કઇ વિભિન્નતાઓં કે સાથ સબસે બડી વિભિન્નતા યહ હૈ કિ જહાં રૂસો ને અપને સિદ્ધાંતોં કે પ્રચાર કે નિમિત્ત એક દેશ સે દૂસરે દેશ મેં જા–જા કર પ્રાણરક્ષા કી, વહાં સ્વામીજી ને એક અત્યંત વીર સેનાપતિ કી તરહ અપને પ્રાણ કો સત્ય કે લિયે

બલિદાન કર દિયા. ઇસ કારણ સ્વામીજી એક વીર શહીદ થે ઔર ઐસે એક દૃઢ ઔર સાહસી સમાજસુધારક થા.

માનવ–જીવન એક રહસ્ય હૈ. મનુષ્ય પરમ પિતા પરમાત્મા કી રહસ્યમયી લીલાઓં કો સમઝને મેં અસમર્થ હૈ ! કોઇ ઇસ બાત કો નહીં જાનતા કિ વહ અનંત ભગવાન અપની કૃપાઓં કે દ્વારા મનુષ્ય કો કિસ પ્રકાર ઔર કિસ તરહ અપને ઉદ્દેશ્યોં કા સાધન બનાતા હૈ! વાસ્તવ મેં માનવ–જીવન એક સાધના હૈ, જો કિ અપની પ્રવૃત્તિયોં સે પતન ઔર પરમાત્મા કી મહિમામયી કરુણા સે ઉત્થાન કી ઓર પ્રવૃત્ત હોતા હૈ ! મનુષ્ય ભગવાન કી સર્વોત્કૃષ્ટ રચના હોતે હુએ ભી દુર્બલ, અપૂર્ણ ઔર નિરુપાય હૈ. સ્વામીજી ભી મનુષ્ય થે, ઇસ કારણ ઉનમેં ઉનકે ગુણોં કે સાથ દુર્બલતાઓં ઔર ત્રુટિયોં કા હોના એકાંત નૈસર્ગિક થા. ફિર ભી જિસ સમય હમ ઉનકે ગુણોં કી ઓર ધ્યાન દેતે હૈં, ઉસ સમય હમારી દૃષ્ટિ મેં ઉનકી ત્રુટિયોં કા કોઇ સ્થાન હી નહીં રહ જાતા. સ્વામીજી કા મહાન ત્યાગ, ઉનકી સચ્ચાઇ એવં ઉનકી અપાર ધર્મનિષ્ઠા કે સન્મુખ માનવ–જીવન કી સારી દુર્બલતાએં ત્રસ્ત ઔર નત હો જાતી હૈં; ઔર હમ ઉનકે આદર્શ જીવન કો સત્ય કી પરમ સાધના ઔર કર્તવ્યકી ઉચ્ચતમ ઉપાસના કે રૂપ મેં હી દેખતે હૈં. સ્વામીજી કા જીવન ઔર વિશેષ કર ઉનકી બાલ્યાવસ્થા એવં ઉનકા યૌવન, ઉનકી દુર્બલતા ઔર સજીવતા, ઉદ્યોગ ઔર સાહસ, મહત્ત્વાકાંક્ષા ઔર પરાક્રમ તથા ઉનકી વિફલતાઓં ઔર સફલતાઓં કા એક આશ્ચર્યજનક મિશ્રણ હૈ; ઔર ઇસસે ભી આશ્ચર્યજનક બાત યહ હૈ કિ ઉન્હોંને “ કલ્યાણ માર્ગ કા પથિક ” મેં અપની સારી ત્રુટિયોં કી બ્યોરેવાર ચર્ચા કી હૈ. સ્વામીજી કા પ્રારંભિક જીવન વાસ્તવ મેં એક મહત્ત્વપૂર્ણ વિષય હૈ ઔર હમ ઇસિકી મહત્તા કે કારણ “ ચાઁદ ” કે પાઠક–પાઠિકાઓં કે સન્મુખ ઇસે ઉપસ્થિત કરના અપના કર્તવ્ય સમઝતી હૈં.

સંન્યાસ લેને કે પહિલે સ્વામીજી કા નામ મુન્શીરામ થા. મુન્શીરામ કા જન્મ સન ૧૮૫૫ ઈ. મેં જાલંધર જીલે કે તલબન ગ્રામ મેં હુઆ થા. યે જાતિ કે ખત્રી થે. ઉનકે પરિવાર કે લોગ સંપન્ન ઔર પ્રતિષ્ઠિત વ્યક્તિ થે. ચાર ભાઈ ઔર દો બહિનોં મેં મુન્શીરામજી સબસે છોટે થે. યદ્યપિ પંજાબ ઇનકી જન્મભૂમિ થી, તથાપિ ઇન્હોંને અપની બાલ્યાવસ્થા એવં યૌવન કા

કુછ કાલ સંયુક્ત પ્રાંત મેં હી વ્યતીત કિયા થા. ઇસકા કારણ યહ થા કિ ઇનકે પિતા સંયુક્ત–પ્રાંત કે પુલીસ–વિભાગ મેં એક ઉચ્ચ કર્મચારી થે. તીન વર્ષ કી આયુ મેં મુન્શીરામજી બરેલી મેં આએ ઔર તત્પશ્ચાત્ પિતા કે સાથ બનારસ, બાંદા, બદાયૂં, મિર્જાપુર, બલિયા ઇત્યાદિ સ્થાનોં મેં રહે. નૌકરી મેં ભિન્ન–ભિન્ન સ્થાનોં મેં બદલી હોને કે કારણ ઇનકે પિતા ઇનકે અધ્યયન કી ઓર પૂર્ણ રીતિ સે ધ્યાન ન દે સકે. જબ ઇનકી પઢાઇ નિયમિત રૂપ સે બલિયા મેં આરંભ હુઇ, ઉસ સમય ઇનકી અવસ્થા ૧૪ વર્ષ કી થી. ઇસકે કુછ સાલ બાદ વે બનારસ કે ક્વિન્સ કોલિજિયેટ સ્કૂલ મેં પઢને લગે. બનારસ મેં વે ચાર–પાંચ વર્ષ તક રહે ઔર ઇસિ અવધિ મેં અધિકાંશ સમય વે પિતા કે નિરીક્ષણ મેં ન થે; ક્યોંકિ નૌકરી કે કારણ ઉન્હેં ભિન્ન–ભિન્ન સ્થાનોં મેં જાના પડતા થા. ઇસ સ્થિતિ મેં પિતા કા પૂર્ણ દબાવ ન રહને કે કારણ બાલક મુન્શીરામ અપને આચરણ મેં કુછ સ્વેચ્છાચારી ઔર અધ્યયન મેં અનિયમિત હો ગએ. બીસ વર્ષકી અવસ્થા મેં યે એન્ટ્રેન્સ કી પરીક્ષા મેં સંમિલિત હુએ; પરંતુ ઉસ સાલ ઉન્હેં સફલતા ન મિલી. દૂસરે વર્ષ પરીક્ષા મેં પુનઃ સંમિલિત હોને પર વે ઉત્તીર્ણ હો ગએ. ઇસ સમય ઉનકી માતા કી મૃત્યુ હો ચૂકી થી. ઉન્હોંને બનારસ ઔર ઇલાહાબાદ મેં કુછ વર્ષો તક કોલેજ–શિક્ષા ભી પ્રાપ્ત કી, પર દો બાર એફ. એ. મેં અનુત્તીર્ણ હોને પર ઇનકે પિતા ને ઇસ બાત કો ભલી–ભાંતિ સમઝ લિયા કિ મુન્શીરામ કા મન પઢને મેં નહીં લગતા ઔર ઇસ દશા મેં ઇનકે ગ્રેજ્યુએટ હોને કી કોઇ સંભાવના નહીં. ઇસકે પશ્ચાત્ ઉનકા અધ્યયન બંદ હો ગયા.

મુન્શીરામજી કા અધ્યયન ઔર યૌવન–કાલ–ભાંતિ ભાંતિ કી પ્રતિદ્વંદ્વિની શક્તિયોં કા સંગ્રામસ્થલ થા. ઇન શક્તિયોં કે આઘાતોં–પ્રતિઘાતોં સે ઉનકી આત્મા એક બાર હી બિખર કર નિર્મલ હો ગઇ ઔર હમ દેખતે હૈં કિ યુવક ઔર નિરંકુશ મુન્શીરામ સંસાર કી સબ બાતોં સે પરિચિત હો કર અંત મેં અનંત કી સચ્ચી સાધના મેં લગ ગએ. મુન્શીરામજી કે સંબંધ મેં હમને નિરંકુશ શબ્દ કા પ્રયોગ કિયા હૈ. વાસ્તવ મેં સ્વામીજી ભી અધિકાંશ યુવકોં કી તરહ નિરંકુશ, સ્વેચ્છાચારી, વિલાસપ્રિય ઔર વ્યસની થે. ઉન્હેં શરાબ પીને કી અત્યંત બુરી લત થી; પરંતુ ઇન સબ દોષોં કે

રહતે હુએ જબ હમારા ધ્યાન ઉનકે આધ્યાત્મિક ઉત્થાન કી ઓર જાતા હૈ. ઉસ સમય ઉનકે પ્રતિ વિશેષ શ્રદ્ધા ઔર ભક્તિ ઉત્પન્ન હો જાતી હૈ, હમારે હૃદય મેં તો ઉનકા મહત્ત્વ ઉસ સમય ઔર ભી અધિક હો જાતા હૈં, જબ હમ દેખતી હૈં કિ ઇન દુર્બલતાઓં કા સામના કર તથા ઇન કુપ્રવૃત્તિયોં કો દબા કર હી ઉન્હેં અપને જીવન કો ધર્મ, દેશ ઔર સમાજ-સેવા કી તપોમયી સાધના મેં લગાના-પડા, વહ સાધના નિષ્કામ, નિઃસ્પૃહ એવં સ્વાર્થરહિત થી. ઉસમેં કર્તવ્ય કા શ્રેષ્ઠતમ રૂપ ઔર સેવા કી અત્યંત પવિત્ર પ્રેરણા થી. ફિર ભી સ્વામીજી કા યૌવનકાલ ઔર વિશેષકર ઉસ અવસ્થા કા. જબ કિ ઉનકે ભીતર પ્રતિદ્વંદ્વિની શક્તિયોં કાર્ય કર રહી થીં, ઉલ્લેખ કરના અંત્યત હી આવશ્યક હૈ. વહ કાલ, વિલાસ ઔર કર્તવ્ય, તમોગુણી ઔર સતોગુણી પ્રવૃત્તિયોં કે એક વિરાટ સંઘર્ષ કા સમય થા; ઔર હમ દેખતી હૈં કિ ઉસ સંઘર્ષ મૈં કુપ્રવૃત્તિયોં ધીરે-ધીરે નષ્ટ હો ગઇ ઔર ઉનકે ભસ્માવશેષ પર ત્યાગ, સંયમ, નિઃસ્પૃહ સાધના ઔર પુણ્યમયી તપસ્યા કા આવિર્ભાવ હુઆ. ઇન સબ બાતોં કા ધ્યાન રખતે હુએ સ્વામીજી કા જીવન અત્યંત મનોરંજક ઔર શિક્ષાપ્રદ હૈ. અતઃ યહાં પર ઉનકી કુછ ઔર બાતોં કા વર્ણન કર દેના નિતાંત આવશ્યક પ્રતીત હોતા હૈ.

મુન્શીરામજી કે માતા-પિતા બડે ધર્મપરાયણ ઔર પુરાને વિચારવાલે કટ્ટર સનાતની હિંદુ થે. ઉનકે હૃદય મેં અસાધારણ ધાર્મિક પ્રવૃત્તિ થી. માલૂમ હોતા હૈ કિ મુન્શીરામજી ને ભી યહ ગુણ માતા-પિતા સે હી લિયા થા. પાઠક-પાઠિકાઓં કો યહ જાનકર આશ્ચર્ય હોગા કિ -આર્ય-સમાજ કે પ્રધાનસ્તંભ સ્વામી શ્રદ્ધાનંદજી બાલ્યકાલ ઔર યૌવનાવસ્થા કે કુછ સમય તક કટ્ટર સનાતની થે; ઔર યદિ ઘટનાઓં કા પ્રવાહ ઉન્હેં ઇસ ઓર પ્રવાહિત ન કરતા તો બહુત સંભવ થા કિ સ્વામીજી કા આદર્શ ત્યાગ એવં ઉનકી અદ્ભુત શક્તિ આજ કિસી દૂસરે ઉદ્દેશ્ય કી પૂર્તિ કે સાધન મેં હી લગા ગઈ હોતી. જિન દિનોં મુન્શીરામજી બનારસ મેં અધ્યયન કરતે થે, ઉસ સમય નિત્ય ગંગા-સ્નાન તથા પ્રાતઃ ઔર સાયંકાલ વિશ્વનાથજી કે મંદિર મેં દર્શન કરને જાતે થે; પર એક દિન ઐસી આશ્ચર્યજનક ઘટના ઘટી, જિસને ઇનકે જીવન-પ્રવાહ કો સર્વદા કે લિયે બદલ દિયા. ઇસ સમય

મુન્શીરામજી કી અવસ્થા લગભગ ૨૧ વર્ષ કી થી ઔર વે જયનારાયણ કૉલેજ મેં પઢતે થે. સંધ્યાસમય યે વિશ્વનાથજી કિ મંદિર મેં દર્શન કે નિમિત્ત ગએ થે. વે મંદિર મેં પ્રવેશ કરના હી ચાહતે થે કિ પૂજારીયોં ને ઉન્હેં રોક કર કહા કિ રીવાં કી મહારાની સાહિબા દર્શન કો ગઇ હૈં. જબતક વે દર્શન ન કર લેંગી, તબ તક આપ દર્શન નહીં કર સકતે. યદ્યપિ કોઈ સાધારણ વ્યક્તિ હોતા તો ઇન બાતોં કી પરવાહ ન કરતા, પર મુન્શીરામજી કે મસ્તિષ્ક મેં ઇસ ઘટના ને એક અશાંતિ પૈદા કર દી. ઇસસે ઉનકે કોમલ હૃદય કો બહુત ચોટ લગી ઔર દુઃખ એવં ક્ષોભ કે કારણ ઉન્હોંને સારી રાત નિરાહાર ઔર જાગકર હી બિતાઇ. ઉનકે મન મેં રહ રહ કે યહી પ્રશ્ન ઉઠતા થા—"ક્યા ભગવાન કી ઉપાસના મેં ભી ધની ઔર નિર્ધન કા ભેદ–ભાવ રહતા હૈ?" ઇસકી મીમાંસા વે સ્વયં ન કર સકે ઔર દૂસરે દિન જબ જયનારાયણ કૉલેજ કે પ્રિન્સિપાલ રેવરંડ એસ. ટી. લૂપોલ્ડ સે મિલે, તો ઉન્હોંને અપને તર્ક કી યુક્તિ સે ઇનકે હૃદયસ્થિત પ્રતિમા–પૂજન કે ભાવોં કો નિર્મૂલ કર દિયા. ઇનકા વિશ્વાસ હિંદૂ–ધર્મ સે જાતા રહા; પરંતુ ફિર ભી ઉનકી ધાર્મિક પ્રવૃત્તિ ને ઉનકે ભીતર એક કુહરામ મચા દિયા. ઉનકા ચિત્ત પરમ શાંતિ કી ઉપાસના કે લિયે ઉદ્વિગ્ન હો ઉઠા; પર શાંતિ કહાં થી? મુન્શી-રામજી ને દૂસરે ધર્મોં કે દ્વાર ખટખટાએ. ઉન્હોંને દેખા કિ ઇસ્લામ કે ભીતર ઉનકી વાંચ્છિત વસ્તુ કા અભાવ થા, ઇસાઇ–ધર્મ કે પ્રોટેસ્ટંટ સંપ્રદાયવાલોં સે મિલને પર ભી ઉન્હેં નિરાશ હી હોના પડા. ઇસકે પશ્ચાત્ એક રોમન કેથોલિક પાદરી સે ઉનકી મુલાકાત હુઇ. યે સજ્જન બડે હી ઉદાર, સહિષ્ણુ ઔર પવિત્ર આચરણ કે થે. ઇનકે આચરણ કા પ્રભાવ મુન્શીરામજી પર ઇતના અધિક પડા કિ વે ઇસા મસીહ કો મનુષ્યજાતિ કા ઉદ્ધારકર્તા સમઝને લગે ઔર ઉન્હોંને ઇસાઇ ધર્મ ગ્રહણ કરના નિશ્ચય કર લિયા. જબ કુછ ઠીક હો ગયા ઔર કેવલ યહી શેષ રહ ગયા થા કી ઉનકે બેપ્ટિઝમ લેને કી તિથિ નિશ્ચિત કર દી જાવે; ઇસ વિચાર સે વે એક દિન સંધ્યા કો ઉક્ત પાદરી મહોદય કે સ્થાન પર ગએ. પાદરી મહોદય કો અધ્યયન કે કમરે મેં ન પા કર વે ગૃહ કે ભીતર ગએ; પરંતુ વહાં એક નવયુવક પાદરી ઔર એક ઇસાઇ પ્રચારિકા કો પ્રણય–પાશ મેં આબદ્ધ દેખકર

ઉનકા હૃદય કાંપ ઉઠા! ઇસ ઘટના કા પ્રભાવ ઉનકે મસ્તિષ્ક પર ઇતિના અધિક પડા કિ ઉનકા વિશ્વાસ ઇસાઈ–ધર્મ સે જાતા રહા. વે સંસાર કે સારે ધર્મોં કો પાખંડ તથા મિથ્યાપૂર્ણ સમઝને લગે ઔર નાસ્તિકવાદ ને ઉનકે હૃદય મેં અપના સ્થાન બના લિયા. મુન્શીરામજી અબ કટ્ટર નાસ્તિક હો ગયે.

ઇસ સમય સે મુન્શીરામજી કે જીવન મેં એક વિચિત્ર પરિવર્તન હોને લગા; ઉનકી ધાર્મિકતા યૌવન કી ઉદ્દામ સ્વચ્છંદતા મેં પરિણત હો ગઇ. ઉનકા પ્રકૃત–ગુણ વ્યસન ઔર વિલાસ મેં વિલીન હો ગયા; પરંતુ ઉનકે ગુણોં કી યહ વિલીનતા અસ્થાયી થી, જિસકે ભીતર બલ, વીર્ય, ત્યાગ એવં ઉત્સાહ કા એક વિશાલ વિશ્વ છુપા થા! અસ્તુ.

હમ ઉપર કહ આઇ હૈં કિ મુન્શીરામજી કે અધ્યયનકાલ કા અધિકભાગ સ્વચ્છંદતા સે હી વ્યતીત હુઆ. ઇસકા કારણ યહ થા કિ ઇનકે પિતા સરકારી નૌકરી મેં રહને કે કારણ સર્વદા ઇનકો અપને સાથ નહીં રખ સકતે થે.ઔર ઇસ લિયે ઉનકા પૂર્ણ દબાવ ઇનિ પર નહીં પડ સકા. તત્પશ્ચાત્ મુન્શીરામજી કી ધાર્મિક પ્રવૃત્તિયોં કે પરિવર્તન ને ભી સહસા ઇન્હેં ઔર ભી સ્વચ્છંદ કર દિયા. ઐસી પરિસ્થિતિયોં મેં મનુષ્ય પ્રાયઃ કુસંગ મેં પડ જાતા હૈ. મુન્શીરામજી ભી ઇસકે અપવાદ ન થે. ફિર કયા થા? દુર્ગુણોં ને ઇન પર અપના અધિકાર જમાના આરંભ કર દિયા ઔર કુછ હી દિનોં મેં મુન્શીરામજી ભાંતિ–ભાંતિ કે આમોદ–પ્રમોદ મેં ઉલઝ ગએ. સિગરેટ, શરાબ, જુઆ આદિ ભિન્ન–ભિન્ન વ્યસનોં ને સ્વામીજી પર અપના આધિપત્ય જમા લિયા; પરંતુ ઉનકા નિકૃષ્ટ પતન ઉસ સમય હુઆ જબ કિ એક બાર ઉન્હોંને કામપ્રવૃત્તિયોં કે સામને અપની હાર માની! સ્વામીજી ને ઇસ સમય કી ઘટના કા સાફ સાફ વર્ણન અપની ‘ કલ્યાણ-માર્ગ કા પથિક’ નામક પુસ્તક મેં કિયા હૈ. ઇસ સમય ઇનકે વિવાહ કા પ્રબંધ હોને લગા. મુન્શીરામજી કો વિવાહ કા શુભ સમાચાર સુન કર બડી પ્રસન્નતા હુઇ; કયોંકિ ઉન્હોંને સોચા થા કિ વિવાહ કે પશ્ચાત્ વે અપની અવસ્થા સુધાર સકેંગે. ઇસ બાતસે યહ સ્પષ્ટ પ્રકટ હોતા હે કિ નૈતિક પતન મેં ભી ઉનકે ભીતર સુધાર કી શક્તિયોં કામ કર રહી થીં; ઔર યૌવન કી ઉદ્ધત પ્રવૃત્તિયોં ઉનમેં અસ્થાયી પતન કો ભલે હી આવિર્ભૂત કર દેં; પરંતુ પતન કી ઉસ

ઉપહાસાસ્પદ લીલાઓં મેં ભી આત્મિક ઉદ્ધાર કી સહજ ઔર નૈસર્ગિક ઉત્કંઠા વિદ્યમાન થી. અંત મેં ઉનકા વિવાહ હો ગયા; ઈસ વિવાહ સે ઉન્હેં બડી નિરાશા હુઈ. ક્યોંકિ ઉનકી આશા કે વિપરીત ઉનકી ધર્મપત્ની એક પૂર્ણયૌવના રમણી ન હો કર, કેવલ ૧૨ વર્ષ કી એક છોટી બાલિકા થીં. વહ સાંસારિકતા કે જ્ઞાન સે અપરિચિત ઔર દાંપત્ય-ભાવ સે પૂર્ણ અનભિજ્ઞ થીં. મુન્શીરામજી કા હૃદય દાંપત્ય જીવન કી પ્રબલ ઉત્કંઠા સે લાલાયિત થા. પત્ની કે મધુર આલિંગન કી સુખદ લાલસા સે ઉનકા ચિત્ત આકુલ થા; પરંતુ વિવાહ હોને પર જબ ઉન્હોંને યહ દેખા કી ઉનકી બાલિકા–પત્ની ઉનકી ભિન્નભિન્ન દાંપત્ય–પ્રેરણાઓં કો સંતુષ્ટ કરને મેં એકાંત અયોગ્ય તથા ઉનકે પૂર્ણ પુરુષત્વ કો, અલ્પાયુ હોને કે કારણ અપના વિકસિત સ્ત્રીત્વ નિછાવર કરને સે સર્વદા અસમર્થ થીં; તો ઉનકી સારી સંચિત આશાઓં પર પાની ફિર ગયા! ઈસકે પશ્ચાત્ દો વર્ષ કી અવધિ અર્થાત્ જબ તક કી ઉનકી બાલિકા–પત્ની ૧૪ વર્ષ કી ન હુઇ, ઉનકે લિયે એક અસહ્ય પ્રતીક્ષા કા સમય થા. સ્વામીજી ને લિખા હૈ કી યહ સમય મેરે જીવન કા અંધકારમય યુગ થા. ઈસકે પશ્ચાત્ ઉનકે હૃદય મેં અપની સ્ત્રી કો પઢાકર શિક્ષિતા બનાને કા વિચાર ઉત્પન્ન હુઆ, પરંતુ થોડે દિનોં કે હી સહવાસ મેં વે ઈસ બાત કો ભલીભાંતિ જાન ગયે કી અપની ધર્મપત્ની કો શિક્ષિત કર અપને યોગ્ય બનાને કે પહિલે ઉન્હેં અપને આચરણ કો ઠીક કર સ્વયં ઉનકે યોગ્ય બનાના હોગા. એક રાત કો વે બહુત વિલંબ સે ઘર લૌટે. ઉસ સમય વે શરાબ કે નશે મેં ચૂર થે. ઉનકા નૌકર બડી કઠિનાઈ કે સાથ ઉન્હેં ઉનકે કમરે મેં લે ગયા. કમરે મેં પ્રવેશ કરતે હી વે બહુત જોરસે વમન કરને લગે. ઉનકી ધર્મપત્ની ને ઉસ સમય ઉનકે નષ્ટ કપડોં કો હટા કર ઉન્હેં અપને સહારે બિછાવન પર લિટાયા ઔર ઉનકી સેવા કરને લગીં. વે બહુત દેર અર્ધ–ચેતનાકી અવસ્થા મેં રહે ઔર જબ ઉન્હેં ચેતના હુઈ તો દેખા કી ઉનકી સ્ત્રી પાસ બૈઠી હુઈ ઉનકી સેવા કર રહી હૈં. પતિ કે ભોજન ન કરને કે કારણ ઉન્હોંને ભી ઉસ રાત કો અન્નગ્રહણ નહીં કિયા. મુન્શીરામજી કો અપની દશા પર લજ્જા આઇ ઔર ઉન્હોંને અપની અવસ્થા સુધારને કા નિશ્ચય કિયા. ઉનકા મ્લાન મુખ પત્ની સે ન દેખા ગયા ઔર ઉન્હોંને પતિ સે

ઉદાસી કા કારણ પૂછા. મુન્શીરામજી ને સ્પષ્ટ રૂપ સે કહ દિયા કિ શરાબવાલે કા ઋણ ચૂકાને કે લિયે ઉનકે પાસ રૂપયા નહીં હૈ. યહ સુનતે હી પત્ની ને ઝટ અપને સુનહલે કંકણોં કો ઉનકી સેવા મેં અર્પિત કર કહા કિ ઇસે બેંચ કર રૂપયે અદા કર દીજિયે. પહિલે તો મુન્શીરામજી ઇસ બાત પર પ્રસ્તુત નહીં હુએ, પર પત્ની કે બહુત આગ્રહ સે ઉનકી બાતેં માન લીં. પત્ની કી ઇસ ભક્તિ ઔર પ્રેમ કો દેખકર ઉન્હોંને અપને સારે પૂર્વ અપરાધોં કો ઉનસે કહ દિયા ઔર અપને આચરણ કો સુધાર કર ઉનકે યોગ્ય બનાને કા પ્રણ કિયા. ઇસ પર ઉનકી ધર્મપત્ની ને એક આદર્શ હિંદુ-રમણી કી તરહ કહા કિ આપ અપની બુરાઇયોં કો સુનનેકી જ્ઞાન દે કર મુઝે ક્યોં પાપી બના રહે હૈં ? આપ મેરે સ્વામી હૈં. મેરા કર્તવ્ય કેવલ આપ કી સેવા કરના હી હૈ. ઉસ સમય રજની કી એકાંત નિઃસ્તબ્ધતા મેં મુન્શીરામજી ને અપની પુણ્યમયી પત્ની કા સચ્ચા સ્વરૂપ દેખા ! વહ વાસ્તવિક મિલન કી સુખદાયિની રાત્રિ થી ! વહ મિલન કા શુભ મુહૂર્ત થા, જબ કિ ભાવ ભાવ મેં છૂપ જાતે હૈં, જબ કિ કલ્પના કલ્પના મેં ડૂબ જાતી હૈ, જબ કિ વિચાર વિચાર મેં અંતર્હિત હો જાતે હૈં ઔર જબ કિ પતિ-પત્ની અપને કો એકદૂસરે મેં આત્મવિસ્મૃત કર તન્મય હો જાતે હૈં. ઇસ તન્મયતા મેં એક અદ્ભુત આહ્લાદ આર વિચિત્ર પવિત્રતા રહતી હૈ ઔર ઇસ પવિત્રતા મેં પુણ્ય કી પ્રોજ્જ્વલ રશ્મિયોં પાપ કી દૂષિત ભાવનાઓં કા નાશ કર દેતી હૈં ! મુન્શીરામજી ને દેખા કિ ઉનકી ધર્મપત્ની કે સતીત્વ કા અનંત પુણ્ય ઉનકી પતિત આત્મા કો ઉઠાને મેં પૂર્ણરૂપેણ સમર્થ હૈ ! ઉસ દિન સે ઉનકે જીવન મેં એકરૂપસે વિચિત્ર પરિવર્તન હોને લગા ! ઉત્કર્ષ કા બીજ ઉસ શુભ ઘડી મેં હી બોયા ગયા થા જો કિ ગત ૧૯૨૬ ઇ૦ કી ૨૩ વીં દિસંબર કો એક બૃહદ્ વૃક્ષ કે રૂપ મેં ધર્મવેદી પર બલિદાન હો ગયા ! યહાં ઇસ બાત પર ધ્યાન દેના અત્યંત આવશ્યક હૈ કિ મુન્શીરામજી કે આત્મિક સુધાર કા અધિકાંશ શ્રેય ઉનકી આદર્શ ધર્મપત્ની કો હૈ !

ઇન્હીં દિનોં બરેલી મેં ઉનકી સ્વામી દયાનંદ સે મુલાકાત હુઇ. સ્વામી દયાનંદ ઇસ સમય બરેલી મેં વ્યાખ્યાન દેને આએ થે. મુન્શીરામજી પર ઉનકે વ્યાખ્યાન ઔર વ્યક્તિત્વ કા પ્રભાવ બહુત હી અધિક પડા; પરંતુ ફિર ભી ઉન્હેં ઇશ્વિર કે અસ્તિત્વ

પર વિશ્વાસ ન હુઆ. એક દિનસંધ્યાસમય ઉન્હોંને સ્વામી દયાનંદ સે ઇસ વિષય પર કઇ પ્રશ્ન કિયે, જીનકા સ્વામીજી ને ભલીભાંતિ ઉત્તર દિયા. ઈસ પર મુન્શીરામજી ને કહા કિ–" સ્વામીજી! યદ્યપિ આપને મુઝે અપની અપાર વિદ્યા સે મૂક કર દિયા હૈ, તથાપિ મુઝે ઈશ્વર કે અસ્તિત્વ પર વિશ્વાસ ન હુઆ." ઉત્તર મેં સ્વામી દયાનંદ ને મુસ્કુરાતે હુએ કહા–" તુમને જો પ્રશ્ન કિયે ઉન કે મૈંને ઉત્તર દે દિયે હૈં. મૈં ને તુમ્હેં આસ્તિક બના લેને કા બચન નહીં દિયા થા. યહ તો તભી હોગા જબ કિ પરમાત્મા કી ઇચ્છા હોગી." સ્વામી દયાનંદ તો બરેલી સે ચલે ગયે, પર મુન્શીરામજી પર અપના બહુત હી અધિક પ્રભાવ છોડ ગએ. ઇસ સમય ઉનકી અવસ્થા ૨૩ વર્ષ કી થી. ઉનકા આત્મિક સુધાર આરંભ હો ગયા, પર વે કુછ વર્ષોં કે પશ્ચાત્ આર્યસમાજ કે સદસ્ય હોને પર હી પૂર્ણ રીતિ સે સુધર સકે.

મુન્શીરામજી કે પિતા કી યહ ઇચ્છા થી કિ ઉન્હેં કોઇ સરકારી નૌકરી મિલ જાય. અંત મેં પિતા કે પ્રયત્નોં સે ઉન્હેં બરેલી જીલે મેં તીન મહીને કે લિયે નાયબ તહસીલદારી મિલ ભી ગઇ. તહસીલદાર મહોદય ઇનકે પિતા કે મિત્ર થે, અતઃ ઇનકા સમય નૌકરી મેં સુખ સે વ્યતીત હોને લગા; પરંતુ અભી તીન મહીને કી અવધિ પૂરી ભી ન હુઇ થી કિ એક અરુચિકર ઘટના ઉપસ્થિત હો ગઇ. બરેલી સે આઠ–દસ મીલ કી દૂરી પર સે હોતી હુઇ એક અંગ્રેજી સેના કહીં જાનેવાલી થી. રાત કો નિશ્ચિત પડાવ પર રસદ આદિ કે પ્રબંધ કરને કા ભાર ઇન પર સોંપા ગયા. યે ઉસ સ્થાન પર એક જમાદાર, ચપરાસી ઔર કુછ દુકાનદારોં કે સાથ ગએ. વહાં જાને પર એક દુકાનદાર ને ઇનસે શિકાયત કી કિ એક સૈનિક બિનામૂલ્ય દિયે હી દુકાન સે સારા અંડા ઉઠા લે ગયા હૈ. મુન્શીરામજી ને શીઘ્ર હી કર્નલ કે પાસ ઇસ બાત કી સૂચના દી ઔર કહા કિ યદિ ગરીબ દુકાનદાર કો પાઈ–પાઇ ચૂકા ન દિયા જાવેગા, તો મૈં દુકાનદારોં કે સાથ લૌટ જાઉંગા. કર્નલ ને ઇસ પર ચીઢ કર કહા–"ઇસ કાર્ય સે તુમ સંકટ મેં પડોગે. તુમ્હારી ઇસ ધૃષ્ટતા કા કયા મતલબ હૈ?"

સ્વાભિમાની મુન્શીરામજી ને કહા–" મૈં યહ અપમાન નહીં સહ સકતા. મૈં અપને આદમિયોં કે સાથ વાપસ લૌટ રહા હું. તુમ્હેં જો કુછ કરના હૈ, કરો!"

અપને કથનાનુસાર મુન્શીરામજી વહાં સે શીઘ્ર હી વાપસ લૌટ ગએ. દૂસરે દિન પ્રાતઃકાલ મુન્શીરામજી કલકટર સે જા મિલે. કર્નલ ભી વહાં ઉપસ્થિત થા. ઉસને કલકટર સે પહલે હી શિકાયત કર દી થી. કલકટર ને મુન્શીરામજી સે પૂછા કિ આપને કર્નલ કો ક્યોં અપમાનિત કિયા હૈ ? ઇસ પર ઉન્હોંને કલકટર કો એક સચ્ચી ઘટના કી લિખી રિપોર્ટ દી, જો કિ રાત કો ઉન્હોંને તૈયાર કી થી. સારાંશ યહ કિ મુન્શીરામજી કે વિરુદ્ધ કોઇ કાર્યવાઈ ન કી ગઇ ઔર ઉન્હોંને પ્રતિષ્ઠા કે સાથ તીન મહીને કી નૌકરી સમાપ્ત કી. ઇસકે પશ્ચાત્ ઉન્હોંને કભી ભી સરકારી નૌકરી ન કરને કા નિશ્ચય કિયા; પરંતુ અભી ઉનકે પિતા કે હૃદય મેં ઉનકે લિયે બડી બડી આશાએં થી. ઉન્હોંને બૉર્ડ ઑફ રેવેન્યુ કે સીનિયર મેમ્બર કે પાસ ઇનકી નૌકરી કે લિયે પ્રયત્ન કિયા. યે સજ્જન પહિલે પુલીસ-વિભાગ કે ઇન્સ્પેક્ટર જનરલ રહ ચૂકે થે ઔર મુન્શીરામજી કે પિતા કો બહુત ચાહતે થે. ઉન્હોંને મુન્શીરામજી કો ડિપ્ટી કલકટરી કી જગહ દેને કા વચન દિયા. મુન્શીરામજી ને સરકારી નૌકરી કે લિયે અપની અન્યમનસ્કતા પ્રકટ કી ઔર અંતિમ નિર્ણય કે લિયે દો મહીને કા સમય માંગા. સમય બીત જાને પર ઉન્હોંને અપને પિતા કી ઇચ્છા સે કાનૂન પઢ કર વકાલત કરને કા હી નિશ્ચય કિયા.

કુછ સમય તક ઘર પર રહકર સન્ ૧૮૮૧ ઇ૦ કે આરંભ મેં મુન્શીરામજી લાહૌર મેં વકાલત પઢને ગયે; પરંતુ વે વહાં કાનૂન સે અધિક સમય અંગ્રેજી ઉપન્યાસોં ઔર કવિતાઓં મેં વ્યય કરતે થે. વે ઘર કે કાર્યોં મેં અધિક વ્યસ્ત રહને કે કારણ કલાસ મેં અધિક ઉપસ્થિત ભી નહીં હોતે થે. પરિણામ યહ હુઆ કી નિશ્ચિત ઉપસ્થિતિ કમ હો જાને સે વે પ્રથમ વર્ષ પરીક્ષા મેં સંમિલિત ન હો સકે. દૂસરે વર્ષ સંમિલિત હુએ ભી તો અનુત્તીર્ણ રહે, ઇસ સમય ઉનકે પિતા સરકારી નૌકરી સે અવસર પ્રાપ્ત કર ચૂકે થે. મુન્શીરામજી ઉનકે સાથ ઘર પર રહને લગે. દૂસરે સાલ અર્થાત્ સન્ ૧૮૮૩ ઇ. સ. મેં ઉન્હોંને કેવલ મુખ્તારી પાસ કી. તત્પશ્ચાત્ ઉન્હોંને ફિલ્લૌર મેં મુખ્તારી આરંભ કર દી. આરંભ સે હી ઉન્હેં ઇસ કાર્ય મેં સફલતા મિલી ઔર વે જાલંધર ચલે ગએ. વકાલત કી પરીક્ષા ઉન્હોંને સન્ ૧૮૮૭

ઇ. મેં હી પાસ કર લી થી. આર્ય-સમાજ કી સેવા મેં અપના જીવન અર્પણ કરને કે પહિલે તક વે વહીં વકાલાત કરતે રહે.

લાહોર મેં વકાલત પઢને કે સમય મુન્શીરામજી કે જીવન મેં એક વિચિત્ર પરિવર્તન હો રહા થા. ઉન પર આર્ય-સમાજ ઔર બ્રહ્મ-સમાજ દોનોં હી સંપ્રદાયોં કા પ્રભાવ પડતા ગયા ઔર ઉન્હોંને ધીરે-ધીરે ઇનકી સારી ધાર્મિક પુસ્તકેં પઢ લીં. અંત મેં ઉનકી પ્રવૃત્તિ વિશેષકર આર્ય-સમાજ કી ઓર ઝુકી ઔર કુછ હી દિનોં મેં વે સમાજ કે એક ઉત્સાહી સદસ્ય હો ગએ. ઉસ સમય લાલા સાંઇદાસ આર્ય-સમાજ કે નેતા થે. વે બડે અનુભવી ઔર ઉત્સાહી પુરુષ થે. ઉન્હેં માનવ-ચરિત્ર કા અચ્છા પરિચય થા. ઉન્હોંને મુન્શીરામજી કો સમાજ મેં એક વ્યાખ્યાન દેને કા આગ્રહ કિયા. મુન્શીરામજી કા વ્યાખ્યાન બડા હી પ્રભાવશાલી થા. ઉન્હોંને અપને વ્યાખ્યાન મેં કહા કિ "આર્ય-સમાજીયોં મેં સિદ્ધાન્ત ઔર વ્યવહાર કી વિભિન્નતા નહીં હોની ચાહીએ; તથા વે હી મનુષ્ય આર્ય-સમાજ કા પ્રચારકાર્ય કરેં જો મન, વચન ઔર કર્મ સે આર્ય-સમાજ કે સિદ્ધાંતોં કા અનુકરણ કરતે હૈં. આર્ય-સમાજ કો ત્યાગી ઔર નિઃસ્વાર્થ પ્રચારકોં કી આવશ્યકતા હૈ, વેતન-ભોગિયોં કી નહીં. ઉનકા સંકેત ભજનોપદેશકોં સે થા. ઉસ સમય એક હી ભજનોપદેશક આર્યસમાજ, ધર્મસભા, દેવસમાજ આદિ ભિન્ન ભિન્ન સંસ્થાઓં સે વેતન પા કર ઉનકા પ્રચાર કરતા થા. ઉસ વ્યાખ્યાન કો સુનકર લાલા સાંઇદાસ ને કહા-" આજ આર્યસમાજ મેં એક નવજીવન કા સંચાર કિયા ગયા હૈ. દેખના હૈ, ઇસકા ક્યા પરિણામ હોગા." જાલંધર જા કર મુન્શીરામજી વહાં કે આર્યસમાજ કે પ્રધાન નિર્વાચિત હુએ. આર્યસમાજ કે પ્રભાવ મેં ઉન્હોંને માંસ, મદિરા આદિ દુર્વ્યસનોં કો શીઘ્ર હી છોડ દિયા.

મુન્શીરામજી બડે હી દૃઢ વિચાર કે મનુષ્ય થે. વે જિસ વસ્તુ કો સત્ય ઔર યથાર્થ સમઝ કર એક વાર અપના લેતે થે, ઉસકે ગ્રહણ કરને મેં બહુત સાહસ ઔર તત્પરતા દિખલાતે થે. એક વાર ઉનકી કઠિન પરીક્ષા કા સમય આયા. વે અપને પિતાજી કે સાથ ઘર પર થે, પિતા ને ઉન્હેં એકાદશી કે દિન બ્રાહ્મણોં કો કુછ સંકલ્પ કર કે દાન દેને કો કહા. મુન્શીરામજી અપને પિતા કા હૃદય નહીં દુખાના ચાહતે થે. ઈસ લિયે ઉન્હોંને ઇધર

ઉધર કી બાતોં મેં ઉસ પરામર્શ કો ટાલના ચાહા. વૃદ્ધ પિતા ને બાત તાડ કર ઉનસે સાફસાફ પૂછાઃ—"આખિર બાત ક્યા હૈ? ક્યા તુમ્હેં એકાદશી ઔર બ્રાહ્મણોં મેં વિશ્વાસ નહીં હૈ? મૈં તુમસે ઇસકા સ્પષ્ટ એવં નિઃસંકોચ ઉત્તર ચાહતા હૂં." ઇસ પર મુન્શીરામજીને કહા—"પિતાજી! મુઝે બ્રાહ્મણોં મેં પૂર્ણ વિશ્વાસ હૈ, પરંતુ જિન બ્રાહ્મણોં કો આપ દાન દેને કે લિયે મુઝે આજ્ઞા દેતે હૈં, વે મેરી દૃષ્ટિ મેં સચ્ચે બ્રાહ્મણ નહીં હૈ. ઇસકે અતિરિક્ત મૈં એકાદશી કો વિશેષ મહત્ત્વ નહીં દેતા." પુત્ર કી બાતોં સે પિતા કા હૃદય બહુત હી વ્યથિત હો ઉઠા, ઉન્હોંને કહાઃ—"મુઝે તુમસે બડી આશા થી. ક્યા મેરા યહી યથાર્થ બદલા હૈ? બહુત અચ્છા, તુમ્હારી જૈસી મરજી!" ઉસ દિન મુન્શીરામજી બહુત દુઃખી રહે. ઉનકે મસ્તિષ્ક મેં એક અનોખા સંઘર્ષ હો રહા થા. એક ઓર ધર્મ કા સત્ય સિદ્ધાંત થા ઔર દુસરી ઓર થી પિતા કી આજ્ઞા. વે એક વિચિત્ર ઉલઝન મેં પડ ગયે. ઉનકી આત્મા મેં એક વેદના થી, પરંતુ ઇસ વેદના કા અંત યહીં તક ન હુઆ. અભી ઉનકે વ્યવહારોં સે પિતા કો ઔર ભી દુઃખી હોના બદા થા. જાલંધર જાને કે સમય વે અપને પિતા કે કમરે મેં ઉનકી આજ્ઞા ઔર આશીર્વાદ પાને કી ઇચ્છા સે ગયે. પિતા ને પુત્ર કો આશીર્વાદ દિયા, પર સાથ હી અપની હાર્દિક ઇચ્છા પ્રકટ કી કિ વે જાને કે પહિલે મંદિર મેં જા કર ભગવાન કા દર્શન કર લે. મુન્શીરામજીને કહાઃ "પિતાજી! આપ જાનતે હી હૈં કિ મૈં મૂર્તિપૂજા મેં વિશ્વાસ નહીં કરતા, ઇસ દશા મેં મૈં અપની આત્મા કે વિરુદ્ધ કોઈ કાર્ય નહીં કર સકતા. હાં, સાંસારિક બાતોં મેં મૈં સર્વદા આપ કી આજ્ઞા શિરોધાર્ય કરુંગા." પિતા કે હૃદય મેં મુન્શીરામજી કી બાતોં સે બડી ચોટ લગી. ઉન્હોંને કહાઃ–"ક્યા તુમ્હારા યહ વિશ્વાસ હૈ કિ હમારે દેવતાગણ નિરે પથ્થર કી મૂર્તિ હૈ?" ઇસ પર મુન્શીરામજી ને કહાઃ "પિતાજી! મૈં ઇસ સંસાર મેં પરમાત્મા કે બાદ આપ કી હી પ્રતિષ્ઠા કરતા હૂં ઔર આપ જો કુછ ભી મુઝે આજ્ઞા દેંગે, મૈં ઉસે પૂરા કરને કે લિયે બાધ્ય હૂં, પર ક્યા આપ ચાહતે હૈં કિ આપકે લડકે ઝૂઠે હોં?" ઇસ પર પિતા ને કહાઃ "કૌન અપને લડકોં કો ઝૂઠા બનાના ચાહેગા?" મુન્શીરામજી ને કહાઃ–"ફિર ઇસકા ક્યા અર્થ હૈ કિ મૈં ઉન પ્રતિમાઓં કી પૂજા કરું, જિન

મેં મેરા વિશ્વાસ નહીં હૈ?" ઇસ પર પિતા ને એક ઠંડી સાંસ લેકર કહાઃ–" આજ મુઝે માલૂમ હો ગયા કિ મરને પર કોઇ મેરા શ્રાદ્ધ ઔર તર્પણ ભી નહીં કરેગા!" જૈસી પરમાત્મા કી માયા............! અચ્છા, ઈશ્વર તુમ્હારા ભલા કરે, તુમ સુખ-પૂર્વક જાઓ!" મુન્શીરામજી ને પિતા સે નમસ્તે કર જાલંધર કી યાત્રા કી; પર ઉનકે હૃદય પર એક ભારી બોઝ થા. ઉનકે મસ્તિષ્ક મેં શાંતિ ન થી! રાસ્તે મેં ઉન્હોંને સોચા કી યદિ મૈં પિતા કા મૃત્યુ કે બાદ ઉનકા શ્રાદ્ધ ઔર તર્પણ નહીં કર સકતા તો ઉનકી સંપત્તિ પર મેરા તનિક ભી અધિકાર નહીં. જાલંધર પહુંચતે હી ઉન્હોંને પિતા કે પાસ ઇસ સંબંધ કા એક અત્યંત મર્મ-સ્પર્શી પત્ર લિખા ઔર સાથ હી ઇસ બાત કા ભી ઉલ્લેખ કર દિયા કિ પ્રત્યેક સાંસારિક બાત મેં મૈં આપકી આજ્ઞા કે અનુસાર હી અપના આચરણ કરુંગા. પિતા કા હૃદય પુત્ર કે ઇસ પત્ર સે પીગલ ગયા ઔર ઉન્હોંને પુત્ર કી બાતોં સે અપના પૂર્ણ સંતોષ પ્રગટ કિયા. ઇસસે મુન્શીરામજી કી આત્મા કો કુછ શાંતિ મિલી; પર ઇન્હેં સબસે અધિક આનંદ ઉસ સમય હુઆ, જબ કિ ઇનકે પિતા ને સ્વયં હી મૃત્યુ કે પહિલે આર્યસમાજ કી દીક્ષા ગ્રહણ કી. તત્પશ્ચાત્ પિતા કે જીવન મેં સહસા એક પરિવર્તન હો ગયા ઔર વે મુન્શીરામજી કે સમાજસંબંધી કાર્યોં કો શ્રદ્ધા કી દૃષ્ટિ સે દેખને લગે.

અપની મૃત્યુ કે કુછ પહિલે ઉન્હોંને એક વસિયતનામા લિખા થા, જિસમેં અપની સંપત્તિ કા અધિક ભાગ મુન્શીરામજી કે નામ લિખ દિયા. યહ દેખ કર મુન્શીરામજી ને અપને શેષ તીનોં ભાઇયોં કી ઓર પિતા કા ધ્યાન આકર્ષિત કિયા ઔર પ્રાર્થના કી કિ ઉનકા અધિકાર ઉન્હેં મિલના ચાહીએ. ઇસ પર પિતા ને ઉનસે અપની ઇચ્છા પ્રકટ કી કિ મેરી સંપત્તિ ધાર્મિક ઔર પુણ્ય-કાર્યોં મેં હી વ્યય કી જાય ઔર મૈં ઇસ કાર્ય કે લિયે સબ સે અધિક યોગ્ય તુમ્હેં હી સમઝ કર અપની સંપત્તિ તુમ્હેં સૌંપતા હૂં. યહાં ઇસ બાત કે કહને કી આવશ્યકતા નહીં કિ મુન્શીરામજી પિતા કે ઇસ પ્રસ્તાવ પર સહમત નહીં હુએ ઔર ઉન્હોંને પિતા સે ઇસ બાત કા આગ્રહ કિયા કિ વે અપની સંપત્તિ કો બરાબર હી ચારોં પુત્રોં મેં વિભક્ત કરેં. સાથ હી ઉન્હોંને પિતા કો ઇસ બાત કા વિશ્વાસ દિલાયા કિ મૈં આપકી ઇચ્છાનુસાર

અપને ભાગ કા તથા અપના ઉપાર્જિત ધન કા વ્યય કરુંગા. ઇસ બાત કો ઉન્હોંને અંત તક નિબાહા.

પિતા કી મૃત્યુ કે પશ્ચાત્ મુન્શીરામજી ને અપના અધિક સમય આર્ય-સમાજ કે કાર્યોં મેં વ્યતીત કરના આરંભ કર દિયા. ઉનકી અધ્યક્ષતા મેં જાલંધર આર્ય-સમાજ (પંજાબ) કી ગિનતી પ્રાંત કે સર્વશ્રેષ્ઠ, પ્રસિદ્ધ ઔર ઉપયોગી સંસ્થાઓં મેં હોને લગી. ઉન્હોંને અત્યંત પરિશ્રમ કે સાથ પ્રચાર-કાર્ય કિયા ઔર ભિન્ન-ભિન્ન સ્થાનોં મેં આર્ય-સમાજ સ્થાપિત કિયે. ઉન્હોંને ધાર્મિક સાહિત્ય પઢને કે નિમિત્ત સંસ્કૃત અધ્યયન કિયા. આવશ્યકતા પડને પર વે શાસ્ત્રાર્થ મેં ભી ભાગ લેતે થે. એક બાર ઉન્હોંને દેખા કિ કુછ સનાતની પત્રોં ને શાસ્ત્રાર્થ મેં ઉનકે દ્વારા કિયે ગએ તર્કોં કો વિપરીત ઢંગ સે પ્રકાશિત કર અર્થ કા અનર્થ કર દિયા હૈ. ઇસ દશા મેં સામાજિક એવં ધાર્મિક સિદ્ધાંતોં કે પ્રચાર કે લિયે એક પત્ર કી આવશ્યકતા કા પૂર્ણ અનુભવ કરતે હુએ ઉન્હોંને 'સદ્ધર્મ-પ્રચારક' નામક એક હિંદી સાપ્તાહિક પત્ર નિકાલા. ઇસ પત્ર કે દ્વારા સમાજ-સુધાર મેં બડી સહાયતાએં મિલીં. ઉસ સમય જાલંધર મેં કેવલ એક કન્યા-પાઠશાલા થી, જિસકા સંચાલન ઇસાઇયોં કે દ્વારા હોતા થા. ઉસ મેં લડકિયોં કો ઐસી દૂષિત શિક્ષા દી જાતી થી, જિસસે ઉનકે હૃદય મેં હિંદુ-ધર્મ કે વિરુદ્ધ ઘૃણા ઉત્પન્ન હોં. મુન્શીરામજી કે લિયે યહ બાત અસહ્ય થી. ઉન્હોંને શીઘ્ર હી એક કન્યા-વિદ્યાલય સ્થાપિત કિયા. આજ જાલંધર કા પ્રસિદ્ધ કન્યા-મહાવિદ્યાલય ઉસી કા વિકસિત રૂપ હૈ. ઇધર ઉનકી વકાલાત ભી બહુત અચ્છી તરહ જમ રહી થી ઔર આર્ય-સમાજ કી સેવા કે લિયે વકાલાત છોડને કે સમય યે જાલંધર નગર કે અત્યંત પ્રસિદ્ધ ઔર અચ્છે વકીલ થે. સન ૧૮૯૧ ઇ૦ મેં ઇનકી ધર્મપત્ની શિવાદેવીજી દો પુત્ર ઔર દો પુત્રીયોં કો છોડ કર ઇસ અસાર સંસાર સે ચલ બસી! ઇસ પારિવારિક દુર્ઘટના ને મુન્શીરામજી કો અત્યંત શોકાતુર કર દિયા. યે શિવાદેવી કો બહુત હી અધિક પ્યાર કરતે થે! યે બાતેં સ્વામી શ્રદ્ધાનંદજી કે અતીત જીવન કી કુછ સ્મૃતિયાં હૈં. ઇસકે બાદ ઉનકા જીવન સાધારણતઃ સબ લોગ જાનતે હી હૈં. હાં, પ્રસંગવશ ઇતના કહ દેના આવશ્યક હૈ કિ મુન્શીરામજી હી ને સન૧૯૦૨ ઇ૦ મેં ગુરુકુલ કાંગડી કો સ્થાપિત કિયા થા ઔર ઇસ

સંસ્થા કો સફલીભૂત બનાને કે લિયે ઉન્હોંને અપની વકાલત છોડકર અપની સારી સેવા ઉસમેં કેન્દ્રીભૂત કર દી. સન ૧૯૧૭ ઇ૦ મેં મહાત્મા મુન્શીરામજી ને સંન્યાસ–આશ્રમ મેં પ્રવેશ કિયા ઔર સ્વામી શ્રદ્ધાનંદ કે નામ સે અભિહિત હુએ. તત્પશ્ચાત્ સન ૧૯૧૮ ઇ૦ મેં આર્ય–સમાજ–ભવન સંબંધી ઝગડે મેં સત્યાગ્રહ કે નિમિત્ત ધૌલપુર જાના, સન ૧૯૧૯ ઇ૦ મેં મહાત્મા ગાંધી કે સત્યાગ્રહ આંદોલન મેં સંમિલિત હોના, દિલ્હી મેં સરકારી ફૌજાં કી ઉઠી હુઇ સંગીનોં કે સમ્મુખ છાતી ખોલ કર અડ જાના, સન ૧૯૨૨ ઇ૦ મેં અકાલી સત્યાગ્રહસંબંધી વ્યાખ્યાન દેને કે કારણ કૈદ હોના આદિ બાતેં પ્રાયઃ સર્વસાધારણ કો ભલી–ભાંતિ વિદિત હૈ. સ્વામીજી કે અંતિમ દિન શુદ્ધ–સંગઠન ઔર દલિતોદ્ધાર કે પવિત્ર કાર્યોં મેં વ્યતીત હુએ. ઇસ કારણ અધિકાંશ મુસલમાનો ને ઇનકે વિરુદ્ધ ઘૃણા ઔર દ્વેષ કે ભાવ ફૈલાના શુરુ કિયા. ઉનકે પાસ ઇસ આશય કી બહુત સી ગુમનામ ચિઠ્ઠિયાં આને લગીં કિ તુમ યદિ શુદ્ધિ ઔર સગંઠન કા કાર્ય ન છોડોગે તો માર ડાલે જાઓગે; પર સ્વામીજી ઇન કીડોં કી બાતોં કી પરવાહ ન કર અપને પવિત્ર કાર્ય મેં આગે બઢતે હી ગએ. અંત મેં અચાનક વે બીમાર પડ ગએ. ડોકટરોં ને રોગ કો ન્યુમોનિયા બતલાયા. રોગ કી અવસ્થા મેં અત્યંત દુર્બલ હો કર સ્વામીજી અપને બિસ્તરે પર લેટે થે, ઇસ દશા મેં એક બદજાત ને અપની શૈતાની હરકતોં સે કિસ ભાંતિ ઉન પર કાયરતાપૂર્ણ આક્રમણ કિયા, ઇસ બાત કો લોગ જાનતે હી હૈં !

આજ સ્વામીજી કા શરીર હમારે સાથ નહીં હૈ, પરંતુ ઉનકા અત્યંત પવિત્ર આત્મા હમારી અભાગી જાતિ કી ચિર–નિદ્રા તોડને મેં નિશ્ચય હી સમર્થ હોગી ! સ્વામીજી કે પ્રત્યેક રક્ત-બૂંદ સે એક એક લાખ શ્રદ્ધાનંદ ઉત્પન્ન હોંગે. વહ દિન દૂર નહીં હૈ કિ વિશાલ હિંદુ–જાતિ અપની બિખરી હુઇ શક્તિયોં કો એકત્રિત કર પૂર્ણ શક્તિશાલી હોગી; પરંતુ ઇસકે લિયે ત્યાગી, વીર ઔર સાહસી લોગોં કી આવશ્યકતા હૈ. આજ યદિ એક હજાર હિંદુ યુવક ઔર નવયુવતિયાં ધર્મ ઔર દેશ કે ચિર–કલ્યાણ કે નિમિત્ત શુદ્ધિ, સંગઠન ઔર અછૂતોદ્ધાર મેં લગ જાય, તો નિશ્ચય હી હમારા ઉદ્ધાર હો સકતા હૈ !

(‘ચાંદ’ના એક અંકમાંથી)

૩૭—પંજાબકેસરી લાલા લજપતરાય

(લેખકઃ—શ્રી. કકલભાઇ કોઠારી)

નિશ્ચેતનોમાં નવચેતના સંચારનારી રણભેરીનું રણગાન પૂરું થયું........પણ એના પ્રેરક સૂરના દિગન્તવ્યાપી પડઘા ગિરિઓ ને ગહ્વરો, અરણ્યો ને વનરાઇઓ, નદીતીરો ને જનપદો મધ્યે હજી ગાજીજ રહ્યા છે ! હજી એ રણભેરી બજે છે! નવચેતનાનો મંત્ર ગુંજે છે! એ રણભેરી અમર છે!

× × × ×

હિમાલયના હિમશ્વેત ગૌરીશંકર સમા ઉન્નત ગિરિશૃંગ ઉપર ઊભીને, પચાસ પચાસ વર્ષ સુધી, એકજ સૂરે અવિરામ રણભેરી બજાવનાર એ જોદ્ધો પડયો. નરોમાં નરોત્તમ, પુરુષોમાં પુરુષસિંહ, યોદ્ધાઓમાં યોદ્ધાવર, શહીદોમાં શહીદ–શિરોમણિ–નરકેસરી લજપતનો દેહ પડયો !

આજથી ત્રેસઠ વર્ષ પૂર્વે પંજાબના એક અજાણ્યા ગામમાં જન્મેલા એ હિંદી પુત્રમાં એવું કયું અદ્‌ભુત તત્ત્વ હતું કે, આજની જુવાન પેઢીનો જ્યારે જન્મ પણ નહોતો થયો તે કાળમાં, સને ૧૯૦૫–’૦૬ ના કાળમાં, જ્યારે “વંદેમાતરમ્‌” નો ઉચ્ચાર એ ભયંકર ગુન્હો ગણાતો અને હિંદી રાષ્ટ્રવાદનાં કિરણો હજી મુંબાઇ–કલકત્તાસમાં નગરોની મોટી મોટી મહેલાતોની અટારીઓનેજ અજવાળતાં હતાં ત્યારે, કાઠિયાવાડનાં નાનાં નાનાં ગામડાંઓમાં ચુસ્ત સનાતની બ્રાહ્મણો પણ પ્રતિદિન પ્રભાતે શિવપૂજાની સાથે આ નરવીરની અને તિલક મહારાજની છબીની અનન્ય ભક્તિભાવપૂર્વક પૂજા કરતા ! પંજાબના એ નરે હિંદુસ્તાનના ખૂણેખૂણાનાં ગામ–ગામડાંમાં વસતા સામાન્ય ગામડિયાઓનાં દિલ ઉપર, આજથી એક આખી પચ્ચીસી પહેલાં એવું કયું કામણ કર્યું હતું કે, આ વિદેશી સરકારના વહીવટદારો તેને પકડીને માંડલેના કિલ્લાને માર્ગે લઇ જતા હતા ત્યારે—

“લાલાજી હીરો હિંદુસ્તાનનો, પાપીએ નાખ્યો કેદ જી !”

એવી પુણ્યપ્રકોપથી ભભૂકતી લોકકવિતામાં લોકહૃદયની પ્રેમલાગણી આવો પારદર્શક આવિર્ભાવ પામતી? દેશને ચરણે જિંદગીની પળેપળ અર્પી દઇ નરસિંહ લજપતરાયે નિજના ચા-

ચિત્રબળથી, નિજની નિર્ભયતાથી, નિજના સિંહ–સ્વભાવથી, હિંદની પ્રજાનાં માન આજસુધી કદાચ કોઈ પુરુષે જીત્યાં નથી એવાં જીત્યાં હતાં.

સત્તાવન–અઠ્ઠાવનનો બળવો બુઝાયા પછી સાત વર્ષે, એ બળવા વેળા પ્રગટેલા હિંદના આત્મતત્ત્વના અવતારસમો લજપત ઇ.સ.૧૮૬૫માં પંજાબના લુધિયાણા જિલ્લાને ખૂણે જગરાન નામના નાનકડા ગામમાં મુનશી રાધાકૃષ્ણ લાલાને ત્યાં જન્મ્યો. ગરીબ પણ જૂના ને ખાનદાન અગ્રવાલ વણિક કુટુંબના એ લાલા રાધાકૃષ્ણ સરકારી હાઇસ્કૂલમાં ઉર્દૂના શિક્ષક હતા અને તેમની ટૂંકી કમાણીમાંથી એમનાં પત્ની ઘણીજ ત્રેવડથી સુખપૂર્વક ગુજરાન ચલાવતાં. માતાની એ વ્યવસ્થાશક્તિ, ત્રેવડ અને કુટુંબવાત્સલ્યનાં લજપતરાયે ધરાઇ ધરાઇને વખાણ કરતાં અનેક વખત કહ્યું છે કે, "મોટો થયે મારી આવક જ્યારે હજારોની થઇ ત્યારે પણ એ શરૂઆતની કરકસરવાળી જિંદગીના કરતાં લેશમાત્ર વધુ સુખકર આબાદી અમે જાણી નથી; એટલો મારી માતાનો હાથ એ ટૂંકી આવકમાં પણ બરકત ને રસ પૂરતો."

બાર વર્ષની બાળવયે લજપતે મહર્ષિ દયાનંદનાં પ્રવચનો સાંભળેલાં અને તેમાં ભારતરાષ્ટ્રનો પુનરુદ્ધાર કરવાની પ્રેરણાનું પાન કરેલું. બાળક લજપતને પિતા રાધાકૃષ્ણે પણ એ માર્ગે યોગ્ય ઉત્તેજન આપ્યાજ કર્યું અને પૂરાં પંદર વર્ષનો ન થયો ત્યાં તો પોતાના આ પરાધીન દેશના ઉદ્ધારનાં સ્વપ્નાં સેવતો, દેશોદ્ધારની અનેક યોજનાઓ ઘડતો એ કટ્ટર દેશભક્ત બન્યો.

એકવડા બાંધાના, નબળી તબિયતવાળા એ કુમારનું અભ્યાસજીવન તીવ્ર અને તેજસ્વી બુદ્ધિના ચમકારથી ઝળકતું હતું. સહવિદ્યાર્થીઓમાં સદા મોખરે રહીને લાલાએ અઢાર વર્ષની કોમળ વયે કાયદાની પરીક્ષા પસાર કરીને વકીલાત માંડી.

પણ "મારો આ પ્રિય દેશ હિંદુસ્તાન આજ પરાધીન દશામાં છે, એની પ્રજા આજે પતિત છે, એના પર પરદેશી સત્તાનો પંજો ચોંટેલો છે અને એની સમૃદ્ધિ ને નૂર સતત ચુસાયે જાય છે," એ દર્દભરી વસ્તુસ્થિતિનું ભાન એના મગજપર સદા ધમકારા કર્યાજ કરતું હતું.એટલે અભ્યાસ દરમિયાનજ એણે મહર્ષિ દયાનંદના ઝંડા નીચે દેશના સૈનિક તરીકે પોતાની ભરતી કરી દીધી. ૧૮૫૭ના ગદરના પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધમાં આકરો પરાજય મળ્યા પછી હિંદી પ્રજા

નિરાશ ને ભગ્નહૃદયી બની હતી; અંગ્રેજી કારભારીઓની અસર નીચે હિંદુસ્તાનના મનુષ્યત્વનો ધીમે ધીમે પણ સ્થિરગતિએ નાશ થઇ રહ્યો હતો; ખડિયામાં ખાંપણ લઇને ભમનાર શૂરા યોદ્ધાઓની અને સ્વાધીનતાના પ્રેમમાં દુનિયામાં કોઇથી ઊતરે નહિ એવા બહાદૂર સ્વાતંત્ર્યપ્રેમીઓની કોમ કારકુનો અને મહેતાઓની કોમ બની રહી હતી. એ જોઇ જેમ જેમ દયાનંદ ઊકળી ઊઠ્યો ને એ વિનાશક્રિયાને અટકાવવા કમર કસી, તેમ તેનો અનુયાયી લજપત પણ ઊકળી ઊઠ્યો ને જો જિંદગીની કુરબાનીથી આ ક્રિયા અટકી પડતી હોય, તો તે રીતે પણ તે અટકાવવા કટિબદ્ધ થયો.

લજપતરાયના એ જુવાનીના દિવસોમાં પંજાબમાં આર્યસમાજનું પરિબળ હતું. લડાયક જુસ્સાથી ઊભરાતા આર્યસમાજીઓ દયાનંદના બોધ મુજબ ભારતીય પ્રજાના નવવિધાનના કાર્યમાં એકાગ્ર બન્યા હતા. એ કાર્યની ત્રણ પંજાબી જુવાનોએ સરદારી લીધી. લાલા હંસરાજ, ગુરુદત્ત વિદ્યાર્થી અને લાલા લજપતરાય. આર્યસમાજના આ ત્રણે સરદારો, જેમને પૂરાં વીસ વર્ષ પણ નહોતાં થયાં, જેમનાં મોં ઉપર મૂછનો દોરો પણ નહોતો ફૂટ્યો એવા ભાવનાભિખ્ખુ જુવાનો હતા. "જુવાન! જગતનું પુનર્વિધાન કરવાની જુમ્મેદારી તારે શિરે છે; નૂતન જગતનું સર્જન તારે હાથે થવું જોઇએ." એ યુગાદેશને લજપત, હંસરાજ અને ગુરુદત્તની ત્રિપુટીએ બરાબર ઝીલ્યો અને પંજાબમાં પ્રથમ સામાજિક અને ધાર્મિક સુધારણાનું કામ હાથ લીધું.

નવયુગના સંદેશવાહક સરખા એ ત્રણે જુવાનોએ, મુડદાઓમાં પ્રાણ પૂરતી, સ્વાધીનતાને માટે શોણિત માગતી એ અજબ પ્રેરણાવંત વાણીના બળે પંજાબને ખડો કરી દીધો. ત્રણે જુવાનો અભ્યાસ કરતા, વિદ્યાલયમાં મોખરે રહેતા, ભાષણો કરવા ભટકતા, વેદાર્થના વાદવિવાદ કરતા અને આજે લાહોર તો કાલે હીસાર એમ સર્વત્ર ભટકીને આગામી જંગને માટે જનસમુદાયને ઢંઢોળતા. હંસરાજ યોજનાઓ યોજતા, ગુરુદત્ત પ્રેરણા અર્પતો અને લજપતરાય કર્મવીરના વેગથી એ યોજનાઓને સ્થૂલાકાર આપતા. આમ સ્વામી દયાનંદ પછી આર્યસમાજની સંસ્થા અને પ્રવૃત્તિને આ ત્રણે જણે એટલી ચેતનવંત ને પ્રબળ બનાવી મૂકી કે, એ સંસ્થાના સર્જનહાર તરીકે મહર્ષિ દયાનંદ પછી કોઇનું નામ મૂકી શકાય તો એ ત્રિપુટીનુંજ. પોતાની ભાવનાના રંગ,

અંતરનું જોમ, અંગનું ચેતન અને કમાણીનું સઘળું ધન એ પ્રવૃત્તિ પાછળ રેડી રેડીને એ ત્રણે જુવાનોએ પંજાબમાં સામાજિક, ધાર્મિક અને કેળવણીનાં નવસર્જન માંડ્યાં. એમના અદમ્ય ઉત્સાહ ને અથાક પરિશ્રમે ૧૮૮૬ ના જુનની પહેલી તારીખે લાહોરમાં "દયાનંદ એંગ્લો વૈદિક કૉલેજ" નો પાયો નંખાયો. હિંદી ભાષાનો પ્રચાર કરવો, સંસ્કૃત અને અંગ્રેજી જ્ઞાન ફેલાવવું તથા ઔદ્યોગિક જ્ઞાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો—એવા ઉદ્દેશથી પંચનદોના મુલકમાં મંડાયેલી આ કૉલેજ તે કાળે તો પંજાબમાં એક અને અદ્વિતીય હતી અને આજે પણ વિદ્યાર્થીસંખ્યા અને શિક્ષણની ઉત્તમતામાં તે સૌથી પહેલી ઊભી છે. લજપત, હંસરાજ ને ગુરુદત્તની ત્રિપુટીએ તો, આ કૉલેજ સરકારી શિક્ષણખાતાથી સ્વતંત્ર રહીને રાષ્ટ્રપ્રેમના પાઠ શીખવતા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રયોગ કરવા કાઢેલી; પણ આ ભાવના પૂર્ણપણે પાર ન ઊતરી. આજે એ કૉલેજ પંજાબ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે; પણ એ છતાં, ત્રણ જુવાનિયાઓ એક કૉલેજ સ્થાપે અને તેના પાયા આવા સુદૃઢ નાખે, એ વસ્તુ તો દુનિયાના ઇતિહાસમાં પણ વિરલ છે. લજપતનું ઘડતર એવાં જબ્બર કામો આરંભી શકે અને પાર ઉતારી શકે એવી અસામાન્ય ધાતુનું હતું.

દરમિયાન પંજાબ યુનિવર્સિટીની કાયદાની પદવી લઈને લજપતરાયે હીસારમાં વકીલાત માંડી દીધી હતી. કુનેહભરી વેધકબુદ્ધિ અને તેજસ્વી વક્તૃત્વશક્તિને પ્રભાવે તેણે પોતાના ધંધામાં સારી પ્રતિષ્ઠા જમાવી અને હીસારના વકીલોમાં અગ્રણીપદ મેળવ્યું; પણ ધંધા કરતાં તેને બીજી ઉચ્ચતર વસ્તુઓની પરવા—લગની વધુ હતી, એટલે સમૃદ્ધિની છોળો ઉડાડતી વકીલાતના ધંધાની મહત્ત્વાકાંક્ષા તજીને તેણે પ્રાંતના સમુદ્ધારના કાર્યમાંજ જીવનશક્તિ ઠાલવવા માંડી. અહીં પણ તેને અનુકૂળ અને સહૃદયી મિત્રો તથા સહકારીઓ મળી રહ્યા. તેમાં પોતાની આખી જિંદગીની કમાણી શિક્ષણ અને બીજાં ક્ષેત્રોમાં અર્પણ કરી દેનાર દાનવીર પંડિત લજપતરાય તથા "પંજાબીપત્ર" ના આદ્યસ્થાપક લાલા જસવંતરાયના પિતા લાલા ચૂડામણિ એ બે મુખ્ય હતા. લાલા ચૂડામણિએ ભટકતા કંગાલો અને કામધંધા વગરના રખડુઓ માટે સ્થાપેલી પંજાબની ઉદ્યોગશાળા તો પ્રખ્યાત છે.

આ બધા મિત્રોની સાથે કેવળ પ્રગતિમાન પંજાબનાંજ નહિ, પણ સ્વાધીન ભારતનાં સ્વપ્નાં સેવતા જુવાન લજપતને હવે હીસારનું ક્ષેત્ર સંકુચિત લાગવા માંડ્યું. વળી ‘દયાનંદ કૉલેજ’ની સ્થાપના કર્યા પછી લજપતરાયનું બધું લક્ષ એ કૉલેજને સુદૃઢ બનાવવા અને વિસ્તારવા તરફ વળ્યું; એટલે તેણે ૧૮૯૨ ના પ્રારંભમાં લાહોરમાં જઇ અખાડો નાખ્યો. પોતાની અસામાન્ય બુદ્ધિપ્રતિભા, સંસર્ગમાં આવનારની અંદર ચેતનની ચિનગારી, દેશદાઝ, સરળ અને નિખાલસ સ્વભાવ તથા મોહક વ્યક્તિત્વના પ્રભાવે, જુવાન લજપતરાયે જોતજોતામાં લાહોરમાં પોતાને માટે માનવંતું સ્થાન પ્રાપ્ત કરી લીધું અને પંજાબની વડી અદાલતના ધારાશાસ્ત્રીઓમાં મોખરે પ્રકાશવા લાગ્યા. લક્ષ્મીદેવીએ તેમના પર સમૃદ્ધિનાં હાસ્ય વેર્યાં, પણ હમેશાં સાદી રહેણીના ચાહનાર લાલાજીએ પોતાનું કુટુંબ ગરીબ હતું છતાં, પોતાની વકીલાતની આવકમાંથી ખર્ચજોગી રકમ રાખી બાકીની ‘ દયાનંદ કૉલેજ’ના દ્રવ્યકોષમાં ભરવા માંડી અને એ ઉપરાંત પંજાબનાં અન્ય ગામો અને શહેરોમાં શારદામંદિરો—કુમારો અને કુમારીઓ માટેની શાળાઓ—સ્થાપવા અપાર જહેમત લેવા માંડી. આજે આર્ય-સમાજ વાર્ષિક દશ લાખ રૂપિયા ખર્ચી સંખ્યાબંધ સંસ્થાઓ ચલાવે છે, જેમાંનો મોટો ભાગ પંજાબમાંજ છે. પંજાબની એ સંસ્થાઓમાંની ઘણીયેની ઇંટો ઉપર લજપતનું નામ અમર અક્ષરે લખાયેલું છે. દલિતોનાં દુઃખ હરવા અને પીડિતોની પીડા હરવા માટે પોતાનો જન્મ છે, એવી પ્રબળ અસ્મિતાની પ્રેરણા નીચે દેશકાર્ય કરી રહેલા લજપતરાયની જુવાનીનો પ્રથમ દશકો આર્યસમાજની પતાકા નીચે આવું રચનાત્મક કાર્ય કરવામાં વ્યતીત થયો અને તેમનું નામ જોતજોતામાં પંજાબભરમાં ગવાવા લાગ્યું.

પણ સ્વાધીનતાની ઝંખના ઝંખતા જુવાન લજપતરાયને આર્યસમાજનું ક્ષેત્ર હવે સંકુચિત પડ્યું. દિનરાત દેશહિતનું ચિંતન કરતા લજપતરાયને સૂઝ્યું કે, આ બધી પ્રવૃત્તિઓ ઠીક છે. દુષ્કાળપીડિતોને અન્ન આપવું, અનાથોને આશ્રય આપવો, શિક્ષણસંસ્થાઓ સ્થાપવી, સમાજસુધારો કરવો, જુવાનોને દેશપ્રેમ-પ્રેરિત બનાવવા—એ બધું સુકાર્ય છે; પણ જ્યાંસુધી દેશની રગેરગમાં પ્રસરી ગયેલું પરાધીનતાનું ઝેર મારી શકાય નહિ; જ્યાં-

સુધી હિંદી પ્રજાજનો તેના ઘરમાં ગુલામ મટી માલિક બને નહિ, ત્યાંસુધી ધ્યેય તો દૂરજ રહેશે. ઊંડા અભ્યાસ અને અવલોકન પછી લાલાજીએ અગ્નિના અક્ષરોએ પોતાની જીવનપોથીમાં સિદ્ધાંત લખ્યો કે, “ પ્રત્યેક હિંદીએ સૌથી પ્રથમ હિંદની રાજકીય પરાધીનતા મિટાવવા મથવું જોઇએ; રાજકીય પરાધીનતાના નાશની સાથે બીજી બધીયે પરાધીનતાઓનો નાશ થશે. ” અને આમ લાલાજીએ રાજકીય યોદ્ધાના રણસાજ સજ્યા. તે દિવસથી –વીસમી સદીના આરંભવર્ષના તે દિવસથી તે આ નવેમ્બર માસની ૧૭મી તારીખના શનિવારે એમણે બ્રિટિશ સામ્રાજ્યની બર્બરતાના પ્રતિનિધિ બ્રિટિશ સિપાઇની લાઠીના મારને પરિણામે છેલ્લી સોડ તાણી ત્યાંસુધી–બ્રિટિશની છાતીને કંપાવતા, હિંદના આત્માની વેદનાને ગરવી વાણીમાં વ્યક્ત કરતા, હિંદની સ્વાધીનતાની ઝંખનાનો ઢંઢેરો પીટતા, સિંહની ત્રાડે ત્રાડતા લાલાજી રાજકીય અને સ્વદેશી લડવૈયાજ રહ્યા.

જીવનભર સ્વાધીનતાના રણાંગણમાંજ ઝૂઝવાનો નિરધાર કર્યા પછી લજપતરાયે દેશદેશના સ્વાતંત્ર્યવીરોની દોસ્તી કરવા માંડી અને ઇતિહાસની કિતાબોમાં કોઇ સમાનધર્મીની રાહ જોતા પડેલા મૅઝિની અને ગૅરિબાલ્ડી, વૉશિંગ્ટન અને લિંકન વગેરે વીરોની મૈત્રી સાધી. લજપતરાયે એમના જીવનની પારાયણ કરી. ખાસ કરીને છેલ્લી શતાબ્દિના ઇટાલિયન શહીદો–મૅઝિની અને ગૅરિબાલ્ડીએ એના પર ભારે અસર કરી અને પોતાના આત્માના અમર રસની શાહીમાં લેખિની બોળીને લજપતરાયે એ બંને વીરોની પ્રેરક જીવનકથાઓ લખી. હિંદી ઇતિહાસમાંથી પણ લજપતરાયે “ અમર મહાજન ” નો પરિચય કર્યો અને તેમની પણ બિરદાવલી લખી. એમની લખેલી એ અશોક અને શિવાજી, દયાનંદ અને કૃષ્ણચંદ્રની જીવનકથાઓ આજસુધી પંજાબના જુવાનો વાંચે છે અને અવનવી પ્રેરણા અનુભવે છે.

મૅઝિનીસમી દેશદાઝની જ્વાળાથી પ્રજ્વલિત બનીને મૅઝિનીના હિંદી અવતારસમા લજપતરાય રાજકીય ક્ષેત્રમાં ઊતર્યા અને ૧૮૮૮ની સાલથી મહાસભામાં ભાગ લેવો શરૂ કર્યો. એ વર્ષની અલાહાબાદની મહાસભા વેળા તેણે સર સૈયદ અહમદને ઉદ્દેશીને લખેલા પત્રો હજીયે મશહૂર છે. એ પત્રોમાં લજપતરાયે સર સૈયદ અહમદની મનોદશાના પલટા ઉપર–રાષ્ટ્રવાદી સર

સૈયદ, કોમીવાદી સર સૈયદ બન્યા તે પરિવર્તન ઉપર—સખ્ત ફટકા લગાવ્યા છે. લજપતરાયના એ પત્રોથી એ કાળમાં દેશભરમાં સનસનાટી થયેલી. જુવાન લજપતરાયનો અભ્યાસ, તેની કલમની શક્તિ, દેશદાઝ અને સૌથી વિશેષ નિર્ભયતાએ તે કાળના રાજકીય કાર્યકરોનાં દિલ ઉપર ઊંડી અસર કરી.

આ અરસામાં ૧૮૯૭માં હિંદમાં દુષ્કાળ પડ્યો. લાલાજીએ પોતાના દુષ્કાળપીડિત દેશબાંધવોની વહારઅર્થે જબ્બર રાહતપ્રવૃત્તિ આદરી. ૧૮૯૯–૧૯૦૦માં પડેલા બીજા દુષ્કાળ વેળા પણ એ માનવતાની મૂર્તિએ હિંદુસ્તાનના પ્રાંતોમાં ભમીને ભૂખ્યાંઓની ભૂખ ભાંગી અને વસ્ત્રહીનોને વસ્ત્રો પૂર્યાં. મધ્યપ્રાંત, બંગાળ, રાજપૂતાના વગેરે સ્થળોએ અસંખ્ય હિંદી અનાથોને લજપતરાયે પોતાની રક્ષા નીચે લીધાં. એ વેળા વિદેશી પાદરીઓ હિંદુ અનાથ બાળકોને ભરમાવી તેમને ઇસાઇ ધર્મમાં વટલાવવાની પ્રવૃત્તિ ચલાવતા જોઇ, લજપતરાયે પાદરીઓની એ વટાળપ્રવૃત્તિની સામે ત્રાડ પાડી અને હજારો હિંદુબાળકોનો હિંદુત્વનો વારસો કાયમ રાખ્યો. લજપતરાયના ઉગ્ર રાજકીય પ્રચારકાર્યની સાથોસાથ, જનસમૂહનાં સુખદુઃખમાં હમદર્દીભર્યો ભાગ લેનારી તેમની આ પ્રવૃત્તિએ તેમને પ્રજાના સાચા નાયક બનાવ્યા. લજપતરાય તેમની પાંત્રીસ વર્ષની વયે અખિલ હિંદમાં નામના ધરાવતા નેતાવર બન્યા.

૧૯૦૫ની બનારસ મહાસભામાં પંજાબના એ કેસરીએ સૌથી પહેલી રણગર્જના કરી, જેનાં આંદોલનોએ ઘડીભર બ્રિટિશ સામ્રાજ્યના પાયા ડોલાવ્યા. લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડ્યા પછી બરાબર સિત્તેરમે દિવસે લાલાજીએ બનારસની એ મહાસભાની વ્યાસપીઠ ઉપરથી આગામી નૂતન રાષ્ટ્રીય હિલચાલની રૂપરેખા બતાવી. લાલાજી આગામી બળવાના સુખનાદ બન્યા. બંગભંગના એ કારણે બંગાળાની પ્રજા ખળભળી ઊઠી, હિંદુસ્તાનના રાષ્ટ્રીય ઉત્થાનના ઇતિહાસમાં નવો તબકકો મંડાયો, 'હિંદ આમાર, જનની આમાર, ધાત્રી આમાર, આમાર દેશ'ના જયનાદોથી ભારતનું ગગન—અને સાથેસાથે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓની છાતી ભેદાઇ રહ્યાં. લાલાજીએ બંગાળની એ બળવાપ્રવૃત્તિના આગેવાનોમાં સ્થાન લીધું. બ્રિટિશ હાકેમના આ કાર્યની સામે, બંગાળમાં બિપિનચંદ્ર પાલે, દક્ષિણમાં તિલક મહા-

રાજે અને પંજાબમાં લાલા લજપતરાયે ઉગ્ર વિરોધની ત્રાડો દીધી અને એની ગર્જનાના પડઘાથી દેશભરની દિશાઓ ગાજી ઊઠી. લાલ, બાલ અને પાલની એ ત્રિપુટીએ આખી હિંદની પ્રજામાં નવચેતન મૂક્યું. એ ચેતનની હૂંફે હિંદનો જુવાનવર્ગ ખડો થઇ ગયો અને જાણે "બળવો થશે? ક્રાંતિ થશે? સામ્રાજ્યનો અસ્ત થશે?" એવી ભીતિથી બ્રિટિશ કારભારીઓ ધ્રૂજી રહ્યા. લાલ, બાલ અને પાલની ત્રિપુટીએ નવો ઇતિહાસ રચ્યો, નવી પ્રજા ઘડી, નવું ભારતવર્ષ સર્જ્યું.

સ્વદેશ અને દેશબાંધવો માટેની તેમની આ લાગણીની જ્વાળાઓ જોઇ, તેમની સહૃદયતા ને ફનાગીરીથી મુગ્ધ થઇ, ૧૯૦૫ની મહાસભાએ વિલાયતમાં પ્રચારકાર્ય કરવા માટે ગોપાલકૃષ્ણ ગોખલેની સાથે સર્વાનુમતે તેમની પસંદગી કરી અને ગોખલે ને લજપતરાયનું પ્રતિનિધિમંડળ યુરોપને પ્રવાસે ઊપડ્યું.

પંજાબનો સિંહ ગોખલેજીની સંગે વિલાયત પહોંચ્યો અને બ્રિટિશ સામ્રાજ્યવાદે હિંદી પ્રજાનો કેવો કચ્ચરઘાણ વાળી નાખ્યો છે, એ પંજાબકેસરીએ તેની જ્વાળાઝરતી વાણીમાં વિલાયતી પ્રજાને સમજાવ્યું. લજપતરાયે સંખ્યાબંધ સભાઓ સમક્ષ ભાષણ કર્યાં ને વિલાયતના સર્વ પક્ષના અગ્રેસરોના મનપર ઊંડી છાપ પાડી ખબર કરી કે, "હિંદી પ્રજા હવે જાગી છે અને પોતાપરની સામ્રાજ્યવાદની ઝૂંસરી ફગાવી દેવા માગે છે."

ઇંગ્લેંડનો પ્રવાસ પૂરો કરીને લજપતરાય યુરોપના બીજા દેશોની મુસાફરીએ નીકળ્યા અને પછી અમેરિકાનું નિરીક્ષણ કરવા ઊપડ્યા. એમણે ત્યાંની શિક્ષણસંસ્થાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને હિંદમાં શિક્ષણકાર્ય કરતી સંખ્યાબંધ આર્યસમાજી સંસ્થાઓમાં કઇ કઇ દિશામાં સુધારા–વધારા થઇ શકે તે જોયું. ઉઘાડી આંખોએ બધું જોતાં અને સ્વાધીનતાની ધગશથી સળગતા લજપતરાય ઉપર યુરોપ–અમેરિકાના આ પ્રવાસે ઊંડી અસર મૂકી, તેને નવી દૃષ્ટિ આપી અને બેવડા ઉત્સાહની ભરતીથી ઊભરાતા હૃદયે લજપતરાય હિંદ આવ્યા.

આ અરસામાં પંજાબમાં સરકારે વધારેલી જમીનમહેસૂલ અને નહેરના પાણીના દરસંબંધી સરકારી નીતિની સામે લોકોનો પોકાર ઊઠ્યો. 'પંજાબી' પત્રની કટારોમાંથી લજપતરાયની લેખિનીએ અંગ્રેજી મહેસૂલવહીવટ સામે વજ્રના પ્રહારો કરવા

માંડ્યા. પંજાબના ગોરા કારભારીઓને આ બળવાખોર, બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવતો લાગ્યો; એટલે તેને ઠેકાણે પાડવા પોતાના રાક્ષસી ભાથામાંથી ૧૮૧૮ના રેગ્યુલેશન થ્રી નામનું શસ્ત્ર કાઢ્યું અને એ કાયદાની રૂએ ૧૯૦૭ના મે મહિનાના એક દિવસે લજપતરાયને પંજાબની સરકારે અચાનક એમના ઘરમાંથી ગુપ્ત રીતે ઉઠાવીને બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પૂર્યા. હિંદમૈયાની સેવા કરવાનો સ્વદેશપ્રેમ આચરવાનો 'ગુનો' કરનાર દેશભક્તોની જિંદગીની મજલ દરમિયાન વચમાં માંડલેની તુરંગો આવે છે એ આપણે અત્યારે જાણીએ છીએ; પણ જે કાળે જેલ જવું એ આજની પેઠે લહાવ નહોતો ગણાતો તે સમયમાં એ દેશપારી ને કારાવાસને મર્દાનગીથી ભોગવી લઈને તેનો ડર કાઢી નાખનાર લાલાજી પ્રથમ હતા.

લજપતરાયની આ અચાનક દેશપારીથી આખો દેશ ખળભળી ઊઠ્યો. અખબારોએ, જાહેરસભાઓએ, જાહેર સંસ્થાઓએ, વિદ્યાર્થીમંડળોએ–ચોમેરથી સરકારના આ હીચકારા કૃત્ય સામે વિરોધનો મારો ચલાવ્યો. હિંદમાં કોઈ અજબ જાગૃતિ આવી. લજપતરાય થોડા મહિના માંડલેમાં સરકારની મહેમાનગીરી ભોગવી પાછા આવ્યા અને "મારી દેશપારીની કથની" માં એ વીતકની આખી કથા હિંદી પ્રજા પાસે મૂકી. લજપતરાયની ચૈતન્યદાયી લેખિનીએ લખાયેલી એ કથની વાંચી હિંદી પ્રજાએ નવી પ્રેરણા મેળવી. આજેયે હિંદી જુવાન એ પુસ્તકના વાચનથી નવપ્રેરણા મેળવે છે.

દેશને નામે અપૂર્વ ત્યાગ અને અનન્ય તપશ્ચર્યાના કરવૈયા સમરવીર તરીકે, તરુણ હિંદીઓના પૂજાસ્પદ રાષ્ટ્રીય અસ્મિતાના અવતાર તરીકે, માંડલેથી પાછા પધારીને લાલાજીએ ફરી એટલીજ ઉગ્રતાથી દેશકાર્યની ધુરા હાથ ધરી અને ૧૯૦૭ ની સુરતની ઐતિહાસિક મહાસભામાં ભાગ લીધો. તિલક મહારાજ, અરવિંદ ઘોષ, ખાપર્ડે વગેરેના જહાલપક્ષના નેતાવર તરીકે સુરતે એ પંજાબકેસરીનું અદ્ભુત સ્વાગત કર્યું અને ત્યાર પછી લજપતરાય, રણમેદાનમાં સાચો રણવીર પહેલી હરોળમાં ઊભે તેમ, દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં મોખરે રહેવા લાગ્યા. હિંદુસ્તાનમાં તિલક–લજપતયુગ બેઠો, તે છેક ૧૯૨૦માં ગાંધીયુગનો આરંભ થયો ત્યારે એ યુગ પૂરો થયો. જો કે લજપતરાય તો ગાંધી-

યુગમાં પણ તેમના અનેરા પ્રકાશેજ પ્રકાશતા રહ્યા; એ યુગના નવા સૂર્ય–મંડળમાં પણ તેમનું સ્થાન અવિચળ રહ્યું.

માંડલેના કારાવાસ પછી લાલાજીના જીવનમાં એથીયે વધારે આકરા મહત્ત્વનો એવોજ બીજો પ્રસંગ આવ્યો સને ૧૯૧૪માં. એ વેળા યુરોપીય મહાયુદ્ધનો આરંભ થયો હતો. લાલાજી અમેરિકાના પ્રવાસે ઉપડયા હતા અને પ્રવાસ પૂરો કરી હિંદ પાછા ફરવાની તૈયારી કરતા હતા, એવામાં અચાનક બ્રિટિશ વહીવટદારોએ એ નરસિંહના હાથમાં ફરમાન મૂકયું:–"યુદ્ધ ચાલે ત્યાંસુધી તમને હિંદમાં પ્રવેશ કરવાની મનાઇ છે." લાલાજી ક્રાંતિવાદી છે, મોકો મળ્યે ગદરની સરદારી લે તેવા છે, તેની સરદારી નીચે બોમ્બનાં કારખાનાં ચાલે છે, એવી એવી માન્યતાઓ સરકારી મંડળોમાં પ્રવર્તતી; એટલે વિગ્રહ દરમિયાન લાલાજીને હિંદમાં પાછા આવવાની મના થઇ. લાલાજીને ફરજિયાત દેશપારી ભોગવવી પડી. લગભગ આઠ લાંબાં વર્ષોસુધી હિંદુસ્તાનથી બાર હજાર માઇલ દૂર, કુટુંબપરિવારથી ત્યજાઇને, આર્થિક મૂંઝવણમાં, અજાણ્યા જનસમુદાયની વચ્ચે લાલાજીને પુરાઇ રહેવું પડયું; પણ એ ફરજિયાત દેશનિકાલીના દિવસે દિવસનો ઉપયોગ લાલાજીએ, સ્વદેશની સેવા અર્થે કર્યો. લેખિનીથી અને જિહ્વાથી હિંદની પરાધીન હાલત સંબંધમાં એમણે અમેરિકામાં અને યુરોપમાં અદ્દ્ભુત પ્રચારકાર્ય કર્યું. આઠ વર્ષના એ અમેરિકાવાસ દરમિયાન લાલાજીએ હિંદની દુર્દશા પૂરવાર કરતા આંકડાઓ અને હકીકતોથી ભરેલી દશ લાખ વિધવિધ પત્રિકાઓ, પુસ્તિકાઓ ને અખબાર–લેખો પ્રગટ કર્યાં. 'યંગ ઇન્ડિયા' (તરુણ ભારત) નામનું એક પુસ્તક લખ્યું, જે પુસ્તકને હજી છેક ગયા વર્ષ સુધી હિંદમાં લાવવાની મનાઇ હતી–અને હિંદુસ્તાનમાં રહી જેટલું ન થઇ શકે તેટલું હિંદુસ્તાનની બહાર રહીને કરી હિંદી પ્રજાને અને અમેરિકન રાષ્ટ્રને તાજૂબ કરી દીધાં.

છતાં પોતાના દેશબંધુઓની વચ્ચે વસવા અને તેમની પ્રત્યક્ષ સેવા ઉઠાવવા તલસતા લાલાજીને એથી સંતોષ નહોતો. સ્વદેશના વિજોગથી એમને વેદના થતી. મહાયુદ્ધ બંધ થયું, પણ એમના દેશનિકાલની અવધ આવી નહિ. અહીં દેશમાં રોલેટ કાયદા સામે સત્યાગ્રહ પોકારાયો. પંજાબમાં જલિયાનવાલા બાગની કત્લ થઇ. એ ગોઝારા સપ્તાહના સમાચાર લાલાજીને અમેરિકા પહોંચ્યા

અને એ દેશભક્તે મહાત્માજીના 'યંગ ઇન્ડિયા' પત્રમાં એક પત્ર લખી પોતાની એ વેદના ઠાલવીઃ–"અત્યારે, જ્યારે મારા દેશબંધુઓ જબ્બર અંતરાયોની સામે મહાન વિગ્રહ આરંભી રહ્યા છે ત્યારે, મારો હિસ્સો પૂરવાને હું હિંદમાં નથી એ વિચારે હું બહુ અકળાઉં છું; હું કોઈ ભારે અપરાધ આચરી રહ્યો હોઉં એમ મને લાગે છે...." આખરે શહેનશાહના ઢંઢેરાએ લાલાજીને માટે પોતાના પ્રિય વતનમાં પાછા ફરવાનું શક્ય બનાવ્યું અને ૧૯૨૦ના ફેબ્રુઆરી માસની વીસમી તારીખે લાલાજીએ હિંદમાં પગ મૂક્યો.

આઠ વર્ષના વિજોગ પછી લાલાજીએ મુંબઇના કિનારે ઊતરી હિંદ ઉપર પહેલી નજર કરી તો હિંદની સારી સિકલ બદલાઇ ગઇ હતી. નૂતન હિંદ, નૂતન પ્રજા, નૂતન ભાવનાઓ અને મનોરથોની વિરાટ મૂર્તિઓ પ્રગટ થતી જોઈ એ પુરુષવરનો આત્મા પ્રસન્ન બન્યો. હિંદને કિનારે પગ મૂકતાં એણે નવું હિંદ સર્જાતું જોયું; સ્વરાજ્યને માટે અધીરો બનેલો જનસમાજ જોયો; અધિકારો અને હક્કોની અસ્મિતાથી દેદીપ્યમાન નવી પ્રજા જોઇ. જલિયાનવાલા બાગની કત્લની સામે હિંદ અભૂતપૂર્વ રોષથી સળગી રહ્યો હતો, ગાંધીજી અસહકારની–સેતાની સરકારની જડ ઉખેડી નાખવાની–વિપ્લવવાણી ઉચ્ચારી રહ્યા હતા અને એના પડછંદાઓથી હિંદની દિશાઓ ગાજી રહી હતી. આવી વેળાએ લાલાજીસમા જીવનભરના અડંગ બળવાખોરનું સ્થાન ગાંધીજીની પડખેજ હોય અને લાલજીએ એ સ્થાન તત્કાળ લઇ લીધું.

દેશે ૧૯૨૦ ની કલકત્તાની ખાસ મહાસભાવેળા લાલાજીને પ્રમુખપદે પધરાવ્યા. લાલાજીએ એ માનવંત આસનેથી પંજાબના હત્યાકાંડપરત્વે બ્રિટિશ સરકાર ઉપર માનવતાના દેવાળાનો, શયતાનિયતનો, રાક્ષસીપણાનો, બર્બરતાનો–એમ અનેક આરોપો મૂક્યા અને જીવનભર સિંહની ત્રાડે વિદેશી વહીવટદારોની છાતી વીંધનારા એ કેસરીએ સિંહત્રાડ નાખી કે, "જે અમલદારોએ મારા દેશના જુવાનો પાસે નાકલીટીઓ ખેંચાવી છે, જે અમલદારોએ મારા દેશબંધુઓને ફટકા માર્યા છે, જે અમલદારોએ અનેક રીતે હિંદી પ્રજાને અપમાની છે, તે અમલદારો સાથે મહોબત કેળવવા હું હરગીજ તૈયાર નથી. મારા હૃદયમાં કારી જખમ થયો છે; હું હતાશ બન્યો છું; અસહકારનો ઝંડો ફરકાવવો એજ

અમારે માટે ધર્મ્ય વસ્તુ છે.” ત્યાર પછી નાગપુર મહાસભા થઇ અને હિંદી પ્રજાએ અસહકારનો નિરધાર પોકાર્યો. તે દિવસથી લાલાજી અસહકાર–જંગમાં મહાત્માજીની જમણી ભુજા બન્યા. બંગાળમાં દેશબંધુ ચિત્તરંજન અને પંજાબમાં લજપતરાય એ બંને નેતાવરોએ અસહકારને અજબ જોર આપ્યું.

અસહકાર–જંગના એ દિવસોમાં લાલાજીની અવસ્થા થતી જતી હતી, પંજાબનો એ સિંહ વૃદ્ધ બનતો જતો હતો; પણ તેનું શૌર્ય વૃદ્ધ નહોતું બનતું જતું. શૌર્ય અને સાહસ, નિર્ભયતા અને નિશ્ચયબળમાં તો એ લાલાજી ‘દયાનંદ કૉલેજ’ સ્થાપનાર જુવાન લજપતજ રહ્યા હતા. જુવાનના ઉત્સાહથી લાલાજી અસહકારના કાળમાં બબ્બે વાર જેલ ગયા અને બીજી જે જે આપદાઓ ને યાતનાઓ સહેવી પડે તે પ્રસન્નચિત્તે સહી.

અસહકારનો જુવાળ ઊતર્યો, લાલાજી જેલમાંથી પાછા ફર્યા, દેશબંધુએ સ્વરાજ્યપક્ષ સ્થાપ્યો, ધારાસભાઓ સર કરવાનો કાર્યક્રમ યોજ્યો. લાલાજી એ નવા સંગ્રામમાંયે મોખરે રહ્યા. વડી ધારાસભામાં બેઠા પછી, ત્યાં પણ જિંદગીની છેલ્લી ઘડી સુધી લાલાજી સદા દેશહિતાર્થે સિંહની મિસાલેજ ગર્જ્યા છે.

દેશને કાજે જેનું જીવન જીવંત કુરબાની સમું હતું એવા લાલાજીના જીવનનો છેલ્લો પ્રસંગ પણ એ નરસિંહના ઉન્નત મસ્તક ઉપર સાચી શહીદીનો યશમુકુટ પહેરાવનારો બની ગયો. આ દેશનું કિસ્મત ઘડવાને માટે દરિયાપારના બ્રિટિશ ટાપુઓમાંથી આવેલા સાત પરદેશીઓના બનેલા ‘સાયમન કમિશન’ને તેના લાહોરના આગમન વખતે જાકાર આપવાને પંજાબી પ્રજાનું સરઘસ લાહોર સ્ટેશને ગયેલું. એને મોખરે લાલાજી, માલવીયજી અને બીજા સ્થાનિક વિખ્યાત નેતાઓ હતા. સરકારી પોલીસથી એ સરઘસની પ્રચંડતા અને ‘સાયમન પાછો જા’ની ગગનભેદી ગર્જનાઓ ન સાંખી શકાઇ. તેણે માથું ગુમાવીને લાઠી ઉછાળી. લાલાજીના હૃદયભાગ ઉપર લાઠીના પ્રહાર થયા. લાલાજીની પડખે ઊભેલા નેતાઓએ આડા ઘા ઝીલી લાલાજીને ઉગાર્યા; એમ ન થયું હોત તો લાલાજી ત્યાંજ ઢગલો થઈ પડ્યા હોત, એમ લાલાજીએ સ્વમુખે ઉચ્ચાર્યું છે. એ પ્રહાર લઇને લાલાજી પાછા ફર્યા ત્રીસમી ઑકટોબરે, અને પછી સત્તરમી નવેમ્બરે તેમનું હૃદય બંધ પડી ગયું; પંજાબનો સિંહ પોઢી ગયો! લાલાજીના ડૉકટરો કહે છે કે,

એ લાઠીનાજ હુમલાને પરિણામે લાલાજીનું મૃત્યુ થયું છે. લાલાજીના દોસ્ત દીવાન ચમનલાલ કહે છે કે, "લાલાજીએ મને કહ્યું હતું કે, તેમનો ઇરાદો મારું ખૂન કરવાનો હતો." લાલાજીની સાથે તે વેળા સરઘસને મોખરે ઊભેલા પ્રતિષ્ઠિત પુરુષો પોકારે છે કે, લાલાજી ઉપરનો એ હુમલો જીવલેણ હતો. આ બધાં વચનો એમ પૂરવાર કરે છે કે, લાલાજીનું મૃત્યુ સરકારી પોલીસની લાઠીના ઘાથી નીપજ્યું છે. સાયમન કમિશને લાલાજીનો ભોગ લીધો છે, અર્ધી સદી સુધી બ્રિટિશ વહીવટદારોને હંફાવનાર વીર લાલાજીની આખરે બ્રિટિશ કિન્નાખોરીએ કત્લ કરી છે અને આગાહી કરવામાં ખોટું ન હોય તો, બ્રિટિશ વહીવટદારો ભલે જાણે કે, લાલાજીના ખૂનથી તૃપ્ત થનાર એ શયતાની બ્રિટિશ તત્ત્વની જડ ઉખેડ્યા પછીજ હિંદનો પ્રબુદ્ધ આત્મા નિરાંત અનુભવશે. લાલાજી પોતેજ, એ લાઠીના ઘા પડ્યા પછી અમર આગાહી કરી જાય છે કે, "એ ઘા અમારા આત્મામાં ઊંડો ઊતરી ગયો છે....હું આ સરકારને ચેતાવવા માગું છું કે, આ દેશમાં રક્તપાતભરી રાજ્યક્રાન્તિ થાય તો એવો દિવસ લાવવાની જવાબદારી આજના જેવું વર્તન કરનારા તેના યુરોપિયન અમલદારોને શિર રહેશે....સરકાર અને તેના અમલદારો આજની રીતેજ વર્તવા માગતા હોય તો અમારા જુવાનોને અમારો કાબૂ ફેંકી દેતાં અને તેમના સ્વદેશની સ્વાધીનતા સર કરવા મરજી મુજબનો માર્ગ લેતા જોઇને હું તાજુબ નહિ થાઉં....એ દિવસ જોવાને હું જીવતો હોઈશ કે નહિ તે હું નથી જાણતો; પણ હું જીવતો હોઉં કે ન હોઉં, તોયે સરકાર મારા દેશના જુવાનોને તે માર્ગ લેવાની ફરજ પાડશે તો તો મારો આત્મા અંતરિક્ષમાંથી તેમના એ યુદ્ધમાં વિજય મળો એવી આશિષો વર્ષાવશે."

રાજકીય રણાંગણમાં સદા શહીદનાં સાહસ, શૌર્ય, આવેશ અને નિર્ભયતાથી ઝઝૂમનાર લાલાજીના જીવનની બીજી બાજુઓ પણ એટલીજ જ્વલંત છે. દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં–વિઘાતક ને વિધાયક એવી સર્વ પ્રવૃત્તિઓમાં–એ નરવીર સદા અગ્રેસર હતો. એ રાજકીય લડવૈયો, શિક્ષણશાસ્ત્રી, ઇતિહાસકાર, સમાજસુધારક, દલિતોદ્ધારક, અખબારનવેશ–અને શું શું ન હતો? એ નરપુંગવનું જીવન સંપૂર્ણ હતું–એનું હૃદય યોદ્ધાનું અને એનો આત્મા સંતનો હતો. એની લેખિની તલવારસમી હતી અને

જિહ્‌વા જ્વાળાનાં તત્ત્વોની બનેલી હતી. દેશને કાજે ભોગ ધરવાની એની શક્તિ અજોડ હતી. એણે આજદિવસ સુધીમાં હિંદી સરકારે અંત્યજોના ઉદ્ધારને માટે નથી કર્યું એટલું એકલે હાથે કર્યું છે. એણે એનું દેશકાર્ય એના મૃત્યુ પછીયે અવિરત ચાલુ રહે એટલા માટે ગોખલેજીના હિંદસેવકસમાજ જેવો "હિંદલોકસેવક–સમાજ" સ્થાપ્યો; એણે હિંદુસમાજમાં નવપ્રાણ પૂરવાને હિંદુસંગઠનની પ્રવૃત્તિની સરદારી લીધી; હિંદુને તાકાત જમાવવાનો મંત્ર શીખવ્યો; એણે લાહોરની 'દયાનંદ કૉલેજ' જેવી સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓ સ્થાપવામાં હિસ્સો પૂર્યો અને છેલ્લે છેલ્લે પોતાની મિલકતની પાઈએ પાઈનું દાન કરી દઈ લાહોરમાં પોતાની માતાના નામથી મહિલાઓ માટે એક ઇસ્પિતાલ સ્થાપીને અને પોતાના વતનમાં પિતાના નામથી એક હાઈસ્કૂલ સ્થાપીને એ આત્માએ તૃપ્તિ અનુભવી. લાલાજીએ ઇતિહાસ રચ્યો છે–સદી પછી લોકો માનતાં અચકાશે એવો અદ્‌ભુત ઇતિહાસ રચ્યો છે. લાલાજી, આ લીટીઓના લખનારને મન અને કદાચ બીજા ઘણાયને મન, તિલક અને ચિત્તરંજનથીયે મહાન વિભૂતિ હતા. સ્વપ્નો, યોજનાઓ ને સિદ્ધિઓમાં એ પંજાબકેસરી લજપતનું સ્થાન લેનિન સરખાઓની હરોળમાં છે.

મહાન લજપત તેના દેશબંધુઓની વચ્ચેથી ચાલ્યો ગયો; માનવોનાં જન્મ અને મૃત્યુ ઉપર શાસન કરતા દેવતાઓએ તેને ઊંચકી લીધો. આજે જાણે અર્ધી સદી સુધી, કોઈ ગિરિશૃંગ ઉપર ઊભો રહી રણભેરી બજાવનાર એ શૃંગની પાછળ અદૃશ્ય બની જાય છે; ઘડીભર લાગે છે કે, એ રણભેરીનું રણગાન પૂરું થયું છે. પણ ના–એ રણગાનના પ્રેરક સૂરના દિગંતવ્યાપી પડઘા, ગિરિઓ ને ગહ્‌વરો, અરણ્યો ને વનરાઈઓ, નદીતીરો અને જનપદોની મધ્યે હજી ગાજીજ રહ્યા છે અને જ્યાંસુધી ભારત સ્વાધીન નહિ બને ત્યાંસુધી ગાજ્યાજ કરશે, લજપતની રણભેરી બજ્યાજ કરશે. એ રણભેરી અમર છે!

("કુમાર"ના એક અંકમાંથી)

"વીરોનો પણ વીર"

ઈ. સ. ૧૯૦૭ નો મે મહિનો ચાલતો હતો. રાવલપિંડીના પાંચ નેતાઓને કારાગૃહમાં પૂરવામાં આવ્યા હતા. એ પાંચેને માટે જામીન મેળવવા, ઉશ્કેરાયલા પ્રજાસાગરને શાંત પાડવા

અને જરૂર પડે તો જેલમાં મિત્રોના સાથ કરવા લજપતરાય યત્નશીલ હતા.

એક જણે કહ્યું: "તમારા લાયલપુર ખાતેના ભાષણમાંથી "રાજદ્રોહ"નું ટીપું નિચોવવા માટે જમીન–આસમાન એક થઇ રહ્યાં છે."

બીજાએ કહ્યુંઃ "કુકા લોકોના આગેવાન ભાઇ રામસિંગના જેવી તમારી પણ વલે કરવાની ગોઠવણ ચાલી રહી છે." (ભાઇ રામસિંગ શીખોના એક ધાર્મિક સંપ્રદાયનો નેતા હતો. એ સંપ્રદાય પર રાજદ્વારી વિપ્લવખોરીનો સંદેહ હતો. ૧૮૭૨માં એને ૧૮૧૮ના કાયદા નં. ૩ ની રૂએ, મુકદ્દમો ચલાવ્યા વગર બ્રહ્મદેશ કાળાપાણીએ ઉપાડી જવામાં આવ્યો હતો, ત્યાં તરત એ મરણ પામ્યો હતો.)

ત્રીજા મિત્રે સલાહ આપી કે, "લાહોરમાંથી નીકળી જઇએ, વાદળું પસાર થઇ જવા દઇએ."

લજપતરાયે જવાબ આપ્યોઃ "નહિ, નહિ! એ કાયદાની ચુંગાલમાં આવવા જેવું એક પણ કામ મેં કર્યું નથી. મને કાયદેસર સરકારની આંગળી અડકી શકેજ નહિ, મને કશો ભય નથી. મારા મગજમાં તો એકજ વિચાર ઘૂમે છે કે, રાવલપિંડીવાળા પાંચ મિત્રોને માટે કાંઇક કરી છૂટું. અત્યારે એ પાંચે જણા બંદીખાનામાં છે ને હું સુખે ઘરમાં નિદ્રા કરું છું, એ વિચાર મને જંપવા દેતો નથી. હું રાવલપિંડી જઇને જેમ બને તેમ તેઓની નિકટમાં રહું તો ઠીક."

લાલાજી આ વિચાર કરે છે ત્યાં એમને સમાચાર મળ્યા કે, એ પાંચે જણના સ્નેહી–સંબંધીઓ ઇચ્છે છે કે, લાજપતરાય દૂરજ રહે તો ઠીક. તેઓનું માનવું છે કે, પાંચ જણા પરની આ આફત લાલાજીનીજ રાવલપિંડીની હાજરીને આભારી છે અને તેઓ લાલાજી સાથેનો સંબંધ તજી દેવા ઇચ્છે છે.

લજપતરાયે આ માગણીને શિર પર ચડાવી, પરંતુ હૃદય રહેતું નહોતું. એણે પાંચ પરહેજ થયેલાઓને કારાગૃહમાં સંદેશો પહોંચાડચો કે, "મારી જરૂર પડે ત્યારે તૈયારજ ઊભો છું; અત્યારે નથી આવતો, કેમકે મને ના પાડવામાં આવી છે."

× × × ×

પોતાના પર ઘેરાતાં વાદળાંની વાતો વધવા લાગી. ૧૮૧૮નો

કાળો કાયદો ઉઘાડીને વાંચી જોયો, માથું ધુણાવ્યું: "ના, ના, આમાં જણાવેલું મેં કદીજ કર્યું નથી. મને પકડેજ નહિ. હું એવો કયો મોટો માણસ !"

છતાં અફવાઓ વધવા લાગી. કદાચ ગામતરું કરવું પડશે એવું માનીને લાલાજીએ તૈયારી કરવા માંડી. તૈયારી શી શી કરી?

૧. પત્ની તો બહાદુર છે, એ નહિ મૂંઝાય. એ તો બચ્ચાંને હિંમતથી ઉછેરશે, એની મને ચિંતા નથી.

૨. પિતાજીનો પ્રેમ અપરંપાર છે. એ ડોસો ઝૂરી ઝૂરીને મરશે; માટે એના પર હિંમત દેનારો પત્ર લખી કાઢ્યો.

"વહાલા પિતાજી !

મારી ગિરફતારીની અફવાઓ જોરથી ચાલી રહી છે. એ કેટલી પાયાદાર છે તે ખબર નથી, છતાં આપને વિનયપૂર્વક પ્રાર્થના કરું છું કે, મારા પર ચાહે તે વિપત્તિ પડે, આપ ગભરાશો નહિ. અગ્નિ સાથે ખેલનારનું કવચિત મોં દાઝે, તેથી શું થઇ ગયું? રાજસત્તાનાં કૃત્યો પર ટીકા કરવી એ અગ્નિ સાથેની રમત રમવા બરોબર છે. મને બીજી કશી ફિકર નથી. માત્ર આપની ઉપર પાછળથી આવી પડનારી મુસીબતોની ચિંતા છે; માટે મને ખાતરી આપો કે, મારી ગિરફતારીથી આપ ગભરાશો નહિ. હંસરાજ, ગુરુદાસ અને અમોલખરામ જેવા કેદમાં ગયા છે તો હું બિચારો શી ગણતરીમાં? ગમે તે થાઓ, પણ કાયરતા દાખવવાનું આ ટાણું નથી. ઊલટું જે કાંઈ ગુજરે તે મર્દની રીતે સહેવાનું છે. × × મને કશી વ્યાકુળતા નથી. આપ પણ મારી કશી પરવા કરતા નહિ.

લિ. આપનો નમ્ર સેવક-**લજપતરાય**

૩. બીજા પ્રાંતોના નેતાઓને તેમજ વિલાયતના મિત્રોને પંજાબની દમનનીતિ વિષે વાકેફ કરનારા કાગળો લખ્યા.

૪. તે દિવસ અદાલતમાં કશું કામ તો નહોતું, પરંતુ એક અસીલે અમુક વ્યવસ્થા કરવા માટે રૂા. ત્રણસોપચાસ એ દિવસ ઉપર આપેલા, તેની વ્યવસ્થા કરવા પોતે તૈયાર થયા. ગાડીની વરદી દીધી; ત્યાં તો બે પોલીસ અમલદારો આવીને ઊભા રહ્યાઃ "આપને કમિશ્નર સાહેબ યાદ કરે છે."

"શા માટે?"

"એ ખબર નથી."

લાગ્યું કે, લોકોનો ઉશ્કેરાટ શાંત કરવાના કામમાં મદદે બોલાવતા હશે, કહ્યું: "હમણાં અદાલતમાં જઈને વળતાં મળી જાઉં છું."

"પણ લાલાજી! હમણાંજ કામ છે, થોડીજ મિનિટનું."

લજપતરાય વહેમાયા, કંઈક આફત છે. સ્મિત કરીને કહ્યું: "બહુ સારું, ચાલો. મારી ગાડીમાંજ સૌ જઈએ."

× × × ×

વિપત્તિના પ્રવાસપર લજપતરાય સ્મિત કરતા ચાલ્યા. ત્યાં તો સામે બીજા અંગ્રેજ અમલદારોની ગાડીઓ મળી. કૂદી કૂદીને એ બે ગોરાઓ લજપતરાયની ગાડીની પગથી પર ચઢી ગયા. લજપતરાયે પોલિસના ઉપરી રૂન્ડલને તો પિછાન હોવાથી કહ્યું: "અંદર આવી જાઓ ને!" આમ બે મિનિટમાં પોલીસ-કચેરીએ પહોંચ્યા.

કમિશ્નરે ગવર્નર જનરલ તરફથી આવેલો કાળાપાણીનો હુકમ દેખાડ્યો. લજપતરાય હસીને બોલ્યા: "તૈયાર છું."

"કોઈને મળવું છે?"

"ના રે!"

"કંઈ કાગળપત્ર લખવો છે?"

"હા, હા, જરૂર."

કાગળ, શાહી, કલમ હાજર થયાં; પુત્ર પ્યારેલાલને લખ્યું: "હું ક્યાં જાઉં છું તે ખબર નથી. ક્યારે આવીશ તે જાણતો નથી. આ એક કામ કરજે. આ સાથે રૂા. ૩૫૦ ની નોટો મોકલું છું. તે આપણા અસીલને પાછી દેજે; અથવા એ કહે તેવી વ્યવસ્થા કરજે. બીજા થોડા મુકદ્દમાઓ ચલાવવાનું મેં અસીલોને વચન દીધું છે; તે તેઓ કબૂલ થાય તો તું ચલાવજે. મોટા બાપુને હિંમત દેજે, એની આજ્ઞામાં રહેજે!"

કાગળ બીડી, પોલીસને આપી પોતે પોલીસની ગાડીમાં બેઠા. ડેપ્યુટિ કમિશ્નર પોતેજ મોટર હાંકી રહ્યો છે. ડી. પો. સુપ્રી. રિવોલ્વર લઈને બાજુમાં બેઠો છે, પાછળની બેઠકમાં લાલાજીની પડખે ફોજદાર બેઠો છે.

સ્વસ્થ લજપત, તે વખતે ત્યાં ઊભેલા એકના એક દેશબાંધવને—પોલિસ ઇન્સ્પેક્ટરને સલામ કરી આગળ વધ્યા. પુલ ઓળંગતાં તો એણે એક મોટું સૈન્ય પોતાની તરફ આવતું દીઠું.

યુરોપીય અને દેશી, પેદલ અને ઘોડેસવાર, સાથે થોડું તોપખાનું! આ બધું લજપતરાય પર જાપ્તો રાખવા માટે! એ જોઇને લાલાજીના હૈયામાં હસવું આવ્યું; પરંતુ હાસ્ય એણે રોકી લીધું. × × × × કોટડીમાં પુરાઇ ગયા.

સંપૂર્ણ સ્વાસ્થ્ય સાચવ્યું, કશી જિકર, પૂછપરછ, ઉગ્રતા અથવા દહેશત નથી. એક રેખામાં કે રૂંવાડામાં પણ ઉશ્કેરાટ નથી. જાતે વૈશ્ય, ધર્મે મૂળેથી જૈન, શાણા ઠરેલા વૈશ્યની રીતે લાલાજીએ ભાઈ રામસિંગની વલેને ભેટવા કાળાપાણીની મુસાફરી આદરી. દુકાન વધાવી લેતો ડાહ્યો વણિક પાઇયે પાઇની વ્યવસ્થા કરીને વેપાર સંકેલી લે, તેટલી સ્વસ્થતા લાલાજીએ આ નવા જીવન–પ્રવાસે પળતી વેળા બતાવી. રાત્રે કારાગૃહમાં એકલા પડતાંની વારજ આત્મ–નિરીક્ષણ આરંભ્યું, એમનાજ શબ્દો ટાંકીએઃ–

"પ્રથમ પહેલાં તો પરમાત્માનો મેં પાડ માન્યો કે, હું પરહેજ થતી વેળા કૌટુંબિક કરુણ નાટ્યપ્રવેશોમાંથી બચી ગયો. પિતા, પત્ની અથવા બચ્ચાં તે સમયે હાજર હોત તો ન બચત. પિતાને માટે દિલગીર હતો, પરંતુ એમના ચારિત્ર્યના બળ ઉપર તેમજ સંકટ વેળાની એમની ચિત્ત–સ્વસ્થતા ઉપર મને એટલી બધી શ્રદ્ધા હતી કે, એમની વ્યાકુળતાનો વિચારભાર મારા મન પર બહુ ન રહ્યો. પત્ની અને બચ્ચાંને તો પિતાની ગોદમાં સુરક્ષિત માન્યાં. એ રીતે કુટુંબના વિચારમાંથી મનને મુક્ત કરી લીધું. પછી મેં મારું નૈતિક તથા માનસિક બળ માપી જોયું. મને લાગ્યું કે, એ બળ તૂટવાની જરીકે ધાસ્તી નહોતી. બચપણથીજ જગતકર્તાના ડહાપણમાં આસ્થા હતી ને તે ઉપરાંત ચાહે તેવી કટોકટીમાં પણ મને ટટ્ટાર રાખનાર ફાજલ આત્મશ્રદ્ધા મારામાં મેં બળતી દીઠી.

"આ રીતના આત્મનિરીક્ષણમાંથી નાહી–ધોઇને હું જીવનમાં પૂર્વે હતો તેથી સવિશેષ બળવાન ને નિશ્ચયવાન થઇ બહાર નીકળ્યો. અંતમાં પ્રભુને પ્રાર્થના કરી કે, હે પિતા! મર્દનો સીનો રાખવાની મને શક્તિ દેજે અને મારા સ્વદેશનું હિત જરી પણ જોખમાય તેવું કશું પગલું જાણે–અજાણે પણ ભરવાના પ્રલોભનમાંથી મને રક્ષી લેજે!"

× × × ×

આત્મનિરીક્ષણ પૂરું થયું. પછી સરકાર સાંભરી. સરકારની આ ચાલબાજી પર લજપતરાય હસી પડ્યા. સરકારને એના જાસૂસોએ

આવી સજ્જડ થાપ દીધેલી દેખીને લજપતરાયને રમૂજ ઉપજી.

સૂર્યદેવ નમ્યા, કારાગૃહના દ્વાર પરના તાળામાં ચાવી ફરતી સંભળાઈ અને અવાજ આવ્યો...."લજપતરાય!"

આવનાર મનુષ્ય ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ મિ. રૂન્ડલ હતા. એમણે કહ્યું: "બહાર નીકળો." લાલાજી બહાર નીકળ્યા. મોટર તૈયાર હતી. મોટર ચાલી, સ્ટેશન આવ્યું. પરોણાને માટે એક સ્પેશ્યલ ટ્રેન ઊભી હતી. હુકમ મુજબ કેદી ડબામાં ચઢ્યા.

રૂન્ડલ બોલ્યો: "લજપતરાય! સાંજની સલામ!"

"સલામ તમને પણ!" કેદીએ સ્વસ્થ ઉત્તર દીધો.

અને ગાડી સુસવાટા મારતી લાહોરની સીમ વટાવવા લાગી. લાલાજી લખી ગયા છે કે, "હું માત્ર ટૂંકી મુસાફરીએ જતો હોઉં, એવી મારું અંતઃકરણ સાક્ષી પૂરતું હતું. લાહોરને જીવન-ની છેલ્લી સલામ કરતો હોઉં એવું મને થયુંજ નહોતું.

આર્યાવર્તનો કિનારો પણ અદૃશ્ય થયો અને કલકત્તાથી ઉપ-ડેલી નૌકાએ અગાધ પાણીમાં પંથ કાપવા માંડ્યો. સ્વજનોના વિયોગની અને જન્મભૂમિના અદર્શનની ઊંડી વેદનામાં પહેરેગીર પોલીસ કમિશ્નરે આપેલા અપમાનભર્યા વર્તાવનો વધારો થતો ગયો; પરંતુ મૂળ પ્રકૃતિ તો ઘડી ઘડીમાં છેડાઇ જવાની હોવા છતાં લજપતરાયનું વીરત્વ તે દિવસે પોતાના સંગી સમુદ્ર જેવુંજ અક્ષુબ્ધ બની ગયું. પછી ઇરાવતી નદીના આરા વચ્ચે નૌકા દાખલ થતાં તો કેદીએ બ્રહ્મદેશી પુરુષો, ઓરતો અને બાળકોના ચહેરા દીઠા. અંતરમાં માધુર્ય ઊભરાવા લાગ્યું. એ કહી ગયા છે કેઃ—

"હું નથી સમજતો કે, તે ક્ષણેજ હું શા કારણે બ્રહ્મદેશની ભૂમિ અને પ્રજાપ્રત્યે પ્રેમ પામ્યો. કદાચ મારે એ લોકોની દિલ-સોજી પર જીવવું હતું તેથી; કદાચ મને એક એશિયાવાસી તરીકે આ પ્રથમ પહેલો એશિયાઇ મુલક જોતાં આખા એશિયા ખંડની પ્રજાની પરાધીનતાનું સ્નેહભીનું સ્મરણ થયું તેથી; અથવા બ્રહ્મ-દેશે પોતાનો ધર્મ આર્યાવર્ત પાસેથી મેળવ્યો હોઇને મારો તેના પ્રતિ ભ્રાતૃભાવ જાગ્યો તેથી—ગમે તે હો, મને ન લાગ્યું કે, હું અજાણ્યા દેશમાં આવી પડ્યો છું."

સાચો વીર એ કે, જે સાચો વીતરાગી થઇ શકે; કાળાપાણીની સજા ભોગવવા સંચરતા લજપતરાયની આ રીતે વીતરાગની દૃષ્ટિ ઊઘડી ગઇ; પરંતુ ખરી કસોટી હજુ ચાલી આવે છે. એ

પોતેજ નોંધી ગયા છેઃ—

"લાહોરથી માંડલે સુધીની મારી આખી મજલમાં મારા હિંદુ ને મુસ્લિમ બન્ને કોમના પોલીસ ચોકીદારોએ મને પ્રેમથીજ નવરાવ્યો છે. એક ખૂબસૂરત ચહેરાવાળા નવજુવાન મુસ્લિમ કૉન્સ્ટેબલની ઊંડી માયાને હું કદી નહિ ભૂલું. મારી વિપત્તિ પર એ રડતો હતો. પોતાની અને માતૃભૂમિની લાઇલાજીને એ કરુણ શબ્દે ગાતો હતો. બીજો એક જણ બર્માનાં જમરૂખ લાવીને મને આપી ગયો. મેં એને રીઝવવા થોડાં લીધાં, એણે જિદ્દ કરી કે "ના, બધાંજ લો. કોને માલૂમ, કદાચ આપનું આ દર્શન છેલ્લી વારનું હશે!" મેં કહ્યું. "ભાઇ! હિંમત ધર, પ્રભુ પર આસ્થા ન છોડ. મારો અંતરાત્મા બોલે છે કે, હું તુર્તમાંજ પાછો વળીશ." મારા શબ્દો સાંભળીને હર્ષ-ગદ્‌ગદિત બનેલા એ પોલીસે મારા પગ ઝાલી લીધા. આજ-જીવનમાં પહેલીજ વાર, પાશ્ચાત્ય સુધારાના દંભી ચળકાટથી અલિપ્ત રહેલી એવી હિંદી હૃદયની ભવ્ય નિર્મળતા એના સંપૂર્ણ અને શુદ્ધ સ્વરૂપે મારા આત્માપર છવરાઇ ગઈ! આ એક હિંદી, મારો વિધર્મી, ગરીબીમાં પિસાયલી ખેડુ કોમમાંથી વખાનો માર્યો સાતઆઠ રૂપિયાની અધમ નોકરી કરવા આવેલો આ ગામડિયો! મારા પ્રતિની વેદના બતાવવાને માટે પોતાનો રોટલો કુરબાન કરવા તૈયાર થયો. આ મુસલમાન સિપાઇઓને મારા વિધર્મી ગણીને મારા પર ચોકી કરવા મોકલનાર સત્તાધીશે કેવી થાપ ખાધી!.......માંડલેમાં એ બધાથી જુદા પડતાં મને ઘણી વેદના થઇ."

× × × ×

"અરે! આ મારા પગમાં કોણ પડ્યું છે?

"મેં જોયું તો ગોખલેજીના 'હિંદ-સેવક સમાજ'વાળા ભાઈ દેવધર. સ્ટેશન છોડું તે પહેલાં તો એ મારા પગમાં બાઝી પડ્યા છે. ઓચિંતો, મારા કાળાપાણીના સ્ટેશન પર, એ મિત્રના હાથનો મીઠો સ્પર્શ લાગતાં હું રડી ઊઠત. માંડ માંડ મેં મારા હૃદયને રૂંધી રાખ્યું, પળવાર તો મને ભય લાગી ગયો કે, ખુદ ગિરફતારી અને હદપારીથી જે સંયમ મેં નથી ખોયો, તે આ કદી ન ધારેલા મિત્રના ઓચિંતા સ્નેહલ સ્પર્શથી હું ગુમાવી બેસીશ; પરંતુ દેવધરભાઈ મારા પગને હજુ અડકયા ત્યાં તો પોલીસ ઈન્સ્પેકટર દોડયો. એને લાગ્યું કે, દેવધર મને છૂટો કરવા

મથે છે! એણે મારું કાંડું ઝાલ્યું અને એક ગોરા સાર્જન્ટે દેવ-ધરને ઝટકો મારી મારે પગેથી જુદો પાડયો. એ મિત્રના આલિંગન પ્રત્યે મારાથી કેવળ મૂંગાંજ નમન દઇ શકાયાં; કેમકે મારા હાથ ઇન્સ્પેકટરના હાથમાં જકડાયેલા હતા."

("સૌરાષ્ટ્ર"ના એક અંકમાંથી)

૩૯—"લજપતરાય" સ્વર્ગે સંચર્યો!

(લેખક:—શ્રી. ખત્રી અબા મોહમ્મદ જુસબ "નયન")

(હરિગીત છંદ)

નિજ વતનના જતને સદા, તન મન ધને પરિશ્રમ કર્યો;
પ્રેમાં અટલ રણધીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૧
નિજ દેશના ઉદ્ધારમાં, તલ્લીન જે પ્રતિપળ રહ્યો;
સ્વાતંત્ર્ય-ચાહક વીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૨
કારાગૃહે કષ્ટો સહ્યાં, પરવા તજી નિજ સુખ તણી;
ટેકી પ્રબળ બળવાર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૩
ચળવળ કરી, બહુ બળ ધરી, પણ પૂર્ણ નવ બાજી થઈ;
આશાસહિત ગંભીર "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૪
શસ્ત્રો રહિત, ડર વિણુ લડયો, સ્વાતંત્ર્યના સમરાંગણે;
સાચો અડગ શૂરવીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૫
તુજ શોકમાં રડતાં સહુ, વળી તિમિર પ્રસર્યું નભ વિષે;
જગ દૃશ્ય સૌ અસ્થિર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૬
તુજ વિરહમાં ભૂમિકાતણી, સહુ સંતતિ અતિશયે રડે;
હૃદયો બન્યાં અસ્થિર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૭
અણમૂલ અતુલ શિખ પાઠ તું, સ્વાતંત્ર્યનો શીખવી ગયો;
અમ દિલવિયોગી તીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૮
"પંજાબનો નરકેસરી," રે! પુનરપિ મળશે નહિ;
કેવાં બન્યાં તકદીર? "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૯
ભારતતનુજ! નિદ્રા તજો, યત્ને સુસંપે સહુ ધસો;
અમ "નયન" કેરું હીર, "લજપતરાય" સ્વર્ગે સંચર્યો. ૧૦

("ગુજરાતી" ના એક અંકમાંથી)

३९—एक 'दरिद्रनारायण' का पूजारी बौद्ध भिक्षु

(લેખકઃ—શ્રી. કૌશલ્યાયનિ આનંદ)

(૧)

સભી મનુષ્યોં કે હૃદય મેં કભી–ન–કભી તો સાત્ત્વિક ભાવોં કા સંચાર હોતા હી હૈ. ઉનકી અસદ્ વૃત્તિયોં કો સદ્વૃત્તિયોં કે સામને હાર માનની હી પડતી હૈ. ઉસ સમય ઉનકા હૃદય કહતા હૈ, " કૈસા અચ્છા હોતા, યદિ હમ ભી કિસીકે કુછ કામ આ સકતે !" ધન્ય હૈ વહ નિર્મલ હૃદય, જિસમેં પરોપકાર કી યહ ભાવના એક બાર ઉઠ કર શીઘ્ર હી મિટ નહીં જાતી; કિંતુ ઉત્તરોત્તર બઢતી હી જાતી હૈ–ઔર યહાં તક બઢતી હૈ કિ, ફિર ઉસે અપના સર્વસ્વ ભી દૂસરોં કી સેવા મેં લગા કર સંતોષ નહીં હોતા. વહ ચાહતા હૈ કિ દધીચિ કી ભાંતિ ઉસકી હડ્ડિયાં ભી કિસીકે કામ આ જાયેં.

ઇસી શ્રેણી કે એક બૌદ્ધ ભિક્ષુ આજ સે કોઇ ત્રીસ વર્ષ પૂર્વ ઉત્તર–પૂર્વીય જાપાન કે કોરિયામા નામક જિલે મેં હો ગયે હૈં. સન્ ૧૮૪૨ કે માર્ચ મેં એક બહુત હી સાધારણ પરિવાર મેં ઉનકા જન્મ હુઆ થા. માતા–પિતા ને ઉનકા નામ શિન્કો સુજીકી રકખા. અપને બાલ્ય–કાલ મેં ઉન્હોંને ચિસેકિન નામક બૌદ્ધ–મંદિર મેં શિક્ષા પાઇ ઔર ૨૫ વર્ષ કી આયુ મેં વહ 'નપોજી' મંદિર કે પૂજારી બના દિયે ગયે. અપને જીવન કે અંતિમ દિન તક વહ યહીં રહે; ઔર પચાસ વર્ષ કી સાધારણ આયુ મેં તો ઉનકા સ્વર્ગવાસ હી હો ગયા. વહ ઇસ સંસાર મેં બહુત દિન નહીં જિયે. ઉન્હોંને સમાજ મેં કોઇ વિશેષ ઉંચા સ્થાન ભી નહીં પ્રાપ્ત કિયા. ઉનકી કોઇ વિશેષ ખ્યાતિ ભી નહીં હુઇ; કિંતુ ઉનકે જીવન મેં 'ત્યાગ ઔર સેવા' કા ભાવ ઐસા કૂટ–કૂટ કર ભરા હુઆ થા કિ, હમ ઉનકો 'ત્યાગ ઔર સેવા કી મૂર્તિ' કે અતિરિક્ત ઔર કુછ કહ હી નહીં સકતે.

(૨)

આજ સે પચાસ વર્ષ પૂર્વ જાપાન મેં, બહુત સે સ્થાનોં પર, અનેક અમાનુષિક ઉપાયોં સે લોગ અપને બચ્ચોં કી હત્યા કર

ડાલતે થે. કોઈ તો ઉન્હેં સમીપ કે જલાશય મેં ફેંક દેતા. કોઈ ઉન્હેં વૃક્ષ પર લટકા કર માર ડાલતા; કિંતુ અધિકતર લોગ અપની સંતાન કે સાથ 'કોગશી' કા વ્યવહાર કરતે થે. 'કોગશી' કા શબ્દાર્થ હૈ "પ્રકૃતિ કો લૌટા દેના," ઔર ઉસકા મતલબ હૈ, બચ્ચે કે મુંહ ઔર નાક મેં ગીલા કાગજ ઠુંસ કર ઉસકા સાંસ બંદ કર દેના.

ઇસ પ્રકાર કી સબ સે અધિક ઘટનાયેં મહાત્મા સુજુકી કે અપને જિલે 'કોશ્યિામા' મેં હી હોતી થીં. ઇસ લિયે વહ અપને આસપાસ ઇસ પ્રકાર કા અત્યાચાર હોતા દેખ વ્યાકુલ હો ઉઠે. ઉન્હેં બચ્ચોં સે બહુત પ્યાર થા. વહ કહતે થે–"યદિ મૈં ઇસ કુરીતિ કો બંદ કર સકૂં, તો મુઝે ઔર અધિક કુછ ન ચાહીએ." ઉન્હોંને દેખા ઇસ કુરીતિ કા મૂલ ઔર મહાન કારણ દરિદ્રતા હૈ. નિર્ધન માત–પિતા અપને બચ્ચોં કી પરવરિશ કરને મેં અ-સમર્થ હોને હી કે કારણ ઉન્હેં માર ડાલતે હૈં. ઇસ લિયે પહલે ઉન્હોંને અપને આસપાસ કે લોગોં કો આર્થિક સહાયતા દેની આરંભ કી. જો કુછ ઉન્હેં ઇધર–ઉધર સે દાન મેં પ્રાપ્ત હોતા, વહ કિસી–ન–કિસી રૂપ મેં દરિદ્રોં કે યહાં પહુચા દેતે. અપને લિયે વહ બહુત હી થોડા ખર્ચ કરતે થે. પ્રાયઃ નમક કે સાથ થોડા ભાત ખા કર રહ જાતે ઔર તન કો એક ફટે–પુરાને વસ્ત્ર સે ઢક કર સંતોષ કરતે થે.

(૩)

કિંતુ, યહ બિમારી તો બહુત ગહરી થી. ઇસ સાધારણ ઔ-ષધ સે દૂર હોનેવાલી ન થી. વહ દિન–રાત યહી સોચતે રહતે કિ, "ઇન નિરીહ બચ્ચોં કે પ્રાણ કૈસે બચેં?" એક દિન આસ-પાસ કે ગાંવોં કે લોગ મહાત્મા સુજુકી કા ઉપદેશ સુનને કે લિયે ઇકટ્ઠે હુએ. મહાત્મા સુજુકી ને કહા–"મૈં દેખતા હૂં કિ તુમમેં અભીતક અનેક લોગ ઐસે હૈં, જો ઇસ મહાન પાપ કો કરતે હૈં. યદિ તુમ સ્વયં અપને બચ્ચોં કા પાલન નહીં કર સકતે, તો મૈં ઉન સબકા પાલન કરુંગા. અપને બચ્ચે કી હત્યા કરને સે પૂર્વ મુઝે ઉસકી સૂચના દે દિયા કરો. જરા એક બાર આ કર કહ દિયા કરો કિ હમારે પાસ ઇસે પાલને કે લિયે ધન નહીં હૈ. બસ, ફિર મૈં ઉસકી સમ્હાલ કર લિયા કરુંગા. શાયદ તુમ સમઝતે હો કિ નિરપરાધ બચ્ચે કી હત્યા કર કે તુમ એક બોઝ સે મુક્ત

હો જાતે હૈં. લેકિન યાદ રક્ખો, ઇસ પાપ કે બદલે મેં તુમ્હેં મહાન્ કષ્ટ સહના હોગા.” યહ કહતે-કહતે મહાત્મા સુજુકી કા ગલા રૂંધ ગયા, ઔર આંખો સે આંસુઓં કી ધારા બહ નિકલી. અપને વ્યાખ્યાન કી સમાપ્તિ પર વહ ખૂબ રોયે-ઔર, જનતા ભી ઉનકે સાથ રો પડી. લોગોં કો અપને પિછલે બૂરે કૃત્યોં કા બડા પશ્ચાત્તાપ હુઆ. ઉસ દિન સે અનેક સ્રિયોં, જો મહાત્મા સુજુકી કે ઉપદેશ સે પ્રભાવિત હુઈ થીં, ઇસ કુરીતિ કો મિટાને કે લિયે સતત ઉદ્યોગ કરને લગીં, જિસકા ફલ યહ હુઆ કિ કુછ હાલ કે બાદ ‘ કોરિયામા ’ કે જિલે મેં યહ કુરીતિ બિલકુલ મિટ ગઇ.

(૪)

યહ સત્ય હૈ કિ મહાત્મા સુજુકી કે ઉપદેશ સે હજારોં નિરપરાધ બાલક પૈદા હોતે હી મૃત્યુ કા ગ્રાસ હોને સે બચ ગયે; કિંતુ ઇસકે લિયે, ઉન્હેં કુછ કમ તપસ્યા ન કરની પડી. આગે ચલ કર ઉન્હોંને બડે હી કઠિન દિન વ્યતીત કિયે. એક દિન કડાકે કી સર્દી પર રહી થી. પ્રાતઃકાલ હી એક મજદૂર અપને બાલક કો લિયે મહાત્મા સુજુકી કે પાસ આયા ઔર બાલક કો ઉનકી ગોદ મેં દે કર બોલા-“ મહાત્મન્! યહ મેરા બાલક હૈ, આપ ઇસકા પાલન કરેં. ” બચ્ચા અત્યંત હી દુબલા પતલા થા, ઔર ઉસકે તન પર ફટે-પુરાને ચીંથડોં કે અતિરિક્ત ઔર કુછ ન થા. મજદૂર કહને લગા-“ ઇસ લડકે કી માઁ કો મરે એક માસ હો ગયા હૈ. ઇસ એક માસ મેં, મૈં કુછ ભી નહીં કમા સકા; જો કુછ મેરે પાસ થા વહ સબ સમાપ્ત હો ગયા. મેરે પાસ ઇસકી માતા કે તથા અપને કુછ કપડોં કે અતિરિક્ત ઔર થા હી ક્યા? અબ મૈં ઇસ લડકે કો સાથ રખ કર મજદૂરી ભી નહીં કર સકતા. મહાત્મન્ મેરે લડકે કી પાલના કરેં. ” યહ કહતા હુઆ વહ રો પડા ઔર બોલા-“ મહાત્મન્ ! કલ મુઝે ઘર કે માલિક ને ભી ઘર સે નિકાલ દિયા. રાતભર મૈં આપકે ઇસ બરામદે મેં હી ઠિઠુરતા રહા. દિન ચઢે મુઝે એક સ્રી ને આપ કા પતા બતાયા. મૈં આપ કી શરણ આયા હૂં. મેરે બચ્ચે કી રક્ષા કરેં, મૈં સદા આપકા ઋણી રહૂંગા.” મહાત્મા સુજુકી ને કહા-“ કોઇ હર્જ નહીં, તુમ અપને બચ્ચે કો મેરે પાસ છોડ જાઓ; ઔર જબ તુમ ઇસકા પાલન કરને યોગ્ય હો જાઓ, યા યહ તુમ્હારી કુછ સહા-

યતા કરને યોગ્ય હો જાય, તો જબ ભી ચાહે આ કર લે જાના." કૃતજ્ઞતા સે ઉસ મનુષ્ય કા મસ્તક ઝુક ગયા. વહ કુછ કહના ચાહતા થા—અપની કૃતજ્ઞતા કો શબ્દોં દ્વારા પ્રકટ કરના ચાહતા થા—કિંતુ, કર ન સકા. બડી મુશ્કિલ સે ઉસને દો ચાર શબ્દ કહે, ઔર ચલને કે લિયે તૈયાર હુઆ; લેકિન મહાત્મા સુજુકી ને ઉસે રોક કર રૂપયે દેતે હુએ કહા—"યહ લો, ઇસસે નયે વસ્ત્ર ખરીદ લેના. યહ ચીંથડે પહને હુએ શાયદ તુમ્હેં મજદૂરી ભી ન મિલે."

(૫)

ઐસી ઘટનાયેં લોગોં કે કાનોં તક પહુંચને લગીં ઔર લોગોં મેં યહ પ્રસિદ્ધ હો ચલા કિ મહાત્મા સુજુકી દયા કે અવતાર હૈં. જિન બચ્ચોં કો ઉનકે માતા-પિતા નહીં પાલ સકતે, ઉન સબકે પાલને કા ભાર અપને સિર પર લેતે હૈં. તબ ક્યા થા? અનેક લોગ આ કર અપને બચ્ચેં ઉનકો સુપુર્દ કરને લગે. યહાં તક કિ કુછ દિનોં મેં બચ્ચોં કી સંખ્યા કાફી હો ગઇ. મહાત્મા સુજુકી ઉન સભી બચ્ચોં કા પાલન કરને લગે. મંદિર કે પુરાને લેખે સે માલૂમ હોતા હૈ કિ ઉન દિનોં મેં જબ 'યેન' કી ક્રય-શક્તિ આજ સે લગભગ ૨૦ ગુની થી, વહ પ્રત્યેક બાલક પર એક 'યેન' માહવાર ખર્ચ કરતે થે. ઇસસે માલૂમ હોતા હૈ, વહ બચ્ચોં કો ખાને કી કમી નહીં હોને દેતે થે. મંદિર મેં ચાવલ આદિ કી જો આમદની હોતી થી, વહ ઉતને બડે પરિવાર કે લિયે બિલકુલ અપર્યાપ્ત થી; ક્યોંકિ કભી-કભી ઉનકે પાસ પચાસ-પચાસ બાલક ઇકટ્ઠે હો જાતે થે. ધનાભાવ કે કારણ ઇતને બચ્ચોં કે લિયે દાઇયાં તો રક્ખી હી નહીં જા સકતી થીં. ઇસ લિયે પ્રાયઃ હરરોજ મહાત્મા સુજુકી કો એકાધ બચ્ચા ગોદ મેં લિયે ઔર એકાધ કમર પર ઉઠાયે, દૂધ માંગને જાના પડતા થા. ઉનકા ધ્યાન ઇન બચ્ચોં કી શિક્ષા કી ઓર ભી થા. ઉન દિનોં જાપાન મેં અનિવાર્ય શિક્ષા ન થી. અનેક લોગ ગરીબી કે કારણ અપને બચ્ચોં કો પઢા ન સકતે થે. મહાત્મા સુજુકી જ્યોં હી કિસી બાલક કો સ્કૂલ જાને યોગ્ય હુઆ દેખતે, ઉસે કિસી પાસ કે પ્રાઇમરી સ્કૂલ મેં ભર્તી કરા દેતે થે. બચ્ચોં કે સ્વાસ્થ્ય કી ઓર ભી ઉનકા પૂરા-પૂરા ધ્યાન થા. યદિ કોઇ બચ્ચા બીમાર પડ જાતા, તો માત-પિતા સે ભી અધિક વહ ઉસકી સેવા કરતે. કભી-કભી બીમારોં કી સંખ્યા બહુત અધિક બઢ જાને પર વહ કિસી દાઈ કો ભી

નોકર રખ લેતે થે; લેકિન દાઇયોં કો દેને કે લિયે ઉનકે પાસ ધન કહાં થા ? બહુત બાર બચ્ચોં કે લિયે દવાઇ ઇત્યાદિ કા ભી પ્રબંધ નહીં હો સકતા થા. જબ વહ કિસી બચ્ચે કે તન પર કપડા ન દેખતે તો નોકર કો બુલા કર કહતે–" યહ લો મેરે બદન કા કપડા, ઔર ઇસે બેચ કર ઇસ બચ્ચે કે લિયે કોઈ વસ્ત્ર લે આઓ." ઇસ લિયે યદ્યપિ કભી–કભી કુછ ધની દાની ઉનકે લિયે મૂલ્યવાન વસ્ત્ર ભી ભેજ દેતે થે, કિંતુ ઉનકે તન પર પ્રાયઃ ફટે–પુરાને વસ્ત્ર હી રહતે થે.

(૬)

મહાત્મા સુજુકી કી દાનશીલતા કા યહ સંમાચાર સરકારી અફસરોં કે કાનોં તક ભી પહુંચા. ઉન્હોંને ઉનકે પ્રતિ આદર પ્રકટ કરને કે લિયે ઉન્હેં એક ચાંદી કા પ્યાલા ભેંટ કરના ચાહા. મહાત્મા સુજુકી ને વહ પાત્ર લેના સ્વીકાર ન કિયા. કહને લગે– "ભિક્ષુ કે લિયે દાનશીલ હોના એક સાધારણ ગુણ હૈ. ઇસમેં મેરી કોઇ વિશેષતા નહીં." એક બાર કુછ સરકારી આદમિયોં ને ચાહા કિ વહ અપને કાર્ય કી રિપોર્ટ લિખ કર ઊંચે સરકારી અફસરોં તક પહુંચા દેં, જિસસે ઉન્હેં કુછ સરકારી સહાયતા મિલ જાય; કિંતુ મહાત્મા સુજુકી ને કિસી પ્રકાર કી રિપોર્ટ આદિ ભેજના સ્વીકાર ન કિયા. વહ યહી સોચતે થે કિ યહ ઉનકા– –અપના નિજી કાર્ય હૈ.

(૭)

એક બાર જબ જાપાન કે સ્વર્ગીય સમ્રાટ મેયજી, કોરિયામા કે જિલે કી ઓર ગયે, તો મહાત્મા સુજુકી કી કીર્તિ ઉનકે કાનોં તક પહુંચી. ઉન્હોંને અપને મંત્રી કે હાથ મહાત્મા સુજુકી કે પાસ તીન ચાંદી કે પાત્ર ભેજે. મંત્રીને મહાત્મા સુજુકી કો સરકાર સે કુછ સહાયતા માંગ લેને કી સંમતિ દી; કિંતુ મહાત્મા સુજુકી કા એક હી ઉત્તર થા–" મુઝે ભગવાન બુદ્ધ કી સહાયતા કે અતિરિક્ત ઔર કીસીકી સહાયતા નહીં ચાહિયે."

(૮)

મહાત્મા સુજુકી ને સૈકડોં ઐસે બચ્ચોંકી પરવરિશ કી હોગી, જિનકો યા તો ઉનકે માતા–પિતા માર ડાલતે યા વે સ્વયં ભોજન ન મિલને સે મર જાતે; કિંતુ યહ તો ઉનકે 'ત્યાગમય જીવન' કા કેવલ એક કાર્ય થા. ઉન્હોંને અપને જીવન મેં અનેક ઐસે

કાર્ય કિયે. કોઇ ભી મનુષ્ય કૈસે ભી દુઃખ સે પીડિત હોતા, યદિ મહાત્મા સુજુકી કો ઉસકી ખબર લગ જાતી, તો વહ અવશ્ય ઉસકા કુછ ન કુછ દુઃખ દૂર કરતે. એક બાર બહુત રાત ગયે ઉનકે દ્વાર પર એક ભીખમંગા આયા ઔર કુછ ખાને કે લિયે માંગને લગા. મહાત્મા સુજુકી ઉસ સમય દિનભર કી થકાવટ કો દૂર કરને કે લિયે સ્નાન કર રહે થે. ઉન્હોંને અપને નોકર કો કહા "ઇસકો યહાં સ્નાનાગાર મેં હી મેરે પાસ લે આઓ." નોકરને કહા–"ઉસે યહાં લાને કે લિયે આજ્ઞા ન દેં, વહ કોઢી હૈ." દયાવાન ભિક્ષુ ને ફિર કહા–"કોઈ ડર નહીં, લે આઓ." ભિખમંગા અંદર આયા, વહ વાસ્તવ મેં કોઢી થા. મહાત્મા સુજુકી ને ઉસે અપને સાથ નહલાયા, ઔર કિતને હી દિનોં તક અપને પાસ મંદિર મેં હી રકખા.

(૯)

એક બાર 'તોહુકુ' કે જિલે મેં બડા ભારી અકાલ પડા. 'યાકામા' કે જિલે કે લોગોં કો ભી બડા કષ્ટ હુઆ, વે ભૂખ સે મરને લગે. ભૂખે મરતે લોગ કભી–ન–કભી ચાવલોં કી ચોરી કરને કે લિયે મહાત્મા સુજુકી કે મંદિર મેં ઘુસ આતે. જબ કભી ઉનકા નોકર ઉસકી શિકાયત કરતા તો મહાત્મા સુજુકી કહતે–"ચોરી કિયે બિના યે અપને પ્રાણોં કી રક્ષા નહીં કર સકતે. ઇસ લિયે હમારી દયા કે પાત્ર હૈં. જબ કભી કિસીકો ચોરી કરતે દેખ લો, તો ઉસે લજ્જિત કભી મત કરો."

("ત્યાગભૂમિ"માં "યંગઇસ્ટ"ના એક લેખમાંથી)

૫૦—भिक्षु उत्तमाविजय फुंगी की संक्षिप्त जीवनी

(લેખકઃ—શ્રી. સોમનાથ શુક્લ)

અનશનવ્રતી વીર યતીન્દ્રનાથ દાસ ને જિસ દિન અપની મુટ્ઠીભર હડ્ડિયોં ઔર સૂખે માંસ કે લોથડે કો ઘૃણા કે સાથ ઉન મદોન્મત્ત અધિકારિયોં કે સુપુર્દ કર યહ દિખા દિયા, કિ મેરી સ્વાધીનતા તુમ્હારે છીને કયા, સંસાર કી કિસી ભી પશુ–શક્તિ કે છીને નહીં છિન સકતી. ઉસકે કુછ હી દિન બાદ સારે હિંદુસ્થાન કે લોગોં ને એક ઔર મહાપ્રાણ મહાત્મા કા નામ સુના, જિસને રંગુન કે કઠોર કારાગાર મેં ૧૬૫ દિન ઉપવાસ કર કે નશ્વર શરીર ત્યાગ દિયા થા. ઈનકા નામ થા ઉત્તમાવિજય પુંગી. પરંતુ ભારત સે બહુત કુછ પૃથક્ હોને કે કારણ ભારતીય સમાચારપત્રોં મેં ઈનકે જીવનપર વિશેષ રૂપ સે પ્રકાશ નહીં ડાલા ગયા થા ઔર ન વૈસા હોના સંભવ હી થા. ભિક્ષુ વિજય કી જીવની લિખના સર્વપ્રથમ ઉનકે દેશવાસિયોં કા કર્તવ્ય હૈ. મૈંને સુના હૈ કિ ઉનકી જીવની વિશદ રૂપ સે નિકાલને કી ચેષ્ટા હો રહી હૈ; પર અબ તક નિકલી નહીં હૈ. જબ તક હમારે બર્મી ભાઇ સ્વયં ઇસ વિષય મેં સચેષ્ટ નહીં હોંગે, તબ તક ઉનકી પૂરી જીવની તૈયાર ભી નહીં હો સકતી. મુઝ વિભાષી ઔર વિદેશી કે લિયે યહ એક કઠિન કામ હૈ, ઇસમેં સંદેહ નહીં. ફિર ભી ઉનકી જીવની કે સંબંધ મેં જહાં તક મુઝે પતા લગ સકા હૈ, જો કુછ બાતેં મુઝે માલૂમ હો સકી હૈં, ઉન્હેં હી મૈં યહાં પર લિપિબદ્ધ કિયા ચાહતા હૂં.

યહ બાત અકસર દેખને મેં આતી હૈ કિ જો લોગ સંસાર કે હિત કે લિયે કામ કરતે હૈં, વે યશ કે ભૂખે નહીં હોતે. વે ચૂપચાપ અપને નિર્દિષ્ટ પથ પર ચલે જાતે હૈં—શાંતિ કે સાથ એકાંત મેં રહ કર અપને અભીષ્ટ કી સિદ્ધિ કે લિયે નિરંતર ચેષ્ટા ઔર ઉદ્યોગ કરતે રહતે હૈં. ભિક્ષુ ઉત્તમાવિજય ઇસી કોટિ કે નીરવ કર્મવીર થે. વે અકસર કહા કરતે થેઃ—

“યશ કી આકાંક્ષા રખ કર કોઇ ભી દેશહિતકર, સમાજ–હિતકર યા લોકહિતકર કાર્ય મત કરો. યદિ યશ મિલેગા, તો

સંભવ હૈ, તુમ પથભ્રષ્ટ હો જાઓ, ઔર યદિ યશ કી પ્રાપ્તિ નહીં હુઈ, જિસકી તુમ આકાંક્ષા રખતે હો, તો નિશ્ચય હૈ, કિ તુમ અપને કર્તવ્ય સે મુંહ મોડ લોગે. ઇસ લિયે એક ભી કામ યશ કે લિયે મત કરો." વે કેવલ દૂસરોં સે હી યહ બાત કહા નહીં કરતે થે; બલ્કિ યહી થા ઉનકે જીવન કા એક 'મોટો'–એક સિદ્ધાંત!"

પાશ્ચાત્ય સામ્રાજ્યવાદી રાષ્ટ્રોં કી રાજનીતિક ચાલબાજિયોં કો સમઝને મેં ભારત જિતના અગ્રસર હો ચૂકા હૈ, બર્મા અભી વાસ્તવ મેં ઉસકે બહુત પીછે હૈ. કૌન્સિલ (ઐસેંબ્લી) કી કૌન કહે, સરકારી નૌકરિયોં ઔર પદવિયોં કે મોહજાલ સે ભી વહાં કી અધિકતર જનતા આચ્છન્ન હૈ, ઐસા કહને મેં મુઝે સંકોચ નહીં હોતા. ઇસ પ્રકાર સોયે હુએ દેશ કો જગાના કિતના કઠિન કામ હૈ, યહ કોઇ ભુક્તભોગી ઔર અનુભવી હી સમઝ સકતા હૈ. પુંગી ઉત્તમાવિજય કે જીવન કા યહી લક્ષ્ય થા. અપને દેશવાસિયોં કે અંધકારપૂર્ણ હૃદયોંમેં પ્રકાશ ફૈલાને કે લિયે હી વે ઉત્પન્ન હુએ થે ઔર અંત મેં પ્રકાશપુંજસ્વરૂપ અપને પ્રાણોં કો ઉન્હી કે લિયે ઉન્હોંને ઉત્સર્ગ ભી કર દિયા.

હિંદુસ્થાન કે સાધુ–સંન્યાસિયોં કી તરહ બર્મા મેં ફુંગી યા પુંગી ભી બૌદ્ધ સંન્યાસિયોં કા એક ફિરકા હૈ. પર વહાં કે પુંગી-સંપ્રદાય કે સંન્યાસી ભારતીય સંન્યાસિયોં કી તરહ પરમુંડે ફલાહાર કર કે હી નિશ્ચિંત હો જાનેવાલે ઔર અકર્મણ્ય નહીં હોતે. યે બડે હી કર્મઠ હોતે હૈં. આજ બર્મા મેં પચ્ચાનવે ફી સદી આદમી ઐસે હૈં, જો અપની દેશી ભાષા મેં પઢે–લિખે હૈં. યહ ઇન્હીં પુંગીસંપ્રદાયવાલોં કી હી કૃપા હૈ, જો ઇતને આદમી અપની માતૃભાષા સે પરિચિત ઔર શિક્ષિત હૈં. યે પુંગીલોક ભિન્ન–ભિન્ન મઠોં યા આશ્રમોં મેં રહતે હૈં. ત્યાગી હોને કે સાથ–હી–સાથ યે દેશવાસિયોં કે હિત ઔર કલ્યાણ કી ચિંતા સે વિમુખ નહીં હોતે પરંતુ યે પુંગીલોગ ભી પહલે રાજનીતિ મેં કિસી પ્રકાર ભાગ નહીં લેતે થે. ભિક્ષુ ઉત્તમાવિજય કી પ્રેરણા સે પહલે–પહલે ઇન પુંગી સંન્યાસિયોં મેં સે એક દલ ને રાજનીતિ મેં ભાગ લેના શુરુ કિયા થા ઔર આજ વહી દલ ઇતના બલવાન એવં વ્યાપક હો રહા હૈ, કિ બર્મા કે નિવાસિયોં મેં ક્યા સામાજિક ઔર ક્યા રાજનીતિક સભી મામલોં મેં પ્રમુખ ભાગ લેતા હૈ. યહ દલ, વહાં આજ જાગૃતિ કી નયી ધારા બહા રહા હૈ. ઇસીસે પુંગી વિજય

કી અપૂર્વ યોગ્યતા કા બહુત–કુછ અનુમાન કિયા જા સકતા હૈ.

પુંગી વિજય કા જન્મ સન્ ૧૮૮૯ ઈ૦ મેં ઉત્તરી બર્મા કે સગાઈંગ નગર મેં હુઆ થા. માંડલે, પેકવાકૂ, પિનામાના આદિ સ્થાનોં મેં ઇન્હેં પ્રાથમિક શિક્ષા મિલી થી. ઇનકે પ્રધાન ગુરુ ઉકેતુ થે ઔર ઉનકી શિક્ષા–દીક્ષા કા પ્રભાવ ઇનપર ભલી ભાંતિ પડા થા. મૃત્યુ કે સમય ઇનકી અવસ્થા ૪૦ વર્ષ કી થી, જિસમેં સે આધી ઉમ્ર તો ઇન્હોંને શિક્ષા પ્રાપ્ત કરને મેં વ્યતીત કી થી ઔર આધી–દેશ, જાતિ ઔર સમાજ કા કલ્યાણ સાધિત કરને કે ઉદ્યોગ મેં. ઇનકે ગુણોંપર ઇનકે સ્વદેશવાસી મુગ્ધ રહતે થે. ઉનપર ઇનકા બડા ભારી પ્રભાવ થા, યદ્યપિ યે સ્વયં કભી પ્રભાવ ડાલને કી ચેષ્ટા નહીં કરતે થે. સંન્યાસી–સંપ્રદાય મેં ભી ઇનકે અનુયાયિયોં ઔર પ્રશંસકોં કી કમી નહીં થી. બર્મા કે પ્રાયઃ સભી બડે–બડે નગરોં મેં સંગોં ઔર મઠોંકી પ્રતિષ્ઠા કર યે શાંતિ કે સાથ લોક–હિતકર કાર્ય કરતે થે. યે જહાં જાતે, વહાં ઇન્હેં દેખને કે લિયે અપાર જનતા કી ભીડ ટૂટ પડતી થી. લોગ ઇનકે પ્રતિ અસીમ શ્રદ્ધા ઔર ભક્તિ રખતે થે.

પુંગી વિજય કે હૃદય મેં અપને દેશ તથા દેશવાસિયોં કે પ્રતિ અસીમ પ્રેમ થા. અપને દેશ કો વે અપને પ્રાણોં સે ભી અધિક પ્રિય સમઝતે થે. સન્ ૧૯૨૩ ઇ૦ સે ઇન્હોંને સ્પષ્ટ રૂપ સે રાજનીતિ મેં ભાગ લેના શુરુ કિયા. ભારત કી રાષ્ટ્ર–સભા (કૅાંગ્રેસ) કી તરહ બર્મા મેં ભી એક એસોસિયેશન હૈ. ઉત્તમાવિજય ને ઇસ સભા કે પ્રચારક કા કામ શુરુ કિયા. દો કારણોં સે ઇન્હેં શીઘ્ર હી ઇસિ કામ મેં બડી ભારી સફલતા મિલી. એક તો ઇનકા અસીમ પ્રભાવ લોગોંપર થા; દૂસરે, ઇનકી વક્તૃત્વ–શક્તિ ભી અપૂર્વ મોહક ઔર આકર્ષક થી. ઇનકે વ્યાખ્યાનોં સે શ્રોતાઓં કે પ્રાણોં મેં નયી શક્તિ ઉત્પન્ન હોતી થી.

પુંગી વિજય બાલકપન સે હી સ્વાધીનતા કે ઉપાસક ઔર સત્ય કે સાધક થે. રાજનીતિક ભાષણોં મેં ભી યે સત્ય કા ગલા ઘોટના નહીં ચાહતે થે. અપને સત્ય એવં પ્રત્યક્ષ વિચારોં કો વે દૃઢતા કે સાથ લોગોં સે કહને મેં કભી સકુચાતે નહીં થે. સ્વાધીનતા કે ભાવોં કા પ્રચાર હી ઉનકા લક્ષ્ય થા ઔર ઉસ લક્ષ્યપર દૃઢ રહને કે લિયે કિસી પાશવિક શક્તિ કે ભય સે વે કભી અપની જબાનપર લગામ નહીં લગાતે થે. વે અકસર અપને ભાષણોં મેં

કહા કરતે થે, કિ સ્વાધીનતા હમારે ગલા ફાડ કર ચિલ્લાને સે નહીં મિલ સકતી. વહ તભી મિલતી હૈ, જબ ઉસકે ઉપાસક ઉસકે લિયે અપને પ્રાણોં કો ન્યૌછાવર કરતે હૈં. સ્વાધીનતા કી પ્રાપ્તિ કે લિયે વે કિસી ખાસ મતવાદ કે સમર્થક નહીં થે. વે કહતે થે-હમેં સ્વાધીનતા ચાહિયે, વહ ચાહે જૈસે મિલે.

સ્વાધીનતા કી પ્રાપ્તિ કી ભાવના અપને દેશવાસિયોં મેં ભરને કા ઉદ્યોગ કરના હી ઉનકા અપરાધ થા. ઉનકા અસીમ પ્રભાવ, ઉનકી તીવ્ર આલોચનાએં ઔર સત્ય ઉક્તિયાં અધિકારિયોં કે લિયે અસહ્ય હો ઊઠી. એક એક કર કાનૂન કે બાણ ઉનકી છાતી તાક કર ચલાયે જાને લગે. સન્ ૧૯૨૬ મેં ઉન પર એકસો ચુંવાલીસ ધારા જારી કી ગયી, ઉનકી વાક્સ્વાધીનતા હરને કે લિયે! પર ઉસ વીરાત્મા ને ઉસકી કુછ ભી પરવાહ નહીં કી, વે પકડે ગયે. મામલા ચલા ઔર દો મહીને કે લિયે સાદી કૈદ કી સજા હો ગયી. વિજય ને સહર્ષ ઇસ દંડાજ્ઞા કો સ્વીકાર કર લિયા. જેલ મેં જબ ઉન પર અત્યાચાર હોને લગે, તો ઉન્હોંને અનશન કા સહારા લિયા. ઇસકે સિવા વે ઔર કર હી કયા સકતે થે? પૂરે દો મહીને બાદ વે છોડે ગયે; પરંતુ શીઘ્ર હી ફિર ન્યાનગાંવ ઔર ઇવેઆ મેં ભાષણ દેને કે લિયે એકસો ચોવીસ ધારા કે અનુસાર ગિરફતાર કિયે ગયે. વે દોનોં હી ભાષણ રાજદ્રોહાત્મક કરાર દિયે ગયે. ઇસ બાર ઉન્હેં એકવીસ મહીને કી કડી કૈદ કી સજા દી ગયી. સન્ ૧૯૨૭ કે કઇ મહીને કી એકત્રીસ તારીખ કો વે ફિર રંગુન કી જેલ મેં ઠુંસે ગયે.

જેલ કે કષ્ટોં કો સહને કે લિયે ઉત્તમાવિજય હર તરહ તૈયાર થે; પર જેલ મેં ઉનકી દો માંગેં થીં ઔર વે બિના કિસી દિક્કત કે પૂરી કી જા સકતી થી. એક માંગ યહ થી, કિ જેલ મેં ઉન્હેં ગેરુઆ-વસ્ત્ર મિલના ચાહિયે; ઔર દૂસરી માંગ થી ધાર્મિક વિશ્વાસ કે અનુસાર મહીને મેં દો દિન ઉપવાસ કા મૌકા દિયા જાયે તથા રાજનીતિક બંદિયોં કે સાથ કિસી પ્રકાર કા દુર્વ્યવહાર નહીં કિયા જાયે.

ઉનકી માંગોં કા પૂર્ણ હોના તો દૂર રહા; ઉનકે સાથ ઐસા વ્યવહાર કિયા ગયા, જૈસા કિસી સભ્ય દેશ મેં નહીં હોતા. પુંગી વિજય ને અનશન કરના શુરૂ કર દિયા; પર સરકાર ભલા ઉનકી માંગોં પર ધ્યાન દેને કી કોઇ આવશ્યકતા કયોં સમઝને લગી?

બલિક અધિકારિયોં ને જબર્દસ્તી નાક-મુંહ મેં નલ ઠુંસ કર ખિલાને કી ચેષ્ટા કી. ઇસકા પરિણામ યહ હુઆ, કિ વે ચાલીસ દિનોં તક મુર્દે કી તરહ પડે રહ ગયે-બોલતી બંદ હો ગયી. નવમ્બર મેં ઉન્હેં પાગલખાને મેં ભેજા ગયા; ઇસકી જાંચ કરને કે લિયે, કિ કૈદી કહીં પાગલ તો નહીં હો ગયા હૈ? ધન્ય હૈ ઇસ સમઝ ઔર સૂઝ-બૂઝ કો! કહાં તો વે બિના ખાયે મર રહે થે ઔર કહાં જાંચ હોને લગી ઇસ બાત કી, કિ કહીં દિમાગ તો નહીં બિગડ ગયા હૈ? પાગલખાને મેં લા કર ભી ઉનપર ઘોર પાશવિક અત્યાચાર કિયે ગયે. હાથ-પૈર બાંધ કર ગાલોં મેં ચપત ઔર ઘુંસે જડે ગયે, છાતીપર લાત મારી ગયી; મગર યહ સાબિત નહીં હુઆ, કિ કૈદી પાગલ હૈ. વે ફિર રંગુન જેલ મેં ભેજ દિયે ગયે ઔર વહાં સે ઉન્હેં બંગાલ કે મેદિનીપુર કી જેલ મેં ભેજા ગયા. બંગાલસરકાર ને પુંગી કો પોશાક પહનને કી અનુમતિ દે દી ઔર ઉનકે સાથ વિશેષ કૈદીકાસા વ્યવહાર કરને કી આજ્ઞા દી. અબ પુંગી ને અન્ન ગ્રહણ કિયા. મિયાદ પૂરી હોને પર સન્ ૧૯૨૯ ઇ૰ કી અઠ્ઠાવીસ વીં ફરવરી કો ઉન્હેં રંગુન પહુંચા કર છોડ દિયા ગયા. ઇસકે પંદર દિન બાદ યાની પંદર વીં માર્ચ કો પિયાવગાંવ મેં એક ભાષણ દેને કે લિયે વે પુનઃ ગિરફ્તાર કિયે ગયે. યહ ભાષણ ભી રાજદ્રોહાત્મક બતાયા ગયા. એકસો ચોવીસ ધારા લગાયી ગયી ઔર ન્યાય કા નાટક દિખા કર ઉન્હેં ઇસ બાર છ વર્ષ કે લિયે કઠોર કારાવાસ કા દંડ દિયા ગયા.

પુંગી કી ફિર વે હી પુરાની માંગેં પેશ હુઇ. જો લાતોં ઠુકરા દી ગયીં. ઇસકે પ્રતિવાદ મેં ઉન્હોંને પુનઃ અનશન પ્રારંભ કિયા. સત્તર અગસ્ત કો સમાચારપત્રોં કે કઇ પ્રતિનિધિ ઉન્હેં દેખને ગયે થે. ઉન્હોંને દેખા, કિ પુંગી એકદમ નગ્ન અવસ્થા મેં પડે-પડે મૌત કી ઘડિયાં ગિન રહે હૈં. ઉનકે શરીર કી કેવલ ઠઠરિયાં ભર રહ ગયી હૈં. અબ ઉન્હેં ગેરુઆં વસ્ત્ર પહનને કી અનુમતિ દી ગયી. ઇસપર ઉન્હોંને અનશન છોડ કર દૂધ પીના સ્વીકાર કિયા. છ દિન બાદ જબ ઉન્હેં માલૂમ હુઆ, કિ ધાર્મિક આદેશાનુસાર ઉન્હેં ઉપવાસ એવં ઉપાસના કરને નહીં દિયા જાયેગા, તબ ઉન્હોંને ફિર અનશન શુરૂ કર દિયા ઔર મૃત્યુવિજયી વીર કી તરહ મૃત્યુ કો ગલે લગાને કે લિયે તૈયાર હો ગયે. ઇન દિનોં વે એકદમ એકાંત કોઠરી મેં રકખે ગયે ઔર મૃત્યુ હોને તક કિસી

भी आदमी से उन्हें मुलाकात करने नहीं दिया गया. ओगणीस सितंबर १९२९ की रात के साढेनो बजे उन्होंने शरीर छोडा.

बात की बात में उनकी मृत्यु का समाचार सर्वत्र प्रचारित हो गया. बडी भारी सनसनी फैल गयी. निश्चय हुआ, कि कल सबेरे आठ बजे उनका शव लाया जायेगा. जलूस में संमिलित होने के लिये मानों सारा नगर उमड पडा. जेल में मरे हुए एक कैदी को प्राप्त होनेवाला अपूर्व सम्मान भला सरकार कैसे देखती? दुर्दैव को जिस प्रकार किसीके सुखसौभाग्य नहीं देखे जाते, उसी प्रकार अधिकारियों के लिये उस मृतशरीर की प्रतिष्ठा का आयोजन शायद असह्य उठा. इसी लिये सवेरे छ बजे विजयी पुंगी का प्राणहीन शरीर लोगों की आंख बचा कर उनके प्रधान मठ पर भेज दिया गया.

स्वदेशप्रेम और स्वाधीनताप्रेम का ऐसा कठोर पुरस्कार भारत जैसे पराधीन देश में ही मिल सकता है! परंतु क्या भारत इन पुरस्कारों को पा कर भी–इन बातों को देख कर भी संतुष्ट नहीं हो सकता? क्या अब भी वह सचेत नहीं होगा?

("हिंदूपंच"ના એક અંકમાંથી)

૪૧–મૃત્યુ મરી ગયું રે લોલ!

જમ્મિજિત જતીન્દ્ર શહીદનાં શૂરાતન

બપોરના બાર વાગી ગયા છે. લાહોરની બોર્સ્ટલ જેલના દરવાજે એક આતુર ટોળું રાહ જુએ છે. વારંવાર દરવાજેથી ખબર કઢાવે છે. સવારના આઠ વાગે અંદર ગયેલ જતીનના ભાઈ કિરણદાસ હજુ પાછા ફર્યા નથી. શું હશે? ડૉક્ટરો ઝપાટાબંધ અંદર જતા દેખાય છે. કોઈ પાછું ફરતું નથી. જતીનની સ્થિતિના ભય ઉપજાવે એવા સમાચાર સાંભળવા માટે સૌ તૈયાર બનીને ઊભા છે. રોજ કરતાં આજ મામલો વધુ બગડેલો લાગે છે.

એટલામાં કિરણદાસ પાછા વળે છે. સૌ તેમને વીંટળાઈ વળી પૂછે છે: જતીનને કેમ છે? ફિક્કે ચહેરે, ઊંડા અવાજે તે કહે છે કે, "ભાગ્યેજ બે કલાક તે વધુ કાઢે. તેની જીવનદોરી ક્યારે તૂટી જશે તે સમજાતું નથી." પછી સપ્ટેમ્બરની ૧૩મી તારીખે બપોરે

૧ ને ૫ મિનિટે જતીન ગયો ! તાર ઉપર તાર છૂટયા, હિંદભરમાં ગમગીની ફેલાઇ ગઈ.

જુલાઇની ૧૩ મી તારીખે જતીને ઉપવાસ શરૂ કર્યાં. ભગતસિંગ અને દત્તની લડતમાં એણે સહાનુભૂતિ આપવા માટે પ્રાણ પાથરવાનો નિશ્ચય જાહેર કર્યો. દિવસો તો ઝપાટાબંધ પસાર થતા ગયા; પણ રાજદ્વારી કેદીઓની સ્થિતિમાં ફેરફાર ન થયો. ઉપવાસ ચાલુજ રહ્યા. ઉપવાસીઓનાં અંગ જૂઠાં થયાં. હાથપગમાં લોહી ફરતું અટક્યું. માત્ર છાતીના ધબકારા સંભળાતા. લોહીની ઊલટીઓ થઇ. ચેતન થીજી ગયું.

એ જતીન કોણ હતો ?

જતીન બંગાળી હતો. નાનપણથી એની મક્કમતા જાણીતી હતી. પૈસાના ફંદમાં એ પડ્યો નહોતો, ધારે એ પૂરું કરવું એ એનો નિશ્ચય હતો. બંકિમ બિહારી બાબુનો એ જયેષ્ઠ પુત્ર હતો. એનાં સગાંસંબંધીઓ એને હેતમાં "બેંદો" કહેતાં. એને એક નાની બહેન હતી, તેના તરફ જતીનને ખૂબ ભાવ હતો. જતીનનો વર્ણ કૃષ્ણ હતો અને કિરણદાસના ગૌર વર્ણને જોતાં કોઇ ભાગ્યેજ માને કે એ બન્ને એક માના દીકરા હશે. એનાં સગાં એને બુડથલ માનતાં, હઠીલો ગણતાં, છોકરવાદ સમજતાં. જતીન જ્યારે દસ વર્ષનો હતો, ત્યારે ૧૯૧૩માં તેની માતા ગુજરી ગઇ. ત્યાર પછી અનેક દુઃખો સહન કરતાં કરતાં માતૃભૂમિને ખાતર ૨૫ વર્ષની જુવાન વયે જતીન સ્વર્ગે સિધાવ્યો.

જ્યારે દેશમાં અસહકારની ભરતી ફરી વળી, ત્યારે જતીન ઝાલ્યો ન રહ્યો. સત્તર વર્ષનો જુવાન જતીન આનાકાની કરવામાં વખત ગુમાવે તેમ ન હતું. એણે પણ સાઉથ સબર્બન કૅાલેજનો ત્યાગ કર્યો અને તનમનથી ઝુંબેશમાં જોડાયો. એના પિતાને આવી વાત ગમતી ન હતી. તેમણે જતીનને બોલાવ્યો ને આવા ઢંગ છોડી દેવા કહ્યું, પણ જતીન આગ્રહી હતો. એણે વિનયથી પિતાને જણાવી દીધું કે, "મારું કાર્ય ખોટું નથી ને આપની કીમતી સલાહ હું સ્વીકારી શકતો નથી." પિતાએ પોતાની સત્તા વાપરી, એ માવિનાના બાળકને કહી દીધું કે, "જો એમજ હોય તો ફરી ઘેર મોઢું બતાવીશ નહિ !" જતીન ત્યાંથી ઊપડ્યો તે કૅાંગ્રેસ ઑફિસમાં શ્રી. હેમેન્દ્રનાથ દાસ ગુપ્તાને ત્યાં ગયો. પછી તો સભાઓ, સરઘસો, પૈસાની ઉઘરાણી એવાં કૅાંગ્રેસનાં કાર્યમાં એણે ઝંપલાવ્યું.

એ બધામાંથી સમય મળતો તે વખતે તે ટ્યૂશન આપતો અને તેમાંથી મળતા માત્ર દસ રૂપિયા ઉપરજ તેનો ગુજારો નભી જતો. જતીન કેટલીય વાર સાંજે ખાતો નહિ અને કેટલીય વાર પૌંઆ ખાઇ પડ્યો રહેતો. આમ છતાં કોંગ્રેસના કાર્યમાં પણ એનાથી પોતાના પૈસા ખર્ચી દેવાતા. એનો મુકામ કોંગ્રેસ ઑફિસમાંજ રહેતો. મચ્છરના ઉપદ્રવવાળી અને ગંદી જગ્યાએ આવેલી ઑફિસમાં રાત પસાર કરવી એ પણ કઠણ કામ હતું.

એક રાતે કોઇ ગોરા અમલદારે એક બંગાળી સન્નારી હેમનલિની ઘોષ ઉપર પોતાની સોટી વડે હુમલો કર્યો. કોંગ્રેસના કોઇ સ્વયંસેવકે એના હાથમાંની સોટી ખૂંચવી લીધી. એ સોટી તેજ અમલદારને પાછી સોંપવી અને તેની શરમનું તેને ભાન કરાવવું, એવું એ બધાએ નક્કી કર્યું. જતીનના મિત્રોને લાગતું કે, એને મોટી મોટી વાતો કરવાની ટેવ પડી ગઈ છે, માટે તેનેજ કસી જોવો. જતીનને વાત કરી, તે તૈયારજ હતો, સોટી લઈને મી. કીડ પાસે તે ઊપડી ગયો. આ હુમલો કરનાર મી. કીડ છે એમ સૌએ નક્કી કર્યું હતું. 'ઍલીસિયમ રો' માં આવેલી મી. કીડની ઑફિસમાં જતીન ગયો ને જણાવ્યું કે, તમારા મુબારક હાથમાંથી ઝૂંટવી લેવામાં આવેલી આ સોટી પાછી વાળવા હું આવ્યો છું. મી.કીડે મુલાકાત તો ન આપી, પણ આટલી મહેનત લેવા માટે આભાર તો માન્યો. તે પછી પરદેશી કાપડ ઉપર પિકેટિંગ શરૂ થયું. જતીન તો લાગલોજ ઝપટાયો. તેના ઉપર કામ ચાલ્યું ને ગુનેગાર ઠર્યો અને એને છ માસની જેલ ઠોકવામાં આવી. હુગલીની જેલમાં તેને પહેલી વાર સરકારની મહેમાનગીરી ચાખવા મળી. ત્યાંથી છૂટ્યો એટલે વળી પિતાને લાગી આવ્યું તેથી પુત્રને ઘેર લઈ ગયા અને કૉલેજમાં દાખલ કરાવ્યો, જતીન યુનિવર્સિટી "કોર" માં જોડાયો, ઇન્ટર પાસ કરી અને બંગવાસી કૉલેજમાં બી. એ.ના વર્ગમાં દાખલ થયો.

પણ પઢાવ્યું પઢે એવું પંખી એ ન હતું. એને સ્વતંત્રતા માટે તનમનાટ થતો હતો. એને લાગ્યું હતું કે, દેશની આ સ્થિતિમાં કૉલેજોમાંથી સાહિત્ય કે ઇતિહાસ, ગણિત કે વિજ્ઞાન નહિ શીખીએ તો દેશને કશું ભારે નુકસાન જવાનું નથી; એટલે તે અભ્યાસ કરતો હતો છતાં તેની ચળવળો તો ચાલુજ હતી. દક્ષિણ કલકત્તા જિલ્લાની કોંગ્રેસ કમિટીનો એ સહાયક મંત્રી હતો.

અને બંગાળ કોંગ્રેસ સમિતિનો એ સભ્ય હતો. ૧૯૨૫ ના નવેમ્બર માસની ૨૪ મી તારીખે તે ફરી પકડાયો. બંગાળમાં ચાલી રહેલી ઉગ્ર ચળવળને દાબી દેવાને સરકારે ખાસ કાયદો રચ્યો હતો. તેમાં જતીનને સપડાવ્યો. ત્યારથી તે ૧૯૨૮ ના ઓકટોબર સુધી જતીન અનેક જેલોમાં રખડ્યો.

પહેલાં તો એને પ્રેસિડેન્સી જેલમાં રાખ્યો. ત્યાંથી મિદનાપુર મોકલ્યો. અસહ્ય તાપથી ત્યાં એક દિવસ બેભાન બની જતાં મૈમનસિંગની જેલમાં એની ફેરબદલી કરી. ત્યાં વળી નવો કિસ્સો ઊભો થયો. લેફ્ટેનન્ટ કર્નલ ઓ'બ્રાયન પોતાને પાકી વયના એટલે સૌના પિતા માનતા હતા. એટલે પોતાની સમક્ષ-પિતાની સામે-જતીન જેવું છોકરું બેસી રહેવાની અસભ્યતા કે ગુનો કરે એ તેમનાથી ખમી શકાયું નહિ. જતીનને ઊભા થવા ફરમાવ્યું. જતીનને લાગ્યું કે, આ ગોરો મારું અપમાન કરવા માગે છે. એણે દાંત પીસીને જવાબ દીધો કે, "આવી જા બચ્ચા ઓ'બ્રાયન! ખોપરી ફોડી નાખીશ." એટલે તો પાછો કેસ ચાલ્યો. જતીને આમ કહી ઓ'બ્રાયન ઉપર હુમલો કર્યો! આવી તરકટી રીતિથી કંટાળી જઈને ઉપવાસ આદર્યો. વીસ દિવસ સુધી એણે લંબાવ્યું. તરત તપાસ શરૂ થઈ. સરકારે ધ્યાન પહોંચાડ્યું. ઓ'બ્રાયને જણાવ્યું કે, હું મારી જાતને જતીનના પિતા-તરીકે માનતો હતો; કારણ કે મારી ઉંમર પાકી થઈ છે. ભૂલની માફી માગું છું. પછી જતીને પણ યોગ્ય ખુલાસો કર્યો. આમ સમાધાન થઈ ગયું. હજુ સુધી તો ત્રણ-ચાર જેલો જતીને જોઈ હતી, પણ એને નસીબે બંગાળની બધી જેલોનો અનુભવ લેવાનો હતો. મિયાનવાળી જેલમાં એને ધકેલવામાં આવ્યો. ત્યાં તો દેશભક્તોની કસોટીજ કરવામાં આવતી અને જતીન ઉપર પણ ત્યાં ખૂબ વીત્યું. લાંબો કાળ ત્યાં રાખીને વળી પાછો એને ઢાકાની જેલમાં મોકલ્યો. ત્યાંથી ચિતેગાંવની જેલમાં મોકલવામાં આવ્યો. આખરે ૧૯૨૮ના ઓકટોબરમાં એ છૂટ્યો. એની તંદુરસ્તી બગડી ગઈ હતી. એના મગજ ઉપર એની જેલયાત્રા દરમિયાન ગુજરેલા ત્રાસથી ખૂબ માઠી અસર ઊપજી હતી. એની સ્મરણશક્તિ શિથિલ બની ગઈ. એની આંખોનું નૂર ઘટયું. હવે પહેલાં જેટલું સ્પષ્ટ એ જોઈ શકતો નહિ. જેલમાંથી બહાર નીકળ્યા પછી એની પ્રિય બહેન ગુજરી ગયાના સમાચાર એને મળ્યા. મા વિનાના જતીનને એ

બ્હેનથી ઘણો દિલાસો હતો. નમાચી બ્હેનનો જતીન ઉપર ખૂબ ભાવ હતો. જતીન વિચારતો કે, હું ઘેર હોત તો બ્હેન બચી જાત. છેલ્લી મહાસભા વખતે સ્વયંસેવકોની જે જંગી ફોજ ઊભી કરવામાં આવી હતી તેમાં એની ઘણી જહેમત હતી. સુભાષ બાબુના હાથ નીચે એને અધિકારી નીમ્યો હતો, જ્યાં તેણે સુંદર સેવા બજાવી હતી. એના અધિકારની રૂએ એ ધારત તો કોંગ્રેસમાં જઇ ધુરંધર નેતાઓનાં ભાષણોનો સ્વાદ ચાખી શકત પણ એ સૈનિક હતો ને પોતાની ફરજોનું એને તીવ્ર ભાન હતું. એણે આખા સમારંભમાં પોતાની જાતને ઘસી નાખી. એટલી જવાબદારી, એટલી મહેનત, એટલી કર્તવ્યપરાયણતા જતીનમાં ઊભરાતી હતી.

તે જેલોના પ્રવાસમાંથી રખડીને છૂટયો કે તરતજ ફરી પાછો કૉલેજમાં દાખલ થયો અને રાજકારણને લગતાં પુસ્તકોનો બહોળો અભ્યાસ કરવામાં રોકાયો. સ્વતંત્રતા માટે મથતા બીજા દેશના ઇતિહાસ તપાસવામાં એણે ચિત્ત લગાવ્યું. દક્ષિણ કલકત્તાની રાષ્ટ્રીય શાળામાં એ કવાયત શીખવવા જતો. છ મહિના સુધી તેણે એ કાર્ય ઉઠાવ્યું, છતાં એની સેવાના બદલામાં એણે પાઇ સરખી પણ માગી નથી. એને નાણાંની જરૂર ન હતી એવું તો હતુંજ નહિ. એ તો વખાનો માર્યો બધે ફરતો હતો. એને ભૂખ્યા પણ ઊંઘી જવું પડતું હતું, છતાં એ ફરી પાછો પકડાયો ત્યાંસુધી કવાયત શીખવવાના સતત કામમાંથી પાછો હઠ્યો નથી. અનેક સંસ્થાઓ સાથે એને સંબંધ હતો અને એ સંબંધનો ઉપયોગ શો કરવો તે પણ તેણે નક્કી કરી નાખ્યું હતું. દક્ષિણ કલકત્તામાં સ્વયંસેવકની ચળવળ કેમ કરીને જોસમાં ફેલાય એજ એનું ધ્યેય થઇ પડયું હતું.

જતીનને નિર્દોષ બાળકો બહુ પ્રિય હતાં. સ્ત્રીઓ તરફ પણ કાંઇ કટ્ટર વિરોધ ન હતો, છતાં એ પરણવાની તો નાજ પાડતો. એક વાર તેનાજ જેવો સહન કરી કરીને કસાયેલો મિત્ર પરણવા બેઠો, ત્યારે એને તેના આવા વર્તન તરફ ખૂબ આશ્ચર્ય ને ખેદ ઊપજ્યો. એ લગ્નસમારંભમાં તે ગયો, પણ તે શિષ્ટાચારને ખાતર.

દેશ માટે કાર્ય કરનારાઓ જો ગૃહસ્થાશ્રમ માંડી બેસી જાય, તો જેટલી નીડરતાથી તેઓ એકલા રહીને મોરચો માંડી શકે, તેટલી હિંમતથી કોઇ પણ જોખમવાળાં કાર્ય તેઓ હાથમાં નજ લઇ શકે, એમ જતીન ખાતરીથી માનતો. એની જુવાનીનો ઉપ-

યોગ એને સ્વતંત્રતા ખાતરજ કરવો હતો. તેનાં ઉત્સાહને એણે લગ્ન કરી છાંડી દીધો નહિ, પણ દેશની આઝાદીની જે લગની લાગી હતી તે તરફજ તેની મીટ માંડેલી રહી અને લગ્નની વાત તેણે કદી કાન ઉપર ધરીજ નહિ.

ગરીબાઇથી કે ભૂખથી એ મૂંઝાતો ન હતો. એ કદી યાચના કરવા જેવી દીન મુખમુદ્રા કરી ફરતો નહિ. એવી રીતે ગમગીન ને દીન બનીને ફરતા લોકોને જોઇને એને મનમાં ખૂબ લાગી આવતું. કેટલીક વાર તો ચિડાઇ પણ જતો. સ્વતંત્રતા માટે ભય હોવાનો એને વિચારજ નથી આવ્યો. એ પચીસ વર્ષનો જુવાન એકજ વિચાર કરતો, એકજ વર્તન રાખતો-સ્વતંત્રતા અર્થે જિંદગી ફના કરવી, હસતે મુખે જુલમોના ભોગ થવાની તૈયારી રાખવી.

પોતાના પક્ષ માટે એ થાય એટલું બધું કરવા ચૂકતો નહિ. બંગાળાની પ્રાંતિક કૉંગ્રેસ કમિટીની ચૂંટણીમાં એણે મતપત્રો અદ્ધર ગુમ કરેલાં. બંગાળાની ધારાસભામાં એક સ્વરાજિષ્ટ સભ્યને મદદ કરવા પોતાનાજ પિતાના ખિસ્સામાંથી ચૂંટણીને લગતા ખાનગી પત્રો એ ઉઠાવી ગયેલો. ઈશ્વરથી દરેક બાબતમાં ડરી ડરીને ચાલવાનું એ ભૂલી ગયો હતો. દૈવી શક્તિમાં એને વિશ્વાસ હતો, પણ વારંવાર વેદિયા ઢોરની જેમ “ આમ કેમ બને, આમ તો કરીજ ન શકાય ” એવું એ કદી માનતો નહિ. દેશની ખાતર એક પણ તક જતી કરવી એ એને મન ચોખ્ખો દેશદ્રોહ હતો. રાજકીય વિચારોમાં જે સગાંઓ એનાથી વિરુદ્ધ વિચાર ધરાવતા હોય, તેમનાં આમંત્રણો સ્વીકારવાં એ એનાથી બની શકતું ન હતું. ન્યાતમાં, સમાજમાં, શિક્ષણમાં-બધે એકજ વાત, એકજ પદ્ધતિ, એકજ ચિંતન.

સૈનિક તરીકેની જિંદગી માટે એને ખૂબ લાલસા હતી. વીરનું મૃત્યુ પામવાની એને મોટી ઉમેદ હતી. હૃદયમાં એ માયાળુ અને આર્દ્ર હોવા છતાં, એ ખૂબ સખ્ત મુખમુદ્રા રાખતો. કોઈ દિવસ રડ્યો હોય એવું બન્યુંજ નથી. નિર્બળતા રાખવા જેટલી મૂર્ખાઇ તો એ કરતોજ નહિ. એને જ્યારે ખાતરી થઇ કે “ મારી ઘડીઓ ગણાય છે ત્યારે તેણે કહેવડાવ્યું કે, મારી સાયકલ કોઇને ન આપશો. કૉંગ્રેસના કામને માટે તે તૂટી જાય ત્યાંસુધી એનો ઉપયોગ કરજો. મારા પિતાને કહેજો કે, જગન્નાથપુરીમાં જઇ એમની જિંદગી પૂરી કરે અને છેલ્લે એણે પોતાના સાથીઓને સંભાર્યા

છે.” દેવેન્દ્ર બોઝ અને વિભૂતિ ચેટરજી જેવા વયોવૃદ્ધ કોંગ્રેસના કાર્યકર્તાઓ માટે તેણે સુભાષ બોઝને કાંઇ જોગવાઇ કરવા વિનતિ કરી. એ બન્ને જણ માટે જતીનને બહુ માન હતું.

જતીને મરવાની વાત પહેલેથી જાણી લીધી હતી, એટલે એના શબને કેવા સંસ્કાર કરવામાં આવે એની વાત પણ એણે જણાવી દીધી છે. હું બંગાળી કરતાં હિંદી હોવાનું પસંદ કરું છું, માટે મને હિંદી તરીકે બાળજો, બંગાળી રીતે નહિ. જો એણે પોતાને વિષે કશું મમત્વ દેખાડયું હોય તો આજ વેળા. શરીરનો વિચાર એણે કર્યો હોય તો આત્મા ઊડી ગયા પછીના શરીરનો, એનો પ્રાણ તો એણે સ્વાતંત્ર્યને અર્પણ કર્યો હતો.

લાહોરની જેલમાં જ્યારે એનો જ્વર ઊતર્યો નહિ, જ્યારે એની નાડી મંદ પડતી ગઇ, જ્યારે એની જીભ બોલતી બંધ થતી લાગી; ત્યારે સરકારે નીમેલી જેલકમિટીએ જણાવ્યું કે આને છોડી દો. એના ઉપરનો ગુનો સાબિત થયો ન હતો. એ ગુનેગાર છે કે નહિ તે કોઇ કહી શકે તેમ નથી. એક નિર્દોષ જુવાન હિંદીને ભૂખે રિબાવી માર્યાનું તહોમત સરકાર પોતાને કપાળે ન ચોંટાડે તો તેમાં સરકારની શોભા હતી; પણ વિપરીત થઇ ગયેલી બુદ્ધિ વિવેક ભૂલી જાય છે, ન્યાય જોઇ શકતી નથી, ફરિયાદ સાંભળી શકતી નથી, તેમ જતીન ત્યાંજ રહ્યો. એણે જામીન ઉપર છૂટવાની ના પાડી. એમાં તો સ્વમાનનો નાશ થતો હતો. એમાં તો સિદ્ધાંતનો તિરસ્કાર સ્પષ્ટ થતો હતો. જતીન જિંદગી માગતો ન હતો, એ તો સિદ્ધાંતનોજ આગ્રહી હતો.

હિંદુસ્તાનમાં ભૂખે મરતા માણસોની સંખ્યા ઘણી છે, પણ આવી રીતે મરણને નોતરું આપી જિંદગી કુરબાન કરનારા વીરલા પણ થોડા નથી. નિર્દોષ, જુવાન, તપસ્વી જુવાનોનાં લોહી છંટાશે ત્યારેજ સ્વરાજ્યની મહાન સિદ્ધિ પ્રાપ્ત થશે, જતીનના જેવી તૈયારી હજારોની છે.

(‘વિકાસ’ ના એક અંકમાંથી)

४२–बरनार मेकफेडननुं असाधारण जीवन

(લેખક:—શ્રી. મણિભાઇ મોતીભાઇ પટેલ)

"આપણે હાલ જાણીએ છીએ તે ઉપરથી એવા નિશ્ચય ઉપર આવી શકીએ કે, આપણા દેશના હાલના સંયોગોમાં આરોગ્યસંરક્ષણના બધા નિયમો પાળવામાં આવે, તો આપણા લોકની સામાન્ય આયુષ્યમર્યાદામાં ત્રીસ વર્ષનો વધારો થાય. મોતનું પ્રમાણ અડધોઅડધ ઘટી જાય અને તેની સાથે માંદગીમાં સપડાઇ કામ કરવાને કાયમના નાલાયક થઇ પડતા લોકોની સંખ્યામાં મરણપ્રમાણ કરતાં બેવડો ઘટાડો દરવર્ષે થાય. બીજા શબ્દોમાં કહીએ તો, આ દેશની મૃત્યુસંખ્યામાં દર વર્ષે ચાળીસ લાખનો ઘટાડો થાય અને રોગીઓની સંખ્યામાં એંશી લાખનો ઘટાડો થાય, આ આંકડા હૃદયભેદક લાગે છે; પરંતુ તે પ્રમાણમાં સિદ્ધ છે અને નિર્વિવાદ રીતે આરોગ્યરક્ષણની બાબતમાં આપણી અજ્ઞાન હાલત દેખાડી આપે છે."

—શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ

આજે દેશમાં ચારે દિશાએ ધનવાનોના ધનનો પ્રવાહ દરદીઓને રોગમુક્ત કરવા, દવાખાનાં કાઢવા તથા સેનેટોરિયમ બંધાવવા તરફ વહી રહેલો છે. શ્રીમંતો અને મોટા મોટા અમલદારોના સ્મારક તરીકે દવાખાનાં કાઢવાની પ્રથા પડી ગઇ છે. દેશમાં સરકારી તેમજ ખાનગી વૈદ્ય–ડૉકટરોનાં દવાખાનાંની ખોટ નથી. ગામોગામ વૈદ્ય–ડૉકટરો ઊભરાઇ જાય છે, છતાં દેશમાં રોગપીડિતોની સંખ્યા ઓછી થતી નથી. ડૉકટરો અને દવાખાનાં વધે તેમ દરદીઓ અને મરણપ્રમાણની સંખ્યા ઓછી થવાને બદલે વધતીજ જાય છે. જ્યાં જુઓ ત્યાં લોકો માંદા ને માંદાજ. અકાળ મૃત્યુનું પ્રમાણ ઘણું મોટું, કુદરતી મરણ જેવું તો કોઇ સમજતુંજ નથી. જે કારણથી લોકો રોગપીડિત રહેતા હોય તે શોધી કાઢી તે કારણો દૂર કરવા પ્રયત્ન કરવામાં આવે, તો રોગીઓની સંખ્યા અને અકાળ મૃત્યુનું પ્રમાણ કેમ ઓછું ન થાય?

આપણામાં કહેવત છે કે, "ઉપાય કરતાં અટકાવ ભલો." લોકો માંદા પડે એટલે તેમને દવા આપવામાં આવે. તેઓ સાજા થયા પછી તેના તેજ કારણે ફરી માંદા પડે એટલે તેમને દવા આપવામાં આવે. આવો ક્રમ ચાલ્યા કરે તેથી તો તેમની જીવ-

નશક્તિ હણાઈ જાય છે. દરદીઓને દવા આપવા જેટલી જરૂર તેઓ સામાન્ય દરદોના ભોગ થઈ પડતા બચે અને તંદુરસ્તી સાચવી શકે એવા પ્રકારનું જ્ઞાન આપવાની જરૂર છે. અંગ્રેજીમાં ડૉકટર શબ્દનો અર્થ "તંદુરસ્તીનું જ્ઞાન આપનાર" એવો થાય છે. ડૉકટરો એ અર્થમાં કામ કરતા હોય તો રોગપીડિત અને મરણનું પ્રમાણ કેમ ન ઘટે?

જ્ઞાન એ શક્તિ છે. જ્ઞાન વિના કદી મુક્તિ નથી. દરેક પ્રકારનાં દુઃખ–દરદોનું મૂળ અજ્ઞાનજ છે. આરોગ્ય વિષયના જ્ઞાનના અભાવે અસંખ્ય લોકો અનેક પ્રકારનાં દરદોથી પીડાતા હોય છે. એમને માટે દવાખાના જેટલીજ જરૂર તેઓ પોતાની તંદુરસ્તી સાચવી શકે એવી કસરત, સાદો ખોરાક, ખુલ્લી હવા, શરીરરચના અને આરોગ્યદાયક રહેણીકરણી વગેરે વિષયોનું જ્ઞાન આપવાની છે. સમાજમાં એ વિષયોનું જ્ઞાન વ્યાખ્યાનો, લેખો, હસ્તપત્રિકાઓ, પ્રદર્શનો વગેરે દ્વારા આપવાની અર્થાત્ બહોળા પ્રમાણમાં જ્ઞાનપ્રચાર કરવાની અનિવાર્ય જરૂર છે. આ વિષયમાં અમેરિકામાં મિ. મેકફેડન નામના ગૃહસ્થે અથાગ પરિશ્રમ કરી લાખો લોકોને ખરી તંદુરસ્તી ભોગવતા કર્યા છે. તેનો હેવાલ જાણવા જેવો હોઈ અત્રે સંક્ષેપમાં આપું છું.

મિ. મેકફેડન પોતે લખે છે કે, "હું સત્તર વરસની યુવાન વયે પાતળો, દમિયલ અને શરદીથી પીડાતો મુડદાલ છોકરો હતો. તે વખતે મને ન્યુમોનિયાની અસર થઈ હતી. દવાથી દરદો મટે છે એવો મારો વિશ્વાસ જતો રહ્યો હતો; કારણ કે મારી શરીરસંપત્તિમાં ડૉકટરોની દવાથી જરાયે સુધારો થયો ન હતો. ન્યુમોનિયાને લીધે મારી છાતીમાં સખત દુખાવો રહેતો હતો. તે સમયે વિચાર કરતાં હું એવા નિશ્ચય ઉપર આવ્યો કે, મનુષ્યશરીરમાં પોતાની વ્યવસ્થા સુધારી લેવાની શક્તિ ઈશ્વરે નિર્માણ કરેલી છે, તેને કામ કરવાની તક આપવી જોઈએ.

આ વખતે દરેક મનુષ્ય માને છે તેમ હું પણ માનતો કે, શરીરની શક્તિ ટકાવી રાખવા ખોરાક લેવોજ જોઈએ; તેથી હમેશના રિવાજ મુજબ કાંઈ ને કાંઈ ખોરાક હું લેતો હતો. ન્યુમોનિયાના દરદ વખતે જ્યારે મારી તબિયત વધારે બગડતી ચાલી, તે વખતે મને વીજળીના ચમકારા પેઠે વિચાર આવ્યો કે, હું જે ખોરાક લઉં છું તેથી આ દરદને પોષણ મળે છે અને દરદ ચાલુજ

રહે છે. જો હું ખાવાનું છોડી દઉં તો શરીરમાં જે સંરક્ષકશક્તિ રહેલી છે, તેને કામ કરવાની તક મળતાં તે દરદને હાંકી કાઢશે.

તરતજ તે દિવસથી મેં ખાવાનું બંધ કર્યું. એટલે એક-બે દિવસમાં દરદનું જોર નરમ પડ્યું. ત્રીજે દિવસે તો ઘણો આરામ જણાયો અને ચોથે દિવસે ન્યુમોનિયા દૂર થયો. મંદવાડ દરમિયાન બેચેની લાગતી ત્યારે થોડી થોડી કસરત પણ કરતો હતો. તે પછી આજ સુધીના અનુભવથી મારી એવી ચોક્કસ માન્યતા છે કે, દરદ માત્ર એકજ છે અને તે અસ્વચ્છ થયેલું લોહી. ઉપવાસ કરવાથી બગડેલું લોહી સ્વચ્છ થાય છે. આપણે ખોરાક તરીકે નક્કર પદાર્થોજ ખાઇએ છીએ, તેની સાથે હવા અને પાણીની પણ તેટલીજ જરૂર છે. આપણે તેને ખોરાક તરીકે ગણતા નથી. જો ખોરાક તરીકે ગણીએ તો ખરું જોતાં અપવાસ જેવું કાંઇ રહેતું નથી. હવા અને પાણીને પચાવવા પાચનક્રિયાના અવયવોને કાંઇ મહેનત કરવી પડતી નથી. આપણે જ્યારે ઉપવાસ કરીએ છીએ, ત્યારે નક્કર ખોરાક ન ખાવાથી શરીરસંરક્ષક શક્તિને એક એવી તક આપીએ છીએ, કે જે આપણા શરીરરૂપી ઘરમાં એકઠો થયેલો કચરો કાઢી નાખે અને આ બધો કચરો કાઢી નાખવાની ક્રિયા એનું નામજ દરદનો નાશ.

મી. મેકફેડન સત્તર વર્ષની વય સુધી દરદોથી ઘેરાયેલા અને તવાઈ ગયેલા શરીરવાળો હતો. તે પછી તેણે શરીરની ખીલવણી કરવાના અને આરોગ્ય રહેવાના કુદરતી ઉપાયો શોધવા માંડ્યા. એ વિષયમાં તેણે એટલું બધું ધ્યાન આપ્યું કે, આજે તેની બરાબરી કરી શકે એવી શરીરસંપત્તિવાળા માણસો દુનિયા પર થોડાજ હશે. પોતે મજબૂત અને તંદુરસ્ત શરીરવાળો થઈ ને બેસી રહ્યો નથી. આરોગ્ય સંબંધી જ્ઞાનના અભાવે દુઃખમાં સડતી જનતાને પોતે મેળવેલા અનુભવનો લાભ આપવા સારુ ત્રીસ વર્ષથી તેણે ફિઝિકલ કલ્ચર ખાતાની સ્થાપના ન્યુયોર્ક શહેરમાં કરેલી છે. આજે તેને એટલી બધી પ્રસિદ્ધિ મળેલી છે કે, યુરોપ-અમેરિકામાં મિ. મેકફેડન "ફાધર ઓફ ફિઝિકલ્ટોપથી" એટલે દવા વિના દરદો મટાડવાની વિદ્યાના શોધક તરીકે અંકાય છે.

મી. મેકફેડન માને છે કે, તંદુરસ્તીની બાબતમાં સૌથી વધારે ખરાબ અસર ખોટી લોકલાજથી થઇ છે. સામાન્ય રીતે લોકોનાં શરીર ઘાટદાર આદર્શરૂપ થઇ તેઓ તંદુરસ્તીનું ખરું સુખ ભોગ-

વતા થાય એ માટે—સમાજમાં નીતિની છાયા નીચે ઘર કરી રહેલી ખરાબ બદીઓ સામે તેણે જોસભેર લખવા માંડ્યું. વળી એ વિષે જાહેર ભાષણો આપવાં શરૂ કર્યાં; દવાઓના વધી પડેલા ઉપયોગ સામે તેનો પોકાર ચાલુજ હતો. આ સર્વ કારણોથી કેટલાક સ્વાર્થપરાયણ લોકો પોતાના ધંધાને અંગે તેનાથી નારાજ હતા. દિનપ્રતિદિન ઘણા લોકોની ઇતરાજી તેના ઉપર થતી ગઈ. દુશ્મનોએ તેના લખવાના અર્થનો અનર્થ કરી તેની સામે કોર્ટમાં કામ ચલાવ્યું. જજે તેનો બચાવ સુધ્ધાં સાંભળવાની ના પાડી. તેના ઉપર મુકાયલા તહોમત "લોકોને તે આડે માર્ગે અને અનીતિને રસ્તે દોરે છે" બદલ તેને બે વરસની કેદ અને બે હજાર ડોલર દંડની શિક્ષા ફરમાવી. હાઈકોર્ટમાં અપીલ કરી તેમાં પણ તેને દાદ મળી નહિ, એટલે તેને કેદખાનામાં જવું પડ્યું. કેદની સજા થવાથી તેના વખાણનારાઓમાં ભારે ખળભળાટ થયો. તેમણે મી. મેકફેડનને છોડી મુકાવવામાં અમેરિકન સરકાર સામે જોસભેર ચળવળ ચલાવી. પરિણામે અમેરિકાના મહાન પ્રેસિડેન્ટને એ બાબત પોતાના હાથમાં લેવી પડી. મેકફેડનની બાબતમાં તેણે જાતે તપાસ ચલાવી તેને નિર્દોષ ઠરાવી છેવટે છોડી મૂક્યો; પણ તે દરમિયાન તેને દોઢ વર્ષ કેદમાં રહેવું પડ્યું. કેદખાનામાં લાખો દિલાસાપત્રો એના પ્રશંસકો તરફથી મળ્યા હતા. આ બનાવ પછી "ફિઝિકલ કલ્ચર મેગેઝિન" ઘણું પ્રસિદ્ધિમાં આવ્યું અને એના સિદ્ધાંતો તરફ બધા અમેરિકનોનું ધ્યાન ખેંચાયું.

મી. મેકફેડનને ઇંગ્લેંડની સરકારે પાર્લામેંટના સભાસદો સમક્ષ ફિઝિકલ કલ્ચરની બાબતમાં ભાષણો આપવા આમંત્રણ આપી તેને ઘણું માન આપ્યું હતું. આ વખતે ઇંગ્લંડથી પાછા ફરતાં અમેરિકન સરકારે તેનો જાહેર રીતે સત્કાર કર્યો અને ન્યુયૉર્કના મેયરે પણ તેની ભારે પ્રશંસા કરી માન આપ્યું. આજે અમેરિકામાં સરકારી તેમજ લશ્કરી ખાતાંઓમાં તેના સુધારા દાખલ થયા છે અને સામાન્ય પ્રજા પણ તેની શોધનો બહોળા પ્રમાણમાં લાભ લઈ રહી છે.

મી. મેકફેડન ભાષણો આપીને કે પુસ્તકો લખીનેજ બેસી રહેલો નથી. શરીરને માફક આવે અને તંદુરસ્તી તથા શક્તિ વધે એવા ખોરાકો પૂરા પાડનારાં મોટાં ઉપાહારગૃહો તેણે કાઢ્યાં છે. ન્યુયૉર્ક શહેર, જ્યાં એ ખાતાનું મુખ્ય મથક છે, ત્યાં એક ડઝનથી વધારે એવાં ઉપાહારગૃહ છે. તેમાંનાં કેટલાંકમાં તો સાત-

સોથી હજાર માણસો એકી વખતે જમવા બેસે છે. એવાં ઉપાહાર-ગૃહ અમેરિકાના દરેક મોટા શહેરમાં કાઢવામાં આવ્યાં છે. તે ચલાવવાને ઊભી કરવામાં આવેલી ફિઝિકલ કલ્ચર રેસ્ટોરાં કંપનીની થાપણ લગભગ ચાર કરોડ રૂપિયાની છે. એ ઉપાહારગૃહો કેવી ઉત્તમ રીતે ચાલે છે તે એટલા ઉપરથીજ સમજાશે કે, કંપનીના ભાગીદારોને દરવર્ષે ત્રીસથી પાંત્રીસ ટકા સુધી વ્યાજ મળે છે. એ ગૃહોમાં ચાહ–કૉફીની તદ્દન બંધી રાખેલી છે. તેમાં માંસાહાર પણ આપવામાં આવતો નથી. ફક્ત વનસ્પતિ, ધાન્ય અને ફળમાંથી બનાવેલી વિવિધ વસ્તુઓ ત્યાં ખોરાક તરીકે આપવામાં આવે છે. અનેક લોકો તેમાં તંદુરસ્ત થવાને જાય છે.

વળી મેકફેડને શોધી કાઢેલા સિદ્ધાંતો પ્રમાણેજ રહેવા, ખાવા અને વર્તવાના નિયમોનું યથાર્થ પાલન કરે એવા લોકોનું તેણે એક સંસ્થાન વસાવ્યું છે, જેને 'ફિઝિકલ કલ્ચર સિટી' એવું નામ આપેલું છે. હવે એ સંસ્થાનની નકલો બીજે ઠેકાણે થવા લાગી છે અને કુદરતી સિદ્ધાંતો પ્રમાણે જીવન ગાળવાનું સામાન્ય લોકો પણ પસંદ કરવા લાગ્યા છે. દરદીઓને માટે તેણે એક સેનેટોરિયમ કાઢેલું છે. તેને મેકફેડન હેલ્થેટોરિયમ એવું નામ આપેલું છે. તેમાં કોઈ પણ જાતની દવા વિના માત્ર કુદરતી ઉપચારોથી દરદીઓને સાજા કરાય છે. મોટા મોટા એમ. ડી. ડૉકટરોથી નહિ મટી શકયાં હોય તેવાં દરદોથી પીડાતા અને બધે સ્થળેથી નિરાશ થયેલા દરદીઓ હેલ્થેટોરિયમમાં સાજા કરવામાં આવ્યા છે, એવી તે ખાતરી આપે છે. મી. સેન્ડફર્ડ બેનેટ નામનો ગૃહસ્થ પચાસ વર્ષની ઉંમરે તદ્દન વૃદ્ધ થઇ ગયો હતો. મેકફેડનના હાથ નીચે તેણે શરીરની ખીલવણી કરી. ઇકોતેર વર્ષની ઉંમરે તે નવજુવાન જેવો થયો. ત્યાર પછી તેણે "ઘડપણ, તેનાં કારણો અને તેનો અટકાવ" એ નામનું પુસ્તક લખી આખા અમેરિકા તથા યુરોપમાં ખ્યાતિ મેળવી છે. સદર પુસ્તકના પૂંઠા ઉપરજ પોતાની ઈકોતેર વર્ષની વયનો ફોટો આપેલો છે અને આજે તંદુરસ્તીની બાબતમાં તે એક સત્તાધિકારીસમાન ગણાય છે. એટલા ઉપરથીજ હેલ્થેટોરિયમના કાર્યની કલ્પના વાચકો કરી લેશે.

ફિઝિકલ કલ્ચર ટ્રેનિંગ સ્કૂલ એટલે શરીરની ખીલવણી કરવાનું શિક્ષણ આપનારી એક મોટી શાળા તેણે કાઢેલી છે, જે હેલ્થેટોરિયમની પાસેજ છે. એ સ્કૂલમાંથી કુદરતી ઉપચારોની મદદથી દરદો મટાડનારા દવા વગરના ડૉકટરો અને સલાહકારોની મોટી

સંખ્યા દરવર્ષે બહાર પડે છે. તેઓ પોતાના ગામમાં લોકોને શરીરરચના વગેરે સંબંધી જ્ઞાન આપી લોકસુખાકારી વધારવાનાં કામો કરે છે. પ્રજાને તેથી એટલો બધો ફાયદો થયો છે અને કુદરતી ઉપચારો ઉપર એટલો બધો વિશ્વાસ વધી ગયો છે કે, ડોકટરો અને દવા બનાવનારાઓના ધંધા ઉપર તેની અસર થવા માંડી છે. દવાઓના ઉદ્યોગનું એક આગેવાન અમેરિકન પત્ર "ડ્રગિસ્ટ" લખે છે કે, "એ શું બિના છે કે દવાઓ તથા તે બનાવવાની ચીજોનો ખપ દિનપ્રતિદિન ઘટતો જાય છે? છેલ્લાં દશ વર્ષમાં તેની ખપત સરાસરી પાંસઠ ટકા જેટલી ઘટી ગઇ છે." આ પરિણામ મી. મેકફેડન જેવા દવાવગરના ડોકટરોની મહેનતને આભારી છે. હિંદુસ્તાનમાં તો એથી ઊલટુંજ જોવામાં આવે છે. દરવર્ષે વૈદ્ય—ડોકટરોનાં નવાં દવાખાનાં ઊઘડેજ જાય છે અને તેમાં દવા લેનારા દર્દીઓની મોટી સંખ્યા ઊભરાય એમાંજ સફળતા માનવામાં આવે છે. આ બાબતમાં સરકાર કંઈજ સુધારો કરી શકે એમ નથી. જો આપણા દેશમાં ધર્માદા દવાખાનાં ચલાવનારા અને નવાં ખોલનારા ધનવાનો ધારે તો નવો માર્ગ ગ્રહણ કરી શકે એમ છે; પરંતુ તેમ કરવા માટે પ્રથમ તો તેમણે નવી દુનિયાનો પ્રકાશ પોતાની આંખો પર પડવા દેવો જોઇએ.

"ફિઝિકલ કલ્ચર" એ નામનું માસિક એકત્રીસ વર્ષથી મી. મેકફેડન પ્રસિદ્ધ કરે છે. તેના ગ્રાહકોની સંખ્યા પાંચ લાખ છે. દુનિયા પર એની બરાબરી કરી શકે એવું એ વિષયનું એક પણ માસિક અત્યારે નથી. પોતાના ધંધામાં સહાયરૂપ થઇ પડવા માટે તે બીજાં બાર માસિકો અને ત્રણ દૈનિકપત્રો કાઢે છે. તે પૈકી "ટ્રુ સ્ટોરી" (ખરી વાર્તા) એ નામના માસિકની તેવીસ લાખ નકલો ખપે છે. બધાં માસિકોની કુલ ગ્રાહકસંખ્યા પચાસ લાખ છે. આ બધા સાહિત્યની પ્રસિદ્ધિ માટે તેણે મેકફેડન પબ્લિકેશન કંપની કાઢી છે. તે દુનિયામાં મોટામાં મોટી પબ્લિશિંગ કંપની છે. એક માસિકનું લવાજમ દસ રૂપિયા ગણવામાં આવે તો પચાસ લાખ ગ્રાહક એટલે એકલા માસિકોનાં લવાજમનાજ વાર્ષિક પાંચ કરોડ રૂપિયા આવે. આ ઉપરજ હિંદુસ્તાનના પહેલા નંબરના રાજ્ય હૈદ્રાબાદની વાર્ષિક આવક જેટલી, વડોદરા રાજ્યની બે વર્ષની કુલ આવક કરતાં પણ વધારે થવા જાય છે. આ તો એકલાં બાર માસિકોનાં લવાજમનીજ વાત છે. એ સિવાય બીજું સાહિત્ય પ્રગટ કરે છે તેની ઊપજ તો જુદીજ. એટલા ઉપ-

રથી કંપની કેટલા મોટા પાયા પર કામ કરતી હશે એનો ખ્યાલ વાચકો કરી લેશે. આ ઉપરથી કોઇએ એમ ન ધારી લેવું કે, મી. મેકફેડન અમેરિકામાં એક મોટો શ્રીમંત કરોડપતિ થઇ બેઠો છે. એને પોતાના આદર્શો પ્રજા સમક્ષ મૂર્તિમંત કરવા માટે નાણાંનો ઘણો ભોગ આપવો પડે છે અને આટલી બધી પ્રવૃત્તિ છતાં નાણાંની બાબતમાં તેને સંકોચ રહે છે.

મી. મેકફેડને પોતાના જાતઅનુભવ અને શોધથી આરોગ્ય અને કુદરતી ઉપચારો વિષે ઘણાં પુસ્તકો લખ્યાં છે. એ સર્વમાં 'બિલ્ડિંગ ઑફ વાઇટલ પાવર' ઘણું ઉત્તમ છે. એ વિષે તે પોતેજ ખાતરી આપે છે કે, "તંદુરસ્તી અને એક સુંદર ખીલવણી કરેલું શરીર, એ આખી દુનિયાની દોલત કરતાં વધારે કીમતી છે. જેને આપણે સંપૂર્ણ તંદુરસ્તી કહીએ છીએ, તે મેળવવા જેઓ ઇચ્છતા હોય તેમને માટે મારાં લખેલાં સર્વ પુસ્તકોમાં કોઈ પણ એવું નથી કે જે મારા આ પુસ્તક કરતાં ચડિયાતું હોય." એ ઉપરાંત તેઓએ 'એનસાઇકલોપીડિયા ઑફ ફિઝિકલ કલ્ચર' એટલે આરોગ્ય અને કુદરતી ઉપચારો સંબંધી જ્ઞાનકોષ, એ નામનો કીમતી ગ્રંથ લખ્યો છે. તેમાં ત્રણ હજાર પૃષ્ઠ અને બારસો ચિત્ર આપેલાં છે અને તેની સો રૂપિયા કિંમત છે. એની સાત આવૃત્તિઓ થયેલી છે. આટલા ભગીરથ પ્રયત્ન પછી પ્રજા એને "ફાધર ઑફ ફિઝિકલ્ટોપથી"ના નામથી ઓળખે તો તેમાં શું આશ્ચર્ય?

મે ૧૯૨૮ નો "ફિઝિકલ કલ્ચર"નો અંક પ્રગટ થયો છે તેમાં બરનાર મેકફેડનનો, ચાર કંપનીઓએ મળી, તેમની સાઠ વર્ષની ઉંમર છતાં રૂપિયા દસ લાખનો વીમો ઉતાર્યો છે, એવી હકીકત પ્રગટ થઈ છે! પિસ્તાળીસ વર્ષની ઉંમર પછી વીમાકંપનીઓ કોઇનો વીમો ઉતારવાની ના પાડે છે. એમ છતાં સાઠ વર્ષની ઉંમરે મોટી રકમનો વીમો ઉતારવાની વીમા કંપનીઓએ હિંમત કરી છે, તે ઉપરથી બરનાર મેકફેડનનું આરોગ્ય ઘણુંજ ઉત્તમ હોવું જોઇએ. વીમા કંપનીના ડૉકટરોએ તેમના શરીરની તપાસણી કરી તેમાં તેમનું આરોગ્ય ઉત્તમ પ્રકારનું છે, એવું જણાઇ આવ્યું છે. વીમો ઉતાર્યાની વાત બરનાર મેકફેડન પોતાનાં તત્ત્વોને વિજયસૂચક સમજે છે, વ્યાયામ અને નૈસર્ગિક આહારથી મનુષ્ય પોતાનું આરોગ્ય ઉત્તમ પ્રકારનું રાખી દીર્ઘાયુષી બની શકે છે, એનો આ એક ઉત્તમ દાખલો છે.

('વ્યાયામ'ના એક અંકમાંથી)

૪૩–અલમોરામાં એક ભગવાંધારી અંગ્રેજ વૈષ્ણવ સાધુ

તે એક ગોરો અંગ્રેજ છે. શરીર ઉપર ભગવાં કપડાં, ગળામાં તુલસીની માળા, કાને તુલસીનાં કુંડળ, કપાળે તિલક તથા અર્ચા, કાને ભરાવેલ કૃષ્ણપ્રસાદીનું ફૂલ, પગમાં ચાખડીઓ, હાથમાં ઝોળી બાંધેલી લાંબી લાકડી–આ એનો સ્વાંગ. તેને મંદિરમાં બધા ગોપાળ કહીને બોલાવે છે. તેનું સાચું નામ છે શ્રીકૃષ્ણપ્રેમ વૈરાગી. પૂર્વાશ્રમમાં તે હતો પ્રોફેસર રોનાલ્ડ નેકસન (એમ. એ.), લખનૌ તથા બનારસની વિદ્યાપીઠોમાં અંગ્રેજી સાહિત્યનો અધ્યાપક.

હાલમાં તે વૈરાગી થયો છે અને તેનાં ગુરુ શ્રી. યશોદામૈયા સાથે રહે છે. હું જ્યારે માજીનાં દર્શને જાઉં ત્યારે તેનો મેળાપ થાય. માજીનો અને ઠાકોરજીનો તે સાચો સેવક છે. ભક્તિરસમાં મસ્ત રહેતો તે સાચો ભક્ત છે.

થોડા દિવસ અગાઉ મેં ગોપાળજીને મારે ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. મારા ગળામાં કંઠી જોઈને તેણે આમંત્રણ સ્વીકાર્યું. જમી રહ્યા બાદ અમે વાતે ચડ્યા.

મેં પૂછ્યું: "તમારી જિંદગીનો વૃત્તાંત સાંભળવાની મારી ઇચ્છા છે. તમને વાંધો ન હોય તો કહો." એટલે તેમણે જણાવ્યું.

"પહેલાં તો મહાયુદ્ધના સમયમાં હું લડાઈમાં કામ કરતો હતો. લગભગ સત્તર વર્ષની ઉંમરે હું લશ્કરમાં ભરતી થયેલો. તે વખતનું ત્યાંનું વાતાવરણજ લડાઇમય હતું. તેમાંથી બચવું મુશ્કેલ હતું. પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે મોટી જાહેરખબરો હતી કે, "ઈંગ્લેંડ વૉન્ટસ યુ." લડાઈમાં મને હવાઇ વિમાનનું કામ સોંપવામાં આવ્યું હતું. હું વિમાન ચલાવતો હતો અને જ્યારે જ્યારે જર્મનનું વિમાન જોવામાં આવતું, ત્યારે ત્યારે તે ઉપર હુમલો કરતો. આ રીતે લગભગ બે વર્ષ જિંદગી ગાળી; પણ જ્યારે દિવસ શરૂ થાય અને કામે ચડું ત્યારે દરરોજ એમ થાય કે, આજે સાંજ સુધીમાં જો બચ્યા તો રાત્રે પથારી ભેગા થઇ શકીશું, નહિ તો રામ રામ. તેથી મને તે વખતે વિચાર આવવા લાગ્યા કે, આ જાતની જિંદગીનો શો અર્થ? આવા જીવનથી શો લાભ? આટલા જોખમથી શો ફાયદો? પણ તે વખતે મારા વિ-

ચારો આટલેથીજ અટકતા અને આગળ જઈ શકતા નહિ. વળી આ જાતની વાત કરનાર પણ તે વખતે બીજો કોઇ હતો નહિ.

"આર્મિસ્ટીસ બાદ હું કેમ્બ્રિજમાં જોડાયો, ત્યારે મને આ પ્રશ્ન ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળ્યો અને મેં ઉપનિષદ તથા બૌદ્ધધર્મના ગ્રંથો અંગ્રેજીમાં વાંચવા માંડ્યા."

પ્ર૦—પણ ક્રિશ્ચિયાનિટીનો અભ્યાસ કરવાને બદલે તમે હિંદુ ધર્મ તરફ કેમ વળ્યા ?

જ૦—હા, તેનું કારણ છે. મારો ઈસાઇ ધર્મ ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. વળી અમારા દેશમાં જે જાતની જિંદગી ઈસાઇઓ જીવતા હતા તે પણ હું જોતો હતો. ત્યાં ધર્મની કોઇને પડી નથી અને ત્યાંના સંસારમાં ક્રૂરતા પણ ખૂબ હતી.

પ્ર૦—પણ તેથી કંઇ ઈસાઇ ધર્મ ખોટો ઠરતો નથી. હિંદુ ધર્મના નામે ક્યાં ઓછાં પાખંડ અને અત્યાચાર થાય છે ?

જ૦—હા, પણ ઈસાઇ ધર્મમાં સંકુચિતતા તથા "સેક્ટેરિયાનિઝમ (જાતિવાદ)" છે. ઈસાઇ થયા સિવાય મોક્ષ નજ મળે, એમ તેમાં મનાય છે. હું તે માનવા તૈયાર નથી. હું એમ માનું છું કે, પ્રભુ અથવા મોક્ષ મેળવવાના ભિન્ન ભિન્ન અનેક રસ્તા હોઇ શકે છે અને અમુકજ ધર્મ અને અમુકજ પયગંબરદ્વારા મોક્ષ મેળવી શકાય તે વાત મને બહુ સંકુચિત લાગે છે. એ કારણથી હું હિંદુ ધર્મ તથા બૌદ્ધધર્મ તરફ વળ્યો. તે સમયે મુંબઇ ઇલાકાના એક મહારાષ્ટ્રી મિત્ર મારા સહાધ્યાયી હતા. તે ખૂબ હોશિયાર હતા અને અમે ધર્મ તથા હિંદુસ્તાન સંબંધી ઠીક ઠીક ચર્ચા કરતા. આ બન્ને પ્રશ્નોના સંબંધમાં મને તેમની પાસેથી સારા પ્રમાણમાં માહિતી તથા વાંચવાની સૂચનાઓ મળતી. અને જેમ મારો ધર્મનો અભ્યાસ વધતો ગયો, તેમ મારી જિજ્ઞાસા પણ વધવા માંડી. આ પ્રમાણે હું ત્યાંનો એમ. એ. થયો. ત્યાર બાદ મને એમ લાગ્યું કે, જો મારે હિંદુ ધર્મનો અભ્યાસ આગળ વધારવો હોય અને સાચેજ કંઇ મેળવવું હોય, તો મારે હિંદુસ્તાન જવું જોઈએ. તેજ અરસામાં મને ખબર પડી કે, લખનૌમાં ડો૦ ચક્રવર્તી વિદ્યાપીઠ ખોલવાનો વિચાર કરે છે અને તેમને લખવાથી હિંદમાં કંઇ કામ મળી શકે. મેં ડો૦ ચક્રવર્તી ઉપર મારી અરજી મોકલાવી અને તરતજ તેમનો જવાબ આવ્યો કે, વિદ્યાપીઠમાં અંગ્રેજી સાહિત્યના અધ્યાપકની જગ્યા ખાલી હતી

અને મારે તે કામ કરવું હોય તો તે મળી શકશે. બસ મારે તો એટલુંજ જોઇતું હતું. તેમને લખી જણાવ્યું કે, મને તે જગ્યા ખૂબ ગમશે અને હું તરતજ ત્યાંથી ઊપડ્યો અને લખનૌમાં જોડાયો.

લખનૌમાં મેં લગભગ ૬ાા વર્ષ સુધી કામ કર્યું. હિંદમાં આવ્યા બાદ હું મારો બધોએ બચત વખત ધાર્મિક અભ્યાસ માટે વાપરતો હતો. ધીમે ધીમે મારું મન બૌદ્ધધર્મ તરફથી પાછું વળવા લાગ્યું. મને બુદ્ધના પોતાના જીવન તથા ઉપદેશમાં અને આજના બૌદ્ધધર્મમાં ફરક લાગ્યો. આજના બુદ્ધો નાસ્તિક લાગ્યા. વળી તેઓ આત્માને પણ માનતા નથી એમ જોયું અને તે ધર્મમાં સંકુચિતતાએ પગપેસારો કરેલો જોયો, તેથી મારું મન યોગ તથા ધ્યાનની દિશામાં વળ્યું, મને એમ ચોક્કસ થઇ ગયેલું કે, મારે આ જન્મમાં કંઇક મેળવવું તો જોઇએજ. હા, મુક્તિ, મોક્ષ, નિર્વાણ—જે કહો તે. પણ મન કોઇ ઠેકાણે સ્થિર ચોંટે તો ને? તેથી હું જરા મૂંઝાયો.

પણ પ્રભુએ મારી દયા ખાધી અને મને સાચો રસ્તો જડ્યો. તે અરસામાં મારો શ્રી. યશોદા મૈયા ઉર્ફે ડૉ૦ ચક્રવર્તીનાં પત્ની સાથે પરિચય થયો અને તેમણે કહ્યું: "ભલા માણસ! કંઇ પણ મેળવવાનો વિચાર માત્ર છોડી દે. તું તારું બધું પ્રભુચરણે સમર્પણ કરી દે. તું સર્વસ્વનું સમર્પણ કરી દઈશ અને સાચો હોઇશ તે તને બધું મળશે."

બસ. ત્યારથી હું કૃષ્ણભક્ત થયો. મેં માજી પાસેથી દીક્ષા લીધી. મને તેમથી પાસેથી બધું મળ્યું. દીક્ષા એટલે મંત્ર તથા કંઠી. આ ભગવાં તો મેં હમણાં ધારણ કર્યાં.

મેં તમને કહ્યું કે, હું લખનૌમાં લગભગ છ વર્ષ રહ્યો. પણ લખનૌમાં મુસ્લિમ સંસ્કૃતિ વધુ પ્રમાણમાં હતી અને હિંદુ સંસ્કૃતિ ઓછી હતી. હિંદુ ધર્મના અભ્યાસને અંગે મને હિંદુ સંસ્કૃતિની ભૂખ લાગેલી અને તેથી લખનૌ છોડીને હું બનારસમાં જોડાયો. ત્યાં દોઢ વર્ષ કામ કર્યું. ત્યાં રહેવું મને ખૂબ ગમતું. કાશીમાં ઉત્તમમાં ઉત્તમ સંન્યાસી પણ મળે અને દુષ્ટમાં દુષ્ટ માણસો પણ ખરા. ત્યાંની ગંદકી પણ અતિશય અને સૌથી વધુ ત્રાસ તો ત્યાંના પંડ્યાઓનો; પણ હું ત્યાં શહેરની બહાર રહેતો, દરરોજ ગંગાજીમાં લગભગ બે માઇલ તરવા જતો અને ગંગાજીના પ્રવાહની મધ્યમાં જઇને ડૂબકીઓ મારતો. તે લાભ હવે અલમોરામાં મળતો નથી.

કાશીમાં હરિહર બાવા કરીને એક ઉત્તમ પ્રકારના સંન્યાસી હતા. તે બારે માસ ગંગાજીમાં એક હોડીમાં રહેતા. તેમના જેવા સંન્યાસીઓ તો ભાગ્યેજ હશે. સૂર્ય સામે જોવાનું તપ કરી આંધળા થયેલા. અમે ઘણી વાર તેમનાં દર્શને જતા. ત્યાં ઘણા માણસો તેમનાં દર્શન કરવા આવતા; પણ તેમની પાસે જઇને જો કોઈ ગાળો દે અથવા લપડાક મારે, તોપણ તેજ હાસ્ય અને કોઇ વંદન કરી ભેટ ધરે તોપણ તેજ તટસ્થતા.

હા, પણ હું તો તમને કાશી વિદ્યાપીઠની વાત કરતો હતો. ત્યાં પણ હું વધુ વખત રહી શક્યો નહિ. મને આ જાતની કેળવણીનો કંઇ ફાયદો દેખાયો નહિ. મારા સારામાં સારા વિદ્યાર્થીઓ લગભગ બધાજ વકીલો થયા છે. તેઓ જાણે છે કે, તે ધંધો ઘણો ખરાબ છે, પણ બિચારા બીજું શું કરે ? બી. એ. થાય, એમ એ. થાય અને બીજું કંઇ ન ફાવે એટલે વકીલ થાય અને તેમને અંગ્રેજી સાહિત્ય જિંદગીમાં જરાએ કામનું ન હતું, તેથી હું ત્યાંથી પણ ભાગ્યો.

બનારસ છોડતાં પહેલાં હું ત્યાંના આચાર્યશ્રીને મળેલો અને મારો સંન્યાસ લેવાનો વિચાર તેમને દર્શાવેલો; પણ તેમણે તો આશ્રમધર્મ સંબંધી વાત કાઢી અને કહ્યું કે, હજુ તો મારે સંન્યાસ લેવાની વાર છે, કારણ હજુ તો હું જુવાન છું; પણ જુઓ તો ખરા માણસ ૮૦ વરસ સુધી સંસારમાં રચ્યોપચ્યો રહે, તોપણ તેને કોઇ આશ્રમધર્મ યાદ દેવરાવવા જાય નહિ અને કોઈ જુવાન આશ્રમધર્મ તજે અને સંન્યાસ લે તો બધા તેને સમજાવવા જાય ! પણ મને લાગ્યું કે, મારો આ વૈરાગ્ય પાછો નબળો તો નહિ પડે ? એટલે ત્યાંથી ઉનાળાની લાંબી રજાઓમાં કોઇને કહ્યા સિવાય અલમોરા આવી ગયો અને અહીંયાં આવી સંન્યાસ લીધો. તે પછી મેં તે બાબત ત્યાં લખી જણાવ્યું.

પ્ર૦–તમારાં માતા પિતા ધાર્મિક ખરાં કે ?

જ૦–મારા પિતા ધર્મિષ્ઠ છે, પણ કોઈ ખાસ સંપ્રદાયમાં માનતા નથી; પણ મારી માતા તો ક્રીશ્ચિયન સાયન્ટિસ્ટ છે.

પ્ર૦– આ શબ્દપ્રયોગ તો આજેજ સાંભળ્યો.

જ૦–હા, મારી માતા દવા સિવાય રોગ મટાડે છે. જેમ ઈસુ ખ્રિસ્ત માંદાઓને સાજા કરતા, તેમ તે એક જાતની સિદ્ધિ છે અને ખરેજ તેનાથી ઘણા દર્દીઓને સારું પણ થાય છે.

પ્ર૦–ઠીક, પણ તમે કૃષ્ણભક્ત કેમ થયા તે હજુ સમજાતું નથી. બુદ્ધને યા ઈસુ ખ્રિસ્તને માની શકાય; કારણ તેમની જિંદગી એટલે સત્ય, અહિંસા વગેરે સિદ્ધાંતો. પણ કૃષ્ણમાં તો એવું કાંઈ હું જોઇ શકતો નથી.

જ૦–ત્યાંજ તમે ભૂલો છો. તમે ઘોડાની આગળ ગાડી મૂકો છો. સાચું જોતાં માણસ પ્રથમ આવે અને પછી સિદ્ધાંતો. માણસ પોતાના સ્વભાવ પ્રમાણે સિદ્ધાંતો ઘડે અને તેથી માણસ અને તેનો સ્વભાવ એ એજ પ્રધાન વસ્તુઓ છે. હું પાપ કે પુણ્ય માનતો નથી. સારી વસ્તુ માણસનો સ્વભાવ અથવા ભાવ છે. મને જો અમુક માણસનો સ્વભાવ ગમે તો પછી તેની બીજી બધી વસ્તુઓ તથા વર્તન તરફ હું બેદરકાર રહું છું. મારે મન તે બધું ગૌણ છે.

પરંતુ કૃષ્ણ એટલે તો શ્રીભગવાન પોતે. એટલે તમારા પ્રશ્નના જવાબમાં એટલુંજ બસ છે કે, હું કૃષ્ણને ભજું છું એટલે ભગવાનને ભજું છું.

પ્ર૦–તમારા કૃષ્ણ એટલે ભાગવતના કૃષ્ણ?

જ૦–હા અને ગીતાજીના પણ. સાચું જોતાં ભાગવતમાંથી પણ ગીતાજીનોજ સાર નીકળે છે.

× × × ×

અનેક વિષયો ઉપર વાતો ચાલી. વૈષ્ણવસંપ્રદાયના ભક્તિ-શૃંગાર ઉપર વાત ચાલતાં તેમણે કહ્યું:–

“અને કામ એ એવી જબરદસ્ત વસ્તુ છે કે, જો તે કાબૂમાં આવી જાય તો માણસને ખૂબજ મદદગાર થઇ શકે અને તેથીજ સ્ત્રીપુરુષના સંબંધને અમે અધર્મ્ય અથવા નિંદ્ય ગણતા નથી; પરંતુ તે શક્તિને વેડફી નાખવાને બદલે તેને ઊંચે ચડાવવાનો પ્રયાસ કરીએ છીએ. તેજ શક્તિ પ્રભુચરણે અને તેની સેવામાં સમર્પણ કરવાથી આપણો રસ્તો સહેલો થઇ જાય છે અને તેથી તો વૈષ્ણવો ટીલું કરે છે, તે ઊર્ધ્વગામી કરે છે.”

ત્યારબાદ મેં તેમને ‘ડેક–ટેનિસ’ રમવા માટે આમંત્રણ આપ્યું. આ રમત આજકાલ અમને ખૂબ પ્રિય થઇ પડી છે અને સવાર-સાંજ પાડોશીઓ સાથે આ રમત અમે રમ્યા કરીએ છીએ. આ રમતનો ઈતિહાસ આપું? એકાદ મહિના પહેલાં મિસિસ કૂક ઉર્ફે આનંદમયી મૈયા મારે ત્યાં આવેલાં. અમે તે સમયે ગિલ્લી-

દંડા રમતા હતા. ત્યારે તેમણે કહ્યું કે, ‘તમે બીજી કોઈ સારી રમત કેમ રમતા નથી?’ મેં કહ્યું કે, ‘અમારી રમતો સામાન્ય રીતે જનતાની દૃષ્ટિએ પસંદ કરેલી હોય છે. તે તદ્દન બિનખર્ચાળ હોવી જોઈએ, તે દ્વારા એક પાઈ પણ વિલાયત જવી ન જોઈએ, તે ગામડાંઓમાં પણ રમી શકાય તેવી જોઈએ અને તેમાંથી પૂરતી કસરત મળવી જોઈએ. પછી ભલે તે રમત વિલાયતી હોય કે દેશી તેની અમને પરવા નથી. અમે તો પરદેશી રમતો પણ ઉપરની શરતોએ રમાય તેવી હોય તો એ ગુજરાતમાં દાખલ કરવા તૈયાર છીએ. તેના જવાબમાં તેમણે ‘ડેક–ટેનિસ’ રમતાં શિખવાડ્યું. હું ત્યાં આવું ત્યારે આ રમત પ્રત્યક્ષ રમી દેખાડીશ અને જરૂર તમને પસંદ પડશે. શ્રીકૃષ્ણપ્રેમજી સાથે હું બે સટ રમ્યો અને ત્યાર બાદ વળી પાછા અમે વાતે વળગ્યા.

તેમણે પૂછ્યું—ગુજરાતમાં વૈષ્ણવધર્મ વધુ પ્રમાણમાં છે એમ મેં સાંભળ્યું છે તે વાત સાચી છે?

જ૦—બીજા પ્રાંતોની મને ખબર નથી એટલે એ પ્રકારની તુલના તો કરી શકું નહિ; પણ એટલું કહી શકાય કે, અમારે ત્યાં વૈષ્ણવધર્મ ઠીક પ્રમાણમાં છે. અમારે ત્યાં શુદ્ધાદ્વૈતવાદ છે અને પુષ્ટિમાર્ગ વધુ પ્રબળ છે. મારા ધારવા પ્રમાણે તો આજના ધર્મમાં સાપ ગયા ને લિસોટા રહ્યા તે પ્રમાણે સાચો ધર્મ નથી; પરંતુ માત્ર આચારજ રહ્યો છે.

શ્રીકૃષ્ણપ્રેમ—ના, ના, ગુજરાતમાં ભક્તિનું પ્રમાણ વધુ છે અને સાચું કહું? આખી દુનિયામાં ક્યાંયે, હિંદુસ્તાનમાં છે એટલી ભક્તિ નથી અને તેથી તો હિંદ હજુ જીવતું રહ્યું છે. નહિ તો જુઓ મિસરનો દાખલો.

મુસલમાનો વગેરેના ત્રાસમાં હિંદુધર્મ જીવી શક્યો અને વધ્યો. પરંતુ અંગ્રેજના રાજ્યમાં તે મંદ થવા માંડ્યો છે. કારણ, અંગ્રેજ તે બાબતમાં તટસ્થ રહે છે અને આ તટસ્થતાનો ચેપ હિંદમાં બધાને લાગ્યો છે. હિંદુઓની આ જાતની સભ્યતાભરી ઉદાસીનતા (પોલાઈટ ઇનડિફરન્સ) એ ધર્મને વધુ ઘાતક છે. હું નાસ્તિકતા સમજી શકું છું, પણ આ બેદરકારી મને અસહ્ય લાગે છે.

મેં પૂછ્યું—રુસમાં તો ધર્મની જડ કાઢવાનો પ્રયત્ન થાય છે. ત્યાં તો ધર્મને કેફી પદાર્થ ગણવામાં આવે છે.

જ૦—હા, તે વૃત્તિ પણ સારી છે. તે રીતે પણ ધર્મ યા પ્રભુનું

સદૈવ ચિંતન થયા કરે છે. દાખલા તરીકે હિરણ્યકશિપુ. પરંતુ આ ઉદાસીનતા તો વધુ ભયાનક છે.

પ્ર૦—તમારા ગુજરાતમાં વૈષ્ણવોને બાળવામાં આવે છે કે દાટવામાં?

મેં કહ્યું—અમારે ત્યાં તો બાળવામાં આવે છે. હું માનું છું કે, બધા હિંદુઓમાં બાળવાની પ્રથા છે.

જ૦—ના, બંગાળના વૈષ્ણવોને દાટવામાં આવે છે. તેઓ તો એમ માને છે કે, આ દેહમાં પ્રભુએ લીલા કરી છે એટલે આ દેહ પવિત્ર છે અને તેથી જે દેહમાં પ્રભુએ લીલા કરી છે, તે દેહને બાળવાને બદલે તેઓ તેને તુલસી મૂકીને દાટે છે.

દિલીપકુમાર રોયને તો તમે ઓળખો છો ને? તેણે રોમાં રોલેન્ડ, મહાત્મા ગાંધી, બર્ટ્રેન્ડ રસેલ, રવીંદ્રનાથ ટાગોર તથા અરવિંદ ઘોષ સાથેના વાર્તાલાપો લખી લીધા છે અને હવે તે "એમંગ ધ ગ્રેટ" નામની એક ચોપડી વિલાયતમાં છપાવવા માગે છે. મને તે વાર્તાલાપોનું અંગ્રેજી જોઈ જવાનું કહ્યું છે. તે હાલમાં પોન્ડીચેરી છે.

મેં પૂછયું—તે પોન્ડીચેરી કયાંથી?

જ૦—થોડા સમયથી તે બાબુજી પાસે રહેવા ગયો છે. તેણે પોતાનું સર્વસ્વ આશ્રમને અર્પી દીધું છે અને ત્યાં શિષ્ય તરીકે યોગ શીખવા રહ્યો છે. બાબુજી તો જવલ્લેજ કોઈને મળે છે. ત્યાંના આશ્રમની વ્યવસ્થા શ્રી. પોલ રીશારનાં પત્ની કરે છે અને જુઓ તો ખરા, તે કેવું સુંદર ગાતો હતો! બાબુજીએ બિચારાનું ગાવું બંધ કર્યું છે. તેના ગાયન ઉપર કોણ મુગ્ધ ન થાય? પણ હમણાં હમણાં તે ઉસ્તાદી ઢબ ઉપર જતો હતો અને તેને અંગે ભાવનું ખૂન થતું હતું.

મેં કહ્યું—તમે ભૂલતા હશો. દિલીપકુમારનો સ્વભાવ યોગ માટે ન હતો, તે તો કલાકાર છે.

જ૦—ના ભાઈ! ના. અમે તો સાથે રહ્યા છીએ. બિચારો લખે છે કે, "કોઈ વખત દરિયાકિનારે ફરવા જાઉં છું, ત્યારે ગાવાની ઊર્મિ આવી જાય છે. થોડું શરૂ કરું છું ત્યાં તો મનાઈહુકમ યાદ આવે છે." સાચેજ તેના જેવા માટે આ મોટામાં મોટી શિક્ષા ગણાય.

મેં કહ્યું—હું ધારું છું કે, આ મનાઇ થોડા સમય માટેજ હશે.

જ૦—હા, કદાચ ત્યારબાદ તે વધુ દિવ્ય ગાન ગાઇ શકે! તેણે મને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું છે; પણ મારી પાસે તો ગાડીભાડાનાયે પૈસા નથી અને મને તો ગુરુ મળી ગયા છે, એટલે ત્યાં જવાની જરૂર પણ નથી.

("પ્રસ્થાન" નો એક અંકમાંથી શ્રી. ભગવતીનો અલમોરાનો પત્ર)

૪૪—યોગી હરિદાસ ચાળીસ દિવસ ભૂમિમાં દટાયા હતા

આલમમાં મશહૂર અજાયબી

એક નજરેનજર જોનાર સાધુ હરિદાસના આ હેરતભર્યા અખતરા બાબત લખે છે કે, હિંદમાં હજી પણ યોગની સાધના સાબિત થઇ શકે છે. કેમકે પૂર્વના ઋષિમુનિઓ હજારો વર્ષો સુધી તપ કરતા અને પોતાના પ્રાણને રૂંધી રાખતા. તેવી જાતનો પ્રયોગ સાધુ હરિદાસે ૧૮૩૭ માં ચાળીસ દિવસ સુધી જમીનમાં દટાઇને કરી બતાવ્યો હતો. લાહોરના મરહૂમ મહારાજા રણજિતસિંહ કે જેને પંજાબનો કેસરી કહી શકાય, તેના દરબારમાં આ બનાવ બન્યો હતો. મહારાજાની સમક્ષ હરિદાસને દાટવામાં આવ્યા. આ સમયે ત્યાંના દરબારના તમામ અધિકારીઓ હાજર હતા, ઉપરાંત અંગ્રેજ અને ફ્રેંચ ડૉકટરો પણ આ બનાવ જોવા આવ્યા હતા.

સાધુ હરિદાસે બેઠક લગાવી. પછી તેમને લૂગડાં વડે ઢાંકી દીધા અને સીવી લીધા—એટલે કે, જે પ્રમાણે ઇજિપ્તમાં મમીના પૂતળાને દાટતા તેવી રીતે અત્રે દાટવામાં આવ્યા. પછી લાકડાની પેટીમાં નાખી તેને મજબૂત ખીલાથી ઠોકી અને તે ઉપર કેટલીક જગ્યાએ મહારાજાની સીલ-મહોર કરી.

આ પછી પેટીને ઈંટોનું બનાવેલું ભોંયરું હતું તેમાં ઉતારી અને ઉપર મટોડી તથા રેતી નાખી અને જેમ સાધારણ રીતે કબરો ચણે છે તેવી રીતે તે ચણી લીધી. આ જમીન ઉપર દાણા વાવ્યા અને તેમાંથી સાધુના અંદર પુરાયા પછી છોડ ઊગી નીકળ્યા,

આ કબરની દેખરેખ રાખવા સાવચેતી માટે એક ખડેપગે હથિયારબંધ લશ્કર ગોઠવવામાં આવ્યું અને તે રાત્રિદિવસ ચોકી–પહેરો કરતું હતું. ચાળીસ દિવસ વીત્યા બાદ મહારાજાની સમક્ષ એ કબર ખોદી અને સાધુને બહાર કાઢ્યા અને તે વેળા પણ અંગ્રેજ અને ફ્રેંચ ડૉકટરો હાજર હતા. બહાર કાઢયા તે વખતે સાધુની કેવી સ્થિતિ હતી તે નજરોનજર જોનાર એક અંગ્રેજ "વર્લ્ડ" નામના પત્રમાં નીચે મુજબ જણાવે છેઃ–

"ચાળીસમે દિવસે હું મહારાજા રણજિતસિંહની સાથે જ્યાં સાધુને દાટયો હતો તે સ્થળે ગયો. લાહોરના એક મહેલની નજીક કબરમાં આ સાધુને દાટયો હતો, તેની આસપાસ ખુલ્લી ઓસરી હતી અને તેમાં વચલા ઓરડામાં સાધુની સમાધિ હતી. હાથીની સવારીમાં બધા દરબારીઓ સાથે મહારાજાએ નીચે ઊતરી મને બધા ઓરડા તપાસવા કહ્યું અને જેવી સ્થિતિમાં તે મૂકયા હતા તેવા અનામત મને માલૂમ પડયા. પેટીની ત્રણ બાજુઓ મજબૂત સીલના ખીલા ઠોકીને જેવી રીતે મૂકી હતી તેવીજ આબેહૂબ માલૂમ પડી. તાળાં ઉપર મટોડી ચોંટી ગઈ હતી, હવા આ ઓરડામાં મુદ્લ દાખલ થતી નહોતી. ઉપરાંત સાધુને ખોરાક આપી શકાય તેવી મુદ્લ સગવડ નહોતી. વળી તે ઉપરાંત દીવાલો કે ઓરડામાં કોઈ દાખલ થયું નહોતું. એ જાળાં બાઝવાથી જોઈ શકાતું હતું.

મહારાજા રણજિતસિંહે, પોતે સીલ કરી હતી તે આબેહૂબ છે એમ ચોકકસ જણાવ્યું અને પોતે અંગ્રેજની માફક આ અખતરો ફતેહમંદ થશે નહિ એમ ધારતા હતા; તેથી ખડેપગે રાત્રિદિવસ ચોકી–પહેરો રાખ્યો હતો. ઉપરાંત દરરોજ રાજ્યનો અધિકારી આવીને બરોબર બંદોબસ્ત છે કે નહિ તે જોઈ જતો હતો.

. આ પ્રમાણે ત્યાંની સ્થિતિ જોયા પછી અમે સામે ખુરશી પર ઓસરીમાં બેઠા અને મજૂરોએ ખોદવાનું શરૂ કર્યું. એક અધિકારીએ સીલ તોડી અને તાળું ખોલ્યું. જ્યારે ઓરડાનો દરવાજો ખોલવામાં આવ્યો, ત્યારે અંદરથી અંધારું દેખાતું હતું. મહારાજા અને હું એ ઓરડામાં દાખલ થયા અને એક બત્તી સાથે લીધી. ત્રણ ફૂટ નીચે ભોંયરામાં ઊતરી, જ્યાં ત્રણ ફૂટ પહોળી અને ૩ ફૂટ લાંબી લાકડાની પેટી પડી હતી ત્યાં પહોંચ્યા. આ પેટીને તાળું લગાવ્યું હતું અને સીલ મારી હતી. આ પેટી ખોલ્યા પછી અમે શણના કપડામાં વીંટેલું માનુષી શરીર જોયું. તેને માથે દોરી બાંધી

હતી અને તે ખોલતાં તોપોની સલામી આપવામાં આવી હતી. આસપાસ એકઠા થયેલા લોકોની ઠઠ જોવાને ધસી આવી. લોકોની મનોભિલાષાને સંતોષ આપ્યા પછી એ સમૂહને દૂર કરવામાં આવ્યો અને સાધુના શિષ્યે એ શરીરને બહાર કાઢી પેટીને અઢેલીને મૂક્યું અને જેમ હિંદુઓના દેવોની મૂર્તિ સમાધિ અવસ્થામાં બેઠેલી હોય તેમ રાખી. અમે પછી ભોંયરામાં ઊતર્યા. ભોંયરું એટલું તો નાનું હતું કે માંડમાંડ બેસી શકાતું હતું અને હાથપગ બન્નેના અડોઅડ લાગતા હતા.

પછી શિષ્યે તે શરીર ઉપર ગરમ પાણી છાંટવા માંડ્યું, પરંતુ મને છળભેદની ભ્રાંતિ થઇ; તેથી મેં મહારાજાને આ શરીર કોથળામાંથી બહાર કાઢવા કહ્યું. અમે કોથળો ખોલ્યો તો ભીનો થયેલો માલૂમ પડ્યો. સાધુના હાથપગ ચીમળાઇ ગયેલા અને ઠંડા લાગતા હતા, મોં સીધું અને ડોકું વળી ગયેલું મુડદા જેવું હતું. મેં આ પછી ડોક્ટરોને બોલાવી એ મુડદાની તપાસ કરાવી; પરંતુ તેઓ નાડીના ધબકારા સાંભળી શક્યા નહિ અને હાથ કે છાતીમાં કશી હિલચાલ નહોતી. માત્ર મગજમાં થોડી ગરમી માલૂમ પડી અને બીજે સ્થળે જીવનના સંચારનાં કંઇજ ચિહ્નો જણાયાં નહિ.

શિષ્યે ગરમ પાણીથી સાધુને નવરાવ્યા અને હાથપગને લાંબાટૂંકા કરવા માંડ્યા. શિષ્યે મોટો ગરમ રોટલો સાધુના માથે મૂક્યો અને એ પ્રમાણે ગરમ રોટલાને બેત્રણ વખત ઉથલાવીને મૂક્યો. કાન તથા નાકમાંનાં મીણ તથા રૂ તેણે કાઢી નાખ્યાં અને છરી વડે મહામુશ્કેલીએ મોં ઉઘાડ્યું અને હાથ વડે જડબાં પકડી રાખી જીભ ખેંચી; પરંતુ વારંવાર તે પાછી ચાલી જતી, તોપણ તેમાં પાછું સજીવનપણું મેળવવા લાગટ પ્રયાસ કર્યો.

આ પછી તેની આંખોનાં પોપચાં ઘીથી મસળ્યાં. પછી તે ઉઘાડ્યાં તો માલૂમ પડ્યું કે, ડોળામાં મુદ્દલ જીવનનો સંચાર નહોતો. ત્રણ વખત ગરમ રોટલો પાછો મૂક્યા પછી શરીરમાં હિલચાલ શરૂ થઇ, શ્વાસને ગતિ આવી અને કુદરતી રીતે સજીવનપણાની નિશાની જણાવા માંડી. હાથની નાડીમાં ધીમે ધીમે ધબકારા શરૂ થયા અને તે પછી શિષ્યે ઘી જીભ ઉપર મૂક્યું અને ગળાવી દીધું.

થોડી મિનિટ પછી ડોળા ઉઘાડ્યા અને સામે મહારાજા રણ-

જિતસિંહને જોયા. પછી ધીમે અવાજે સાધુએ કહ્યું કે, "કેમ મહારાજા સાહેબ! હવે મારી યોગક્રિયાને માન્ય કરો છો કે નહિ?"

મહારાજાએ હા પાડી અને સાધુને મોતીની અમૂલ્ય માળા ભેટ આપી. તે ઉપરાંત બે સોનાનાં કડાં અને એક ખેલાતનો લેખ અર્પણ કર્યો, કે જે માત્ર રાજકુમારોનેજ આપવામાં આવે છે.

આ પ્રમાણેની ક્રિયામાં માત્ર અર્ધો કલાક વહ્યો હતો અને બીજા અર્ધા કલાકમાં સાધુ સૌની સાથે છૂટથી વાતો કરવા મંડ્યા. માણસ જીવતો દટાય અને પાછો જીવતો રહે એ બાબત હું કદી માનતો નહોતો અને તેમાં પણ ચાળીસ દિવસ સુધી દટાય એ તો અસંભવિતજ માનતો હતો. પરંતુ આ પ્રત્યક્ષ પુરાવાથી મારા મનનું સમાધાન થયું છે અને આ હેરતભર્યો પ્રયોગ કદી પશ્ચિમમાં કોઇ કરી શકશે નહિ. એ તો પૂર્વનેજ સોંપ્યું છે અને દુનિયામાં હમેશાં પૂર્વજ વિજ્ઞાનમાં ચડિયાતું છે એમ ચોક્કસ માનું છું."

(દૈનિક 'હિંદુસ્તાન'ના અંકમાંથી)

४५–साधु टी० एल० वस्वानी

(લેખકઃ–શ્રી. વાસુદેવશરણ)

સિંધ–પ્રાંત ભારત કે પશ્ચિમ મેં એક પિછડા હુઆ ભાગ કહા જાતા હૈ. દેશ કે મધ્યભાગ સે કુછ હટા હોને કે કારણ તથા બીચ મેં મરુભૂમિ કે પડ જાને સે હમ લોગોં કો ઇસ પ્રાંત કે વિષય મેં બહુત કમ જાનકારી હૈ; પર સિંધ કા હૃદય ઇતના ઊસર નહીં જિતની ઉસકી ભૂમિ હૈ. પંદ્રહવીં શતાબ્દિ મેં ભારત મેં ચાર બડે સંતોં ને જન્મ લિયા. પંજાબ મેં નાનક, મહારાષ્ટ્ર મેં તુકારામ તથા પૂર્વ–બંગાલ મેં ચૈતન્ય ને પ્રકટ હો કર ધર્મ ઔર ભક્તિ–માર્ગ કા પ્રચાર કિયા. ઇસી સમય સિંધ મેં ભી એક બડે સુફી મહાત્મા ને જન્મ લિયા. ઉનકા નામ શાહ લતીફ થા. ઉનકી કવિતા ઔર ભક્તિ પ્રથમ શ્રેણી કી થી. શાહ લતીફ કા નામ ઇસ તરફ બહુત કમ લોગ જાનતે હૈં; ક્યોંકિ હમારા જ્ઞાન સિંધ કે બારે મેં બહુત અધૂરા હૈ. શાહ લતીફ કો રાષ્ટ્રીય કવિ માનના ચાહિયે. ઉનકી એક યહ પંક્તિ બહુત પ્રસિદ્ધ હૈ–

ઉમર વતન પંહજો બિસારન દૂખઓ

અર્થાત્ હે ઉમર! વતન કા ભૂલના બહુત મુશ્કિલ હૈ. શાહ

લતીફ કે બાદ સ્વામી સચલ ઔર દલપત આદિ ઉત્તમ રત્ન સિંધ મેં ઉત્પન્ન હુએ. ઇસી ભૂલે હુએ સિંધ ને યુવક ભારત કો શક્તિ કા સંદેશ સુનાનેવાલે સાધુ વસ્વાની કો જન્મ દિયા હૈ.

વસુ એક ગોત્ર કા નામ હૈ. ઉસીમેં સિંધી ભાષા કા "આની" પ્રત્યય લગાને સે વસ્વાની બનતા હૈ. વસ્વાનીજી કે વિષય મેં અભી તક સંસાર કો સિવા ઉનકે વિચારોં કે ઔર કુછ જ્ઞાત નહીં હૈ. સાધુજી આત્મચરિત લિખના યા ચિત્ર ઉતરવાના અભારતીય પ્રથા સમઝતે હૈં. ઉનકે મત મેં યાજ્ઞવલ્કય કી જીવનકથા જગત કે લિયે મહત્ત્વ કી નહીં, ઉનકે વિચારોં કા હી શાશ્વત મૂલ્ય હૈ. વિચાર ભી ભગવાન કી પ્રેરણા સે ઉનકે સૂર સે નિકલને લગતે હૈં. ઉન પર વસ્વાની કી દેહ કા કુછ સ્વત્વ યા અપનાપન નહીં હૈ. સત્ય વિચાર અજર–અમર હૈં. વે સબકે હૈં.

સાધુજી કી આયુ લગભગ પચાસ વર્ષ કી હોગી. ઉન્હોંને ત્યાગ ઔર તપ કે મહત્ત્વ કો અપને જીવન કે શુરુ મેં હી સમઝ લિયા થા. બ્રહ્મચર્ય ઔર તપસ્યા ઉનકા સ્વભાવ હી બન ગયે હૈં. ઉનકે મુખ પર અપૂર્વ તેજ ઝલકતા રહતા હૈ. ઉનકા કદ પૂરા ઔર દેહ સુંદર બની હુઇ હૈ. રંગ ચમકતા હુઆ, નેત્રો કો તૃપ્તિકર હૈ. કેશ કુછ કુંચિત હૈ, મુખ પર સદા હાસ્ય કી રેખા દિખાઇ પડતી હૈ; નેત્રોં સે ફૂટતી હુઈ જ્યોતિ નિકલતી રહતી હૈ. દો હી ચાર મિનટ કે સંમિલન સે વે કિસી ભી આગંતુક કો અપની વિનય ઔર મીઠી વાણી સે મોહ લેતે હૈં.

સાધુજી કે સાથ કુછ દિન રાજપુર–શક્તિ–આશ્રમ મેં રહને કા મુઝે સૌભાગ્ય પ્રાપ્ત હુઆ. જિતના ઉનકે સંયમી જીવન સે મેરા પરિચય બઢા, મૈંને ઉસે ઉતના હી ખરા ઔર ઉજ્જવલ પાયા. તપસ્યા ઉનકે જીવન કા મૂલ–મંત્ર હૈ; પરંતુ ઉનકા બાર બાર યહી ઉપદેશ થા કિ કોરી તપસ્યા બિના પ્રેમ કે અહંકાર કો ઉત્પન્ન કરતી હૈ. તપ ઔર સંયમ જબ નિરુદ્દિષ્ટ હોતે હૈં તબ ઉનકે કરનેવાલે મેં અભિમાન ઉત્પન્ન હોતા હૈ. જબ તપ કે સાથ પ્રેમ મિલા રહતા હૈ તબ મનુષ્ય સબ કે સાથ વિનય ઔર શીલ કા ભાવ રખતા હૈ. ઇસ લિયે વિનય વસ્વાનીજી કી દૂસરી વિશેષતા હૈ. કોઇ ભી ઉનસે મિલ કર ઉનકી વિનય પર મુગ્ધ હુએ બિના નહીં રહ સકતા. એક બાર આશ્રમ મેં સાધુજી કે આને સે પહલે એક આશ્રમવાસી ને સાત દિન તક ઉપવાસ કિયા. જ્યોં

હી સાધુજી સે ઉસકા સાક્ષાત્કાર કરાયા ગયા, વે આનંદ સે ઉસકે ચરણોં પર ગિર ગયે. આત્મ–વિસ્મૃતિ કી વસ્વાનીજી મેં હદ હૈ. જુલાઈ કે મહિને મેં આશ્રમ મેં અલીગઢ–યુનિવર્સિટી કે એક મુસલમાન પ્રોફેસર આયે. હિંદૂ કહાર ને કહા બર્તન કૈસે માંજૂં? સાધુજી કો યહ પતા ચલા. આપ અપને હાથસે ઉસકે જૂઠે બર્તન સાફ કરને લગે. લડકોં ને યહ દેખ કર કહા કિ બર્તન હમીં સાફ કર લેંગે; પર ત્યાગી ફકીરને કહાઃ "નહીં, તુમ્હારે માતા–પિતા હૈં. ઉન્હેં ઇસમેં આપત્તિ હો સકતી હૈ; મેરે કૌન હૈ જિસકી જાત–પાંત બિગડને કા ભય હો?" તુલસીદાસજી કી ઇસ પંક્તિ સે ભાવ કિતના મિલતા હૈઃ–

> કાહૂ કી બેટી સોં બેટા ના બ્યાહબ,
> કાહૂ કી જાતિ બિગારી ન સોઉ.

સાધુજી નિત્ય સાડે તીન બજે કે કરીબ ઊઠ જાતે હૈં, ઉસ સમય ઉનકે પાસ કોઇ નહીં રહતા, ઇસ લિયે ઉનકે બનાયે હુએ સિંધી ભજન હમારે હિસાબ સે ખો જાતે હૈં. વે નિત્ય એક ભજન નયા બના કર ગાતે હૈં. ઉસે વે પુષ્પકી તરહ અપને પ્રભુ કે ચરણોં મેં અર્પણ કર દેતે હૈં. સૂર, તુલસી ઔર મીરાં કે ગીતોં કી તરહ યે પદ્ય ભી ભક્તિ કે આવેશ ઔર તન્મયતા કી દશા મેં બનતે હૈં; સાધુજી કે સર્વોત્તમ વિચાર ઉન્હીં મેં ગૂંથે રહતે હૈં. ગાને કે પીછે ગાનેવાલા સ્વયં ઉન્હેં ભૂલ જાતા હૈ, ઇસ લિયે પ્રયત્ન કરને પર ભી ઉનકી રક્ષા કા કોઇ ઉપાય ન હો સકા.

સાધુજી કી ખદ્દર સે અનન્ય ભક્તિ હૈ. જો ઉનકે સમ્પર્ક મેં આતા હૈ ઉસસે વે ખદ્દર પહનને કા અનુરોધ કરતે હૈં. અનેક આશ્રમવાસિયોં ને અપને જીવન મેં ખદ્દર પહનને કા વ્રત લિયા હૈ. આશ્રમ કી વર્દી ભી ખાદી કી હી બનાઇ ગઇ હૈ. સાધુજી કા આહાર બહુત પરિમિત હૈ. કભી કભી વે મુઝે ભી અપને હી કમરે મેં ખાને કો કહતે થે. તબ ઉનકા સૂક્ષ્મ સાત્વિક આહાર દેખ કર બડા આશ્ચર્ય ઔર આનંદ હોતા થા. હર સમય કામ મેં લગે રહના ઉનકી વિશેષતા હૈ. વે પરિમિત સંભાષણ કરતે હૈં ઔર જબ કોઇ ઉનકે પાસ નહીં હોતા તબ ઉનકા હર એક ક્ષણ પઢને યા ધ્યાન–ઉપાસના મેં હી બીતતા હૈ. સપ્તાહ મેં એક બાર–બૃહસ્પતિવાર કો વે ઉપવાસ કરતે ઔર મૌન રહતે હૈં. વે કહા કરતે હૈં કિ જ્યોં જ્યોં મનુષ્ય આધ્યાત્મિકતા મેં બઢતા હૈ, ઉસકે

નાડી—શુચ્છ અધિક સૂક્ષ્મગ્રાહી ઔર મૃદુ હોતે જાતે હૈં. સમાહ ભર બોલને ઔર બહિર્મુખ કાર્ય કરને સે જો થકાન આતી હૈ ઉસકા નિરાકરણુ ઉપવાસ ઔર મૌન સે અવશ્ય કરના ચાહિયે.

સાધુજી કી લેખનશક્તિ અદ્ભુત હૈ. વે કરીબ પચાસ પુસ્તકેં લિખ ચૂકે હૈં. ઉનકી ખ્યાતિ પૂર્વ ઔર પશ્ચિમ સર્વત્ર ફૈલ ગઇ હૈ. ઇસકે અતિરિક્ત સમાચારપત્રોં મેં ઉન્હોંને હજારોં લેખ લિખે હોંગે. સાધુજી કે લેખોં મેં ભારતવર્ષ કી પ્રાચીન આત્મા પદ પદ પર ઝલકતી હૈ. ઉસ આત્મા કો આધુનિક ભારત કે લિયે સાધુજી નયે ચોલે મેં ઉત્પન્ન હુઆ દેખના ચાહતે હૈં. ઉનકી આશાયેં યુવકોં પર હૈં, યુવકોં કા જીવનમંત્ર તપસ્યા હોના ચાહિયે. ભોગ કી પ્રવૃત્તિ ને ભારત કે યુવકોં કો અશક્ત બના દિયા હૈ. શારીરિક, માનસિક ઔર આત્મિક શક્તિ કા સંચય સબસે બડા ધર્મ હૈ. યહી શક્તિસંદેશ સાધુજી કી પુસ્તકેં દેતી હૈં. ઇસીકી સફલતા કે લિયે શક્તિ—આશ્રમોં કી સ્થાપના હો રહી હૈ.

પરંતુ લિખને સે ભી અધિક ઓજસ્વી સાધુજી કા ભાષણુ હોતા હૈ. બોલતે સમય વાતાવરણુ ઉનકી આત્મિક લહર સે ભર જાતા હૈ. સ્વર ગંભીર ઔર શબ્દ માનો અગ્નિદગ્ધ હો કર નિકલતે હૈં. જિન્હોંને એક બાર ભી ઉન્હેં બોલતે સુન લિયા હૈ, વે જાનતે હૈં કિ સાધુજી કા સંદેશ ઉનકે લેખોં કો પઢને કી અપેક્ષા સાક્ષાત્ ભાષણુ સે કહીં અધિક જ્વલંત ઔર સ્થાયી રૂપ સે પ્રાપ્ત હોતા હૈ. સાધુજી યદિ નયી સૃષ્ટિ કર સકતે, તો શાયદ વે હમારે પાર્થિવ શરીરોં કો અગ્નિ કા બના દેતે. ઉનકે દિલ મેં ઔર વાણી મેં આગ ઔર જોશ ભરા હુઆ હૈ.

ગરીબી મેં ઇન ત્યાગી કો આનંદ મિલતા હૈ. કિસીસે ભી કુછ પ્રતિગ્રહ ન લેના ઉન્હોંને અપને જીવન કા વ્રત બના લિયા હૈ. યહ એક આશ્ચર્ય કી બાત હૈ કિ રાજપુર—શક્તિ—આશ્રમ મેં સબ વિદ્યાર્થીયોં કી તરહ વે ભી જબ તીસ રૂપયે મહીના દે લેતે થે તબ આશ્રમ કા ભોજન કરતે થે. આત્મજ્ઞાન કી મસ્તી ચૌબીસ ઘંટે ઉનકી આંખોં મેં ભરી રહતી હૈ. વર્તમાન કાલ કે ઇને—ગિને ઋષિયોં મેં ઉનકી ગણુના હૈ. ઐસે ત્યાગી તપસ્વી ઉદ્યમી મહાત્મા કે ચારોં ઓર વિકસિત હુઆ યુવક—આંદોલન અવશ્ય સફલ હોગા. યુવકોં સે હમારી પ્રાર્થના હૈ કિ અગલે વર્ષ મઇ મેં અધિક

સંખ્યા મેં રાજપુર–શક્તિ આશ્રમ મેં જા કર સાધુજી કે દર્શન ઔર સહવાસ સે લાભ ઉઠાવેં.

સાધુજી દેશ કે યુવકોં કો ઉઠાને મેં પ્રાણપણ સે લગે હુએ હૈં. શ્રી કૃષ્ણસ્વામી, શ્રી આનંદસ્વામી આદિ કિતને હી ત્યાગી યુવા ઉનકે ઇસ કામ મેં સહાયક હૈં. પ્રચાર કા એક મુખ્ય સાધન શક્તિ–આશ્રમોં કી સ્થાપના હૈ. ઇનકા અધિવેશન મઈ સે સિતમ્બર તક રહતા હૈ. સ્કૂલ–કાલેજોં કે વિદ્યાર્થી, માસ્ટર, પ્રોફેસર, નૌકર ઔર તિજારત પેશા સબ તરહ કે લોગ શક્તિ આશ્રમોં મેં ભર્તી હો કર આતે હૈં. સ્કૂલ–કાલેજોં કી અધૂરી શિક્ષા કે ભૂલે હુએ અંગોં કી પૂર્તિ કરના ઇન આશ્રમોં કા ઉદ્દેશ હૈ. જીવન મેં નિયમિતતા, રાષ્ટ્રીયતા, માતૃભૂમિ તથા દીનોં કી સેવા, સંસ્કૃતિ કા જ્ઞાન, વક્તૃત્વ–સામર્થ્ય, સ્વાસ્થ્ય, વ્યાયામ, લાઠી, ગદકા આદિ ખેલ આદિ બાતોં પર આશ્રમ મેં ભરપૂર ધ્યાન દિયા જાતા હૈ. મધ્યવિત્ત વિદ્યાર્થીયોં કો ૩૦–૩૫ રૂપયા માસિક ખર્ચ કર કે હી પહાડી સ્થાનોં મેં રહને ઔર પ્રકૃતિ કે સહવાસ મેં આ કર કિતાબી શિક્ષા કી પૂર્તિ કરને કા અપૂર્વ અવસર પ્રાપ્ત હોતા હૈ. ગત વર્ષ દો સૌ કે લગભગ છાત્રોં ને અકેલે રાજપુર કે શક્તિ-આશ્રમ મેં આ કર લાભ ઉઠાયા. સાધુ વસ્વાની કી દિવ્ય આત્મા દિગ્દિગંત સે સંકલિત હુએ છાત્ર–પરિવાર કો અપને તેજ સે આલોકિત કરતી રહતી હૈ. મેરા અનુભવ હૈ કિ કિતને હી નવયુવક શક્તિ–આશ્રમ મેં આ કર સાધુજી કે સંપર્ક સે બિલકુલ બદલ ગયે. વે માતૃભૂમિ ઔર દરિદ્રોં કી સેવા કી અદમ્ય ભાવના લે કર લૌટે. રાજપુર જૈસે રમણીય સ્થાન મેં જિતને અધિક છાત્ર એકત્ર હોં ઉતના હી અચ્છા હૈ. શિક્ષા કે લિયે પહાડી સ્થાનોં કે ઉપયોગ કા માર્ગ પહલે–પહલ રાજપુર કે શક્તિ–આશ્રમ ને હી દિખાયા હૈ. આશા હૈ, રાજપુર ઔર તત્સદશ પ્રાકૃતિક સ્થાનોં મેં સ્થાયી આશ્રમ ખોલને કા આંદોલન દઢતા કે સાથ અગ્રસર હોગા.

ઇન શક્તિ–આશ્રમોં કે વિષય મેં એક સંમતિ દેના હમ અપના કર્તવ્ય સમઝતે હૈં. જિસ તરહ યુવક છાત્રોં કી અધિકાધિક સંખ્યા યહાં આતી હૈ, વૈસે હી પ્રોફેસરોં કો ભી આના ચાહિયે. યુવક આંદોલન મેં છાત્ર ઔર અધ્યાપક દોનોં હી દો પહિયોં કી તરહ હૈં. યદિ ભિન્ન ભિન્ન વિષયોં કે જાનનેવાલે અધ્યાપક સ્વેચ્છા સે અપની ગર્મી કી છુટ્ટિયાં યહાં બીતાવેં તો મુફ્ત મેં હી શક્તિ-

આશ્રમ અચ્છે કાલેજોં કે રૂપ મેં પરિણત હો જાયે. તીન મહીને તક રહનેવાલી ઇન સંસ્થાઓં મેં માતૃભાષા મેં હી વિભિન્ન સંસ્કૃતિ-સંબંધી વિષયોં કે વ્યાખ્યાનોં કા પ્રબંધ હોના ચાહીએ. જો બાત સરકારી વિદ્યાલયોં મેં ઇચ્છા રહતે હુએ ભી હમેં પ્રાપ્ત નહીં હોતી વહ અપને હી સહયોગ સે સહજ મેં પ્રાપ્ત કર સકેંગે. ગત વર્ષ કઇ પ્રોફેસરોં કે આ જાને સે યહ પ્રબંધ અચ્છા ચલા થા, પર અભી ઇસિ ઓર અધિક ઉન્નતિ કી આવશ્યકતા હૈ. શક્તિ-આશ્રમ કે વિષય મેં જિન્હેં અધિક જાનને કી ઇચ્છા હો વે શ્રી આનંદસ્વામી, મંત્રી ભારત-યુવક-સંઘ, કાશી કો લિખ કર સબ કુછ જાન સકતે હૈં. ("સરસ્વતી"ના એક અંકમાંથી)

૪૬-राष्ट्रीय योद्धा श्रीराम राजू

આન્ધ્ર વીર કા સ્વાધીનતા-સંગ્રામ

સત્ય કભી છિપા નહીં રહતા. એક ન એક દિન વહ અવશ્ય પ્રકટ હોગા. બાલ્યકાલ મેં હમારે શિક્ષક સદૈવ હમેં યહી સિખાતે રહે હૈં કિ સિપાહીવિદ્રોહ કુછ સ્વાર્થી ઔર અર્થલોલુપ પિશાચોં કા કાર્ય થા. કિંતુ આજ ઇસિ નીરે અસત્ય કા પર્દા હટ ગયા હૈ. હમકો આજ અચ્છી તરહ ભાસિત હો ગયા હૈ કિ સિપાહીવિદ્રોહ અર્થાત્ સન્ ૫૭ કા ગદર વસ્તુતઃ ભારત કા સ્વાધીનતા-સંગ્રામ થા. યહી કારણ હૈ કિ આજ હમ ઉસ પુણ્યસંગ્રામ કી પુણ્ય સ્મૃતિ દસ મઇ કો મનાને કા સમસ્ત ભારતવર્ષ મેં આયોજન કર રહે હૈં. વિદેશી સ્વાર્થાંધ ઇતિહાસવેત્તાઓને ઇસ દેશ કે સ્વાધીનતા-યજ્ઞ કે હોતાઓં કો કલંકિત કરને મેં કોઇ કસર બાકી નહીં રક્ખી. અતએવ વિદેશી ઐતિહાસિક વિદ્વાન આંધ્ર પ્રદેશ કે મહાવીર શ્રી રામરાજૂ કે સાથ ન્યાયાચરણ કરેંગે ઐસી આશા નહીં હૈ; કિંતુ શ્રી રામરાજૂ આજ આંધ્ર પ્રદેશ કે દો કરોડ નિવાસિયોં કે હૃદય મેં પ્રતિષ્ઠિત હૈં. વિદેશી ઐતિહાસિકોં કી કોઇ ભી ચેષ્ટા ઉનકો ઉસ સ્થાન સે ચ્યુત કરને મેં સફલ નહીં હો સકતી. નૌકરશાહી કી ભાષા મેં શ્રીરામરાજૂ એક ઉપદ્રવી ઔર લૂટેરા હૈ; કિંતુ ઉનકે સ્વદેશવાસી ઉનકો સ્વાધીનતા કા ઉપાસક હી જાનતે હૈં. વે જાનતે હૈં કિ માતૃભૂમિ કી ગુલામી કી બેડિયોં કા કાટના

હી ઉસ મહાવીર કે જીવન કી એક માત્ર સાધના થી.

બાલ્યજીવન

ઇસ મહાન સ્વદેશપ્રેમી વીર કી બાલ્યાવસ્થા કે સંબંધ મેં વિશેષ કુછ જ્ઞાત નહીં હૈ. ૧૮૯૭ ઇસ્વી કી ચૌથી જુલાઈ કો પશ્ચિમ ગોદાવરી જિલા કે મોગાલ્લૂ નામક સ્થાન મેં કિસી સંભ્રાંત ક્ષત્રિયકુલ મેં આપકા જન્મ હુઆ થા. આપને લિખને-પઢને મેં વિશેષ મનોયોગ નહીં દિયા. જગત કે અનેકોં મહા-પુરુષોં કે ચરિત્ર ઇસી પ્રકાર કે પાયે જાતે હૈં. લિખને-પઢને કી ઓર વિશેષ મનોયોગ ન દેને કે કારણ ઉનકે ગુરુજન ઔર સહ-પાઠીગણ કભી કભી ઉનકા તિરસ્કાર કરતે થે. ઉસ સમય મેં વે વિદ્યા ઔર અવિદ્યા કે સંબંધ મેં એક પાંડિત્યપૂર્ણ વક્તૃતા સુના કર કે વિદ્યા કે નામ વર્તમાન મેં જો કુશિક્ષા દી જા રહી હૈ ઉસકી તીવ્ર આલોચના કિયા કરતે થે. ઉસ સમય આવેશ મેં આ કર આપ પ્રાયઃ કહા કરતે થે કિ "મેં સંન્યાસી બનૂંગા, મૈં દેશ કી દુર્દશા દૂર કરુંગા;" કિંતુ ઉસ સમય ઉનકે ઇસ મહાન વાક્ય કા વિશેષત્વ કોઈ નહીં સમઝતા થા. સ્વાધીનતા સંબંધી તેલુગુ ભાષા મેં સુંદર સુંદર રાષ્ટ્રીય ભાવોં સે ઓતપ્રોત સંગીત ગાન કર કે વે અપને સાથિયોં કો સ્વદેશપ્રેમ કે રંગ મેં રંગને કી ચેષ્ટા કિયા કરતે થે; કિંતુ વહ સબ વ્યર્થ હો જાયા કરતા થા. ઇસકે બાદ વિદ્યાભ્યાસ કે લિયે આપ નરસાપુર ગયે. વહાં જા કર જ્યોતિષ-સામુદ્રિક વિદ્યા ઔર અશ્વારોહણ કી ઓર આપકા ધ્યાન આકૃષ્ટ હુઆ. ઇસકે સિવા રાજૂ કે બાલ્યજીવન કે સંબંધ મેં ઔર અધિક કુછ ભી માલૂમ નહીં.

સંન્યાસગ્રહણ

રાજૂને કબ સંન્યાસ ગ્રહણ કિયા ઠીક નહીં માલૂમ. સંભવતઃ ૧૯૧૭ ઇસ્વી કે મઈ મહીને મેં આપને સંન્યાસગ્રહણ કિયા થા. ઉનકે સંન્યાસજીવન કે પ્રારંભકાલ કે વિષય મેં ભી કુછ નહીં જાના જાતા. ૧૯૧૮ ઇસ્વી મેં માલૂમ હુઆ કિ આપ એજંસી પ્રાંત મેં હૈં ઔર સમ્બવરી પર્વત મેં તપસ્યા કર રહે હૈં. ઇસકે બાદ આપ પાપી પહાડ મેં ગયે ઔર વહાં સાધુ સંન્યાસી કી ભાંતિ જીવન બિતાને લગે. ઇસ પહાડ મેં કોયા નામક પહાડી જાતિ કા નિવાસ હૈ. ઇસ તરુણ સંન્યાસી કી ભગવન્નિષ્ઠા, તપ-

શ્રયા ઔર સાધુજીવન કે પ્રભાવ સે યહ પહાડી જાતિ રાજૂ કે ઉપર મુગ્ધ હો ઉનકે એકાંત અનુગત બન ગયી. સૂના જાતા હૈ કિ સન્ ૧૯૨૦ ઇસ્વી મેં વે ભ્રમણ કરને કે લિયે ગોદાવરી તટવર્તી નાસિક સ્થાન મેં ગયે. યહ ભી કહા જાતા હૈ કિ આપ નૈપાલ ભી ગયે થે ઔર ઉસી સમય બંગાલ કે કુછ વિપ્લવવાદિયોં સે આપકી મુલાકાત હુઇ થી.

અસહયોગ યુગ

મહાત્મા ગાંધી કે અસહયોગ કાર્યક્રમ કે સાથ આપકી વિશેષ સહાનુભૂતિ થી યા નહીં, કહા નહીં જા સકતા. ઉનકી કાર્યાવલી કો દેખ કર ઔર બાદ મેં ઉન્હોંને જો કુછ કહા થા ઉસસે યહ સ્પષ્ટ ધ્વનિ નિકલતી થી કિ મહાત્માજી કે અહિંસાત્મક કાર્યક્રમ પર ઉનકી તનિક ભી સહાનુભૂતિ નહીં થી. ઉનકા વિશ્વાસ થા કિ અહિંસાત્મક ઉપાયોં સે કભી સ્વરાજ્ય પ્રાપ્ત નહીં કિયા જા સકતા; તથાપિ ધૈર્યપૂર્વક આપ અસહયોગ આન્દોલન કી પ્રતીક્ષા કરને લગે. મહાત્માજી કે કાર્યક્રમ મેં "અદાલત બાયકાટ" ઔર "મદ્ય-બહિષ્કાર" ઇન દો કાર્યક્રમોં કો આપને આંતરિક પ્રેરણા કે સાથ ગ્રહણ કિયા થા. ગોદાવરી કો એજંસી ઔર વિજાગાપટ્ટમ જિલા મેં આપને 'મદ્યવર્જન' આન્દોલન શુરૂ કિયા. આપ જહાં જાતે થે વહીં આપકે સૌમ્ય ઔર શિષ્ટ સ્વભાવ કે પ્રભાવ સે આપકે હજારોં અનુયાયી પૈદા હોને લગતે થે. આપકે મુખ સે નિકલી હુઇ બાત એજંસી અધિવાસિયોં કે લિયે વેદવાણી થી. ઇસ તરુણ સંન્યાસી કી આવેગમયી ઔર ઉદ્દીપનામયી વાણી ઉસ અંચલ કે સીધે સાધે રહનેવાલોં કે હૃદય મેં કાફી જગહ કર લેતી થી. સરલ ગ્રામવાસિયોં કે નિકટ શ્રીરામ રાજૂ કી યહી વાણી થી કિ "કભી અદાલત કી ઓર પૈર મત રખના ઔર શરાબ કો છૂના ભી પાપ સમઝના." આપ કી યહ વાણી દાવાનલ કી તરહ ચારોં ઓર ફૈલ ગયી. એજંસી અંચલ મેં ઐસા કોઇ નહીં થા જિસને ઉનકી બાત કો ન રક્ખા હો. રાજૂ કે પ્રયાસ સે ઇસ પ્રદેશ મેં એક નયે જીવન કા સંચાર હુઆ. લોગોં ને શરાબ કા સ્પર્શ તક કરના પાપ સમઝા. અદાલત મેં મામલોં-મુકદ્દમોં કા ટોટા પડ ગયા. ગ્રામ ગ્રામ મેં પંચાયતેં બનને લગી એવં ઇન્હીં સ્વદેશી અદાલતોં મેં પંચોં દ્વારા વિચાર હોને લગા.

નૌકરશાહી કી બેચૈની

શ્રીરામચંદ્રજી કે એક મંદિર મેં રાજૂ રહતે થે. કોયા જાતિ મહા અશિક્ષિત હૈ. યહ જાતિ સ્વભાવતઃ જડ સ્વભાવ કી હૈ. સહજ મેં ઇસ જાતિ કે ભીતર કિસી પ્રકાર કી ચંચલતા પૈદા નહીં કી જા સકતી; કિંતુ એક બાર ઉસમેં ચાંચલ્ય કી સૃષ્ટિ હો જાને સે ફિર વહ મહાદુર્દાન્ત હો ઉઠતી હૈ. વહ પચ્ચીસવર્ષીય તરુણ સંન્યાસી ઇસી જાતિ મેં વિદ્રોહ કા અગ્નિમય મંત્ર ફૂંકને લગા. યહ દેખ કર ભલા નૌકરશાહી કબ તક ચૈન સે બૈઠી રહ સકતી થી? ઉસકે કાન ખડે હો ગયે. એક સંન્યાસી કો ધ્વંસ કરને કે લિયે પ્રાંત કી સરકાર બેચૈન હો ઉઠી. ૧૯૨૨ ઇસ્વી કી જનવરી મેં યહ બડે જોરોં કી અફ્વાહ ફૈલી કિ રાજૂ રાજવિદ્રોહ ખડા કરને કી તૈયારી કર રહા હૈ. ભૂતપૂર્વ ગોદાવરી જીલા કે પુલિસ સુપ્રિન્ટેન્ડન્ટ ફૌરન ઘટનાસ્થલ પર પહુંચ ગયે, કિંતુ વહાં ઉનકો કુછ ભી ન મિલા. રાજૂ ઉસ સમય તપસ્યા મેં લીન થે. પુલિસ ઉનકો ગિરફ્તાર કર કે નરસિપટ્ટમ લે ગયી. ઇસ જગહ આપ છ સમાહ તક નજરબંદ રકખે ગયે. અંત મેં પુલિસ ને આપકો છોડ દિયા; કિંતુ બરાબર ઉનકે ઉપર નિગરાની રખને લગી એવં તરહ તરહ કે ઉપાયોં સે વહ ઇન્હેં સતાને લગી. પુલિસ કે ઇસ અત્યાચાર સે મુક્તિ પાને કે લિયે રાજૂ ને બોલાવરમ વિભાગ કે ડિપ્ટી કલેકટર મિ૦ ફજલ ઉલ્લા કે પાસ આવેદન કિયા. કહા જાતા હૈ કિ ઇસ કે બાદ ડિપ્ટી કલેકટર સે રાજૂ કી મુલાકાત હુઇ. ઇસ મુલાકાત કી ભીતરી બાતેં તો નહીં માલૂમ હુઇ; કિંતુ ઉસકે પરિણામસ્વરૂપ મિ૦ ફજલ ઉલ્લા ને મદ્રાસ સરકાર સે ૯૦ બીઘા જમીન રાજૂ કો દેને કે લિયે સિફારીશ કી. ઇસ પ્રકાર સ્વદેશપ્રેમ સે ઓતપ્રોત રાજૂ કો ગાર્હસ્થ્ય જીવન મેં ડાલને કી કોશિશ કી ગયી; કિંતુ યહ કોશિશ બેકાર હુઇ. સ્વદેશપ્રેમ સે પ્રભાવિત હો કર જિસને સમસ્ત જીવન કે ઉપભોગોં કો લાત માર કર સંન્યાસ ગ્રહણ કિયા, ઉસકો ૯૦ બીઘા જમીન દે કર ઉસ વ્રત સે ડિગાને કા પ્રયાસ કરના ઉપહાસાસ્પદ હૈ. જિસને હિમાલય પર્વત સે લે કર કન્યાકુમારી તક સમગ્ર ભારતભૂમિ કો અપના લિયા હૈ ઉસકે લિયે ૯૦ બીઘા જમીન ભલા કયા ચીજ હૈ? રાજૂ વિદેશી પ્રભુ સે સામાન્ય ૯૦ બીઘા જમીન લેકર સંતુષ્ટ હોનેવાલા જીવ નહીં હૈ; વહ તો સમગ્ર ભારતભૂમિ કો વિદેશિયોં કે હાથ સે

છુડાને કે લિયે પાગલ હો ઉઠા હૈ. સ્વાધીન ભારત કા સ્વપ્ન હી આપ સદૈવ દેખતે થે. ઇસી એક ચિંતા મેં આપ મસ્ત રહતે થે. સ્વદેશ કી ઇસી સ્વાધીનતા કે લિયે હી આપ નીરવ સાધના મેં લગે હુએ થે. એજંસી અંચલ કી તત્કાલીન અવસ્થાને આપકો સહાયતા પહુંચાયી. દેશ કી સ્વાધીનતા કે લિયે ઉસ અંચલ કી તત્કાલીન અવસ્થા સે આપને સોલહોં આના લાભ ઉઠાયા. એજંસી અંચલ મેં ગુદેમ તાલુકા હી રાજ કા કેંદ્ર થા. બ્રિટિશ ભારત કે અન્યાન્ય સ્થાનોં મેં જો આઇન કાનૂન હૈં વે ઇસ અંચલ મેં નહીં હૈં. સંથાલ પરગના કી તરહ યહાં કી ભી વિવિધ—વ્યવસ્થા ભિન્ન હૈ. યહાં પર એક તહસીલદાર થા ઉસકા નામ થા રેસ્ટિયાન. વહ રાસ્તા કી કંટ્રકટરી ભી કરતા થા. વહ બડા જાલિમ થા. ઉસકી તુલના ડાયર કે સાથ કી જા સકતી હૈ. નૌકરશાહી કે દેવદૂતોં ને રાસ્તોં મેં કામ કરનેવાલે કુલિયોં કો છ આના પ્રતિદિન કે હિસાબ સે દેને કી સ્વીકૃતિ દી થી; કિંતુ ઉન દેવદૂતોં કા યહ પુરોહિત તહસીલદાર મજદૂરોં કો કેવલ દો આના હી દેતા થા. બિચારે અસહાય મજદૂરોં કો હુજૂર કી મર્જી મુતાબિક કામ કરના પડતા થા. નહીં તો ઉનકી પીઠ ઔર બેત એકરસ હો જાતે થે. ઇસ તહસીલદાર કા સંતાનમ પિલે નામક એક પાઇક થા, વહ અત્યાચાર ઉત્પીડન મેં અપને સ્વામી સે ભી એક દર્જા અધિક થા. ઇસ પ્રકાર ઇન દોનોં ગુરુ ઔર ચેલા કે અત્યાચાર ઔર ઉત્પીડન સે લોગોં મેં હાહાકાર મચ ગયા. કોયા લોગોં કે સંપૂર્ણ અધિકાર છિન ગયે. પહલે પેડ કાટ કર ઇંધન લેને કા અધિકાર ઉનકો થા; કિંતુ વહ અધિકાર ભી ઉનસે છીન લિયા ગયા, ફર્માન—નાદિરશાહી ફર્માન—નિકાલા ગયા કિ અબ ઉનકે જાનવર અબાધ રૂપ સે મૈદાન મેં ચર નહીં સકતે. ઇસ પ્રકાર કી સખ્તી કે ફલસ્વરૂપ કોયા લોગોં મેં ભીષણ અસંતોષ કી માત્રા બઢને લગી. સમસ્ત એજંસી અંચલ મેં સરકાર કે વિરુદ્ધ અગ્નિ ભભક ઉઠને કો હુઈ. એજંસી અંચલોં કે નિવાસિયોં કે ભીતર ઇસ પ્રકાર કા અસંતોષ દેખ કર રાજૂ કો અપને ઉદ્દેશ્ય કી સિદ્ધિ કા અચ્છા અવસર હાથ આયા. ઉન્હોંને અપને વિશ્વસ્ત આદમિયોં કો લે કર એક સંગઠિત સંઘ બનાયા. સ્વરાજ્ય કી આકાંક્ષા લોગોં કે હૃદય મેં બડે વેગ સે ઉઠ રહી થી. એજંસી અંચલ કી ઇસ અસંતોષાગ્નિ મેં રેસ્ટિયાન સાહબ કી ડાયરશાહી ને ઘી કા કામ કિયા.

વિદ્રોહ કા આરંભ

વિદ્રોહ કે લક્ષણુ સ્પષ્ટ દિખાઇ દેને લગે. ૧૯૨૨ ઇસ્વી મેં ૩૦ અગસ્ત કો મદ્રાસ સરકાર કી નિમ્નલિખિત વિજ્ઞપ્તિ પ્રકાશિત હુઇ:–"મદ્રાસ પ્રેસિડેન્સી કે ઉત્તરીય ભાગ મેં એજંસી કી અધીનસ્થ પાર્વત્ય જાતિયોં ને સરકાર કે વિરુદ્ધાચરણ કરના આરંભ કર દિયા હૈ. ગુદેમ તાલુકા કે રેસિડેન્ટ કે પત્ર સે જ્ઞાત હોતા હૈ કિ કતિપય વિદ્રોહિયોં ને ગત ૨૨ અગસ્ત કો ત્રિચનાપલ્લી થાને પર ચઢાઇ કી થી. ૨૩ કો ઉન લોગોં ને કૃષ્ણદેવ પેટા-થાને પર આક્રમણ કિયા. અપને સાથ વે લોગ ૨૫ બંદૂકેં ઔર ૧૬૦૦ ટોટા લૂટ લે ગયે. અભી તક કિસી ગ્રામવાસી કી હત્યા નહીં હુઇ. સરકાર કો સમાચાર મિલને પર ઉસને સશસ્ત્ર પુલિસ ઘટના સ્થલપર ભેજા હૈ."

એકમાત્ર ઉદ્દેશ્ય–સ્વરાજ્ય

ઇસ વિદ્રોહ કરને કા ઉદ્દેશ્ય સ્વરાજ્યપ્રાપ્તિ થા, ઇસકે ઔર ભી પ્રમાણ હૈં. અદાલત મેં ગવાહી દેતે હુએ સબ ઇન્સ્પેક્ટર મિ૦ જી. શ્રીનિવાસ રાવ ને સ્વીકાર કિયા થા કિ સ્વરાજ્ય હી રાજૂ કા આદર્શ થા. અન્યાન્ય ગવાહોં ને ભી યહી કહા થા કિ રાજૂને અપને પ્રધાન સહકર્મી ગામા ભ્રાતૃદ્વય કો સ્વરાજ્ય કી વાણી સુના કર હી ઉત્તેજિત કિયા થા. એકબાર વે ગોદાવરી કે અન્યવરમ નામક તીર્થસ્થાન પર ગયે. ઉન્હોંને ઉસ સ્થાન કે થાને મેં જા કર દેખા કિ ઉનકા નામ સુન કર પુલિસ પ્રાણભય સે વહાં સે પહલે હી ભાગ ગયી હૈ. ઉસ જગહ એક અસહયોગી કે સાથ ઉનકી મુલાકાત હુઇ. ઉન્હોંને ઉસ અસહયોગી કો અપની કાર્ય-પ્રણાલી કો જિસ પ્રકાર સમઝાયા થા ઉસકા વૃત્તાંત યહાં દિયા જાતા હૈ:—પ્રશ્ન:–ઇસ આન્દોલન મેં પ્રવૃત્ત હોને મેં આપકા કયા ઉદ્દેશ્ય હૈ? રાજૂ:–હમારી માતૃભૂમિ કી સ્વાધીનતા. પ્રશ્ન:–કિસ ઉપાય સે? રાજૂ:–નૌકરશાહી કે વિરુદ્ધ અસ્ત્ર ઉઠાયે બિના હમ સ્વરાજ્ય કિસી પ્રકાર પ્રાપ્ત નહીં કર સકતે. પ્રશ્ન:–આપ કયા વસ્તુતઃ વિશ્વાસ કરતે હૈં કિ આપ સ્વરાજ્ય પ્રાપ્ત કરને મેં સમર્થ હોંગે? રાજૂ:–નિશ્ચય, દો વર્ષ કે ભીતર હમ અવશ્ય સ્વરાજ્ય પ્રાપ્ત કરેંગે. પ્રશ્ન:–આપ કિસ પ્રકાર દો વર્ષ મેં સ્વરાજ્ય પ્રાપ્ત કરેંગે? કયા આપ અપની વર્તમાન નીતિ કા અવલંબન કર કે હી સફલતા પ્રાપ્ત કરેંગે? રાજૂ:–નિશ્ચય હી, ઇસમેં તનિક ભી

સંદેહ નહીં હૈ, હમેં આદમિયોં કા અભાવ નહીં હૈ કિંતુ અભાવ હૈ ગોલી-બારુદ કા. મૈં ઇસીકી ખોજ મેં હૂં.

ઇતને પર ભી કયા યહ કહા જા સકતા હૈ કિ "સ્વરાજ્ય" રાજૂ કા ઉદ્દેશ્ય નહીં થા ? કિંતુ ઇસ દેશ કી નોકરશાહીને યહ પ્રચાર કર રકખા થા કિ ગુદામ પહાડ કા "કૈસર" બન કર બૈઠના હી રાજૂ કા ઉદ્દેશ્ય હૈ. કયા યહ એક આશ્ચર્ય કી બાત નહીં હૈ, કિ ઇતને પ્રબલ બ્રિટિશ સામ્રાજ્ય કે વિરુદ્ધ એક પચીસ વર્ષ કે યુવક ને વિદ્રોહ ખડા કિયા ? યહ વિદ્રોહી સંગ્રામસ્થલ ઔર સમય કા નિર્દ્ધારણ કર કે બ્રિટિશ નૌકરશાહી કો યુદ્ધાર્થ આહ્‌વાન કરને લગા. ઉસકા ધનુષ હી થા ઉસકા એકમાત્ર અસ્ત્ર; અશિક્ષિત કોયા હી ઉસકે સિપાહી થે; પર્વત થા ઉસકા રણક્ષેત્ર ઔર ગિરિગુહાએં થી ઉસકા આશ્રયસ્થલ. ગ્રામવાસી સ્વેચ્છા સે જો દેતે થે ઔર શત્રુઓં સે લૂટ કર કે જો મિલતા થા વહી થા સેના કી રસદ. ઇસિ પ્રકાર કી અવસ્થા કે આદમી કે સાથ શક્તિશાલિની બ્રિટિશ સરકાર કો સંઘર્ષ કે લિયે મૈદાન મેં આના પડા; કિંતુ રાજૂ કો બહુતસી સુવિધાએં ઔર સુયોગ પ્રાપ્ત થે. પહાડી ભૂમિ, ઉસકી ટેડી મેઢી રાહેં એવં અજ્ઞાત ગિરિગુહાએં ભી ઉનકે કાર્ય મેં બહુત સહાયક થી. વહ અંચલ મૈલેરિયા-ગ્રસ્ત હોને કે કારણ ઉનકે શત્રુઓં કે લિયે ભીષણ પ્રતિબંધસ્વરૂપ થા. વે લોગ ઇસ પ્રકાર કે જલવાયુ સે અનભ્યસ્ત થે. સામરિક દૃષ્ટિ સે રાજૂ ને અનુકૂલ એવં ઉત્તમ યુદ્ધસ્થલ ચુના થા ઇસમેં તનિક ભી સંદેહ નહીં.

નૌકરશાહી વિપદ મેં

રાજૂ કે સાથ નોકરશાહી કે છ યુદ્ધ હુએ. ઇન યુદ્ધોં મેં પાંચ મેં રાજૂ કી વિજય હુઇ. અંગ્રેજોં ને માલવા કી ફૌજ વહાં બુલાયી થી એવં પીછે સે આસામ કી વિશેષ ફૌજ ભી બુલાની પડી. કઇ જગહોં મેં ભીષણ યુદ્ધ હુએ, પેદાવલોસા નામક સ્થાન મેં જો સંઘર્ષ હુઆ ઉસમેં સ્કાટ કાવાર્ડ ઔર હેટર નામક દો અંગ્રેજ અફ્સર મારે ગયે ઔર કિતને હી સિપાહી ઘાયલ હુએ. ઇસકે બાદ નિમ્નલિખિત સરકારી વક્તવ્ય પ્રકાશિત હુઆઃ—ગત ૨૪ તારીખ કો ૨ પુલિસ અફ્સર ૨૮ પુલિસમૈનોં કે સાથ મદ્રાસ કે ગુદેમ પર્વતપર વિદ્રોહિયોં કી તલાશ કો ગયે. રાસ્તે મેં અચાનક વિદ્રોહી ઉન પર ટૂટ પડે, જિસકે ફલસ્વરૂપ સ્કાટ

વાર્ડ ઔર હેટર નામક અફસર ઔર એક કાન્સ્ટેબલ નિહત હુએ. એક આદમી લાપતા હૈ. ૨૩ તારીખ કો ખબર આયી કિ વિદ્રોહી ઘાટ પહાડ કે આરંભ મેં અવસ્થિત સેપથન પાલેમ નામક સ્થાન કી ઓર અગ્રસર હો રહે હૈં. વહાં જાને કા પથ અત્યંત દુર્ગમ હૈ, બીચ બીચ મેં વહ ઇતના તંગ હો ગયા હૈ કિ દો આદમી બરાબર એક સાથ ચલ નહીં સકતે. પુલિસદલ જબ ઇસ પ્રકાર કે દુર્ગમ ઔર દુર્બોધ્ય પથ કી ઓર અગ્રસર હો રહા થા ઉસ સમય વિદ્રોહી આક્રમણ કરને કે લિયે માર્ગ કે ઉપર પહાડી જંગલ મેં છિપે થે. પહલે એક સાથ પાંચ પાંચ કાન્સ્ટેબલ આગે બઢને લગે. વિદ્રોહીયોં ને ઉન્હેં કિસી પ્રકાર કી બાધા નહીં દી. બાદ મેં જબ શેષ દલ વહાં પહુંચા તબ વે લોગ ઝાડિયોં સે નિકલ કર ઉન પર ગોલી ચલાને લગે. પુલિસ કે ઇન્સ્પેક્ટર જનરલ મિ. આર્મિટેજ ઔર સહકારી પુલિસ સુપ્રિન્ટેન્ડન્ટ મિ. કિંગ્સ પહાડ કે નીચે હી થે. ઇન લોગોં કો જબ વિદ્રોહિયોં કે ઇસ પ્રકાર કે આક્રમણ કા સમાચાર મિલા તબ ઈન લોગોં ને પુલિસ કે સહાયતાર્થ આગે બઢને કી ચેષ્ટા કી; કિંતુ વિદ્રોહીયોં કી અચૂક નિશાનબાજી ને ઇનકે પ્રયત્ન વ્યર્થ કિયે એવં વિફલ મનોરથ હો ઉનકો લૌટ આના પડા. ઇનકે દલમેં ભી એક કાન્સ્ટેબલ નિહત હુઆ. ઇસી બીચ મેં માલાવાર સે બહુ સંખ્યક સ્પેશલ પુલિસ બુલાઈ ગઇ. મદ્રાસ કે પુલિસ કમિશ્નર મિ. એ. જે. હૈપેલ ઇસ દલ કા નેતૃત્વ કરતે થે. સુના જાતા હૈ કિ આપ પહાડી અંચલોં કો વિષય મેં બહુત જાનકારી રખતે હૈં. ઇસ આશય કી સરકારી ઘોષણા કી ગયી કિ જો વિદ્રોહી સરદાર ઔર ઉનકે દો સહકારિયોં કો પકડા દે સકેગા ઉનકો ખૂબ ઇનામ દિયા જાયગા. શાન્તિ–સ્થાપનાર્થ મિટ્ટાદાર લોગોં કો બાધ્ય કિયા ગયા. વે લોગ ઇસી શર્ત પર જાગીર કા ઉપયોગ કર રહે હૈં, કિંતુ રાજૂ ને દેશ કે આદમિયોં કે હૃદય મેં ઘર કર લિયા થા, સરકાર કી પુરસ્કાર ઘોષણા કા કુછ ભી પ્રભાવ ન હુઆ. રાજૂ ઔર ગામા ભ્રાતૃદ્વય કો પકડાને કો કોઇ ભી પ્રસ્તુત નહીં હુઆ. ઇસકા કારણ તત્કાલિન સમાચારપત્રોં કે નિમ્નલિખિત પ્રકાશિત સંવાદ સે જાના જાતા હૈઃ—" યહ પહલે લિખા જા ચૂકા હૈ કિ એજંસી તાલુકા મેં કિસી કિસી જગહ મેં ૨–૩ થાના લૂટ લિયે ગયે હૈં. અબ માલૂમ હુઆ હૈ કિ ઇન લૂટનેવાલોં મેં હજારોં આદમી

શામિલ હૈં. ઉનકા સરદાર પચીસ વર્ષ કા એક અત્યંત સાત્વિક પ્રકૃતિ કા ક્ષત્રિય બાલક હૈ. ઇસકા અપને આદમિયોં કો આદેશ હૈ કિ કિસી આદમી કે ઉપર અત્યાચાર ન કિયા જાય. ઉનકા ઇસ બાત કા સખ્ત હુકમ હૈ કિ વે કભી મદિરા ઔર સ્ત્રી કા સ્પર્શ ભી ન કરેં. લોગોં કો વિશ્વાસ હૈ કિ યહ ક્ષત્રિય સરદાર દૈવી શક્તિસંપન્ન હૈ ઔર ઉસ પર ગોલી કી અસર નહીં હો સકતી. ઉસકી અદ્ભુત શક્તિ કે ઉપર સબ એકમત હૈં."

પાઠકોં કો વિદિત હોગા કિ કુછ દિન પહલે મદ્રાસ કે ગુદેમ પર્વત કે વિદ્રોહિયોં ને કિતને હી પુલિસ અફસરોં કો માર ડાલા હૈ. વે અબતક નહીં પકડે ગયે. સરકાર ઉનકો સજા દેને કા વિશેષ આયોજન કર રહી હૈ, કિંતુ સ્થાનીય નિવાસિયોં સે કિસી તરહ કી સહાયતા નહીં મિલતી ઇસ લિયે ઉન પર વિશેષ કડાઈ કી જાયગી. એક મુદ્દાદાર (જમીંદાર) કી જમીન જપ્ત કર લી ગયી હૈ; ક્યોંકિ ઉનકો જમીન ઇસ લિયે દી ગયી થી કિ અશાંતિ કે સમય વે સરકાર કી સહાયતા કરેંગે. ઉક્ત જમીંદાર અપની પૂર્વપ્રતિજ્ઞાપાલન મેં અસમર્થ હૈં ઇસ લિયે ઉનકો યહ દંડ દિયા ગયા હૈ. અન્યાન્ય જમીંદારોં પર ભી નોટિસ જારી કી ગયી હૈ." ૧૯૨૧ સાલ કે અક્તૂબર મહીને મેં નિમ્ન સમાચાર-પત્ર મેં નિમ્નલિખિત સંવાદ પ્રકાશિત હુઆ થાઃ—"મદ્રાસ એજંસી તાલૂકા કી પહાડી જાતિયોં કા વિદ્રોહ અભી ભી શાંત નહીં હુઆ. ટની કે નિકટવર્તી અનેક સ્થાનોં કે થાનોં કો લૂંટકર વિદ્રોહી અસ્ત્રશસ્ત્ર સબ ઉઠા લે ગયે. યહ વિદ્રોહ દિનપ્રતિદિન ભીષણ રૂપ પકડતા જા રહા હૈ. પૂર્વપ્રકાશિત તીન થાનોં કે સિવા ઔર એક થાના લૂંટ લિયા ગયા હૈ. વિદ્રોહિયોં કે દલ મેં હજારોં આદમી હૈં.

અંતિમ યુદ્ધ

એક બાર સરકારી સેના ને અચાનક રાજૂ કે નિદ્રિત દલ પર આક્રમણ કિયા. રાજૂ ને બડી વીરતા કે સાથ ઘોર યુદ્ધ કિયા, ભીષણ સંગ્રામ હુઆ. અંત મેં રાજૂ કા દલ પરાજિત હુઆ. ઇસી સમય સે રાજૂ કે સ્વાધીનતાસંગ્રામ કા અવસાન હુઆ. અગસ્ત ૧૯૨૨ ઈસ્વી સે મઈ ૧૯૨૪ તક દો સાલ યહ સંગ્રામ હુઆ.

કિંતુ ઈસ યુદ્ધ કે બાદ રાજૂ કા ક્યા હુઆ? વે પકડે ગયે થે યા ગોલી સે માર ડાલે ગયે થે કુછ પતા નહીં ચલતા. ઈસ

સમય વે જીવિત હૈ યા નહીં ઇસ સંબંધ મેં સરકાર કી જો વિજ્ઞપ્તિ નિકલી હૈ ઉસસે કુછ સ્પષ્ટ નહીં હોતા. આપકી મૃત્યુ કી બાત એક ગંભીર રહસ્ય હૈ. મઇ ૧૯૨૪ મેં સરકાર ને ઇસ આશય કી એક વિજ્ઞપ્તિ નિકાલી કિ રાજૂ પકડે ગયે થે. ભાગને કી ચેષ્ટા કરતે સમય ગોલીસે માર દિયે ગયે. ઇસ સંબંધ મેં સરકારી પુલિસરિપોર્ટ મેં મતભેદ હૈ.

પુલિસ કી રિપોર્ટ

"ગત છ મઇ કો વિદ્રોહિયોં ને પુલિસ કે ઉપર ગોલી ચલાયી થી. શ્રીરામ રાજૂ ઉસ સમય વહાં ઉપસ્થિત થે; કિંતુ વે ભાગ ગયે. દૂસરે દિન સબેરે પૂર્વ ગોદાવરી કી સ્પેશિયલ પુલિસ કા એક દલ જમાદાર કુંચૂ મેનન કી અધીનતા મેં દરોગા અલ્વર નાઇડૂ કે સાથ ગશ્ત મેં નિકલા થા. રાસ્તે મેં રાજૂ કો દેખ કર ઇસિ દલ ને ઉન પર આક્રમણ કર કે ગિરફ્તાર કર લિયા. ઉનકો કોપૂર લે જાયા ગયા, વહાં ભાગને કી ચેષ્ટા કરને પર ગોલિ સે માર દિયે ગયે."

સરકારી વિજ્ઞપ્તિ

"છ મઇ કે સંઘર્ષ કે બાદ શ્રીરામ રાજૂ કે સહકર્મી શ્રી સત્યનારાયણરાજ ગિરફ્તાર કર લિયે ગયે ઇસ સંઘર્ષ સ્થલ પર શ્રીરામ રાજૂ ભી ઉપસ્થિત થે. દૂસરે દિન વે ગિરફ્તાર કિયે ગયે." દો વર્ણનોં મેં કિતની ભિન્નતા હૈ? સરકારી વિજ્ઞપ્તિ મેં મારે જાનેકી કોઈ બાત હી નહીં હૈ. આન્ધ્રનિવાસિયોં કા સબકા યહ દૃઢ વિશ્વાસ હૈ કિ શ્રીરામ રાજૂ ગોલીસે નહીં મારે ગયે. ગોલી સે મારે જાનેવાલે ઔર હી કોઇ હૈ. સરકાર ને જો ચિત્ર નિકાલા થા ઉસમેં સ્પષ્ટ દિખાયી પડતા હૈ કિ ગોલી છાતી પર લગી હુઇ થી. પ્રાણભય સે ભાગનેવાલે વ્યક્તિ કી પીઠ મેં ગોલી લગના સ્વાભાવિક હૈ. છાતી પર ગોલી કિસ પ્રકાર લગી? આન્ધ્ર પ્રદેશ કે કિતને હી રાજનૈતિક સંમેલનોં મેં સરકારી વિજ્ઞપ્તિ કે વિષય મેં તીવ્ર આલોચના ઔર કડે કડે પ્રશ્ન કિયે ગયે હૈં; કિંતુ સરકાર અબ તક કોઇ ઉત્તર દેને મેં સમર્થ નહીં હુઇ. સંભવતઃ સરકાર કે પાસ કોઈ જવાબ હી નહીં હૈ. રાજૂ ને યદિ ગોલી ખા પ્રાણ ભી દિયે હોં તો વે છાતીપર વાર લે કર વીર કી તરહ વીરગતિ કો પ્રાપ્ત હુએ હૈં. પીઠ મેં અસ્ત્રચિહ્ન લેને કી કલંકકાલિમા ઉનકો છૂ નહીં સકી; ઔર અગર આજ ભી વે જીવિત હૈં. તો નૌકર-

શાહી કી ખુફિયા પુલિસ કી કરામાત કિતની હૈ સ્પષ્ટ દિખા રહે હૈ; એવં અપને ગુપ્ત આશ્રયસ્થાન સે આજ ભી અપની શક્તિ કા પરિચય દે રહે હૈ. જો કુછ ભી હો રાજૂ કા સ્વદેશપ્રેમ ભારત કે ભાવી ઈતિહાસ મેં સ્વર્ણાક્ષરોં સે લિખા જાયગા એવં આન્ધ્ર પ્રદેશ કે અધિવાસી ગર્વ કે સાથ ચિરકાલ રાજૂ કા નામસ્મરણ કરેંગે.

('વિશ્વમિત્ર' ના એક અંકમાંથી)

૪૭–લોકકવિ પ્રેમાનંદ

(લેખકઃ–શ્રી. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.)

લગભગ ત્રણસો ને પાંચ વર્ષ પર જન્મેલા અને સવાબસો વર્ષ અગાઉ અવસાન પામેલા, ભાષાભક્ત, ગુર્જરી પુત્રરત્ન, મહાકવિ પ્રેમાનંદને આજે આપણે શ્રદ્ધાંજલિ સમર્પીએ છીએ.

માતા ગુર્જરીની એકનિષ્ઠ સેવા

એ લોકકવિ ખરેખર લોકહૃદયની પૂરી પારખ કરનારો કવિ હતો. તે જનસમૂહના હૃદયમાંના ભાવો, ભાવનાઓ, ઊર્મિઓ, લાગણીઓ વગેરેને યથાસ્થિત સમજનારો તથા એ સૌનાં પ્રતિબિંબો પોતાનાં કાવ્યો–આખ્યાનોમાં આબાદ ઉતારનારો જનકવિ હતો. ખરેખર એ પ્રેમ, નેમ અને આનંદની રસમૂર્તિ હતો. પોતાની સો વર્ષની આયુષ્યઅવધિમાં તેણે માતા ગુર્જરીની તેમજ પોતાના જન-બંધુઓની સાચી અને ઊંચા પ્રકારની સેવા કરી છે. આર્યાવર્તના તે સમયના થયેલા સારસ્વતસત્રોમાં તેણે અન્ય ભાષાભગિનીઓના જેટલીજ ઉન્નત સ્થિતિએ, સમોવડી પદવીએ માતા ગુર્જરીને સ્થાપી છે અને પૂજાવી પણ છે.

એક રીતે કહીએ તો તેણે હરિ અને સંતોનાં ગાન ગાવામાં અને પોતાના જનબંધુઓને સંસારવ્યવહારની વસમી અને વિષાણુ આંટીઘૂંટીઓમાંથી કેમ પાર નીકળવું, શોકસંતાપને દૂર કરી પ્રાપ્તસ્થિતિમાં સુખ અને સંતોષથી જીવન કેમ વિતાવવું, રસભર ઉલ્લાસમય જીવન ઊલટથી કેમ નિર્ગમવું, એ સારી રીતે દાખવ્યું છે. તેણે કોઇ શ્રીમંત કે શ્રેષ્ઠીની ખુશામત કરી નથી; ઊલટું તેવાનાં કીર્તિગાન ભાટાઇભેર ગાવાનું તેણે વખોડ્યું–તજ્યું છે અને એવી પ્રવૃત્તિથી પોતાની કાવ્યશક્તિને તેણે હીણપદે ઉતારી નથી.

કવિનો મનોરથ

લોકકવિ પ્રેમાનંદે બેશક અદ્ભુત અને અવનવી લોકપ્રિયતા, ચિરંજીવિતા અને સુધન્યતા પ્રાપ્ત કરી છે. તેણે પોતાનાં સોહામણાં આખ્યાનો ઉપર આખ્યાનોની ભેટ સરસ્વતીને ચરણે ધરી છે, તે દ્વારા જનબંધુઓને પ્રેમ અને આનંદની રેલંછેલભરી રસલ્હાણો લેવરાવી છે. તેનો પોતાનો ઉચ્ચ અને શુદ્ધ મનોરથ આ હતોઃ–

અંબિકા દંભિકાને સંહાર,
ભક્તિ વિપ્રની ધ્યાને ધાર.
નથી અર્થ કાજે ઉદ્યોગ,
કરવો પ્રાકૃતસંસ્કૃતનો સંયોગ.
મોટું કામ લીધું મેં માથે,
જાણી મૂઢમતિ સાહો હાથે.
પૂર્ણ પ્રતિજ્ઞા માત! કરાવો,
આઇ! તારો તો આ દ્વિજ કહાવો.
લોક લાડીલો કહેતા આવે,
સરસ્વતી ઉપાસક કહાવે.
એવું વેણુ કરાવો મા સત્ય,
માગું અલ્પમતિ મહામત્ય.

કવિની લોકપ્રિયતા

આવા ઉન્નત ભાવનાશાળી, નિર્દંભ સરસ્વતીપુત્ર મહાકવિએ પોતાના જીવનની અર્ધી સદી આખ્યાનાદિ રચવામાં, ભાવિક જનસમૂહો આગળ રસભેર, જુસ્સાભેર પ્રસંગેપ્રસંગે ગાવામાં અને તે દ્વારા સર્વ દેશવિદેશમાં ગુર્જરગિરાને સોહામણી કરી કૃતકૃત્ય થવામાં ગાળી છે. તેમ તે જમાનાનાજ સંસ્કારી જનોજ નહિ, પરંતુ તેને થઇ ગયાને સવાબસો વર્ષ થવા છતાં સાંપ્રત સમયના સંસ્કારી, સદ્ભાવી સજ્જનો પણ પાશ્ચાત્યાદિ અભિનવ શિક્ષણ અને સંસ્કૃતિઓના પાશ લાગવા છતાં, અભિનવ કવિતાની ભાવના બદલાવા છતાં, હજી તેનાં આખ્યાનો ઊલટભેર ગાઈ તેની કદર કરી રહ્યા છે, સ્મરી શ્રાદ્ધાંજલિ આપી રહ્યા છે. અત્યારે પણ ગુજરાતી જનતા પર્વેસુપર્વે, ઉત્સવોએ અને પ્રસંગોએ, વારોએ અને તહેવારોએ તેનાં કોઇ ને કોઇ આખ્યાનો ભાવભેર ગાઇ આનંદ અનુભવે છે તેમ અનુભવાવે પણ છે. આ મહાકવિ પ્રેમાનંદના પ્રસાદ અને ઓજસ, પ્રવાહ, માધુર્ય આદિ અનેક કાવ્ય-

ગુણોથી શોભતાં, લોકહૃદયને આલેખતાં આખ્યાનો અવરનવર સંસ્કારી જનતા ગાઇ, પોતાના હૃદયના શોકભાર ઓછા કરે છે, ગ્લાનિ અને સંતાપને વેગળાં કરે છે, વિષાદ અને નિરુત્સાહને ફગાવી દે છે અને પાછા વ્યવહારમાં પરોવાઇ રસભર જીવન જીવે છે.

ખરેખર, પ્રેમાનંદ અને તેના શિષ્યવૃંદે તેમ તેના સમકાલીન કવિબંધુઓએ સાચું લોકકવિપદ પ્રાપ્ત કર્યું હતું અને સાચી લોકસેવા આદરી હતી. તેમણે પોતાના જમાનાની જનતાનાં હૃદયોમાં રમી રહેલી વિવિધ વૃત્તિઓ અને રુચિઓ, આનંદ અને પ્રમોદની ભાવનાઓ, શોક, વિષાદ અને ગ્લાનિની છાયાઓનાં પ્રતિબિંબો પાડી, તેમના જીવનઉલ્લાસો ખીલવ્યા, પમરાવ્યા હતા અને ધર્મપરાયણ, વ્યવહારપરાયણ, નીતિપરાયણ કરી સાચે માર્ગે વાળ્યા હતા.

ચાર મહાકવિઓ અને તેમનાં કાર્યો

કવિ એટલે સુજ્ઞ, ઉન્નતભાવનાશીલ મહાવ્યક્તિ. જનસમૂહના અવનત પ્રવાહમાં ન તણાતી, પણ ઊલટું તેમને ઉન્નત પ્રવાહે વાળતી મહાવ્યક્તિ. તેમનામાં જીવનની મહત્ત્વાકાંક્ષા પ્રેરતી અને પોષતી રસમૂર્તિ. જાણે પોતાના જમાનાની અનધનતામાં સબડતા જનસમૂહોને સારા સંસ્કારવાન કરવાનું વ્રત લીધું હોય, જાણે પોતાનું એ કર્તવ્ય ઉન્નત રીતે પાર પાડવું હોય, તેમ એ કાળના ચાર મહાકવિઓએ ચાર દિશાનું સમાજોન્નતિ કરનારું કર્તવ્ય પોતપોતાની વિશિષ્ટ કાવ્ય રીતિએ આદર્યું હતું અને જાણે પરસ્પર સ્પર્ધામાં ઊતરી, ગુર્જરીની સેવાજ કરવી હોય તેમ પોતાની કાવ્યશક્તિને તેમણે પાંગરાવી-પમરાવી હતી. એ ચાર લોકકવિ તે સોનાર અખા ભક્ત, પ્રેમ અને આનંદની મૂર્તિ વિપ્ર પ્રેમાનંદ, વ્યવહારકુશળ વાર્તાકાર કવિ ભટ્ટ શામળ અને આર્દ્રહૃદયી શક્તિભક્ત વલ્લભ મેવાડો.

તત્કાલીન રાજકીય સ્થિતિ

એ સમયની રાજકીય સ્થિતિ તદ્દન અશાંત અને નીરસતા, અધીરતા તથા નિરુત્સાહને જમાવે તેવી વિષમ ઉકળાટભરી હતી. મોગલ બાદશાહ શાહજહાંના પુત્રોએ ટોટાપીસીના ખેલ ખેલી મોગલાઇના પાયા ડડળાવ્યા હતા. આલમગીર, ઔરંગજેબનો આફતાબ અસ્ત પામતો હતો. રજપૂતો અને મોગલ સૂબાઓ બંડખોર બન્યા હતા. સ્વરાજ્યવાંચ્છુ શિવાજી મહારાજના

વંશજોએ પોતાની રાજ્યધુરા પેશ્વાને સોંપી હતી અને સત્તાકાંક્ષી મરાઠી શાહીના સૂબા પેશ્વા, હોલકર, સિંધિયા, ભોંસલે, ગાયકવાડ પરસ્પર આથડીબાખડી એક પાસથી ગુજરાતને લૂંટતા હતા, તેમ બીજી પાસેથી મારવાડી રજપૂતો અને પોતાની ગાદી અને હકૂમતો સ્થાપવા ઇચ્છતા મુસ્લિમ સૂબાઓ અને નવાબો બંડબખેડા ખેડતા હતા. આમ બન્ને બાજુઓથી, ઉત્તર અને દક્ષિણ હિંદ વચ્ચે ગુજરાત ભીંસાતું અને દળાતું હતું; તેમાં મરાઠી સેનાપતિઓ તો સરદેશમુખી, ઘાસદાણો વગેરે કરોનાં ઉઘરાણાં ઉઘરાવતા ત્રાહિ ત્રાહિ પોકરાવી કાળો કેર વર્તાવી રહ્યા હતા.

દુષ્કાળ અને લોકસંતાપ

આમ જેમ રાજકીય પરિસ્થિતિ સંતાપકારક હતી, તેમ બીજી પાસથી ચાળીસો, પંચોતરો, ચોરાશિયો, દુકાળ પર દુકાળ પોતાની ભીષણતાના પરચા બતાવી રહ્યા હતા, ગામો અને શહેરોને ઉથાપી રહ્યા હતા. સામાજિક પરિસ્થિતિ પણ ઘણીજ સખળડખળ થઇ હતી. ગુજરાતના લોકસમાજો નાના નાના વાડા બાંધી, મહાજનો અને સંઘોમાં વહેંચાઇ, જીવનની અનઘનતા વેઠતા હતા. રસ અને ઉલ્લાસને વીસરતા જતા હતા. સાથે સાથે ધાર્મિક સ્થિતિ પણ પલટાઓ લેતી હતી. ચોમાસાના વાંદરાના ટોપની પેઠે નાના નાના પંથો, મતો, સંપ્રદાયો પોતપોતાનાં થાણાં નાખી, પ્રભાવ જમાવી રહ્યા હતા. અનેક સંતો–મહંતો, આચાર્યો, પુરાણીઓ, પોતપોતાના વલણે જનસમૂહોને વાળી રહ્યા હતા. તેમ તેમ પરધર્મીઓ પણ વટાળની જબરદસ્તી કરવામાં પાછી પાની કરતા ન હતા.

લોકસમૂહમાં પુનઃ ઉલ્લાસ

આવા અનઘન અને વિષમ સમયમાં લોકકવિ પ્રેમાનંદ પોતાના શિષ્યવૃંદો સાથે બહાર તરી આવ્યો અને ગુર્જર જનસમૂહોને પુનઃ ઉલ્લાસવંતા, રસવંતા કરવાને આખ્યાન આદિની ઝડી પર ઝડી વરસાવવા લાગ્યો. જ્યારે અમદાવાદ બાજુ સોનાર અખાએ પ્રવર્તી રહેલાં પાખંડો ને દંભોના પડદાઓ ચીર્યા; સંતો, મહંતો, આચાર્યો, સાધુઓનાં દુષિત અને દુષ્ટ વર્તનોને ષટ્પદીરૂપી ચાબુકો અને ચાબખાઓની રમઝટ–મારઝૂડ લગાવી ખુલ્લાં પાડયાં; ત્યારે વડોદરા, સુરત અને નંદરબાર બાજુ લોકલાડીલા સરસ્વતીભક્ત પ્રેમાનંદે દેવકથાઓ અને ધર્મરહસ્યનાં નિરૂપણો સુરસ

લોકાનુરંજી વાણીમાં નિરૂપ્યાં; મહાભારત–રામાયણ–ભાગવત આદિ પુરાણોનાં પાત્રોને માનવભાવ–માનવસંસાર અને માનવ-વ્યવહાર અનુભવતાં દાખવી, ઘર ઘર જાણીતાં કર્યાં. તેમ માતર, મહુધા બાજુ આખાબોલા, શ્રીગોડ માળવી, રંગીલા, વ્યવહારકુશળ કવિ શામળે સંસ્કૃતપ્રાકૃત ભાષાસાહિત્યનાં કથાનકોનાં મર્મોને પચાવી, નીતિ, ધર્મ અને સદ્‌ગુણોને વર્ણવતી વાર્તાઓ પર વાર્તાઓ રચી શ્રમજીવી ધંધાદારીજનોને રીઝવ્યા. એજ રીતે ચુંવાળ બાજુ શક્તિભક્ત વલ્લભ મેવાડાએ વિપરીત કાળબળના હૃદયભેદક ઉદ્‌ગારો માતા સરસ્વતી સમક્ષ કાઢયા; રસહીન થતા જતા, અનીતિ–દુષ્ટતા–આદિના કાદવથી મલીન થતા જતા, લોકજીવનના ચિતારનું સચોટ ઠોકબંધ ભાન કરાવતા ગરબા, ગરબીઓદ્વારા ચીતર્યાં અને હૃદયના ઊંડાણુમાંથી પ્રકાશ માગતાં શક્તિને પ્રાર્થી, પોતાના પામર જનસમૂહોને સત્‌પંથે વાળવા પ્રબોધ્યા અને ભાનભૂલા આત્માઓને બળતા હૃદયના ઉદ્‌ગારોથી સચેત–સતેજ–કર્યા.

આવી ઉજમાળી કાવ્યપ્રવૃત્તિ શું પ્રેમાનંદ આદિ કવિઓની ભાષાભક્તિ અને જનસમૂહોને ઉન્નત સ્થિતિએ લાવવાની સદ્‌વૃત્તિને પ્રતિપાદન કરતી નથી? કરે છેજ. મહાકવિ પ્રેમાનંદની એ રસભર કૃતિઓ, તેનું લોકભાષાભિમાન સિદ્ધ કરતી નથી? કરેજ છે, એમ કહ્યા વિના રહેવાય તેમ નથી.

વડોદરા અને નંદરબારની કવિની પ્રવૃત્તિ

પ્રેમાનંદે આરંભમાં વડોદરામાં રહી પૂર્વાશ્રમી નાગર ગુરુ સ્વામી રામચરણના પ્રતાપે કાવ્યશક્તિ પ્રાપ્ત કરી અને માતા ગુર્જરીને સોહાવવાની પ્રતિજ્ઞા લીધી. સંવત ૧૭૨૦ થી ૧૭૨૭ સુધીમાં ચંદ્રહાસ આદિ રસોજ્જ્વળ આખ્યાનો રચ્યાં. પછી અઠ્ઠાવીસિયો (૧૭૨૮) આકરો દુકાળ પડ્યો, કે જેનો પોતે ઋષ્યશૃંગ આખ્યાનમાં આબેહૂબ પડઘો પાડ્યો છે. એ દુકાળ પડતાં તેના સંતાપથી સંતપ્ત થઈ, વડોદરા છોડી, સૂરત અને નંદરબાર તરફ આંટાફેરી આદરી, તેણે નરસિંહ મહેતાની હૂંડી, વરસાદને લાવનાર ઋષિ શૃંગીનું આખ્યાન, વિરહી રાજા નળનું આખ્યાન, અષ્ટાવક્ર આખ્યાન, દ્રૌપદીહરણ, આદિ એક એકથી ચડિયાતી રસભર અને ચમત્કૃતિ ભરેલી કૃતિઓ રચી. પછી પાછા વડોદરે આવી, તેમ વચ્ચે વચ્ચે સૂરત, નંદરબારની આંટાફેરી કરી, અનેક કાવ્યો રચવામાં

જીવન નિર્ગમ્યું. દરમ્યાન તેના શિષ્યો પણ ગુરુના વ્રતને પોષી જ્વલંત કરવામાં પાછા પડ્યા ન હતા. પંડિત રત્નેશ્વર, કવિ વીરજી, ફાંકડો વલ્લભ, એ મહારથીઓ કેડ કસીને પોતાના મોરચા જમાવી, પ્રતાપ પાડી રહ્યા હતા અને વિવિધ જાતિભાતિનાં આખ્યાનો રચી જનતાને રસાર્દ્ર કરી રહ્યા હતા. તેઓ ખરેખરા સ્વાનુભવરસિક કવિઓ હતા. તેમની સર્વાનુભવરસિક કૃતિઓમાં તેમના સ્વાનુભવો પ્રતિબિંબિત થયેલા છે. તેઓ સર્વાત્મભાવી હતા, તેમ તેમની કૃતિઓનો પડઘો પુરવાર કરે છે.

ચમત્કારિક આખ્યાનો

પ્રેમાનંદ ખરેખર રસજ્ઞ અને શક્તિશાળી લોકકવિ હતા. "તાક્યું તીર મારનાર" કવિ પ્રેમાનંદ હતો, એમ જે સહૃદયી વિવેચકો કહે છે, એ ખરું છે. તેની રસ જમાવવાની કળા તેમજ એક રસમાંથી બીજા રસમાં ઊતરવાની તેની ચતુરાઇ પણ ઊંચા પ્રકારની હતી. તેનાં આખ્યાનો ધાર્યો રસ જમાવતાં. વાચકોના હૃદયમાં જાણે તેમના પોતાના ભાવો, પોતાની ઊર્મિઓ, પોતાના મનોરથો, પોતાના શોકસંતાપોનાં પ્રતિબિંબો નજર આગળ તરવરતાં હોય, એવી છાયા એ આખ્યાનો જમાવતાં હતાં. વર્ણ્ય-પાત્રોનાં ચિત્રો (મૂર્તિઓ) જાણે જીવંત હોય તેમ ખડાં કરતાં હતાં. એવી અદ્‌ભુત અને ચમત્કારિક ખૂબીવાળાં એ આખ્યાનો હતાં. સુદામાચરિત્ર, રણયજ્ઞ, ઓખાહરણ, અભિમન્યુ આખ્યાન, ચંદ્રહાસ આખ્યાન, મદાલસા આખ્યાન, દશમસ્કંધ, ભાગવત વગેરે એનાં ઉજ્જવળ દૃષ્ટાંતો છે.

પુરાણીઓની સતામણી

પ્રેમાનંદના આ મહત્‌કાર્યમાં વિઘ્નો નાખનારા દ્વેષીલા, સ્થાપિત હિત ધરાવતા કેટલાક લોકો પણ હતા. પુરાણકથાઓ લહેકારી લહેકારીને કહેનારા, ફાવે તેમ મીઠુંમરચું ભભરાવી હાંકયે રાખનારા, પોતાની નિર્વાહવૃત્તિ ઉપરજ બહુ ધ્યાન સેવનારા, શ્રોતાઓને ભમાવનારા, "બુલબુલા" પુરાણીઓ તેમજ શાસ્ત્રીઓએ પ્રેમાનંદને સતાવવામાં, કનડગત કરવામાં, કાંઈ બાકી રાખી ન હતી. જેમ ભાલણને પુરાણીઓએ સતાવ્યો હતો, તેમ પ્રેમાનંદને પણ, તેમજ તેથી વિશેષ પ્રમાણમાં તેના શિષ્ય રત્નેશ્વરને સતાવવામાં, સંતાપવામાં પુરાણીઓએ કાંઈ બાકી રાખી ન હતી.

પુરાણીઓની નિંદા

પરંતુ વ્યવહારચકોર, ઉન્નત મનોરથવાન પ્રેમાનંદ તેમનાથી કોઈ રીતે આંજ્યોગાંજ્યો જાય તેમ ન હતો; ઊલટું સર્વ વાતે પૂરો પડે તેવો હતો. પ્રેમાનંદે પંડિતોરૂપી રાજસિક સત્ત્વોને અને પુરાણીઓ જેવા તામસિક પ્રાણીઓને ઉઘાડા પાડવામાં, તેમની પ્રવૃત્તિઓનાં પોલાણ અને દંભો ખુલ્લાં કરવામાં અને પોતાની ઉન્નત હેતુવાળી કાવ્યપ્રવૃત્તિ તેમજ ઊંડી ભાષાભક્તિથી તેમને મૂંગા કરવામાં કશી કમી રાખી ન હતી. પ્રેમાનંદે તેમના ઢોંગ, નિંદકવૃત્તિ, મૂર્ખાઈ અને છેતરપિંડીની રમતો ઠોકી ઠોકીને ખુલ્લી કરી અને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વિવિધ રીતે તેમની પચ્ચીસી ઉડાવી હતી. મુખ્યત્વે માર્કંડેય પુરાણમાં પુરાણીઓને તેણે ઉધડા લીધા છે; જો કે ભાગવત, ઋષ્યશૃંગાખ્યાન આદિમાં પણ તેમને તેણે છોડ્યા તો નથીજ. પ્રેમાનંદ સાચો હરિભક્ત હોઇ તેને આ નિંદાકાર્ય ઘણુંજ ખૂંચ્યું, સાલ્યું પણ ખરું; તેમજ પોતાના પૂર્વાશ્રમના નાગરગુરુ સ્વામી રામચરણે તેના "નાગરનિંદા"ના ગ્રંથને ફાડી નાખી નિંદાપુરાણની પ્રવૃત્તિને નહિં આદરવાનો આપેલો બોધ સાલ્યો છે; છતાં પોતાને શા માટે આવી નિંદા કરવી પડી. તે વિષે તે ખુલ્લા મનથી કહે છે:—

> નથી કવિ, રવિશા નિંદા કહીએ, આ શું ટીખળ તૂત,
> જુઠ્ઠાબોલા જોઇ પુરાણી, કે વેદાંતી શાસ્ત્રી અજાણ,
> સ્વભાપાવર્ધક નિંદકનો, કાઢ્યો છે મેં કચ્ચરઘાણ.
> શીખ્યા થોડું કરી કહે મોટું, એવાનાં મેં કાપ્યાં નાક,
> નાસ્તિકજનનું નામ ન રાખ્યું–વજાડી નિગમ ગર્મની હાક.

વળી તે બીજે સ્થળે કહે છે કે:–

> પુરાણી પશ્ચાત્તાપ કરતા, દ્વિજ પામતો આનંદ,
> હાવાં ઉભય એ પરવારિયાં, આપણ એક છે સ્વચ્છંદ,
> નિંદકજન કદી નવ થાવું, એમ ગુરુએ કર્યો ઉપદેશ,
> કિંતુ મૂઢમતિને હૃદય કેમ તે, સ્થિર રહે લવલેશ.

પ્રેમાનંદનાં નાટકો

આમ સર્વ રીતે માતા ગુર્જરીને સમૃદ્ધિવંતી, સૌંદર્યવંતી કરવાના કોડ સેવતો કવિ પ્રેમાનંદ નાટક લખવા પ્રેરાય અને નાટ્યકળા દાખવતાં નાટકો રચે, એ સર્વથા સંભવિત અને શક્ય છે. તેનાં ત્રણ નાટકો પ્રકટ થયેલાં છે; પરંતુ રસાલંકારના ગ્રંથો,

સંસ્કૃત કાવ્યો, મહાકાવ્યો અને નાટકો, ભારત, રામાયણ, પુરાણો આદિથી સુપરિચિત પ્રેમાનંદ નાટકો લખી શકે નહિ અને પ્રગટ થયેલાં નાટકો તેનાં નથી, એવો વાદ ઊભો થયેલો છે. તેના લોકસન્માન્ય આખ્યાનોમાંના છંદો, વૃત્તોની ચાલો, તેનામાં વૃત્તબંધ કવિતા લખવાની શક્તિનો સુપરિચય કરાવે છે; છતાં નાટકોમાં વૃત્તબંધ શ્લોકો રચવાની તેનામાં શક્તિ ન હતી, એમ કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા ઘણા મુદ્દાઓ, નાટકો તેનાં ન હોવાનાં કારણોમાં રજૂ થયા છે. હું એ વિખવાદોમાં અહીં ઊતરવા માગતો નથી, તેમ આ પ્રસંગ તેને અનુકૂળ નથી. માત્ર અહીં મારે તેના વિરોધીઓને એટલોજ સવાલ કરવાનો કે એ નાટકો પ્રેમાનંદનાં નથી, તો બીજા કોનાં છે? એવા તે કયા મહારથી નાટકકર્તાનાં છે? અને છે તો તેઓ તે કેમ સિદ્ધ કરતા નથી? શા માટે મોં સંતાડી શાહમૃગી જીવન જીવવું પસંદ કરે છે? શા માટે એ નાટકો પ્રગટ થયાંને ૫૦–૫૦ વર્ષ થવા આવ્યાં છતાં, આટઆટલો ઊહાપોહ અને આહ્વાનો થવા છતાં, મૂળ પ્રાચીન કાવ્યમાળાની યોજના જમીનદોસ્ત થયા છતાં, પ્રેમાનંદને નામે નાટક લખનારા એ શિબિરાજાઓ અને દધીચિ મુનિઓ પોતાનું કર્તૃત્વ સિદ્ધ કરવા બહાર પડતા નથી? જેમને નામે એ આરોપિત થતાં હતાં એ બે વ્યક્તિઓ "અમારાં એ નથી, પ્રેમાનંદનાં છે" એમ પોકારતી કૈલાસગમન કરી ગઇ છે.

આમ માતા ગુર્જરીની કૂખ અને દૂધને દીપાવનાર સૈકા ઉપર સૈકા થવા છતાં ઊંચી પ્રતિભાશાળી રસભર કૃતિઓથી ચિરંજીવતા, સુધન્યતા પ્રાપ્ત કરનાર લોકકવિ પ્રેમાનંદને આપણાં સાભાર નમન છે, વંદન છે.

અંતે તેમનીજ વાણીમાં આપણે પ્રભુને પ્રાર્થીશું કે:—

ભાષા ગુર્જરી આર્યાવર્ત અખિલે, ફેલાય ફાલી ઘણી,
સર્વે દેશવિદેશ ગુર્જરગિરા, સોહાય સોહામણી;
વાણી સંસ્કૃત મૃત્યુપ્રાય થઇ છે, આ થાય શિરોમણી,
અર્પો તો પ્રભુ એજ અર્પણ કરો, એ આશ પ્રેમીતણી.

४८–दिवान 'हरदौल' जू

(લેખકઃ–રાયબહાદૂર પં૦ શ્યામબિહારી મિશ્ર, એમ. એ.)

ઓરછા રાજ્ય બુંદેલખંડ મેં અબ ભી અગ્રગણ્ય માના જાતા હૈ ઔર ઉસકા નંબર સબ રાજ્યોં મેં ઉચ્ચતમ હૈ તથા વહાં કે શ્રી સવાઇ મહેન્દ્ર મહારાજા બહાદુર કો સરકાર હિંદ સે "સરામદ રાજાહાય બુંદેલખંડ" કી ઉપાધિ પ્રાપ્ત હૈ. કેવલ યહી નહીં, વરન્ સમસ્ત મધ્યભારત મેં ઉસ રાજ્ય કા ચૌથા નંબર હૈ–ઇંદોર, ભોપાલ ઔર રીવાં રાજ્ય હી ઉસકે ઉપર માને જાતે હૈં.

પ્રાચીન કાલ મેં યહ રાજ્ય અબ સે કહીં બઢચઢ કર મહત્ત્વ કા થા. યહાં કે મહારાજા સૂર્યવંશી બનારસ કે ગહરવાર રાજ-કુલોદ્ભવ હૈં. ઇસ પવિત્ર વંશ મેં પાંચવા બુંદેલા એક નામી રાજા હુએ, જિનકા હાલ ભારતીય ઇતિહાસ મેં પ્રસિદ્ધ હૈ. ઉનકા અસલી નામ હેમકર્ણ થા. ઉન્હોંને શ્રીવિંધ્યવાસિની દેવી કે આશીર્વાદ સે પંચમ વિંધ્યેલા કે નામ સે સન્ ૧૦૪૮ (વૈશાખ શુકલ ૧૪ સંવત ૧૧૦૫) મેં એક વિશાલ રાજ્ય કી નીંવ ડાલી. ઇસ વંશ કે રાજાઓં કી ઉપાધિયાં ઇસ પ્રકાર હૈં:—

"શ્રીસૂર્યકુલાવતંસ કાશીશ્વર પંચમગ્રહનિવાર વિંધ્યેલખંડ મંડલાધીશ્વર શ્રી મહારાજાધિરાજ શ્રી ઓરછા–નરેશ." ઇતને પ્રાચીન ઔર પ્રસિદ્ધ રાજ્ય ભારતવર્ષભર મેં ઇને–ગિને હી પાયે જાયંગે. કિસી સમય ઇસ રાજ્ય કી વાર્ષિક આય દો કરોડ રૂપયે સે ભી અધીક થીં. યહાં કે મહારાજાગણ સદા સે સ્વચ્છંદ ચલે આયે હૈં, ઔર સ્વાધીનતા કા સમ્માન ઉન્હોંને યહાં તક કિયા કિ ઉસકે લિયે અનેકોં બાર ઉન્હેં દિલ્લી કે બાદશાહોં તથા મરાઠોં સે ઘોર યુદ્ધ કરના પડા. ઇન ઘમાસાનોં મેં કભી વે જીતે ઔર કભી હારે ભી, પર પરાજય કભી ભી સ્વીકાર ન કી; ચાહે રાજ્ય કે કુછ કુછ અંશ સમય સયય પર નિકલ હી કયોં ન ગયે. ઇસી વંશ કે મહારાજા રુદ્રપ્રતાપને એક સિંહ સે ગૌઉ કે પ્રાણુ બચાને મેં લડ કર અપના પ્રાણુ તક દે દિયા, પર સિંહ કો અપને ખડ્ગ દ્વારા માર કર ગૌઉ કો બચા લિયા. મહારાજ ભારતીચંદ્ર કી સમસ્ત આયુ યુદ્ધ કરતે હી બીતી ઔર મહારાજ મધુકર શાહ કા હાલ હિંદી સાહિત્યસેવિયોં સે છિપા નહીં હૈ. સાહિત્યમુકુટમણિ

કવિવર કેશવદાસ ઇન્હીકે આશ્રય મેં રહતે થે. મહારાજા વીરસિંહ દેવ પ્રથમ ને અબુલ ફજલ કો યુદ્ધ મેં લલકાર કર મારા તથા અકબર બાદશાહ સે લડતે રહે, ઔર અંતમેં જહાંગીર કે વિશેષ કૃપાપાત્ર હુએ. ઉનકે દ્વારા પ્રાચીન ઓરછા રાજ્ય કા પ્રબલ પ્રતાપ બહુત હી જાજ્વલ્યમાન હુઆ. હમ આશા કરતે હૈં કિ હમારે વર્તમાન મહારાજા સાહબ અપને પૂર્વજ નામરાશી મહારાજ વીરસિંહ દેવ કી ભાંતિ નવીન ઓરછા રાજ્ય કો સમુચિત એવં સમયોચિત ઉન્નતિ દે કર ઉસકા સ્થાન ભારતવર્ષ કી પરમોન્નત રિયાસતોં મેં બના દેંગે.

ઇસી પરમોજ્જવલ વંશ મેં હરદૌલ કા જન્મ હુઆ થા. ઉનકે બડે ભાઇ મહારાજા જુઝારસિંહ જૂ (સન્ ૧૬૧૭–૩૪) બાદશાહ શાહજહાં કે યહાં દિલ્લી મેં રહા કરતે થે, ઔર હરદૌલ જૂ ઓરછા મેં રાજ્ય કા પ્રબંધ કરતે ઔર રાજ્યસેના કે પ્રધાન સેનાપતિ થે. થોડે હી દિનોં મેં વે બડે હી પ્રજાપ્રિય હો ગયે ઔર સબ લોગ ઉન્હેં પ્રાયઃ મહારાજા હી કે સમાન માનને લગે. ઇધર મહારાજ કી પટરાની ભી હરદૌલ જૂ કો પુત્રવત્ માનને લગી ઔર હરદૌલ જૂ ઉન્હેં અપની માતા કે સમાન સમઝને લગે. યહ માતૃપુત્રવત્ પ્રેમ ભી કુછ દુષ્ટોં કો અખરને લગા, ક્યોં કિ ઐસે લોગ યહી ચાહતે હૈં, કિ રાજકુલ મેં કુછ ન કુછ કલહ નહીં તો અનબન યા થોડીસી મનમૈલી અવશ્ય હી બની રહે, જિસસે ઇધર ઉધર તીન તેરહ કી બાતેં બના કર વે અપના મતલબ સિદ્ધ કરતે રહેં; ઇસ લિયે ઐસે દુષ્ટોં સે કબ ચુપ રહા જાતા. ઉન્હોંને મહારાજ જુઝારસિંહ જૂ દેવ કો મનગઢંત બાતેં બના બના કર બાર બાર ઐસા કુછ લિખા ઔર દોએક ને સ્વયં દિલ્લી જા કર કુટિલતાભરી ઐસી બાતેં બનાઇ, જિસસે મહારાજા કો અપની રાજમહિષી ઔર હરદૌલ જૂ પર કુત્સિત સંબંધ કા પૂર્ણ સંદેહ હો ગયા !

પરિણામ યહ હુઆ કિ મહારાજા દિલ્લી સે છુટ્ટી લે કર ઓરછા આ ધમકે ઔર મહારાની સે જા–બજા બાતચીત કરને લગે. બેચારી રાજમહિષી લજ્જા ઔર શોક કે સાગર મેં ડૂબને લગી. પહલે તો ઉસને મહારાજ કો હર પ્રકાર સે સમઝાને કા પ્રયત્ન કિયા, પર રોગ કો અસાધ્ય દેખ કર આત્મહત્યા દ્વારા અપને સતીત્વ કા પરિચય દેના ચાહા. મહારાજને એક ન માની ઔર

આજ્ઞા દી કિ હમારે સંદેહ કા નિરાકરણ કેવલ એક હી બાત સે હો સકતા હૈ, અર્થાત્ તુમ અપને પરમપ્રિય હરદૌલ કો ભોજન મેં વિષ દે દો, ક્યોં કિ મહારાજ કો યહ ભી વિશ્વાસ દિલાયા ગયા થા કિ હરદૌલ જૂ શાયદ મહારાજ કો રાજ્યચ્યુત કર કે સ્વયં રાજા બન બૈઠના ચાહતે થે. બેચારી મહારાની ઐસી ક્રૂર આજ્ઞા કો સુનતે હી કિંકર્તવ્યવિમૂઢ ઔર અવાક્ રહ ગઇ. સ્વામી કે પૈરોં કો પકડ કર ઉસને અનેક શપથેં ખાઇ ઔર હર તરહ સે સમઝાયા. હરદૌલ જૂ કે સમાન ધર્મશીલ, પ્રજાવત્સલ, લોકપ્રિય ઔર સ્વામિભક્ત ભાઈ કો વિષ દેના રાની કે વિચાર સે વૈસા હી થા, જૈસે કિ હિરણ્યકશ્યપુ કી આજ્ઞા સે પ્રહ્લાદ કો ઉનકી માતા દ્વારા ગરલપાન કરાના; પર મહારાજ જુઝારસિંહને એક ન માની, ઉલટે રાજમહિષી કા ઔર ભી અસહ્ય કટુ વાક્યોં સે સત્કાર કિયા. અબ તો રાની કે લિયે અન્ય કોઇ ઉપાય હી ન રહ ગયા.

અંત મેં મહારાની ને વિષગર્ભિત પકવાન્ન તૈયાર કરા કર હરદૌલ જૂ કે સામને રખ દિયા, પર સ્વયં ફૂટ ફૂટ કર રોને લગી ઔર કારણ પૂછને પર ઉસને પ્રિય દેવર સે સારા હાલ કહ સુનાયા; તબ તો હરદૌલ જૂ ને બડી પ્રસન્નતાપૂર્વક વહ અન્ન ખાને કા આગ્રહ કિયા ઔર કહા કિ અપને પિતૃવત્ અગ્રજ કી આજ્ઞા હોને પર ઉન્હેં વિષ ખાને મેં સંકોચ હી ક્યા હો સકતા હૈ! હાં, કલંક લગાયે જાને કા ઉન્હેં વિશેષ દુઃખ અવશ્ય હુઆ, પર બડે ભાઈ કી આજ્ઞા સભી દશાઓં મેં પરમમાન્ય સમઝ કર ઉન્હોંને બબબસ વહ અન્ન વડે હર્ષપૂર્વક ખા હી તો લિયા. મહારાની મારે શોકસંતાપ કે મૂર્ચ્છિત હો ગઇ ઔર સખીસહેલિયાં ઉનકી દેખ ભાલ કરને લગીં. ઉધર હરદૌલ જૂ કે અનેક સાથિયોં ને ભી યહ હાલ સુન કર ઉસ વિષગર્ભિત અન્ન કો સહઠ ખા લિયા. ઉનકે સ્વામિભક્ત સેવકોં મેં સે ભી દોએક ને ઐસા હી કિયા. હરદૌલ જૂ ને અપને અગ્રજ મહારાજા જુઝારસિંહ કા અંતિમ દર્શન કરના ચાહા, પર રાજાને કિસી બહાને સે ઉનકી વહ ઇચ્છા ભી પૂર્ણ ન હોને દી. ઇસ પર બહુત સે સરદાર બિગડ ગયે ઔર સંભવ થા કિ રાજપ્રાસાદ મેં હી લંકાકાંડ ઉપસ્થિત હો જાતા, પર હરદૌલ જૂ ને સબકો સમઝા બુઝા કર શાંત કિયા. થોડી હી દેર મેં સબ પર વિષ કા અસર બઢને લગા. સબોં ને શ્રી રાઘવ જૂ કે મંદિર મેં અપને મહારાજ કી ભલાઈ કે હેતુ પ્રાર્થના કરતે કરતે

એક એક કર પરમધામ કી રાહ લી. અંત મેં હરદૌલ જૂ ને અપની માતૃવત્ ભાભી કે દર્શન પાયે ઔર ઉનસે કહા કિ યદ્યપિ મહારાજને ઉન દોનોં કો કલુષિત ઔર દોષી ઠહરાયા, પરંતુ ઉન્હોંને દૃઢ વિશ્વાસ પ્રકટ કિયા કિ ઉસ સમય તથા ભવિષ્ય મેં એક ભી વિચારશીલ પુરુષ ઉન્હેં તથા રાની જૂ કો કલંકિત ન માનેગા. ઐસા કહતે હુએ હરદૌલ જૂ કી આત્મા નશ્વર શરીર કો ત્યાગ કર પરમાત્મા મેં લીન હો ગઈ, પર ઉનકા યશ સદા કે લીયે સ્થાયી હો ગયા.

ઉસી દિન સે હરદૌલ જૂ કી દેવીદેવતાઓં કી ભાંતિ પૂજા હોને લગી. ઉનકા સમાધિસ્થાન ઓરછા મેં અબ ભી વર્તમાન હૈ, યહી નહીં, વરન્ હરદૌલ જૂ કે ચબૂતરે સમસ્ત બુંદેલખંડભર મેં ગાંવ ગાંવ પાયે જાતે હૈં, ભારતવર્ષ કી દૂરસ્થ સ્થાનોં તક મેં વે યત્રતત્ર મિલતે હૈં. હમને ઉન્હેં પંજાબ ઔર હૈદરાબાદ (દક્ષિણ) તક મેં દેખા હૈ. અનેક સ્થાનોં પર હરદૌલ જૂ કે પ્રશંસાસૂચક ગીત ગાયે જાતે હૈં, ઔર ઉનકે ચરિત્ર કા સસંમાન ગાન હોતા હૈ. ઐસે નરરત્ન વાસ્તવ મેં ધન્ય હૈં.

('વિશાલ ભારત'ના એક અંકમાંથી)

૪૧–પંડિત મોતીલાલ નેહરુ

સર્વજ્ઞાનના સ્વામી ભગવાન વેદવ્યાસ લોકોને પરમ કલ્યાણનો સંદેશો આપવા વિચરતા હતા.

"ત્યાગમાંજ પરમ આનંદ છે, ત્યાગમાં જ સાચું સુખ છે; માટે ત્યાગ કરીને ભોગવો." એવી અમૃતવાણીનું પાન કરવા લોકોની મેદની જામી છે. બાળકો છે, વૃદ્ધો છે, જવાન છે, સ્ત્રીઓ અને પુરુષો છે, ભૂખમરાથી કચરાતા ગરીબો છે અને વિલાસમાં આળોટતા લક્ષ્મીનંદનો છે; ભોગવિલાસમાંજ આનંદ માનનાર ભોગી લોકો છે અને ત્યાગ અને સંયમને જીવનની ઢાલ બનાવનાર જોગી લોકો પણ બેઠા છે; પણ વ્યાખ્યાન શરૂ નથી થતું. રાજા જનકની રાહ જોવાય છે.

"આ રાજા જનક આવો જ્ઞાનપિપાસુ છે? પરમ ત્યાગની સાધના કરનારા અમ કોઈ સાધુની પણ કદી રાહ જોવાતી નથી, તો વૈભવમાં રાચનાર રાજા જનકની શા માટે રાહ જોવી જોઈએ?"

સાધુમુનિવરોએ ભગવાનને પ્રશ્ન કર્યો.

અને ભગવાને વાણી ઉચ્ચારી.

રાજા જનક પરમ જ્ઞાની છે અને એટલેજ પરમ ત્યાગી છે. વૈભવમાં આળોટતો રાજા જનક ભોગથી નિર્લેપ છે.

એ દિવસે તો સાધુઓને કંઇ સમજાયું નહિ.

× × × ×

થોડા દિવસ પછી એજ સ્થળે ભગવાનનો પુણ્ય સંદેશ ઝીલવા લોકો એકઠા થયા છે. એક બાજુ નગરજનો બેઠા છે, બીજી બાજુ જેને લંગોટી સિવાય કશી મિલકત નથી એવા ભેખધારી નિઃસ્પૃહ સાધુઓએ આસન જમાવ્યું છે. અખૂટ સત્તા અને સંપત્તિનો સ્વામી રાજા જનક પણ પોતાને સ્થાને બેઠો બેઠો એકચિત્તે ઉપદેશકથા સાંભળે છે.

એકાએક અવાજ આવ્યો: "દોડો, દોડો, શહેરમાં આગ લાગી, હમણાં બધું સળગી જશે, સર્વસ્વનો નાશ થશે."

અને લોકો સૌ ગાભરા બનીને દોડ્યા. પોતાની માલમિલકત બચાવવા નાનાં–મોટાં–ગરીબ–તવંગર સૌ કોઇ ભાન ભૂલીને નાસભાગ કરવા લાગ્યાં.

"આ આગ તો વધી, આ મંદિર સુધી પહોંચી" એક અવાજ આવ્યો અને નિઃસ્પૃહ ગણાતા સાધુઓ "મારી લંગોટી," "મારું પાત્ર," "મારો દંડ!" કરતા દોડયા. જગતની માયાનો જેણે ત્યાગ કર્યો છે, એવા ભેખધારીઓ પોતાનાં લંગોટી, પાત્ર અને દંડ બચાવવા માટે સભાસ્થાનેથી નાસવા લાગ્યા.

ભગવાન વ્યાસજી પવિત્ર વાણી ઉચ્ચારે છે, રાજા જનક એકચિત્તે શ્રવણ કરે છે. ફરીથી અવાજ આવ્યો.

"આ મહેલ સળગે, રાજા જનક! જલદી ઊઠ, આ બધું નાશ પામશે!"

"પણ કોનું?" રાજા જનક શાંત, સ્થિર અવાજે બોલ્યા અને સૌ વિસ્મિત થયા.

× × × ×

પાણીમાં રહેલું કમળ જેમ પાણીથી અલિપ્ત રહે છે એમ ભોગવૈભવમાં આળોટતો રાજા જનક જાણે કોઇ મહાનિર્વિકારીનું દર્શન કરાવે છે; એટલેજ એ મહાત્યાગી છે.

ભોગ કે ત્યાગ વસ્તુમાં નથી, વસ્તુની વાસનામાં છે. સાવ

અકિંચન બની ગયેલા સાધુઓ પણ મનથી ભોગી હોઇ શકે અને અનેક ભોગ વચ્ચે ઘેરાયેલ લાગતો કોઇ ભોગી પણ સાચો ત્યાગી હોઇ શકે.

ભારતવર્ષની પુણ્યભૂમિમાં આવા અનેક ત્યાગવીરો થઈ ગયા છે. કોઇ ધર્મ માટે તો કોઇ જ્ઞાન માટે, કોઇ મોક્ષ માટે, તો કોઇ પોતે માનેલા અતિ ઉજ્જવળ આદર્શ માટે સર્વસ્વનો ત્યાગ કરી ગયા છે.

આવા એક પરમ ત્યાગી પુરુષ તે પંડિત મોતીલાલ નેહરુ. રાષ્ટ્રની મુક્તિને એણે પોતાનો મોક્ષ માન્યો. પોતાનાં ધર્મ અને કર્મ માન્યાં. એટલેજ રાષ્ટ્રને ખાતર પોતાનાં પ્રિયમાં પ્રિય અને સારસર્વસ્વનો ભોગ આપતાં એઓ અચકાયા નહિ.

એઓ જબરા યોદ્ધા અને મહાન ત્યાગી હતા. પોતાનાં બુદ્ધિબળથી એમણે જબરદસ્ત સામ્રાજ્યને હલાવ્યું. એમના ત્યાગથી એમણે ભારતવર્ષની વિરાટ પ્રજાને હલાવી.

એ પુણ્ય પુરુષની પાંચમી સંવત્સરી ફેબ્રુઆરી મહિનાની ૬ ઠ્ઠી તારીખે ગઇ છે.

× × × ×

પંડિત મોતીલાલજી મૂળ તો કાશ્મીરી બ્રાહ્મણ. દિલ્હીના મુસ્લિમ બાદશાહ ફરૂકશાયરના સમયમાં રાજશિક્ષક તરીકે એમના વડવા કાશ્મીરથી દિલ્હી આવેલા. એ વંશમાં પંડિત ગંગાધરજી પ્રખ્યાત પુરુષ થયા. દિલ્હીના કોટવાળ તરીકે એમણે ભારે કીર્તિ સંપાદન કરી. એમના પરાક્રમની કથા ચારે બાજુ સંભળાતી. એમને ત્રણ પુત્રો થયા. નંદલાલ, બંસીધર અને સૌથી નાના મોતીલાલજી.

મોતીલાલજીનો જન્મ ૧૮૬૧ ના મે માસની ૬ ઠ્ઠી તારીખે થયો. એમના પિતા તો મોતીલાલજીના જન્મ પહેલાંજ ત્રણચાર માસે દેવલોક પામ્યા હતા. એટલે બાળક મોતીલાલજી એમના મોટાભાઇ નંદલાલજીની પ્રેમભરી નજર નીચે ઊછર્યા.

આમ મોટાભાઇની અમીનજર નીચે હસતાંરમતાં, લાડકોડ પામતાં બાર વર્ષ પૂરાં થયાં, ત્યાં તો ત્યાંની ઉર્દૂ અને અરબી શાળાનું ભણતર પૂરું થયું અને ત્યાં વિશેષ સગવડ ન હોવાથી કાનપુરની સરકારી નિશાળમાં દાખલ થયા. આખો વખત વાંચે અને રમે, વાંચે અને રમે. એમણે મેટ્રિકની પરીક્ષા આપી ત્યાંસુ-

ધીમાં એમણે સંખ્યાબંધ પુસ્તકો વાંચી નાખ્યાં. ફારસી સાહિત્યનો એટલો ઊંચો રસ કેળવ્યો કે, એટલી નાની ઉંમરમાં એમણે જે જ્ઞાન અને સંસ્કાર મેળવ્યા એની ઊંડી છાપ એમના આખા જીવન ઉપર પડી હતી.

પ્રથમ પંક્તિમાં પાસ થઈને તેઓ અલ્લાહાબાદની કૉલેજમાં જોડાયા. એમનું જ્ઞાન અને બુદ્ધિ જોઈને સૌ આશ્ચર્ય પામતા. ખુદ વિદ્યાપીઠના આચાર્ય હેરિસન સાહેબ પણ મુક્તકંઠે એમની પ્રશંસા કરતા. તેમનું કોઈ પણ વિષય ઉપરનું વક્તવ્ય ઊંડું અને સચોટ હતું. એમની દલીલશક્તિ એટલી જોરદાર હતી કે સૌને એ આંજી નાખતા. વિદ્યાર્થીઓમાં તો એ ખૂબ માનીતા થઈ પડેલા. કોઈ પણ કામમાં સૌથી આગળ પોતેજ હોય. રમતગમતમાં પણ આગળ. રમતના ખૂબ શોખીન અને મળતાવડો સ્વભાવ એટલે બધેજ આગળ દેખાતા. એમની અજબ બુદ્ધિ માટે સૌ એમના પર પ્રેમ દાખવતા.

આમ સૌનાં માન અને પ્રેમ મેળવતા બી. એ. સુધી પહોંચ્યા. પરીક્ષાને થોડા દિવસની વાર હતી, ત્યાં સખત બીમારીમાં પટકાયા અને પથારીવશ હોવાથી પરીક્ષામાં ન બેસી શક્યા!

પથારીમાંથી સાજા થયા બાદ કાયદાનું વાચન શરૂ કર્યું. માત્ર ત્રણ માસના વાચન પછી એ હાઈકોર્ટની વકીલની પરીક્ષામાં બેઠા. પરિણામ બહાર પડ્યું અને જ્યારે સૌએ જાણ્યું કે, મોતીલાલજી પ્રથમ નંબરે આવ્યા ત્યારે સૌ આશ્ચર્યચકિત થયા.

× × × ×

આમ ૧૮૮૩ માં બાવીસ વરસની ઉંમરે એમણે કાનપુરમાં વકીલાત શરૂ કરી. કાનપુરના આગેવાન વકીલ પંડિત પૃથ્વીનાથના નિકટ સહવાસમાં આવ્યા. મોતીલાલજીની બુદ્ધિનું તેજ એમણે પારખ્યું અને અલ્લાહાબાદની હાઈકોર્ટમાંજ વકીલાત કરવાની સલાહ આપી. પોતાના મોટાભાઈ નંદલાલજી તો ત્યાંજ વકીલાત કરતા હતા, એટલે પોતે એમની સાથે જઈને કામ શરૂ કર્યું. અલ્લાહાબાદમાં મીરગંજ મહોલ્લામાં રહેતા હતા. ત્યાં આજના રાષ્ટ્રના પ્રાણસમા પંડિત જવાહરલાલજીનો જન્મ થયો.

એમની પ્રકૃતિજ રાજસી. પહેલેથીજ આનંદ અને વૈભવમાં ઊછરેલા. વકીલાત કરતાં કરતાં પુષ્કળ દ્રવ્ય કમાયા. અલ્લાહાબાદ આવ્યા પછી થોડા સમયમાંજ સર સુંદરલાલજીના બંગલામાં

રહેવા આવ્યા. એ પણ એમના વૈભવને ઓછો લાગવા માંડ્યો. એટલે મુરાદાબાદના રાજા પરમાનંદનો બંગલો ખરીદ્યો. એમાં એવા સુધારાવધારા કર્યા અને સુખસમૃદ્ધિનાં એવાં સાધનો ગોઠવ્યાં કે રાજરજવાડાના વૈભવને પણ ઝાંખો પાડે. રાષ્ટ્ર માટે ફકીરી લીધી ત્યારે એ બંગલો મહાસભાને સોંપી દીધો. આજે એને આનંદભવન કે સ્વરાજ્યભવન તરીકે સૌ ઓળખે છે.

વકીલાત કરતાં થોડો સમય થયો ત્યાંજ મોટાભાઈ નંદલાલજી દેવલોક પામ્યા અને કુટુંબનો બધો ભાર અને જવાબદારી મોતીલાલજીને માથે આવી પડ્યાં. મરતી વખતે મોટાભાઈએ સંદેશો આપ્યો કે, “મોતીલાલ! આ કુટુંબવાડી તને સોંપી જાઉં છું, તું આ બગીચાનો માળી છે, એને સાચવજે અને વધારજે. એનું એક પણ ફૂલ ચીમળાય કે વીખરાય નહિ એમ એની રક્ષા કરજે.”

મોટાભાઈ તો ગયા પણ મોતીલાલજી કુટુંબના એકેએક જણ માટે પ્રાણ પાથરતા, સૌની ચિંતાભરી કાળજી રાખતા, એટલે આખા કુટુંબમાં પ્રેમ અને આનંદ ઊભરાતાં.

મોટાભાઈ ગુજરી ગયા ત્યારે એમની પાસે એક મુકદ્દમો હતો એ પોતે હાથમાં લીધો. એમના અસીલ ઉપર સાત આરોપ હતા. એટલી કુશળતાપૂર્વક એઓ લડ્યા કે અસીલ સાતે આરોપમાંથી બચીને નિર્દોષ જાહેર થયો. ખુદ ન્યાયમૂર્તિએ પોતાના ફેંસલામાં લખ્યુંઃ “આ મુકદ્દમામાં આરોપીને બચાવવાનો બધો યશ મોતીલાલજીને છે. સાત સાત આરોપમાંથી બચાવી લઈ સાવ નિર્દોષ પુરવાર કરવો એ કામ મોતીલાલજી જેવા પ્રખર બુદ્ધિશાળીજ કરી શકે. એમણે જે બુદ્ધિશક્તિ દર્શાવી છે તે અતિ પ્રશંસાને પાત્ર છે.”

આ મુકદ્દમામાં જીત મળ્યા પછી એમને ભારે પ્રસિદ્ધિ મળી. અંગ્રેજી અખબારોએ એમની મુક્ત કંઠે પ્રશંસા કરી. અંગ્રેજ અમલદારો એમને માનની નજરે જોવા લાગ્યા.

૧૮૯૬ માં જ્યારે હાઈકોર્ટના વકીલમાંથીજ એડ્વોકેટ બનાવવાનો અધિકાર ન્યાયાધીશોને મળ્યો, ત્યારે જે ચાર વકીલો ચૂંટાયા એમાં ઉંમરમાં સૌથી નાના મોતીલાલજી હતા.

બસ, પછી તો એક પછી એક વિજય મેળવતા ગયા. એમની વક્તૃત્વશક્તિ અને દલીલશક્તિથી સૌને એ મુગ્ધ કરવા માંડ્યા.

થોડા વખતમાં તો સૌથી શ્રેષ્ઠ વકીલોમાં એમની ગણના થવા લાગી. ૧૯૨૧ ના અસહકારધર્મમાં એમણે વકીલાત છોડી ત્યાંસુધી એ વકીલમંડળના પ્રમુખ રહ્યા.

સામાને મહાત કરવાની એમની શક્તિ અજબ હતી. એમની આંખમાં એવું તેજ હતું કે સામો માણસ સહનજ ન કરી શકે. એમની વાણીમાં એવું જોર હતું કે એમનો સામનો કરવો અતિ મુશ્કેલ બને. એઓ ઘણા મુકદ્દમા લડ્યા અને ઘણા જીત્યા. એ જીત્યા એટલુંજ નહિ પણ એમના વિજયે જગતના મહાબુદ્ધિશાળી મનાતા વિદ્વાનોને પણ આંજી નાખ્યા છે. અલ્લાહાબાદની વરિષ્ઠ અદાલતના ન્યાયમૂર્તિ કહેતા કે, " મારા જીવનમાં મેં આવો અદ્ભુત વકીલ નથી જોયો. "

ઇટાવા કેસમાં રાણી કિશોરીના પક્ષે જે રીતે પોતે લડ્યા, એ વિષે બોલતાં એક અંગ્રેજ ન્યાયાધીશ (સર ગ્રીમવડ મિયર્સ) કહે છે કે, " એમની દલીલશક્તિ ગજબ છે, દુનિયાભરનો કોઈ કાયદાબાજ આથી વધુ સારી રીતે લડી શકેજ નહિ. "

× × × ×

પોતાની વકીલાતને પાંચછ વર્ષ થયાં હશે ત્યાં અલ્લાહાબાદમાં મહાસભા થઈ. ભરાઇ ત્યારથીજ પોતે એમાં ભાગ લેવા માંડયો. ચાર વર્ષ પછી બીજી વખત ત્યાંજ મહાસભા ભરાઈ, ત્યારે સ્વાગત સમિતિમાં તેઓ હોદ્દા પર હતા. બસ ત્યાર પછી તો દરેક વર્ષે મહાસભામાં તેઓ હાજરી આપતા.

આમ વકીલાત ઉપરાંત એમનું જાહેર જીવન શરૂ થયું. કાયદાનું જબરું જ્ઞાન, રાજનીતિમાં કુશળ અને પ્રજાકલ્યાણની ભાવના એટલે તેઓ જલદી આગળ આવ્યા. ૧૯૦૭ માં પોતાના પ્રાંતની પહેલી પરિષદ ભરાઇ તેના પ્રમુખ થયા. એ વખતે એમને પોતાને બ્રિટિશ રાજસત્તાની ન્યાયબુદ્ધિમાં અટલ વિશ્વાસ હતો; એટલે એમને કાનૂનભંગ, બહિષ્કાર વગેરે વાતોનો ઘણો અણગમો હતો. બંગાળના ભાગલા પછી તો પ્રજામાં ખૂબ અસંતોષ અને અશાંતિ હતી. એ વખતના એમના ભાષણથી લોકોને ભારે નિરાશા થઇ હતી.

પણ પોતે તો ઘણા નિર્ભય યોદ્ધા હતા. એ પોતાની રીત પ્રમાણે લડયે જતા હતા. ૧૯૦૯ માં કેટલાક મિત્રોની સહાયથી એમણે " લીડર " નામનું એક દૈનિક અખબાર શરૂ કર્યું. એ

વખતમાં સરકારને છાપાની જબાન બંધ કરવાની ભારે ચટપટી લાગી હતી અને એ માટે કાયદા ઘડવાના ભારે પ્રયત્ન કરી રહી હતી. મોતીલાલજી તો માનતા કે, પ્રજાને પોતાનો અવાજ રજૂ કરવા માટે વાણી અને લેખનસ્વાતંત્ર્યનો અધિકાર છે. એના ઉપર સરકાર કેમ આક્રમણ કરી શકે ? જ્યારે તેમને સરકારી પ્રયત્નોની ગંધ આવી, ત્યારે તેમણે જાહેર કર્યું કે, "જ્યાંસુધી મારા મકાનની એક ઇંટ પણ સલામત રહેશે, ત્યાંસુધી હું પ્રજાના લેખનસ્વાતંત્ર્યના પવિત્ર અધિકાર માટે લડીશ."

પોતે ૧૯૧૦ ના નવા સુધારા આવ્યા ત્યારથીજ ધારાસભામાં જવા લાગ્યા. ત્યાં પણ ખૂબજ નીડરતાથી પ્રજાપક્ષ રજૂ કરતા અને સરકારી રાજનીતિના દોષોની ઝાટકણી કાઢતા.

આમ સરકારી તંત્રની ખામીઓ સામે લડતાં છતાં એમને બ્રિટિશ રાજસત્તામાં વિશ્વાસ હતો. યુરોપની મહાન લડાઇ દરમ્યાન એમણે સરકારને ખૂબ મદદ કરી. હિંદુસ્તાન–રક્ષાદળ નામનું લશ્કર ઊભું કરી, માણસો અને પૈસાની મોટી સહાય આપી.

બીજી બાજુ સ્વરાજ્યના અધિકાર માટે પણ લડવામાં એઓ આગળ રહેતા. હોમરુલ લીગની એક શાખા પ્રયાગમાં સ્થાપી, પોતે પ્રમુખ બન્યા હતા. એમાં સર તેજબહાદુર સપ્રૂ, જવાહરલાલ વગેરે જોડાયા હતા. એ હિલચાલે એટલું જોર પકડયું કે અંગ્રેજી છાપાંઓ વ્યંગમાં મોતીલાલજીને સ્વરાજ-લશ્કરના સેનાપતિ કહેતા.

કેટલાંક કારણને લીધે લીડર પત્રમાંથી તેઓ છૂટા થયા હતા, છતાં લેખનસ્વાતંત્ર્યના અધિકારો માટેની એમની લડત ચાલુજ હતી. ૧૯૧૮માં એમણે એક 'ઇન્ડિપેન્ડન્ટ' નામનું અખબાર શરૂ કર્યું. સૈયદહુસેન જેવા કાબેલ અખબારનવેશ એમને મળી ગયા એટલે કામ સરસ ચાલતું. એમની કલમ બહુ તેજીલી હતી. એક અતિ જોરદાર લેખની ભાષા ત્રણ વખત સુધારીને મોળી કરી તોપણ સરકારે એ અંકની બધી નકલો જપ્ત કરી. ત્યારથી એ છાપા ઉપર સરકારની નજર કરડી થઈ. આખરે એ પ્રેસ જપ્ત કર્યું અને પત્ર હાથે લખાવું શરૂ થયું. અસહકારની હિલચાલમાં પિતાપુત્ર જેલમાં ગયા ત્યાંસુધી એ હાથથી લખાઇને પ્રગટ થતું.

× × × ×

યુરોપમાં લડાઇ પૂરી થઇ ત્યારે સૌને આશા હતી કે, લડાઇમાં બ્રિટિશ સરકારને હિન્દુસ્તાને ખૂબ મદદ કરી છે, એટલે

પ્રજાનાં સુખસગવડ વધે એવા અધિકાર મળશે; પણ તેને બદલે સરકારે પ્રજામાં આવેલી જાગૃતિ દબાઇ જાય એવો કાળો કાયદો ઘડયો. સૌ વિસ્મય પામ્યા. ગાંધીજી જેવા પવિત્ર પુરુષને પણ રાજસત્તામાંથી વિશ્વાસ ઊઠી ગયો. આખા દેશમાં એનો વિરોધ થયો. પંજાબના અમૃતસર ગામમાં પણ એનો વિરોધ કરવા સભા મળી. એના ઉપર ગોળીબાર થયો અને સેંકડો નિર્દોષ સ્ત્રીપુરુષો અને બાળકોની કતલ થઇ.

આખા દેશમાં હાહાકાર થઈ રહ્યો. મોતીલાલજીએ ઘોષણા કરી કે, જ્યાંસુધી રાજકેદીઓને છોડી મૂકવામાં ન આવે અને જ્યાંસુધી પંજાબના હત્યાકાંડની સરકાર તપાસ ન ચલાવે, ત્યાંસુધી એક પણ સુધારો અમલમાં નહિ આવી શકે. સરકારે બન્ને શરત કબૂલ કરી. સરકાર તપાસસમિતિ નીમવામાં ઢીલી દેખાઇ કે તરત મોતીલાલજીના પ્રમુખપણા નીચે એક સમિતિ નિમાઇ અને એણે આખા પ્રાંતમાં ફરીને બધી હકીકતો એકઠી કરી સરકારી જુલમને આખી દુનિયામાં પ્રસિદ્ધ કરી દીધો.

એજ વર્ષે અમૃતસરમાં મહાસભા ભરાઇ અને મોતીલાલજીને પ્રમુખ થવાની વિનતિ કરવામાં આવી, પણ નાદુરસ્ત તબિયતને કારણે અને કામના અતિ બોજાને લઇને પોતે એ પદ ન સ્વીકારી શકયા. એ મહાસભામાં સરકારી સુધારા તરફ ખૂબ અસંતોષ દાખવવામાં આવ્યો.

આ વખતે ગાંધીજી અસહકારનો વિચાર કરતા હતા; પણ મોતીલાલજી વગેરેને એમાં વિશ્વાસ નહોતો. હજુ એમને કાયદેસરની લડાઇમાં વિશ્વાસ હતો પણ સરકારી તપાસસમિતિએ હત્યારાઓને સજા કરવાને બદલે જ્યારે નિર્દોષ ઠરાવ્યા અને સરકારે એમને મોટું ઇનામ આપ્યું, ત્યારે સરકારમાંથી સૌનો વિશ્વાસ ઊઠી ગયો અને અસહકારના ઠરાવનો વિરોધ કરવા આવેલા મોતીલાલજી અને દાસબાબુ અસહકારનો જોરશોરપૂર્વક પ્રચાર કરવા લાગી ગયા.

× × × ×

આમ મોતીલાલજીના જીવનમાં મહાપરિવર્તન થયું. જવાહરલાલજી તો કયારના ગાંધીજીના ચુસ્ત અનુયાયી બનવા માંડ્યા હતા. મોતીલાલજીનું જીવન પણ કોઇ અજબ પલટો લેવા માંડયું. ગાંધીજીના સ્પર્શે એમની આખી જીવનદિશા પલટી નાખી. અ-

મીરી અંચળો ફેંકી દઇ એમણે ફકીરી ધારણ કરી. કયાં આનંદભવનનો રાજકીય વિલાસ અને કયાં આ ફકીરી!

એમના આલીશાન બંગલા અને બગીચાઓ, એમની મોટરો, એમનાં સ્નાનાગાર અને ભોજનાલયો, એમનાં આરામગાહ અને ક્રીડાંગણો ઇત્યાદિ એમની અમીરીનો ખ્યાલ આપવો મુશ્કેલ છે.

રાજા–મહારાજા એમને ત્યાં મહેમાન બને. મોટા ગવર્નરો અને અંગ્રેજ અફસરો એમને ત્યાં જમવા આવે અને એવી જાતનાં ખાનપાન વપરાય કે એક અંગ્રેજના લખવા પ્રમાણે યુરોપના પ્રસિદ્ધ ભંડારોમાં પણ મળી ન શકે. એમના શોખ પણ ગજબ હતા. પોતે કપડાં લંડનમાં સિવડાવતા અને ધોવરાવવા માટે કાયમ પેરિસમાં મોકલતા. એમનું આનંદભવન એ એક સ્વર્ગનું ભવન હતું. એમને પોતાને લાખો રૂપિયાની આમદાની હતી.

મોતીલાલજી યોદ્ધા હતા. વૈભવમાં જેમ આગળ રહ્યા એમ ત્યાગમાં પણ તેઓ મોખરે રહ્યા. નાગપુરથી આવીને ધીકતી કમાણીવાળી વકીલાત એમણે છોડી દીધી. વિદેશી વસ્ત્રોનાં કબાટોનાં કબાટો બાળી નાખ્યાં. ખાદી અને ખાદીની પાછળ આવતી સાદાઇ એમણે ધારણ કરી. એ વખતે એમણે મહાત્મા ગાંધી પર લખેલા એક પત્ર ઉપરથી એમની ત્યાગની પિપાસા કેટલી તીવ્ર હતી એ જણાઇ આવશે.

“હું અહીં કેવા પ્રકારનું જીવન ગાળી રહ્યો છું એ જાણીને આપ પ્રસન્ન થશો. પહેલાં જ્યારે પહાડ ઉપર આવતો ત્યારે સાથે હિંદુસ્તાની અને અંગ્રેજી એમ બન્ને પ્રકારનાં રસોડાં ચાલતાં. સવારમાં નાસ્તા બાદ રાયફલ, પિસ્તોલ વગેરે લઇને શિકારે જતો, કયારેક શિકારીઓની આખી ટુકડી લઇ જતો અને સાંજ પડતાં સુધીમાં નિર્દોષ જનાવરોનો શિકાર કરતો. વચ્ચે જંગલમાં ચા લેવા માટે ઘર જેવીજ બધી સાહેબી જોઇતી. સાંજના પાછા ફરતાં મિષ્ટ ભોજન આરોગીને નિરાંતે સૂતો. આવા એકધારા જીવનમાં કશું વિઘ્ન નહોતું. હા, કયારેક આ ગરીબ જાનવરોને બચાવવા મથતી એક છોકરી ઉપર હું ગુસ્સે થઇ જતો.

“આજે તો રસોડું સાવ સાદું બની ગયું છે. નોકરચાકરના લશ્કરને ઠેકાણે ફક્ત એક નોકર છે. ગાડીઓ ભરીને રસોઇના સામાનને બદલે દાળચોખા અને મશાલાની ત્રણ થેલી છે. અંગ્રેજી ઢબછબનાં ચારપાંચ વખતનાં ભોજન અને હાલતાંચાલતાં

ચાનાસ્તાને બદલે કેવળ એક વાર બપોરના દાળભાત, શાક જમું છું. શિકારને બદલે ફરવા જાઉં છું. સાથે રાયફલ અને પિસ્તોલને બદલે પુસ્તક અને છાપાં લઇ જાઉં છું............સાચું કહું તો આવો આનંદ મને જીવનમાં ક્યારેય નથી મળ્યો."

આમ અમીર મોતીલાલ ફકીર બનતા ગયા.

× × × ×

અસહકારની પ્રવૃત્તિ જોર પકડતી ગઇ. વકીલોએ વકીલાત છોડી, વિદ્યાર્થીઓએ શાળા છોડી અને સરકારી નોકરો નોકરી છોડવા માંડ્યા અને આખા દેશમાં અસહકારી વિપ્લવનું વાતાવરણ ફેલાઇ રહ્યું. એ વખતે આજના રાજા એડવર્ડ યુવરાજ હતા. એ હિંદુસ્તાનમાં આવતા હતા. કોંગ્રેસે એ દિવસે હડતાળનું ફરમાન કાઢ્યું. સરકારે ખૂબ તૈયારી અને સાવચેતી રાખી, પણ જનતાના હૃદય પર મહાસભાની આવી ઊંડી છાપ જોઇ સરકાર ગભરાઇ ગઇ. ઠેર ઠેર મનાઇ હુકમો કાઢ્યા. આસામ, બંગાળ અને પંજાબના સ્વયંસેવકોને ગેરકાયદેસર જાહેર કર્યા. મહાસભાએ બધા પ્રાંતમાં સ્વયંસેવકનાં દળ ઊભાં કરવાના હુકમ આપ્યા. મોતીલાલજીનું આખું કુટુંબ જોડાયું અને છઠ્ઠી ડિસેમ્બર ૧૯૨૦માં જવાહરલાલ અને કુટુંબીઓ સહિત મોતીલાલજી ગિરફતાર થયા. જેલમાં પોતાની તબિયત બગડી છતાંએ છૂટતાંવેંત મહાસભાના મંત્રી તરીકેનું પોતાનું કામ શરૂ કરી દીધું.

એ પછી તો અમદાવાદની વિખ્યાત બેઠક થઇ. અસહકારની પ્રવૃત્તિમાંથી સત્યાગ્રહ અને કાનૂનભંગનો જન્મ થયો. ગાંધીજી સરમુખત્યાર થયા અને લડાઇ ચાલી. પણ કેટલેક ઠેકાણે હિંસા ફાટી નીકળવાથી કાનૂનભંગ મુલતવી રહ્યો, એ વાત બહુ તાજી છે.

નેતાઓ બધા જેલમાંથી છૂટ્યા ત્યારે સાવ નિરાશાનું વાતાવરણ હતું. એ વખતે મોટા મોટા રાજપુરુષોએ આખા દેશમાં ફરીને પ્રવાસ કર્યો અને પરિણામે કેટલાકની એવી માન્યતા બંધાઇ કે દેશ સામુદાયિક ભંગ માટે તૈયાર નથી. મોતીલાલજી, લાલાજી વગેરે નેતાઓએ મહાસભા પાસેથી ધારાસભામાં જવાની પરવાનગી મેળવી.

× × × ×

ધારાસભામાં મોતીલાલજીએ એક મજબૂત સ્વરાજપક્ષ ઊભો કર્યો. એમની પ્રતિભા, અનુશાસન, દઢતા અને રાજનીતિના ઊંડા

જ્ઞાનને લઇને એમણે ધારાસભામાં સ્વરાજપક્ષની જે કીર્તિ વધારી છે, એ તો દેશવિદેશમાં જાણીતી છે. એમની તીવ્ર બુદ્ધિ અને વિવાદની ચાતુરીનો સરકારને પણ ભય રહેતો એમ ઘણા સરકારી અમલદારોએ પણ કબૂલ્યું છે.

હિંદુસ્તાનની સ્વરાજ્યની લાયકાત માપવા માટે એક કમિશન હિંદમાં આવતું હતું. એમાં એક પણ હિંદી સભ્ય નહોતો. આ અપમાન મહાસભા કેમ સાંખે? મદ્રાસ મુકામે એનો બહિષ્કાર કરવાનું નક્કી થયું.

સત્તા અને ગુમાનમાં ચકચૂર બનેલા લૅાર્ડ બર્કનહેડે ચેલેંજ ફેંકી કે, કયો હિંદી હિંદુસ્તાનનું રાજબંધારણ ઘડી શકે છે? મહાસભાએ એ ચેલેંજ ઉપાડી લીધી અને પં. મોતીલાલજીના પ્રમુખપણા નીચે એક સમિતિ નીમી. એમણે થોડા વખતમાંજ એક બંધારણ ઘડી કાઢયું. એમાં હિંદુસ્તાનની અંદર પ્રજાના હિતોનું રક્ષણ કરનાર તંત્ર કેવું જોઇએ એનું બંધારણ છે. એ બંધારણ નેહરુ રિપોર્ટ નામે પ્રસિદ્ધ થયો. એમાં કાયદા અને બંધારણ વિષેનું અગાધ જ્ઞાન જોઇને દુનિયાભરના મુત્સદ્દીઓ છક થઇ ગયા.

ત્યાર પછી તો રાજકારણમાં ઝડપભેર રંગ બદલાતા ગયા. એ બધા સમયે રાષ્ટ્રનું સાચું ઘડતર થતું હતું અને એના ઘડતર કરનારાઓમાં મોતીલાલજી મોખરે હતા.

આખરે લાહોરમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ થયો અને મહાસભાએ સંગ્રામની ઘોષણા કરી. બ્રિટિશ સરકાર સાથે કાયમને માટે સંબંધ તોડવાનો ઠરાવ જે દિવસે કર્યો, તે દિવસે બુઢ્ઢા મોતીલાલજી બાળકની માફક નાચ્યા અને કૂદ્યા!

× × × ×

૧૯૩૦ નું ધર્મયુદ્ધ શરૂ થયું ત્યારે જવાહરલાલજી પ્રમુખ હતા. એઓ પકડાયા કે તરતજ રાષ્ટ્રના પ્રમુખની જવાબદારી મોતીલાલજીને શિર આવી. ચારે બાજુ જેલ, લાઠીમાર, ગોળીબાર વગેરે અત્યાચાર થતા હતા. મોતીલાલજીએ પ્રધાનમંડળની બેઠક બોલાવી. સિપાઈ બધા હિંદી છે અને હિંદી ભાઇબહેનો ઉપર અત્યાચાર કરવાની ના પાડવી એ તેમનો દેશધર્મ છે એવી સિપાઇઓને વિનંતી કરતો ઠરાવ કરાવ્યો. સરકાર આ કેમ સહન કરે? પ્રધાનમંડળ ગેરકાયદેસર જાહેર કર્યું અને મોતીલાલજી વગેરેને જેલમાં પૂરી દીધા.

પણ જેલમાં એમની તબિયત લથડતી ચાલી. ડૉક્ટરી તપાસ પછી સરકારને એમને છોડી મૂકવા પડ્યા. પણ પોતે વિશ્રાંતિ લઇ શકે એમ નહોતા. આખા દેશમાં ફરીને વિદેશી કાપડની પેઢીઓમાં આયાત બંધ કરી, સિલક હતો એ માલ સીલ કર્યો. મિલમાલિકો રાષ્ટ્રનું હિત જાળવે એવી રીતેજ માલ તૈયાર કરી શકે એવી શરત કરીને પ્રમાણપત્ર આપ્યાં અને આમ સ્વદેશીની પ્રવૃત્તિને અસાધારણ વેગ આપ્યો.

એ દરમ્યાન સમાધાની માટે ખૂબ પ્રયત્નો થતા હતા. સરકાર સમાધાન માટે ઇંતેજાર હતી. આખરે કેટલીક સમજૂતીથી જાન્યુઆરીમાં પ્રધાનમંડળના સભ્યોને સરકારે જેલમાંથી મુક્ત કર્યા.

આ વખતે મોતીલાલજી અલ્લહાબાદમાં પથારીમાં હતા. ડૉકટરો પણ નિરાશ થયા હતા. બીમારી ગંભીર સ્વરૂપ લઇ ચૂકી હતી. કાર્યવાહક મંડળની બેઠક મુંબઇમાં બોલાવવાની ગાંધીજીની ઇચ્છા હતી, પણ મોતીલાલજીએ કહેવરાવ્યું કે, “ભારતવર્ષના ભવિષ્યનો નિર્ણય અહીં સ્વરાજ્યભવનમાં કરો, મારી સામે કરો, મારી માતૃભૂમિનું આખરી ભાગ્ય ઘડવામાં મને પણ ભાગ લેવા દો.”

ડૉકટરોએ સંપૂર્ણ આરામની ચેતવણી આપ્યા છતાં એમણે પ્રત્યેક વિચારણામાં ભાગ લેવાનો આગ્રહ રાખ્યો. કેટલાક રાજપુરુષો એમને મળવા ગયા અને શાંતિ લેવા માટે કહ્યું, ત્યારે એમણે જવાબ આપ્યો કે, “હું રોગ સાથે લડીશ, મૃત્યુ સાથે પણ લડીશ અને સૌથી વિશેષ આ ગુલામીરૂપી રાક્ષસ સાથે પણ લડીશ.”

એમનું શરીર તપાસવા માટે લખનૌ જવાની જરૂર પડી. તા. ૪-થી ફેબ્રુઆરીએ મોટરમાં એમને ત્યાં લઇ ગયા. ગાંધીજી સાથે હતા. એમણે કહ્યું: “આપ સાજા થઇ જાઓ તો હું સ્વરાજ લઈ લઇશ.” મોતીલાલજીએ જવાબ આપ્યો કે, “સ્વરાજ તો મળી ગયું છે. હજારો સ્ત્રીપુરુષો અને બાળકો હસતે મુખે સ્વેચ્છાપૂર્વક જુલમ સહન કરવા તૈયાર થાય એ સ્વરાજ નહિ તો બીજું શું?”

ઘડી બે ઘડી થઇ ત્યાંસુધી તબિયત ઠીક રહી. સાંજથી પાછી બગડવા માંડી. ચહેરો પીળો પડવા લાગ્યો. આંખનું તેજ ઓછું થતું ગયું. મધરાત થવા આવી ને બેચેની શરૂ થઇ. જવાહરલાલજી, ડૉ. જીવરાજ વગેરે સૌ પથારી પાસે બેઠા હતા. એ સ્થિતિમાં પણ મોતીલાલજી વારંવાર સૌને સૂઇ જવાનું કહેતા હતા. સવારના છ વાગે એમણે પાણી માગ્યું પણ કંઠ સુકાઇ ગયો હતો, પાણી અંદર

ન જઈ શકયું અને સવારના લગભગ સાત વાગે ભારતના ભાગ્યાકાશનો એક પ્રકાશિત ચંદ્ર અસ્ત પામ્યો.

મૃત્યુ સામે જ્યારે છેલ્લી ઘડીએ એ ઝૂઝી રહ્યા હતા, ત્યારે પણ એ પોતાના દેશને ભૂલ્યા નહોતા. સ્વરાજ્યસંગ્રામમાં હમદર્દી બતાવવા ખાતર ગઢવાળા સિપાઈઓને પંદર પંદર વરસની જેલ મળી. એમના કુટુંબનું ધ્યાન રાખવાની એ છેલ્લી ઘડીએ ગાંધીજીને ભલામણ કરવાનું ન ભૂલી શકયા.

ઇન્કિલાબ ઝિંદાબાદના પોકારો વચ્ચે આખા શહેરના મુખ્ય રસ્તાઓ ઉપર એમની સ્મશાનયાત્રા નીકળી. અગણિત સ્ત્રીપુરુષો એમના ઉપર ફૂલ વરસાવવા અને દર્શન કરવા એકઠાં થયાં. છેક સાંજના સ્મશાનભૂમિમાં પહોંચ્યાં અને ચંદનની ચિતામાં મોતીલાલજીનાં દેહપોઢણ થયાં.

સૌ ઇન્કિલાબ ઝિંદાબાદ બોલતાં, પણ સૌની આંખમાં તો આંસુ હતાં. એમના અવસાનના સમાચારથી આખા દેશમાં હાહાકાર ફેલાઈ ગયો. આખા હિંદુસ્તાન ઉપરાંત જાપાન, લંકા, ઇંગ્લૅંડ, જર્મની, ફ્રાન્સ, આફ્રિકા, અમેરિકા વગેરે અનેક દેશોમાં શોક પાળવામાં આવ્યો. ખુદ સંયુક્ત પ્રાંતની સરકારે પણ સરકારી મકાન ઉપરનો યુનિયન જેક અર્ધી કાઠીએ ઉતારીને શોક પ્રદર્શિત કર્યો હતો.

એમની ચિતા જ્યારે જલતી હતી ત્યારે ગાંધીજીએ કહ્યું:
" આ ચિતા નથી, રાષ્ટ્રયજ્ઞનો હવનકુંડ છે. "

('દિનકર' માસિકના એક અંકમાંથી)

૫૦–શ્રદ્ધેય ગણેશશંકર વિદ્યાર્થી

(લેખકઃ–શ્રી. સુરેન્દ્ર શર્મા)

"આજ બારહ બજે લખનઉ સે બા૦ મોહનલાલ સકસેના આ રહે હેં. ઉનસે મિલકર કાકોરી–કેસ કે અભિયુક્તોં કા આજ તક કા સમાચાર લાઇયે ઔર ઉસે "પ્રતાપ" મેં જરૂર દીજિએ; પરન્તુ કિસી હાલત મેં ભી "પ્રતાપ" લેટ ન હોને પાવે."–ઇતના કહ કર શ્રદ્ધેય વિદ્યાર્થીજી દફ્તર સે ચલે ગયે. ઉસ સમય રાત કે સાઢે ગ્યારહ બજ ચુકે થે. ઉસ દિન શનિવાર થા, ઔર

દૂસરે દિન સબેરે હી "પ્રતાપ" નિકલનેવાલા થા. ઉન દિનોં "પ્રતાપ" કા સાપ્તાહિક સંસ્કરણ હી નિકલતા થા. ઉસ દિન છપનેવાલે સબ પૃષ્ઠોં કી તરતીબ ઔર શામ કી ડાક દેખકર વિદ્યાર્થીજી ઘર જા ચુકે થે. કામ સબ સમાપ્ત હો ચુકા થા. કેવલ કાકોરી—કેસ કે અભિયુક્તોં કે સમાચાર કે લિએ દો—એક કાલમ ખાલી છોડ દિયે ગયે થે. ૧૨ બજે કે બાદ મૈં રાષ્ટ્રીય સ્કૂલ મેં બા૦ મોહનલાલજી સકસેના સે મિલા ઔર કાકોરી—કેસ કે અભિયુક્તોં કે સમ્બન્ધ મેં બડી દેર તક ઉનસે બાતેં કીં. વહીં મૈંને ઉનકી બાતોં કા સાર સંક્ષેપ રૂપ મેં લિખ કર ઉન્હેં સુના ભી દિયા. જબ ઉન્હોંને ઉસ સમાચાર કો જિસ રૂપ મેં મૈંને લિખા થા, ઉસી રૂપ મેં છાપને કી અનુમતિ દે દી, તબ મૈંને "પ્રતાપ" પ્રેસ મેં જાકર ઉસે કમ્પોઝીટર કે હાથ મેં દે દિયા. કમ્પોઝીટર સમાચાર કમ્પોઝ કરને મેં લગે ઔર મૈં અપની ટેબિલ પર બૈઠ કર ઉસકે પ્રૂફ કી પ્રતીક્ષા કરને મેં. ઉસ સમય તીન બજ રહે થે. આંખોં મેં નીંદ કા નામ તક ન થા. કેવલ એક બાત સામને થી. વહ યહ કિ કમ્પોઝીટર સમાચાર કા પ્રૂફ લાકર રખેં ઔર મૈં ઉસે દેખ કર અન્તિમ ફાર્મ કે છપને કા આર્ડર દે દૂં. પાંચ બજે કે બાદ મૈંને સમાચાર કા ફાઇનલ પ્રૂફ દેખ કર અન્તિમ ફાર્મ કે છપને કા આર્ડર દે દિયા. મેશીન ધડાધડ ચલને લગી, ઔર બાત—કી—બાત મેં "પ્રતાપ" કા છપના ઔર બનના આરમ્ભ હો ગયા. વિદ્યાર્થીજી કી ઇચ્છા કે અનુસાર કાકોરી—કેસ કે અભિયુક્તોં કા સમાચાર દે દિયા ગયા ઔર "પ્રતાપ" ભી સમય પર નિકલ ગયા. ઉસ કે બાદ મૈં અપને કમરે મેં જાકર સો ગયા. ઐસી નીંદ આઇ કિ કઇ ઘંટે બીત ગયે ઔર માલૂમ ન પડે. ઉસ નીંદ મેં સચમુચ બડા સુખ થા, વહ સુખ કેવલ અનુભવ કરને કી ચીજ થી, વર્ષોં કે બાદ આજ લિખને કી ચીજ નહીં હૈ.

વિદ્યાર્થીજી બહુત અનુશાસન—પસન્દ થે, અપને આદમિયોં સે કામ લેતે સમય વે કભી તનિક ભી મુરૌવત યા રિયાયત ન કરતે થે. ખૂબ કસ કર, બડી કડાઇ સે, કામ લેતે થે. ઉનકે સામને સદા કામ કે સમય કામ હી કી બાત હોતી. મેહનત સે જી ચુરાનેવાલે નિકમ્મે આદમી કભી ઉનકે સામને ઠહરને કી હિમ્મત ન કર સકતે થે. એક કમ્પોઝીટર ઔર કલાર્ક સે લેકર ઉનકે સહકારી સમ્પાદકોં તક કે હૃદય પર ઉનકે ઉંચે ઔર

રોબીલે વ્યક્તિત્વ કા પ્રભાવ સ્પષ્ટ રૂપ સે પડતા હુઆ દિખાઇ દેતા થા. જિસ ક્ષણુ વે દફ્તર મેં જાકર બૈઠ જાતે, ઉસી ક્ષણુ સે સબ જગહ સન્નાટા છા જાતા. કમ્પોઝીટરોં મેં, મેશીન પર કામ કરનેવાલોં મેં, કલાર્કોં મેં, ઉપ-સમ્પાદકોંમેં-સર્વત્ર બિજલી-સી દૌડ જાતી. પ્રેસ ઔર દફ્તર-ભર મેં મજાલ ક્યા કિ કહીં પત્તા ભી ખટક સકે, ઔર કિસી કે સામને કામ કો છોડ કર કોઇ દૂસરી બાત હો; પરન્તુ ક્યા ઇસ અનુશાસન મેં, ઇસ વ્યવસ્થા મેં, ઇસ સુપ્રબન્ધ મેં, વિદ્યાર્થીજી કા કોરા આતંક કામ કરતા થા? હર્ગિજ નહીં. યદિ ઇસ નિયન્ત્રિત વ્યવસ્થા મેં કોરા આતંક કામ કરતા હોતા, તો "પ્રતાપ" ઇતના ઊંચા ઉઠને હી ન પાતા, ઔર ન વિદ્યાર્થીજી હી "પ્રતાપ" કાર્યાલય મેં બૈઠ કર સુચારુ રૂપસે ઇતના અધિક કામ કર સકતે. ઇસ કઠિન નિયન્ત્રણુ ઔર ઉપર સે દિખાઇ દેનેવાલી કઠોર વ્યવસ્થા મેં, પદ-પદ પર, વિદ્યાર્થીજી કી વહ અનૂઠી સદ્ભાવના, સહૃદયતા ઔર સહાનુભૂતિ કામ કરતી થી, જો બરબસ ઉનકે સહયોગિયોં કા હૃદય જીત લેતી થી. યહી કારણુ થા કિ ઉનકી આવાજ કે સાથ હી ઉનકે આદમી સહર્ષ ઉનકે હુકમ કી તામીલ કરતે થે ઔર ઉનકે બતાયે હુએ કામ કો પ્રેમપૂર્વક કરતે થે, બોઝ સમઝ કર નહીં. કભી-કભી તો અપને સહયોગિયોં કી જિમ્મેદારી પર ઔર ઉન્હીં કે દ્વારા કિયે હુએ કામોં કે કારણુ વિદ્યાર્થીજી કો બડે-સે-બડે ખતરે કા સામના કરના પડતા થા. ઔર ઉન ખતરોં કો વે સિંહ કી તરહ, એક બહાદુર ઔર સચ્ચે યોદ્ધા કી તરહ, હંસતે-હંસતે અપને ઉપર ઓઢ લેતે થે. ઇસ દશા મેં યદિ ઉનકે સાથી ઉનકે સંકેત-માત્ર પર અપને પ્રાણુ દેને કો તૈયાર રહતે થે, તો કોઇ તાજ્જુબ કી બાત ન થી.

ઉપર સે દેખને પર અપને આદમિયોં કે લિએ વિદ્યાર્થીજી સચમુચ બાદામ કી તરહ કઠોર થે. ઇસ લિયે કિ વે ઉનસે અધિક-સે-અધિક સખ્તી સે કામ લેને કે આદી થે; કિન્તુ કિસી કઠિન સમય મેં જબ કિસી આદમી પર વિપત્તિ આ પડતી થી, તબ ઉનકી દરિયાદિલીકા પ્યાલા છલક ઉઠતા થા. પ્રેસ મેં ઝાડૂ દેનેવાલે મેહતર સે લેકર કન્ધે સે કન્ધા ભિડા કર કામ કરનેવાલે સમ્પાદકોં તક સભી કે લિએ ઉનકે હૃદય મેં બડી મમતા થી. વે ચાહતે થે કિ ઉનકે સમ્પર્ક મેં રહનેવાલે સભી આદમી અધિક

સે અધિક સુખ–સન્તોષ સે રહેં, ખૂબ ફૂલે–ફલે ઔર ઉન્હેં કોઇ સન્તાપ ન હો. જબ ઉનકા કોઇ આદમી સંકટ મેં હોતા, તબ વે યથાશક્તિ ઉસકી સહાયતા કરને મેં કુછ ભી ઉઠા ન રખતે.

ઠીક હોલી કી પૂર્ણિમા થી. એક મેહતરાની કી લડકી કો, જો પ્રેસકે અહાતે મેં ઝાડૂ દેને આતી થી, પ્રેસ કે કિસી આદમીને ટાઈપ ચુરાતે હુએ પકડ લિયા. બડા બાબેલા મચા. પ્રેસ કે એક "બિગડે–દિલ" સજ્જનને લડકી કો પુલિસ કે હવાલે કર દિયા. ઉસ સમય વિદ્યાર્થીજી કહીં બાહર ચલે ગયે થે, આને પર મામલા ઉનકે સામને લાયા ગયા. વે કહને લગે–"અરે ભાઇ, જાને ભી દો, હોલી કે દિન લડકી કી મા કે દિલ પર કૈસી બીતી હોગી, તુમ અપને ઘર મેં ઐસા ઇન્તજામ રખો, જિસ સે ચોરી હોને હી ન પાવે." તુરન્ત હી ઉન્હોંને એક આદમી થાને મેં ભેજ કર લડકી કો પુલિસ કી હવાલાત સે છુડવા દિયા. ઉનકા દર્દ–ભરા દિલ, વહ જો સદા દૂસરોં કી પીડા કો અનુભવ કર તડપ ઉઠતા થા, ભીતર સે ઠીક બાદામ કી મિંગી કી તરહ થા.

જિસ સખ્તી સે વિદ્યાર્થીજી અપને સહયોગિયોં સે કામ લેને કે આદી થે, ઉસસે ભી કહીં અધિક સખ્તી સે વે સ્વયં જુટ-કર કામ કરને કે અભ્યસ્ત થે. ઉનકે ચરિત્ર મેં, કાર્ય–શૈલી મેં, રહન–સહન મેં, ચાલ–ઢાલ મેં, તનિક ભી ઢિલાઈ યા શિથિલતા નહીં થી. યદિ પ્રારમ્ભ હી સે ઉન્હેં સૈનિકશિક્ષા મિલી હોતી, તો આગે ચલકર વે સચમુચ સેના–સંચાલન કે કામ મેં અનુપમ બુદ્ધિ–કૌશલ ઔર 'બૈલેન્સ ઑફ માઇન્ડ' કા પરિચય દેતે. બડે સે બડે સંકટ કે સમય મેં ભી મૈંને વિદ્યાર્થીજી કો કભી ઘબરાતે યા હતપ્રભ હોતે નહીં દેખા. બડે સે બડે ખતરોં કો ઓઢ લેને પર ભી ઉનકે સામને કર્તવ્ય કી રેખા સ્પષ્ટ રહતી થી. ઐસે સમય ઉનકે લિયે કિસી કો પથપ્રદર્શન કરને કી જરૂરત ન રહ જાતી થી. વે કઠિન સે કઠિન સમય મેં સ્વયં અપને માર્ગ કો પ્રશસ્ત બનાના ઔર ઉસ પર યોગ્યતા કે સાથ અપને સાથિયોં કો લે જાના ખૂબ જાનતે થે. અસલ બાત યહ થી કિ ઉનકા દિમાગ બહુ-ત સુલઝા હુઆ ઔર વિચાર–ધારા સ્પષ્ટ થી.

હાં, તો મૈં પહલે કહ આયા હૂં કિ વિદ્યાર્થીજી સ્વયં કામ કરને મેં અપને સાથિયોં કી અપેક્ષા અપને ઉપર કહીં અધિક સખ્તી કરતે થે. કામ કરતે સમય વે અપના ખાના–પીના તક ભૂલ

જાતે થે. સવેરે ઘર સે નિકલ કર વે પ્રેસ મેં જાતે ઔર કામ કે અનુસાર થોડી યા બહુત દેર ઠહરકર બાહર ચલે જાતે ઔર લૌટ-કર એક–દો બજે તક ઘર પહુંચતે, તબ કહીં ભોજન કરતે. ઉનકે સામને, આસપાસ, દાએં–બાએં પ્રતિક્ષણુ કેવલ દો હી કામ રહતે–સાર્વજનિક યા "પ્રતાપ" કા કામ. ઇન દો કામોં કે અતિ-રિક્ત તીસરા કોઈ કાર્ય તો શાયદ સ્વપ્ન મેં ભી ઉનકે સામને ન આતા હોગા. પરન્તુ ઇન્હીં દો કામોં કી જિમ્મેદારિયોં સે વે સદા વ્યસ્ત ઔર પિસે હુએ–સે રહતે. બહુત દિનોં તક "પ્રતાપ" કા વ્યવસ્થા–સમ્બન્ધી કામ પં૦ શિવનારાયણુજી મિશ્ર કરતે રહે; પરન્તુ બાદ મેં "પ્રતાપ" કા સમ્પાદન ઔર ઉસકી વ્યવસ્થા દોનોં હી કામ અકેલે વિદ્યાર્થીજી કો કરને પડે. દોનોં હી કામ ઉન્હોંને અપને આદર્શ કે અનુકૂલ બહુત હી સુવ્યવસ્થિત ઔર સુચારુ રૂપ સે સમ્પાદિત કિયે. કેવલ બાજાર હી મેં નહીં, જીવન કે પ્રત્યેક ક્ષેત્ર મેં ઉનકી જબર્દસ્ત ધાક થી. ઔર સાખ ? સાખ કે લિએ તો વિદ્યાર્થીજી યા ઉનકે પ્યારે "પ્રતાપ" કા નામ હી કાફી થા. બડે સે બડે આદમી ઔર બડે–સે–બડે બૈંક વિદ્યા-ર્થીજી કી જમાનત પર કિસી ભી આદમી કો રૂપયા ઉધાર દેના અપના ગૌરવ માનતે થે. બાજાર કે પ્રતિષ્ઠિત–સે–પ્રતિષ્ઠિત ધની વ્યાપારી વિદ્યાર્થીજી કા હુકમ બજા લાનેમેં બડા ફખ્ર સમઝતે થે. પરન્તુ યહ બાત આમ તૌર પર સભી લોગ જાનતે હૈં કિ ઉન્હોંને અપની લોકપ્રિયતા સે, અપને અદ્ભુત પ્રભાવ સે, કભી વ્યક્તિગત અનુચિત લાભ નહીં ઉઠાયા. ઉનકે ઉસ પ્રભાવ સે અમરબેલિ કી તરહ કાનપુર યા ઇસ પ્રાન્ત કે સાર્વજનિક જીવન કા પૌધા હરાભરા રહા ઔર ફલા–ફૂલા "પ્રતાપ".

ભોજન કરને કે બાદ, પ્રાયઃ તીસરે પહર, વિદ્યાર્થીજી ફિર "પ્રતાપ" કાર્યાલય મેં ચલે જાતે. વે સદા સાર્વજનિક કાર્યોં મેં અત્યધિક વ્યસ્ત રહને પર ભી સમ્પાદકીય વિભાગ કે સબ આદમિયોં સે અધિક અધ્યયન કર લેતે થે, યહ સચમુચ તાજ્જુબ કી બાત થી. વે આતે હી ખજાંચી કે પાસ ખડે હો જાતે ઔર દૈનિક આય–વ્યય કા હિસાબ દેખતે. આયે હુએ રૂપયે તથા આવશ્યક વ્યય કે સમ્બન્ધ મેં જો કુછ જરૂરી બાત કહની હોતી, ઉસે વે ખજાંચી સે કહ દેતે. ઉસકે બાદ વે અપને કમરે મેં જાકર બૈઠ જાતે. દફ્તર કે પ્રબન્ધ યા કિસી આદમી કી શિકા-

યત કે સંબન્ધ મેં યદિ કોઇ બાત સામને આતી, તો ઉસે બડે ધ્યાન સે સુન લેતે ઔર ઉસી સમય તુરન્ત હી ઉસકા સમુચિત ફૈસલા ભી કર દેતે. ફિર સ્વયં જરૂરી ચિઠ્ઠિયોં કા ઉત્તર લિખને બૈઠ જાતે. "પ્રતાપ" કે સમ્પાદકીય વિભાગ કે સમ્બન્ધ મેં જિન આવશ્યક પત્રોંકા ઉત્તર દેના હોતા, ઉસકે લિએ અપને સહકારી સમ્પાદકોં મેં સે કિસીકો બુલાકર આવશ્યક બાતેં સમઝા દેતે ઔર ઉન્હેં તુરન્ત હી આવશ્યક પત્રોં કા ઉત્તર દેને કી હિદાયત કર દેતે. ઉનકી સખ્ત હિદાયત રહતી થી કિ "પ્રતાપ" કે દફ્તર મેં આઇ હુઇ એક ભી ચિઠ્ઠી કી કભી ઉપેક્ષા ન કી જાય. સાધારણ ઝોંપડી મેં રહને વાલે એક કિસાન સે લે કર રાજ–પ્રાસાદોં મેં નિવાસ કરનેવાલે સમ્પન્ન વ્યક્તિયોં તક કે પત્રોં પર યથાસમય યથોચિત કાર્યવાઇ કી જાતી. જો પત્ર ઉટપટાઁગ બાતોં સે ભરે હોતે, ઉનકી ભી ઉપેક્ષા ન કી જાતી. ઉનકે સંબન્ધ મેં ભી "પ્રતાપ" મેં ન છપને કે કારણ કી સ્પષ્ટ સૂચના દે દી જાતી. ઐસે પત્રોં કે સમ્બન્ધ મેં વિદ્યાર્થીજી હમસે કહતે કિ "ભાઇ, જિસ આદમીને પૈસા ખર્ચ કરકે આપકો ચિઠ્ઠી લિખી હૈ, ઉસકે પ્રતિ ભી આપકી કુછ જિમ્મેદારી હૈ, ઔર અગર ઉસકી બાતેં વ્યર્થ ઔર નિસ્સાર હૈં, ઉનસે કિસીકા કુછ ભી ભલા નહીં હોતા, તો આપ ઇસ બાત કી ઉસે સૂચના જરૂર દે દેં, જિસસે વહ ભવિષ્ય મેં સાવધાન હો કર અપને પત્ર મેં અપને યા દૂસરે કે કામ કી બાત લિખના સીખે." યહી કારણ થા કિ પ્રતિ સપ્તાહ "પ્રતાપ" મેં "નહીં છપેંગે" શીર્ષક દેકર નામ ઔર પતે કે સાથ બીસિયોં અનર્ગલ પત્રોં કે ન છપને કે કારણ કી સૂચના દે દી જાતી થી.

જબ નિયમ સે વિદ્યાર્થીજી "પ્રતાપ" કા સમ્પાદન કરતે થે, તબ સવેરે નૌ બજે સે બહુત પહલે હી, કિસી દિન બહુત સવેરે હી, દફ્તર મેં પહુંચ જાતે થે. ઠીક નૌ બજે કમ્પોઝીટર આ કર અપના કામ આરંભ કરતે થે, ઉસી સમય વિદ્યાર્થીજી અપને કમરે મેં સે કિસી એક સહકારી કો બુલાકર ઉસસે ઉસ દિન કા લિખા હુઆ મૈટર માંગતે. તુરન્ત હી મૈટર ઉનકે સામને મેજ પર રખ દિયા જાતા, ઔર વે ઉસે દેખને મેં તલ્લીન હો જાતે. પ્રતિદિન કે મૈટર કે લિએ "પ્રતાપ" કે પૃષ્ઠ ઔર ઉનકે અન્તર્ગત સ્તમ્ભ નિયત થે. દૂસરે દિન ક્યા લિખા જાયગા, ઇસકે લિએ પ્રાયઃ વિદ્યાર્થીજી એક દિન પહલે હી આવશ્યક બાતેં બત-

લા દિયા કરતે થે. જિસ દિન અન્ય કામાં મેં વ્યસ્ત રહને કે કારણુ વે કુછ ન બતલા પાતે, ઉસ દિન હમ લાગ આપસ મેં પરામર્શ કરકે અથવા પં૦ બાલકૃષ્ણજી સે પૂછકર મૈટર તૈયાર કર લેતે. યહ બાત ઉન દિનાં કી હૈ, જબ "પ્રતાપ".કા કેવલ સાપ્તાહિક સંસ્કરણુ નિકલતા થા, ઔર સમ્પાદકીય વિભાગ મેં વિદ્યાર્થીજી કે અતિરિક્ત પં૦ બાલકૃષ્ણજી, પં૦ વિષ્ણુદત્તજી શુકલ ઔર મૈં—કેવલ યે હી આદમી કામ કરતે થે.

'પ્રતાપ' કા મૈટર દેખતે સમય વિદ્યાર્થીજી ઉસકે સમ્પાદન કે લિએ બિલકુલ તૈયાર રહતે થે. મૈટર મેં કોઈ ઐસી બાત હી ન હોતી, જિસે વે પહલે હી સે અચ્છી તરહ પઢકર અપને દિમાગ મેં ન ભર લેતે. દૂસરે દિન પ્રેસ મેં દિયે જાનેવાલે મૈટર કે સમ્બન્ધ મેં, વે પહલે દિન રાત કે સાઢે ગ્યારહ ઔર કભી-કભી તો બારહ બજે તક બડી તલ્લીનતા કે સાથ અખબાર પઢા કરતે થે. ઉનકી પઢી હુઈ આવશ્યક તથા જ્ઞાતવ્ય બાતેં કે જૌહર તબ ખુલતે થે, જબ કિ વે સવેરે હમારે લિખે હુએ મૈટર કા સમ્પાદન કરને બૈઠતે, યા "પ્રતાપ" કા અગ્રલેખ બોલકર લિખાતે. યદિ કભી કોઈ આવશ્યક બાત હમારી નજર સે ઓઝલ હો જાતી, તબ વે બહુત બુરી તરહ ઝુંઝલા જાતે ઔર હમારી અસાવધાની તથા અકર્મણ્યતા સે ખીઝકર હમેં લે લે ડાલતે. અસલ બાત યહ થી કિ ઉનકી સમ્પાદન-કલા ઔર ઉનકી કાર્ય-પ્રણાલી કા સ્ટૈણ્ડર્ડ બહુત ઊંચા થા. અપને હૃદય કા રક્ત દેકર ઉન્હાંને "પ્રતાપ" કો સીંચા ઔર ઉસે ઠીક અપને આદર્શ કે અનુરૂપ હી ઊંચે સ્ટૈણ્ડર્ડ તક પહુંચા દિયા થા. યહી કારણુ થા કિ અપને મન ઔર મસ્તિષ્ક કી સારી શક્તિયાં લગાકર ભી મૈં ઉનકે ઊંચે સ્ટૈણ્ડર્ડ કી સમ્પાદન-કલા કો સ્પર્શ કરને મેં પ્રાયઃ અસમર્થ હી રહતા, ઔર જિતના-જિતના મૈં અપને-આપકો ઉસ ઊંચે ઔર પુનીત આદર્શ કો સ્પર્શ કરને મેં અસમર્થ પાતા, ઉતની હી અધિક તત્પરતા ઔર સજગતા સે મૈં ઉસે ફિર-ફિર ઉછલકર પકડને મેં આનંદ અનુભવ કરતા થા. ઇસી ઉદ્યોગ મેં, ઇસી આનંદ મેં, એક કે બાદ દૂસરે કિતને હી વર્ષ આયે ઔર ચલે ગયે; પર માલૂમ ન હુએ ક્યોં ? ઇસલિયે કિ વિદ્યાર્થીજી કે સંસર્ગ મેં રહને ઔર કઇ વર્ષ તક ઉનકે સાથ કામ કરતે રહને કે કારણુ પત્ર-સંપાદન-કલા મેં મન કુછ ઐસા રમ ગયા થા કિ ઉસ

મેં સચમુચ સ્વર્ગીય આનંદ કા અનુભવ હોતા થા; ઐસા આનંદ જિસ કે બિના અબ જીવન બહુત-ફીકા ઔર નિસ્સાર માલૂમ હોતા હૈ.

જિસ પ્રકાર કિસી વિષય કે ઉચ્ચકોટિ કે ચરિત્રવાન વિદ્વાન અધ્યાપક કે સંસર્ગ મેં આકર ઉનસે બાતેં કરને મેં કોઇ વિદ્યાર્થી આનંદ અનુભવ કરતા હૈ, ઉસી પ્રકાર કા આનંદ સમ્પાદન-કલા કે સમ્બન્ધ મેં વિદ્યાર્થીજી કે મુંહ સે આવશ્યક ઔર જ્ઞાતવ્ય બાતેં સુનને ઔર સમઝને મેં મુઝે હોતા થા. કુછ ઐસા માલૂમ પડતા થા કિ, માનો સમ્પાદન-કલા કી એક એક બાત ઉન્હેં આરમ્ભ હી સે માં કે દૂધ મેં ઘોલકર પિલાઇ ગઇ હો. બડે સે બડે અખબાર કે પન્ને ઉલટકર ઉસસે બાત કી બાત મેં અપને કામ કી બાત ઢૂંઢ નિકાલના વે ખૂબ જાનતે થે. "પ્રતાપ" કે કમરે મેં આયે હુએ હિંદી, ઉર્દૂ ઔર અંગરેજી કે અખબારોં કો તો વે નિત્ય બડે ધ્યાન સે પઢતે હી થે; પર સાથ હી બંગલા, ગુજરાતી આદિ પ્રાંતીય ભાષાઓં કે અખબાર ભી ઉનકી તેજ ઔર સરસરી નજર સે બચને ન પાતે થે.

જબ વિદ્યાર્થીજી કો "પ્રતાપ" કે લિએ અગ્રલેખ યા ટિપ્પણિયાં બોલકર લિખાની હોતી, તબ પ્રાયઃ વે બગલ કે કમરે સે મુઝે યા વિષ્ણુજી કો પુકાર લેતે. વહ કાગજ, જિસ પર વે પહલે હી સે લેખ કે પોઇંટ્ન્સ નોટ કર લેતે થે, ઉનકે સામને રખા હોતા ઔર દાએં-બાએં અખબારોં કે ઢેર લગે હોતે. અગ્રલેખ લિખાતે લિખાતે, ઉસકે વિષય કે અનુસાર, વે કભી કભી બીચ હી મેં સામને બૈઠે હુએ લિખનેવાલે સે પૂછ બૈઠતે-"અમુક વિષય મેં, ઐસેમ્બલી મેં પં૦ મોતીલાલજી કી બાતોં કા હોમમેમ્બરને ક્યા જવાબ દિયા?" યદિ ઇસ પ્રકાર કે પૂછે હુએ પ્રશ્ન કા ઉત્તર તુરંત હી હમારે મુંહ સે નિકલ જાતા, તબ તો ગનીમત થી, અન્યથા તત્ક્ષણ હી વિદ્યાર્થીજી કી ત્યૌરી બદલ જાતી, ઔર વે આવેશ કે સાથ કહ ઉઠતે-"આપ લોગ સમ્પાદકી કરતે હૈં ઔર પઢતે-લિખતે ખાક ભી નહીં!" ઉસ સમય અપની જિમ્મેદારી કો અનુભવ કરતે હુએ હમારી જો દશા હોતી, ઉસ કે સમ્બન્ધ મેં આજ ક્યા લિખા જાય! મતલબ યહ હૈ કિ ઉનકે સામને લિખને કે લિએ બૈઠના ભી ખતરે સે ખાલી નહીં થા. ઉનકે સામને રહતે સમય હમારા સારા જ્ઞાન, જાનકારી, પઢના-લિખના, સબ-કુછ ઉનકી આલોચ-

ના કી તરાજૂ પર ચઢા રહતા થા, ઔર ઉસ તરાજૂ પર હમારે જ્ઞાન કા, હમારી સમ્પાદકીય બાતોં કી જાનકારી કા, પલડા પ્રાયઃ હલકા હી રહતા થા. કિસી–ન–કિસી પ્રસંગ મેં વે દો એક ઐસે પ્રશ્ન જરૂર પૂછ બૈઠતે, જિન કે સમ્બન્ધમેં હમેં નિરુત્તર હો જાના પડતા. ઉસકા એક કારણ ભી થા. જિસ વિષય પર હમેં સ્વયં લિખના હોતા થા, ઉસે હમ બહુત તૈયારી કે સાથ અચ્છી તરહ પઢ લેતે ઔર બાકી ચીજેં સરસરી નજર સે દેખ જાતે. ઇસલિયે ઐસા કરને મેં કુછ–ન–કુછ જરૂરી બાતેં સ્વભાવતઃ છૂટ જાતી થીં. વિદ્યાર્થીજી કે પત્ર–સમ્પાદન કા આદર્શ હી દૂસરા થા. ઉસકે અનુસાર વે અપને પ્રત્યેક સહયોગી સે યહ આશા કરતે થે કિ વહ પ્રતિદિન દેશભર મેં હોનેવાલી સભી આવશ્યક ઔર મહત્ત્વ-પૂર્ણ ઘટનાઓં કો ધ્યાન કે સાથ પઢકર ઇસ પ્રકાર હૃદયંગમ કર લે કિ જરૂરત પડને પર વહ ઉન પર લિખ ઔર બોલ ભી સકે, ઔર ઐસા કરતે સમય વહ ઉન મામલોં પર અધિકારપૂર્ણ ઢંગ સે અપની નિજી રાય ભી દે સકે. જિન લોગોં કો દેશ કે જટિલ-તમ સાર્વજનિક પ્રશ્નોં કો સુલઝાને કા કામ પડતા હૈ, અથવા જો લોગ જિમ્મેદારી કે સાથ પત્ર–સમ્પાદન કરના જાનતે હૈં, વે અનુભવ કર સકતે હૈં કિ ઇસ કસૌટી પર કિસી ભી અચ્છે સે અચ્છે અધ્યયનશીલ વ્યક્તિકા ખરા ઉતરના કિતના કઠિન હૈ. દેશ કે સાર્વજનિક, આર્થિક ઔર રાજનૈતિક પ્રશ્નોં મેં એક છોટે સે ગાંવ કે કિસાન ઔર જમીંદાર કે ઝગડે સે લેકર ઐસેમ્બલી મેં હોનેવાલી વિનિમય–સમસ્યા તથા વિદેશી માલ કે સંરક્ષણ કી સરકારી નીતિ આદિ તક છોટી–મોટી સભી બાતેં આ જાતી હૈં. ઇન જટિલ સમસ્યાઓં કો ઉનકે યથાર્થ રૂપ મેં અધ્યયન કર કે ઉન પર અધિકારપૂર્ણ ઢંગ સે કુછ ભી કહને કા સાહસ કરના સચમુચ એક બહુત બડી બાત થી. ઔર ફિર, આંતરરાષ્ટ્રીય રાજનીતિ કે મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ભી આંખો સે ઓઝલ ક્યોં હોને પાયેં ? ઉનકે વિના આધુનિક પત્ર–સમ્પાદન–કલા કૈસી? યહી કારણ થા કિ હમ અધિક–સે–અધિક ઉદ્યોગ કર કે ભી, અપની સારી શક્તિયાં લગા કર ભી, "પ્રતાપ" કે લિએ વિદ્યાર્થીજી કી ઇચ્છા ઔર ઊંચે આદર્શ કે અનુસાર ઉપયોગી મૈટર લિખને મેં અપને આપકો અસમર્થ હી પાતે થે. સંતોષ કેવલ ઇતના જરૂર રહતા થા કિ ઇસ આદર્શ કે અનુસાર કામ કરને કે લિએ હમ

અપની ઓર સે કુછ ભી ઉઠા ન રખતે થે. ઇસ મેં તનિક ભી સંદેહ નહીં કિ વિદ્યાર્થીજીને હમેં ઇસ કામ કે લિએ અધિક-સે-અધિક પ્રોત્સાહન દિયા, ઔર જબ-તબ હમારે ઉદ્યોગ કી સરાહના કી ઔર દાદ ભી દી.

હમારે લિખે હુએ મૈટર કા સમ્પાદન કરતે સમય વિદ્યાર્થીજી લાલ સ્યાહી સે સારે પન્ને રંગ ડાલતે થે. વે વાસ્તવ મેં ઉસ મૈટર મેં ઇતની અધિક કાટ-છાઁટ કરતે થે કિ સારે લેખ કી બિલકુલ કાયા હી પલટ જાતી થી. ઉનકે દ્વારા સમ્પાદિત પ્રત્યેક લેખ કી સચમુચ બિલકુલ એક નઈ રૂપ-રેખા હો જાતી થી. ઉસ મેં વે બિલકુલ સજીવ વિચાર ઔર નવીન સ્ફૂર્તિ ભર દેતે થે. વે અપને સમ્પાદિત લેખ મેં અપને આદર્શ કે અનુરૂપ હી ઐસા અનૂઠા રંગ દેતે થે કિ સચમુચ વહ ચમક ઉઠતા થા. “પ્રતાપ” કી પુરાની ફાઇલોં મેં આજ ભી વિદ્યાર્થીજી દ્વારા સમ્પાદિત લેખોં કી અદ્ભુત શૈલી ઔર ઉનકા બાંકપન સ્પષ્ટ દિખાઇ પડતા હૈ.

જિસ સમય વિદ્યાર્થીજી લિખતે થે, ઉસ સમય વે પ્રાયઃ અપને કમરે કા બાહરી દરવાજા બન્દ કરા દિયા કરતે થે. ઇસ બીચ મેં આનેવાલે મિત્રોં સે કહ દિયા જાતા કિ વે લિખ રહે હૈં. બસ, મિત્રગણ વાપસ ચલે જાતે ઔર ફિર કિસી દૂસરે સમય આકર ઉનસે અપને કામ કી બાત કરતે. જબ વિદ્યાર્થીજી સ્વયં લિખને કે લિએ બૈઠતે, તબ વે સચમુચ ઉસ મેં તલ્લીન હો જાતે. ઉનકી લેખની બડી દ્રુત ગતિ સે કાગજ પર બિજલી કી ભાઁતિ દૌડતી ઔર ઉનકે અન્તસ્તલ સે નિકલી હુઇ વિચાર-ધારા કો વ્યક્ત કરતી ચલી જાતી થી. ઉનકી ઉમડતી હુઇ હૃત્સરિતા સે એક કે બાદ દૂસરે વિચાર ઇસ પ્રકાર વેગ સે કલમ કે નીચે આતે કિ ઘંટોં તક ઉનકા પ્રવાહ ટૂટને ન પાતા ઔર પૂરી બાત કા અન્ત કરકે હી ઉનકી લેખની વિશ્રામ લેતી. ઉન્હોંને અપને હૃદય પર, અપને દિલ ઔર દિમાગ પર ઔર અપની લેખની પર બડે વિચિત્ર ઢંગ સે અધિકાર કર રખા થા. ઉસી અધિકાર કે કારણ વે જરૂરત કે અનુસાર અપની ઉત્કૃષ્ટ સે ઉત્કૃષ્ટ ઔર કઠોર અથવા કોમલ ભાવનાઓં કો વ્યક્ત કરને મેં સમર્થ હોતે ઔર અપને દાએં-બાએં, આસપાસ, માનવ-જીવન મેં પ્રતિક્ષણ ઘટિત હોનેવાલી ઘટનાઓં કો ઉનકે યથાર્થ રૂપ મેં અપની આંખોં સે દેખતે તથા અપને અનૂઠે ઢંગ સે ઉન પર પ્રકાશ ડાલને મેં સફલતા પ્રાપ્ત

કરતે થે. અપને લેખ કો સમાપ્ત કર ચુકને પર વે બડે મજેદાર ઢંગસે ગુનગુનાતે હુએ ઉસે દુહરાતે થે. ઉનકી વહ અપને વિચારોં મેં નિમગ્ન હો જાને કી યોગિયોં કી-સી વિલક્ષણ તલ્લીનતા ઔર ધીરે-ધીરે ગુનગુનાના સચમુચ પાસસે દેખને ઔર આનંદ અનુભવ કરને કી ચીજ થી. કભી-કભી તો ઉનકી ગુનગુનાહટ કી મધુર ધ્વનિ મેં સંગીત કા આભાસ સ્પષ્ટ પ્રતીત હોતા થા.

આજ કિસી કહાની યા લેખ કો દેખકર હમેં ઉસમેં ઊંચે આદર્શ યા "ચરિત્ર કી કમી" કા અનુભવ હોતા હૈ; પરન્તુ ઇસ કમી કા અનુભવ કરતે સમય હમ એક બાત ઔર ભૂલ જાતે હૈં, વહ યહ કિ જબ ચરિત્ર હમારે જીવન હી મેં નહીં હૈ, તબ હમારે લેખ યા કહાની મેં વહ કહાં સે આ જાયગા? વિદ્યાર્થીજી બડે ઊંચે ઔર આદર્શ ચરિત્ર કે વ્યક્તિ થે. રૂપયેપૈસે કી દૃષ્ટિ સે નિર્ધન હોતે હુએ ભી વે સચમુચ ચરિત્ર કે ધની થે. ઊંચે ચરિત્ર કી વહ પૂંજી વિશુદ્ધ સંસ્કારોં કે રૂપ મેં ઉન્હેં વિરાસત મેં અપને પૂજ્ય માતા-પિતા સે મિલી થી, ઔર સ્વયં ઉન્હોંને અપને ઉદ્યોગ સે ભી ઉપાર્જિત કી થી. યહી કારણ થા કિ ઉનકી પ્રતિભા, હૃદય-કોષ સે ચરિત્ર કી શક્તિ લેકર, દૃઢતા સે ઉનકે પ્રભાવશાલી લેખોં મેં સજીવતા ઉત્પન્ન કર દેતી થી. ઇસી વજહસે વે લેખ ઇતને શક્તિપૂર્ણ હો જાતે થે કિ સીધે જાકર પાઠક-કે અન્તસ્તલ કો સ્પર્શ કરને મેં સમર્થ હોતે થે. વિદ્યાર્થીજીને કેવલ અપને ચરિત્ર કી પૂંજી કે બલ પર અપને લેખોં દ્વારા યુક્ત-પ્રાન્ત, બિહાર, મધ્ય-પ્રદેશ, રાજપૂતાના આદિ પ્રાન્તોં મેં કિતને ગિરે હુએ સ્ત્રી-પુરુષોં કો ઊંચા ઉઠાયા, કિતને મૃતપ્રાય યુવકોં કો જગાકર, ઉનકી હડ્ડિયાં ફૌલાદ કી બનાકર, ઉન્હેં ફિર સે કર્મ-ક્ષેત્ર મેં લાકર ખડા કર દિયા, ઇસકા આજ ક્યા લેખા બન સકતા હૈ? યહ કેવલ ઉનકે ઉચ્ચ ચરિત્ર હી કા પ્રતાપ થા કિ ઉનકે લેખોં દ્વારા ઉનકે વિચાર લાખોં પાઠકોં કે મન પર સચમુચ જાદૂ કા-સા અસર ડાલતે થે. જો કામ જનતા કો જગાને મેં રુસ મેં ટાલસ્ટાય ઔર ગૌર્કી કે વિચારોંને કિયા, ઠીક વહી કામ વિદ્યાર્થીજી, યદિ વે કુછ દિનોં ઔર જીવિત રહતે તો, કેવલ અપની વિદ્યુત્ ગતિ સે ચલનેવાલી શક્તિશાલી લેખની કે બલ પર, લાખોં કિસાનોં ઔર મજદૂરોં કો એક વિરાટ સામૂહિક ક્રાન્તિ કે લિયે તૈયાર કરકે, કર જાતે. ઐસા થા ઉનકે આદર્શવાદી ઉચ્ચ ચરિત્ર-

કા પ્રભાવ ઔર દૂર–દૂર તક અપની સુનહલી રશ્મિયોં કા પ્રચાર કરનેવાલે વ્યક્તિત્વ કા તેજોમય પ્રકાશ ! ઐસે ખરે, લગન કે પક્કે નિઃસ્પૃહ, ઇમાનદાર, કર્તવ્યપરાયણ ઔર અપને આદર્શ કી દીપ-શિખા પર પતંગ કી ભાંતિ બલિ ચઢ જાનેવાલે આદર્શવાદી જન-સેવક આજ કે સાર્વજનિક વાતાવરણ મેં સચમુચ ઢૂંઢે ભી ન મિલેંગે.

વિદ્યાર્થીજી કે જીવન મેં ઔર ઉનકે ચરિત્ર મેં બડા અદ્‌ભુત સંયમ થા. ઉસ સંયમ કી છાપ ઉનકે પ્રત્યેક કામ પર લગ જાતી થી. દફ્તર મેં કામ કરતે સમય ઉનકે પ્રબંધ ઔર સારી વ્યવ-સ્થા મેં ઉનકે બુદ્ધિ–કૌશલ ઔર સંયમ કી સ્પષ્ટ ઝલક મિલતી થી. વે કિસી ભી આદમી કો અપને કામ કી બાત બહુત સાફ ઔર સંયત ઢંગ સે સમઝા દેતે થે. ઉસ મેં જરા ભી ગોલમાલ ઔર ગડબડી નહીં હોતી થી. ઉસકા કારણ કેવલ એક થા, વહ યહ કિ ઉનકા દિમાગ બહુત સાફ થા. કિસી ભી નયે–પુરાને, છોટે-બડે મસલે પર વે બહુત સ્પષ્ટ સોચને કે આદી થે. મૈંનપુરી કી અદાલત મેં “પ્રતાપ” કા માનહાનિવાલા મામલા સમાપ્ત હો ચુકા થા. ઉન્હીં દિનોં ફીરોજાબાદ મેં દિયે હુએ અપને ભાષણ મેં દેશ કે વર્તમાન શાસન–પ્રબંધ કી ચર્ચા કરતે હુએ વિદ્યાર્થી-જીને કહા થા કિ “યદિ મેરે હાથ મેં એક પ્રાંત કા શાસન–પ્રબંધ હો, તો મૈં નીચે સે ઉપર તક સબ મોહકમોં કી કાયાપલટ કર દૂં ઔર સારી ગડબડી ઔર રિશ્વતખોરી થોડે દિનોં મેં હી બંદ-કર એક સિરે સે દૂસરે સિરે તક સમૂચે પ્રાંત કો ઐસા સુવ્યવસ્થિત બના દૂં કી ઉસકી છત્રછાયા મેં સારી જનતા સુખ કી નીંદ સોવે ઔર ઉસ શાસન–વ્યવસ્થા કો દૂર યા પાસ સે દેખનેવાલે દંગ રહ જાયં ! ” જિન લોગોંને સન્ ૧૯૨૪ કી કાનપુર–કાંગ્રેસ મેં વિદ્યાર્થીજી ઔર ઉનકે સાથિયોં કી સંયત ઔર સુવ્યવસ્થિત કાર્ય-પ્રણાલી દેખી હૈ, ઉન્હેં ઇસ બાત મેં અતિશયોક્તિ કી ગન્ધ ઢૂંઢે ન મિલેગી. ઉનકે હૃદય મેં આત્મ–વિશ્વાસ કૂટ–કૂટકર ભરા થા ઔર ઉનમેં કામ કરને કી વિચિત્ર શક્તિ તથા અદ્‌ભુત ક્ષમતા થી. ઉનકે મુઠ્ઠી–ભર હડ્ડિયો કે ઢાંચે મેં ઇતની પ્રબલ શક્તિ દેખ-કર બડે–સે–બડે કાર્યશીલ વ્યક્તિયોં કો દાંતોં–તલે ઉંગલી દબા લેની પડતી થી. ઉનકે સુલઝે હુએ દિમાગ કો દેખકર બડે–બડે દિમાગદાર આદમી ઉસકી સરાહના કરતે નહીં અઘાતે થે. ઉનકે તેજ–સે–તેજ કામ કરનેવાલે સહયોગી તક કામ કરને કી પ્રતિયો-

ગિતા મેં ઉનકે સામને પિછડ જાતે થે. અન્તિમ ક્ષણ તક વિદ્યાર્થીજી કે જીવન કા મૂલમન્ત્ર રહા નિષ્કામ કર્મ, ઉજ્જવલ રાષ્ટ્રીયતા, નિઃસ્પૃહ સેવા, જ્વલન્ત દેશ-ભક્તિ ઔર નિઃસ્વાર્થ ત્યાગ. વે અપને ઇસી પુનીત આદર્શ કે લિયે જિયે ઔર ઇસી કે લિએ મર મિટે.

('વિશાલભારત'ના એક અંકમાંથી)

५१-सद्‌गत डॉक्टर सर जगदीश-चंद्र बोझ

(લેખકઃ-શ્રી. રેવાશંકર ઓ. સોમપુરા)

પ્રાચીનકાળથી તત્ત્વચિંતન માટે આર્યાવર્ત પ્રખ્યાત દેશ છે. અંગ્રેજ, ફ્રેંચ, જર્મન, અમેરિકન તત્ત્વચિંતક વિદ્વાનો કે જેમણે વેદ ઉપનિષદનો અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે, તે સૌએ આ દેશને "તત્ત્વવિદ્યાનું ધામ ને પ્રકૃતિનું પારણું" કહી સંબોધ્યો છે. એ તત્ત્વવિદ્યાને નવીન સ્વરૂપમાં અર્પનાર મહાન ભૌતિકશાસ્ત્રી સદ્‌ગત ડૉકટર સર જગદીશચંદ્ર બોઝ હાલ વૈજ્ઞાનિકોની સૂત્રમાળામાં અપૂર્વ મણકારૂપ લેખાય છે. સજીવ અને નિર્જીવ મનાતી પ્રકૃતિનું સામ્ય તેમણેજ જોડયું છે. આ આપણા પૌર્વાત્ય વૈજ્ઞાનિકે અજબ સિદ્ધાંત રજૂ કર્યો છે, જેનો વિચાર કરતાં કલ્પનાની પાંખ પર ઊડી અગમ્ય પ્રદેશમાં વિહરતા હોઇએ તેવું જણાય છે. તેમણે ભારે ખર્ચ કરી ગંગાને કિનારે એક ઉત્તમ પ્રયોગશાળા ને વિદ્યાધામ બાંધ્યું છે, જ્યાં દરેક વૈજ્ઞાનિકને જરૂર યાત્રા કરી પાવન થવું ઘટે છે. આ મહાપુરુષનો દેહાંત આજ વર્ષે નવેમ્બરની ૨૩ મી તારીખે થયો. તેમના અદ્‌ભુત સિદ્ધાંત સાથે એ હિંદવાસી નરરત્નના જીવનના થોડાક પ્રસંગો આપવા અહીં પ્રયત્ન કર્યો છે.

ઘણાક વિદ્વાન વૈજ્ઞાનિકો પણ ડૉકટર બોઝની ભૌતિક વિદ્યાની, પ્રાણી તથા વનસ્પતિ વિષયક શારીરવિદ્યાને લગતી, તેમજ માનસશાસ્ત્ર સંબંધીની વિવિધ શોધ પૂરેપૂરી હજુ સમજી પણ શકતા નથી. આ સર્વ વિદ્યા જુદી જુદી લેખાય છે, છતાં તે સર્વને યથાસ્વરૂપ સમજવા સારુ માનસિક અતુલ બળ તથા અપ્રતિમ શોધકબુદ્ધિ સાથે જગતમાં પ્રવર્તતી આર્યાવર્તવાસીઓના

હૃદયમાં ઠરેલી સર્વસામાન્ય એકતામાં અત્યુત્તમ શ્રદ્ધા તેઓ ધરાવતા. તેમની બુદ્ધિ એવું અજબ કામ કરી રહી હતી કે, જે દશ્યોને દેખીતો બિલકુલ સંબંધ નથી ત્યાં પણ તેની સામ્યતા જોડી આપતી. આ કારણને લીધેજ યુરોપીય વિદ્વાનો તેની શોધ પૂરી સમજી પણ શકતા નહોતા ને તેથી તેઓ આજ લગી તે સ્વીકારતા પણ નહોતા, તેથીજ રૉયલ સોસાયટીના ફેલો તરીકે તેઓ હમણાં સુધી ચૂંટાયા નહોતા. વૈજ્ઞાનિક વિદ્વાનોમાં જે જન કોઇ અમુક ચોક્કસ મનાયલા વિભાગમાં શોધ કરી બહાર પડે છે, તે અલ્પ સમયમાં આ પદવીથી વિભૂષિત થાય છે. જ્યારે ડૉકટર બોઝ જેવા વિદ્વાન નરવીર એવા ચોક્કસ મનાયલા વિભાગની સરહદ પર રહી જુદા જુદા વિષયોના સંબંધની સાંકળ જોડે છે, તેમને સૌથી છેલ્લે માંડ માંડ આ માન આપવામાં આવે છે. છત્રીસ વર્ષ અગાઉ ૧૯૦૧ માં રૉયલ સોસાયટીના કાર્યવાહકની ખાસ વિનતિથી "ધાતુ, વનસ્પતિ તથા પ્રાણીની સામ્યતા" પર એક વ્યાખ્યાન આપવા એમને નિમંત્રણ થયું. તે વખતે કહ્યું હતું: "આવા દશ્યોમાં વિજ્ઞાનના જુદા જુદા વિભાગ વચ્ચે સરહદ કેમ નક્કી કરવી? ભૌતિકશાસ્ત્રનો અહીં છેડો આવ્યો તથા શારીરિક વિદ્યાનો અહીંથી આરંભ થયો એમ શી રીતે કહી શકાય? આવી સરહદ, જ્ઞાનની વિશાળ સૃષ્ટિમાં સંભવતીજ નથી." આ વાતથી શરીરશાસ્ત્રીઓની માન્યતાને સખ્ત ફટકો પડે તેમ હતું તેથી શારીરવિદ્યાની વાત પડતી મૂકી, વિદ્યુતનાં મોજાં સંબંધે જે શોધ તેણે કરવા માંડી હતી; તેનેજ વળગી રહેવા તેમને તેઓએ ખાસ સલાહ આપી. પણ ડૉકટર બોઝે નીડરપણે તેમને સ્પષ્ટ જણાવી દીધું કે, "મારી માન્યતામાં મને શ્રદ્ધા છે અને આ વાત હું દરેક સ્થળે વિદ્વાનમંડળીમાં જાહેર કરવાનોજ. મેં જે નિબંધ અહીં વાંચ્યો છે તે તમે પ્રગટ કરો કે ન કરો, પણ તેમાંનો એક અક્ષર પણ હું ફેરવવા ઇચ્છતો નથી. અગર તો મેં જે વાતો તમારા સમક્ષ મૂકી છે, તેના પ્રયોગ અસત્ય છે કે ભૂલભરેલા છે, એવું તમે સાબિત કરી આપો." આ વિષય પર ખૂબ વાદવિવાદ ચાલ્યો ને છેવટ તેનો નિબંધ એક અભરાઇ ઉપર ચડાવી દેવામાં આવ્યો. જે વિવાદ તે દહાડે ઊભો થયો તે આજ લગી એમજ ચાલ્યો આવ્યો છે. છેવટ પ્રયોગોદ્વારા પોતાના સત્ય સિદ્ધાંતની એક પછી એક એમ ઘણાક પાશ્ચાત્યવિદ્વાનોને ખાતરી કરાવી આપી; છતાં ઘણા શારીર-

શાસ્ત્રીઓ તે સ્વીકારતાં અચકાયા; પરંતુ ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની પંક્તિમાં વિરાજી શકે તેવો આ સિદ્ધાંત–વનસ્પતિમાં પણ જીવ છે તે–ધીમે ધીમે અનેક જણ સ્વીકારતા થયા છે અને પૂર્વે જે તેના વિરોધીઓ હતા તેઓ તેમના મિત્ર બન્યા છે. દુનિયાએ ૧૯૨૦-માંજ આ શોધની ખરી કિંમત આંકી છે. પ્રો. જે. થોમસન, ડૉકટર બોઝને પ્રયોગનો બાદશાહ કહીનેજ ઓળખાવે છે અને આ વિદ્વાન નર બ્રિટિશ સામ્રાજ્યનો એક શહેરી છે તે વાતનું ઇંગ્લેંડના બધા વૈજ્ઞાનિકો અભિમાન ધરાવે છે ને તેમાં મોટું માન સમજે છે. માનુષિક જ્ઞાનપ્રદેશનો આવો અદ્ભુત વિભાગ ખોળી આપવા માટે બ્રિટનના સર્વ શારીરશાસ્ત્રીઓ, ભૌતિકવિદ્યાના સેવકો તથા માનસશાસ્ત્રીઓ સર્વેએ એકમતે ડૉકટર બોઝને રૉયલ સોસાયટીના ફેલો તરીકે ચૂંટી કાઢ્યા.

ડૉકટર બોઝે વિદ્યુતનાં મોજાં ઉત્પન્ન કરી તે માપવાનાં સાધન બહાર પાડયાં, તે સમયથીજ તે શોધ ચાલુ વૈજ્ઞાનિક પુસ્તકોમાં સર્વત્ર સ્થાન પામી છે અને લૉર્ડ કેલ્વિન, લૉર્ડ રેલે અને અન્ય વૈજ્ઞાનિકો તેમની અત્યંત પ્રશંસા કરે છે. તેમની શોધની આ વિદ્વાનમંડળીમાં ચાલતી ચર્ચા વેળા એક વાર ઉપર ગૅલરીમાં બેઠેલાં ડૉકટર બોઝનાં પત્નીને લૉર્ડ કેલ્વિન જેવા વૃદ્ધ વૈજ્ઞાનિકે બન્ને હાથે હસ્તધૂનન કરી તેમના પતિની આવી અપ્રતિમ શોધ માટે અભિનંદન આપ્યું હતું. ભૌતિકશાસ્ત્રીઓની કૉન્ફરન્સનો કાર્યવાહક તો તેમનો પ્રયોગ જોઇ મોંમાં આંગળી ઘાલી ગયો અને વિયેનાના વૈજ્ઞાનિકો "આ વિષયમાં સર્વ કરતાં કલકત્તાએ બહુ પ્રગતિ કરી છે" એમ પુકારી ઊઠ્યા. એક પ્રતિષ્ઠિત વિદ્વાન, જે અગાઉ તેનો વિરોધી હતો તે બોલી ઊઠ્યોઃ "રૉયલ સોસાયટી પાસે વંચાયલો તમારો વનસ્પતિના જીવન સંબંધનો લેખ પ્રસિદ્ધ કરવામાં કોણ વિઘ્નરૂપ હતું તેની તમને ખબર છે? એ વ્યક્તિ આજ તમારી સમક્ષજ ઊભેલ છે. તે વેળા મેં માનેલું કે એવું સંભવેજ નહિ. એ તો પૌર્વાત્યોના ફળદ્રુપ ભેજાંની કલ્પનાને લઇ તમે આવું લઇ બેઠા છો; પણ હવે મારે કબૂલ કરવું પડે છે કે, તમારી વાત સત્ય હતી." પણ ડૉકટર બોઝને તેની કંઇ પડી નહોતી. તે તો હમેશ એમજ કહેતા કે, "મહાભારતમાં વર્ણવેલાં કારણનું મારા જીવનમાં અનુકરણ કરવા હું નાનપણથીજ મથું છું. સંજોગો સારુ માણસે રડીને બેસી રહેવાનું નથી,

પણ જે કંઇ હાજર હોય તે સ્વીકારી આગળ વધવા પ્રયત્ન કરવો જોઇએ. આ વિજ્ઞાનમંદિર રચવાનો મારો લાંબા વખતનો અભિલાષ મારી એ શ્રદ્ધાને લઇનેજ ફળીભૂત થયો છે. તે મને એમજ શીખવે છે કે, માણસ જે કંઇ કાર્ય કરવાનું માથે લે તેમાં સર્વ તન, મન, ધન અર્પણ કરવું પડે; ત્યારેજ બંધ કરેલો માર્ગ પણ ખુલ્લો થઇ જાય તથા અસંભવિત મનાતું સંભવિત બની જાય.

"વિદ્યુત–મોજાંને લગતા ઘણાક પ્રયોગ મારી પ્રયોગશાળામાંજ કરી મેં કેટલાક અટપટા સવાલ ઉકેલ્યા છે. તે વખતેજ ભૌતિકશાસ્ત્ર તથા શારીરવિદ્યાના ક્ષેત્રોની સરહદ પર અચાનકજ હું જતો હોઉં તેમ લાગ્યું અને જીવંત તથા નિર્જીવના ભેદ વૃથા જણાયા. ધાતુ, વનસ્પતિ ને પ્રાણીઓ સર્વ કુદરતના એકજ કાયદાને આધીન જણાયા; થાક તથા શ્રમથી તે સૌ વ્યથિત થતાં લાગ્યાં; વળી અમુક વખત વિશ્રાંતિ લીધાથી પહેલાંના જેવાં સ્ફૂર્તિવાન જણાયાં. જ્યારે એ સ્ફૂર્તિવાન થતાંજ નથી અને અનંત ગાઢ નિદ્રામાં પોઢે છે, ત્યારે તે મૃત્યુ પામ્યાં એમ આપણે કહીએ છીએ. સત્ય એકજ હોવું જોઇએ તથા જેમાં જ્ઞાનના બધા વિભાગોનો સમાવેશ થતો હોય, તેજ પૂર્ણ વિજ્ઞાન છે એવું પાશ્ચાત્ય વિજ્ઞાન શીખવતું નથી. પછી એક અદ્ભુત આકર્ષક યંત્ર ક્રેસ્કોગ્રાફ બનાવી કાઢયું. જે વડે એક સેકન્ડના હજારમા ભાગમાં થયેલ વનસ્પતિના હલનચલનની ક્રિયા માપી શકાય છે. એ હલનચલનની લંબાઇ પ્રકાશનાં મોજાંની અતિ સૂક્ષ્મ લંબાઇથી પણ બહુ નાની હોય છે તેથી વનસ્પતિની છાની વાચા આ યંત્રથી નિહાળી શકાય છે અને આ વાત પરથીજ નક્કી થાય છે કે, જીવંત તથા નિર્જીવ એવા જે વનસ્પતિના બે વિભાગ છે તે વૃથા છે. છોડ તથા ઝાડને પણ સુખદુઃખના ચક્રમાંથી પસાર થવું પડે છે. જરા વધારે પ્રકાશ આવતાં જેમ આંખ પર અસર થાય છે, તેમજ વનસ્પતિ પર પણ પ્રકાશની કોઇ અવનવી અસર નિહાળી શકાય છે. વનસ્પતિ તથા પ્રાણીજીવન એકજ પ્રકારનું છે. જેમ આપણે ઊંઘ લઇએ છીએ, તેમ પ્રાણી તથા વનસ્પતિ પણ અમુક સમયને અંતરે વિશ્રાંતિ લે છે અને મરણવેળા જેમ માણસ ડચકાં ખાય છે તેમ તે પણ કરે છે. જેમ પ્રાણીઓની નાડી ધબકે છે તેવીજ તેમના પર અસર થાય છે. માદક પદાર્થ કે ઝેરની અસર જેમ પ્રાણીઓ પર થાય તેવીજ વનસ્પતિ પર પણ થાય છે. તેની

વધઘટ તથા જુદી જુદી સ્થિતિમાં થતા ફેરફાર-ક્રેસ્કોગ્રાફથી નોંધી શકાય છે.”

આ શોધથી ખેતીવાડીને બહુ લાભ થશે એવી વિદ્વાનો આશા રાખે છે. વળી સ્મૃતિપટ પર જે સંસ્કાર ભુલાઇ ગયા હશે, તે પણ આ શોધનો અમુક પ્રકારે ઉપયોગ કર્યેથી તાજા થશે, એટલું તો ઠીક પણ ડૉ૦ બોઝ પ્રાણીની નાડીમાં બે વિરુદ્ધ પ્રકારના અણુ મૂકી કંઇ અવનવી લાગણી આ વડે ઉત્પન્ન કરવાની કલ્પના કરે છે. મનુષ્ય ભાવિનો ગુલામ નથી. પોતાના વૈરી વાતાવરણના ભયને દૂર કરીને તે ઉન્નત થાય તેવા ગુણ સ્વાભાવિકજ તેમાં રહેલા છે. બાહ્ય જગત સાથે પોતે જે સંબંધ જોડે છે, તે વિશાળ કે સંકુચિત રાખવો માણસના પોતાના હાથમાં છે. આ વિષયના જે પ્રયોગ પોતે કરેલા છે, તેથી ભૌતિક તથા શારીરિક વિદ્યા, વૈદિક ને ખેતી તેમજ માનસશાસ્ત્રમાં નવાં ક્ષેત્રો ખુલ્લાં થયાં છે. અસંભવિત લાગતા કોયડાના પ્રયોગ કરી તે ઉકેલવાની અણી સુધી પોતે આ શોધ લાવ્યા છે.

આ કાર્ય સાધવા તેમની સાથે દસેક વિદ્વાન શિષ્યો જોડાયા છે. તેમની વિદ્યાપીઠ અત્યંત નાજુકમાં નાજુક પ્રયોગોનું સ્થાન થઇ પડી છે. આ શિષ્યો પણ નરરત્નો છે તેથી તેમની પાસેથી પણ ઘણું મળવાની આશા રાખી શકાય છે. “લંડન ટાઇમ્સ” લખે છે કે, “આ વિદ્વાન બંગાલી ગૃહસ્થના નેતૃત્વ નીચે ચાલતી વિદ્યાપીઠમાં એવી જબરી શોધ થઇ છે, કે જે જગતના વૈજ્ઞાનિક જ્ઞાનમાં મહત્ત્વનો ઉમેરો કરે છે. સર જગદીશના પ્રયત્નથી સ્પષ્ટ ભાસે છે કે, હિંદ પોતાના તત્ત્વચિંતક મન વડે જગતમાં પ્રવર્તતી એકતાની પોતાની પુરાતન ભાવના બતાવી રહ્યું છે તથા અખૂટ શાંતિથી તે સત્યનુંજ સદા અવલોકન કરે છે, એમ સ્પષ્ટ થાય છે.” “લંડન સ્પેક્ટેટર” જે હિંદની પવિત્ર અભિલાષાની પણ સદા ટીકા કરતુંજ જોવામાં આવે છે, તે આ શોધના પ્રયોગ વેળા એક લેખમાં જણાવે છે કે, “શુદ્ધ પક્કા બંગાલીનો આ લંડનમાં થતો પ્રયોગ તદ્દન નવીનજ છે. અસંબદ્ધ જણાતી વાતોમાંથી અગાધ કલ્પનાશક્તિ વડે પૌર્વાત્યો સત્ય સાંકળ જોડી આપે છે. મોટા મોટા ગણિતવેત્તા તથા શિલ્પશાસ્ત્રીઓના કરતાં પણ વિશેષ ચિંતવન તથા કોઇ પણ પશ્ચિમ દેશવાસીના કરતાં એકજ વાતને વળગી રહેવાની વૃત્તિ તેમનામાં અપૂર્વ હોય છે. દેહ પર પૂર્ણ

દમન રાખનાર અને જીવનભર જિજ્ઞાસુ રહેનાર તથા દુન્યવી લાલચનાં ગમે તેટલાં આવરણ છતાં પોતાના ધ્યેયને કદાપિ નહિ ભૂલનાર સંન્યાસી જેવા મનવાળા માણસ અજબ શોધ કેમ ન કરે? આવી આશ્ચર્યજનક શક્તિવાળા એશિયાના લોક નૈસર્ગિક અનંત કોયડા લઇ કેમ ન ઉકેલે? પ્રો૦ બોઝ આવી જનતાના એક ઉત્તમ શ્રેણીના ગૃહસ્થ છે, તેઓ જે કંઇ આપશે તે મનુષ્યજાતિના માનસિક જ્ઞાનમાં બહુ મોટો ઉમેરો ગણાશે.”

૧૯૦૦ ની પૅરિસ ઇન્ટરનેશનલ કૉંગ્રેસની સભા સમક્ષ ડૉક્ટર બોઝનો નિબંધ વંચાતો સાંભળી એક એવાજ બીજા વિષયમાં શક્તિ ધરાવતા સ્વદેશની સાચી દાઝ હૈડે ધરનાર ઋષિકવિ રવીંદ્રનાથ ટાગોરે આવી સભામાં પોતાના દેશને મળેલું દયાજનક સ્થાન જોઇ લખ્યું હતું કે, “અહીં પૅરિસમાં દરેક દેશના મહાન નટો પોતપોતાના દેશની કીર્તિની ઘોષણા કરવા ભેગા મળ્યા છે અને તે ઘોષણાનો પડઘો તેમના દેશને સર્વત્ર કીર્તિમંત બનાવશે, પણ હે હિંદ! મારી જન્મભૂમિ! આ સર્વમાં તારો પ્રતિનિધિ ક્યાં છે? આ વિશાળ સભામાં તારો એક યુવાન તારા તરફથી ઊભો થયો. એજ તારો વીરપુત્ર, કે જેના શબ્દોથી તે સર્વ સભાજનમાં જાણે વિદ્યુતપ્રવાહ વહેવા માંડ્યો! તેના દેશવાસીનાં હૃદય પણ આનંદોર્મિથી ઊછળવા લાગ્યાં. હે પ્રભુ! આ વીર નરને તું સદા સુખી રાખજે! અને તેની પતિભક્ત સતી નારી હમેશ તેના પડખેજ ઊભી છે, તેના પર પણ હે નાથ! આનંદના ઓઘ વરસાવજે.”

પોતાની વિદ્યાપીઠ ખોલતી વેળા ડૉક્ટર બોઝે કહેલું કે, “જે માણસ સત્યના અન્વેષણમાં ધ્યાન પરોવે છે, તેને એશઆરામ તજવોજ પડે. એ નફાતોટાની કે હારજીતની બાજી નથી; પણ ત્યાં તો આત્મબલિદાન રહ્યું છે. યુવાન અભિલાષી જનને વિવિધ ધંધા તથા જાહેર જીવનમાં પોતાનાં કાર્યનું યોગ્ય ક્ષેત્ર મળી રહેશે. પણ જે થોડાક અંતરના ભાવથી બનેલા મારા શિષ્યો હશે, તેમને તો જ્ઞાનને ખાતરજ જ્ઞાન મેળવવા તથા સત્યને નજરોનજર નિહાળવા, દૃઢ મનથી પોતાનું જીવન ગાળવું પડશે અને આ કરોડોની વસ્તીવાળા દેશમાંથી તાત્કાલિક લાભ તરફ દૃષ્ટિ નહિ રાખનારા એવા થોડાક જણ તો મળી આવશેજ. તેઓએ સાદા સત્યાગ્રહદ્વારા નહિ પણ સામું યુદ્ધ જગાડીને પણ જીવનનો

હેતુ સમજવા યત્ન કરવાનો છે. અશક્ત જનમાં એ સામર્થ્ય નથી ને જેણે કંઇ મેળવ્યું પણ નથી તેવાને ભોગ આપવાનો પણ કંઈ હોતો નથી; પણ જેણે કષ્ટ વેઠી જીત મેળવી છે, તેજ પોતાના વિજયવાન અનુભવનું ફળ જગતને અર્પી શકે છે."

જે વખતે ડૉ. બોઝ કેળવણી લઇ બહાર પડ્યા, તે વખતે વિજ્ઞાન હાલના જેટલી કક્ષાએ પહોંચ્યું નહોતું. દોરડાં વગરના તાર તો સ્વપ્નમાં પણ નહોતા. વિદ્યુત વડે ગરમી તથા પ્રકાશ ઉત્પન્ન કરી શકયા એટલું પ્રસિદ્ધ થયું હતું. હર્ટ્ઝ નામના જર્મન વૈજ્ઞાનિકે સાબિત કર્યું હતું કે, વિદ્યુતનાં મોજાં કૃત્રિમ ઉપાયોથી ઉત્પન્ન કરી શકાય; તથા 'કોહિયરર' નામના યંત્ર વડે તે મેળવી શકાય. પણ અમુક મોજાં તેમાંથી પસાર થયા બાદ તે બંધ પડતું. હવે જો દોરડા વિનાના તાર વ્યાવહારિક રૂપમાં મૂકવા હોય તો આનું કારણ શોધી કાઢવું. તે બંધ પડ્યા પછી તેની કાચની નળીમાંના લોહના કણસમૂહને ઘડી ઘડી હલાવવા શા માટે? ડૉ. બોઝે તેની શોધ પ્રથમ કરવા માંડી. સને ૧૮૯૫ માં તેણે બહાર પાડ્યું કે, "'કોહિયરર' માંના લોહના અણુઓ અતિઘણા વિદ્યુતમોજાંના દબાણથી થાકી જાય છે; જેથી તેમાં સ્ફૂર્તિ લાવવા માટે તેને હલાવવાં જોઇએ, તેથી વિશ્રાંતિનો થોડો વખત તેમને મળે છે." પોતે આ નિર્ણય જાણીને પણ આશ્ચર્ય પામ્યા ને તે પછી બીજા પદાર્થોનો પણ તેમણે અભ્યાસ કરવા માંડ્યો અને પદાર્થમાં જીવ છે એમ સાબિત કર્યું. જો જડ પદાર્થો પર આવી અસર થાય છે, તો ઇન્દ્રિયજનક વસ્તુઓ પર કેમ ન થાય? તેથી ધાતુ તથા વનસ્પતિ, તેમજ વનસ્પતિ તથા પ્રાણીઓને એકબીજાને શું સંબંધ છે, તે ખોળવામાં તેમણે ધ્યાન પરોવ્યું. તેમનું ભૌતિકશાસ્ત્રનું ક્ષેત્ર ધીમે ધીમે વનસ્પતિશાસ્ત્ર સુધી વિસ્તર્યું; તેથી મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ તથા પૃથ્વીને એક સૂત્રમાં જોડી તેનો સિદ્ધાંત ઉપજાવી કાઢવાનો રહ્યો. વનસ્પતિ પર પણ તેને છેદવાથી કે મારવાથી દુઃખ થયાની અસર એક યંત્ર વડે કળી શકાય છે. આપણી કલ્પનામાં પણ ન આવે તેવા નાજુક યંત્રથી આ પ્રયોગ તેણે કરવા માંડયા ને યંત્ર વડે મૂંગી વનસ્પતિને પણ વાચા ઉત્પન્ન થઇ હોય તેમ આપણને જણાય છે. પણ વનસ્પતિનું જે ધીમું હલનચલન થાય છે તે અતિ સૂક્ષ્મ હોવાથી, તેને યથાસ્થિત જોવા સારુ બહુ મોટા રૂપમાં મૂકવું જોઇએ.

આમાંનું કેટલુંક તો વિદ્યુત વડે પારખી શકાય. જેમ કોઇ દરદીનો રોગ તપાસવા દાક્તર તેનો હાથ પકડી નાડી જુએ છે, તેમ ડૉકટર બોઝ પણ કોઇ પણ છોડને વાળવાની, હલાવવાની કે છેદવાની સૂક્ષ્મ-માં સૂક્ષ્મ અસર પારખી કાઢે છે. જ્યારે આપણને કાંઇ વાગે છે ત્યારે તે ઘાની અસર શરીર પર થતાં થોડો વખત—એકબે પળ ચાલી જાય છે, તેવું દરેક છોડને પણ છે. લજામણીના છોડને એ અસર જણાતાં એક દશાંશ સેકન્ડ લાગે છે. જેમ માદક પદાર્થની અસર મનુષ્યો પર થાય છે ને ગાંડા બનાવી મૂકે છે, તેવીજ વનસ્પતિ પર થાય છે. દારૂને વાયુ રૂપે કરેલ હવાવાળી હાંડીમાં લજામણી-નો છોડ મૂકશો તો તરતજ જણાશે કે તે ગાંડો બની ગયો છે. માણુસની માફક તે પડી જતો નથી કે લથડિયાં ખાતો નથી, પણ તેને ઘેન ચડયું છે એવાં ચિહ્ન પેલા યંત્ર વડે સ્પષ્ટ જોઈ શકાય છે. પછી ખુલ્લી તાજી હવા જો તેને આપવામાં આવે તો તેનું ઘેન ઊતરી જાય છે. આ પ્રમાણે માદક પદાર્થનીજ નહિ પણ સર્વ પ્રકારની દવાની વનસ્પતિ પર પણ અસર થાય છે.

વનસ્પતિમાં લાગણી સંભવે નહિ એમ જર્મન પ્રોફેસરો ફેફર તથા હેબલૅન્ડે મત ઉચ્ચાર્યો. ફેફરે લજામણીના છોડ પર "કલોરોફોર્મ" છાંટી જોયું પણ તેને કશી અસર ન જણાઇ. હેબલૅન્ડે કહ્યું કે, વનસ્પતિના થડમાં રહેતી રસ ખેંચનારી નસોને લીધે એ અસર જણાય છે; જો એક જળભરેલી રબરની નળીને એક છેડે દાબીએ તો ત્યાં ઉદ્ભવેલું મોજું તેને બીજે છેડે આવેલું નિહાળી શકાય. ત્યારે ડૉકટર બોઝે લજામણીના છોડને એક કા-ચના વાસણ નીચેજ પવનનો ઝપાટો ન લાગે કે હાલેચાલે નહિ એવી રીતે ઉછેર્યો. પરિણામ એ આવ્યું કે, કેટલાક બાવાના તપ-શ્ચર્યા અર્થે લાંબા વખત સુધી ઊંચા રાખેલા હાથની શક્તિ જતી રહે ને બહેરા ખોડ થઈ જાય છે, તેમ તેના પર કશી અસરજ ન થઈ. તેથી જો હેબલૅન્ડનો મત સત્ય હોય તો પાંદડાં પર અસર થવી જોઇએ; પણ એમ તો ન થયું તથા ફેફરનું કલોરોફોર્મ બહારના ભાગ પરજ લાગેલ; તેણે અંદર અસર કરેલી નહિ. તેને ઘા પર ઘા માર્યા. પછી ધીમે ધીમે તેમાં સ્ફૂર્તિ આવતી ગઇ. છેવટ ડૉકટર બોઝે ગરમીની અસર પણ તેના પર તપાસી જોઇ. છોડ ઠંડા કરતાં ગરમ હોય તે વખતે તે જીવંત છે એવી અસર એકદમ થાય છે, એમ તેને જણાયું. તેને ઠંડો શિંગડા જેવો કરી

દીધો, ત્યારે તો તેના પર બિલકુલે અસર ન જોઈ. એક કાતિલ ઝેરનું દ્રાવણ તેના પર ઢોળી જોયું, તેથી પાંચ મિનિટમાં તે છેલ્લી ગાઢ નિદ્રામાં પડી ગયો અને સજીવનજ ન થયો. કેટલાક મનુષ્યો એવા હોય છે કે, જેને તીક્ષ્ણ અવાજ–સ્લેટ પર થતો કાંકરાનો તીણો અવાજ–પણ અસહ્ય લાગે છે; જ્યારે બીજા મોટી મિલના માથું પકાવે તેવા અવાજમાં આનંદથી છાપાં વાંચી શકે છે. આવીજ કર્ણેન્દ્રિયની લાગણી વનસ્પતિમાં પણ છે. કેટલીક જાતના છોડ જરા અવાજથી પણ કકળી ઊઠે છે, જ્યારે બીજા પર બિલકુલ અસર થતી નથી. વિદ્યુત, પ્રકાશ, સ્વર, પવન તથા વરસાદનું વનસ્પતિ એક રમકડુંજ છે એમ સાબિત થયું.

ક્રેસ્કોગ્રાફ નામનું ડૉક્ટર બોઝનું નવીન યંત્ર એવું અદ્ભુત છે કે, જે વડે છોડમાં થતો પળે પળે વધારો માપી શકાય છે. આ યંત્ર એટલું નાજુક ને સુંદર છે કે, અમેરિકનો પણ હિંદી કારીગરોનું બનાવેલું અહીંથીજ મંગાવે છે. છોડ મોટો થતો બંધ પડે, ત્યારે તેનો ક્ષય થવા માંડે છે ને છેવટ તે મૃત્યુ પામે છે. મૃત્યુ સમયે જેમ પ્રાણીઓ ડચકાં ખાય છે, તેમ વનસ્પતિને પણ છે. ડૉક્ટર બોઝે વનસ્પતિના મૃત્યુ સમયનાં ડચકાં પહેલવહેલાંજ નિહાળ્યાં. લજામણીના છોડનું એક પાન લઈ પાણીમાં મૂકી તે ઊનું કરવા માંડયું–ત્રીસ અંશ, ચાળીસ અંશ, પચાસ અને પંચાવન અંશ ગરમ થયું. હવે તે પાન કળી શકાય તેમ સ્પષ્ટ ડચકાં ખાવા લાગ્યું ને ગરમી સાઠ અંશે ગઈ ત્યારે તે મૃત્યુ પામ્યું. આ પ્રમાણે દરેક છોડ ગરમીના અમુક નક્કી અંશે મૃત્યુ પામે છે.

આ શોધનો કાર્યાત્મક ઉપયોગ પણ ઘણો છે. કોઈ પણ દવાની અસર શું થાય છે તે જોવાજાણવા સારુ આજ સુધી પ્રાણીવધ થતો, તે હવેથી વનસ્પતિ વડે કાર્ય સરશે. હૃદયના રોગ આજે અસાધ્ય મનાય છે, તે આ વનસ્પતિ પર પૂર્ણ અખતરા થઇ રહ્યા પછી સાધ્ય કરી શકાશે. ખેતીમાં પણ કોઇ પણ ખાતરની અસર અમુક જાતના પાક પર શી થશે, તે જોવા હવે આખી ઋતુ અગર આખા વર્ષ સુધી બેસી રહેવું નહિ પડે; કારણ કે ક્રેસ્કોગ્રાફ વડે પા કલાકમાં તે જાણી શકાશે.

આ સર્વ માત્ર એકજ વાતની સાક્ષી પૂરે છે કે, જગતમાં એકજ પ્રકારના પદાર્થ છે અને સર્વત્ર એકતાજ વ્યાપક છે. તે કહે છે કે, “ જ્યારે આ મૂંગી વનસ્પતિને યંત્રો વડે વાચા ઉત્પન્ન

થઇ, તેજ વખતે જગતમાં પ્રવર્તતી એકતા મારા ધ્યાનમાં આવી. તેજ સમયે મારા પૂર્વજોએ ત્રણ હજાર વર્ષ પૂર્વે ગંગાના કાંઠા પરથી ગર્જનાથી પુકારેલ સંદેશ થોડો થોડો હું સમજવા લાગ્યો. આ વિશ્વના જુદા જુદા રંગમાં દેખાતી એકતા જેઓ જોઈ શકે છે, તેઓએજ અવિચલિત સત્ય જોયું છે, અન્ય કોઇએ નહિ."

સર જગદીશ તથા પ્રફુલ્લચંદ્ર રૉય તેમજ તેમના વિદ્વાન શિષ્યોને સ્પેકટેસના કથન અનુસાર સંન્યાસી જેવું દૃઢ મન પ્રાપ્ત થાય અને અનેક અવનવી શોધ જગત સમક્ષ મૂકી આપણો આર્યાવર્તનો ખરો ભાવ સર્વત્ર જગાડે, એવુંજ આપણે સદા ઇચ્છીશું. આ લેખક વિજ્ઞાનદેવીનો મોટો ભક્ત નથી, જો કે આ મહાન ગુરુજીના પાદ પૂજવામાં ને માનસિક ચિત્રમાં તેમની ચરણરજ પોતાના મસ્તક પર ચડાવી આનંદ માને છે. કેમકે વૈજ્ઞાનિક વિદ્વાન પણ એક ઋષિ છે. દક્ષિણના એક મોટા મંદિરના પૂજારીએ તેમની અંધશ્રદ્ધા વિરુદ્ધ વર્તન છતાં મંદિરના ગર્ભદ્વારમાં લઇ જઇ તેમની સ્તુતિ કરેલી કે, "આપ પણ એક મહાન સાધુજ છો." ડૉકટર બોઝની શોધનું આ શાબ્દિક ચિત્ર સાદી ભાષામાં અપાય તેટલું આપ્યા પછી તેમના જીવનની ઝાંખી રૂપરેખા આપવા પ્રયત્ન કરીશ.

જગદીશચંદ્ર બોઝ ૧૮૫૮ ના નવેમ્બરની ૩૦ મીએ જન્મ્યા છે, જેથી મૃત્યુ સમયે તેમનું વય ઓગણ્યાએંશી વર્ષનું થયું છે. લાલમોહન ઘોષ, મનમોહન ઘોષ, હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ચંદ્રમાધવઘોષ તથા નિબંધ લેખક કાલિપ્રસન્ન ઘોષના જન્મસ્થાન ઢાકા તાલુકાના વિક્રમપુરમાં તેમની જન્મભૂમિ છે. અગાઉ બૌદ્ધવિદ્યાનું એ પુરાતન ધામ હતું; જેનાં કેટલાંક સ્મરણચિહ્નો હજી છે. તે ગામ ફરતી વહેતી નદીઓ, ટેકરીઓ, ઝાડ–પાન તથા એવું બીજું દૃશ્ય બહુ સુંદર છે ને માણસના મન પર દૃઢ છાપ પાડે તેવું છે. તેમના પિતા ડેપ્યુટી કલેકટર હતા ને તે સમયમાં એ બહુ આગળ વધેલા હતા. તેઓ એક અત્યંત સાહસિક નર હતા અને ઘણી વાર નિષ્ફળ થતા. પણ ડૉકટર બોઝ તો કહેતા કે, "હું તેમના પ્રયત્નોને નિષ્ફળ માનતોજ નથી. તેમના યત્નોનું પરિણામ જોઇ વિજયપરાજય હું એકજ ગણવા લાગ્યો; એથી મને બહુ આનંદ પડે છે. ઘણાક કહે છે કે, તેમનું જીવન મહત્કાર્યો માટે નિર્માયલું હતું, તે તેઓ ગુમાવી બેઠા. પણ બહુ

થોડા જણને ખબર હશે કે, પૃથ્વીના ખંડ નાના પ્રાણીઓના મૃતદેહમાંથીજ બન્યા છે. આવાજ ઘણાક જીવનખંડોમાંથી નૂતન ભારત ચમકશે. આપણે કારણ તો કંઇ જાણી શકતા નથી; પણ એટલું તો જ્ઞાત છે કે, પૃથ્વીમાતા બલિદાન માટે પુકારી રહી છે.”

મહાભારતના વીરનરોમાં ડૉકટર બોઝનું પ્રિયપાત્ર કર્ણ છે. તેની નીચી જાતિને સારુ તેને બહુ સોષવું પડયું, છતાં હમેશાં આનંદિત ચિત્તથી ને આત્મિક શ્રદ્ધાથીજ તેણે જીવન વ્યતિત કર્યું છે ને યુદ્ધમાં ભાગ લીધો છે. છેવટ માતા કુન્તીએ, જો તે કૌરવોનો પક્ષ છોડી દે, તો મહારાજ્ય અપાવવાનું તેને પ્રલોભન આપ્યું, પણ તેનો તો એકજ અડગ ઉત્તર હતો કે, “મને લાભ નથી જોઇતો. મારા પોતાના બળ વડેજ હું ઝૂઝું છું ને ઝૂઝીશ.” ડૉકટર બોઝ કહેતા કે, આ વીર નરને પણ હું મારા પિતાની જોડે સરખાવું છું. લોકોની ઉન્નતિ અર્થે અનેક પ્રયત્ન છતાં થોડી ફત્તેહ ને વિશેષ નિષ્ફળતા તેઓ પ્રાપ્ત કરતા; એથી મને સાધારણ દુન્યવી જયનો બહુ હલકો વિચાર આવે છે. જેને લોકો જય માને છે તે કેટલો તુચ્છ છે! તેની સાથેજ કલહ તથા પરાજયનો ઉત્તમ ખ્યાલ મારા મગજમાં ચોંટી ગયો. એ પરાજયમાંથી મળેલી ખરી જીતનેજ હું વિજય માનું છું. આર્ય લોકોનો પણ ઉચ્ચ આદર્શ તે હતો અને એ ભૂતકાળના સંસ્કારથી મારા મનમાં આનંદોર્મિ ઊછળે છે. સત્ય, દૈવી લાભ અને વિજય નિષ્કપટથી કરવામાં આવતા યુદ્ધમાં–ગમે તે આવે છતાં સીધે માર્ગે ચાલવામાં–રહેલો છે; નહિ કે કાવાદાવા કરી છળકપટથી વિજય મેળવવામાં અને એજ સત્ય–શ્રેષ્ઠ શિક્ષણ છે.”

પિતા તરફથી માતૃભાષાનું સારું શિક્ષણ મળ્યું અને ઇંગ્લેંડમાં કેળવણી પ્રાપ્ત કરવા માટે માતાએ પોતાના કેટલાક હીરામાણેકના દાગીના ઉતારી આપી દ્રવ્ય બંધાવ્યું. પિતાએ નક્કી કર્યું કે, જગદીશ હિંદી સનંદી નોકરીની પરીક્ષા આપી બીજા પર અમલ ચલાવે તે કરતાં આત્મસંયમ કરે તેવી કેળવણી તેણે પ્રાપ્ત કરવી. ત્યાં રહી સારું શિક્ષણ પ્રાપ્ત કરી લન્ડન તથા કેમ્બ્રિજ યુનિવર્સિટીની બી. એસ. સી. ની ડિગ્રી માન સાથે લીધી અને ત્યાંથી સારા ભલામણપત્રો સાથે હિંદમાં આવ્યા બાદ, લૉર્ડ રિપનના ખાસ પ્રયત્નથી હિંદની ઊંચી કેળવણી ખાતાની નોકરીમાં તે દાખલ થયા. છતાં પગાર તો યુરોપિયનો કરતાં બે તૃતીયાંશજ

મળતો, જે પાછળથી ઘટી અરધો થયો. છતાં યુરોપિયનો કરતાં હીંદીઓ વિજ્ઞાનના પણ ઉત્તમ શિક્ષક થઇ શકે છે એમ બતાવી આપવા પોતે નિશ્ચય કર્યો અને જ્યાંલગી પોતાના દેશબંધુઓને આ વિષયમાં થતો અન્યાય દૂર ન થાય, ત્યાંસુધી પ્રતિમાસે પોતાને મળતા પગારનાં નાણાના ચેકને હાથ નહિ અડકાડવા નક્કી કર્યું. કૌટુંબિક મિલકત તથા માતાના ખાનગી દાગીના તેમની રાજીખુશીથી લઇ તે વેચી પિતાનું ૭૫ ટકા દેવું ભરી દીધું. લેણદારોને પૂરતો સંતોષ થયો પણ પોતે એટલાથી સંતોષ ન પામ્યા. નવ વર્ષ લગી તેમનાં પત્નીની કરકસરથી દ્રવ્ય એકઠું કરી લેણદારોનું ૨૫ ટકા દેવું આપી દીધું. કેળવણી ખાતુંજ તેમની વિરુદ્ધ હતું, તેમાંયે તેમના જોડિયા યુરોપિયનો તો તેના તરફ ખાસ શત્રુવટ રાખતા; પણ સરકારને તેમના કામથી સંતોષ હતો ને તેથીજ જુદા જુદા ચાર વૈજ્ઞાનિક મેળામાં હિંદી તરફથી તેમને યુરોપ મોકલવામાં આવ્યા હતા; તથા નોકરીમાંથી ફારગ થતી વેળા તેમને જાણીજોઈ ઊંચા હોદ્દાથી વિમુખ રાખવામાં આવ્યા. એવી ભૂલ મનમાં કબૂલી સરકારે એક મોટી રકમ તેમને બક્ષિસ કરી અને પેન્શનને બદલે ઇમેરિટસ પ્રોફેસર તરીકે જીવનભર પૂરો પગાર આપવા જાહેર કર્યું. ડૉ. બોઝની શોધથી વિસ્મિત થઇ રોયલ સોસાયટીના પ્રમુખ લૉર્ડ લિસ્ટર, લૉર્ડ કેલ્વિન તથા અન્ય વૈજ્ઞાનિકોએ મળી કલકત્તા પ્રેસિડેન્સી કૉલેજમાં એક સ્વતઃ શોધ કરવાની પ્રયોગશાળા ખોલવા સેક્રેટરી ઑફ સ્ટેટને વિનતિપત્ર મોકલ્યું. ૧૮૯૭ માં તે ઉઘાડવા નક્કી થયા છતાં ખાતાના ઇર્ષ્યાળુ નોકરોની આળસને લઇ ઘણો વખત નીકળી ગયો. ડૉ. બોઝ નોકરીમાંથી ફારગ થયા ત્યાંસુધી આ વિષયમાં કંઇ પગલાં ન લેવાયાં, પણ પછી કંઇક તીવ્રતા આવી. ખોટમાંથીજ રૂડું પરિણામ આવે છે, તેમ તેજ પળથી ડૉ. બોઝે એક પોતાનુંજ રિસર્ચ ઇન્સ્ટિટયુટ—સ્વતઃ શોધખોળની વિદ્યાપીઠ સ્થાપવા નિશ્ચય કર્યો. તે ઉઘાડતાં પોતાના વ્યાખ્યાનમાં તેઓએ કહેલું કે, "હિંદમાં સ્વાતંત્ર્યશોધ કરનારને માથે કેટલું વીતે છે તે મારા પોતાના અનુભવે મને શીખવ્યું છે, તેથીજ આની પછવાડે મંડયા રહેવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો કે, જેથી અભિલાષી યુવાનોનો રસ્તો મોકળો થાય અને હિંદે જે કષ્ટ સહી સહીને મેળવ્યું છે તે ન ગુમાવી બેસે."

પોતે જે સાચું માન્યું તેને માટે લડવામાં તે પાછી પાની કરતા નહિ; પણ સ્વાર્થ તરફ તો દૃષ્ટિ સરખી તેઓ ન નાખતા. પોતાના મિત્રોની ટીકાનો જવાબ એટલોજ આપતા કે, પોતે સહેલો નહિ પણ અઘરો લાગતોજ માર્ગ પકડે છે અને સાચા મરદને એજ શોભાસ્પદ છે. રૉયલ સોસાયટીમાં પોતાનો નિબંધ વાંચ્યાના અનુભવ પછી તેમણે લખેલું કે, "મારો માર્ગ હું સ્પષ્ટ જોઈ શકતો નથી; પણ એક માણસનો નિશ્ચય ગમે તેટલા જણના સંમિશ્રિત મત કરતાં અધિક છે એવું બતાવવા હું યત્ન કરીશ. જાદુ જેવા કાર્યોમાં મને શ્રદ્ધા નથી પણ હવે તો તેવુંજ થશે; કેમકે હું જાણું છું કે હું સત્યને ખાતર ઝૂઝું છું."

ડૉ. બોઝની ઘણી વાર સ્વાભાવિકજ એવી ટીકા થાય છે કે, તે પોતાની શોધનો આર્થિક લાભ મેળવવા કશુંય કરતા નથી, પણ તેનો તેણે શરૂઆતથીજ નિશ્ચય કરી રાખ્યો હતો. નાનપણમાં વૃદ્ધ પિતામહી દેવમંદિરમાં પવિત્ર શ્વેત પુષ્પો લઈ જતાં નિહાળ્યાના સંસ્કાર તેમના મગજમાંથી ભૂંસાયા નહોતા. તેમજ પોતે નક્કી કરેલું કે, પોતે જગતને જે કંઇ અર્પણ કરે, તે બલિદાન કોઈ આર્થિક લાભના ડાઘથી ખરડાયલું ન હોવું જોઇએ. એક અમેરિકન મિત્રને આ નિશ્ચય બિનજરૂરી જણાતાં તેમની શોધનો પેટન્ટ અમેરિકામાં તેમને નામે લીધો, પણ તે હકનો લાભ પોતે લીધોજ નથી, પણ તેની મુદત પૂરી થઈ જવા દીધી છે ને પેટન્ટની દરકાર રાખી નથી. તેમનું સ્થાન તો પૂર્વકાળના ઋષિયોના જેવુંજ હિંદમાં નવીન સ્વરૂપમાં રહેશે; કેમકે ઋષિઓ નાતજાતના ભેદ વિના પોતાના બહોળા જ્ઞાનનું દાન સૌ કોઇને આપતા; તેમ આ વિદ્વાને પણ એ શોધ પર પોતાનો ખાનગી હક ધરાવ્યો નથી. ૧૮૯૪ માં પાંતરીસમું વર્ષ બેઠું ત્યાંલગી સ્વતંત્ર શોધનું નિયમિત કામ આરંભેલું નહિ. પણ તે જન્મદિવસને રોજ એવું કામ કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી. તે પવિત્ર પ્રતિજ્ઞા પોતે કેટલી પાળી છે તે સૌ કોઇ જાણે છે. પણ તેઓ હિંદને કેટલો પિછાને છે તે તો બહુ થોડા જાણતા હશે. પોતાની પ્રિય પત્નીના સંગાથમાં આ દેશના ખૂણેખૂણામાં તે ઘૂમ્યા છે ને કેદારનાથ, બદરીનાથના વિકટ ડુંગરો પણ ચડ્યા છે. આ ધાર્મિક, સામાજિક યાત્રાથી યાત્રાસ્થાનમાં મળતા મેળામાં ભેળાતા ભિન્ન ભિન્ન લોકને જોઈને તેમને લાગ્યું છે કે, હિંદની ખરી એકતા હાલની રાજકીય ચળવળથી

બનેલી એકતા કરતાં પણ પુરાતન છે. પવિત્ર ધાર્મિક પુસ્તકો, કથાવાર્તા, તથા સાંખ્ય–વૈશેષિક ઇત્યાદિ તત્ત્વજ્ઞાન, જે વિદ્વાનોમાં-જ નહિ પણ અભણમાં પણ પ્રવર્ત્યું છે, તે સર્વને લીધે હિંદ એકજ પ્રજા છે એમ સાબિત થાય છે. કદાચ યુરોપિયનોને તેમ ન લાગે, પણ ધાર્મિક દૃષ્ટિથી સત્ય અવલોકનકારને તે એકત્ર ભાવવાળી પ્રજા જરૂર જણાશે. વસ્તી વિશાળ છે તથા આબોહવા ને લોકો ભિન્ન ભિન્ન દીસે છે, પણ તે સર્વમાં એક પ્રજાનો ભાવ વિશાળ રીતે વ્યાપક છે. તે ભાવ ઇસ્લામી આક્રમણથી તૂટ્યો નથી કે પાશ્ચાત્ય લોકના વિજય તથા કારણે ખસ્યો નથી. છેવટે તેમની સ્વતંત્રતા પ્રાપ્ત કરાવવામાં પણ એજ વાત તરી આવશે. ભૂતકાળ, ભવિષ્યમાં હજુ વધુ સુંદર ઝળકતો દેખાશે. આપણે આજે અહીં ઊભા છીએ અને કાલે કામ કરવા માંડીશું, તો આપણા પ્રયત્નને લીધે તથા ભવિષ્યમાં આપણી અપૂર્વ શ્રદ્ધા વડે નૂતન ભારત જરૂર બનાવી શકીશું.”

ડૉકટર બોઝે જુદે જુદે સ્થળે જે જે વ્યાખ્યાનો આપ્યાં છે, તેમાં તેમની સ્વદેશપ્રીતિ તરવરી નીકળે છે. ભૂતકાળની કીર્તિનાં ગુણગાન ગાઈ સંતોષ નહિ માનતાં, દેશને માટે સાચો સ્નેહ તેણે બતાવ્યો છે તથા ભવિષ્યમાં આ દેશ પૂર્વના જેટલું ઊંચું સ્થાન પ્રાપ્ત કરે તે માટે અંતરની લાગણીઓના ઉદ્ગાર કાઢ્યા છે. મદુરાના મંદિરોનાં દર્શન પછી એક વ્યાખ્યાનમાં તેમણે કહેલું કે, “જગત પર ઘણીક વાર ભ્રમણ કર્યેથી વિવિધ પ્રજાના બે મુખ્ય લક્ષણ મેં જોયાં. કેટલીક આધુનિક પ્રજા ભવિષ્યને માટે જીવે છે. તેઓ કુદરત પાસેથી બળ તથા શક્તિ મેળવવા પ્રયત્ન કરે છે. હવે બીજા પ્રકારના લોક એવા છે કે, જે પૂર્વકાળની કીર્તિનાં ગુણગાન ગાઇ સમય ગાળે છે. ભવિષ્ય આપણી સમક્ષ હજુ પડેલું છે. આપણા વડીલોની મોટી મોટી વાતો કરતાં આપણને એમ નથી લાગતું કે, ભૂતકાળને માન આપવું હોય તો વડીલોની કીર્તિનાં ગુણગાન કર્યેથી નહિ, પણ વર્તમાનમાં સુધરી, ભવિષ્યમાં તેમની પંક્તિએ પહોંચવામાં અગર તેથી ઊંચે સ્થાને ચડવામાં તે માન સમાયલું છે? આપણા વડીલોની કીર્તિ જાળવનાર જીવતી પ્રજા તરીકે આપણે રહેવું છે? જે જે મોટા કીર્તિસ્તંભો આપણી આસપાસ જોઇએ છીએ, તે આધુનિક કાળ લગી આપણે કેવા હતા તેની સાક્ષી પૂરે છે. હિંદના પુરાતન વિશ્વવિદ્યાલયોના ખંડેરોની મેં

યાત્રા કરી છે. પૂર્વ તથા પશ્ચિમના લોકને આકર્ષતું સ્થાન—હિંદના ખૂણામાં આવેલ તક્ષશિલાનાં વિશ્વવિદ્યાલયનાં ખંડેરો મેં જોયાં. પાશ્ચિમાત્યોના જ્ઞાનની તૃષા છિપાવતું સ્થાન—નાલંદાના વિશ્વવિદ્યાલયનાં ખંડેર મેં તપાસ્યાં. પણ હવે તે પૂર્વકાળ સંભારી રહ્યા કરવું કે નવીન પ્રકાશ પાડે તેવાં વિશ્વવિદ્યાલય જગતને આપવા આપણે પ્રયત્ન કરવો, કે જ્યાં પહેલાંની માફક જગતના સર્વ ભાગમાંથી વિદ્વાન શિષ્યો હિંદમાં આકર્ષાઈ આવે? એજ માર્ગ વડે આપણે આપણું સ્વમાન પાછું પ્રાપ્ત કરી શકીશું.”


કાશીમાં હિંદુ યુનિવર્સિટીની સ્થાપના વેળા આપેલ વ્યાખ્યાનમાં તેમણે કહેલું કે, “જ્યારે પ્રજા ખોટા ગર્વથી ફૂલે છે અને પોતાનું જ્ઞાન સંપૂર્ણ માની જગતની બીજી કોઇ પણ પ્રજા પાસેથી જ્ઞાન પ્રાપ્ત નહિ કરવા હઠ પકડી બેસે છે, ત્યારે સ્વાભાવિકજ તેનો ક્ષય થવા માંડે છે. વળી પ્રજાના માનસિક જીવનમાં જગતને લાભકારી કંઇક નવીન ઉદ્ભવતા સ્ફુરણની શક્તિનો જ્યારે નાશ થાય છે અને બીજા પાસેથી મેળવ્યેજ જાય છે, પણ મળે ત્યારે પણ તેનું જીવનસ્વાસ્થ્ય ખતમ થવા આવે છે અને હલકી કક્ષાએ પહોંચી તેનો નાશ ધીમે ધીમે પાસે આવે છે. જગતની વિદ્વાન પ્રજાઓમાં પોતાનું ઉચ્ચ સ્થાન જ્યાંસુધી એક પ્રજા પ્રાપ્ત ન કરે ત્યાંસુધી, પોતાની ભૂતકાળની કીર્તિ તેણે સંભાળવી પણ ઘટતી નથી. પોતાનું ઉચ્ચ સ્થાન પોતે શા કારણે ગુમાવી બેઠી તે ખોળી કાઢી તેનાં કારણ—ખોટું આત્મસંતોષીપણું તથા વૃથા ગર્વ દૂર કરવા યત્ન કરવો ઘટે છે. શા કારણથી હિંદ હલકી અવસ્થાને પ્રાપ્ત થયું? શું વહેમથી તેનું મન નિર્બળ બન્યું? ના તેમ નહિ; કેમકે મોટા તત્ત્વચિંતકો—ઋષિઓ બુદ્ધિસ્વાતંત્ર્યને માટે તૈયારજ ઊભા હતા અને જે વારે ગેલીલિયોને કેદ કર્યો તથા બ્રૂનોને તેનો પ્રમાણિક મત આપવા સારુ બાળી મૂક્યો, તે વખતે પણ તેઓ ખુલ્લા દિલથી પુકારી રહ્યા હતા કે, જો વેદ પણ સત્યનો પક્ષ ન લેતો હોય તો તે જુઠો છે.”

જે જે યુવાન હિંદી ભાઈ વિજ્ઞાનની સેવામાં પોતાનું જીવન અર્પણ કરવા માગતા હોય, અગર જેઓ ઉચ્ચ બુદ્ધિથી પ્રેરાઇ સામાજિક સેવા કરવા ઈચ્છતા હોય, તે સર્વને સર જગદીશનું જીવન આદર્શરૂપ બનશે. તેમના માર્ગમાં પડેલાં અગણિત વિઘ્નો દૂર કરી પોતાનો રસ્તો સરળ કરવાની શક્તિ ડૉકટર બોઝના

કથન અનુસાર રહેલી છે. તેથી કોઇ પણ વાતથી ડરી નહિ જતાં, આપણા પવિત્ર હેતુને માટે આગળજ વધવું એમ સ્પષ્ટ થાય છે. નીડરતાથી પ્રગતિ કરવાનું સ્પષ્ટ દૃષ્ટાંત તેમનું જીવન તપાસ્યેથી આપણને મળે છે. હાથ જોડીને બેસી રહેવાથી કે હિંદની કીર્તિનાં અમસ્તાં ગુણગાન કર્યેથી કશું વળવાનું નથી; પણ વર્તમાનમાં બુદ્ધિપૂર્વક પ્રયત્ન કર્યેથી ભવિષ્યમાં હિંદને જરૂર ઊંચું સ્થાન પ્રાપ્ત કરાવી શકીશું. સર જગદીશ તો રાષ્ટ્રીય મહર્ષિ હતા. તેમણે સદાને માટે જગતને જણાવી દીધું છે કે, આર્યાવર્ત કદાપિ ચાર્વાક મતવાદી થવાનો નથી. બીજાનું રાંધેલું વિદ્યારૂપી અન્ન કોઇ પાસેથી બદલા વિના સ્વીકારશેજ નહિ. તે માનુષિક જ્ઞાનનો પોતાનો હિસ્સો—પ્રાચીનકાળમાં અર્પ્યો હતો, તેમ ભવિષ્યમાં પણ આપતુંજ રહેશે.

આ મહાન હિંદી વૈજ્ઞાનિકનું અવસાન ઈ. સ. ૧૯૩૭ના નવેંબરની ૨૩ મી તારીખે તેમના ભાઈને ઘેર હવાફેર માટે ગયેલા ત્યાં, તેમનાં સ્નેહાળ પત્નીની હાજરીમાં ગિરિધી ખાતે હૃદયબંધ પડવાથી થયું. આ ખબર જાણી દેશભરમાં શોકની છાયા પ્રસરી ગઈ. તેમના હિંદી તેમજ પરદેશી વિદ્વાન શિષ્યો અને મિત્રો જગતના સર્વ ભાગમાં છે. એ સૌ તેમના જીવનપ્રસંગો અને મહાન કાર્ય સંભારી ગુણગાન કરે છે. જીવનની છેલ્લી પળ સુધી પોતે હાથ ધરેલું કામ તે કરતા રહ્યા છે અને આ વિષયની શોધનાં બારેક પુસ્તકો પ્રગટ કર્યાં છે. જેમ કોઇ ઇષ્ટદેવના અનન્ય ભક્ત પોતાના દેવનું સ્મરણ છેલ્લી ઘડી સુધી કરે, તેમ વિજ્ઞાનદેવીના આ અનન્ય ભક્તે પણ પોતાનું સારું જીવન તેની ભક્તિ પાછળજ ગાળ્યું છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને તેમના અનેક વિદ્વાન શિષ્યો તેમને પગલે ચાલી અન્ય પ્રજાઓમાં હિંદને ઉન્નત સ્થાન પ્રાપ્ત કરાવે !

(' કૌમુદી 'ના એક અંકમાંથી)



૫૨–જૈન સમાજનો ચળકતો સિતારો

(લેખકઃ–મુનિ ન્યાયવિજયજી)

આસો માસની અમાવાસ્યાની અંધારી રાત્રિમાં આકાશપટ સ્વચ્છ સુંદર શોભી રહ્યું હોય, લીલીછમ ધરતી માતાની સાડીના રૂપેરી ચાંદલા સમા અનેક નાનામોટા તારલિયાઓ તેની શોભામાં કોઈ ઓર તરેહનો વધારો કરી રહ્યા હોય, તે બધામાં એક એવો તેજસ્વી તારો હોય કે, જે પોતાના પ્રકાશથી બધાની દૃષ્ટિ પોતા તરફ ખેંચી રહ્યો હોય, માનવસમાજ પણ તેના પ્રકાશથી અંજાઈ તેના વિશેષ કાર્યપરત્વે, ફળપરત્વે મીટ માંડી રાહ જોઈ રહ્યો હોય, તેજ વખતે અચાનક અણધાર્યો એ તેજસ્વી તારો ખરર કરતાં અગમ્ય આકાશઘટમાં ક્યાંક સમાઈ જાય અને એ જોનારને જે દુઃખ–જે લાગણી થાય, તે અકથ્ય અને અનિર્વચનીય હોય છે. એ લાગણી અને એ દુઃખ એના સાચા પરીક્ષક અને પ્રેક્ષક સિવાય બીજા ન અનુભવી શકે, એ સહેજ વાત છે.

આવોજ એક જૈન સમાજનો ચળકતો સિતારો પોતાના તેજથી–સુંદર કાર્યશક્તિથી અને માનવતાના વિશિષ્ટ ગુણોથી બધાને મુગ્ધ કરી, બધાની દૃષ્ટિને પોતાના તરફ–કાર્ય તરફ આકર્ષી અચાનક અણધારી રીતે આ જિંદગી પૂરી કરી, કાળની અનંત શાંતિની ગોદમાં લપાઈ ગયો છે. આજે તે મહાન સિતારાને અસ્ત થયે નવ નવ વર્ષનાં વહાણાં વાયાં છે. એ સિતારો તે બીજું કોઈ નહિ કિંતુ સૌરાષ્ટ્રમાં આવેલ જૈનોના મહાન યાત્રાના ધામ પાલિતાણામાં શ્રી સિદ્ધગિરિની છાયામાં શોભતા શ્રીયશોવિજયજી–જૈન ગુરુકુલના સ્થાપક પિતા અને સંચાલક પરમ ગુરુવર્ય મુનિમહારાજ શ્રીચારિત્રવિજયજી (કચ્છી). આજે તેઓ વિદ્યમાન નથી પણ તેમના યશઃદુંદુભિને બજાવતું ગુરુકુળ આજે ઊભું છે. તેમાં ૧૦૯ જૈન અનાથ બાળકો જ્ઞાન પ્રાપ્ત કરે છે. અત્યાર સુધીમાં તે મહાન ગુરુકુળમાં સેંકડો વિદ્યાર્થીઓ, આશ્રય મેળવી વિદ્યા પ્રાપ્ત કરી પોતાના જીવનને સફળ બનાવી ગયા છે.

ગુરુકુળમાં રહી સુંદર ધર્મભાવના, મહાન સેવાધર્મ અને આદર્શ માનવગુણો પ્રાપ્ત કરી અનેક શુભ કાર્યો કરે અને સાચા શાસનસેવક તૈયાર થાય તેવીજ કેળવણી ત્યાં અપાય છે.

જન્મ

આ મહાન વિભૂતિનો જન્મ વીરભૂમિ કચ્છ—પત્રીમાં (તા. મુંદ્રા) વિક્રમ સં. ૧૯૩૪ના આસો વદિ ૧૪—કાળી ચૌદશે થયો હતો. તેમના પિતાનું નામ છેલાશાહ અને માતાનું નામ સુભગાબાઈ હતું. તેઓશ્રીનું મૂળ નામ ધારશીભાઇ હતું. તેમને એક બીજા નાનાભાઈ હતા, જેમનું નામ મોણુશીભાઈ છે. જ્યોતિષીઓ ઘણી વાર કહે છે કે, "કાળીચૌદશે જન્મેલ બાળક લાંબું જીવે નહિ અને જીવે તો જરૂર મહાપુરુષ—મહાન વિભૂતિ થાય." આ કહેવત ધારશીભાઇ માટે બરાબર સફળ થઇ.

બાળક ધારશીને તેઓ મોટી ઉંમરના થતાં તેમનાં માબાપે નિશાળે મૂકયા. કચ્છની તે વખતની નિશાળો એટલે ઘેટાં—બકરાં પૂરવાનું પાંજરું. બાળક ધારશીને એ જડ કેળવણીમાં રસ પડતો નહિ, એટલે પોતે નિશાળને બદલે ખેતરો, વાડીઓ, બાગ—બગીચામાં અને ઝાડોની નીચે જઈ કુદરતી દશ્યોનો આનંદ—મજા ભોગવતા. બાલપણુથી તેમનામાં એક અપૂર્વ શક્તિ હતી કે, કુદરતી વસ્તુ નિહાળી તેના ગુણુ—દોષ જાણુવા, તેમને વનસ્પતિનું—ઝાડનું બહુ અદ્‌ભુત જ્ઞાન હતું. તેઓ સોબતીઓ સાથે જંગલમાં રખડતા, રમતા અને બધાના ઉપરી જેવા બની પોતાની પ્રભુતા—સત્તા દરેક ઉપર જમાવતા. અંતે માબાપના આગ્રહથી થોડું શીખી, નામું લખવાનું જ્ઞાન પ્રાપ્ત કરી, પોતાના ભાગ્યની પરીક્ષા અર્થે અલબેલી મોહમયી મુંબઇનગરી તરફ ઝુકાવ્યું. મુંબઈ આવી થોડો વખત નોકરી કરી ત્યાં આ ચાલાક છોકરાને શેઠે પોતાની દુકાનમાં ભાગ કરી આપ્યો. તેઓ નાની ઉંમરે મુંબઇ આવેલા છતાં કચ્છી સાહસપ્રિયતા, શૂરવીરતા અને ધીરજે તેમને ધંધામાં આગળ ધપાવ્યા. તેમનું શરીર મજબૂત બાંધાનું અને કસાયેલું હતું; તેમજ બુદ્ધિ અને ભાગ્ય અનુકૂળ હતાં. પછી શું પૂછવું?

તેમનો સેવાધર્મ અને ત્યાગ

જેમ દેશવીર ગાંધીજીને દક્ષિણુ આફ્રિકાના સત્યાગ્રહે નવી દિશા સુઝાડી; સંત ફ્રાન્સિસને ગરીબો અને રક્તપિત્તિયાંની સેવાએ સાચો ત્યાગમાર્ગ સુઝાડ્યો; ગેરીબાલ્ડી, ડી વેલેરા, વીર મુસોલિની ઇ૦ દેશભક્તોને ત્યાંની જડ નોકરશાહીએ જગાડ્યા; તેમ ધારશીભાઇને મુંબઈના પ્લેગે જગાડ્યા. ૧૯૫૫—૫૬ માં મુંબઇમાં ભયંકર પ્લેગ ચાલતો હતો. ધારશીભાઇના કુટુંબનાં

પંદર–સત્તર માણસોને એ પ્લેગે પોતાના પંજામાં ક્રમશઃ સપડાવ્યાં. માત્ર ધારશીભાઈ બાકી રહ્યા હતા. તેમણે દુકાન બંધ કરી માંદાઓની માવજત ખૂબ પ્રેમ અને ધીરજથી કરી. રાત અને દિવસના ઉજાગરા વેઠી ખડે પગે કુટુંબની ચાકરી કરી. બીજાં સગાંવહાલાં ત્યાં જોવા આવતાં ડરે, ત્યારે આ યુવાન દરદી પાસે જઈ આશ્વાસન આપી તેના પગ દાબે, દવા પાય અને બીજી પણ અનેક પ્રકારની માવજત કરતા. અંતે ક્રૂર કાળે એક પછી એક એમ બધાંને ઝડપ્યાં. ધારશીભાઈએ એ બધાંને સ્મશાન ભેગાં કર્યાં. કુટુંબીઓનું અકાળ મૃત્યુ તેમનું મર્મસ્થાન ભેદી નાખતું. સ્મશાનયાત્રા કરી આવ્યા કે તરતજ ધારશીભાઈને પ્લેગે પોતાનો ક્રૂર પંજો માર્યો. ઘરમાં કોઈ નહોતું. એક મિત્ર બહારથી ખબર પૂછી જતો. બધાંની દુઃખી અવસ્થા પોતે નિહાળી હતી, જાણી હતી અને કુટુંબીઓની શું દશા થઈ તેનું તેમને ભાન હતું. ઘરમાં કોઈ પાણી પાનાર પણ નહોતું. માત્ર પ્રભુનું નામસ્મરણ એજ તેમનું સાથી કે કુટુંબી હતું.

પ્રભુના નામનો અખંડ જાપ શરૂ રાખ્યો, એજ દવા એમ માની લીધું. એ પ્રભુનામે એક દિવ્ય ધ્વનિ પ્રગટ થયો અને તેઓને નવો માર્ગ સૂઝ્યો. “યદિ હું આ રોગમાંથી બચું તો સાધુ થાઉં.” અંતે કહેવત છે કે, રામ રાખે તેને કોણ ચાખે? પ્રભુનામસ્મરણ–ઔષધિ અને ત્યાગની બુદ્ધીના પ્રતાપથી તેજ રાત્રે પ્લેગની ગાંઠ ફાટી અને બગાડ નીકળી ગયો. જીવનદીપક બુઝાવાને બદલે ફરીથી મંદ મંદ પ્રકાશ્યો. ધીમે ધીમે આરામ થયો. ત્યાર પછી તરતજ દુકાને જઈ હિસાબ પતાવી દેશ તરફ હંકાર્યું અને સ્ટીમરમાં માંડવી આવ્યા. રસ્તામાં સમુદ્રના તરંગોની માફક તેમનું મન વિચારતરંગોમાં ઝોલાં ખાતું હતું. “ક્યાં સાધુ થવું? સાધુ થયા પછી શું કરવું? હવે ઘેર જઈશ તો માબાપ સાધુ નહિજ થવા દે.” પોતે માંડવી બંદર ઊતર્યા, ત્યાં રસ્તામાં દૈવયોગે તેમના દૂરના સગા કે જેઓ ઢુંઢક પંથના સાધુ થયા હતા તે મળ્યા. ઓળખાણ આપી ઉપાશ્રયે લાવ્યા. ધારશીભાઈએ ઉપાશ્રયે આવી પ્રતિજ્ઞા અને પોતાની ભાવના ગુરુને કહી સંભળાવી. ગુરુજીએ પ્રથમજ તેમની પાસે બીડી જોઈ. ધારશીભાઈને કહ્યું કે, તમારે બીડીઓ છોડવી પડશે. તેમણે તરતજ બહાર જઈ ખૂબ બીડીઓ પી બાકીની બીડીઓ અને બાકસને સળગાવી હોળી કરી દીધી

અને સદાને માટે તેનો ત્યાગ કર્યો. ગુરુને આ ફેરફાર જોઈ આશ્ચર્ય થયું. દિવસની ચાળીસથી પચાસ બીડી પીનાર છોકરો એકદમ ત્યાગ કરે, એ તેની ઉચ્ચ ભાવનાને અને ત્યાગને સૂચવે છે. આ છોકરો છે તો પાણીદાર, જો એ સાધુ થાય તો સંપ્રદાયમાં રત્ન નીકળશે. છોકરો બુદ્ધિશાળી અને સાહસી છે, માટે દીક્ષા લે તો સારું પરંતુ ભાવી જુદું હતું. ધારશીભાઇના પિતાને પુત્ર માંડવીમાં છે તેના સમાચાર મળ્યા. તરતજ ગાડું લઈ બાળકને તેડવા આવ્યા અને પરાણે ઘેર લઇ જઇ સમજાવ્યું. આ યુવાવસ્થામાં જોગ શા? તારે તે શું દુઃખ છે કે અત્યારથી સાધુ થાય છે? શું તારે પણ ધ્રુવજી થવું છે? ધારશીભાઇ મૌન રહેતા. તેમનો ત્યાગ–વૈરાગ્ય જોઈ પિતાની આંખમાં આંસુ આવતાં. અંતે ધારશીભાઈએ માબાપને મુંબઇની કરુણ કથની હૃદય ચીરી નાખે તેવી રીતે કહી સંભળાવી અને છેવટે ખૂબ સમજાવી દીક્ષાની રજા મેળવી. ગુરુને ત્યાં બોલાવ્યા અને માતપિતાએ દીક્ષા અપાવી. દીક્ષા વખતે તેમનું નામ ધર્મચંદ્રજી રાખવામાં આવ્યું. તેઓ મૂળથી ઢુંઢક સંપ્રદાયના હતા અને ઢુંઢક–સ્થાનકવાસી સાધુઓનોજ ખાસ સંસર્ગ હતો, એટલે તેમણે ઢુંઢિયાના સાધુ પાસેજ દીક્ષા લીધી. સાધુ થયા પછી ટૂંક વખતમાં બુદ્ધિશાળી–ચાલાક ધર્મચંદ્રજીએ સાધુક્રિયા કરી શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. તે વખતે સ્થાનકવાસી સંપ્રદાય વ્યાકરણને 'વ્યાધિકરણ' કહેતા એટલે પરબારા શાસ્ત્રાભ્યાસજ શરૂ કરતાં બે વર્ષમાં તો ઘણાં સૂત્રોના પાઠો મુખપાઠ કરી નાખ્યા.

સત્ય જ્ઞાનપ્રાપ્તિ

જૈન આગમો તપાસતાં તેમને ચોખ્ખું જણાયું કે, મૂર્તિના વિધાના પાઠો સ્થળે સ્થળે હોય છતાં આપણે મૂર્તિ કેમ નથી માનતા? તેનો વિરોધ કેમ કરી શકીએ છીએ? તેઓ ભલે ઢુંઢક સંપ્રદાયમાં ઊછર્યા હતા–તેના સંસ્કારો મજબૂત હતા, છતાં તેઓ સત્ય જ્ઞાનના પિપાસુ હતા. તેમની નજર ખૂલી ગઇ. તેમણે સાંપ્રદાયિક મોહ ઉતારી નાખ્યો અને સત્ય શોધવા માંડયું. પાઠો મળ્યા કે, મૂર્તિપૂજા સત્ય છે. તેમણે પ્રથમ ખાનગીમાં ગુરુ પાસે દલીલો કરી. ગુરુજી તો આ સાંભળી મૌનજ રહ્યા. સમુદાયના વડીલ નેતાને પૂછ્યું, જેમણે ગોળ ગોળ ઉત્તર આપ્યો; વિદ્વાન સાધુઓને પૂછ્યું, પણ કયાંયથી સંતોષકારક ઉત્તર ન મળ્યો. તે-

મના હૃદયમાં બંડ જાગ્યું. સત્ય હોય તે કેમ ન સ્વીકારવું ? ગુરુજી તો સમજીજ ગયા હતા કે, શિષ્ય વિદ્વાન અને બુદ્ધિશાળી છે. મારી પાસે તેની શંકાનું સમાધાન નથી. ધર્મચંદ્રજીએ આ સત્ય બીજા સાધુઓને સમજાવ્યું. ગુરુજીએ સાંપ્રદાયિક મમત્વની ભૂરકી બતાવી મૌન રહેવા સમજાવ્યું, પણ ધર્મચંદ્રજીને સંપ્રદાય કરતાં સત્ય ઉપર વધારે પ્રેમ હતો. મારું એ સાચું એમ નહિ, પણ સાચું એ મારું; એ સિદ્ધાંતને ખાસ માન આપતા. એકાદ વાર રાત્રે તેમને સ્વપ્નમાં મુંબઇના સુપ્રસિદ્ધ ગોડીજી મહારાજના મંદિરમાં દર્શન થયાં. તેમનો પવિત્ર આત્મા પોકારી ઊઠયોઃ બંધનો તોડી નાખી દે, વાડામાં કાંઇ મુક્તિ નથી. અંતે તેમણે કચ્છના શહેર અંજારમાં એક દિવસે જૈન મંદિરમાં જઇ આત્મપુનિત કર્યો. સ્થાનકવાસી સંપ્રદાયમાં ખળભળાટ મચી રહ્યો. તેમને ભક્તજનોએ સમજાવ્યા. સંપ્રદાયમાં રહેવાથી લાભ બતાવ્યા; અંતે માન–અપમાનની દરકાર કર્યા સિવાય બધી ધમકીઓની સામે થઇ ત્યાંથી ચાલી નીકળી જામનગરમાં આવ્યા અને ત્યાં સ્વર્ગસ્થ બાલબ્રહ્મચારી જૈનાચાર્ય શ્રીવિજય–કમલસુરીશ્વરના શિષ્ય સ્થવીર શ્રી. વિનયવિજયજી મહારાજશ્રી પાસે તપગચ્છમાં દીક્ષા લીધી. ત્યાં તેમનું નામ બદલી મુનિમહારાજ શ્રીચારિત્રવિજયજી રાખવામાં આવ્યું.

કાશીગમન

તપગચ્છની દીક્ષા લઇ ગુરુ સાથે શત્રુંજયની યાત્રા કરવા ગયા અને ત્યાં તેમને અભ્યાસની ઉત્કટ ઇચ્છા થવાથી ગુરુઆજ્ઞા લઇ અભ્યાસ અર્થે વિદ્યાપુરી કાશી તરફ વિહાર કર્યો. લાંબા લાંબા વિહાર કરી કાશી જઇ પહોંચ્યા અને ત્યાં જઈ અભ્યાસની ધૂન લગાવી. તેમના સહાધ્યાયીઓ અત્યારે પણ મુક્તકંઠે વખાણ કરે છે કે, તેઓ અભ્યાસમાં સતત મહેનત લેતા. તેમનો સિદ્ધાંત હતો કે, " सुखार्थीनां कुतो विद्या विद्यार्थीनां कुतो सुखम् " અહીં તેમને આચાર્ય શ્રીવિજયધર્મસુરી સાથે ગાઢ મૈત્રી થઇ. કાશીમાં તેમના જમણા હાથ તરીકે રહી દરેક કાર્ય કરતા. આચાર્ય વિજયધર્મસુરી ઘણી વાર કહેતા કે, પૂ૦ ચારિત્રવિજયમાં એક એવી શક્તિ છે કે, ગમે તે કાર્ય હાથમાં લે તે જરૂર પાર ઉતારે. તે ધારે તો જરૂર આવી પાઠશાળાઓ ઉત્પન્ન કરી શકે. ગુરુદેવ ત્યાં ૩–૪ વર્ષ અભ્યાસ કરી શ્રીસમેતશિખરની યાત્રા કરી કલકત્તે થઇ

માળવા, મેવાડ, રજપૂતાનામાં થઇ ગુજરાતમાં આવ્યા. આ વખતે વડોદરામાં થયેલ મહાન મુનિસંમેલનમાં ભાગ લઇ, પોતાનાં ઓજસ્વી વ્યાખ્યાનોથી બધાને આકર્ષી ત્યાંથી પાલિતાણે શત્રુંજયની યાત્રા કરવા ચાલ્યા.

સંસ્થાની સ્થાપના અને તેમની વિશિષ્ટ માનવદયા

પાલિતાણે આવ્યા પછી તેમણે વિચાર્યું કે, પાલિતાણા તીર્થક્ષેત્ર છે તેમ વિદ્યાક્ષેત્ર–વિદ્યાપુરી કેમ ન બની શકે ? શું પાલિતાણા વિદ્યાપુરી કાશી ન બની શકે ? જરૂર જૈનોનું કાશી બની શકે. એની પાછળ અપૂર્વ કાર્યશક્તિ અને ભોગ જોઈએ. આ પ્રશ્ન વિચારી એજ ભાવથી તેમણે પ્રથમ એક સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા ખોલી. દિવસે સાધુ–સાધ્વીઓ અભ્યાસ કરતાં અને રાત્રે ગામનાં જૈન બાળકો અભ્યાસ કરતાં. સંસ્થાની વ્યવસ્થા સુંદર રીતે ચાલતી હતી. ઘણાં સાધુ–સાધ્વી ભણવા આવતાં. આ વખતે કચ્છમાં ભયંકર દુષ્કાળ પડયો હતો. ઘણા જૈનો મદદ માટે બહાર નીકળ્યા હતા. આ વખતે એક વૃદ્ધ ડોસો પોતાનાં બે નાનાં કુમળાં ફૂલ જેવાં બાળકો લઇ પાલિતાણે આવેલો. તેણે પોતાનાં બાળકોને કયાંક મૂકવા ઘણી મહેનત કરી, પણ કોઇ સંસ્થામાં તેમને સ્થાન ન મળ્યું. એ ડોસો પૂજ્ય ગુરુદેવને મળ્યો. આંખમાં આંસુ લાવી તેણે કહ્યું: “ આ મારાં ફૂલ જેવાં બાળકોને સંભાળનાર કોઇક મળે તો મારા જીવનની મને દરકાર નથી. હું જીવું કે મરું તેની મને લેશમાત્ર ચિંતા નથી.” મહારાજશ્રીનું હૃદય આ વચન સાંભળી પીગળ્યું–હાય ! માનવીની આ દશા ! ગુરુદેવના હૃદયમાં માનવસેવા ઊભરી નીકળી. ડોસાને આશ્વાસન આપી બાળકોને રહેવાને માટે બીજે તપાસ કરી, પણ કયાંય બાળકોને સ્થાન ન મળ્યું. મહારાજશ્રીને વિચાર આવ્યો કે, અહીં પાઠશાળા ચાલે છે તો તેને અંગે બોર્ડિંગ ખોલવામાં આવે તો ઘણો લાભ થાય. આવાં સેંકડો અનાથ જૈન બાળકો તેનો લાભ લે. અહીં રહી ભણે, તૈયાર થાય અને ભવિષ્યમાં સમાજને સેવા અર્પે. એ તો નિયમ છે કે, “ જેના ઉપદેશકો બળવાન તેમનો ધર્મ બળવાન.” આમ વિચારી પાઠશાળાને અંગે બોર્ડિંગ ખોલી અને પાઠશાળાનું નામ “ શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા બોર્ડિંગ ” રાખ્યું. બોર્ડિંગ થવાથી આજુબાજુનાં ઘણાં ગરીબ જૈનબાળકો અભ્યાસ માટે દાખલ થવા આવ્યાં. વિશેષ

મદદ માટે પોતાના પરમસ્નેહી અને વડીલ આચાર્ય વિજયધર્મસુરી પાસે માગણી કરી અને આચાર્યશ્રીએ પણ અમુક સમય સુધી મદદ આપવાની હા કહી. બાળકોનો અભ્યાસ સુંદર રીતે ઝડપથી આગળ વધતો ગયો. અધ્યયન–અધ્યાપનની બધી બાબતોમાં ગુરુદેવ જાતેજ દેખરેખ રાખતા. ટૂંક સમયમાંજ આ સંસ્થામાંથી ચાર વિદ્યાર્થીઓ અઢારહજારી સિદ્ધહેમ વ્યાકરણ ભણી કલકત્તા યુનિવર્સિટીમાં વ્યાકરણની મધ્યમ પરીક્ષા આપવા ગયા અને તેમાંથી ત્રણ ઊંચે નંબરે પાસ થયા.

પાલિતાણામાં ભયંકર જળપ્રલય અને મહારાજશ્રીની ભગીરથ સેવા

આ વખતે સંસ્થાની ખૂબ પ્રગતિ થઇ હતી. સંસ્થા અત્યારે ઉન્નતિને શિખરે હતી. આખી જૈન કોમમાં અપૂર્વ અને અનુપમ સ્થાન સંસ્થાનું હતું. આ વખતે પાલિતાણામાં ૧૯૬૯ના ભાદરવા વદ ૮ ની રાત્રે ભયંકર હૃદયભેદક કારમો પ્રસંગ બન્યો. આ પ્રસંગે માનવતાની કસોટી હતી, ગુરુદેવ એ કસોટીમાંથી પસાર થયા.

બનાવ એમ બન્યો કે, રાત્રે ગાજવીજ સાથે વરસાદ–મુસળધાર વૃષ્ટિ શરૂ થઇ. આંખો પણ ન ઊઘડવા દે તેવા વીજળીના ચમકારા થતા હતા, ભયંકર કડાકા બોલતા હતા અને વાયુદેવનો મહાન પ્રકોપ ઊછળી રહ્યો હતો. વરુણદેવ અને વાયુદેવે પોતાના પ્રચંડ પ્રકોપમાં અનેક જીવોના બલિ લેવા શરૂ કર્યા. સેંકડો ઘર જમીનદોસ્ત થયાં અને હજારો માણસો, સ્ત્રીઓ અને બાળકો તણાવા લાગ્યાં. ઉપરથી ડુંગરનું પાણી જોશબંધ માર માર કરતું ધસ્યું આવતું હતું. બીજી બાજુ નદીનો બંધ તૂટ્યો, પાણી ગામમાં પેઠું. પાલિતાણાને ફરતી ત્રણ બાજુ નદી છે અને ચોથી બાજુએથી ડુંગરનું પાણી ગામમાં ફરી વળ્યું છે. આખું ગામ બંબાકાર જળજળમય થઇ ગયું. તણાતા માનવીઓ "બચાવો" "બચાવો"ના હૃદયભેદક કરુણ પોકારો પાડતા હતા; પણ કોઇને સાંભળવાની ફુરસદ ન હતી. આ વખતે સંસ્થા ઓસમાન શેઠના મકાનમાં હતી અને મકાન બહુજ મજબૂત હોવાથી તે પૂરેપૂરી સુરક્ષિત હતી. જે જળપ્રલય હમણાં આખા ગુજરાત ઉપર થયો, તેવોજ જળપ્રલય પાલિતાણામાં અને તેની આજુબાજુમાં થયેલો. "બચાવો, બચાવો"ના પોકાર સાંભળી મહારાજશ્રી જાગી ઊઠ્યા. જોયું તો તેમને લાગ્યું કે, અત્યારે સેવાધર્મ બજાવવાનો અણધાર્યો

અપૂર્વ અનુપમ મોકો આવ્યો છે. તેમનો દયાપ્રેમી આત્મા પોકારી ઉઠ્યો કે, "હું એકેન્દ્રિય જીવોના બચાવ માટે ઓઘો (જૈન-સાધુ પોતાની પાસે રાખે છે) રાખું છું, તો પંચેન્દ્રિય જીવોને બચાવવા તે મારી પ્રાથમિક ફરજ છે."

બસ, તરતજ તેમણે અંદર ઝંપલાવવાનો નિશ્ચય કર્યો. સામેના દવાખાનાના થાંભલા સાથે દોરડાં બાંધી જીવના જોખમે ઝુકાવ્યું. ઉપર અનરાધાર મેઘ વર્ષે અને નીચે નર્યું પાણીજ પાણી! કચ્છી સાહસ, ધૈર્ય અને શૌર્ય હાજરજ હતાં. પોતે તે વખતે સાડાત્રણસો મનુષ્યને અને સેંકડો ઢોરોને જળનાં ભોગ થતાં બચાવી દરેકને પકડી પકડી પોતે ઉપર પહોંચાડતા હતા. બચેલાં મનુષ્યોમાં ઘણાં તો નગ્ન હાલતમાંજ હતાં. તે દરેકને માટે સંસ્થાનો સ્ટોર ખુલ્લો મુકાવી દીધો અને દરેક પ્રકારની મદદ આપી. આ મહાન મૂક સેવા, પ્રેમની ભગીરથ મહેનત અને સેવાનો રિપોર્ટ સામે દવાખાનામાં રહેતા ડૉકટર મિ. હોર્મસજીએ પોતે નજરે જોઈ લખ્યો અને સવારેજ ત્યાંના ઍડમિનિસ્ટ્રેટર મિ. મેજર સ્ટ્રોંગને મોકલ્યો. મેજર સ્ટ્રોંગ આ વાંચી ઘણો ખુશ થયો અને સંસ્થામાં મહારાજશ્રીને મળ્યો અને સહસ્રશઃ ધન્યવાદ આપી જણાવ્યું કે, પાલિતાણા સ્ટેટ આપની સેવાનું સદા ઋણી રહેશે. આપને કાંઇ પણ કામ હોય તો મને ફરમાવજો. આમ કહી મહારાજશ્રીનો ફોટો લઇ વિદાય થયો. મહારાજશ્રીના જીવનની આ એક અમૂલ્ય તક હતી અને એ દયામૂર્તિએ એ તકનો લાભ લઇ પોતાની માનવસેવાનો સચોટ દાખલો જનતા સન્મુખ મૂક્યો છે. મનુષ્ય ઘણી વાર આખા જીવનમાં એકાદ કાર્ય એવું સુંદર કરે છે, કે જેથી તે સદા અમર અને બીજાને દૃષ્ટાંતરૂપ બને છે. મહારાજશ્રીનો ધીમે ધીમે પરિચય વધ્યો. તે એટલે સુધી કે મેજર સ્ટ્રોંગ પણ મહારાજશ્રીને પોતાના ગુરુ તરીકેનું માન આપતો. આ વખતે સંસ્થા જે મકાનમાં હતી, તે મકાન સ્ટેટના તાબે જતાં તે ખાલી કરવાનો પ્રસંગ આવ્યો. મહારાજશ્રીએ મેજર સ્ટ્રોંગને બધી વાત કરી. મેજર સ્ટ્રોંગે ખુશી થઈ જણાવ્યું કે, સંસ્થાને માટે આપ ગમે ત્યાં જમીન પસંદ કરો. સંસ્થાને તદ્દન ઓછામાં ઓછા દરે આપીશ. અત્યારે જ્યાં એક હાથ જમીન મેળવતાં મુશ્કેલીઓ વેઠવી પડે છે! અરે તે વખતે પણ એક હાથ જમીન મેળવવાના સાંસા હતા, ત્યાં મહારાજશ્રીએ સંસ્થા માટે પાંચ

વીઘાં જમીન મેળવી આપી અને ત્યાંજ મેજર સ્ટ્રોંગના હાથે પાયો નખાવી મહાન ગુરુકુળ થાય એજ ભાવનાથી સુંદર મકાન સંસ્થાએ ઊભું કર્યું.

ગુરુકુળ

ગુરુદેવની ભાવના હતી કે, આ સંસ્થા મહાન ગુરુકુળ થાય તો સારું. સમાજને ગુરુકુળની ખાસ જરૂર છે; પરંતુ જેમ દરેકને ભરતી–ઓટ આવે છે, તેમ આ મહાન સંસ્થા માટે પણ બન્યું. સંસ્થાના આત્મા મહારાજશ્રીએ કચ્છ તરફ વિહાર કર્યો અને પાછળથી ગુરુકુળ ઉપર એવું ઘનઘોર વિઘ્નવાદળ ચડી આવ્યું કે, જેથી સંસ્થાનો પાયો હચમચી ગયો. મહારાજશ્રી કચ્છમાંથી પોતાના બે નૂતન શિષ્યો–મુનિમહારાજશ્રી દર્શનવિજયજી અને મુનિમહારાજશ્રી જ્ઞાનવિજયજી સહ મોટા મોટા વિહાર કરી જલદી પાલિતાણા આવ્યા. સંસ્થાની દીન હાલત જોઇ તેમના હૃદયમાં કારી ઘા થયો. જેમ માબાપ બાળકને પાળી–પોષી મોટો કરે, તેમ પોતે આ સંસ્થાને ઉન્નતિના શિખરે મહાલતી મૂકી ગયા હતા, તેનેજ ગિરિકંદરામાં પડેલી જોઇ દુઃખ થાય તેમાં નવાઇ જેવું નથી; પરંતુ હિંમત ન હારતાં ધીરજથી સંસ્થાનું મકાન પોતાના હાથમાં લઈ સંસ્થાને પદ્ધતિસર મૂકી અને પૂર્વની પદ્ધતિએ તેનું કામ સરળતાથી ચલવવા માંડ્યું. ત્યાંજ ધર્માત્મા ભાઇ જીવણચંદ ધર્મચંદ મહારાજશ્રીને મળ્યા અને ગુરુકુળ સંબંધી વાતચીત થઇ. અંતે મહારાજશ્રીના કહેવાથી અને આચાર્ય શ્રીવિજયકમળસુરીજી તથા યોગનિષ્ઠ આચાર્ય શ્રી-બુદ્ધિસાગરસુરીજીની કીમતી પ્રેરણાથી સંસ્થાનું સુકાન પોતાના હાથમાં લીધું અને મહારાજશ્રીની ઇચ્છાનુસાર સંસ્થાનું નામ "શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ" રાખ્યું. જેમાં અત્યારે ૧૦૬ બ્રહ્મચારી જૈન વિદ્યાર્થીઓ ભણે છે. શ્રી. સિદ્ધગિરિની છાયામાં આ ગુરુકુળ દિનપરદિન ઉન્નતિના શિખરે ચડતું જાય છે; શ્રી-વીરધર્મની ઉદ્‌ઘોષણા કરતું, તેના સંસ્થાપક મહાત્મા પરમ ગુરુ-દેવના આત્મા સમું નિર્મળ, શ્રી ગિરિરાજની છાયામાં અજોડ અને એકાકીપણે ઊભું ઊભું શાંતિથી મૂંગે મોઢે અર્હંત્ ભક્તો તૈયાર કરી રહ્યું છે અને સમાજમાં કોઇ અનેરી ભાત પાડી રહ્યું છે.

તેમની ઉપદેશશક્તિ

તેમનામાં અસાધારણ ઉપદેશકશક્તિ હતી. સુંદર મોહક

વાણીથી જ્યારે તેઓ ઉપદેશ આપતા ત્યારે શ્રોતાઓ મુગ્ધ થઇ જતા. ગમે તેવા કૃપણ મનુષ્યને પણ બોધ આપી ગુરુકુળને મદદ અપાવતા. આ સિવાય અનેક જૈનેતર વિદ્વાનો તેમના પરિચયમાં આવી જૈનદર્શનના સિદ્ધાંતો સમજ્યા હતા. લાકડિયા નરેશ, માળિયા નરેશ, મેજર સ્ટ્રોંગ, અંગિયાના બાવાજી, ડૉ૦ પદમશીભાઇ, સુ. નાથાભાઇ તથા ભાવનગરના મરહૂમ મહારાજાના મામા શ્રી. કનુભાઇ આદિ અનેક પ્રતિષ્ઠિત જૈનેતરો તથા રાજાઓને ઉપદેશ આપી જૈનધર્મના સિદ્ધાંતોમાં રસ લેતા કર્યા હતા. માળિયાનરેશે તો મહારાજશ્રીના ઉપદેશથી કચ્છના રણમાં કાંઠી ઉપર મુસાફરો માટે પાશેર દાળિયા, ગોળ તથા મીઠા પાણીની સગવડ કરી છે, કે જે સગવડ હજારો મુસાફરોના આશીર્વાદરૂપ થઇ પડી છે. ખરા ધૂમ તડકામાં જ્યારે અંગારા સળગતા હોય અને ક્યાંય ઝાડ કે પાણી ન હોય, ત્યારે આ સગવડ કેટલી આશીર્વાદરૂપ છે, તેની વાચકોજ કલ્પના કરી લે.

તેમનો સ્વર્ગવાસ

સંસ્થાની ચિંતામાં તેમનું શરીર અસ્વસ્થજ રહેતું. બીજા શબ્દોમાં કહું તો સંસ્થાની પાછળ તેમણે આખું જીવન રેડી દીધું હતું. શરીરમાં રોગે ઘર કર્યું હતું. અંતે આ વિદ્વાન સમર્થ શાસનભક્ત દયામૂર્તિ સંત પુરુષને સં. ૧૯૭૪ ના ઇન્ફ્લ્યુએન્ઝામાં આસો વદિ ૯ ના દિવસે આઠ દિવસની ટૂંક બીમારી ભોગવાવી ચોત્રીસ વર્ષની નાની ઉંમરે કાળે પોતાના પંજામાં લઇ લીધા, તેઓ સ્વર્ગવાસ પામ્યા. એ ચળકતો સિતારો અણધાર્યો–અચાનક અસ્ત થયો. જીવન અને મરણ એ કાંઇ નવાઇની વાત નથી; પરંતુ એક આશાવંત મહાન વિભૂતિ અધૂરી સેવા અર્પી ચાલી જાય, આરંભેલા સેવાયજ્ઞને અધૂરો મૂકી ભંગાણ પાડી ચાલી જાય, ત્યારે દુઃખ કોને ન થાય? આજે તેઓ નથી પણ તેમના મૂર્તિમંત દેહસમું શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ ચિરંજીવ છે. જેઓ એક વાર એમ કહેતા કે, આ બાવાની મઢૂલી કેટલા દિવસ ચાલશે? તેઓ એક વાર પસ્તાઇ ક્ષમા માગવા આવ્યા હતા. આજે તેઓ પોતાની ભૂલ કબૂલે છે. જે સંસ્થાના સ્થાપનમુહૂર્તમાં મંગલનું શ્રીફળ ઉધાર લાવવું પડયું હતું, તે સંસ્થા આજે આખી જૈન કોમમાં અપૂર્વ, અનુપમ અને અજોડ લેખાય છે અને આખા જૈન સમાજને પ્રેમથી પોતાના તરફ આકર્ષી રહેલ છે.

તેઓની અંતિમ ભાવના

પૂજય ગુરુદેવની અંતિમ ભાવના વર્ણવું તે પહેલાં તેઓશ્રીના જીવનનો એક અનન્ય પ્રસંગ ટંકામાં લખી લઉં, પછી આગળ વધું. એ પ્રસંગ તે તીર્થની સેવા. પાલિતાણાના મરહૂમ ઠાકોર શ્રીમાનસિંહજીએ અને બારોટોએ જ્યારે શત્રુંજય ઉપર અશાતનાઓ કરવા માંડી અને અનેક વિઘ્નો કરી હકનો ડંડો જમાવવા અનેક અનર્થો કરવા માંડ્યા, તે વખતે આ ગુરુદેવે હિંમતભરી રીતે અડગતાથી બધાની સામે ઊભા રહી અશાતના ટાળી હતી અને ઠેઠ જીવસટોસટનો પ્રસંગ આવ્યો; છતાં તીર્થ ખાતર ગમે તેવાં દુઃખ ભોગવવાં પડે તો શું હિસાબમાં હતું? તેમ ધારી છેવટ લગી અડગ રહી તે પ્રકરણનો અંત આણ્યો હતો. શાસનસેવા કરવી એજ તેમનો જીવનમંત્ર હતો.

તેઓશ્રીની છેવટની ભાવના જૈન અનાથાશ્રમ ઉઘાડવાની હતી. હજારો અનાથ નિરાધાર જૈન બાળકો ધર્માંતર થાય છે, તેમને આશ્રય આપી વિદ્યાદાન આપી ચુસ્ત જૈન બનાવવા અને જૈન સમાજનો થતો નાશ અટકાવવો. તેમની આ ભાવના તેમના શિષ્યો અને ભક્તો પૂરી કરે, એ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

(સાપ્તાહિક "મુંબઇ સમાચાર"ના એક અંકમાંથી)

૫૩–તિલક અને લેનિનના જીવનમાં અદ્દભુત સામ્ય

રશિયાના મુક્તિદાતા લેનિન અને હિંદના રાષ્ટ્રવીર લોકમાન્ય તિલક એ બન્નેની જિંદગીના બનાવોમાં આશ્ચર્યજનક સામ્ય હતું. એ નીચેની વિગતો પરથી જણાશે.

તિલક અને લેનિન એ બન્ને પોતપોતાના દેશના શિક્ષણવિભાગના કર્મચારીઓને ઘેર જન્મ્યા હતા. તિલકનો જન્મ રત્નાગિરિમાં ૧૮૫૬ ની સાલમાં થયો હતો. એ સમયે એમના પિતા શ્રી૦ ગંગાધર રામચંદ્ર તિલક એક મરાઠી શાળાના શિક્ષક હતા. એમને શરૂઆતમાં માસિક પાંચ રૂપિયાનો પગાર મળતો હતો. ધીરે ધીરે ઉન્નતિ કરતા કરતા તેઓ કેળવણી ખાતાના મદદનીશ

ડેપ્યુટી ઇન્સ્પેક્ટર થયા. લેનિનનો જન્મ ૧૮૬૦ ના એપ્રિલમાં થયો હતો. એ સમયે એમના પિતા ઇલિયા નિકોલેવીચ બિલિનો-મિત્ર વિર્સકમાં સ્કૂલ ઇન્સ્પેક્ટર હતા.

તિલક અને લેનિન બન્નેને પોતાના પિતાના મૃત્યુનો આઘાત સોળ વર્ષની વયે સહન કરવો પડ્યો. તિલકના પિતાનો સ્વર્ગવાસ ૧૮૭૨ માં થયો અને લેનિનના પિતાનું અવસાન ૧૮૮૬ માં થયું.

તિલક અને લેનિન બન્નેએ કાયદાનો અભ્યાસ કર્યો હતો. એકે મુંબઇ યુનિવર્સિટીમાં અને બીજાએ સેંટ પિટર્સબર્ગની યુનિવર્સિટીમાં. એ બન્નેની સામે સરકારી પદ, આનંદમય જીવન, નોકરીના અંધકારમાંથી સ્વતંત્રતાનો પ્રકાશ જોવો, એ બધું હતું. એ ઉપરાંત એ બન્નેની "ઈશ્વરનું કાર્ય મનુષ્યદ્વારા પૂરું કરાવાય છે" એવી કલ્પના હતી. એ ઇચ્છા બન્નેએ પાર પાડી. કાયદાનો અભ્યાસ કરી લીધા પછી એ બન્નેએ એવો નિશ્ચય કર્યો કે, "આપણે પોતાના નવયુવાન સાથીઓ સાથે મળીને દેશની સ્વતંત્રતા માટે કાર્ય કરવું." બન્નેને એ કાર્યમાં સહાય કરનારા સાથીઓ પણ મળ્યા.

તિલક અને લેનિન બન્નેને પોતાની જુવાનીમાં રાજ્ય તરફથી કષ્ટ વેઠવું પડયું. લેનિનને સત્તર વર્ષની ઉંમરે સજા થઇ. એમને કોકુસ્કીનો નામના ગામમાં મોકલી દેવામાં આવ્યા. લોકમાન્ય તિલકને તથા એમના મિત્ર અગરકરને, કોલ્હાપુરના દીવાન બહાદુરની વિરુદ્ધ કંઇક લખ્યું એથી, ચાર મહિનાની સજા થઇ અને બન્ને મિત્રો ૧૮૮૨ ના જુલાઇમાં જેલમાં ગયા. આ રીતે ભવિષ્યનાં કાળાં વાદળાંની છાયાનાં તેઓને યુવાવસ્થામાંજ દર્શન થયાં.

તિલક અને લેનિન એ બન્નેનાં કાર્યકેંદ્રો પોતપોતાના દેશનાં એવાં શહેરો હતાં, જે સંસ્કૃતિ અને કેળવણીનાં ધામ ગણાતાં. પૂના હિંદી રાજકીય ક્ષેત્રમાં મહત્ત્વની જગા છે અને સેંટ પિટર્સબર્ગ રશિયન જ્ઞાનપિપાસુઓનું યાત્રાસ્થળ છે.

જનતા ઉપર પ્રભાવ

તિલક અને લેનિન બન્ને પત્રકારો હતા. પત્રને પ્રતાપે જનતા પરનો તેઓનો પ્રભાવ દિનપ્રતિદિન વધતો જતો હતો. તિલકનું પત્ર "કેસરી" (સિંહ) હતું; અને લેનિનનું પહેલું પત્ર "ઇસ્ક્રા" (ચિનગારી) હતું. બન્નેના પત્રકાર તરીકેના જીવનની શરૂઆતમાંજ અડચણ ઉપસ્થિત થઇ હતી. લેનિનનો સહાયક અને સહકારી પ્લેખેનો ભવિષ્યમાં આર્થિક પરિવર્તન થાય એવું ઇચ્છતો

હતો અને એ પત્ર સાવચેતીભરી ભાષામાં રાખવા ચાહતો હતો. અતિ વિદ્વાન પુરુષોની પેઠે એનામાં સંદેહનો વાસ હતો અને પોતાના વિચારો પ્રગટ થઇ જવામાં શો ભય છે એ સમજનાર માણસની પેઠે, તે સમાલોચના મોટા મોટા ગોળ ગોળ શબ્દોમાં કરી જાણતો. લેનિન એથી વિરુદ્ધ હતો. એ એવું ઇચ્છતો કે, જે કંઇ કહેવું હોય તે નીડરપણે કહી નાખવું. ગોળ ગોળ શબ્દોમાં લેખ લખવાની એ વિરુદ્ધ હતો. તિલકના સહકારી આગરકર પણ પ્લેખેનો જેવા વિચારના હતા. એમને લાગતું હતું કે, તિલક સંપાદન વિભાગમાં માર્ગદર્શકનું કાર્ય કરવા માગે છે અને એ રીતે લોકો પર પોતાનો પૂરો પ્રભાવ જમાવવા ઇચ્છે છે. લેનિનને "ઇસ્ક્રા" છોડી દેવું પડ્યું. પાછળથી એ પણ નરમ વિચારનું થઇ ગયું. લેનિને બીજું પત્ર "પેડા" ચાલુ કર્યું. તિલક અને લેનિનનો લોકો પર જે જબરો પ્રભાવ પડ્યો એનું રહસ્ય એ હતું કે, તેઓ બન્ને પ્રચારકની નીતિએ કાર્ય કરતા હતા. એની શૈલિ પણ બહુ સરળ હતી. તેઓ બન્ને ખેડૂતો સંબંધી લખતા. તેઓ ઘણી મહત્ત્વની વાતો કરતા; પણ એ પોતાની ભાષામાં નહિ, જનતાની ભાષામાં.

હાલમાં એક અંગ્રેજે પ્રગટ કરેલ "થ્રી મંથ્સ ઇન રશિયા" નામના પુસ્તકમાં લેનિન વિષે જે લખ્યું છે તે તિલકને પણ લાગુ પડે છે.

"ઇતિહાસમાં લેનિનનું સ્થાન અપૂર્વ છે. એના સ્મારકમાં મોસ્કોમાં એક સંસ્થા છે. ત્યાં લેનિને લખેલા કાગળના જેટલા ટુકડા મળે એ બધા ભેગા કરી રાખવામાં આવે છે અને લોકો એનું અધ્યયન કરે છે. રાજનૈતિક વાર્તાલાપમાં 'લેનિને કહ્યું છે કે' એ શબ્દો લોકોની જીભે હોય છે. કોઇ પણ વાતના અર્થ સ્પષ્ટ કરવા માટે એ શબ્દો નિશ્ચિત પુસ્તક જેવા ગણાય છે, રાજનૈતિક ગીતા જેવા થઇ રહ્યા છે."

લેનિન ખરેખર અદ્ભુત પુરુષ હતો. એની અદ્ભુત દૃઢતા, પોતામાં અને પોતાના ધ્યેયમાં શ્રદ્ધા, મનુષ્ય અને પરિસ્થિતિ વિષેનું અથાક જ્ઞાન, બધા લોકો સાથે સાદી સાધારણ ભાષામાં વાતચીત કરવાની આવડત, સ્વાર્થ પ્રત્યે બેપરવાઈ વગેરે કારણોને લીધે એ બીજા લોકોથી ભિન્ન થઇ જાય છે અને મહાન ગણાય છે.

("બે ઘડી મોજ" ના એક અંકમાંથી)

૫૪–નૂતન ભારતના વિધાયક તિલક મહારાજને સ્મરણાંજલિ

(લેખકઃ–શ્રી. સાધુ વાસવાણી)

લોકમાન્ય તિલક મહારાજની આઠમી સંવત્સરી વેળા, નૂતન ભારતના વિધાયક એ નરને સમગ્ર પ્રજા વંદના અર્પી રહી છે. તિલક મહારાજનું નામ સંભારવું એટલે સ્વરાજની સાધના કરવી; એના આત્મસમર્પણની સ્મૃતિઓ તાજી કરવી એટલે આત્મવિશુદ્ધિ આદરવી.

એ નરપુંગવના જીવનનો સર્વપ્રથમ સંદેશ સ્વાશ્રય છે. તમારી મુક્તિ તમે પોતેજ મેળવી લ્યો–આજેયે જાણે એનો એ સંદેશ કાન ઉપર અથડાય છે. સ્વદેશી એટલે આર્થિક સ્વાશ્રય; રાષ્ટ્રીય શિક્ષણ એટલે શિક્ષણવિષયક સ્વાશ્રય; સ્વરાજ એટલે રાજકીય સ્વાશ્રય–એ નેતાવરનાં એ જીવનસૂત્રો આજેય હિંદી સ્વાતંત્ર્યયુદ્ધને પ્રેરણા આપી રહ્યાં છે.

કલકત્તાના એના પ્રખ્યાત ભાષણમાં એણે કહેલું કે, “ જો તમે સ્વાધીન બનવા ન ઇચ્છતા હો, તો તમે પતિત બનશો અને સદાને માટે પતિત રહેશો. આ સરકારને તમારી ઉપર શાસન કરવામાં સાથ ન આપવા પૂરતી પણ તમારામાં આત્મસમર્પણની અને અસહયોગની શક્તિ નથી ! પડકાર કરો કે, ‘ મહેસૂલ એકઠું કરવામાં અમે તમને (સરકારને) મદદ નહિ દઇએ; હિંદી શોણિત અને હિંદી સમૃદ્ધિથી હિંદની બહાર અગર હિંદના સીમાડા ઉપર યુદ્ધ કરવામાં અમે તમને સાથ નહિ આપીએ; ન્યાયનો કારભાર ચલાવવામાં અમે તમને સહકાર નહિ આપીએ; અમે અમારી પોતાની અદાલતો સ્થાપીશું અને સમય આવ્યે અમે કરવેરા પણ નહિ ભરીએ.’ તમારું સંઘબળ જમાવીને તમે આટલું કરી શકો તેમ છો ? જો તમે એ કરી શકો, તો તમે આવતી કાલથી સ્વાધીન છો.”

એ સંદેશમાં શ્રદ્ધા, આશા અને વીરતા ધબકી રહ્યાં છે અને એનું જીવન એ પ્રાણવાન સંદેશના સદેહ પ્રતિનિધિરૂપ હતું. રાષ્ટ્રને નામે સારું જીવન સમર્પી દેનાર એ વીરનરને આપણે શી સ્મરણાંજલિ આપીએ ? આપણા અર્ઘ્ય સાચા દિલની ભક્તિથી

ભરપૂર હોય, ઉત્કટ માનભાવથી ઊભરાતા હોય, તોયે એ તિલક મહારાજ સમા મહાન નરની સમીપ ઓછા—અધૂરાજ લાગશે.

વર્ષો પહેલાં હું કોલેજનો વિદ્યાર્થી હતો, ત્યારે એ પુરુષવર પ્રત્યે મને આકર્ષણ થયું. હું પરીક્ષા માટે મુંબઇ ગયો. “ તિલક મહારાજ જેલવાસી થશે ” એવા સમાચારથી વાતાવરણ ગંભીર બન્યું હતું. હું અને થોડા મિત્રો જેલમાં તિલક મહારાજનાં દર્શન માટે આતુર બન્યા. અમને જેલને દરવાજેથી પાછા વાળ્યા. એ પ્રસંગને વર્ષો વીતી ગયાં.

હું કલકત્તા ગયો. રાષ્ટ્રીય સ્વાધીનતાનાં સોણાં જોતો હું કોલેજમાં તત્ત્વજ્ઞાન અને સાહિત્ય શીખવતો હતો. મારા પૂજનીય મિત્ર અને મુરશીદ સ્વામી ઉપાધ્યાય બ્રહ્મબાંધવના નેતૃત્વ નીચે ચાલી રહેલી “ બંદેમાતરમ્‌ની હિલચાલ ” પૂર જોશમાં હતી. તિલક મહારાજનો જન્મદિવસ આવ્યો. કલકત્તાએ એ ઉજવવાનો નિશ્ચય કર્યો. કલકત્તામાં મહારાષ્ટ્રના નરોત્તમને બંગદેશના પાટનગરને પાવન કરી જવા વિનતિ મોકલી.

અહો ! કલકત્તાએ એ આરાધનીય દેવનું કેવું ભવ્ય સ્વાગત કરેલું ! સમ્રાટો અને નરેંદ્રોને જેની ઇર્ષ્યા આવે એવું માન તિલક મહારાજને આપી બંગદેશે પોતાની કીર્તિ વધારી. તિલક મહારાજના માનમાં સ્વદેશી મેળો ગોઠવાયો. એ મેળો ચાર દિવસ ચાલ્યો. સાંજે એણે જાહેર સભાને પ્રેરણાસંદેશ આપ્યો. જાણે માનવસાગર ઘૂઘવી રહ્યો હતો. સુરેન્દ્રનાથ અધ્યક્ષ હતા. ગગનના કડાકા થાય એવા હર્ષનાદ વચ્ચે એ બન્ને રાજદ્વારી પ્રતિસ્પર્ધીઓ એકબીજાને ભેટ્યા. એ ચિત્ર અવિસ્મરણીય છે. સાદા, શ્વેત, સ્વદેશી લૂગડાંમાં શોભતા એ દેશભક્તે એક કલાક સુધી પોતાનો રાજકીય ધર્મ સમજાવ્યો. કેવો સાદો માણસ ! અને છતાં કેવો બહુશ્રુત, કેવો વિદ્વાન, કેવો સાફદિલ, કેવો નીડર ! બંગદેશ તિલક મહારાજની પ્રશસ્તિથી ગાજી રહ્યો.

પણ આજે તેના આ અસામાન્ય ગુણની અને બીજી વિશિષ્ટતાઓની વાત હું આટલેથી પડતી મૂકીશ. હું આજે તિલક મહારાજના જીવનના એકજ લક્ષણ પ્રત્યે સારા ભારતનું લક્ષ્ય નિમંત્રીશ. તિલક મહારાજની ગુપ્ત શક્તિ તેની નિર્ભયતામાં—તેની માન્યતાઓને હિંમતપૂર્વક જાહેર કરવામાં રહેલી છે. વર્ષો સુધી એનો પક્ષ જોરાવર નહોતો બની શક્યો; છતાં તે નરવીર

તેની સ્વતંત્ર માન્યતાઓને મક્કમપણે વળગી રહેવાની હિંમત બતાવી શક્યો. અમલદારશાહીએ તેને જેલ મોકલ્યો અને વિજયી બનવાનો ઘડીભર આનંદ માણ્યો, છતાંયે તે તેની માન્યતાઓમાં ચુસ્ત રહેવાની હિંમત બતાવી શક્યો. તેના કાળના ઘણાયે રાજકીય અગ્રેસરો 'સુધારાની બક્ષિસો' થી સંતોષ માનવાને તૈયાર હતા; છતાંયે તે હિંમતભેર તેની માન્યતાઓમાં અડગ રહ્યો. તેના ઘણાયે દેશબાંધવો ધ્યેયની અસાધ્યતા જોઇ હતાશ બનતા, છતાંયે તે વીર તેની માન્યતાઓની સિંહગર્જનાઓથીજ આખા દેશને ગજાવતો; છતાંયે તેના હૃદયમંદિરમાં પૂર્વની પ્રજાઓમાં મહિષીસમી હિંદમાતાને તે સિંહાસનારૂઢ જોતો, તેનાં દર્શન કરતો અને 'સ્વાધીન હિંદમાતા' નો જયકાર ગજાવી તરુણોને પ્રેરણા આપતો. તિલક મહારાજ તેના આત્માની ગુહાઓમાં સ્વાધીન ભારતની આરાધના કરતા.

અને એ અનંત શ્રદ્ધાની સાબિતી તરીકે તિલક મહારાજે જીવનની સર્વ ઋતુઓમાં હિંદને એકજ પ્રાણસંદેશ આપ્યા કર્યો કે, "સ્વરાજ મારો જન્મહક છે અને એ હું મેળવીશ." તેણે ફરી ફરીને વાણીટંકાર કર્યા કર્યો; "હિંદુસ્તાન સ્વાધીન બનવા ઇચ્છા દાખવે, તો તે જરૂર સ્વાધીન બની શકે છે."

તિલક મહારાજ નિર્ભયતાની મૂર્તિ હતા. અમલદારશાહીનો રુઆબ તેણે તોડ્યો. સ્વદેશી અને બહિષ્કારનો તેણે હિંદને મંત્ર આપ્યો. રાષ્ટ્રીય શિક્ષણ અને રાષ્ટ્રીય અદાલતોની તેણે ઘોષણા કરી. સત્તાના નશામાં ચકચૂર સરકારનાં પીડનો તેણે હસતે મોંએ સહ્યાં અને છતાં વાદળાં ભેદીને સૂર્ય પ્રકાશે, તેમ સ્વાધીન ભારતનો તેનો આદર્શ હિંદભરમાં પ્રકાશી રહ્યો અને દેવદૂત દુઃખી માનવીને શાતા આપે તેમ હિંદી તરુણોને શાતા, પ્રેરણા અને સુખ આપી રહ્યો. અનેકાનેક પીડનોએ એને ભાંગી નાખવા મિથ્યા પ્રયત્નો કર્યા પછીયે, તિલક મહારાજનું હૃદય સાબૂત રહી શક્યું અને પોતાની માન્યતાઓને સાચવી શક્યું.

આજ શ્રદ્ધાથી એ યોદ્ધો ઝઝૂમ્યો—જીવનના અંત સુધી અણીશુદ્ધ વીરત્વ જાળવીને. નિષ્ફળતાઓ એના પ્રબુદ્ધ આત્માને ન ડગાવી શકતી. લડવું અને પરાજય મેળવવો એ નિષ્ક્રિયતા કરતાં બહુજ બહેતર છે—એ એનું જીવનસૂત્ર હતું અને આજે આપણે જોઇએ છીએ કે, તિલક મહારાજનું જુદ્ધ નિષ્ફળ નથી ગયું; આજે

આપણે જાણીએ છીએ કે, તિલક મહારાજ મરણ નથી પામ્યા; આજે આપણે નીરખીએ છીએ કે,તેનો આદર્શ જીવે છે, તેની પ્રેરણા હતાશોમાં પ્રાણ પૂરી રહી છે; આજે આપણે અનુભવીએ છીએ કે, તેથી શ્રદ્ધાનો વિજય થઇ રહ્યો છે; આજે આપણે અનુભવીએ છીએ કે, તેના આપભોગોને પ્રતાપે હિંદ નવો અવતાર પામી રહ્યું છે—અને કૂચકદમ આગળ ધપી રહ્યું છે. તિલક મહારાજ અમર છે. તિલક મહારાજને તેમની આઠમી સંવત્સરીએ હિંદી પ્રજાનાં કોટિ કોટિ વંદન હો!

('સૌરાષ્ટ્ર' ના એક અંકમાંથી)

५५—एक मूक बलिदान!

(લેખકઃ—શ્રી. યોગેન્દ્રનાથ એમ. એ.)

પૈરિસ—નગર ઘેર લિયા ગયા હૈ. ખાના—પીના મિલના દુશ્વાર હો રહા હૈ. લોગ ભૂખોં મર રહે હૈં. મકાનોં મેં રહનેવાલે કબૂતરોં ઔર પક્ષિયોં તક કી જાન પર આફત હૈ. જહાં કહીં કોઇ છોટી—સી ભી ચિડિયા દિખાઇ દી, કિ લોગ ઉસે માર:કર ખા જાતે હૈં.

મારિસેટ ઘડિયોં કા કારબાર કરતા થા. એક દિન સબેરે કે સમય અપને ઓવર—કોટ કી જેબોં મેં હાથ ડાલે હુએ, ભૂખ સે વ્યાકુલ હો, વહ દૂકાન કી ઓર ચલા જા રહા થા. જનવરી કા મહીના થા. મારે જાડે કે હાથ—પૈર ઠિઠુર રહે થે. ઘના કોહરા ભી પડ રહા થા. રાસ્તે પર દો ગજ આગે કી ચીજ નહીં સૂઝતી થી. એકાએક મોશિયે મારિસેટ કિસી રાહી સે ટકરા ગયા. ઘૂમ કર દેખા, તો વહ ઉસકા પુરાના પરિચિત મિત્ર સોવેજ નિકલા.

લડાઇ છિડને કે પહલે મારિસેટ હર રવિવાર કો ખૂબ તડકે ઉઠ કર શહર કે બાહર એક ઝીલ મેં મછલી કા શિકાર કરને જાયા કરતા થા. હર રવિવાર કો ઉસકે સાથ યહીં, ઇસી ઝીલ કે કિનારે કપડે કી ફેરી કરનેવાલે સોવેજ કી મુલાકાત હોતી થી. સોવેજ ભી પ્રતિ રવિવાર કો છીપ ઔર બંસી વગૈરહ લે કર યહાં મછલિયોં કા શિકાર ખેલને આયા કરતા થા.

ઇસી ઝીલ પર દોનોં કી જાન પહચાન હુઇ થી. જબ જાન પહચાન નહીં થી, તબ દોનોં અપને—અપને કામ મેં લગ જાતે

ઔર બીચ-બીચ મેં એકદૂસરે કો દેખા કરતે થે. ફિર ધીરે-ધીરે દોનોં મેં દો-દો બાતેં ભી હોને લગી. અંત મેં પરસ્પર ગાઢી મિત્રતા હો ગયી.

ઇસ સમય પૈરિસનગર ઘિરા હુઆ હૈ. છીપ-બંસી લે કર અબ નગર કે બાહર જાના અસંભવ હૈ. ઈસીસે દોનોં દોસ્તોં કી મુલાકાત ભી નિયમિત રૂપ સે નહીં હોતી. આજ જબ એકદૂસરે સે સહસા ટકરા ગયે ઔર ઇસ પ્રકાર કઇ દિનોં બાદ મુલાકાત હો ગયી, તબ દોનોંને બડે પ્રેમ સે હાથ મિલાયે.

સોવેજ ને એક લંબી સાંસ ભર કર કહાઃ "ભાઈ! ઐસી મુસીબત મેં જાન ફંસી હૈ, કિ કુછ કહા નહીં જાતા!"

મારિસેટ બોલાઃ "કુછ ન પૂછો યાર! આજ રવિવાર હૈ, કૈસા સુહાવના સવેરા હૈ ઔર સબસે બઢ કર આજ પહલી જનવરી હૈ! ભલા આજ હમ લોગ યહાં હોતે? ઝીલ કે કિનારે બૈઠ, વહ મૌજ ઉડાતે, કિ જિસકા નામ!"

સોવેજઃ "અહા! કૈસે કૈસે દિન બીત ગયે હૈં! કિતના આનંદ મનાયા ગયા હૈ! ઉનકી યાદભર રહ જાયેગી. વે દિન અબ નહીં આને કે."

ઈસ પ્રકાર બાતેં કરતે હુએ દોનોં એક કાફીખાને મેં ગયે ઔર જરા તબિયત ગરમ કર ફિર રાસ્તે પર ચલ નિકલે.

એકાએક સોવેજ બોલ ઊઠાઃ "ક્યોં ભાઇ! અગર હમલોગ ફિર જાયેં, તો ક્યા હો?"

"કહાં?"

"ક્યોં, છીપ-બંસી લે કર?"

"હાં-હાં, યહ તો સમઝ ગયા, પર જાઓગે કહાં?"

"વહીં, ઉસી ઝીલ પર ઔર કહાં?"

"વાહ યાર! અચ્છે આદમી હો! ક્યા તુમ્હેં પતા નહીં, કિ તમામ નાકેબંદી હો રહી હૈ? ભલા ઇન દિનોં કોઇ આદમી બાહર જા સકતા હૈ?"

"અજી, ઈસકી તુમ્હેં ક્યા ચિંતા હૈ? દક્ષિણી સીમા પર કે સેનાપતિ ડુમોલી મેરે મિત્ર હૈ. ઉનસે મુલાકાત હો જાને પર હમેં બાહર જાને કા પરવાના અનાયાસ હી મિલ જાયેગા."

મારિસેટ કી પ્રસન્નતા કી સીમા ન રહી. દોનોં આદમી ફૌરન હી અપને-અપને ઘર સે સાજો સરંજામ સે લૈસ હો કર ચલ

પડે. સેનાપતિ ડુમોલી ને બાહર જાને કી ઇજાજત દે દી. ફિર કયા થા? દોનોં દોસ્ત મારે ખુશી કે ઉછલતે–કૂદતે હુએ ઝીલ પર જા પહુંચે.

જબ વે લોગ વહાં બૈઠ ગયે ઔર ઝીલ કે ઉસ પાર પહાડ કી ઓર દેખા, તો જર્મન પડાવ દિખાઇ દિયા. આજતક વે જર્મનીવાલોં કી બાતચીત હી સુન રહે થે. સુનતે થે, કિ જર્મનોં ને ઉનકી માતૃભૂમિ કો ઘેર લિયા હૈ, દેશભર મેં લૂટખસોટ મચા રખી હૈ ઔર વે બડે હી જબરદસ્ત લડાકે હૈં, કિસી તરહ ઉનકી સેના નહીં રોકી જા સકતી.

મારિસેટ બોલા: " કહીં વે હમકો દેખ લેં, તો?"

સોવેજ ને કહા: "તો કયા હર્જ હૈ? હમ લોગોં કો આજ જો મછલિયાં મિલેંગી, ઉનમેં સે થોડી ઉન્હેં ભી દે દેંગે, ખાને કે લિયે હી તો દુનિયા મેં લડાઇ હોતી હૈ? જબ હમ ઉન્હેં ખાને કો દે દેંગે, તબ ફિર વે હમસે કયોં લડાઇ કરેંગે?"

દોનોં છીપ ફેંક–ફેંક કર શિકાર ખેલને લગે. શિકાર મેં ઉન્હેં વહ આનંદ આને લગા, કિ વે સબ કુછ ભૂલ ગયે. ઉન્હેં કિસીકી કોઇ ચિંતા ન રહી. ધીરે ધીરે દિન ચઢને લગા.

ઇસી સમય એકાએક તોપ કી આવાજ સુનાઇ દી. મારિસેટ ને દેખા, કિ સામનેવાલી પહાડી પર સે એક તોપ ભયંકર ગોલે બરસાને લગી. સાથ–હી–સાથ ઉસકે જવાબ મેં પૈરિસ કે કિલે પર સે ભી તોપ દાગી જાને લગી.

સોવેજ ને કહા: "લો દેખો, ફિર ગોલે બરસાયે જાને લગે."

મારિસેટ: " ઓફ઼ ઓહ! કૈસા અંધેર હૈ! આદમી હો કર આદમી કી જાન લે રહે હૈં!"

સોવેજ: "બિલકુલ જાનવરોં કા સા વર્તાવ હૈ."

ઇસી સમય ઉન્હેં પીછે કી તરફ઼ કિસીકે પાવોં કી આહટ સુન પડી. મુડ કર દેખા, તો ચાર આદમી બંદૂકેં તાને હુએ ખડે હૈં; પરંતુ યહ ભયંકર દૃશ્ય દેખ કર ભી દોનોં મેં કિસીકે ભી હાથ સે છીપ નહીં ગિરે, વે ચૂપ–ચાપ ઉન સૈનિકો કી ઓર દેખને લગે. બાત–કી–બાત મેં સૈનિકો ને ઉન્હેં રસ્સિયોં સે બાંધ ડાલા ઔર શિબિર કી ઓર લે ચલે. અબતક મારિસેટ ઔર સોવેજને જો મછલિયાં પકડી થીં, ઉન્હેં લે જાના ભી વે નહીં ભૂલે.

શિબિર કે બાહર હી એક જર્મન અફ઼સર બૈઠા હુઆ

થા. સૈનિકોંને ઉસકે પૈરોં કે પાસ મછલિયોં કી ઝોલી રખ દી ઔર અદબ કે સાથ ફૌજી સલામી દે કર કે આદેશ પાને કી રાહ દેખને લગે.

અફ્સર ને મારિસેટ ઔર સોવેજ કી ઓર દેખ કર કહા—"જાન પડતા હૈ, તુમલોગ ફ્રાંસીસી જાસુસ હો. અગર તુમ હમેં આજ કા ×નિશાન બતા દો, તો ઠીક હૈ; નહી તો અભી બંદૂક કી ગોલિયોં સે તુમ્હારી ખોપડી ઉડા દી જાયેગી."

દોનોં ચૂપ! કિસીને કોઇ ઉત્તર નહીં દિયા, ઔર ન વે ડરે યા ઘબરાયે હી. ઉનકે ચહેરે સે ગંભીરતા, ધીરતા ઔર દૃઢતા ટપક રહી થી.

જર્મન-સેનાપતિ ફિર આપ હી આપ બોલા: "કિસીકો ભી યહ બાત માલૂમ નહીં હોને પાયેગી. મેરે સિવા ઔર કોઈ ન જાન સકેગા. બસ, વહ સંકેત ભર બતા દો ઔર ચલે જાઓ. તુમ્હારે ઉપર કિસી પ્રકાર કા અત્યાચાર નહીં હોગા. અગર નહીં બતાતે હો, તો ફૌરન હી માર ડાલે જાઓગે."

ફિર ભી ચૂપ! કોઈ જવાબ નહીં. દોનોં દોસ્ત પથ્થર કી મૂર્તિ કી તરહ ચૂપચાપ ખડે રહે. જર્મન-સેનાપતિ ફિર બોલા:-"સોચ લો ઔર જલ્દ જવાબ દો. પાંચ મિનટ કે અંદર યા તો તુમ હંસતે-ખેલતે ઘર લૌટ જાઓગે યા ઉસ ઝીલ કે પાની મેં તુમ્હારી લાશેં તડપતી હુઇ દિખાઇ દેંગી."

ઇતને પર ભી દોનોં મેં સે કિસીને કોઈ જવાબ નહીં દિયા-દોનોં ચૂપ!

સેનાપતિને જર્મન-ભાષા મેં અપને સૈનિકોં સે કુછ કહા. સાથ-હી-સાથ બીસ જર્મન સૈનિકોંને ઉન્હેં ઘેર લિયા. બંદૂકેં તન ગયીં. ફિર ન માલૂમ ક્યા સોચ કર સેનાપતિ ઉઠા ઔર મોશિયે સોવેજ કો અલગ લે જા કર કહા: "ક્યોં નાહક ઇસ પ્રકાર જાન દે રહે હો? બતા દો, ધીરે સે બતા દો. તુમ્હારે દોસ્ત તક કો નહીં માલૂમ હોગા."

ફિર ભી કોઇ અસર નહીં હુઆ. ઇસી પ્રકાર સેનાપતિ ને મોશિયે મારિસેટ કો અલગ લે જા કર પ્રશ્ન કિયા; પરંતુ બેકાર!

× જાસુસ લોગોં કો એક ગુપ્ત સંકેત યા નિશાન બતા દિયા જાતા હૈ, ઔર ઉસીકે સહારે વે યુદ્ધ કે સમય સર્વત્ર આઝાદી સે આ-જા સકતે હૈં.

ડિગનેવાલે જીવ હોં, તબ તો ઉનકી દાલ ગલે.

અંત મેં દોનોં દોસ્ત એક હી સ્થાન પર લાયે ગયે, સૈનિકોં ને નિશાના સાધા. મારિસેટ ને એક બાર મછલિયોં કી ઝોલી પર નિગાહ ડાલી; ફિર સોવેજ ને હાથ મિલાયા. દોનોં ને હાથ મિલા કર કહા, "બસ, દોસ્ત! વિદા!–વિદા!"

સેનાપતિને કહા–"ફાયર!"

એક હી સાથ બીસ બંદૂકેં ચલીં. સોવેજ ઔર મારિસેટ કી લાશેં એક પર એક ગિર કર ઢેર હો ગયીં!

× × × ×

મારિસેટ ઔર સોવેજ ને નિર્વાક્ રહ કર પ્રાણ દે દિયે; પર નગર સે બાહર નિકલતે સમય સેનાપતિ ને ઉન્હેં જો ગુપ્ત સંકેત બતાયા થા, જિસે દિખા કર હી વે પુનઃ નગર મેં પ્રવેશ કર સકતે થે, વહ જર્મન સેનાપતિ કો બતા કર ઉન્હોંને અપને દેશ કે સાથ વિશ્વાસઘાત નહીં કિયા. સામાન્ય વ્યક્તિ હો કર સંસાર કે આગે ઇન દોનોં ને અપને સ્વદેશપ્રેમ ઔર અપની પ્રગાઢ દેશભક્તિ કા અપૂર્વ આદર્શ રખ દિયા. સોચને કી બાત હૈ, કિ દોનોં મેં કોઇ ભી ન તો ભારી–ભરકમ નેતા થા ઔર ન હોહલ્લા મચા, લોગોં કો ભડકા કર આપ પીછે હટ જાનેવાલા વાક્વીર! ધન્ય હૈ ઉનકા સ્વદેશ–પ્રેમ, જો મૂક રહ કર ભી ઇતના બડા બલિદાન ઔર આત્મત્યાગ કર સકતે હૈં!

('હિંદૂપંચ' ના એક અંકમાંથી)

૫૬–સેવાધર્મના સંન્યાસી પૂજ્ય ઠક્કરબાપા

(લેખકઃ–શ્રી. ઇશ્વરલાલ વૈદ્ય)

સંવત ૧૯૭૯ નો હડહડતો દુષ્કાળ છે. મરેલાં ઢોરનાં ઠેરઠેર મુડદાંનો તો પારજ નહિ. દુષ્કાળે રાડ બોલાવી છે. દલિતોના બાપા-ને કાને આ અવાજ પહોંચે છે અને આજ દુષ્કાળમાં નવદીક્ષિત થયેલા, સેવાની સાક્ષાત્ મૂર્તિસમા સુખદેવભાઇ સાથે ઝાલોદ તાલુકાની નિરીક્ષા માટે તેઓ સંચરે છે. ભગવાન સૂર્યનારાયણ આ પ્રદેશ ઉપર જાણે ખાસ ગુસ્સે થયા હોય તેમ, આકાશમાંથી ચોમેર અંગારા વરસાવી રહ્યા હતા. જ્યાં જુઓ ત્યાં લૂખુંસૂકું

વેરાન, રસકસનું ક્યાંય નામ—નિશાન નહિ. આકડા, દૂધવિહોણા સુકાઇને ઊભેલા. જ્યાં જુઓ ત્યાં ઉકળાટ, ઉદ્વેગ અને આક્રંદ.

આવા વિકટ દેશકાળમાં સીમલાની શીતળ ટેકરી પરથી, ત્યાંની શીતળતા આ મરુભૂમિ પર પ્રસરાવવા મુદ્દામ આવી પહોંચેલા આ દેવ—પાર્ષદ શંકરપુરા નામના ભૂંડા—ભૂખ જેવા ગામને પાદરે આવી પહોંચ્યા. બપોરના ધગધગતા ધોમમાં નરી કંગાલિયતના ઓળા સમું કંઇક સરી જતું જોયું. એ શું હતું ? અન્નને અભાવે પેટ અને પીઠ જેનાં એક થઇ ગયાં છે, જળને અભાવે જેનું શરીર રસકસવિહોણું રુક્ષ અને વસ્ત્રને અભાવે સાવ નગ્ન, એવું કેવળ હાડકાંઓનું એક માનવ—માળખું હતું. એ એક વૃદ્ધા હતી. ઢસડાતે પગે તે પસાર થઇ રહી હતી. બાપાનો અણધાર્યો ભેટો થયો. આ દૃશ્યથી બાપાની આંખે અંધારાં આવ્યાં, આંખે હાથ દીધા અને પીઠે ફરી વસ્ત્રો પાછલે હાથે ડોસી તરફ ફેંક્યાં. બાપાને પંચમહાલમાં આણી ભીલસેવાની પ્રથમ દીક્ષા દેનારો આ પહેલો પ્રસંગ.

× × × ×

નીતર્યા બિલોર જેવું તમારી સામે એક સુંદર તળાવ કલ્પો. એની ઉપર મજાની એક નાનકડી રામટેકરી અને એના શિખર ઉપર ઊગતા સૂરજના રતુંબડા તાપમાં ખીલી નીકળતી એક સુરમ્ય ભીલશાળા. દાહોદથી સોળ માઇલ છેટે, અરણ્યમાં મૂડાહેડા નામના ગામડાનું આ દૃશ્ય. વર્ષમાં ઘણી વાર આ શાળાના નિરીક્ષણ માટે બાપા આવે, તેમ આજે પધારેલા છે. હાથે પાણી લેવા ન ટેવાયેલ ભીલબાળકોને સુઘડ બનાવવા ભીલ સેવામંડળની દરેક શાળામાં બાપાનું ફરમાન છૂટેલું છે કે, શિક્ષકે જાતિદેખરેખ નીચે નિત્ય સ્નાન કરાવવું. એ પ્રમાણે આજે ભીલવિદ્યાર્થીઓની એક ટોળી વૃદ્ધ બાપાને મોખરે રાખી સ્નાન માટે ઊતરી પડી. સૌ નહાવા લાગ્યા. એવામાં સડેલ માથાવાળું ગોબરું ભીલબાળક બાપાની નજરે પડયું. બાપાએ એ બાળકને પ્રેમપૂર્વક ચોળી ચોળી ઘણી મિનિટ સુધી નવરાવ્યું—હાથ ધોયા, પગ ધોયા, ગરદન પણ ચોળી ચોળીને સાફ કરી અને પેલું ગંધાતું માથું કશાએ સંકોચવિના સાફ કર્યું. બાળક તો નાહી રહ્યું. તેને પોતે નહાય ત્યાંસુધી ટાઢમાં શી રીતે ભીનું રખાય ? એટલે કિનારા ઉપર પડેલો પોતાનો સુઘડ ટુવાલ લઇ એ ભીલબાળકનો સારોય દેહ અને પેલું

માથું ઘસી ઘસીને લૂછ્યાં અને પછી બાકી રહેલું પોતાનું અડધું કોરું શરીર પાણીમાં ઝબોળી, બહાર આવી જાણે કશુંજ ન બન્યું હોય તેમ તેજ ટુવાલે પોતાનું શરીર લૂછ્યું........સ્વામીશ્રી વિવેકાનંદજીનો દરિદ્ર નારાયણ સાથેનો આવો અનેરો સાક્ષાત્કાર ખરેખર દુર્લભ....ઓ સુધરેલા વાચકો ! આ અભેદદર્શનથી તમે શી લાગણી અનુભવો છો ? એ એકાંતમાં તમારા અંતરાત્માને જરૂર પૂછી જોશો.

× × × ×

સંવત ૧૯૭૯ ના આશ્વિનની વિજયાદશમી છે. ભીલસેવા મંડળનું કામ હજી શરૂઆતનું છે. ત્રીસ વિદ્યાર્થીઓ અને દસ મોટેરા મળી ચાળીસ જણ દેવગઢબારિયાની દશેરામાં ભાગ લેવા, જેસાવાડેથી એક દિવસના લગભગ બાવીસ માઇલની ઘોર વગડાની મુસાફરી કરી લોથપોથ થઇ, એક ઓળખીતાને મેડે પડ્યા છે. એ મેળાનું, એના 'ફેન્સી ફેર' (જુગારખાના)નું અને એ મેળાને અંગે ઠેરઠેર મંડાતી દારૂની પરબોનું વર્ણન પૂજ્યશ્રી ઠક્કર બાપાને વરદ હસ્તેજ, એક વખત 'સૌરાષ્ટ્ર'માં આવી ગયું છે, એટલે એ કથા અત્ર મોકૂફ.

સંધ્યા વીતી ગઇ છે. સેંકડો ભીલ દંપતીઓ ઘૂઘરમાળ બાંધી, શેહવિના સૂર પૂરી, કલ્લોલ કરતાં, નાચતાં–કૂદતાં, સારાયે ગામમાં ઘૂમે છે. ત્યાં તો મોટી મોટી મસાલો સાથે બારિયાની 'ભીલ–કોર' દેખાઈ, સવારી આવી લાગી. તાજેતરમાંજ ભીલસેવા મંડળે છપાવેલું ભીલો માટેનું સ્વચ્છ રહેવું, દારૂ ન પીવો વગેરે દશ શિખામણોનું એક પતાકડું છૂટાછવાયા ભીલસેવકો આ મેળામાં ખપાવી રહ્યા હતા.

અંધાધૂંધીવાળી આ સવારી પૂરી થવા આવી. ચકોર દીવાન સાહેબ એમના પારદર્શક ચશ્મામાંથી ઝીણી દૃષ્ટિએ વસ્તુસ્થિતિ પામી ગયા; મુસલમાન સુપ્રિન્ટેન્ડેન્ટ, તેમજ ફોજદારો વચ્ચે 'હોમરૂલિયો' 'હોમરૂલિયો'ની ગુસપુસ થવા લાગી.

હજુ અમે સહુ ઉતારે જઇ માંડ ઠામ પડીએ છીએ, ત્યાં તો ઉપરાછાપરી તેડાં આવ્યાં. 'હોમરૂલિયેકું બુલાતે હૈ.' પૂજ્ય ઠક્કર બાપા તથા અમે સહુ ચાવડી ઉપર ગયા. ઘણો લાંબો સમય ત્યાં નીકળી ગયો. મોડા મોડા ફોજદાર સાહેબ આવ્યા અને રાતોરાત બારિયાના દરબારની હદ છોડી જવાનું ફરમાન છૂટ્યું. આ વખતે લગભગ રાતના અગિયાર થયા હતા. બારિયાની હદ છોડવા આઠ

માઇલનું જંગલ નાનાં બાળકોને લઇ વટાવવું પડે તેમ હતું.

દીવાન સાહેબ વસ્તુસ્થિતિ સમજ્યા હતા કે, "અમૃતલાલ નામનો એક બુઢ્ઢો ખાદીધારી 'હોમરૂલિયો' ભીલોને બહેકાવવા, ચાળીસેક ચળવળિયાની ફોજ લઇ બારિયાની સામ્રાજ્યનિષ્ઠાની પ્રતિષ્ઠા ખરાબ કરવા શહેરમાં દાખલ થઇ ગયેલ છે." પરિણામે રાતોરાત હદપારીનો આ મૌખિક હુકમ.

પણ બાપા ક્યાં ગાંઠે તેમ હતા? લેખિત હુકમ માગ્યો. તે તો હતો નહિ, એટલે બાપાએ કહ્યું કે, "આ મારાં નાનાં બાળકોને લઇને આટલી રાતે જવું મારે માટે શકય નથી. અમને ઊંચકીને તમારી હદની બહાર મૂકી આવો." આમ કહી રજા લઇ, ઉતારે આવ્યા; તો ત્યાં મુકામ આપનાર ઉપર તવાઇ હતી. અંતે મકાન તો ખાલી કરાવ્યું અને અમે તો આટલી મોડી રાતે ભૂખ્યાં–તરસ્યાં નાનાં બાળકોને લઇ ગામના તળાવ ઉપર ઠંડીમાં જઇ પડયા. વચ્ચે બાપા અને આસપાસ મુંબઇના શ્રીકાંત શેઠ અને રતીલાલ શેઠ; ચોતરફ બાળકોનું કુંડાળું રાત ગાળવા પડ્યું. જરા ઝોકું આવ્યું કે એકાદ ફોજદાર ઘોડે ચડી આવ્યોજ હોય; 'કેમ અમૃતલાલ કાકા! કંઇ અડચણ તો નથી ને?' સવારે ઊઠ્યા ને આકાશમાં ભળભાખળું થતાં પથારીઓ ઉપાડી તો નીચેથી ગામલોકોએ શૌચ જઇ કરેલો બગાડ નીકળ્યો. જાહેરસેવકનાં બિછાનાં કંઇ ફૂલનાં તો થોડાંજ હોવાનાં છે?

× × × ×

'ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે!'–યશવાટિકા આશ્રમમાં આવેલા રામજી મંદિરમાં બ્રાહ્મમુહૂર્તની આરતી આટોપાઇ. જેસાવાડા ભીલસેવામંડળમાં વીસ વર્ષની પ્રતિજ્ઞા લઇ, દીક્ષિત થનારા સેવકો પાસેના કૂવા પર શીતસ્નાન કરી, રંગમંડપમાં પોતપોતાને આસને ગોઠવાયા. ક્રમવાર એક એક સભાસદને ઉદ્દેશીને પૂ. બાપાએ શિખામણનું પ્રવચન શરૂ કર્યું. સૌ કોઇના કર્ણોમાં એકજ ધ્વનિ સંભળાતો: "પવિત્ર રહેજો, જે કામ લીધું છે તેમાં ઓતપ્રોત થઇ, હાડકાં એ લોકોમાંજ પાડજો અને તમારા નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યા વિના કદી પણ થાક ખાવા રોકાશો નહિ." એમના શબ્દેશબ્દ ટાંકું તો સાત સભાસદો માટેનાં સારાં સરખાં સાત પ્રકરણો થાય. વાત તો આજ કહી, પણ એટલી બધી ગંભીર રીતે કહી, કે સૌ સ્તબ્ધ થઇ, શરૂ થતી સમાધિના ઘેનમાં ઘેરાવા લાગ્યા. પ્રવચનને

અંતે પ્રતિજ્ઞાઓ લેવાઈ અને પછી પૂજ્યશ્રી મામા સાહેબ ફડકેનું 'રે શિર સાટે નટવરને વરીએ' તેમજ શ્રીકાંતભાઈનું 'પ્રભુ મોરે અવગુણ ચિત્ત ન ધરો' ગવાયાં. છેલ્લે 'એકજ દે ચિનગારી મહાનલ, એકજ દે ચિનગારી' આશાવરીની લયમાં ગવાયું. પૂ. બાપા તેમજ સૌ સભાસદો તલ્લીન થઈ, અશ્રુપ્રવાહમાં ભીંજાઈ તરબોળ થઈ ગયા. સાક્ષી થવા પૂર્વમાં ધીર ગંભીર છટાથી ભગવાન ભાસ્કરનો પ્રાદુર્ભાવ ધીમે ધીમે થયો. 'ઊગે છે પ્રભાત આજે ધીમે ધીમે, ઊગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે!'

× × × ×

પૂજ્ય બાપાના હમેશના પોશાકની યાદી–માથે ખાદીનો ફેંટો, ખાદીનો કોટ, કેડિયું ને ખાદીનુંજ ધોતિયું. હાથમાં દાહોદમાં હોય ત્યારે લાઠી અને બહાર જાય ત્યારે એકાદ પુસ્તક. કપડાં હાથે ધોયેલાંજ રોડવાય, ધોબીની જરૂર નહિ.

પૂ. બાપા સ્કાઉટ પ્રવૃત્તિમાં માને છે. મંડળ પોતે પણ સો ઉપરાંત સ્કાઉટ્સ ધરાવે છે અને આ વખતની મુંબઈની 'સ્કાઉટ જામ્બુરી'માં ભાગ લેવા પચાસ સ્કાઉટ્સની એક ટુકડી ગયેલી પણ ખરી.

જામ્બુરીના મેદાનમાં આજે સમસ્ત સ્કાઉટની કૂચ છે. સહુ 'રાઈટ લેફ્ટ, રાઈટ લેફ્ટ' કરતા ઘૂમી રહ્યા છે. તેમની વચ્ચે આ શું? આ કોણ? ખાખી 'નીકર,' ખાખી પહેરણ, કમરપટો, મોજાં, માથે ફેંટો અને સહુને ટપી જાય એવા પગમાં કાળા કાનપુરી દોરીવાળા બૂટ. મંડળના 'સ્કાઉટ ઑર્ગેનાઇઝર' પેલા વણકર બાદશાહ ભેળા કદમજોશ મિલાવતા આ પડછંદ વીર કોણ છે? જાણવું છે? એજ પેલા ઠક્કર બાપા. વાંચનાર! આશ્ચર્યમાં પડીશ નહિ. ખુલાસો પૂછતાં ઠક્કર બાપાએ જવાબ આપ્યો છે: "જેમાં હું માનું છું, જે હિલચાલને મારો સાથ છે, તેના સઘળા કાયદા અને શિસ્ત મારે શિરસાવંદ્ય છે. શિસ્ત ફરમાવે છે કે, મારે યુનિફૉર્મમાં સજ્જ થવું અને તે મારે અનુસર્યેજ છૂટકો." હજી કાનપુરી જોડા જેમના તેમ અનામત છે, ભીલસેવામંડળની ઑફિસમાં પડ્યા છે. પુણ્યસ્મરણ તરીકે અમે તો જાળવીજ રાખવાના.

× × × ×

આ તો હજી ગઈકાલનોજ બનાવ છે. રેલસંકટને કામે બાપા વડોદરે જાય છે. પાવાગઢ, બેડિયા વગેરે માટે 'મેડિકલ એઈડ

ટુર'માં સેવક પણ સાથેજ હતો. કેટલાક વખતથી પૂજ્ય બાપાનું રાત્રિભોજન ટ્રેનમાંજ થાય છે. નિયમ પ્રમાણે આજે પણ ઑફિસના મહારાજે ભાખરી, શાક ને ગોળ બાંધી આપેલ છે. ગોધરામાં રાત પડી ગઇ. એક મહારાષ્ટ્રી મૅજિસ્ટ્રેટ એમના એક ડૉકટર સગાને વિદાય દેવા આવેલા. તેમણે ડૉકટરને ઓળખાણ આપી "ઠક્કર સાહેબ ચા નાવ એકટા આહે કા? હેચ તો મિ. એ. વી. ઠક્કર." એમ ઓળખાણ અપાઇ. અરસપરસ જય જય થયા. ડૉકટર સાહેબને આવા મોટા જાહેર પ્રજાસેવક સામે બેસવું પડયું. સંકોચાઇને બેઠા ને ગાડી ઊપડી. પૂ૦ બાપાએ ગોધરા સ્ટેશનના નળમાંથી એક પ્યાલામાં મારી પાસે પાણી ભરાવી રાખેલું. ગાડી વેગમાં આવ્યા બાદ, 'કાં, નાસ્તો શરૂ કરીશું ને?' એમ કહી એક ખૂણાને પાટીએ ચડ્યા. આ સાદાઈ ડૉકટર સાહેબ તો જોઇજ રહ્યા.

આજે ભીલસેવા મંડળની વ્યવસ્થાપક–સભામાંથી પરવારી, અમે મુસાફરીએ નીકળ્યા હતા. વ્યવસ્થાપક–સભામાં એક ભાઇને તેના ગુના બદલ માફી અપાઇ હતી. એ વિચારમાં બાપાનો આનંદ માતો નહોતો. એમનું માનસિક વાતાવરણ કેવળ ધાર્મિક કવિતામય બન્યું હતું, જાણે એમની જુવાની પાછી પાંગરતી હતી.

નાસ્તો બાંધેલું છાપાનું પડીકું છૂટયું. અંદરની વાનીમાં પોષક તત્ત્વના ત્રીસ ટકા હતા, તો જુલાબના સિત્તર ટકા હતા. ખારી ખારી ભાખરી, બટાકાના અર્ધકાચા અને ફિક્કા કકડા અને થોડોક ગોળ. બટાકાનું મીઠું પણ મહારાજે ભાખરીમાં નાખ્યું લાગતું હતું. સેવક તો માંડ ધીમે ધીમે ચગળીને એક નાનકડી ભાખરી પતાવી શકયો. બિચારા ભૂખ્યા બાપા તો કલાપિની—

'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે;
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે.'

—વગેરે કવિતા માણતા હતા. ભોજનની એમને ઓછીજ પડી હતી? આજે તો એક ગુનેગારને માફી બક્ષી તેની મોજ મણાતી હતી. ઑફિસના મહારાજે આવાં તો કેટલાંયે વાળુ એ વૃદ્ધ સંન્યાસીને કરાવ્યાં હશે; પણ એ વીતરાગે હજી સુધી એ બાબતમાં મહારાજને કશુંજ કહ્યું નથી. આ સ્થિતપ્રજ્ઞને તો રસાસ્વાદની કશીજ નથી પડી.

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥

× × × ×

૧૯૭૯ નો દુષ્કાળ કંઇક શમ્યો છે. ધગશની મૂર્તિ સમા શ્રીઇન્દુલાલભાઇએ બાપા સાથે મળી ભીલોના એ કાયમી દુઃખના નિવારણાર્થે કંઇક કરવું એવો નિશ્ચય કરી દાહોદથી આઠ માઇલ છેટે ગુજરાતની રળિયામણી અગાશીસમી મીરાખેડીની ટેકરી ઉપર કોઈક શુભ ચોઘડીએ આશ્રમની ખૂંટી રોપી. હવે અમારા બાપાના આશ્રમની શરૂઆત, એટલે ઉપર કંઇક છાયા, આસપાસ ખુલ્લું અને કહેવાતા મકાનમાં ધસી આવતા પવન અને ધૂળના ગોટાનો સહકાર. આ વસ્તુસ્થિતિમાં બે જુવાનિયાઓ વિદ્યાર્થીઓને ભણાવવા રસાળા ગુજરાતમાંથી આવ્યા અને મુકામ નાખ્યો. દિવસ પછી દિવસ અને મહિના પછી મહિના વીત્યે ગયા. ગમે એટલા પણ નવજુવાન, શોખીન અને રસીલા ગુજરાતનિવાસી; ઉપરના એકધારા અરણ્યવાસથી કંટાળ્યા અને એક દિવસ વિચાર કર્યો જાફ્ત ઉડાવવાનો. દાહોદના બજારમાંથી પાકેલાં પપૈયાં આણ્યાં. પૂરી તળાઇ અને ભજિયાંનું ખીરું પણ તૈયાર થયું, પણ પેલું છેટે ધોળા ફેંટાવાળું લાંબુંસરખું પ્રૌઢ સડક પર શું દેખાય છે? વિદ્યાર્થીઓમાં ને શિક્ષકોમાં બાપા આવ્યાની ચર્ચા ઉલ્લાસભેર ચાલી. સડકથી આશ્રમ સુધીનો અડધો માઇલ વટાવી બાપા આવી પહોંચ્યા. આશ્રમમાં આવી વસ્તુસ્થિતિને પામી ગયા. કશું બોલ્યા નહિ. આમ ફર્યા તેમ ફર્યા, ત્યાં તો ભીલબાળકોને રસોડે જમવાનો સમય થયો. ઘંટ વાગ્યો અને આસનો ગોઠવવામાં આવ્યાં. યુવાન શિક્ષકોએ જોયું કે, એ પંગતમાં બાપા પણ સામેલ છે. તેઓ બાપા પાસે આવ્યા, કાલાવાલા કર્યા, પોતાની મહેફિલમાં ભાગ લેવા ખૂબ સમજાવ્યા; પણ ઊંડા મૂક ગુસ્સાથી રાતાચોળ થઇ ગયેલા બાપા એકના બે ન થયા તે નજ થયા. આખરે પપૈયાનું મનમોહન સિકંજબીન ભીલબાળક સમસ્તમાં થોડું થોડું વહેંચાયું, ત્યારેજ બાપાએ થોડું ચાખ્યું. ભીલોમાં ભીલ જેવા—એમની માફક મકાઇની ઘૂલી, પાનિયા રોટલા ને અડદની દાળ ખાતા. ત્રણ થીંગડાંવાળું ખાદીનું કરકરી કુમાશનું પહેરણ પહેરતા, ભીલોમાં ઓતપ્રોત થઇ જતા, એમને જોવા એ તો આ સેવાયુગનું એક દર્શન છે.

× × × ×

"બાપા! જાઓ નહિ હો. આખી રાત વરસાદ વરસ્યો છે અને નદી—નાળાં બે કાંઠે ભરપૂર હશે ને હજી ક્યાં વરસાદ નથી આવતો"!

આમ જન્મથીજ મિશનરીનું ઉપનામ મેળવનાર એક કૂમળી વયના, પણ પુખ્ત હોદ્દો ધરાવનાર જાંબુઆ શાળાના આચાર્યે કાકલૂદીભર્યો અવાજે બાપાને વિનવ્યા.

“મગન, ગઈ કાલે તો આખો દિવસ તેં મને રોકી રાખ્યો, આજ તો ગયેજ છૂટકો.” વહેલા વહેલા ઊઠી, મીઠાનું દાતણ કરી, બોકડીનું દૂધ પી, દાહોદથી તેર માઇલ દૂર, મુંબઈ ઇલાકાને અને માળવાને છૂટા પાડનારી બરાબર હદ ઉપર આવેલા આ રમણીય અર્ધ આશ્રમમાંથી ઝટપટ બાપાએ ચાલવા માંડયું. ઘનઘોર વાદળ, મેઘલી સવાર, ઝરમર ઝરમર વર્ષતો મેહ, સાગરશય્યામાંથી મહત્ત્વના કામ માટે દોડી આવેલા નારાયણ સમા વૃદ્ધ બાપાના હાથમાંનો લાંબો દંડ અને વરસાદ ખાળવાને શેષફેણા જેવી કામળીની ભીલોડી ઘૂમટી અને આસપાસ વરસાદમાં ન નીકળવા આગ્રહપૂર્વક વિનવતું પણ કહ્યાગરું સેવકવૃંદ—આ બધું કોઇ પણ પ્રકારના દિલને પલાળવા પૂરતું હતું. કાદવમાં લદબદ થતા, પલળતા ધીમે ધીમે બાપા આગળ વધ્યા. ખરેજ, નદીની ધસ પર આવતાં જોયું તો નદી બે કાંઠે પૂરપાટ વહી જતી હતી. આ ગાંડી જંગલી નદી ભલભલાના છક્કા છોડાવી દેવા સમર્થ છે. તીરે આવેલા એક વૃક્ષ નીચે બેસી જઇ કંઈક વિચાર કર્યો અને ફરી ઊઠ્યા. નદીના મૂળ તરફ આગળ જતાં ક્યાંક ઉતરાશે એવી આશામાં બાપા આગળ ને આગળ ચાલવા મંડયા, ત્યાં તો કોઇક જમાના પહેલાંના દુષ્કાળનો એમનો પુરાણો સાથી નામે રણજિત પોતાની ઝૂંપડીની બાદશાહત માણતો એમને લાધી ગયો. શિષ્ટાચાર પ્રમાણે રામરામ થયા, અનુકંપાની લાગણીઓથી આ નાનકડું ભીલકુટુંબ આ મેઘલી આફતમાં વિચરી રહેલા આ મહાપુરુષ તરફ બાઘાની જેમ જોઇ રહ્યું. નદી પાર ઊતરવાના આ વૃદ્ધના દૃઢ નિશ્ચયને નમતું આપી ચારપાંચ પઠ્ઠા ભીલસાથીઓને લઇ ભીલ રણજિતે બાપાને સાથ દીધો. ઘણું ચાલ્યા બાદ, કેડ સમાણા પાણીમાં ધસમસતી ઘૂઘવતી નદી વટાવી, સવારના છ વાગ્યાના નીકળેલા પાણીથી તરબોળ થઇ ગયેલે કપડે બપોરે અગિયાર વાગ્યે પાંચ કલાકે પાંચ માઇલ વટાવી, આપણા બાપા જાંબુઆથી ગરબાડા આવી પહોંચ્યા. અનેક આફતોની વિકટ નદીઓ અગર જો એમના કાર્યમાં વિઘ્ન તો નાખતી હશે, તોપણ તેને તરી જવા એ ખચિતજ શક્તિમાન છે, એ પુરવાર

કરી આપવા આટલો એકજ બનાવ પૂરતો છે. આ બનાવ પછી ઘણા દિવસ સુધી વૃદ્ધની કેડ દુખી છે, સારુંયે બદન કળ્યું છે, પગ હજી કોઇ દિવસ કોઇ સાથીને ગરબાડેથી જાંબુઆ જતાં, નદી પરનું પેલું ઝાડ વચમાં આવતાં, બાપા પુલકિત ચહેરે "આજ તે ઝાડ" કરી નિર્દેશે છે.

('સૌરાષ્ટ્ર'ના એક અંકમાંથી)

૫૭–હજરત મુસ્લિમ બીન અકીલ

[કરબલાનો ધર્મજંગ આખી દુનિયામાં જાણીતો છે. એ જંગની તૈયારી કરનાર હજરત ઇમામ હુસેનના સેંકડો સંગાથીઓ જુલમી સુલતાન યઝીદને હાથે રહેંસાઈ ગયા છે. એવા એક પરાક્રમી જવાંમર્દ શહીદની કથા નીચેની ઐતિહાસિક વાર્તામાં આપી છે. કથાની રચના રા. હસનઅલી જાનમહમદના "હજરત ઇમામ હુસેનનો સત્યાગ્રહ" નામના પુસ્તકના આધારે કરેલ છે. મૂળ પુસ્તક પોણોસો અરબી ગ્રંથોના દોહનરૂપ છે. મૂળ વસ્તુ માટે રા૦ હસનઅલીનું બંધુકૃત્ય સ્વીકારીએ છીએ.]

સાંજ પડવા આવી હતી. આફતાબ પોતાની રોશની સંકેલી લઇ, જાણે કે દમીશ્કના જુલમગાર સુલતાન યઝીદનાં પાપોથી શરમાતો શરમાતો ક્ષિતિજ નીચે સંતાઈ જવા દોડતો હતો!

કુફાનગરની શેરીઓમાં ઘોડાઓના તબડાટ સંભળાતા હતા. સમશેરધારી સૈનિકો એકજ માણસની શોધ કરતા હતા. ઘરે ઘરનાં બારણાં ઉઘડાવી તેઓ બૂમ મારતા હતા કે, મુસ્લિમ બીન અકીલને બહાર કાઢો, બહાર કાઢો! લોકોના શ્વાસ ઊંચા ચડી ગયા હતા.

આવે ટાણે કુફાના એક દૂરના ખૂણાની મસ્જિદમાં મગરીબ ઈશાની નમાજ પઢી એક મુસાફર બહાર આવ્યો. આખા દિવસની ભૂખ અને તરસથી તેના ગળામાં ખરેડી પડતી હતી. ધીમે અને થાકેલે પગલે એ મુસાફર એક ગલીમાં દાખલ થયો. કોઇ ઘરના બારણા આગળ એક ડોસી આતુર ચહેરે ઊભી હતી. તે મનમાં બબડતી હતી કે, "મારો બિલાલ ક્યારે આવશે?"

ડોસી પાસે જઇ મુસાફરે સવાલ કર્યો કે, "અય અમ્મા! હું આખા દિવસનો તરસ્યો છું, મને પાણી પાશો?"

મુસાફરનું કોમળ મુખ જોતાં, એની આંખોમાંથી નિર્દોષતા

ઝરતી જોઈ ડોસીએ કહ્યું.

"અય ખુદાના બંદા! આજની વેળા ઘણીજ જોખમી છે; માટે તારાં બાળબચ્ચાંની સંભાળ લેવા ઘર ભેગો થઈ જા....ચાલ તને પાણી આપું."

મુસાફર ડોસીની પાછળ પાછળ ઘરમાં ગયો અને દિલભર પાણી પીને જરા વાર બેઠો. પછી તેણે રજા લીધી, એટલામાં ડોસીને કંઇક કુતૂહલ થતાં તેણીએ પૂછ્યું.

"મુસાફર! તારું નામ શું?"

"અમ્મા! મારું નામ મુસ્લિમ બીન અકીલ છે."

"અહોહો!!" ડોશીના મોંમાંથી આશ્ચર્યના ઉદ્ગાર નીકળી પડ્યા: "અય મારા સરતાજ! આપ આ દશામાં?! આજે તો મારે ઘેરજ રહી જાઓ, આપની સેવા કરવાની મને તક આપો."

હજરત મુસ્લિમ બીન અકીલને આખા દિવસના રઝળાટથી થાક લાગ્યો હતો; એટલે હજરતે એક ઓરડીમાં ઉતારો લીધો. થોડુંઘણું અનાજ લઈ હજરત ખુદાની બંદગીમાં લાગી ગયા.

રાતના દશ વાગ્યા હતા. હજરત મુસ્લિમ બીન અકીલની ઓરડીમાં ઝાંખો દીવો બળતો હતો. ઓરડીમાંથી કુરાને શરીફના કલમા સંભળાતા હતા.

બિલાલ મોડો મોડો ઘેર આવ્યો. ઓરડીમાં દીવો જોઇ તેને નવાઇ લાગી. તેણે પોતાની વૃદ્ધ અમ્માને પૂછ્યું.

"ઓરડામાં કોણ પુરાયું છે?"

"બેટા! એ તો આજની રાતનોજ મિજબાન છે, ગરીબ મુસાફર છે."

"પણ તેનું નામ શું?"

"બેટા! કોઇને કહીશ નહિ. એ તો હજરત મુસ્લિમ બીન અકીલ છે."

બિલાલ ગમ મારી ગયો. કંઇ પણ બોલ્યા વિના તે પથારીમાં પડી ઊંઘી ગયો.

હજરત મુસ્લિમ બીન અકીલ સત્ય અને ઇન્સાફના ખરા સંગાથી હતા. શામના જાલીમ સુલતાન યઝીદની સામે બંડ જગાવનાર હજરત ઇમામ હુસેનના તે જિગરજાન દોસ્ત હતા. હજરત ઇમામ હુસેન એ યઝીદની સત્તા તોડવા પોતાના ચુનંદા માણસો સાથે કુફા તરફ કૂચકદમ ચાલ્યા આવતા હતા. કુફામાં

હજરત મુસ્લિમ બીન અકીલ એમના એલચી તરીકે પ્રજાને જુલમી સુલતાન સામે તૈયાર કરી રહ્યા હતા; પણ એવામાં ઓચિંતું જ યઝીદનું લશ્કર કુફા ઉપર આવી પહોંચ્યું હતું અને કુફા સર કરી, તમામ દરવાજા બંધ કરાવી સુલતાનના એ લશ્કરનો સરદાર ઓબયદુલ્લાહ, મુસ્લિમ બીન અકીલની શોધ કરવા લાગ્યો હતો. કુફા સર થયું છે અને એટલેજ હજરત ઇમામ હુસેન માટે કુફા આવવું અતિશય જોખમભરેલું છે, એવી ખબર ઇમામ હુસેનને પહોંચાડવા માટે કોઇ પણ માર્ગે નાસી છૂટવાનો લાગ શોધતા હજરત મુસ્લિમ બીન અકીલ છુપાતા છુપાતા ફરતા હતા. બે દિવસના ઉપવાસને અંતે આજે તેમણે આ ડોશીનો આશ્રય લીધો. એમને પકડવા માટે તો યઝીદના વિજયી સેનાપતિ ઓબયદુલ્લાહે ઇનામો કાઢ્યાં હતાં. રાત અને દિવસ તેના સિપાઇઓ ઘરઘરનાં બારણાં ઠોકી મુસ્લિમ બીન અકીલની ખોજ કરતા હતા.

પથારીમાં પડ્યો પડ્યો બિલાલ ભયંકર વિચારોમાં ગૂંથાયો હતો, મુસ્લિમ બીન અકીલની આજે ઘણા દિવસોથી શોધ થાય છે, એ તે જાણતો હતો. તેની તલાશ આપનારને ભારે નજરાણો મળશે, એ પણ તેને ખબર હતી. તે વિચારના ઘોડા પર ચડ્યો.

" હવે મારું દારિદ્રય ફીટી જશે. બસ, સવારમાં સહુથી પહેલી ખબર પહોંચાડી દઉં."

પરોઢિયાના ચાર વાગ્યા, કૂકડાના પ્રથમ અવાજે હજરત મુસ્લિમ બીન અકીલ પથારીમાંથી બેઠા થયા. બેઠા થઇને એમણે પરવરદિગારની બંદગી આદરી.

બિલાલ પણ પથારીમાંથી ઊઠ્યો. તેની મા ઊંઘમાં ઘોરતી હતી, એટલે મુસ્લિમ બીન અકીલની ઓરડી પાસે ગયો. બારીની ચિરાડમાંથી તેણે અંદર નજર નાખી જોયું તો હજરત આંખો મીંચી બંદગી કરતા હતા. ઘડીભર બિલાલને દિલમાં ડંખ થયો, પણ તેની નજર આગળ સરદાર ઓબયદુલ્લાહની મહેરબાની નાચવા લાગી. મક્કમ પગલે તે ઘર બહાર ચાલ્યો ગયો.

હજરત મુસ્લિમ બીન અકીલ તો ધ્યાનમગ્ન હતા. ખુદાની સાથે તે એકતાન બન્યા હતા. હાથમાં તસ્બી ધીમે ધીમે ફરતી હતી, બહાર કૂકડો સવારની છડી પોકારતો હતો.

મુસ્લિમ બીન અકીલે વઝીફે-નમાજ પછીની દોઆ શરૂ

કરી; એટલામાં બહાર રસ્તા પરથી સંખ્યાબંધ ઘોડાના દબડાટનો અવાજ આવવા લાગ્યો. એ અવાજ નજદીક આવતો હતો.

ડોશી પથારીમાંથી સફાળી ઊઠી.

“ સરતાજ ! નાસો, નાસો ! કોઈએ દગો કર્યો જણાય છે.... અલ્યા બિલાલ, ઓ બિલાલ ! ” પોતાના છોકરાને ડોસી બૂમ મારવા લાગી.

પણ બિલાલ ક્યાંથી જવાબ આપે ? ડોસીએ બિલાલની પથારી ખાલી જોઈ.

“ યા ખુદા ! મારા હરામી દીકરાએ ગજબ કર્યો ! એણેજ બાતમી આપી દીધી ! ! ”

ડોશી કલ્પાંત કરવા લાગી.

એટલામાં તો ઘોડેસવારો ઘરના દરવાજા નજીક આવી પહોંચ્યા. નાસવાનો લગારે સમય નહોતો. અચબુચ બખ્તર પહેરી સમશેર અને ઢાલ લઇ તેઓ બહાર નીકળી પડ્યા.

એમની સામે સિત્તેર સવારો સમશેર ચમકાવતા ઊભા હતા. આછા અજવાળામાં એ સઘળા ભયંકર ભૂતાવળ જેવા લાગતા હતા.

ખુદા તાલાહનું નામ લઈને હજરત એમના ઉપર ત્રાટક્યા. પ્રથમ ઝટકેજ પહેલા સવારને ઉડાવી દઈ વીજળીના વેગે તે ઘોડા પર કૂદ્યા અને પછી કોઇ હજાર હાથવાળા મહાવીરની જેમ સમશેરના ઝપાટા બોલાવવા લાગ્યા. રસ્તો સાંકડો હતો, એટલે એમને સામાવાળાઓ ઘેરી શકે તેમ નહોતા. જેમ જેમ તેમની સામે સવારો આવતા ગયા. તેમ તેમ તો ધડથી માથાં જુદાં પડવા લાગ્યાં. હજરત મુસ્લિમ બીન અકીલ એક અઠંગ લડવૈયા હતા. એમની તલવાર જેના પર પડતી તે ભોંયભેગોજ થતો હતો. સવારો પાછા હઠવા લાગ્યા. હજરતને અજાયબ શૂરાતન ચડ્યું. એ તો ભાજીમૂળાની જેમ શત્રુઓને વાઢવાજ માંડ્યા. દિવસ ઊગ્યો એટલી વારમાં તો તે ગલીમાં મુડદાના ઢગલા થઇ પડ્યા અને લોહીની નદી વહેવા લાગી.

હજરત મુસ્લિમ બીન અકીલ અજબ જવાંમર્દીથી જંગ ખેલી રહ્યા હતા. એમનું ધ્યાન કેવલ સમશેર ચલાવી શિર જુદાં કરવામાંજ હતું. એવામાં થોડા ઘોડેસવાર જંગમાંથી લાગ જોઇ નાસી ગયા. એમણે સેનાપતિને હજરતની કાતીલ બહાદુરીની ખબર આપી. થોડી વાર થઈ કે તરતજ તાજા તાજા દોઢસો ઘોડેસવારો

તબડાટી કરતા આવી પહોંચ્યા. એમણે આવતાંવેંતજ હજરત ઉપર દૂરથી તીરોનો વરસાદ વરસાવ્યો, પથરાઓનો ધોધમાર હલ્લો ચાલુ કર્યો, લડાઈના કાનૂનોથી ઊલટા જઇ એમણે આમ બેવફાઇથી જંગ આદર્યો, ત્યારે હજરત શાંત બનીને ઘોડા ઉપર બેઠા રહ્યા.

"સનનન્!" કરતો એક જંગી કાળમીંઢ પહાણો આવીને હજરત મુસ્લિમ બીન અકીલના કપાળમાં ચોંટ્યો. તીરના સતત મારથી એમનું શરીર વીંધાઇને ચારણી જેવું થઈ ગયું હતું. ઘોડા ઉપરથી આમ ડફ દઇને નીચે પડ્યા; પરંતુ ભીંતને ટેકો દઈ બેસી ગયા. ફૂટેલા કપાળમાંથી વહેતા લોહીથી તેમની સૂરત લાલ ચણોઠી જેવી બની રહી.

ઓચિંતોજ એ દીવાલ આગળથી એક માણુસ નીકળ્યો. એણે પોતાની સમશેર સોઇ ઝાટકીને મુસ્લિમ બીન અકીલને લગાવી. હજરતનો હોઠ લઇને તલવારનો એ ઘા ચાલ્યો ગયો. છેલ્લી ઘડીએ આમ ચારે કોરથી ઝટકા સહન કરતા તે દીવાલને ટેકે દઢ થઈ બેઠા રહ્યા.

ઘોડેસવારોએ આવીને તેમને ઘેરી લીધા. તેમને મુશ્કેટાટ બાંધી સાંઢિયા ઉપર બેસાડીને જુલમગાર સરદાર ઓબયદુલ્લાહ પાસે લઇ ગયા.

મુસ્લિમ બીન અકીલનો શ્વાસ રૂંધાતો હતો. એમની કાયા ઉપરના અપરંપાર જખમો ઠરતા હતા. મોત એમનાથી બહુ દૂર નહોતું. એમણે ઓબયદુલ્લાહને કહ્યું:

"જાલિમોના એ દૂત! યાદ રાખજે કે, આખરે સત્યનોજ વિજય છે. કુફા અને શામના ખરા માલેક તો હજરત ઇમામ હુસેનજ છે. થોડા વખતમાં તારા સિતમગાર સુલતાનના તખ્તને— એ તારાજ કરશે.

ઓબયદુલ્લાહ લાલચોળ થયો. એણે બરાડો નાખ્યો: "નાપાક આદમી! અત્યારે મોતને આરે ઊભો છે, છતાં તારું ગુમાન નથી જતું? તારી લાશને તો ગીધ–ગરજા આગળ ફડાવી નાખવી જોઈએ." એમ કહીને તેણે પોતાના માણુસને હુકમ આપ્યો—

"આ બંડખોરને કોઠા ઉપર લઈ જઇ તેનું માથું વાઢી તેની લાશને નીચે ખાઇમાં ફેંકી દો."

મુસ્લિમ બીન અકીલને તો જિંદગીની પરવાહ નહોતી; પરંતુ

એમને છેલ્લી એક–બે ઇચ્છાઓ રહી જતી હતી, એટલે એમણે કહ્યું:

"શયતાનના ઓ સાથી! હું આ જિંદગીને ચાહતો નથી, પણ મારે છેલ્લી વસિયત કરવી છે, માટે કોઇ કુરેશીને બોલાવી આપ."

ઓબયદુલ્લાહે મુસ્લિમ બીન અકીલની આ છેલ્લી માગણીનો સ્વીકાર કર્યો. કુરેશી આવ્યો. સૌને એમ થયું કે, મરતાં મરતાં પણ આ ઓલિયાને સ્વાર્થ સાંભરતો હશે, એટલે વસિયત કરવાનું તેને સૂઝયું છે. સૌ એકધ્યાન થઇ હજરત મુસ્લિમના છેલ્લા શબ્દો સાંભળવા ઊભા રહ્યા. મુસ્લિમ બીન અકીલે જણાવ્યું: "અય કુરેશી! મારા ઉપર સાતસો દરહમનું કરજ છે. ખરા મુસ્લિમ બચ્ચા ઉપર દેવું ન હોય; માટે મારી આખરી ભલામણ છે કે, મારું આ અજોડ બખ્તર વેચી નાખી, દેવાના પૈસા ભરી આપજે, એથી મારા જીવને શાંતિ થશે."

તરતજ મુસ્લિમ બીન અકીલને એક ચાકર કોઠા ઉપર લઇ ગયો.

એ વખતે આફતાબ મધ્ય આકાશમાં પ્રચંડ તેજે પ્રકાશતો હતો. જાણે કે સત્યના સોબતી ઉપર ગુજરતો અન્યાય દેખી એને રીસ ચડતી હોય, તેમ તેની રોશની ઉગ્ર બળતી હતી. ખાઈમાં નીચે સમડીઓ ચિચિયારી કરી રહી હતી. હજરત મુસ્લિમના જખ્મોમાંથી ધખધખ લોહી વહેતું હતું. એમણે માથું નીચું નમાવી ખુદાતાલાની પનાહમાં બંદગી ગુજારી:

"હે પરવરદિગાર! મારા પ્યારા સરદાર હજરત ઇમામ હુસેનને તું આ કુફ્ર શયતાનો ઉપર ફતેહ આપજે. એમના શિર ઉપર દમીશ્કનો તાજ આરોપજે."

હજરત મુસ્લિમ બીન અકીલ પોતાની દુઆ આગળ વધારવા જતા હતા. એવામાં તો પેલા ગુલામે એમની ગરદન ઉપર જોસથી સમશેર ઝીંકી. ધડ ઉપરથી માથું ચીભડાની જેમ જુદું ઊડી પડયું! એજ ક્ષણે ઓબયદુલ્લાહ કોઠા ઉપર આવ્યો અને ફરમાવ્યું:

"મુસ્લિમ બીન અકીલનું ધડ નીચે ફેંકી દઈશ નહિ, મારે તેનું કામ છે."

"જેવી નામવરની ફરમાશ." ગુલામે ઝૂકી ઝૂકીને સલામ ભરી.

ઓબયદુલ્લાહને આ ઓલિયા ઉપર આટલા સિતમો ગુજાર્યાથી પણ સંતોષ નહોતો વળ્યો; એટલે એણે તમામ માણસાઈ અને ન્યાયની લાગણી છોડી દઇને નરી હેવાનિયત અખત્યાર કરી

અને પોતાના અનુચરોને ફરમાન કર્યું કે, આ ખંડખોરની શિર વિનાની લાશને પગે દોરી બાંધી આખા ગામમાં એ માથા વિનાના ધડને ઘસડી જાઓ.

ગુલામોએ એ આજ્ઞા ઉઠાવી લીધી. શેરીએ શેરીએ સત્યના સંગાથી હજરત મુસ્લિમ બીન અકીલની લાશને એ રીતે ઘસડવામાં આવી. લોકો આ અત્યાચાર જોઇને હાય પુકારવા લાગ્યા; પણ સુલતાન યઝીદ અને સરદાર ઓબયદુલ્લાહના જાલિમ કોરડા નીચે માથું ઊંચકવાની એ નામર્દોમાં તાકાત નહોતી.

આ રીતે ઇસ્લામના એક જવાંમર્દ ઓલિયાની જિંદગીનો કરુણ છતાં ભવ્ય અંત આવ્યો. કરબલાના ધર્મજંગની તૈયારીમાં સત્યને માટે અપાયલાં અનેક બલિદાનોમાં આ એક અણમોલું બલિદાન હતું. પ્રજાની આઝાદી અને પાક ઇસ્લામની રક્ષા માટે જુલમી ચક્રમાં પિસાયેલા એ શહીદનો રોજો સત્ય અને ઇન્સાફના આખરી વિજયની આલબેલ પોકારતો આજે પણ કુફા ગામના એક વિભાગમાં ઊભો છે.

('હિંદુસ્તાન'ના એક અંકમાંથી)

૫૮–શ્રીમતી ઉમાદેવી 'વિશારદા'

સાર્વજનિક-મંગલ કે કારણ, અથક-પરિશ્રમ જો કરતે;
યા ઓજસ્વી બચન સુના કર, દુર્બલ મેં બલ જો ભરતે.
ઉન્હેં દેખ કર જનતા સારી, અપના શીશ ઝુકાતી હૈ;
કવિ કી નવ-તંત્રી કી વીણા, સુખકર રાગ સુનાતી હૈ.

ઇસી લિયે હમ ભી એક ઐસી દેવી-સદૃશ મહિલા કે સમ્માનાર્થ અપને ટૂટે ફૂટે શબ્દોં કો લે કર પાઠકોં કે સમક્ષ ઉપસ્થિત હોના ચાહતે હૈં, જિસને કિ સૈકડોં બાધા-વિઘ્નોં કે સાથ ઘોર સંગ્રામ કર કે પર-સેવા હી અપને જીવન કા ધ્યેય બના લિયા હૈ ઓર દિન-રાત અપની બહનોં કી શારીરિક પીડાઓં કે શમનાર્થ અહોરાત્ર અથક પરિશ્રમ કિયા કરતી હૈ. ઉક્ત મહિલા-રત્ન કા નામ શ્રીમતી ઉમાદેવી હૈ. સંપ્રતિ આપકી ઉમ્ર લગભગ ચાલીસ વર્ષ કી હોગી. આપકા જન્મસ્થાન સુપ્રસિદ્ધ મુરાદાબાદ નગર હૈ; આપકા વિવાહસંસ્કાર બિજનોરનિવાસી વૈદ્ય બોધરામજી કે સાથ સંપન્ન હુઆ થા.

યોગ્ય સ્વામી કી દૂરદર્શિતા હી આપકી કીર્તિ–કૌમુદી કી પ્રધાન પ્રિય–પાત્રી કહી જા સકતી હૈ. કારણ, ઉન્હોંને હી અપની ધર્મપત્ની કો વૈદ્યક સંબંધિની શિક્ષા યથેષ્ટ રૂપ સે દી થી; પરંતુ સર્વગ્રાસી કાલ કી કરાલ બુભુક્ષા ને હી ઉક્ત પંડિતજી કી માનવ–લીલા કા અંત કરા કે દેવીતુલ્યા ઉલ્લિખિત ઉમાદેવી કો વૈધવ્યાવસ્થા કે અધીન કર દિયા; પરંતુ કર્તવ્યપરાયણા દેવીજી ભવિષ્ય જીવન કે ગગન–મંડલ મેં કીર્તિ–સુધાકર લાને કે લિયે સાંસારિક દુઃખોં કો તુચ્છ સમઝતી હુઇ કર્મ–ક્ષેત્ર મેં કર્મ–યોગિની બન ગઇ તથા અપની યોગ્યતા દિન દિન બઢાતી હુઇ ટ્રેનિંગ કલાસ કી પરીક્ષા મેં સંમિલિત હો ગઇ ઔર સમ્માન કે સાથ સફલતા ભી પ્રાપ્ત કર લી. ઇસકે ઉપરાંત ગંજ તથા બિજનૌર કી કન્યા પાઠશાલાઓં મેં પ્રધાનાધ્યાપિકા કા કાર્ય કરને લગીં, કિંતુ વૈદ્યકશાસ્ત્ર સે સ્વાભાવિક પ્રેમ હોને કે કારણ અવસર પાતે હી વે દિનરાત ઉસી શાસ્ત્ર કા અધ્યયન કરતી રહી ઔર અખિલ–ભારતવર્ષીય વૈદ્ય–સંમેલન કી “આયુર્વેદ વિશારદ” નામક પરીક્ષા મેં બૈઠ કર સફલતા પ્રાપ્ત કી. ઇધર મહિલા–સમાજ મેં આપ કી ચિકિત્સા–વિષયિની–પ્રશંસા છા ગઇ. અતએવ અધિક રોગિણી સ્ત્રિયોં કા સેવાભાર આ જાને કે કારણ ઇન્હેં પાઠશાલા કે કાર્ય કો છોડ દેના પડા ઔર ગંજ મેં સ્ત્રી–ઔષધાલય ખોલ કર ઉસી સ્થાન મેં એકાગ્ર ચિત્ત સે અપની બહનોં કી સેવા કરના પ્રારંભ કર દિયા. કુછ દિનોં તક ગંજ મેં હી ચિકિત્સાકાર્ય ચલતા રહા; પરંતુ સન ૧૯૨૬ ઇસ્વી મેં શ્રીમાન્ લાલા ઇશ્વરદાસજી મેનેજિંગ ડાયરેકટર યુ. પી. ગ્લાસ વર્કસ લિ૦ બહજોઇ કે અનુરોધ સે ઇન્હેં બહજોઇ મેં આ કર ચિકિત્સા કા કાર્ય કરના પડા. તભી સે આપ બહજોઇ મેં હી રહ કર દીના–હીના બહનોં કી સેવા બિનામૂલ્ય હી કિયા કરતી હૈં. ભગવાન આપ કો દીર્ઘાયુ પ્રદાન કરે જિસસે કિ સમાજ–પીડિત મહિલા–સમાજ કી ઉન્નતિ હો.

(“મનોરમા”ના એક અંકમાંથી)

૫૯–नादीरनो नशो उतारनारी एक आर्य महिला

(લેખકઃ–શ્રી. શાંતારામ ચંદ્રશંકર)

(૧)

નાદીરશાહનાં પ્રચંડ સૈન્યોએ દિલ્હી શહેરમાં કત્લેઆમ ચલાવી છે. પરેપરાં અને ગલીએ ગલીમાં શોણિતની સરિતાઓ વહી રહી છે. ચારે તરફ લોકોને ભયંકર હાહાકાર મચી રહ્યો છે. શહેરનાં બજાર–ચૌટાં સઘળાં બંધ થઇ ગયાં છે. દિલ્હીના શહેરીઓ પોતપોતાને જાન બચાવવા ઘરોનાં દ્વારા બંધ કરી સંતાઇ રહ્યાં છે. કોઇને પણ જીવ બચશે એવી આશા હવે રહી નથી. કોઈ ઘરમાંથી પ્રચંડ આગના ભડકા નીકળે છે, તો કોઈ જગાએ બજાર અને ચૌટાંઓની દુકાનમાં લૂંટફાટ મચી રહી છે. કોઇ કોઇની ફરિયાદ પણ સાંભળતું નથી. મહેલવાસી મહિલાઓની ભરબજારમાં લાજ લૂંટાઇ રહી છે; તથાપિ ઈરાની સિપાઇઓની રક્તપિપાસા કોઇપણ રીતે શાંત થતી નથી. મનુષ્યહૃદયની ક્રૂરતા, કઠોરતા અને પૈશાચિકતાએ ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું છે. એ સમયે નાદીરશાહ બાદશાહે મહેલમાં પ્રવેશ કર્યો.

જ્યારે દિલ્હી ભોગવિલાસનું કેન્દ્રસ્થાન બની રહ્યું હતું, ભોગવિલાસની સામગ્રીઓથી શહેરના સુરમ્ય પ્રાસાદો સજ્જ બનેલા હતા, સ્ત્રીઓને શૃંગારરસની પ્રવૃત્તિ સિવાય અન્ય કોઇપણ કાર્ય નહિ અને પુરુષોને સુખભોગ સિવાય અન્ય કોઇ પ્રકારની ચિંતા હતી નહિ, રાજનીતિનું સ્થાન શહેરના નાગરિકો લઈ બેઠા હતા, દિલ્હીના સમસ્ત પ્રાંતોમાંથી દ્રવ્ય ખેંચી લાવી લાવી શહેરમાં પાણીની માફક રેલાતું હતું, વેશ્યાઓ આનંદ કરતી, શહેરીઓ મોજ કરતા અને સારું નગર વિલાસનિદ્રામાં ચકચૂર બની રહ્યું હતું; એ સમયે નાદીરશાહે મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાંની ભોગવિલાસની સુરમ્ય સામગ્રીઓ જોઇ તેની આંખો ખૂલી ગઈ. નાદીરશાહનો જન્મ દરિદ્રીના ઘરમાં થયો હતો. તેનું સમસ્ત જીવન રણભૂમિમાંજ વ્યતીત થયું હતું. ભોગવિલાસનો એને જરા પણ મોહ હતો નહિ. ક્યાં રણક્ષેત્રનાં દુઃસાધ્ય કષ્ટો અને ક્યાં આ સુખસામ્રાજ્ય ! મહેલના જે ભાગમાં નાદીરની નજર પડતી ત્યાં સ્થિર

નયનથી આશ્ચર્યપૂર્વક એકીટસે તે સ્વર્ગસદન નિહાળી રહેતો. તેને ત્યાંથી જરા પણ ખસવું ગમતું નહિ.

સાંજનો સમય થવા આવ્યો હતો. નાદીરશાહ પોતાના સરદારસાથીઓની સાથે મહેલની સહેલ કરતો કરતો દીવાને ખાસના રત્નજડિત સિંહાસન પર આવી બેઠો.

સરદારોને ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી. હથિયારોને સિંહાસન તળે સંતાડી દીધાં અને દારોગાને બોલાવી કહ્યું કે, "હું શાહી બેગમોનો નાચ જોવા ઇચ્છું છું, જાઓ અને બેગમોને સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જ બની અત્રે આવવાનું કહો. ખબરદાર! જરા પણ વિલંબ થવો ન જોઇએ. તેઓની કાંઇ પણ આનાકાની હું સાંભળીશ નહિ."

(૨)

નાદીરશાહનો હુકમ સાંભળી દારોગાના હોશકોશ ઊડી ગયા. તેણે વિચાર્યું કે, જે મહિલાઓ ઉપર કોઇ પણ દિવસ સૂર્યની દૃષ્ટિ સરખી પડી નથી, જેણે મહેલની બહાર નીકળી પૃથ્વી પર પગ સરખો મૂક્યો નથી, તેઓને નાચવાનું હું કયે મોઢે કહી શકીશ? શાહી બેગમોએ આવું અપમાન કદી સહન કર્યું નથી. હે નરપિશાચ! દિલ્હીના રુધિરથી રંગાયા છતાં તારું મન શાંત ન થયું? પરંતુ નાદીરશાહના હુકમ આગળ એક પણ શબ્દ સામો ઉચ્ચારવો એ અગ્નિના મુખમાં કૂદકો મારવા જેવું હતું. દારોગો શિર નમાવી રાણીવાસમાં ગયો અને બેગમોને નાદીરશાહી હુકમ સંભળાવી દીધો. તે સાથે એમ પણ કહી દીધું કે, વિલંબ ન થવો જોઇએ. નાદીરશાહનો હુકમ વિલંબ સહન કરી શકતો નથી. શાહી ખાનદાની પર આવી આપત્તિ કોઇ પણ સમયે પડેલી નહિ, પરંતુ આ સમયે વિજયી બાદશાહની આજ્ઞાને શિરોધાર્ય કર્યા સિવાય પ્રાણરક્ષાનો અન્ય કોઇપણ ઉપાય ન હતો.

બેગમો નાદીરશાહનો હુકમ સાંભળી હતબુદ્ધિસ્થ બની ગઇ. રાણીવાસમાં ભયંકર શૂન્યકાર પ્રસરી ગયો. હજારો બેગમોનાં હજારો હૃદયમાંથી એ અત્યાચારી પ્રતિ એકસાથે નિઃશ્વાસ નીકળી પડ્યો. કેટલીકોએ ભયભીત બની યાચક લોચનોથી આકાશ તરફ સહાયતાભરી દૃષ્ટિ નાખી, તો કેટલીકોએ ખુદા અને રસૂલનું સ્મરણ કર્યું. પરંતુ એવી એક પણ બેગમ ન દેખાઇ કે જેની નજર આવા ક્રૂરતાભર્યા પૈશાચિક કૃત્યથી સમશેર તરફ પડી હોય! યદ્યપિ એ

બેગમોમાંની કેટલીક બેગમોની નસોમાં રજપૂતાણીનું રુધિર વહેતું હતું, પરંતુ એ સઘળું ઇંદ્રિયલિપ્સાથી જુહારની જૂની આગ ઠંડી થઇ ગઇ હતી. સુખભોગની લાલસાએ આત્મસન્માન ગુમાવ્યું હતું. અરસપરસ સલાહસંપથી મર્યાદાની રક્ષા કરવા કોઇને પણ ઉપાય સૂઝ્યો નહિ. એક એક પળ વિધિનું વિધાન ઘડી રહી હતી. આખરે હતાશ બની સર્વ લલનાઓએ પાપીની સન્મુખ જવાનો નિશ્ચય કર્યો. આંખોમાંથી અશ્રુનો પ્રવાહ વહેતો હતો, હૃદયમાંથી નિઃશ્વાસનો વાયુ નીકળતો હતો. છતાં એ રત્નજડિત આભૂષણો સજ્યાં, અશ્રુસિંચિત નેત્રોમાં સૂરમો આંજ્યો અને શોકવ્યથિત હૃદયપર સુગંધિત લેપ લગાવીને જવાની તૈયારી કરવા માંડી. કોઇએ કેશોને ગૂંથ્યા તો કોઇએ કેશોની લટોમાં મૌક્તિક પરોવ્યાં. સમસ્ત લલનાઓમાંથી એકને પણ ઈશ્વરને ઓળખી પોતાની ટેકપર બાદશાહના આવા ક્રૂર અત્યાચારની સામે સાહસ કરવાનો વિચાર ન આવ્યો.

(૩)

એક કલાક પણ થયો નહિ હોય એટલામાં તો બેગમોનાં ટોળેટોળાં આભૂષણોથી ઝગમગતાં, સ્વરૂપની કાંતિથી મોગરો અને ગુલાબની કળિયોને લજાવતાં, સુગંધ પ્રસરાવતાં, છમછમ કરતાં, દીવાનેખાસમાં આવી નાદીરશાહની સામે ઉપસ્થિત થઇ ગયાં.

નાદીરના નામમાત્રથી ભલભલા સમ્રાટના છક્કા છૂટી જતા હતા. કોની મગદૂર કે નાદીરશાહી ફરમાનનો નકાર વાળે ?

બધીએ બેગમો નાદીરના શયનગૃહમાં દાખલ થઇ. નાદીર સિંહાસનેથી આ બેહેસ્તી હૂરોનાં અપ્રતિમ લાવણ્ય અવલોકી રહ્યો હતો. તેના મોંમાંથી નીકળનાર બોલ ઝીલવા બધી જનાનાનશીન બેગમો તૈયાર હતી. માત્ર એક રજપૂત બિરદ આ બેગમોના વૃંદમાં હતું, જે આર્ય લલનાને બળાત્કારે પોતાનાં સગાંઓની શરમે જનાનામાં જકડાવું પડયું હતું; પરંતુ આજ દિન સુધી તેના અંગપ્રત્યંગને યવનો સ્પર્શ કરવા ભાગ્યશાળી નીવડયા ન હતા. જેણે પોતાનું શિયળ આજપર્યંત જાળવ્યું હતું, તેને આજના અવસરે મૂંઝવી હતી. નાદીરનો નશો કેમ ઉતારવો ? એજ એના મનમાં રમી રહેલો પ્રશ્ન હતો.

(૪)

જેમ સૂર્ય આગળ તારલાઓ ઝાંખા લાગે છે, તેમ આ રજ-

પૂત બિરદ આગળ બેગમો તેજહીણુ ભાસી. નાદીરની નજર લાવણ્યવતી રજપૂતલલના પ્રતિ વળી અને એ કામાંધ નાદીર નાદીરીના નશામાં ભાન ભૂલ્યો. આ રજપૂત મોહિનીના એકજ દૃષ્ટિપાતથી તે ઘાયલ થઈ ઘેનમાં પડ્યો. તે બેહોશાવસ્થામાં પડી રહ્યો. બધી બેગમો તેના પરાક્રમ અને વિકરાળ ચહેરાની પ્રશંસા કરી રહી હતી. પણ આ ચંડિકા પોતાના ઉગ્ર સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ટેબલ પરથી કટારી હાથમાં લઈ નાદીરની છાતી ઉપર ચડી બેઠી. નાદીર ગભરાયો, સચેત થયો, ભાન આવ્યું. જગતને ચકિત કરનાર નાદીર એક પુષ્પથી પણ કોમળ રજપૂત મહિલાથી મહાત થયેલો જોઈ શરમાયો—લજવાયો. એ રણચંડીએ ગર્જીને કહ્યું કે, "આ અરબસ્તાન કે તુર્કસ્તાન નથી, નાદીરી ખાનદાની નથી; બેગમોની લાજ લૂંટવી સહેલ છે, પણ આ તો બેગમોના ટોળામાં રજપૂત સિંહણ ભરાયલી છે. જો આ સિંહણની હિંમત! મારી લાજ લૂંટવા જતાં તારો જાન ન લૂંટાઈ જાય તેની સંભાળ રાખ!"

નાદીરે તક જોઈ લીધી અને પાઘડી ફેરવી બોલ્યો:

"અમ્મા! મુઆફ કર. આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે, કદી કોઈપણ રજપૂત બાળા ઉપર વિકારીદૃષ્ટિ પણ નહિ ફેંકું. આપને હું મારી માતાસમ ગણી સ્વતંત્ર રીતે વિચરવા દઉં છું."

ચંડિકાએ જવાબ વાળ્યો: "નરાધમ નાદીર! મને સ્વતંત્રતા બક્ષી મારી બહેનોની બેઇજ્જતી કરવાનો હજી તારો વિચાર છે? હોય તો કહી દે. તારો નિકાલ કરી દઉં, નહિ તો આ બધી બેગમોને પણ મુક્ત કર."

છેવટ નાદીરે પોતાનો જાન બચાવવા બધાંને મુક્તિ બક્ષી અને જાન પર આવેલી આ રજપૂત લલનાના સાહસને તેણે મરણપર્યંત સ્મર્યા કર્યું.

પ્રભો! ભારતમાં આવી આર્ય લલનાઓ પ્રગટાવ કે અત્યાચારીઓના અત્યાચારને સદાને માટે દફનાવી દે.

("હિંદુ" ના એક અંકમાંથી)

५०–सती रामसूरत–सच्ची हकीकत

(લેખકઃ–શ્રી. ગિરીન્દ્રનારાયણસિંહજી)

બિહાર–પ્રદેશ કે સારન જિલાનિવાસી બાબૂ બબ્બનસિંહજી જાતિ કે ભૂમિહાર બ્રાહ્મણ થે. જિસ સમય અસહયોગ આન્દોલન કા આરંભ હુઆ થા, આપ મુખ્તારકારી પરીક્ષા કી તૈયારી કર રહે થે; લેકિન બહુતોં કી તરહ અપને દેશ કી પુકાર કો આપ અનસુની ન કર સકે. આપ અસહયોગી હો ગયે.

આપ અપની ધૂન કે પક્કે થે. ચર્ખા ઔર ખદ્દર–પ્રચાર કો આપને અપના કાર્યક્રમ બનાયા. ઈસકે બાદ હી આપને અપને કર્તવ્ય કો ઈસ જોશ સે પાલન કરના પ્રારંભ કિયા કિ, કુછ હી દિનોં મેં આપકે નિકટ–નિવાસિયોં કે ઘર–ઘર ચર્ખે ઔર કર્ઘે કા સુમધુર સંગીત ઝંકરિત હોને લગા.

લેકિન આપ પર લક્ષ્મી કી વૈસી કૃપા ન થી. ફલતઃ કુછ હી દિનોં મેં આપકી કુલ જમાપૂંજી દેશ કો ભેંટ હો ગઈ. કુછ ખેતી–બારી થી વહ ભી બિક ગઈ. આપ ફકીર હો ગયે. પૈસે–પૈસે કે લિયે લાલે પડને લગે. લાચાર આપને અપની સતી પત્ની રામસૂરત દેવી સે ઉનકે ગહને માંગે. કહનેભર મેં દેર લગી. સતી પત્ની ને અપને કુલ આભૂષણ પતિ કે પૈરોં પર સમર્પિત કર દિયે. બબ્બનસિંહજી ફિર ઉસી ઉત્સાહ સે માતૃવેદી પર અપના સર્વસ્વ લૂટાને લગે!

ઈધર અકટૂબર સન્ ૧૯૨૪ ઈસ્વી મેં બબ્બનસિંહજી બીમાર પડે. ધીરે ધીરે આપ કે રોગ ને ભયંકર રૂપ ધારણ કિયા. આપ કો પ્રમાદ કી ભી કુછ શિકાયત હો ગઈ. મગર ઈસ અસ્વસ્થતા મેં ભી આપ ચર્ખે, કર્ઘે એવં અપને દેશ કો ન ભૂલ સકે. રોગશય્યા પર પડે પડે હી આપ સ્વદેશી એવં સ્વદેશ સંબંધી સંગીત ગાતે રહતે થે.

જિસ ઘર મેં બબ્બનસિંહજી અસ્વસ્થ પડે થે, ઉસમે ઉનકી ખાટ કે પાસ હી એક બિલ થા. આપ પ્રાયઃ કહા કરતે થે કિ ઉસી બિલ સે એક સાંપ નિકલ કર મુઝે કાટ લેગા; લેકિન ઈસ ભવિષ્યવાણી કો લોગોં ને પ્રમાદ કા નિરા પ્રલાપ સમઝા. ઈસ ઓર કિસી કા ધ્યાન હી ન ગયા.

उन्हीं दिनों की बात है. रात्रि के दस बजे थे. बब्बनसिंह-जी के यहां सभी निद्रा में निमग्न थे! सहसा बब्बनसिंहजी के कंठ से–"सांप ने मुझे काट लिया" इत्यादि सुन कर, सभी जग पडे. देखा गया तो सचमुच एक मरे हुए गेहुंअन सांप को बब्बनसिंहजी अपने हाथ में पकडे हुए थे और उसी कराल काल ने उन्हें कई जगह काट खाया था. फिर क्या था? झाड–फूंक होने लगी. चिकित्सा की गई. लेकिन मर्ज ला–इलाज था, दो तीन घंटे के अंदर ही बब्बनसिंहजी की आत्माने शरीर त्याग दिया!

प्रातःकाल हुआ. बब्बनसिंहजी के शब को श्मशानभूमि ले जाने की तैयारी की गई, लेकिन इसी समय उपस्थित सज्जनों ने बडे आश्चर्य से देखा कि बब्बनसिंहजी की पत्नी, रामसूरत देवी नहा–धो कर खडी हुई पति के शब के साथ सती होने की उत्कट अभिलाषा प्रकट कर रही है. आजकल सती! उपस्थित लोगों के लिये यह असह्य था. फिर क्या था? सती नाम से अपरचित उन दुर्बलहृदय मनुष्यों ने रामसूरत देवी की मनो-वांछा मिट्टी में मिला दी. वह जंजीरों से जकड कर एक कोठरी में बंद कर दी गई. मगर फिर भी वह शांत न रह सकीं. उनकी क्रोधाग्नि ने उग्र रूप धारण किया. उन्होंने दो–तीन किवाडों को तोड डाला; लेकिन इसी समय बब्बनसिंहजी की अंत्येष्टि क्रिया समाप्त कर लोग श्मशान–भूमि से वापस आ गए. उन्हें देखते ही रामसूरत देवी का क्रोध शांत हो गया. वह प्रचंड भैरवी तांडव नर्तन बंद हो गया.

अब एक असाधारण बात सुनिये. बाबू बब्बनसिंहजी प्रायः चौबीस दिनों तक बीमार रहे थे. इस अर्से में रामसूर-त देवी ने अन्न का एक दाना तक ग्रहण नहीं किया था; अत-एव जब लोग बब्बनसिंहजी की अंत्येष्टि क्रिया समाप्त कर वापस आ गए और देवीजी की क्रोधाग्नि भी शांत पड गई तो लोगों ने उन्हे बहुत समझाया. बब्बनसिंहजी की मृत्यु के दूसरे दिन उनसे अन्न ग्रहण करने के लिये बहुत कुछ कहा गया; मगर उस वीर बाला ने साफ "नाहीं" कर दीं

इसी प्रकार चार रोज बीत गए. रामसूरत देवी का दैनिक जीवन प्रायः पहले ही सा हो गया. केवल उन्होंने अन्न नहीं ग्रहण किया था.

બબ્બનસિંહજી કી મૃત્યુ કે ચાર રોજ બાદ કી બાત હૈ. બબ્બનસિંહજી કે પરિવાર મેં કેવલ તીન પ્રાણી બચે થે. ઉનકે દો ભાઈ એક કોઠરી મેં સો ગએ. રામસૂરત દેવી ભી અપને કમરે મેં સો ગઈ. લેકિન દૂસરે દિન કે પ્રકાશ ને કુછ ઔર હી દેખા.

પ્રાતઃકાલ હુઆ. બાલ–રવિ સ્વચ્છ નીલાભ પર ઉદિત હુએ. સારા સંસાર ઉનકી જ્યોતિ સે જગમગાને લગા. બબ્બનસિંહજી કે દોનોં ભાઈ અપની અપની ખાટ સે ઉઠે; લેકિન ફિર ભી રામ-સૂરત દેવી કે ઘર કે કિવાડ બંદ હી થે. દોનોં ભાઈયોં ને કિવાડ ખટખટાયે; મગર ફિર ભી કોઈ ઉત્તર ન મિલા. ઇસકે બાદ ઉન નિરાધાર બાલકોં ને મૃદુલ સ્વરોં મેં અપની સ્નેહમયી ભાવજ કો પુકારા. મગર ફિર ભી કોઈ ઉત્તર ન મિલા. અંત મેં કિવાડ તોડે ગયે. મગર જિસ સ્થાન પર રામસૂરત દેવી સોતી થીં વહાં દિન કો ભી અંધકાર હી રહા કરતા થા. ફલતઃ દીપક લાયા ગયા. સારા ઘર દીપશિખા કી ઉજ્જવલ જ્યોતિ સે નહા ગયા.

દીપક કે પ્રકાશ મેં જો કુછ દૃષ્ટિગોચર હુઆ વહ બરબસ આશ્ચર્ય મેં ડાલે દેતા થા. રામસૂરત દેવી એક કોને મેં, બાએં હાથ પર ઝુકી બૈઠી થીં. દાહિને હાથ મેં પવિત્ર ગીતા કી એક પ્રતિ થી, મુખ સે પવિત્ર જ્યોતિસંયુત વિમલ કાન્તિ મુખરિત હો રહી થી. વહ કિસી સ્વર્ગીય વંદના મેં વંદનીય અર્ચના મેં નિમગ્ન બૈઠી થીં.

રામસૂરત દેવી કો ઇસ અવસ્થા મેં બૈઠે દેખ કુછ કાલ કે લિયે સભી અવાક્ રહ ગયે. કુછ દેર બાદ લોગોં ને ઉન્હેં પુકારા. વહ ચૂપ થી. લોગોં કી ઉત્કંઠા ઉમડ પડી. ઉન્હોંને દેવી કે પવિત્ર શરીર કા સ્પર્શ કિયા. લેકિન યહ ક્યા? પદાંગુલિયોં સે લે કર વક્ષઃસ્થલ તક એવ બામ ભુજા, વિભૂતિ કી તરહ બિખર ગએ! પીઠ પર પડી હુઇ લંબી લંબી લટેં ઝુલસી હુઇ થીં. ફિર ભી બંકિમ ભૌહેં ઉસી તરહ સાભિમાન થીં. મુખ સે વૈસી હી દેદી-પ્યમાન જ્યોતિ છિટક રહી થી. સબ કુછ વૈસા હી થા, મગર દેવી કા આધા સે અધિક શરીર જલ કર વિભૂતિ હો ગયા થા. તો ક્યા રામસૂરત દેવી સતી હો ગઇ?*

હા, ઠીક સતી હો ગઇ! સતિયોં કે ઇસ વિનાશયુગ મેં સતી-દાહ કા એક નયા સંસ્કરણ કર સતીલોક કે લિયે પ્રસ્થિત હો ગઈ.

* ઇસ વિવરણ કી ઘટના શબ્દ શબ્દ સચ્ચી હૈ, કપોલ–કલ્પના નહીં.

પ્રાચીન ભારત કી કોઇ સતી યહાં આજ ભૂલ પડી થી સો અપના આદર્શ દિખા કર પુનઃ ચલ પડીં! સરકાર કા કાનૂન અથવા ડરપોકોં કા ભીત અનુનય–વિનય સાત્ત્વિક સતી દેવિયોં કો ઉનકે કર્તવ્યપથ સે વિચલિત નહીં કર સકતા હૈ. ઇસકા ઉદાહરણ છોડ કર તથા (લોર્ડ) બેન્ટિક એવં (બાદશાહ) અકબર કે ઉદ્યોગોં કો ઉપહાસ સિદ્ધ કર સતી રામસૂરત દેવી સચમુચ સતી હો ગઇ!!

("ચાંદ"ના એક અંકમાંથી)

૬૧–પરોપકારી ગંગાસ્વરૂપ રૂખીબહેન

(લેખકઃ–શ્રી. ડૉકટર હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ)

અમદાવાદ શહેરના બારે દરવાજાની આસપાસ અને શહેરની અંદર કોઇ પક્ષી ભૂખ્યુંતરસ્યું નહિ રહેવું જોઇએ, એ ઉદ્દેશથી પ્રેરાઇને ગં સ્વ. રૂખીબહેને અથાગ મહેનત કરી.

હિંદુ ધર્મનો અનુયાયી "वसुधैव कुटुंबकम्" એટલે આખી પૃથ્વી પોતાનું કુટુંબ છે, એમ માની જીવન નિર્ગમન કરે છે, એટલુંજ નહિ પરંતુ કૂતરું અને ગાય એના ગ્રાસ એટલે કોળિયા પહેલાં ભાણા આગળ મૂકી પછી જમે છે. ભૂતયજ્ઞ એટલે પ્રાણીમાત્રને માટે સ્વાર્થત્યાગ કરવાની એને ટેવ છે. કીડી–મંકોડીનાં દરમાં લોટ નાખી આવતાં અનેક ભાવિક સ્ત્રીપુરુષોને તમે છેક ગામની ભાગોળે ને ખેતરો સુધી જોશો. अहिंसा परमो धर्मः એ હિંદુ ધર્મની માન્યતા છે. પરંતુ જૈનધર્મે એને મુખ્ય ધ્યેય બનાવી ખૂબ ખિલાવી છે.

ગુજરાતમાં જૈનધર્મે પુષ્કળ અસર કરી છે. આખા હિંદુસ્તાનમાં કેવળ ગુજરાતના હિંદુઓ માંસાહાર કરતા નથી તે પ્રતાપ જૈનધર્મનો છે. હિંદુઓ ઉપરાંત ગુજરાતમાંના ઘણા મુસલમાનો પણ માંસાહાર નથી કરતા તે જૈન અને હિંદુ ભાઇઓના સહવાસથી.

ગુજરાતનાં શહેર અને ગામડાનાં મોટાંનાનાં ઘણાં ઘરોની ભીંતોમાં તમે પોપટ, ચકલી વગેરેને રહેવા માટે બાકોરાં, ગોખલા વગેરે જોશો. ઘણા માણસો પોતાને ઘેર બબ્બે શીકાં લટકાવી રાખે છે. એક શીકામાં પાણી અને એકમાં દાણા નાખ્યા કરવાના. ત્યાં ખિસકોલીઓ, ચકલાં, કાબર, કબૂતર, પોપટ, કાગડા વગેરે

દાણા ખાવા અને પાણી પીવા રોજ ગમે તે વખતે આવવાનાં.

અમદાવાદમાં સારંગપુર ચકલામાં એક ડોસા છે. તે દરરોજ સવારે ચાર વાગે ઊઠી, નાહી ધોઇ પૂજાપાઠ કરી, પાંચ વાગતામાં દાણાનું મોટું પોટલું બાંધી દરવાજા બહાર નીકળી પડવાના. મહાજને અસલથી નક્કી કરી રાખેલી દરવાજા બહાર કેટલીક જગાએ છે. ચોતરા, મેદાનો, પરબડીઓ વગેરે. ત્યાં નિયમિત વખતે હજારો પંખીઓ આવવાનાં અને ત્યાં આ ડોસા, ખોબાઓ ભરીને દાણા નાખી આવવાના. બધે દાણા નાખી આવ્યા પછી પાછા બીજા દિવસને માટે જોઇતા દાણા વસ્તીમાંથી મૂઠી મૂઠી ઉઘરાવી લાવી, પોતાને ઘેર લઇ જઇ, પછી પોતે જમવાના ને કામધંધે વળગવાના.

ગુજરાતના કોઇ પણ ગામડે તમે જાવ, ત્યાં જરૂર તમે બે-ચાર પરબડીઓ જોશો. પરબડીમાં દરરોજ પક્ષીઓને માટે દાણા-પાણી નંખાવાનાં. કેટલીક પરબો સુંદર કોતરણીવાળી અને શોભીતા રંગથી રંગેલી હોવાની.

અમદાવાદ શહેરમાં જિલ્લે જિલ્લે આવી ઘણી પરબો આવેલી છે અને એમાં દરરોજનું કેટલાયે મણ અનાજ નંખાય છે.

શું આ દૃશ્ય મનોહર નથી ?

આ ઉપરાંત માછલાંને લોટ નાખવા અને વાંદરાંને રોટલા ખવરાવવા ઘણા લોકો જાય છે. પાંજરાપોળો વિષે અને એના કાર્ય વિષે, વિશેષ લખવાની જરૂર નથી, કારણ એ જગજાહેર છે.

રૂખીબહેન બાળવિધવા હતાં. હાલ એમની ઉંમર પચાસ-પંચાવન થઇ છે. દરરોજ દરિયાપુર, પ્રેમ દરવાજા પાસે સરયૂદાસ મહારાજની કથામાં એ જતાં. એક દિવસ મારી બે બહેનોના બાળકદીકરાઓ એકે દિવસે મરી ગયા. અમારા ઘરમાં ત્રાસ થઇ ગયો. એ બાળકોના પુણ્યમાં શું કરીએ ?

એમના મૃત્યુને ચોથે દિવસે બે મણ દૂધ અમે નિશાળે જતાં છોકરાછોકરીઓને પાયું, પણ છતાં શાન્તિ ના વળી. તાપ બહુ પડતો હતો. નળમાં પાણી બરાબર આવતાં નહોતાં. વટેમાર્ગુ-ઓને માટે બે ઠંડા પાણીની પરબો બેસાડવા મારી બાએ સૂચના કરી અને અમે બધાંએ મંજૂર કરી.

અમારી પાડોશણ જેકોર કાકી કહેઃ "રહો, હું રૂખીબહેનને બોલાવી લાવું. શહેરમાં કઇ જગાએ પરબ બેસાડવાની જરૂર છે

તે એ બરાબર જાણુતાં હશે." અને થોડી વારમાં રૂખીબહેન અમારે ઘેર આવ્યાં.

હવેની થોડી હકીકત રૂખીબહેને પોતેજ કહેલી તે એમનાજ શબ્દોમાં હું કહીશ.

"હું બાળરાંડ. ઘરમાં કોઇ મળે નહિ. મારી એકલીનું પેટ ભરાય એટલી ગોઠવણ મારું પલ્લુંબલ્લું વેચીને મારા ભાઇએ કરી આપેલી. રહેવા ઘર અને ખાવા બાજરી હતી; પણ કાળ જેવો આખો દહાડો જાય શી રીતે ? સવારે દર્શન કરવા જવું, સાંજરે કથાવાર્તામાં વખત જાય અને સગાંવહાલાંમાં કે નાતજાતમાં કોઇ માંદું-સાજું, જન્મ્યું-મર્યું હોય ત્યાં ઘડી જઇએ. જાતે સ્ત્રી એકલવાઇ; ઓશિયાળો અવતાર. આબરૂભેર માબાપની ને સાસરિયાંની લાજ રાખીને જુવાની લાતે મારીને કાઢી.

દસ વર્ષથી લાગટ સવારમાં સરયૂદાસજી મહારાજની કથામાં જતી. મહારાજ જાતે પરમજ્ઞાની, પવિત્ર, સાદા અને નિઃસ્પૃહી. એમની કથામાંથી હજારો લોકો સુધરી ગયા. કંઇ કુભારજા સ્ત્રીઓ ધણીની પૂજા કરતી થઇ ગઇ, કંઇ "લોફર" ભાયડા ઠેકાણે આવ્યા. હું શું કરું ? મહારાજ કહે-પરોપકારમાં જીવન ગાળવું. મેં વિચાર કર્યો-હું રાંડ શો પરોપકાર કરું ? મારી પાસે નથી ધન કે ગરીબગુરબાંને મદદ કરું; નથી જ્ઞાન કે કોઇને ઉપદેશ કરું. હા, એક વાત મારી છે. દર પૂનમે પૂનમે ચાલતી ડાકોર જઉં છું ને રોજ બારે માસ નદીએ નાહવાનો નીમ. એ ઉપરથી ઠાકોરજીએજ સુઝાડ્યું કે, ઝાડે ઝાડે શીકાં બાંધ ને પશુપંખીની સેવા કર.

પણ એમ એક જીવથી કેટલું પહોંચાય ? તોયે બન્યું એટલું કર્યું. જ્યાં પરબડીઓ નહોતી ત્યાં ત્યાં બધે અમદાવાદ શહેરને ચારે છેડે, ઝાડે ઝાડે કાળાં કૂંડાં લટકાવેલાં જુઓ ત્યાં જાણજો કે એ મારાં બાંધેલાં હશે.

પહેલાં નદીએ નાહતી આવું ને આજ આ દરવાજે તો કાલ પેલે દરવાજે એમ રોજ ફરતી આવું. એમ કરતાં કરતાં કુંડાં લાવી દોરીઓ બાંધી ને આજ તો ધીમે ધીમે કરીને ત્રણસો ઠેકાણે છસો શીકાં મારા હાથથી બંધાયેલાં લટકે છે.

વીસ-પચીસ ઠેકાણાં થયાં ત્યાંસુધી તો બધાંમાં રોજ દાણા અને તાજું પાણી હુંજ નાખી આવતી; પણ પછી તો રોજ ઘેર

આવતાં બાર—એક વાગી જવા લાગ્યો ને થાકી જતી. તેથી ધીમે ધીમે એવી ગોઠવણ કરી કે આઠ આઠ દહાડાના દાણા શીકાં પાસે રહેનાર કોઇ ભલું માણસ મળે એને ત્યાંજ મૂકી આવું. તે પોતાની પાસેનું શીકું સાચવ્યા કરે. દાણાના પૈસા કથામાં આવનાર લોકો પાસેથી હું ઉઘરાવી લેતી. સરયૂદાસજીને આ વાતની ખબર એટલે એમના પ્રતાપે ખર્ચ તો મળી રહેતું. એમ કરતાં કરતાં હાલ છસો શીકાં બંધાયાં છે. દરેક સ્થળે દાણા ને શીકાં અનાજ-પાણીથી ભરવાની ગોઠવણ પણ પાકી કરી દીધી છે અને અમદાવાદ શહેરના બારે દરવાજાની આસપાસ અને શહેરની અંદર કોઇ પક્ષી ભૂખ્યુંતરસ્યું નહિ રહેવું જોઇએ એટલો મારો ટેક હતો તે પરમેશ્વરે પૂરો કર્યો છે. કર્તાહર્તા ઈશ્વર છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ.

હવે ફક્ત છે મારે એક ચિંતા. દેહ ક્ષણભંગુર છે. હું જીવું છું ત્યાંસુધી તો આ ત્રણસોએ ઝાડ હું તપાસતી રહી, પણ મારા મૂઆ બાદ એ કામ ચાંદાસૂરજ તપે ત્યાંસુધી ચાલવું જોઇએ. એ માટે મારે ટીપ કરવી છે. મંગળદાસ શેઠને ત્યાં જઈ આવી છું. શેઠ હરિવલ્લભ મૂળચંદ છે, ગોડિયાવાળા શેઠ છે, બધા મળીને એટલું કરી આપે એટલે હું સુખેથી મરું, નહિ તો મારો જીવ ગતે ના જાય!”

આટલું કહ્યા પછી અમારે પાણીની પરબો બેસાડવી હતી તે વાત પર અમે આવ્યા.

પક્ષીઓની સેવા સંપૂર્ણ કર્યા બાદ આજ રૂખીબહેનને જંપ નહિ વળેલો. સારું કામ એવું છે. એક કાર્ય પછી બીજું ને બીજા પછી ત્રીજું એમ સૂઝયાજ કરવાનું.

રૂખીબહેને ત્રણ વર્ષથી સ્થળે સ્થળે પાણીની પરબો ગોઠવવા માંડી છે. અમારે ત્યાં આવ્યાં ત્યાં સુધીમાં એમણે ૨૦ પરબો લોકોને પૈસે સ્થળે સ્થળે બેસાડી હતી. શુક્રવારમાંથી સારા મોટા માટીના ગોળા જાતે લઇ આવે. કોઇ ગરીબ મદદ કરવા યોગ્ય બ્રાહ્મણી કે અનાથ વૃદ્ધને પગાર આપી પરબનું કામ પણ કરાવે ને એને મદદ કરે. જગા બરાબર શોધી કાઢે ને શીકાં ભેગી પરબની પણ દેખરેખ રાખે. અમદાવાદમાં આ કામનાં એ ‘સ્પેશિયાલિસ્ટ’ (પ્રવીણ થયેલાં) છે. અમને કહે, એક પરબ સ્ટેશન પર અને બીજી ખોખરા મહેમદાવાદને રસ્તે બેસાડીશું. પછી ચાર

દિવસે એ પાછાં આવ્યાં. તે વખતે પરબોની ગોઠવણ સંપૂર્ણ કરી દીધી હતી. દિવસે પરબ ક્યાં બેસે, રાત્રે વાસણો ક્યાં મૂકવાં, પગાર કેટલો આપવો વગેરે તમામ ગોઠવણ એમણે બરાબર કરી નાખી હતી. પરબ પર બેસનારને આથી કેવી મદદ મળશે એ પણ એમણે વિગતવાર અમને સમજાવ્યું અને એક પુણ્યથી બે લાભ અપાવવાની એમની યોજનાથી અમે અજબ થયા.

ગં. સ્વ. રૂખીબહેન, આ રીતે પોતાના એકાન્તિક જીવનને કેવળ નિઃસ્વાર્થે ઉપયોગી બનાવી રહ્યાં છે અને એનો બદલો એમના અંતઃકરણમાં આનંદ અને શાન્તિ રહે છે તે છે. દુનિયા પોતાનાં ખરાં મોટાં માણસને વિશે કંઈજ જાણતી નથી, તેમ અમદાવાદ પણ આ રૂખીબહેનને વિષે કંઇજ જાણતું નથી.

("સાંજવર્તમાન"ના એક અંકમાંથી)

૬૨–ભગિની નિવેદિતા

(લેખકઃ–શ્રી. રામાનંદ ચેટરજી)

સન્ ૧૯૦૭ કે જનવરી મહીને મેં "માડર્ન રિવ્યૂ" માસિક પત્ર કા પહલા અંક પ્રકાશિત હુઆ થા. ઉસકે કઈ મહીને પહિલે સે ઉસકે લિયે લેખ ઔર ચિત્ર ઇત્યાદિ સંગ્રહ કરને શુરૂ કર દિયે થે. ઉસ જમાને મેં નટેસન કા "ઇન્ડિયન–રિવ્યૂ" સચ્ચિદાનંદ સિંહ કા "હિન્દુસ્તાન–રિવ્યૂ" ઔર મળબારી કા "ઇસ્ટ એન્ડ વેસ્ટ" કુલ જમાયે તીન હી પ્રધાન અંગ્રેજી માસિક પત્ર નિકલતે થે. ઇસ લિયે ઐસી એક બાત ઊઠી કિ હમારા પત્ર થોડે હી દિનોં મેં લેખોં કે અભાવ સે બંદ હો જાયગા. કૌન ઉસમેં લિખેગા? કાફી સંખ્યા મેં ઔર અચ્છે લેખ મિલેંગે યા નહીં, ઇસ વિષય મેં મુઝે ભી કુછ–કુછ સંદેહ થા; પરંતુ મૈંને જબ બિના પૂંજી કી હાલત મેં નોકરી સે ઇસ્તીફા દે કર અંગ્રેજી માસિક પત્ર ચલાને કા સંકલ્પ કિયા થા, તબ પ્રતિજ્ઞા કર લી થી કિ દૂસરા કોઇ લેખ ન ભી દે, તો ભી મૈં અપને સંગ્રહ કિયે હુયે અનેક તથ્યોં દ્વારા લેખ લિખ કર પત્ર કો ચલા કર દેખૂંગા કિ પત્ર ચલતા હૈ યા નહીં? મેરે લેખોં મેં સાહિત્યિક ઉત્કર્ષ ન રહેગા યહ મૈં જાનતા થા; કિંતુ ઇતના મુઝે ભરોસા થા

કિ જાનને યોગ્ય બહુતસી બાતેં સંગ્રહ કર કે દે સકૂંગા; ઔર જો બાત પ્રમાણિત કરના ચાહૂંગા, ઉસકી સમર્થક યુક્તિયોં દે સકૂંગા. પરંતુ સિર્ફ મેરે હી ઐસે લેખોં સે તો પત્ર ઉત્કૃષ્ટ નહીં બન સકતા. ઇસ લિયે લેખક ઔર લેખ સંગ્રહ કરને કી કોશિશ કરની શુરૂ કી.

તબ ભગિની નિવેદિતા સે મેરા પરિચય ન થા. અપને અંગ્રેજી માસિક મેં લેખ દેને કે લિયે જિન લોગોં સે મૈંને અનુરોધ કિયા થા, ઉનમેં અન્યતમ થે આચાર્ય જગદીશચંદ્ર બસુ. મૈં ઉનકા છાત્ર રહ ચૂકા થા, ઇસ લિયે ઉનસે અનુરોધ કરને મેં મુઝે સંકોચ નહીં હુઆ. ઉનકો મૈંને યહ બાત ભી બતલાઈ થી કિ બહુત સે લોગ કહતે હૈં કિ અચ્છે લેખ મુઝે કાફી નહીં મિલેંગે, ઔર ઇસ લિયે પત્ર બંદ હો જાયગા. ઉન્હોંને સ્વયં અધિક ન લિખ સકને પર ભી કભી કભી લિખને કો કહા ઔર ભગિની નિવેદિતા સે લિખને કે લિયે અનુરોધ કિયા. નિવેદિતા ને દૃઢતા કે સાથ કહા—“લેખોં કા અભાવ જિસસે ન હો, ઐસી કોશિશ કી જાયગી.” ઉસકે બાદ વે અપને નામ સે તથા બિના નામ કે—જિતને દિને વે જીવિત રહીં—“માડર્ન-રિવ્યૂ” મેં અનેક લેખ, ટિપ્પણિયોં ઔર ચિત્ર—પરિચય આદિ લિખતી રહીં થીં.

ઉનકે રાજનૈતિક સિદ્ધાંત જાનને કા મૌકા મુઝે મિલા થા, પરંતુ ઉસ વિષય મેં વિશેષ કુછ લિખના નહીં ચાહતા. સાધારણ તૌરપર ઇતના કહા જા સકતા હૈ કિ, ભારતવર્ષ કી પૂર્ણ સ્વાધીનતા કે લિયે ઉનકા કાફી પ્રયાસ થા; સ્વાધીનતા કી પતાકા કો નીચે ગિરાને સે ઉનકે હૃદય પર ચોટ પહુંચતી થી. હાં, ફિલહાલ ઔપનિવેશિક સ્વરાજ્ય યા અભ્યંતરીણ જાતીય આત્મકર્તૃત્વપર ઉન્હેં કોઇ આપત્તિ ભી નહીં થી; કિંતુ ઉસે ઉચ્ચતમ યા ચરમ લક્ષ્ય કહને કો વે તય્યાર નહીં થી. ઉનકે રાજનૈતિક સિદ્ધાંતોં કે વિષય મેં એક બાત ઔર કહની હૈ, વહ યહ કિ વે હર હાલત મેં અહિંસા કી પક્ષપાતી નહીં થીં; આવશ્યકતાનુસાર સ્થાન-વિશેષ મેં બલ-પ્રયોગ ઔર યુદ્ધ કો વે આવશ્યક સમઝતી થીં. વે યોદ્ધા-પ્રકૃતિ કી મનુષ્ય થી. અકસર ઉનકી બાતચીત ઔર લેખોં સે યહ બાત પ્રકટ હોતી થી. ધાર્મિક વિષયોં મેં ભી વે સત્ત્વગુણ કે સાથ રાજસિકતા કા સંમિશ્રણ પસંદ કરતી થી. ઉનકી ‘એગ્રેસિવ હિંદુઇઝમ’ નામક પુસ્તક ઇસ બાત કી સાક્ષી દેતી હૈ.

પરંતુ જૈસે વે તેજસ્વિની થીં, વૈસે દયાવતી ભી થીં.

લેખોં ઔર ચિઠ્ઠી–પત્રી સે પરિચય હોને કે બહુત દિન બાદ ઉનસે મેરા સાક્ષાત્ પરિચય હુઆ થા. ઇલાહાબાદ સે કલકત્તા આને કે બાદ મૈં ઉનસે મિલા. તબ આચાર્ય વસુ ઔર ઉનકી સહધર્મિણી કે સાથ આપ દમદમ કે 'ફૈયરી હાલ' નામક ભવન મેં રહતી થીં. મૈં સુબહ દશ બજે ખા–પી કર દમદમ પહુંચા. કિસ કારણ સે પહુંચા સો અભી ઠીક યાદ નહીં પડતા. મૈં એક કિરાયે કી 'ઘોડા–ગાડી' પર બૈઠ કર દમદમ ગયા થા, રેલમેં નહીં. 'ફૈયરી હાલ,' પહુંચ કર ખબર દેતે હી નિવેદિતા બાહર નિકલ આઈં. ઉસ સમય સબ ભોજન કર રહે થે, ઉનકા ખાના–પીના કરીબ–કરીબ ખત્મ હો ચૂકા થા. ઉનકે બાહર આને પર મૈંને ઉન્હેં નમસ્કાર કિયા. ઉન્હોંને ઉસકા જવાબ દિયા. ઉસકે બાદ પહલે હી ઉન્હોંને કિરાયે કી ગાડી કે કોચવાન સે ઘોડોં કો ખિલાને ઔર આરામ દેને કે લિયે કહા તથા કોચવાન કો ભી આરામ કરને કે લિયે કહા. ઠીક સ્મરણ નહીં રહા–શાયદ ગાડીવાન સે ભી પૂછા થા કિ ઉસને ખાના ખાયા યા નહીં?

મૈં જબ ભીતર ઉનકે ભોજન–ગૃહ મેં પહુંચા, તો મુઝસે ભી પૂછા, ભોજન કર ચૂકે યા નહીં? યહ માલૂમ હોને પર કિ ખા–પીકર આયે હૈં, ચાય પીને કો કહા તથા જો ઉમદા ખજૂર કા ગુડ ખા રહી થીં, મુઝસે ભી ઉસે ખાને કે લિયે કહા. ઉસકે બાદ દુ–મંજલે કે બરામદે મેં બૈઠ કર અનેક વિષયોં મેં બાતચીત હુઇ થી. વહાં પર જો આરામ–કુર્સી પડી હુઇ થી, ઉસ પર મુઝે બૈઠને કે લિયે કહા. મૈંને ઉનસે અનુરોધ કિયા કિ આપ હી આરામકુર્સી પર બૈઠિયે; ઇસ પર ઉન્હોંને કહા—"નહીં, યહ નારિયોં કે બૈઠને કી નહીં હૈ, પુરુષોં કી હૈ."

ઘોડે પર ઉનકી ઇસ દયા કી બાત સે મુઝે ઔર એક બાત યાદ આ ગઇ. એક દિન (કલકતે મેં) સુકિયા–સ્ટ્રીટ સે કર્નવાલિસ સ્ટ્રીટ જા રહા થા, દેખૂં તો ઉધર સે ભગિની નિવેદિતા ઔર ઉનકે સાથ એક અન્ય પાશ્ચાત્ય મહિલા આ રહી હૈં. મદનમિત્ર લેન કી મોડ કે પાસ એક પિલ્લા પડા હુઆ અધમરી હાલત મેં સિસક રહા થા. કિતને હી લોગ આ–જા રહે થે, પર કિસીકો ભી ઉસ પર દયા ન આતી થી. નિવેદિતા ઉસે દેખતે હી ઠહર ગઇ ઔર પાસ કી દુકાન સે દૂધ લેકર પિલ્લે કો પિલા કર ઉસે જીલાને કી

કોશિશ કરને લગી. વહ મિઠાઇ કી દુકાન અબ વહાં નહીં હૈ, ઉસ જગહ બડા પક્કા મકાન બન ગયા હૈ.

નિવેદિતા કો ધર્મ–વિજ્ઞાન, સમાજ–વિજ્ઞાન, શિક્ષાતત્ત્વ તથા ચિત્ર, સ્થાપત્ય ઔર ભાસ્કર્ય કે વિષય મેં વિશેષ જ્ઞાન થા. ઇન વિષયોં પર વે લેખ ભી લિખા કરતી થીં. ઇસકે સિવા રાજનૈતિક વિષયોં પર તો વે બહુત હી અચ્છે લેખ લિખ સકતી થીં. ઉનકે લેખ મેં કોઇ પરિવર્તન ન કર કે પ્રાયઃ જ્યોં–કા–ત્યોં છાપતા થા; દો એક મેં શાયદ કુછ પરિવર્તન ઔર પરિવર્ધન કિયા થા, ઐસા યાદ પડતા હૈ. ટિપ્પણી, મંતવ્ય યા નોટ, વે જો લિખા કરતી થી, ઉનમેં સે કિસી–કિસી મેં કુછ પરિવર્તન ઔર પરિવર્ધન કર દેતા થા. ઇસકા કારણ થા હમારે દેશ કા 'રાજદ્રોહ' વિષયક કાનૂન. ક્યોં કિ વે બહુધા ખૂબ સ્પષ્ટ ભાષા મેં કઠોર સત્ય લિખા કરતી થીં. ઉન્હોને પરિવર્તન ઔર પરિવર્ધન કા અધિકાર સિર્ફ મુઝે હી ઔર યહ કહ કર દિયા થા કિ "આપકી વિવેચના પર મુઝે વિશ્વાસ હૈ." ઉનકી લિખી હુઇ બાજ–બાજ ટિપ્પણી મેરે દ્વારા 'સંપાદિત' હો કર બિનાહસ્તાક્ષર કે પ્રકાશિત હોને કે કારણ અબ ઉનકો છાંટ નિકાલના મુશ્કિલ હૈ; હાં, જો ઉનકી લેખનશૈલી ઔર ચિંતાધારા સે વિશેષ પરિચિત હૈ, વે ભલે હી છાંટ લેં.

વે હમારે પત્ર મેં લેખ દિયા કરતી થીં, ઇસસે એક વિષય મેં મેરી આંખેં ખુલ ગઇ થીં. મૈં પહલે–પહલ રવિવર્મા કી તસ્વીરોં કી નકલ તથા ઉસ ઢંગ કી ઔર–ઔર તસ્વીરેં ભી છાપા કરતા થા. ઉન્હોંને લગાતાર મેરે સાથ તર્ક–યુદ્ધ કર કે મેરે અંદર યહ સમઝ પૈદા કર દી કિ રવિવર્મા કે તથા ઉસ ઢંગ કે અન્ય ચિત્રોં કી રીતિ ભારતીય નહીં હૈ, ઔર પાશ્ચાત્ય ઢંગ કે ચિત્રોં કે દેખે ભી ઉનમેં કોઇ ઉત્કર્ષ નહીં હૈ. પત્રોં કે સિવા ઇન સબ બાતોં મેં તથા અન્ય વિષયોં મેં ઉનકે સાથ જો મૌખિક વાર્તાલાપ હોતા, ઉસમેં બોલને કા કામ વે હી જ્યાદા કરતીં, મૈં જ્યાદાતર શ્રોતા કા કામ કરતા થા. આચાર્ય વસુ હંસતે હુએ કહતે–"યે ચાહતી હૈં કિ તુમ ભી ખૂબ તર્ક કરો ઔર તર્ક મેં ઉનસે તુમ પરાસ્ત હોઓ, તબ યે બહુત ખુશ હોંગી." નિવેદિતા સુન કર હંસતીં. ઇસ બાત કો વે અચ્છી તરહ દિખલાતી થીં કિ ગ્રીક–ગાન્ધાર મૂર્તિ–શિલ્પ ભારતીય મૂર્તિશિલ્પ સે શ્રેષ્ઠ નહીં હૈ, ઔર ગાંધાર મૂર્તિ–શિલ્પ કી ઉપરિ કારીગરી ગ્રીક હોને પર

ભી ઉસમેં જિતની ભી સજીવતા હૈ, વહ ભારતીય હૈ. ઉન્હોંને કઇએક સચિત્ર લેખ મેં યહ બાત દિખલાઇ થી કિ અજંતા ગુફા–વિહાર કી પ્રાચીરપર અંકિત ચિત્રાવલી કે સિવા ગુફાઓં કે સ્થાપત્યાદિ ભી પ્રશંસનીય હૈં. અંગ્રેજ લોક ઇસ બાત કી કોશીશ મેં હૈં કિ સબકો ઐસા વિશ્વાસ હો જાય કિ ભારતવર્ષ મેં લોગોં કી વસ્તી બડી ઘની હૈ ઔર યહાં જનસંખ્યા કી વૃદ્ધિ ભી બહુત અધિક હોતી હૈ. ઇસીસે યહ દેશ દરિદ્ર હૈ. નિવેદિતા ને દિખાયા થા કિ કુલ મિલા કર યહ બાત સત્ય નહીં હૈ કિ નિખિલ–ભારત ઘની વસ્તી હૈ. 'કિંડર–ગાર્ટેન' કી પ્રણાલી સે ભારતીય ચીજોં કે બારે મેં કૈસે બચ્ચોં કો શિક્ષા દી જા સકતી હૈ, ઇસ બાત પર આપને અચ્છા પ્રકાશ ડાલા થા.

બરીસાલ કે દુર્ભિક્ષ કે સમય ભગિની નિવેદિતા ને અપની આંખોં સે અકાલ–પીડિતોં કી અવસ્થા ઔર ઉન્હેં સહાયતા પહુંચાને કી વ્યવસ્થા દેખ કર 'ગ્લીમપ્સિસ ઓફ ફેમિન એન્ડ ફ્લડ ઇન બંગાલ' શીર્ષક દે કર 'માડર્ન–રિવ્યૂ' મેં કઇ એક લેખ લિખે થે. ઉનમેં સે 'ટ્રેજેડી ઓફ જ્યુટ' શીર્ષક લેખ મેં આપ હી ને પહલે–પહલ ધાન કે બદલે પાકકી ખેતી સે હાનિયાં દિખલાઇ થીં. ઇનમેં સે એક લેખ મેં ઉન્હોંને ઐસા સંકેત કિયા થા કિ પ્રજાઓં કે હાથ મેં ઇસકે અંતિમ પ્રતિકાર કા ઉપાય ટેકસ ન દેના હૈ.

આપકી વર્ણન–શક્તિ ઔર લેખનશૈલી બહુત હી ઉમદા થી; પરંતુ કોઇ ઉનકી પ્રશંસા કરતા, તો ઉન્હેં અચ્છા નહીં લગતા થા. એક બાર શ્રીયુત દિનશા વાચ્છાને બંબઇ કે 'કૈસર–એ–હિંદ' પત્ર મેં ઉનકી વર્ણન–શક્તિ કી પ્રશંસા કી થી. ઉસ પર ભગિની નિવેદિતા ને મુઝસે કહા થા–"વર્ણન–શક્તિ કે લિયે ખ્યાતિ પાને કા યદિ મેરા લક્ષ્ય હો, તો મૈં અપના દાહિના હાથ કાટ ડાલૂંગી." વસ્તુતઃ વે પાઠકોં કો અનુપ્રાણિત કરને ઔર શિક્ષા દેને કે લિયે લિખા કરતી થીં.

અનેક પ્રસિદ્ધ લેખક પાસ તથ્ય ઔર ચિંતા–પ્રણાલી કે લિયે આપકે ઋણી હૈં.

ભારતીય અનેક રીતિ–નીતિયોં કો હમ જન્મ સે હી દેખતે આ રહે હૈં, ઇસ કારણ અભ્યાસવશ હમ ઉનકે ભીતરી ગૂઢ તત્ત્વોં કો નહીં પહચાન સકતે, ઉનકે પ્રાણ ઔર અર્થ હમેં ઢૂંઢે નહીં

મિલતે. ઇન સબ વિષયોં મે ભગિની નિવેદિતા કે અંતર્દષ્ટિ થી. વે બીચ–બીચ મેં ચૂકતી ન થીં,યહ બાત નહીં; પરંતુ બહુધા વે અનેક રીતિ–નીતિ ઔર ક્રિયા–કલાપ અનુષ્ઠાનોં કે ભીતરી પ્રાણ કો પહચાન લેતી થીં, જિસે હમ નહીં પહચાન પાતે.

ભારતીય દેશી ચીજોં કે પ્રતિ ઉનકા ગહરા અનુરાગ થા. એક બાર ઉન્હોંને મુઝે સુબહ હી ભેંટ કરને કો કહા. બોસપાડા લેન મેં ઉનકા એક પુરાના મકાન થા, વહાં જા કર ખબર દેતે હી વે બાહર આ ગઈ. ઉન્હેં દેખતે હી મૈં સમઝ ગયા કિ વે પૂજા–પાઠ ઔર જપ કર રહી થીં. બાદ હમ દોનોં ને જલપાન કિયા. ઉન્હોંને મુઝે પનીર ખાને કો દિયા. મૈંને કહા–" મુઝે ઇસકે ખાને કા અભ્યાસ નહીં." ઉન્હોંને કહા–" ખાઓ, યહ ઢાકે કા બના હુઆ હૈ, વિદેશી નહીં હૈ." ઇસ પ્રકાર દેશી હોને કે કારણ મુઝે કુછ નયા ખજૂર કા ગુડ ભી ખાના પડા. કહીં પર ઉન્હેં એક અધેલે કા કાલી મિટ્ટી કા દીપક મિલ ગયા થા. ઉસકે સૌંદર્ય પર મુગ્ધ હો કર ઉન્હોંને ઉસે બડે જતન સે રખ છોડા થા.

ઉનકા બંધુ–પ્રેમ ઔર હિતૈષિતા અસાધારણ થી. ચિત્ર કે સૌંદર્ય કો સમઝ કર ઉસકી વ્યાખ્યા કરને કી જો શક્તિ હમ લોગોં મેં નહીં, વહ નિવેદિતા મેં વિશેષ રૂપ સે થી. ઇસી લિયે મૈં ઉનસે અકસર ચિત્ર–પરિચય લિખને કા અનુરોધ કિયા કરતા થા. સમય કી કમી કે કારણ કભી–કભી ઉનકે પાસ ચિત્રોં કા પ્રૂફ ભેજ કર પત્રવાહક કે માર્ફત હી ચિત્ર–પરિચય લિખ કર ભેજને કા અનુરોધ કરના પડતા થા. ઐસે મૌકોં પર કભી–કભી વે ભોજન છોડ કર યા દૂસરે–દૂસરે કામોં કો છોડ કર ભી ઉસી સમય ચિત્ર–પરિચય લિખ કર ભેજ દેતી થીં. પરંતુ પત્ર મેં લિખતી કિ—" ઐસા કરના ઠીક નહીં, આપ મુઝે ઇસકે લિયે જરા ભી સમય નહીં દેતે." એક બાર ઉન્હેં કિસી ભેદિયે કે મારફત પતા લગા કિ મુઝ પર રાજદ્રોહ કા મુકદ્દમા ચલનેવાલા હૈ, ખબર સચ્ચી થી, પરંતુ માલૂમ નહીં કિસ કારણ સે મુકદ્દમા ચલાયા નહીં ગયા. ઇસ બાત કો સુનતે હી ઉન્હોંને બહુત દુઃખ કે સાથ પત્ર લિખ કર મુઝે ઇસ બાત કી ખબર દી થી.

ઉનકે વિષય મેં આચાર્ય વસુ મહાશય કે મુંહ સે મૈંને બહુતસી બાતેં સુની હૈં, ઉનમેં સે અધિકતર શિક્ષાપ્રદ ઔર મનોહર હૈં; પર મૈં સ્વયં ઉનકે વિષય મેં જો કુછ જાનતા હૂં ઉતના હી મૈંને યહાં પર લિખા હૈ. ('વિશાલ ભારત'ના એક અંકમાંથી)

૬૩–માહિયાણી નીલાદેવીની પતિભક્તિ

(લેખકઃ–સ્વ૦ પુરુષોત્તમ વિશ્રામ માવજી)

(૧)

"મારા કેસરભીના કંથ હો ! સિધાવોજી રણવાટ !
આભ ધ્રૂજે, ધરણી ધમધમે રાજ ! ઘેરા ઘોરે શંખનાદ !
દુંદુભિ બોલે મહારાજના હો ! સામન્તના વીરનાદ !
મારા કેસરભીના કંથ હો !

× × × ×

જયકલગીએ વળજો, પ્રીતમ ! ભીંજશું ફાગે ચીર !
નહિ તો વીરને આશ્રમ મળશું, હો સુરગંગાને તીર !
મારા કેસરભીના કંથ હો ! સિધાવોજી રણવાટ !"

નરપુરના ભાટી ઠાકોર સૂરજદેવની ખ્યાતિ આખા પંજાબમાં પ્રસરી રહી હતી. આખા પંજાબમાં તેના જેવો વીર રજપૂત નહોતો. તે મિત્રોનો ખરો મદદગાર અને શત્રુનો ભયંકર નાશ કરનાર નરપુંગવ હતો. તેની સતી સ્ત્રીનું નામ નીલાદેવી હતું.

સિંધુ નદીની માફક પૂરવેગથી પહાડોમાંથી મુસલમાની મહાન દળનું પૂર ધસી આવ્યું ને સર્વ પંજાબમાં ઊભરાઇ ગયું. તેની સામે નદીના પૂરમાં તણાઇ જતાં ગામોની પેઠે નગરોની દીવાલો તૂટતી તૂટતી નાશ પામતી ગઇ. શહેરોનાં શહેરો એક પછી એક ટપોટપ પડવા લાગ્યાં. આ મહાપ્રલયરૂપી પૂરને કોઇ અટકાવી શક્યું નહિ; પણ મહાવીર રજપૂતકેસરી સૂરજદેવને કોઇ મોટું શહેર કે મોટી દીવાલો નહોતી, તેનું ઘર તે તેની છાવણી અને ઘરનું છાપરું આસમાન કે જે સર્વ પૃથ્વીના છાપરારૂપ છે તે હતાં. તેનું સિંહાસન ઘોડાનું જીન હતું. તેનું બખ્તર તેનો ઝભ્ભો હતો. તેના દરબારમાં તેના હજાર વીર સૈનિકો હતા. તે મોટા રાજ્યનો સ્વામી નહોતો, છતાં ખરો રાજવીર હતો. તેનો રાજદંડ તેની તીક્ષ્ણ તલવાર હતી અને ઘણી ઘણી રાત્રિઓએ "સૂરજદેવ"ની વીરહાકો મુસલમાની સેનાની "અલ્લાહો અકબર"ની વીરહાકોને ભાલા અને બંદૂકોથી દાબી દેતી હતી અને ઘણા ઘણા દિવસો સુધી મગરૂબ મુસલમાન સેના પર સૂરજદેવ વિદ્યુત પડે તેમ ઝડપથી પડતો અને ત્રાહ્યત્રાહ્ય પોકરાવતો. તેની વીરપત્નીની નીલાદેવી તેને જે બખ્તર પહેરાવતી તે બખ્તરને વીંધવા કોઈ પણ સમશેર કે બંદૂક શક્તિવાન ન-

હોતાં સુલતાન મહમદનો સરદાર અબ્દુલ શરીફખાન, મહાન મુસલમાન સેનાનો નાયક તેનાથી તોબા પોકારી ગયો. મુસલમાનોની વીરશ્રી આ વિદ્યુત પેઠે ઓચિંતા આવી તૂટી પડતા વીરો સામે કામ કરી શકી નહિ. વિદ્યુત પેઠે ચમકી આવી, નાશ કરી, પુનઃ વિદ્યત પેઠે વહી જતા—અલોપ થતા રજપૂતોથી આભા બનતા મુસલમાન સૈનિકો મોં વકાસી રહેતા—તોબા તોબા પોકારતા—અબ્દુલ શરીફખાનના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા.

(૨)

લોખંડની કિલ્લેબંદી, જેને કોઇ પણ હથિયાર તોડવા સમર્થ ન નીવડી, તે અંતે દગાખોરની જિહ્વારૂપી તલવારથી—તૂટી. વીર સૂરજદેવ અંતે દગાનો ભોગ થયો. તેના ગુપ્ત સ્થળની ભાળ કોઇ દગાખોરે આપી. તે વીરકેસરી, જે જાગતો પકડાયો નહોતો તે આજ ઊંઘતો પકડાયો, ખાટલા સાથે બાંધેલો તેને શત્રુ સન્મુખ લઇ જવામાં આવ્યો.

ધન્ય સતી! આજ ચાર દિન સે અન્ન કા એક કૌર ભી તુમ્હારે મુખ મેં નહીં ગયા હૈ, પર તો ભી તુમ કિતને સાહસ સે અપને પતિ કો લિએ જા રહી હો. યહ તો ફિર ભી સાંસારિક પથ હૈ, તુમને તો પરલોક કે પથ પર ભી ઉનકા સાથ નહીં છોડા ઔર ઉન્હેં યમરાજ કે પાશ સે છુડા હી લિયા! ધન્ય હો તુમ ઔર ધન્ય હમારી યહ સુવર્ણમયી વસુન્ધરા, જીસકી ગોદ મેં તુમને જન્મ લિયા થા!

પાતિવ્રત કી કૈસી અજેય શક્તિ હૈ?

ઇધર જબ સૂર્યાસ્ત હો ગયા ઔર પુત્ર ઔર પુત્ર-વધૂ નહીં આએ, તબ તો મહારાજ દ્યુમત્સેન ઔર ઉનકી મહારાણી બડે હી

દુઃખિત ઔર ઉદ્વિગ્ન હો ઉઠે. ભગવાન યમરાજ કે મંગલમય આશીર્વાદ કે પુણ્યપ્રભાવ સે ઉનકી આંખો મેં ફિર જ્યોતિ ઉત્પન્ન હો ગઈ થી ઔર ઈસ વિલક્ષણ ચમત્કાર કો દેખકર સારે ઋષિ ઔર વે સ્વયં પરમ આશ્ચર્યાન્વિત ઔર આહ્લાદિત હુએ થે; પર વહ સારા આનંદ ઇસ સમય પુત્ર ઔર પુત્ર–વધૂ કી ચિન્તા મેં વિલીન હો ગયા થા. વે–વ્યાકુલ ભાવ સે ઇધર–ઉધર ઋષિયોં કી કુટી મેં, વન કે નિકુંજો મેં, તપોવન કે આશ્રમોં મેં સાવિત્રી ઔર સત્યવાન કો ખોજતે ફિરતે થે. બાર–બાર વ્યાકુલ હોકર વે ઉચ્ચ સ્વર મેં ઉન દોનોં કા નામ લે–લે કર પુકારતે થે, જૈસે–જૈસે હી રાત્રિ અધિક હોતી જાતી થી, વૈસે–વૈસે હી ઉનકા શોક ભી ઘનીભૂત અંધકાર કી ભાંતિ બઢતા જાતા થા. અંત મેં જબ બહુત દેર હો ગઈ, તબ ઉન દોનોં ને, ઉન વૃદ્ધ માતા–પિતા-ને મન મેં નિશ્ચય કર લિયા કિ, કિસી હિંસક જંતુને પુત્ર ઔર પુત્ર–વધૂ કો માર ડાલા. વે બડે હી વ્યાકુલ–ભાવ સે “હા પુત્ર! હા પુત્ર–વધૂ !” કહકર રોને લગે !

ઉનકા કરુણ વિલાપ સુનકર સારે ઋષિ એકત્રિત હુએ ઔર ઉન્હેં સાંત્વના દેને લગે. સુવર્ચા ઋષિ ને કહાઃ–“ રાજન્ ! તુમ શાંતિ ધારણ કરો. મૈં નિશ્ચયપૂર્વક કહ સકતા હૂં કિ, સત્યવાન જીવિત હૈ; ક્યોં કિ ઉસ કી ધર્મપત્ની જિતેન્દ્રિય, તપસ્વિની ઔર પતિવ્રતા હૈ.” ગૌતમ ઋષિ ને સાંત્વના દેતે હુએ કહાઃ–“ ઠીક હૈ. મહર્ષિ સુવર્ચા કા કથન અસત્ય નહીં હો સકતા. મૈં અપની સમસ્ત તપસ્યા ઔર સાધના કે બલ પર યહ કહ સકતા હૂં કિ, તુમ્હારા પુત્ર ઔર તુમ્હારી પુત્ર–વધૂ દોનોં જીવિત હૈ.” સબ ઋષિયોં ને મહર્ષિ ગૌતમ કે વાક્યોં કા સમર્થન કિયા. ઉસકે ઉપરાંત વૃદ્ધ મહર્ષિ દાલ્ભ્ય ને કહાઃ–“ રાજન્ ! તુમ્હારે દોનોં નેત્ર ખુલ ગએ હૈં; સાવિત્રી વિના આહાર કિએ હુએ ગઇ હૈં, તબ યહ નિશ્ચય હૈ કિ, સત્યવાન અવશ્ય જીવિત હૈ.” ઇસી પ્રકાર મહર્ષિવર ધૌમ્ય ને, ઋષિચૂડામણિ ભરદ્વાજ ને તથા અન્ય ઉપસ્થિત ઋષિયોં ને રાજા દ્યુમત્સેન ઔર ઉનકી રાજમહિષી કો સાન્ત્વના દી ઔર ઉન્હેં વિશ્વાસ દિલાયા કિ, સાવિત્રી ઔર સત્યવાન દોનોં જીવિત હૈં. ત્રિકાલદર્શી સત્યવાદી ઋષિયોં ઔર તપસ્વિયોં કે ઉન વાક્યોં કો સુનકર, રાજા દ્યુમત્સેન કો બડી સાંત્વના પ્રાપ્ત હુઇ, મૃત–આશા ફિર સજીવ હો ઉઠી. ઋષિયોં કા ભી સત્યવાન ઔર

સાવિત્રી પર અપાર પ્રેમ થા, ઇસી લિએ વે સભી ઉત્સુક ભાવ સે સત્યવાન ઔર સાવિત્રી કે લૌટને કી પ્રતીક્ષા કરને લગે. ઇસ બીચ મેં વે પુરાણોં કી ધર્મમયી કથાએં કહકર વહ રાજા ઔર મહિષી કે હૃદય કો શાંત કરને લગે.

એક પ્રહર રાત્રિ વ્યતીત હો ગઇ. એક બાર ફિર દ્યુમત્સેન કા મન અધીર ઔર અસ્થિર હો ઉઠા; પર ઋષિયોં ને બાર-બાર ઉન્હેં સમઝાયા ઔર સાંત્વના દી. ઔર થોડી હી દેર મેં સાવિત્રી દેવી કે કન્ધે પર હાથ રખે હુએ સત્યવાન ને વહાં પ્રવેશ કિયા. ઉન દોનોં કો સકુશલ લૌટા હુઆ દેખકર સબકે સબ પ્રસન્ન હુએ; રાજા ઔર રાની કે આનંદ કા તો પારાવાર હી નહીં રહા. ઉનકી આંખોં સે આનંદ કી અશ્રુધારા પ્રવાહિત હોને લગી.

માતા-પિતા તથા ઋષિયોં કે શ્રીચરણોં મેં સાવિત્રી ઔર સત્યવાન ને ભક્તિપૂર્વક પ્રણામ કિયા. ઉન્હોંને સાવિત્રી કો ચિર-સૌભાગ્યવતી હોને કા ઔર સત્યવાન કો ચિરાયુ હોને કા આશીર્વાદ દિયા. ઇસકે ઉપરાંત સાવિત્રી સાસ કે પાસ ઔર સત્યવાન પિતા કે પાસ બૈઠ ગએ.

ઉસ સમય સાવિત્રી કે મુખ-મંડલ પર દિવ્ય વિજય કી અલૌકિક આભા લીલા કર રહી થી.

સબ ઋષિગણ શાંત હોકર બૈઠે. તબ વૃદ્ધવર્ય ભરદ્વાજ ઋષિ ને કહાઃ-"સત્યવાન! આજ તુમ ઇતની દેર તક કહાં રહે? તુમને યહ નહીં સોચા કિ, તુમ્હારે માતા-પિતા ઔર હમ સબ તુમ્હારે લિએ કિતને ચિન્તિત ઔર વ્યાકુલ રહેંગે?"

સત્યવાન ને વિનમ્ર સ્વર મેં કહાઃ-"પૂજ્યવર! મૈં ફલ ઔર સમિધાં લેકર ચલને હી કો થા કિ, સહસા મેરા શરીર ટૂટને લગા, ઔર શિર મેં ભયંકર શૂલ હોને લગા. મૈં લેટ ગયા; લેટતે હી મુઝે નિંદ આ ગઇ ઔર મૈં ઐસા સોયા કિ જબ સૂર્યાસ્ત હો ગયા, તબ મૈં ઉઠા. ઐસા શ્રમ મુઝે કભી નહીં હુવા થા. ઇસી લિએ દેર હો ગઇ."

ધૌમ્ય ઋષિ ને પૂછાઃ-"સત્યવાન! તુમ્હારે પિતા કે દોનોં નેત્ર ફિર સે જ્યોતિપૂર્ણ હો ગએ હૈં. ક્યા તુમ ઇસકા કારણ જાનતે હો?"

સત્યવાન યહ સુનકર પરમ પ્રસન્ન હુઆ. ઉસને કહાઃ-"મૈં નહીં જાનતા કિ, કિસ દેવતા કે પ્રસાદ સે ઐસા હુવા હૈ."

તબ ગૌતમ ઋષિ ને કહા–" બેટી સાવિત્રી ! કયા તૂ ઇસકા કારણુ જાનતી હૈ ?"

સાવિત્રી ને કહાઃ–" હાં તાત ! મૈં ઇસકા સબ કારણુ જાનતી હૂં."

સબ ઋષિયોં ને ઉસ કો સુનને કી ઉત્કંઠા પ્રકટ કી; તબ સાવિત્રી ને વિનમ્ર ભાવ સે સબ હાલ કહા. કીસ પ્રકાર નારદજી કે મુખ સે અપને પતિ કી મૃત્યુ કી બાત સુનકર ઉસને ઉસકે સાથ વન મેં જાને કા આગ્રહ કિયા, કીસ પ્રકાર યમરાજ સે ઉસને વરદાન પ્રાપ્ત કિએ ઔર અપને પતિ કે પ્રાણોં કી રક્ષા કી, ઇત્યાદિ સમસ્ત કથા સાવિત્રી ને વિનમ્ર, શાંત, મધુર સ્વર મેં કહકર સુનાઇ. ઇસ વિલક્ષણુ કથા કો સુનકર સારા ઋષિમંડલ ચમત્કૃત હો ઊઠા. સબ ને એક સ્વર સે સાવિત્રી કે અખંડ તપ ઔર પાતિવ્રત કી મુક્ત–કંઠ સે પ્રશંસા કી. સબ ને ઉસે આશીર્વાદ દિયા. સબ ને સાવિત્રી કી જયજયકાર કી.

રાજા દ્યુમત્સેન ઔર ઉનકી રાની ને ઐસી તેજસ્વિની પુત્ર–વધૂ પાકર અપને આપ કો કૃતકૃત્ય માના. ઉન્હોંને બાર–બાર ઉસકે મસ્તક પર હાથ ફેરા; બાર–બાર ઉસકે શિર કો સૂંઘા ઔર બાર–બાર ઉસકી સ્નેહપૂર્વક પ્રશંસા કી. સાવિત્રી ને પતિ–કુલ ઔર પિતા–કુલ દોનોં કો પવિત્ર કિયા ઔર દોનોં કી રક્ષા કી.

× × × ×

એકાંત મેં મિલને પર સત્યવાન ને સ્નેહપૂર્વક સાવિત્રી કા હાથ અપને હાથ મેં લેકર કહા–" પ્યારી ! વહ સ્વપ્ન નહીં, સત્ય થા ?"

સાવિત્રી ને લજ્જાપૂર્વક કહાઃ–" ભગવતી ને બડી રક્ષા કી."

સત્યવાન ને ઉસે હૃદય સે લગાકર કહાઃ–" તુમ વાસ્તવ મેં મેરી પ્રાણેશ્વરી હો, ક્યોં કિ તુમને મેરે પ્રાણોં કી રક્ષા કી હૈ."

સાવિત્રી ને પતિ કે ગલે મેં હાથ ડાલ દિએ. ઉસને ઉન્હે આગે કુછ નહીં કહને દિયા.

× × × ×

વહ રાત્રિ વ્યતીત હુઇ. પ્રાચી દિશા મેં મંગલમય સૂર્યદેવ પધારે ઔર સારા વિશ્વ ફિર જાગ્રત હોકર હઁસને લગા, તપોવન આજ આનંદ કી રંગભૂમિ–સા હો રહા થા. સબ કે સબ આનંદ

કી ધારા મેં અવગાહન કર રહે થે. જીધર દેખો ઉધર સાવિત્રી કી પુણ્ય–કથા હો રહી થી; ઔર સભી સાવિત્રી કે અખંડ પાતિવ્રત કી પ્રશંસા કર રહે થે.

ઉસી સમય શાલ્વ દેશ કે પ્રજાજન આએ ઔર ઉન્હોંને મહારાજ દ્યુમત્સેન કો શુભ સમાચાર દિયા કિ, ઉનકે મંત્રી ને ઉનકે બૈરી કો પરાસ્ત કર કે ઉસ કો યુદ્ધ મેં નિહત કિયા હૈ. પ્રજા કે પ્રતિનિધિ ને કહાં:–"તબ મહારાજ ! આપ પધારિયે. સેના ઔર સામંતગણ તપોવન કે બાહર આપ કે પધારને કી પ્રતીક્ષા કર રહે હૈં. શાલ્વ દેશ કે રાજસિંહાસન કો ચલ કર અલંકૃત કીજીએ. હમ સબ આપ કી સેવા મેં ઇસી લિએ ઉપસ્થિત હુએ હૈં."

રાજા કો નેત્રવાન દેખકર પ્રજાજન બડે ચકિત ઔર પ્રસન્ન હુએ. સારા તપોવન 'મહારાજ દ્યુમત્સેન કી જય' સે મુખરિત હો ઉઠા; ઔર ઉસી સમય ઋષિ–મંડલ કી ઓર સે 'સાવિત્રી દેવી કી જય' કી ધ્વનિ ઉત્થિત હુઇ.

તદનંતર રાજા દ્યુમત્સેન આશ્રમવાસી ઋષિયોં કો પ્રણામ કર કે અપની મહિષી, પુત્ર ઔર પુત્ર–વધૂ સહિત અપની રાજધાની કો પધારે. સાવિત્રી કી તપોમયી પાતિવ્રત–સાધના કી શક્તિ કા વિલક્ષણ ચમત્કાર દેખકર પ્રજાજન ને ભી સાવિત્રી કી જય–જયકાર કી. વહ પ્રભાત મંગલપ્રભાત મેં પરિણત હો ગયા.

× × × ×

કાલાન્તર મેં મહારાજ અશ્વપતિ કે ભી સૌ પુત્ર ઉત્પન્ન હુએ. દેવી સાવિત્રી કે ભી સૌ ઔરસ પુત્ર ઉત્પન્ન હુએ ઔર ચાર સો વર્ષ તક ઉન્હોંને અપને પતિ કે સાથ આનંદપૂર્વક દામ્પત્ય–સુખ ભોગા. સારા વિશ્વ સાવિત્રી કી જનની–રૂપ મેં પૂજા કરને લગા.

ઔર આજ ભી હિન્દૂ–લલના દેવી સાવિત્રી કા પૂજન કરતી હૈં ઔર ઉન સે અપને સૌભાગ્ય કી રક્ષા કી પ્રાર્થના કરતી હૈં. દેવી સાવિત્રી ભારતીય સતી–મંડલ કી જ્યોતિર્મયી મણિ હૈ; ઉનકી અમર કીર્તિ સે આજ ભી હમ ગૌરવાન્વિત હૈં ઔર હમારા ધાર્મિક ઇતિહાસ ઉનકે પુણ્ય–ચરિત્ર કી પવિત્ર અક્ષય આભા સે પ્રોજ્જ્વલ હૈ.

ધન્ય હૈ દેવી સાવિત્રી ! ઔર ધન્ય હૈ હમારી માતૃભૂમિ ! જીસકી ગોદ મેં દેવી સાવિત્રી ને જન્મ લેકર વિશ્વ કે માતૃ–મંડલ કે સન્મુખ ધર્મ કે વિશુદ્ધ સ્વરૂપ કો પ્રકટ કિયા થા. આજ

ઇસ દુર્દિન મેં ભી ભારત કો ઇસ બાત કા ગૌરવ હૈ કિ, સાવિત્રી દેવી જૈસી પતિવ્રતાઓં કી સમતા કરને વાલી મહિલા વિશ્વ કે કિસી ભાગ મેં ઉત્પન્ન નહીં હુઇ. વિશ્વ કે કીસી કવિ કી કલ્પના તક ઇતની ઊંચી નહીં ઉઠ સકી. સાવિત્રી સમસ્ત સંસાર કી હૈ, પર ઉનકી જનની હૈ ભારત માતા! યહ ક્યા કમ ગૌરવ કી બાત હૈ?

સ્વર્ગ ઔર સૌભાગ્ય જીસકી ચરણ–રજ કો શિર પર ધારણ કર કે પવિત્ર હોતે હૈં; સ્વયં યમરાજ જીસકી અતુલ–શક્તિ કે સામને નતશિર હોતે હૈં; ઉન પતિવ્રતાઓં કી ચૂડામણિ દેવી સાવિત્રી ભારતીય લલનાઓં કી ઇસ દુર્દિન મેં પથ–પ્રદર્શિકા હો, યહી હમારી ભગવતી રાજરાજેશ્વરી કલ્યાણ–સુંદરી કે શ્રીચરણોં મેં પ્રાર્થના હૈ.

('ચાંદ'ના એક અંકમાંથી)

૬૧–મહાભક્ત મીરાંબાઈ

(લેખકઃ–શ્રી. રત્નેશ્વર ભવાનીશંકર વકીલ)

(૧)

મેડતા એ ઐતિહાસિક ગ્રામ છે અને રાજસ્થાનમાં આવેલું છે. મેડતાનો રાઠોડસરદાર વિષ્ણુભક્ત છે. એના મહાલયમાં ગોવિંદજીની મૂર્તિનું પ્રતિષ્ઠાપન છે.

વસંતઋતુ ચાલતી હતી, પ્રભાતનો સમય હતો. ગોવિંદજીના આંગણામાં એક કુમારિકા પોતાની સાહેલીઓ સાથે નીચેનું ભજન ગાતી હતીઃ–

બસો મેરે નયનમેં નંદલાલ
મોહિની મૂરતી સાંવરી સૂરતી નૈના બને વિશાલ;
અધર સુધારસ મુરલી રાજીત ઉર વૈજન્તી માલ.
ક્ષુદ્ર ઘંટિકા કટિતટિ સોભિત નૂપુર શબ્દ રસાલ;
'મીરાં' પ્રભુ સંતન સુખદાઈ ભક્ત વછલ ગોપાલ.

જેણે જેણે આ ભજન સાંભળ્યું, તે તે મોહિત થઈ ગયાં; તેમનાં ભાવવિવશ નેત્રોમાંથી અશ્રુ સરવા લાગ્યાં.

કુમારિકા એક અનુપમ સુંદરી હતી. આખા રાજસ્થાનમાં એના જેવી સ્વરૂપવતી રમણી કોઈએ જોઈ નહિ હોય. એના

સુંદર મુખ ઉપર ભક્તિની જ્યોતિ ઝગારા મારી રહી હતી. એ સુંદરીના સુંદર કંઠની તુલના કોઇની સાથે થઇ શકે એમ નથી; એના કંઠસ્વરમાં પ્રાણોની વ્યાકુળતા મૂર્તિમંત બની રહી હતી. સ્થાન, કામ, ગાનારીનું રૂપ અને એનો વેદનાભર્યો સ્વર, એ સર્વેએ એકત્ર મળીને અપૂર્વ ભાવનો સંચાર જગાવી દીધો હતો. સાંભળનારાઓ એ સ્વરમાં લીન થઇ ગયા હતા, ભાવના આવેશમાં સ્તબ્ધ થઈ ગયા હતા, તન્મય બની ગયા હતા.

કુમારિકા–મેડતાના રાઠોડસરદારની પુત્રી મીરાં રોજ ગોવિંદજીને પોતાનાં ભજન સંભળાવ્યા કરતી હતી. આજે પણ એણે એજ વ્યવસાય માંડ્યો હતો. ભજન પૂરું થયું, મંત્રમુગ્ધ જેવા બનેલા સાંભળનારાઓમાં ચેતના આવી, મંદિરમાંથી સર્વ ચાલ્યા ગયા; પરંતુ એક યુવક ત્યાંથી જરાયે ખસ્યો નહિ; હતો ત્યાં ને ત્યાંજ ઊભો રહ્યો. ગાનારીને નીરખતાં એનાં તૃષાતુર નયનો જરાયે ધરાતાં નહોતાં.

મીરાં, ગોવિંદજીની મૂર્તિ સામું જોઇને તેનું એકાગ્રચિત્તે ધ્યાન ધરી રહી હતી, પોતાના હૃદયની વાતો ગોવિંદજીને નિવેદન કરી રહી હતી. ભજનમાં એ એવી એકતાર થઇ રહી હતી કે, એની આસપાસ શું બને છે, એનું ભજન કોણ સાંભળે છે, કોણ ક્યાં ઊભું છે, તેનું એને કશું ભાન હતું નહિ. મીરાં અત્યારે માનવસૃષ્ટિમાં નહોતી, ગોવિંદજીની સાથે કોઇ અગમ્ય પ્રદેશમાં વિચરી રહી હતી. મંદિરમાં અત્યારે મીરાંને મન ગોવિંદ અને મીરાંજ હતાં, બીજું કોઈ નહોતું.

ભજન પૂરું થયું અને મીરાંનું ધ્યાન છૂટયું. એ મૃત્યુલોકમાં પાછી આવી. લજ્જા, ભય, ક્રોધ, વૈરાગ વગેરે એના ભુલાઇ ગયેલા દેહધર્મો પાછા એના દેહમાં પ્રવેશ કરવા લાગ્યા. ભજન કરતી મીરાં દેવી હતી. ભજન પૂરું થયે એ પાછી માનવકોટિમાં આવી. હતી તેવી ને તેવી એ મેડતાની રાજકન્યકા થઇ રહી.

મીરાંએ આમ મોં ફેરવ્યું. એક યુવક અનિમેષ નેત્રે એના મુખસૌંદર્યનું પાન કરી રહ્યો હતો. યુવક કામદેવના અવતાર સમો હતો. એનું ગૌર સ્વરૂપ, તેજસ્વી લલાટ અને એનાં પ્રતાપી નયનો ઓર પ્રતાપ પાડી રહ્યાં હતાં. યુવકને જોઇને મીરાં મનમાં ને મનમાં વિધાતાની કારીગીરીની પ્રશંસા કરવા લાગી. લજ્જાનાં માર્યાં એનાં નેત્રો નીચે ઢળ્યાં. એણે તરતજ યુવક તરફથી પોતાની

દૃષ્ટિ પાછી વાળી લીધી. યુવક સામું બીજીવાર એ ન જોઇ શકી.

ગોવિંદજીના મંદિરમાં અતિથિ આવે તેનો સત્કારભાર મીરાંને માથે હતો. અતિથિ અને સાધુસંતને રહેવા આવવા વગેરેનો પ્રબંધ એ પોતાની જાતિદેખરેખ નીચે કરાવતી અને પોતે જાતે તેમનું સ્વાગત કરતી હતી; પરંતુ આ યુવકનો સત્કાર કરતાં, અરે એના સામું જોતાં પણ એનું મન લજ્જાથી વિવશ બની ગયું.

મીરાંએ પોતાની એક સખીને કહ્યું કે, "અલી, જા, પેલા યુવકને કહે કે, અમારું આતિથ્ય સ્વીકારશો તો અમે કૃતાર્થ થઈશું. એ યુવક કોઇ સાધારણ વ્યક્તિ નથી, રાજપુત્ર જેવા જણાય છે. છૂપા વેશે અહીં આવેલા છે."

સખીએ કહ્યું–"ભલે. એ રાજપુત્ર હોય કે ભિખારી હોય, આપણી દૃષ્ટિમાં તો સર્વ સમાન છે, સર્વ નારાયણરૂપ છે. આજે તમારામાં આવી ભેદબુદ્ધિ શાથી થઇ? એ યુવક કોણ છે?"

મીરાં—તે તો હું નથી જાણતી.

સખી—તો પછી તમે એમનાથી શરમાઓ છો કેમ?

મીરાં—તે નથી કહી શકતી; એમના સામું જોતાં મને કોણ જાણે કેમ શરમ આવે છે!

મીરાંની સખી પેલા યુવક પાસે જઇને બોલીઃ "શ્રીમાન્! અમારી રાજકુમારી આપનું સ્વાગત કરે છે. એમનું આતિથ્ય સ્વીકારવાની કૃપા કરશો તો એ પોતાને ધન્ય માનશે."

યુવકે કહ્યું: "ભદ્રે! રાજકુમારી, મારો સત્કાર કરવો હોય તો એ પોતે મને એમના શ્રીમુખથી કેમ કશું કહેતાં નથી? મારે તો એ વચન એમના મુખથી શ્રવણ કરવાં છે."

હવે બોલ્યા સિવાય મીરાંને છૂટકો નહોતો. લજ્જાથી રતૂમડા થઈ ગયેલા મુખે મીરાંએ યુવકને પોતાનું આતિથ્ય સ્વીકારવાની પ્રાર્થના કરી.

યુવકને તો એજ જોઈતું હતું. મીરાંના કંઠનું ભજન સાંભળવાને છદ્મવેષે એ ઘણા દૂર દેશથી આવ્યો હતો. એક વારના ભજનથી એને તૃપ્તિ નહોતી થઇ. એને તો મીરાંનું ભજન વારંવાર સાંભળવાની રસવૃત્તિ થઇ આવી હતી. ભજન સાંભળતાં સાંભળતાં મીરાંના રૂપે એને મોહિત કરી દીધો હતો. યુવકે મીરાંની પ્રાર્થના સ્વીકારી.

સાંજે ગોવિંદજીની આરતી થઇ. આરતી ઊતરી રહ્યા પછી

મીરાં ગોવિંદજીની સામે બેસીને પાછી ગાવા લાગીઃ—

તાતલ સૈકત વારિ બિંદુ સમ, સુત મિત રમણી સમાની;
તોહિ બિસરિ મનવાહિ સમર્પલું, અબ મોર હોય કૌન કાની.
આધ જનમ હમ સોય ગવાયલું, શિશુ જરા કેતિ દિન ગેલા;
જૌબન મોહ ફંસી રસરંગી માતૂલું, તોહિ ભજઉં કૌન વેલા.

આ ભજન સાંભળીને વૃદ્ધો તો રડવાજ લાગ્યા. યુવક સ્તબ્ધ બની ગયો.

મૂર્ખ માનવીને આ દુર્લભ જીવન મળ્યું છે, છતાં પોતાનું અર્ધું જીવન તો એ ઊંઘમાં ગુમાવી દે છે. બાકીનું અડધું રહ્યું તેમાંથી બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થાનો કાળ નકામો જાય છે. બચવા પામે છે યૌવનકાળ. એ કાળમાં ભગવાનનું ભજન ધાર્યું હોય તો ઘણી સારી રીતે થઈ શકે છે; પરંતુ યૌવનકાળમાં મનુષ્ય ક્ષુદ્ર આનંદ અને વિષયભોગમાં ડૂબ્યો રહે છે. હાય મનુષ્ય! તારું કેવું દુર્ભાગ્ય છે! એ યૌવનકાળ તું પ્રભુને નથી સમર્પણ કરી શકતો!

મીરાંની આંખમાંથી પણ ખર ખર ખર કરતાં આંસુ ખરવા લાગ્યાં.

યુવક મનમાં ને મનમાં વિચાર કરી રહ્યો હતો, આનું ભજન સાંભળતાં હું ધરાતોજ નથી; આના વિના મારું જીવન નિષ્ફળ છે.

ભજન પૂરું થયું, સર્વ ચાલ્યા ગયા. રાજકુમારી પણ જતી હતી, ત્યાં તો પેલો યુવક એની સામેજ આવીને ઊભો રહ્યો અને બોલ્યો કે, “રાજકુમારી! તમારી પ્રાર્થનાનો મેં સ્વીકાર કર્યો તો મારી પ્રાર્થનાનો તમે સ્વીકાર નહિ કરો?” એમ કહીને યુવકે પોતાની આંગળીમાંની વીંટી કાઢીને રાજકુમારીના હાથમા મૂકી કહ્યું કે, “આપ આ વીંટી સ્વીકારો. એ મારી ક્ષુદ્ર ભેટ છે અને હું એક દિવસ તમારો અતિથિ હતો, તેનું સ્મરણ તમને નિત્ય રહે તેવા હેતુથી હું તમને આ સ્મરણચિહ્‌ન તરીકે આપું છું. આપ એનો અંગીકાર કરશો તો હું મને પોતાને અહોભાગ્ય માનીશ. આજ રાત્રે હું અહીંથી પ્રયાણ કરવાનો છું. આપની મુલાકાત થવાનો હવે સંભવ નથી. મારી આ ધૃષ્ટતા માટે હું આપની ક્ષમા માગું છું.”

એક પળવાર મીરાં યુવક સામું જોઇ રહી, બોલવાની તો ઘણી ઇચ્છા હતી પણ એના હોઠ ન ઊઘડ્યા, યુવક ચાલ્યો ગયો,

મેડતાના રાઠોડસરદારની કન્યા મીરાંને આખું રાજસ્થાન ઓળખતું હતું. એના રૂપની પ્રશંસા રજપૂતાનામાં ઘેરેઘેર થતી હતી. મેવાડની રાજધાની ચિતોડમાં તો મીરાંનું રૂપ એક ચર્ચાસ્પદ વિષય થઇ પડ્યો હતો. સવાર–સાંજ, દિવસે અને રાત્રે ચિતોડની ગલીએ ગલીએ લોકો ગાતા હતા કેઃ–

મીરાં કહે બિન પ્રેમ કે, નાહિં મિલત નંદલાલા

એ સમયમાં ચિતોડના ભાગ્યવિધાતા મહારાણા કુંભ હતા. કુંભ કુંવારા હતા. વીરરસ ઝળકાવવામાં અને કવિતા કરવામાં એ પોતાનો સમય વ્યતીત કરતા હતા. એમના મનના અભિલાષ એવા હતા કે, જેના હૃદયમાં પ્રીતિનાં ઝરણાં ઝરતાં હોય, જે પુષ્પ સમી પવિત્ર હોય, સ્ફટિકશી નિર્મળ હોય તેવી સુંદરાંગીનેજ હું મારી રાજરાણી બનાવીશ. એક દિવસ એમણે કોઇને ગાતાં સાંભળ્યું કેઃ–

મીરાં કહે બિન પ્રેમ કે, નાહિં મિલત નંદલાલા

વળી એમને વિશેષ બાતમી મળી કે, આ પ્રેમનો મહિમા ગાનારી એક અકલંકિત મહાસ્વરૂપવતી કુમારિકા છે. એનો જોટો આખા રજપૂતાનામાં નથી. મીરાંને જોવા કુંભ ઉત્સુક થઈ ગયો.

મીરાંને શી રીતે મળવું ? ક્યાં મેડતાનો નાનો રાઠોડ સરદાર અને ક્યાં મેવાડનો ધણી ! મેવાડનો મહારાણો મેડતાના એક નાના સરદારને ત્યાં જાય, તે પણ એક કુમારિકાને જોવા–માત્ર એનું ભજન સાંભળવા; એ તો મેવાડની પ્રતિષ્ઠા નમાવવા જેવું પગલું ! લોકો શું કહેશે ? આવા આવા વિચારે કુંભને પોતાની બલવતી ઇચ્છાને રોકી રાખવી પડી હતી, પણ એનું મન ક્યાં માને એવું હતું ? ઠેર ઠેર "મીરાં કહે" "મીરાં કહે" નો ધ્વનિ એના ચિત્તને ઉદ્વિગ્ન કરી મૂકતો હતો. મીરાંની વાતો તો એના પ્રાણની ભીતરમાં પેસી ચૂકી હતી. એ મીરાંને જોયા વિના હવે કેમ રહી શકાય ? પ્રતિષ્ઠા અને લોકવાયકાના ભયના પડદાને મહારાણાએ ચીરી નાખ્યો. છૂપે વેશે એ મેડતા ગયો, મીરાંનું ભજન સાંભળ્યું. મીરાંને પોતાની વીંટી અર્પી, વીંટીની સાથે મીરાંને પોતાનું હૃદય પણ સમર્પી દીધું. હૃદયવિહોણો દેહ લઇનેજ એ ચિતોડ પાછો ફર્યો.

પ્રભાતમાં પક્ષી ગાતાં હોય ત્યારે મહારાણાને મન મીરાં ભજન કરી રહી હોય ! સરોવરમાં પદ્મો ખીલી ઊઠતાં હોય ત્યારે મહારાણાને મન મીરાં હસી રહી હોય ! પવનથી વૃક્ષની લતાઓ

હાલતી હોય ત્યારે મહારાણા માને કે મીરાં મને હાથના ઈશારે બોલાવી રહી છે!

મહારાણા હવે સિંહાસન ઉપર નથી બેસતા, દરબારમાં પણ નથી જતા. જ્યાં જ્યાં "મીરાં કહે" નો ધ્વનિ સંભળાય, ત્યાં ત્યાં એમના કાન ઠરવા લાગ્યા; મનની વાત હવે ગુપ્ત ન રહી શકી. મંત્રી અને રાજમાતા મહારાણાનું મન પરખી ગયાં.

રાજમાતાએ મીરાંને ચિતોડના રાણાની અધિષ્ઠાત્રી બનાવવાને માગાં મોકલ્યાં.

મેડતાનો રાઠોડ સરદાર પોતાની જાતને ધન્ય ધન્ય માનવા લાગ્યો. ગોવિંદજીના મંદિરમાં મોટો ઉત્સવ કરાવ્યો. લગ્નનું મુહૂર્ત નક્કી કરીને ચિતોડ કહાવી મોકલ્યું.

(૨)

પરંતુ જેનું લગ્ન થવાનું હતું તેને આનંદ નહોતો, આ સમાચારથી તેને પ્રફુલ્લતા નહોતી.

મીરાં પેલી વીંટીનો ભેદ સમજી ગઈ. એ યુવક કોણ હતો, તે એ ઓળખી ગઈ. એની સખીઓ પણ જાણી ગઈ. મીરાં તો એ વીંટી પાછી મોકલવાનો પ્રયત્ન કરતી હતી.

સંધ્યાકાળે મીરાં ગોવિંદજીના મંદિરમાં બેઠી. એનાં લગ્ન થવાનાં હતાં, એટલે સાહેલીઓ હસી હસીને એની ઠેકડી કરતી હતી. એકે કહ્યું: "હું તો તે વખતેજ જાણી ગઈ હતી."

મીરાં–શું?

સખી–તે દિવસે પેલા યુવકને જોઈને તમે કેવાં શરમાઈ ગયાં હતાં?

મીરાં–કોણ જાણે કેમ, મને તે વખતે શરમ આવી ગઈ; પરંતુ હું સત્ય કહું છું: સખિ! ચિતોડની મહારાણી થવામાં નથી મને આનંદ કે નથી મોહ. મને તો પરણવુંજ ગમતું નથી, તો પછી મહારાણીપદની તો વાતજ શી?

સખી–કેમ, ક્ષત્રિયકન્યા આથી કયા વિશેષ સૌભાગ્યની કામના કરી શકે?

મીરાં–હું એ સૌભાગ્યને નથી ઇચ્છતી.

સખી–કેમ?

મીરાં–મહારાણા મને પરણીને સુખી નહિ થઈ શકે. હું મારું મન તો ગોવિંદજીને અર્પણ કરી ચૂકી છું. મહારાણા એકલા

મારા શરીરને લઈને શું કરશે?

સખી–તમે એવું શું બોલો છો? મહારાણા તો તમારા ઉપર ઘણોજ અનુરાગ ધરાવે છે. દિવસ અને રાત એમના મુખમાંથી તો "મીરાં કહે" એજ શબ્દો નીકળ્યા કરે છે.

મીરાં–એમને મારા ઉપર અનુરાગ નથી, પણ મોહ છે. મારા રૂપનો, મારા કંઠનો એમને મોહ લાગ્યો છે. હા, એટલું ખરું કે, આ મોહને અંતે અનુરાગ પ્રગટે; પણ–

સખી–પણ શું?

મીરાં–મોહ હોય કે અનુરાગ હોય; પરંતુ મહારાણા સુખી નહિ થઈ શકે. મહારાણાને કાને આ વાત જવી જોઈએ કે, "મારું મન મારું રહ્યું નથી. એ મન હું ગોવિંદજીને અર્પણ કરી ચૂકી છું." એક વાર મને જો એ ફરી મળ્યા હોત તો સારું થાત, હું જાતે એમને આ વાત કહેત.

(૩)

એ સુયોગ પ્રાપ્ત થયો. લગ્નનું મુહૂર્ત દૂર હતું. કુંભને મીરાંનાં દર્શનની તાલાવેલી લાગી રહી હતી. એ છૂપે વેશે મેડતા આવ્યા. મીરાં એમને ઓળખી ગઈ. એણે દાસીને મોકલીને કહાવ્યું કે, મીરાં તમને એકાંતમાં મળવા ઇચ્છે છે.

ગોવિંદજીની આરતી ઊતરી રહી, ભજન પૂરું થયું, બધાં વેરાઈ ગયાં. એક વૃક્ષ નીચે એકાંતમાં મીરાં રાણાને મળી. એની જોડે એની વિશ્વાસુ સખી હતી.

આજે મીરાં ન શરમાઈ. એના પ્રાણની તંત્રી કોઈ ઉચ્ચ ગ્રામથી બંધાઈ ગઈ હતી. એણે કહ્યું કે, "મહારાણા! આ દાસીનો અપરાધ ક્ષમા કરશો. કોઈ પણ ક્ષત્રિયકન્યાને ચિતોડની મહારાણી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તો તેને મન ઇન્દ્રાણીનું પદ પણ તુચ્છ છે; પરંતુ મને સ્વીકારીને આપ સુખી નહિ થઈ શકો."

રાણો–મીરાં! આવી નિષ્ઠુર વાણી કેમ ઉચ્ચારે છે? તારા સહવાસમાં તો હું ચિતોડને સ્વર્ગ બનાવી દેવાની કલ્પનાઓ ઘડી રહ્યો છું, તું ચિતોડની રાજરાણી થતાં ચિતોડને અમરાપુરી બનાવવાનાં હું સ્વપ્નાં જોઈ રહ્યો છું.

મીરાં–આ દેખાતું મન મારું નથી રહ્યું, એ ગોવિંદજીને અર્પણ થઈ ચૂકેલું છે. હવે એને પાછું લાવવાનો કોઈ ઉપાય નથી. મનવિહોણા એકલા દેહથી પતિસેવા નથી થઈ શકતી. હું

અપરાધિની થઈશ.

રાણો–મીરાં! મીરાં! તું આ શું કહે છે? જે દિવસે તું ચિતોડના સિંહાસનને અલંકૃત કરીશ, તે દિવસ જગતના ઇતિહાસપટે સુવર્ણાક્ષરે લખાશે. તારા જેવું રૂપ આખા રજપૂતાનામાં નથી, તારા જેવા ગુણ આખા ભારતમાં નથી. તને રૂપ અને ગુણની મહારાણી બનાવીને વિધાતાએ ધરાતલમાં મોકલી છે.

મીરાં–મહારાણા! આ તુચ્છ દેહનાં વખાણ શાં? હું હતભાગિનીને વળી રાણીનાં પદ શાં? ગોવિંદજીની સેવા સિવાય કોઇ સ્થળે મારા પ્રાણ ઠરતા નથી.

રાણો–મીરાં! મને તારા દર્શનમાં સુખ છે, તારાં ભજન સાંભળવામાં સુખ છે. એથી વિશેષ મારે તારી પાસે કાંઇ જોઇતું નથી.

મહારાણા ચિતોડ ગયા, મીરાંની અદૃષ્ટ લિપિ વંચાવા માંડી.

(૪)

મીરાં ચિતોડની રાજ–મહિષી બની. ચિતોડમાં જુદી પરિસ્થિતિ હતી. રાજકુટુંબ એકલિંગજીનું અને ભવાનીનું ઉપાસક હતું. મીરાં વૈષ્ણવ હતી, મીરાંનો પંથ રાજકુટુંબમાં રુચિકર ન થયો.

મીરાંના મનની પ્રફુલ્લતા ધીરે ધીરે ઓછી થવા લાગી; એના મુખકમળની શોભા ક્ષીણ થવા લાગી. સુખની આશાએ કુંભા રાણાએ આ લતાનું પોતાની વાટિકામાં રોપણ કર્યું, પરંતુ એ લતા કરમાવા લાગી. રાણાનું ઐશ્વર્ય, આડંબર, ભોગવિલાસ અને મીરાંનું મનરંજન કરવાના એના સર્વ પ્રયાસો નિરર્થક નીવડવા લાગ્યા. મીરાંને કોઇ વાતે આનંદ મળતો નહોતો. રાણાને ક્ષોભ થવા લાગ્યો. કોઇ કોઇ વાર એ વિચાર કરતો હતો કે, આ વનની પંખિણીને મેં પાંજરામાં પૂરી તે ઠીક ન કર્યું. મીરાં કર્તવ્યવશ બનીને પતિની સેવા કરતી હતી, પરંતુ એ આકાંક્ષારહિત હતી. એના મુખમાંથી શૃંગાર–રસભર્યાં મધુર વાક્યો નહોતાં નીકળતાં, એનામાં ઉલ્લાસ નહોતો, એના મુખ ઉપર હાસ્ય નહોતું, એ રાણાની આજ્ઞાને માન આપીને ગાતી હતી; પરંતુ હવે એના ગાનમાં પૂર્વનો રસ નહોતો. હાય! જે સુખ માટે કુંભો રાણો મીરાંને લાવ્યો તે સુખ ક્યાં છે?

રાણાને આ સ્થિતિ અસહ્ય થઇ પડી. "મીરાં! આ રાજ્ય, આ વૈભવ તને કશુંયે સુખ આપી શકતાં નથી? કહે, તને શી

વાતનું દુઃખ છે ? તારું ચિત્ત શાથી પ્રસન્ન થાય ? મને કહે. તે વસ્તુ ગમે તેવી દુર્લભ હશે, તોયે હું તને લાવી આપીશ.”

મીરાં–સ્વામિન્ ! રાજ્ય અને વૈભવની મને આકાંક્ષા નથી, એમાં મને કાંઈ સુખ જણાતું નથી. એ રાજ્ય અને એ વૈભવ મને ન મળ્યાં હોત તો તેનું મને દુઃખ નહોતું. મારા પિતાને ઘેર ગોવિંદજીના મંદિરમાં બેસીને ભજન કરવામાં મને અત્યંત આનંદ હતો; આજે પણ હૃદય એજ આનંદ ઝંખે છે. ઇચ્છા તો એવી થાય છે કે, તેવુંજ ભજન અહીં કરીને હું મારું જીવન વ્યતીત કરું.

રાણો–મીરાં ! ભજન ગાવાનું તો હું નિત્ય કહું છું અને તું ગાય છે પણ ખરી, છતાં તને આનંદ નથી મળતો ?

મીરાં–મહારાજ ! એ ભજન પતિના મનોરંજન માટે થાય છે, એ રાજાના–પતિના આદેશનું પાલનમાત્ર છે; એમાં પ્રાણ ક્યાં રેડાયલો છે ? સ્વામિન્ !

રાણો ગંભીર બની ગયો. કેટલીક વારે બોલ્યો કે, “ મીરાં ! હું તને દુઃખી જોવા નથી ઇચ્છતો. મારી રાજધાનીમાં ગોવિંદજીનું મંદિર બંધાવીશ. એમાં ગોવિંદજીની મૂર્તિ પધરાવીશ. પછી મેડતામાં તું જેવું ભજનકીર્તન કર્યા કરતી હતી, તેવું ભજનકીર્તન અહીં કર્યા કરજે; એ સાંભળીને હું સુખી થઇશ.”

(૫)

ચિતોડના રાજમહેલની અંદર ગોવિંદજીની સ્થાપના થઇ ગઇ. મીરાંનું પૂર્વસમયનું ભજન હવે ચાલુ થયું.

શિવભક્ત રાજાના રાજમહેલમાં ગોવિંદજીની સ્થાપના થવાથી સર્વ કહેવા લાગ્યા કે, ‘હવે ચિતોડનું અશુભ થવાનું છે. રાણો મહાસંકટમાં પડી ગયો.’ એક તરફ મીરાં પ્રતિનો પ્રેમ અને બીજી તરફ રાજકુળનો ધર્મ ! આ બેમાંથી રાણો કોની રક્ષા કરે ? આ ધર્મસંકટના નિવારણાર્થે રાણાએ એકલિંગજીના મંદિરમાં આસન લગાવી શિવજીની આરાધના કરવી શરૂ કરી દીધી.

મધ્યરાત્રિએ રાણા કુંભને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એણે શું જોયું ? એકલિંગજીનું એ અનાદિ લિંગ રૂપાંતર પામી ગયું ! એને બદલે એક શુભ્રવર્ણ પુરુષ જણાયો; એના લલાટમાં ઉજ્જ્વળ ચંદ્ર લખલખી રહ્યો હતો, શિર ઉપર જટા હતી, એનો કંઠ નીલ હતો, જોતજોતામાં એ પુરુષનું અર્ધું અંગ શ્યામ થઇ ગયું. એ પુરુષના મસ્તકના અર્ધા ભાગ ઉપર મયૂરપિચ્છનો કલાપ હતો

અને છાતીના અર્ધભાગ ઉપર શ્રીવત્સ–કૌસ્તુભ દૃષ્ટિગોચર થતાં હતાં. એ પુરુષે હસતાં હસતાં કુંભા રાણાને કહ્યું કે, "રાણા ! અમે–હરિ અને હર એકજ છીએ. બન્ને જુદા છીએ, એ તારો ભ્રમ છે."

રાણાનું સ્વપ્ન પૂરું થયું, એ જાગી ઊઠ્યો. ભક્તિપૂર્વક એકલિંગજીને પ્રણામ કરીને એ પોતાના મહેલમાં પાછો ગયો. એ વખતે મીરાં ગોવિંદજીના મંદિરમાં ભજન કરી રહી હતી. રાણો કુંભ ત્યાં ગયો. મીરાંની સાથે એકજ આસન ઉપર બેસીને એ પણ ભજન કરવા લાગ્યો. ભજન પૂરું થયા પછી મીરાંએ કહ્યું કે, "સ્વામિન્ ! આજે મીરાંનું ભજન સાર્થક થયું; આપ તો એકલિંગજીના ભક્ત છો અને આજે ગોવિંદજીની સામે બેસીને કેમ ભજન કર્યું ? બધાં શું કહેશે ?"

રાણો–મીરાં ! જેને જે કહેવું હોય તે કહે. ભગવાન એકલિંગજીએજ મને ઉપદેશ આપ્યો છે; હરિ અને હર એકજ છે. મીરાં ! આજે હું તને આનંદમાં ડોલતી જોઉં છું. બોલ, તારી શી વાંછના છે ? હું તે પૂર્ણ કરીશ.

મીરાં–આપના મુખમાંથી ગોવિંદજીનું નામ સાંભળીને હું કૃતાર્થ થઈ, મારું અભીષ્ટ મને મળી ગયું. ગોવિંદજીની સામે બેસીને ભજન કરવાની આપે મને રજા આપી, એટલે મને સર્વ મળી ગયું. હવે શું માગવાનું રહ્યું ? હવે જો વૈષ્ણવોને પણ વિના હરકતે અહીં આવવા દેવામાં આવે તો વળી અધિક આનંદ થાય........! !

રાણો—તારી વિનતિ મારે માન્ય છે. કાલથી વૈષ્ણવો વિના-હરકતે અહીં આવી શકશે.

(૬)

ગોવિંદજીના મંદિરમાં હવે વૈષ્ણવોની ભીડ જામવા લાગી. મીરાંનો આનંદ સમાયો સમાતો નહોતો. હવે એ આનંદના પૂરબહારમાં આવી ગઈ.

રાણો પોતે કવિ હતો. પ્રસંગાનુસાર મીરાંની સાથે તે ગોવિંદજીનાં પદ ગાતો હતો, તેમજ નવાં ભજન બનાવીને એ મીરાંના ચિત્તને વિનોદ કરાવતો હતો.

પરંતુ આ સુખ ઝાઝા દિવસ ન પહોંચ્યું. એક દિવસ રાણાએ ગોવિંદજીના મંદિરમાં જઈને જોયું તો દેશ દેશના વૈષ્ણવો ભેગા મળ્યા હતા. મીરાં વૈષ્ણવોની મંડળીમાં ગોવિંદજીની સામે

જોઇ ભજન કરી રહી હતી. વૈષ્ણવો અનિમેષ નેત્રે એના સામું જોઈ રહ્યા હતા.

રાણાને નખથી શિખપર્યંત ઝાળ લાગી ગઇ. ચિતોડની મહારાણી કે જેને ચંદ્ર અને સૂર્ય પણ દેખવા પામતા નથી, તે આજે ભરસભામાં બેસીને એક સાધારણ ગુણકાની માફક ગાય અને લોકો એના સામે જોયા કરે! "ઓ કલંકિની મીરાં! મોહમાં ફસીને મેં બાપ્પા રાવળના કુળને બટ્ટો લગાડ્યો." આમ વિચાર કરતો રાણો આવ્યો અને તરતજ ત્યાંથી ચાલ્યો ગયો. શયનખંડમાં આવીને એણે દાસીને કહ્યું કે, "જા, હમણાં ને હમણાં રાણીને બોલાવ."

"એ તો ગોવિંદજીના મંદિરમાં ભજન કરે છે."

દાસીનું કહેવું સાંભળી રાણાની આંખો ક્રોધથી લાલ લાલ થઇ ગઇ. દાસી સમજી ગઈ કે, આજનો રંગ જુદો છે. એ તરતજ મીરાંને બોલાવવા ગઇ. મંદિરમાં જઈને એણે મીરાંને રાણાની આજ્ઞા કહી સંભળાવી. મીરાંએ ભજન ગાવું અડધેથી પડતું મૂક્યું. ગોવિંદજીને પ્રણામ કરીને એ શયનખંડમાં ચાલી ગઇ.

રાણાએ કહ્યું: "મીરાં!" રાણાના સ્વરમાં ક્રોધ ને કઠોરતા હતાં.

મીરાંએ વ્યાકુળ બનીને ઉત્તર આપ્યો:–"કેમ સ્વામિન્!"

રાણો–તમે ચિતોડની મહારાણી છો, બાપ્પા રાવળની કુળવધૂ છો.

મીરાં–દાસી આપની આજ્ઞાને આધીન છે.

"જે ચિતોડની મહારાણીને ચંદ્ર અને સૂર્ય પણ જોવા પામતા નથી, તે મહારાણી દેશદેશના માણસોની વચમાં બેસીને ગાય તે શું એને છાજે છે? હાય, ક્યાં છે આજે એ મહારાણીપદનું ગૌરવ? આજે એનું........"

ક્રોધથી ઉશ્કેરાઇ ગયેલો રાણો આગળ ન બોલી શક્યો. કેટલીક વારે એના મનનો આવેગ ઓછો થયો, ત્યારે એ બોલ્યો કે, "મીરાં! મેં તને કોઇક સમયે જોયેલી. તારું ભજન સાંભળીને મેં તારી સાથે લગ્ન કર્યું. તેં બાપ્પા રાવળના કુળને કલંક લગાડયું!"

મીરાં–એ મારું અદૃષ્ટ.

રાણો–એમજ છે. હું ભ્રમમાં પડી ગયો હતો. હવે એ ભ્રમમાંથી મારે મુક્ત થવું જોઇએ; નહિ તો કુંભા રાણાનું નામ વગોવાશે. લોકો કહેશે કે, એક ગણિકાના મોહમાં ફસીને કુંભાએ

ચિતોડની ગાદીને કલંક લગાડયું.

મીરાં ઉપર જો વજ્ર ફેંકયું હોત તોયે એને આટલી બધી પીડા ન થાત. વ્યાકુળ થતી એ બોલી કે, "સ્વામિન્! મીરાં તો મીરાંજ છે. એ નથી મહારાણી કે નથી ગણિકા. મીરાં કોણ છે તે માત્ર ગોવિંદજીજ જાણે છે અને બીજું કોઇ જાણતું હોય તો મારા સ્વામી કુંભારાણા. મીરાં દેહથી પતિની અને મનથી ગોવિંદજીની સેવા કરવાની ઇચ્છા રાખતી હતી, પરંતુ દેહ અને મનને એકત્ર કરીને એ પતિ અને ગોવિંદજી બન્નેની સેવા ન કરી શકી. મીરાં સાધનભ્રષ્ટ છે; એના જેવી હતભાગિની બીજી કોણ છે? પત્ની તરીકે પોતાના કર્તવ્યનું પાલન ન કરી શકી, તેથી મીરાં અપરાધિની છે. મારો અપરાધ ક્ષમા કરશો. કાલે પ્રાતઃકાળથી ચિતોડનો કોઇ પણ મનુષ્ય આ મુખ નહિ જોઇ શકે. મીરાં કયાં ગઇ તે પણ કોઇ નહિ જાણી શકે. તમારા કુળને કલંક લગાડીને મીરાં જીવવા નથી ઇચ્છતી." એમ બોલતી બોલતી મીરાં પતિના ચરણોને પ્રણામ કરીને રાજમહેલની બહાર ચાલી ગઇ.

"મીરાં ન જા" એમ કહેવાનું રાણાને મન તો થયું, પણ મોઢામાંથી શબ્દ ન નીકળી શકયો.

ઘોર અંધારી રાત્રિ હતી, ચિતોડમાં બધાં ભરનિદ્રામાં હતાં, સર્વ સ્થળે શાંતિ પ્રસરી રહી હતી. એ સમયે ચિતોડનો પરિત્યાગ કરીને મીરાં ચાલી ગઇ.

કયાં જવું તેનો એણે કશો નિશ્ચય કર્યો ન હતો. જ્યાં પગ લઈ જાય ત્યાં એ ચાલી જતી હતી. એનું મન ચિંતાગ્રસ્ત હતું. ઘડીમાં એને ગોવિંદજી સાંભરતા તો ઘડીમાં એને રાણાના મુખનું સ્મરણ થતું. મીરાં પળવાર ઊભી રહી, એણે પાછળ દૃષ્ટિ કરી. સર્વત્ર અંધારું હતું. એ અંધારામાં કશું જણાતું નહોતું. વળી એ આગળ ચાલવા લાગી.

ચાલતાં ચાલતાં એ નદીકિનારે આવી પહોંચી. અહીં આવીને એ વિચાર કરવા લાગી કે, "કયાં જાઉં? હવે જીવીને શું કરું? મારા જીવવાથી કુળમાં કલંક લાગશે? ના, ના, એવું નહિ થવા દઉં. આ જીવન હવે હું નહિ ટકવા દઉં. રાણા ભ્રમમાં પડયા, પણ હું ભ્રમમાં નહિ પડું. ગોવિંદજી! તમને મેં મારું મન અર્પણ કર્યું છે એટલે તે તમે લઇ લો. રાણા! તમને મેં મારો દેહ અર્પણ કર્યો છે, એ દેહ તમારો છે; તમે એ દેહની ઉપેક્ષા કરી તો પછી

એને ટકાવી રાખવાનું પ્રયોજન શું ? પંચભૂતનું બનેલું આ ખોળિયું પંચભૂતમાં ભલે મળી જાય." એમ બોલીને એણે નદીમાં ઝંપલાવી દીધું. પાણીનો વેગ જબરો હતો. મીરાં તણાવા લાગી, એની શુદ્ધિ જતી હતી.

(૭)

જ્યારે એ શુદ્ધિમાં આવી, ત્યારે સૂર્યોદય થયો હતો. નદીના તટ ઉપર એક વૃદ્ધ મહિલા મીરાંનું માથું પોતાના ખોળામાં મૂકીને બેઠી હતી. મીરાંની આંખો ધીમે ધીમે ઊઘડી એટલે વૃદ્ધા પ્રસન્ન થઇ. એણે મીરાંને ભીનું વસ્ત્ર બદલાવીને સૂકું વસ્ત્ર પહેરાવ્યું અને પોતાની ઝોળીમાંથી ઔષધ કાઢીને એને ખવડાવ્યું ! મીરાંમાં કાંઇક શક્તિ આવી એટલે એ બેઠી થઇ.

વૃદ્ધાએ પૂછ્યું: "બેટા ! તું નદીમાં શી રીતે પડી ગઇ ?"

મીરાં–મરવાને માટે હું મારી સ્વેચ્છાથી નદીમાં પડી હતી, તમે મને શું કામ બચાવી ?

વૃદ્ધા–બેટા ! તારે એવું કેમ કરવું પડ્યું ! તારું રૂપ જો. તારું વય જો. એનોયે તેં વિચાર ન કર્યો ? આત્મહત્યા મહાપાપ છે તે તું નથી જાણતી ?

મીરાં–જાણું છું. જેને મેં એ શરીર અર્પણ કર્યું હતું તે હવે એ શરીરને નથી ચાહતા, એટલે જેને મેં મારું મન અર્પ્યું છે, તેનું સ્મરણ કરીને હું નદીમાં કૂદી પડી.

"બેટા ! શરીર અને મન એ બન્નેને બે પૃથક્ પૃથક્ માણસને દીધાં હતાં ? એકજ વ્યક્તિને એ બન્ને તું કેમ ન અર્પી શકી ? બેટા ! તું ભ્રમમાં પડેલી છું."

"માજી ! મારા અદૃષ્ટે આવી ભૂલ કરાવી છે."

વૃદ્ધા થોડી વાર મીરાં સામું જોઈ રહી. પછી વિચાર કરીને બોલી કે, "તારા હાથમાં ચક્રનું ચિહ્ન છે, તું રાજરાણી હોવી જોઇએ, તારું નામ શું ?"

"આ અભાગિનીને લોકો મીરાં કહે છે."

"કોણ, મીરાંબાઇ ! રાણા કુંભની રાણી ! ગોવિંદજીની ભક્ત ! તું શા દુઃખે આત્મહત્યા કરતી હતી ?"

"માજી ! મેં મન અર્પણ કર્યું હતું ગોવિંદજીને અને દેહ અર્પણ કર્યો હતો રાણાને. એટલે હું ન થઇ શકી રાણી ને ન થઇ શકી ગોવિંદજીની. મારાં બન્ને બગડ્યાં !"

"બેટા! તું મહાભાગ્યશાળી છે. તારું કશુંયે બગડયું નથી."

"માજી! મારાં બન્ને બગડ્યાં!"

"જો બેટા! તું પતિ અને ગોવિંદજી બન્નેની ભક્તિ કરી શકતી હતી. પતિનેજ ગોવિંદ માનીને તેં એમની ભક્તિ કરી હોત તો તારાં બન્ને સચવાત. દેહ અને મન એકને હાથેજ રહેત."

"બરોબર છે માજી! આ વાત અત્યાર સુધી મારા લક્ષમાંજ નહોતી. હું તો એમ માનતી હતી કે, ગોવિંદજી જુદા અને પતિ જુદા; તેથી મન ગોવિંદજીને અને દેહ પતિને અર્પ્યો હતો. મનથી ગોવિંદજીની અને દેહથી પતિની સેવા કરવા ઇચ્છતી હતી. દેહની સેવાથી હું પતિને સંતોષ ન આપી શકી. મેં વિચાર કર્યો કે, મારે એની રક્ષા કરવાનું શું પ્રયોજન? તેથી એ દેહને મેં પાણીમાં ફેંકી દીધો હતો; તમે મને શું કામ ઉગારી? હવે આ દેહથી શું બનવાનું છે?"

"બેટા! એ તારી ભૂલ છે. આ દેહ મહાન તપશ્ચર્યા કરવાથી પ્રાપ્ત થાય છે. એની આવી રીતે અવહેલના કરવાની નથી. જે દેહ તું મનુષ્યના ભોગવિલાસ માટે ગણે છે, તે દેહ પ્રભુના ભોગવિલાસ માટે છે, એમ તું માન. પતિ અને ગોવિંદમાંથી તું એકેની સેવા ન કરી શકી; હવે તું તારા પતિરૂપી ગોવિંદની સેવા કર, તેની ભક્તિ કર. પતિને ગોવિંદરૂપ માન, ગોવિંદને પતિરૂપ માન. પતિમાં ગોવિંદનાં દર્શન કર, ગોવિંદમાં પતિનાં દર્શન કર."

"માજી, તમે કોણ છો?"

"બેટા! હું એક સંન્યાસિની છું, મારે નામ નથી, ગોત્ર નથી, ગૃહ નથી. આ સંસારમાં મારું કોઇ નથી. હું વૃંદાવનમાં દેહ પાડવા જાઉં છું, તુંયે મારી સાથે ચાલ. એ પ્રેમક્ષેત્રમાં દેહ અને મનથી તું ગોવિંદ–પતિની સેવા કર્યા કરજે, તને ગોવિંદજીયે મળશે અને પતિ પણ મળશે."

"જેવી માજીની આજ્ઞા."

મીરાં ઊભી થઈ ગઇ. એના કંઠમાં એક બહુમૂલ્ય હાર હતો. તે કાઢી નાખીને એ નદીમાં ફેંકી દેવા તત્પર થઇ. વૃદ્ધાએ કહ્યું કે, "બેટા! એ શું કરે છે?"

"આ હારને પાણીમાં ફેંકી દઉં છું."

"કેમ?"

"હવે એનું શું કામ છે?"

"બેટા! એનુંયે કામ પડશે. તારા દેહની રક્ષાને માટે ભોજન અને વસ્ત્રવગર ચાલવાનું છે? અને જો તારે દેહ ન ટકાવી રાખવો હોય તો પછી ગોવિંદજીનું ભજન શી રીતે થશે? પતિની સેવા શી રીતે બનશે?"

"વૃંદાવનમાં હું ભિક્ષા માગીશ."

"તારાથી ભિક્ષા નહિ માગી શકાય, તારું રૂપ આડે આવશે. વળી તું રાજરાણી છે, તેં કોઈ દિવસ ભિક્ષા માગેલી નથી, તને તેમ કરવું વિષમ અને ક્લેશકર થઇ પડશે. દુ:ખી શરીરે કૃષ્ણ-ભજન નથી થઇ શકતું. એ હાર તને બાધક ન થતાં સહાયકજ થશે. એ હાર વેચીને વૃંદાવનમાં તું મંદિર બંધાવજે અને રાણીની માફક રહીને ગોવિંદરાજાની સેવા કરજે."

(૮)

મીરાં વૃંદાવન ગઈ. એણે ત્યાં મંદિર બંધાવ્યું, એમાં શ્રીમૂર્તિની પ્રતિષ્ઠા કરી. એ મૂર્તિનું નામ એણે રાણા–ગોવિંદ રાખ્યું.

મીરાં ગોવિંદજીના કંઠમાં માળા પહેરાવતી તે વખતે એવી ભાવના કરતી કે, હું રાણા કુંભના કંઠમાં આ માળા પહેરાવું છું. રાણા કુંભનું નામ દઇને ગોવિંદજીને એ નૈવેદ્ય ધરાવતી. શ્રીમૂર્તિનાં દર્શન કરતાં એક વાર એ શ્રીમૂર્તિને રાણા કહીને બોલાવતી અને એક વાર ગોવિંદજી કહીને બોલાવતી. મીરાંને મન હવે રાણો અને ગોવિંદ એક થઈ ગયા–પતિ અને પરમેશ્વર એક બની ગયા!

મીરાંનો ભાર હવે હલકો થઈ ગયો, એના રોમરોમમાં હવે હર્ષ ઉછાળા મારી રહ્યો અને રાણા–ગોવિંદની સન્મુખ બેસીને એ અહોનિશ મધુર સ્વરે આત્મનિવેદન કર્યા કરવા લાગી. એના મધુર સંગીતમય ભજનથી આખું વૃંદાવન હર્ષથી પુલકિત બની ઊઠયું, એને જોઇને સર્વ કોઇ અભિભૂત થઇ જતું; એને લોકો રાધાજીનો અવતાર માનવા લાગ્યા.

એ સમયે વૃંદાવન અરણ્ય હતું. આ લુપ્ત તીર્થનો ઉદ્ધાર થાય તથા ભક્તિશાસ્ત્રનો પ્રચાર થાય તેવા ઉદ્દેશથી કેટલાક વિરક્ત બંગાળી વૈષ્ણવો તથા સાધકો આ અરણ્યમાં આવીને તપશ્ચર્યા કરતા હતા. એ વૈષ્ણવોમાં રૂપગોસ્વામી મુખ્ય હતા. રૂપજી મહા-સમર્થ વિદ્વાન હતા. કેટલાક સમય સુધી એ ગૌડના બાદશાહના મંત્રી હતા; પરંતુ એમને વિષયભોગ ઠીક ન લાગ્યો. મંત્રીપદ છોડી દીધું અને પ્રેમાવતાર ચૈતન્યદેવને શરણે ગયા. ચૈતન્યદેવના

આદેશથી કંથા અને કૌપીન ધરીને એ વૃંદાવનમાં આવી રહ્યા હતા. એમના વૈરાગ્યની તુલના થઈ શકે તેમ નહોતું. હાથમાં કમંડલુ અને શરીરે કંથા—એ વેષે રૂપજી એક વૃક્ષની તળે એક એક રાત કાઢતા. આમ કરવાનું કારણ એ કે, એમને એવો ભય લાગતો હતો કે, એક વૃક્ષ નીચે એકથી વધારે રાત રહેવાય તો કદાચ એ સ્થાનમાં મોહ થઇ આવે.

આવા વિરક્ત સંન્યાસીને એક વાર જોવાની મીરાંને ઇચ્છા થઇ આવી. મીરાંએ રૂપજીને પોતાને ઘેર ભિક્ષા લેવાનું આમંત્રણ મોકલ્યું. મીરાંની દાસી નિમંત્રણ કરવા ગઇ તે વખતે રૂપજી એક વૃક્ષની નીચે ફાટીતૂટી ગોદડી ઉપર બેસીને કાંઈક લખતા હતા. એમનું સ્નિગ્ધ ગંભીર મુખ જોઇને દાસીના દિલમાં ઊંડી છાપ પડી ગઇ. બે હાથ જોડીને એ બોલી કે, "મહારાજ! મીરાંબાઇ સાહેબે એમને ત્યાં આપને ભિક્ષા કરવાનું નિમંત્રણ આપવા મને મોકલી છે."

રૂપજીએ ઊંચું જોયા વિનાજ પૂછ્યું: "તારાં બાઇસાહેબ કોણ છે?"

"મીરાંબાઈ."

"તો એમને કહેજે કે, કાષ્ઠની અથવા તો મૃત્તિકાની સ્ત્રી-મૂર્તિને પણ જોવાથી સાધુપુરુષોનું પતન થાય છે. હું વિરાગી છું, કોઈ પણ સ્ત્રીને ઘેર જવું અથવા કોઇ પણ સ્ત્રીનાં દર્શન કરવાં એ મને વર્જિત છે."

દાસીએ મીરાંને રૂપજીનો સંદેશો કહી સંભળાવ્યો. મીરાંએ હસીને કહ્યું: "તું ફરીથી જા, ગુસાંઇજીને કહે કે, આ દેહમાં જે વસી રહ્યો છે તે કોણ છે? સ્ત્રી છે કે પુરુષ? વળી મેં તો એમ પણ સાંભળ્યું છે કે, વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ એકલાજ પુરુષ છે, બીજી બધીયે પ્રકૃતિ છે. જો તમે પુરુષ હો તો વૃંદાવનમાં રહેવું તમને ઉચિત નથી."

દાસીએ જઇને રૂપજીને મીરાંબાઇએ કહાવેલ અક્ષરે અક્ષર કહી સંભળાવ્યો. ગોસ્વામી તો ચકિત થઈ ગયા. ઘોર અંધકારમાં વીજળીનો ચમકાર થાય તેવો એમના હૃદયમાં સાનનો ચમકારો થયો. એમણે વિચાર કર્યો કે, "હાય! મેં શું કર્યું? મારો દેહાત્મભાવ હજુયે ન ગયો, તો હું કેવો વૈરાગી સાધુ છું? હું તો દેહનેજ 'હું' કહું છું; નહિ તો હું મને પુરુષ અને મીરાંબાઇને

આ કહેવાની ધૃષ્ટતા કેમ કરત ?"

હવે રૂપજીએ ઊંચું જોયું. એ બોલ્યા કે, "મારો અપરાધ થયો છે. તારાં બાઈસાહેબે મારા અજ્ઞાનનું અંધારું દૂર કર્યું છે. એમને કહેજે કે, એ મારાં ગુરુ છે; હું ભિક્ષા લેવા આવીશ."

(૯)

મીરાંએ ચિતોડ છોડ્યા પછી રાણાએ શોચવા માંડ્યું કે, "અરે, મેં શું કર્યું ? સાચેજ શું મીરાં ચાલી ગઈ ? મેં એને કેમ અટકાવી નહિ ? મેં એને શું કરવા એવું કહ્યું ? એનો અપરાધ શો હતો ? એ પહેલાં હતી તેવીજ હાલ છે. લગ્ન થતાં પહેલાંજ એણે મને કહ્યું હતું કે, 'હું તમને દેહ આપીશ, મન નહિ આપી શકું; મન તો હું ગોવિંદજીને અર્પી ચૂકી છું.' તે વખતે હું એનું કહેવું ન સમજી શક્યો. રૂપના મોહમાં, સ્વરના મોહમાં તથા ભોગ ભોગવવાના લોભમાં હું ભૂલ્યો. મેં વનમાં વિહરતી પંખિણીને પાંજરામાં પૂરી રાખવાની ઇચ્છા કરી. પાંજરું તોડીને એ પંખિણી ઊડી ગઈ ! આટલી અંધારી રાત્રે એ ક્યાં જશે ?"

રાણો કાન માંડીને બેસી રહ્યો. વૃક્ષનું પાન હાલતું તો રાણો સમજતો કે, મીરાં આવી; સનસનાટ પવન ફુંકાતો તો રાણો માનતો કે, મીરાં આવી; પરંતુ મીરાં તો નજ આવી. રાણાએ આખી રાત બેઠાં બેઠાં કાઢી, ઉજાગરાથી એની આંખો લાલચોળ થઈ ગઈ.

સવાર પડતાંજ ચારે બાજુએ મીરાંની શોધ માટે માણસો મોકલી દીધા; પરંતુ બધાએ નિરાશ થઈને પાછા આવ્યા. મહારાણીનો પત્તો ન લાગ્યો, રાણાનું હૃદય ફાટવા લાગ્યું. એની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી:–" હાય મીરાં ! તું ક્યાં છે ?"

રાણો ગોવિંદજીના મંદિરમાં ગયો. મીરાં જ્યાં આગળ બેસતી હતી તે આસન સૂનું પડી રહ્યું હતું. ગોવિંદજીની મૂર્તિ જેવી ને તેવી છે, મંદિર પણ તેજ છે; પરંતુ મંદિરમાં જે સ્વરલહરિ નાચી રહેતી હતી તે આજ નથી. આજે મંદિર શાંત હતું. મીરાંવિનાના એ મંદિરમાં રાણાથી ન ટકી શકાયું. એ શયનખંડમાં ગયો, અહીં હંસના જેવી ડોક હલાવતી જે પ્રતિમા ઊભી રહેતી હતી, તે પ્રતિમા ક્યાં છે ? રાણાથી શયનખંડમાં પણ ન રહેવાયું. ત્યાંથી એ રાજભવનમાં આવ્યો. અહીં પણ એને ઠીક ન લાગ્યું. બાગમાં ગયો, છોડવે છોડવે પુષ્પો ખીલી રહ્યાં હતાં. એ પુષ્પોમાં રાણાને મીરાંની મૂર્તિ દેખાઈ. કોયલને બોલતી સાંભળી "મીરાં

બોલે છે" એવી કલ્પના કરી. રાણાથી અહીં પણ ન રહી શકાયું. "હાય મીરાં ! તું ક્યાં છે ? આવ, એક વાર આવ."

મીરાં ન આવી, તેમ એનો પત્તો પણ ન મળ્યો. દિવસ આથમ્યો, રાત્રિ આવી. મંદિરમાં સંધ્યાકાળની આરતીનો ધ્વનિ થવા લાગ્યો. રાણો મંદિરમાં આવ્યો. કદાચ મીરાં આવી હોય. એ ગોવિંદજીનું ભજન ગાતી હશે. આરતી પૂરી થઇ ગઇ. મીરાં તો ન જણાઈ, મંદિરમાં સર્વત્ર સૂનસાન હતું. આજે કોણ ગાય ? ગાનારી તો હતી નહિ, કઠણ હૈયે રાણો પાછો શયનખંડમાં ગયો.

આઘે કોઈ ગાતું હતું, "મીરાં કહે." રાણાએ કાન માંડીને એ સાંભળવા માંડ્યું. મીરાંની ગેરહાજરીમાં આજે એ ગીત એને ઘણું મીઠું લાગ્યું. રાણાએ મનમાંજ કહ્યું કે, "હાય ! આવી મીઠી વાણીવાળીને હું ન પિછાણી શક્યો, મેં એને ન કહેવાનાં વચનો કહ્યાં, દુઃખી થઇને એ ચાલી ગઈ."

એ રાત્રે રાણાને સ્વપ્નું આવ્યું, મીરાં વૈકુંઠના દ્વાર આગળ ઊભી રહી છે, રાણાને બોલાવી રહી છે. એના મુખ ઉપર મૃદુ હાસ્ય ફરકી રહ્યું છે. "આવો સ્વામિન્ ! તમેજ મારા ગોવિંદજી છો –તમને મેં મારો દેહ દીધો, મન ન દઇ શકી– આજે ગોવિંદજીને કહીને મારું મન હું પાછું લાવી છું. લો." મીરાંએ હાથ લાંબો કરીને કાંઇક આપ્યું. રાણો લેવા જતો હતો એટલામાં એની આંખ ઊઘડી ગઇ. વળી પાછો એ સ્વપ્નમાં પડ્યો, દશભુજા ભવાની એની આગળ પ્રકટ થઈ. એ બોલી કે, "રાણા ! તેં શું કર્યું ? આખા રજપૂતાનાની રાજલક્ષ્મી તારે ઘેર આવી હતી તેને તેં કાઢી મૂકી !" રાણો પાછો ઝબકીને જાગી ઊઠ્યો.

આ પ્રમાણે દિવસ અને મહિનાઓ વીતવા લાગ્યા. મીરાં ન આવી, એની ભાળ પણ ન મળી. ચિતોડવાસીઓએ ધાર્યું કે, મીરાં મરી ગઇ હશે કે એણે આત્મહત્યા કરી હશે.

(૧૦)

ચિતોડવાસીઓને મન મીરાં મરી, પણ એની સ્મૃતિ ન મરી. એનું સંગીત ન મર્યું. ઘરમાં, મંદિરમાં, માર્ગમાં ઠેર ઠેર લોકો રાત ને દિવસ 'મીરાં કહે' ગાતા હતા. જીવતી મીરાં એકજ સ્થાનમાં હતી, મરીને એ સર્વવ્યાપી થઇ ગઇ.

રાણાને હવે મીરાંની સ્મૃતિ મીઠી લાગવા માંડી, એનાં ભજન પ્રિય લાગવા માંડ્યાં. ભજનનો સંગ્રહ કરવા માંડ્યો. રાણાએ

આજ્ઞાપત્ર કાઢયું કે, ગોવિંદજીના મંદિરમાં મીરાંનાં ભજન ગાવાં.

મંદિરમાં મીરાં નથી, પણ એનાં ભજન છે. એ ભજન સાંભળવા રાણો નિત્ય મંદિરમાં જવા લાગ્યો. મીરાંએ નિમંત્રિત કરેલા સાધુ વૈષ્ણવોની સેવા ચાલુ હતી. રાણો જાતે એમની પરિચર્યા કરતો હતો. શયનખંડમાં મીરાં નહોતી પણ એની પ્રતિકૃતિ હતી. એ પ્રતિકૃતિ ઉપર રાણો રોજ આંસુ સારતો હતો.

ચિતોડ છોડયા પછી મીરાં ચિતોડેશ્વરી બની ગઈ. મંદિરે મંદિરે મીરાંનાં ગાન થતાં હતાં. માર્ગમાં, ક્ષેત્રોમાં મીરાંના પ્રસંગ નીકળતા હતા. ઘેરઘેર મીરાંનાં ભજન ગવાતાં હતાં. આખા ચિતોડમાં " મીરાં કહે, મીરાં કહે " નો ધ્વનિ ગાજ્યા કરતો.

(૧૧)

એક દિવસ ચિતોડના રાજમાર્ગ ઉપર એક ભિખારી ગાતો હતો કે, " જીવન મન તું હું શ્યામ ! " રાણાએ એ સાંભળ્યું. એ ગીતના છેલ્લા ચરણમાં " મીરાં કહે " હતું, પરંતુ એ ગીત નવું લાગ્યું. આ ગીત રાણાએ કદી સાંભળ્યું નહોતું.

રાણાએ ભિખારીને બોલાવ્યો. એ ગીત એની પાસે ફરીથી ગવડાવ્યું. પછી પૂછ્યું કે, " સાધુજી ! આ ગીત તમે કયાંથી શીખ્યા ? "

ભિખારી–મહારાણા ! આ ગીત હું વૃંદાવનમાં શીખ્યો. ત્યાં રાધા પ્યારી પ્રકટ થયાં છે. તે રોજ નવાં નવાં ગીત રચીને ગોવિંદજીની સેવા કરે છે.

રાણા–ત્યાં એમને લોકો કયા નામથી ઓળખે છે ?

ભિખારી–કોઈ એમને બાઈજી કહે છે, કોઈ એમને રાણીજી કહે છે, એ પોતે પોતાને મીરાં કહે છે. જુઓ, દરેક ભજનના છેલ્લા ચરણમાં " મીરાં કહે " એવું આવે છે ને ?

રાણા–ઠીક, સમજ્યો.

રાણાએ ભિખારીને મનમાનતી ભિક્ષા આપી. રાણાને ભિખારીના કહેવાથી ખબર પડી ગઈ કે, મીરાં જીવતી છે અને વૃંદાવનમાં છે. ત્યાં ગોવિંદજીનું મંદિર બંધાવી તેની સેવા કરે છે. એણે મૂર્તિનું નામ " રાણા–ગોવિંદ " રાખ્યું છે. એણે એ નામ કોઈ દિવસ સાંભળ્યું નહોતું. રાણો એજ દિવસે ગુપ્ત વેષે વૃંદાવન જવા નીકળ્યો.

વૃંદાવનમાં બાઈજીની કુંજ છે. મંદિરમાં મોહનમૂર્તિ રાણા–ગોવિંદ બિરાજે છે. બાઈજી રાણા–ગોવિંદજીની સામે બેસીને પોતાનું બનાવેલું ભજન ગાઈ રહી છે.

સંધ્યાકાળનો વખત હતો. બે અતિથિ મંદિરના આંગણામાં બેસીને એનું ભજન સાંભળી રહ્યા હતા. ભજન સાંભળીને એક અતિથિને અશ્રુપાત થઇ રહ્યો હતો.

જેની આંખમાંથી અશ્રુપાત થઇ રહ્યો હતો, એ રાણો કુંભ હતો, બીજો એમનો સાથી હતો. રાણો વૈષ્ણવના વેશમાં હતો, એટલે એકદમ એ ઓળખાઇ જાય તેમ નહોતું.

ભજન પૂરું થયું. બાઇજી ઠાકોરજી સામે જોઇને બે હાથ જોડીને કહેવા લાગી: "હે ઠાકુરજી! તમેજ મારા ગોવિંદ છો, તમેજ મારા રાણા છો; મારો સમય હવે ભરાઇ ચાલ્યો. હે પ્રભો! આ સમયે એક વાર જો મને રાણાના રૂપે દર્શન દો તો મીરાંનો જન્મ કૃતકૃત્ય થઇ જાય. પ્રભો! મારો નારીયોનિમાં જન્મ થયો છે, મારો જન્મ સાર્થક કરો—એક વાર રાણારૂપે પ્રકટ થાઓ!"

પેલા બે અતિથિઓએ પણ આ પ્રાર્થના સાંભળી. રાણાનું હૃદય કંપવા લાગ્યું.

ઠાકોરજીને પ્રણામ કરીને બાઇજી મંદિરની બહારની કોટડીમાં આવી. ગુપ્ત વેશે આવેલ મહારાણો કુંભ એની પાસે ગયો. તેણે કહ્યું કે, "રાણીજી! કાંઈ ભિક્ષા મળશે?"

મીરાં—આપને શી ભિક્ષા જોઇએ? કહો, હું રાણીજી નથી; પરંતુ એક ભિખારિણી છું.

રાણા—તમારું કહેવું હું માની લઉં છું, પરંતુ હું જે માગું છું તે તમારી પાસે છે.

મીરાં—આજ્ઞા કરો.

રાણાએ ગદ્ગદ્ કંઠે કહ્યું: "ક્ષમા!"

બહાર વીજળીનો ચમકારો થયો. એના પ્રકાશમાં મીરાંએ રાણાને પૂરેપૂરો ઓળખી લીધો. મીરાંના હૃદયમાં પણ વીજળીનો ચમકાર થઇ રહ્યો.

"સ્વામિન્! આટલે દિવસે તમારી દયાનાં દાન મેળવવા હું ભાગ્યશાળી થઈ!" એમ કહીને મીરાં કુંભના ચરણોમાં ઢળી પડી.

રાણાએ મીરાંનો હાથ પકડી એને ઉઠાડી. વ્યાકુળ થતો એ બોલ્યો કે, "મીરાં! મારી મીરાં!" રાણો આગળ ન બોલી શક્યો, એનો કંઠ રૂંધાઇ ગયો.

કેટલીક વાર સુધી બન્ને શાંત રહ્યાં. આખરે મીરાં બોલી કે, "આપ પધાર્યા છો! આ દાસીનો જન્મ સાર્થક કરવા પધાર્યા છો!

પધારો.” એટલું બોલીને કુંભનો હાથ પકડી મીરાં એને મંદિરમાં લઈ ગઈ. પોતે રાણા—ગોવિંદ સાથે જે આસન ઉપર બેસતી હતી, તે આસન ઉપર કુંભા રાણાને બેસાડ્યો. પછી એક વાર ગોવિંદજીની મૂર્તિ તરફ અને એક વાર રાણાને જોતી જોતી મીરાં ઓચિંતી સંજ્ઞારહિત બનીને બેની વચ્ચે ઢળી પડી.

કુંભારાણાએ બૂમ પાડી, “મીરાં, મારી મીરાં!” પણ કોણ ઉત્તર આપે? જન્મનું સાર્થક કરીને મીરાંએ રાણા અને ગોવિંદજીની સમક્ષ દેહ છોડી દીધો.

(રસિકચંદ્ર બસુ વિદ્યાવિનોદના લેખ ઉપરથી)

૭૦—હૈદરઅલી કી વીર માતા

(લેખકઃ—શ્રી. ગણેશદત્ત શર્મા ગૌડ ‘ઇન્દ્ર’ વિદ્યાવાચસ્પતિ)

સન્ ૧૭૬૮ કી બાત હૈ. હૈદરઅલી ને મદ્રાસ પર અંગરેજોં કે વિરુદ્ધ આક્રમણ કિયા થા. હૈદરઅલી કા અઠારહ વર્ષ કા એક પુત્ર ફતહઅલી ટીપૂ અપની સરહદ સે, જેનરલ સ્મિથ કો નિકાલને કી ગરજ સે પાંચ હજાર સવારોં સહિત દૂસરે રાસ્તે મદ્રાસ પહુંચા. વહ ઇતની તેજી સે મદ્રાસ કી ઓર બઢા કિ વહાં કા ગવર્નર ઔર ઉસકી કૌંસિલ ટીપૂ કો અચાનક મદ્રાસ કે સામને દેખ કર—હક્કે—બક્કે સે હો ગએ. જિસ દિન પ્રાતઃકાલ ટીપૂ મદ્રાસ પહુંચા, ગવર્નર ઔર ઉસકી કૌંસિલ કે મેમ્બર તથા નવાબ મોહમ્મદઅલી કિલે સે કુછ દૂર બગીચે મેં ટહલ રહે થે—દરખ્તોં કે નીચે ટેબિલોં પર કલેવા સજા હુઆ રક્ખા થા. ટીપૂ કા આના સુન કર યે લોગ ઇતની તેજી સે અપને પ્રાણ લે કર ભાગે કિ ગવર્નર કી તલવાર ઔર ટોપી તક વહીં છૂટ ગઈ. સૌભાગ્ય સે એક છોટા—સા જહાજ સામને ખડા થા. ઉસમેં પહુંચ કર ઉન્હોંને અપની પ્રાણરક્ષા કી. એક અંગરેજ લિખતા હૈ—“યદિ જહાજ મૌકે પર ન હોતા, તો ટીપૂ ઉન્હે અવશ્ય પકડ કર કૈદ કર લેતા.

ઇધર ત્રિજમલ્લી—સ્થાન પર હૈદરઅલી કા જેનરલ સ્મિથ સે મુકાબલા હો ગયા. નિજામ ને વિશ્વાસઘાત કિયા. વહ અંગરેજોં સે મિલા હુઆ થા. હૈદરઅલી કો વિવશ હો કર અપની ફૌજ કુછ પીછે હટાની પડી; પરંતુ હૈદર કે એક ભી સિપાહી કો અંગરેજ લોગ ગિરફ્તાર ન કર સકે, ઔર ન સ્મિથ કી હી આગે બઢકર

હૈદર પર આક્રમણ કરને કી હિંમત હુઇ. ઇસી ક્ષણિક પરાજય કી ખબરેં અંગરેજોં કી ઓર સે ખૂબ ચઢા—બઢા કર ફૈલા દી ગઇ.

હૈદર કી માં—જો ઉસ સમય યુદ્ધ કે મૈદાન સે લગભગ ૨૦૦ મીલ કી દૂરી પર હૈદરનગર કે મહલોં મેં થી—અપને બેટે કી હાર સુન કર ક્ષુબ્ધ હો ઉઠી. વહ પાલકી મેં બૈઠ કર ફૌરન હી અપને બેટે કો હિંમત બંધાને કે લિયે ચલ પડી. મૌસમ બરસાત કા થા. ઉસ જમાને મેં યાત્રા મેં કિતની મુસીબતેં હોતી થીં! ઉસકે સાથ એક હજાર સિપાહી ઘોડોં ઓર ઉંટો પર થે, તથા પાલકી કે આગે દોસો સ્ત્રિયોં બુર્કા ડાલે ઘોડોં પર ચલ રહી થીં. બૂઢી માતા રાતદિન ચલ કર કુછ હી દિનોં મેં અપને પુત્ર કી સેના કે નિકટ આ પહુંચી. ખબર પાતે હી હૈદરઅલી અપને પુત્રોં સહિત આદર દેને કે લિયે આગે બઢા. ડેરે મેં પહુંચતે હી હૈદર ને આશ્ચર્યચકિત હો કર અપની માતા સે પૂછા—"ઇતની તકલીફેં સહ કર આપ યહાં કિસ લિયે આઇ?" હૈદર કી માતા ને કહા—"બેટા! મૈં યહ દેખના ચાહતી થી કિ તુઝમેં અપની પરાજય સહને કી કિતની શક્તિ હૈ." હૈદર ને હિંમત બંધાતે હુએ કહા—"માં! વહ પરાજય તો કોઇ પરાજય નહીં થી, નિજામ કે ધોખે સે બચને કે લિયે મૈંને સ્વયં અપની ફૌજ પીછે હટાઇ થી." ઇસ બૂઢી માં ને ઉત્તર દિયા—"ખૂબ! બહુત ખૂબ!! અગર યહી બાત હૈ તો શુક્ર હૈ ખુદા કા. મૈં અબ ફૌરન લૌટ જાઉંગી, તાકિ મેરે યહાં રહને સે તેરે કામ મેં કોઇ બાધા ન આયે." તીસરે દિન વહ બૂઢી માતા અપને વીર પુત્ર હૈદરઅલી કો દુઆ દે કર હૈદરનગર કો વાપસ લૌટ ગઇ. નિઃસંદેહ ઐસી વીર માતાએં હી હૈદરઅલી જૈસે વીર પુત્રોં કો જન્મ દે સકતી હૈં. જિસ દિન દેશ મેં ઐસી માતાએં હોંગી, ઉસી દિન ભારત સ્વતંત્ર હો સકેગા. ('માધુરી' ના એક અંકમાંથા)

भाग बीजो समाप्त

जीवनचरित्रों का प्रभाव

માનવ–જીવન એક રહસ્ય હૈ. મનુષ્ય પરમ ि
માત્મા કી રહસ્યમયી લીલાઓં કો સમઝને મેં અસ
વાસ્તવ મેં માનવ–જીવન એક સાધના હૈ, જો કિ અપ
ત્તિયોં સે પતન ઔર પરમાત્મા કી મહિમામયી :
ઉત્થાન કી ઔર પ્રવૃત્ત હોતા હૈ.

× × ×

કિસી મહાપુરુષ કા કથન હૈ કિ, સંસાર મેં સજ્જનોં કે ચરિત્ર ઉન કે પદ–ચિહ્નાનુગામિયોં કે લિયે ઉચ્ચતમ શિક્ષાપ્રદ હોતે હૈં. મહાનુભાવોં કે જીવનચરિત્રોં કો પઢ કર લાખોં મનુષ્યોં ને કંજૂસી કો છોડ કર ઉદારતા કા પાઠ પઢા હૈ. પરોપકારિયોં કે જીવનચરિત્રોં કો પઢ કર લાખો પરોપકારી સુધર ગયે હૈં, ઐસા ઇતિહાસ દ્વારા પ્રકટ હો રહા હૈ. મહાત્મા ગૌતમ બુદ્ધ કે ચરિત્ર સે લાખોંને માંસાહાર કો ત્યાગ જીવરક્ષા કા પાઠ પઢા હૈ, જો ધર્મ કા એક અંગ હૈ ઔર જિસકા વેદ ઔર મનુ ભગવાનને “**अहिंसा परमोधर्मः**” કહ કર ભલે પ્રકાર ઉલ્લેખ કિયા હૈ. આદિકવિ વાલ્મીકિ કા ચરિત્ર ઇસ બાત કા ઘોતક હૈ કિ, સત્સંગ દ્વારા પતિત સે પતિત મનુષ્ય ભી ઉચ્ચાસન પર રૂઢ હો, અમરત્વ કો પ્રાપ્ત હોતા હૈ. પ્રાતઃસ્મરણીય ભગવાન રામચંદ્ર કા જીવન દયાલુતા, ભ્રાતૃવાત્સલ્ય, સદાચાર ઔર કરુણા આદિ આદિ અનેક ગુણોં કો સિખાનેવાલા હૈ. ઇનકે ઉજ્જ્વલ ચરિત્રોં કો પઢ કર લાખોં કે જીવનોં મેં બડા ભારી પરિવર્તન હો ગયા ઔર જબ તક સંસાર મેં ઐસે–ઐસે મહાનુભાવોં કે ચરિત્ર વિદ્યમાન રહેંગે તબ તક ઇનકે દ્વારા સંસાર કા ઇસ પ્રકાર ઉપકાર હોતા હી રહેગા.

આ. ૨ જો —આ ગ્રંથમાંથી
